# નહજુલ બલાગાહ

## હઝરત અલી અલય્હિસ્સલામના અમૂલ્ય ખુત્બાઓ

# અનુક્રમણીકા

૧ - વિશ્વનું સર્જન, આદમ અલય્હિસ્સલામની પેદાઈશ, નબીઓની વરણી, પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનું આગમન, કુરઆન અને શરીઅતના હુકમ અને બયતુલ્લાહની હજનો ઝિક્ર........................51

૨ - સિફ્ફીનથી પાછા ફરીને....................................65

3 – ખુત્બ-એ-શકશકિયાહ ........................................70

૪ - લોકોને શિખામણ અને બોધપાઠ અને ગુમરાહીથી હિદાયત તરફ પાછા વાળવા..................................76

૫ - હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની વફાત સમયે અબ્બાસ અને અબૂ સુફીયાને આપની બયઅત કરવા ચાહી....................................78

૬ - તલહા અને ઝૂબૈરની પાછળ ન પડવાની સલાહ આપી..........................................................................80

૭ - શયતાનની નિંદા...............................................82

૮ - ઝૂબેરના વિશે આપનો કિમતી ઇરશાદ...............83

૯ - જમલવાળાઓના ગુણોનો ઉલ્લેખ.......................84

૧૦ - શયતાન અથવા શયતાન જેવા વિશે..............85

૧૧ - જમલના મેદાનમાં પોતાના ફરઝંદ મોહમ્મદ હનફીયાથી સંબંધિત..............................................86

૧૨ - જમલવાળાઓ પર વિજય સમયે સંબોધન.......87

૧૩ - બસરાવાળાઓની નિંદા....................................88

૧૪ - બસરાવાળાઓની જ નિંદા ...............................90

૧૫ - હ. ઉસ્માનની જાગીરો પાછી આપવા સમયે......91

૧૬ - મદીનાની બયઅત અને બયઅતના પ્રકાર બતાવ્યા ..........................................................92

૧૭ - સત્તાના આસને નાલાયકોના બેસવા વિશે ........96

૧૮ - ફતવામાં મતભેદ વિશે આલિમોની ટીકા અને.100

૧૯ - અશઅસ ઇબ્ને કૈસની ગદ્દારીનો ઝિક્ર.............103

૨૦ - ગફલતની ચેતવણી અને હક તરફ પરવરદિગારની દાવત..........................................105

૨૧ - મૌતની ભયાનકતા અને મૌતથી બોધ ગ્રહણ કરવો.............................................................107

૨૨ - અમુક લોકોએ આપની બયઅત તોડી તો આપે ફરમાવ્યું: ........................................................108

૨૩ - ફકીરોને ઝોહદ અને મૂડીપતિઓને કૃપાની સુચના ....................................................................111

૨૪ - ખુદાની ફરમાબરદારી તરફ દાવત...............114

૨૫ - બસર બિન અબી અરતાહના ઝુલ્મોથી કંટાળી પાછા આવનાર સહાબીઓને સંબોધન....................115

૨૬ - બેઅસત પહેલાના અરબોની સ્થિતિનો ઉલ્લેખ 118

૨૭ - અંબાર પર મોઆવિયાના લશ્કરનો................120

૨૮ - દુનિયાની અસ્થિરતા અને આખેરતના ભાથાનું મહત્વ.........................................................125

૨૯ - ઝેહાક બિન કૈસના હુમલા પછી લોકોને જેહાદ 127

30 - હ. ઉસ્માનના ખૂન વિશે ઇરશાદ ...................130

3૧ - અબ્દુલ્લાહ બીન અબ્બાસને ઝુબેરની તરફ રવાના કરતી વખતે સંબોધન...............................131

3૨ - જમાનાના ઝુલ્મનો ઉલ્લેખ અને દુનિયાવાળાના પાંચ પ્રકાર ...................................................132

૩૩ - જંગે જમલ વખતે બસરાવાળાઓને સંબોધન.136

૩૪ - ખારજીઓના બનાવ પછી મવાળાઓને સંબોધન ..........139

૩૫ - તહકીમ (લવાદ) વિશે સંબોધન....................143

૩૬ - નહેરવાનવાળાઓને તેઓના અંજામથી ખબરદાર કર્યા..........145

૩૭ - નહેરવાનના બનાવ પછી પોતાની વિશેષતાઓ અને કારનામાઓનો ઉલ્લેખ..........147

૩૮ - સંદેહ નામ પડવાનું કારણ..........149

૩૯ - અયનુલ તમર પર હુમ્લા સમયે લોકોને મદદ માટે તૈયાર કરવા અંગે..........150

૪૦ - ખારજીઓનું સુત્ર "લા હુકમ ઇલ્લા લિલ્લાહ" વિશે ........................................................................152

૪૧ - ગદ્દારીની ટીકા અને તેના પરિણામ................154

૪૨ - ઇચ્છાઓ અને લાંબી આશાઓની પયરવીથી ડરાવવામાં આવ્યા ..............................................156

૪૩ - સાથીઓને શામવાળાઓ સાથે લડવા તૈયાર કરવા........................................................................158

૪૪ - મસકલા બિન હબીરા શયબાનીની અપ્રમાણિક્તા અને મોકેથી ભાગી જવું. ........................................160

૪૫ - અલ્લાહની મહાનતા અને કીર્તિ અને દુનિયાની નિંદા વિશે........................................................161

૪૬ - શામ રવાના થતી વખતે..............................163

૪૭ - કૂફા શહેર વિશે...........................................164

૪૮ - કૂફાથી નિકળવા સમયે નખીલાના સ્થળે........165

૪૯ - પરવરદિગારની વિવિધ સિફતો અને તેના ઇલ્મનો ઝિક્ર..................................................166

૫૦ - વિનાશક ફિત્નાઓનો ઝિક્ર અને તેની અસરો...168

૫૧ - જયારે મુઆવિયાના સાથીઓએ આપના સાથીઓ પર પાણી બંધ કરી દીધું........................................170

૫૨ - ઝોહદ (વિરક્તિ)નો શોખ અપાવવા, ઝાહિદનો સવાબ અને મખ્લૂક પર ખાલિકની નેઅમતોનો ઉલ્લેખ ..............................................................171

૫૩ - કુરબાનીના ગુણધર્મનો ઉલ્લેખ....................174

૫૪ - પોતાની બયઅતનો ઉલ્લેખ..........................175

૫૫ - સિફફીનવાળાઓથી જેહાદની રજા દેવામાં ઢીલ સમયે.........................................................176

૫૬ - સિફફીનમાં સુલહના વખતે...........................177

૫૭ - એક નિંદાપાત્ર શખ્સ વિશે............................179

૫૮ - "લા હુકમ ઇલ્લા લિલ્લાહ" નો નારો લગાવવાવાળાને સંબોધન....................................180

૫૯ - ખારજીઓની રૂસ્વાઈ વિશે આપની ભવિષ્યવાણી ..................................................................182

૬૦ - ખારજીઓના નિકંદન પછી આપનું સંબોધન...183

૬૧ - ખારજીઓના વિશે આપનું સંબોધન................184

૬૨ - આપને ખૂનની ધમકી મળવા પછી સંબોધન..185

૬૩ - દુનિયાની નશ્વરતાનો ઉલ્લેખ.........................186

૬૪ - નેક કાર્યોમાં સ્પર્ધા વિશે ..............................187

૬૫ - અલ્લાહના ઇલ્મની અત્યંત સુક્ષ્મ ચર્ચા તરફ ઇશારો .........................................................190

૬૬ - સિફફીનની લડાઈમાં યુધ્ધની કેળવણી સંબંધમાં ફરમાન.......................................................192

૬૭ - સકીફા બની સઅદાની કાર્યવાહી પછી આપનું ફરમાન.......................................................194

૬૮ - મોહમ્મદ બિન અબીબક્રની શહાદત પછી.......196

૬૯ - પોતાના સાથીઓની અવળાઈમાં કહ્યું.............197

૭૦ - ઘાયલ થવાની રાતે આપનું સંબોધન...........199

૭૧ - ઈરાકવાળાઓની નિંદા સંબંધમાં....................200

૭૨ - સલવાતની તાલીમ અને અલ્લાહ અને..........202

૭૩ - મરવાન બિન અલ હકમથી બસરામાં સંબોધન ..........................................................................205

૭૪ - જયારે લોકોએ હ.ઉસ્માનની બયઅત કરવાનો ઇરાદો કરી લીધો..................................................207

૭૫ - જયારે લોકોએ આપ પર હ.ઉસ્માનના ખૂનનો આરોપ લગાવ્યો....................................................208

૭૬ - નેક અમલનું પ્રોત્સાહન..................................209

૭૭ - જયારે સઈદ બિન અલ આસે આપને આપના હકથી વંચિત કરી દીધા..........................................210

૭૮ - આપની દોઆના ઉચ્ચાર ..............................211

૭૯ - ખારજીઓથી જંગના સમયે આપનું ફરમાન....212

૮૦ - ઔરતોની સ્વભાવિક ઉણપો..........................214

૮૧ - ઝોહદના સંબંધમાં આપનો ઉપદેશ ...............215

૮૨ - દુનિયાની ખાસિયતો વિશે ઉપદેશ.................216

૮3 - ચિત્ર વિચિત્ર ગર્રાનો ખુત્બો જેમાં સર્જનનો અનુક્રમ અને બોધસુચનો આપવામાં આવ્યા છે. ......217

૮૪ - અમ્ર બિન આસના વિશે....................................234

૮૫ - પરવરદિગારની આઠ સિફતો...........................236

૮૬ - સર્જનહારની સિફતો અને તકવાનો ઉપદેશ....238

૮૭ - મુત્તકીઓ અને ફાસિકોની સિફતોનો ઉલ્લેખ....242

૮૮ - ઘાતક કારણોનું વર્ણન....................................249

૮૯ - હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને ઇમામની તબ્લીગ વિશે......251

૯૦ - મઅબૂદનું હંમેશાથી હોવું અને સર્જનની મહાનતા ..................................................................254

૯૧ - ઇશ્બાહ નામનો ખુત્બો....................................257

૯૨ - જયારે લોકોએ આપની બયઅતનો નિર્ણય લીધો ......................................................................282

૯૩ - બની ઉમય્યાના ફિત્ના તરફ આગમચેતી.......283

૯૪ - અલ્લાહની હમ્દ અને સના, હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને આલે મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના વિશેષ ગુણો અને પ્રશંસા........................................287

૯૫ - જેમાં રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના વિશેષ ગુણો અને પ્રશંસા....................290

૯૬ - પાલનહાર અને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની સિફતો..291

૯૭ - જેમાં પોતાના સાથીઓ અને હઝરત રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના સહાબીઓની સરખામણી કરવામાં આવી છે............293

૯૮ - બની ઉમય્યાના ઝુલ્મો તરફ નિર્દેશ..............298

૯૯ - દુનિયા ત્યાગ અને વિશ્વની વિચિત્રતાનો નિર્દેશ ................................................................300

૧૦૦ - હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને એહલેબૈત અલય્હેમુસ્સલામ વિશે........................................................303

૧૦૧ - સમયના ઉત્પાતો.......................................306

૧૦૨ - કયામતના દિવસનો ઉલ્લેખ.......................309

૧૦૩ - ઝોહદ અને તકવા વિશે ............................311

૧૦૪ - આપના ખુત્બાનો એક ભાગ........................314

૧૦૫ - હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના વખાણ અને બની ઉમય્યાની ઝાટકણી. .........................................................316

૧૦૬ - ઇસ્લામની વિશેષતા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના સહાબીઓ..............320

૧૦૭ - સિફ્ફીનની જંગ દરમિયાન ખુત્બો...............325

૧૦૮ - પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના વખાણ અને બની ઉમય્યાની વિવિધ પરિસ્થિતિઓ સંબંધમાં ફરમાવ્યું ............................326

**૧૦૯ - પાલનહારની મહાનતા, ફરિશ્તાઓની ઉચ્ચતા અને આખેરતનો ઉલ્લેખ**..........................................332

૧૧૦ - ઇસ્લામના સિધ્ધાંતો વિશે..........................343

૧૧૧ -દુનિયાની નિંદા વિશે.................................346

**૧૧૨ - મલેકુલ મૌતના રૂહ કબ્ઝ કરવા અંગે**.........353

**૧૧૩ - દુનિયાની ટીકા કરતાં**.................................354

**૧૧૪ - લોકોને શિખામણ**.......................................357

**૧૧૫ - વરસાદની માંગણી સંબંધમાં**......................363

**૧૧૬ - પોતાના સાથીઓને નસીહત**......................366

૧૧૭ - ખુદાના માર્ગમાં જાન માલથી જેહાદ કરવા સંબંધે....................................................................369

૧૧૮ - પોતાના સાથીઓમાં સદાચારી લોકો વિશે....370

૧૧૯ - જેહાદના આહ્વાન સમયે લોકોની ચૂપકીદી પર ..........................................................................371

૧૨૦ - પોતાની વિશેષતાનો ઉલ્લેખ .......................374

૧૨૧ - લયલતુલ હરીર પછી લોકોને ફરમાવ્યું........376

૧૨૨ - તહેકીમનો ઇન્કાર કરનારાઓને સંબોધન......379

૧૨૩ - સિફ્ફીનની જંગમાં પોતાના સાથીઓને સંબોધન ..........................................................................383

૧૨૪ - સાથીઓને જંગ માટે તૈયાર કરવા...............385

૧૨૫ - તહેકીમ સ્વિકારવાના કારણો......................388

૧૨૬ - બયતુલ માલમાં બરાબર વહેંચણી શરૂ કરી તો અમુક લોકોએ વાંધો ઉઠાવ્યો તો ફરમાવ્યું : ...........391

૧૨૭ - ખારજીઓના અકીદાનું ખંડન કરતા ફરમાવ્યું393

૧૨૮ - બસરામાં ઉઠનારા ફિત્નાની ખબર આપતા ફરમાવ્યું ........................................................397

૧૨૯ - દુનિયાની નશ્વરતા અને દુનિયાવાળાની સ્થિતિ ..............................................................................400

૧૩૦ - હઝરત અબૂઝરને મદીનાથી વિદાય કરતા સમયે ફરમાવ્યું................................................403

૧૩૧ - ખિલાફત સ્વિકારવાનું કારણ અને વાલી અને અહકામના ગુણધર્મ....................................405

૧૩૨ - લોકોને બોધ શિખામણ અને ઝોહદની પ્રેરણા407

૧૩૩ - અલ્લાહની મહાનતા અને કુરઆનની કીર્તિનો ઝિક્ર..........................................................410

૧૩૪ - જયારે હ. ઉમરે રૂમની લડાઈમાં જાતે ભાગ લેવાનો ઇરાદો કર્યો....................................414

૧૩૫ - જયારે મુગયરા ઇબ્ને અફનસે હ. ઉસ્માનની હિમાયતમાં બોલવા ચાહ્યું..........................416

૧૩૬ - બયઅતના સંબંધમાં....................................417

૧૩૭ - તલહા ઝુબેર અને પોતાની બયઅત વિશે....418

૧૩૮ - ભવિષ્યના બનાવો તરફ ઇશારો..................421

૧૩૯ - શુરાના પ્રસંગે............................................423

૧૪૦ - લોકોને ગીબતથી રોકતા ફરમાવ્યું...............424

૧૪૧ - ગીબત અને હક તથા બાતિલનો તફાવત....426

૧૪૨ - કુપાત્રો સાથે ઉપકારનો વર્તાવ....................427

૧૪૩ - વરસાદ માગવાના સંબંધમાં.......................428

૧૪૪ - નબીઓની બેઅસતનો ઉલ્લેખ....................432

૧૪૫ - દુનિયાના વિનાશ સંબંધે............................436

૧૪૬ - જયારે હ. ઉમરે ઈરાનની લડાઈમાં ભાગ લેવા મશ્વે રો કર્યો..........................................................438

૧૪૭ - પયગમ્બરોની નિયુક્તિની ગરજ અને ઉદ્દેશ.440

૧૪૮ - તલહા અને ઝુબેર સંબંધી..........................445

૧૪૯ - પોતાની શહાદત પહેલા ઉપદેશ..................446

૧૫૦ - સમયની ક્રાંતિઓ અને ગુમરાહોના ટોળાનો ઝિક્ર ....................................................................449

૧૫૧ - ફિત્નાઓથી લોકોને ડરાવવામાં આવ્યા છે. ..452

૧૫૨ - ખુદાવંદે આલમની મહાનતા અને કીર્તિ અને પાક ઇમામોના ગુણોનો ઉલ્લેખ.............................457

૧૫૩ - ગુમરાહો અને ગાફિલોની દુ:ખદ પરિસ્થિતિનો ઝિક્ર.............................................................461

૧૫૪ - એહલેબૈત અલય્હેમુસ્સલામના વખાણોનો ઝિક્ર ...........................................................465

૧૫૫ - ચામાચીડિયાની ચિત્ર વિચિત્ર બનાવટનો ઉલ્લેખ..........................................................469

૧૫૬ - બસરાવાળાઓને આપત્તિઓથી સાવધાન કરવા ...........................................................473

૧૫૭ - તકવા માટે પ્રોત્સાહિત કરવા ......................478

૧૫૮ - રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની બેઅસત, કુરઆનના વિશેષ ગુણો, અને બની ઉમય્યાની હુકૂમતનો ઉલ્લેખ.........................483

૧૫૯ - લોકોની સાથે આપનું સદવર્તન..................485

૧૬૦ - ખુદાવંદે આલમની પ્રશંસા, ડર અને આશા, નબીઓના જીવન સંબંધે........................................486

૧૬૧ - રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની સિફતો, એહલેબૈત લય્હેમુસ્સલામની વિશિષ્ટતા, તકવા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની પયરવીની દાવત ..................497

૧૬૨ - એક શખ્સના સવાલનો જવાબ...................501

૧૬૩ - અલ્લાહની સ્તૂતિ, ઇન્સાનનું સર્જન, ............503

૧૬૪ - હઝરત અલી અલય્હિસ્સલામની હ. ઉસ્માનથી વાતચીત અને તેમની દામાદી પર એક નજર.........507

૧૬૫ - મોરની ચિત્ર વિચિત્ર રચના અને ...............511

૧૬૬ - એકતા અને સંપની દાવત અને બની ઉમય્યાની પડતી......520

૧૬૭ - હકો અને ફરજોની સંભાળ અને અલ્લાહથી ડરવાની નસીહત......523

૧૬૮ - જયારે લોકોએ હ. ઉસ્માનના કાતિલોથી બદલો લેવાની વિનંતી કરી......525

૧૬૯ - જયારે જમલવાળા બસરા તરફ રવાના થયા......527

૧૭૦ - હુજ્જત પૂરવાર થઈ જાય તો સત્યની પયરવી વાજીબ છે.......529

૧૭૧ - સિફફીનના મયદાનમાં જયારે દુશ્મનથી સામ સામે લડવાનો નિર્ણય કર્યો....................................531

૧૭૨ - ખુદાની હમ્દ, શૂરાનો દિવસ, કુરૈશના ઝુલ્મો અને જમલવાળાઓની લૂંટમારોનો ઝિક્ર..................533

૧૭૩ - હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ વિશે અને ખિલાફતના હકદાર વિશે સ્પષ્ટીકરણ.......................................................536

૧૭૪ - તલહા અને ઝુબેરની જંગ માટે બસરા રવાના થવા સમયે.........................................................540

૧૭૫ - ગફલત કરવાવાળાઓને ચેતવણી અને આપના ઇલ્મની સર્વ વ્યાપકતા..........................................542

૧૭૬ - બોધ અને શિખામણ, કુરઆનના વખાણ, અને ઝુલ્મના પ્રકાર....................................................544

૧૭૭ - સિફફીન પછી લવાદ વિશે ઉપદેશ.............554

૧૭૮ – શહાદત, ઈમાન અને તકવા સંબંધમાં.........555

૧૭૯ - ઝઅલબે યમાનીનો પાલનહારના જોવાના સંબંધમાં સવાલ અને આપનો જવાબ....................558

૧૮૦ - પોતાના નાફરમાન સાથીઓની ટીકામાં ફરમાવ્યું ........................................................560

૧૮૧ - એ જમાત સંબંધમાં ઇરશાદ જે ખારજીઓથી મળી જવાનો નિર્ણય કરી ચૂકી હતી. ......................563

૧૮૨ - અલ્લાહની નિષ્કલંક પવિત્રતા, પહેલાની ઉમ્મતોની સ્થિતિ, સિફફીનના શહીદો પર શોક વ્યકત કરવો....565

૧૮૩ - ખુદાવંદે આલમના વખાણ, કુરઆનના ગુણગાન અને તકવાની વસીયત....576

૧૮૪ - બરજ બિન મસહર તાઈને સંબોધન....583

૧૮૫ - ખુદાવંદે આલમની મહાનતા અને સ્તૂતિ અને અમૂક મખ્લૂકનો ઝિક્ર....584

૧૮૬ - ઇલાહી મસઅલાઓ (તવહીદ)ના મૂળભૂત સિધ્ધાંતોનો ઉલ્લેખ....592

૧૮૭ - કાળના ચક્કરોનો ઉલ્લેખ....602

૧૮૮ - ખુદાના ઉપકારો, મરવાવાળાઓની હાલત, અને દુનિયાની અસ્થિરતાના ઉલ્લેખ..............................604

૧૮૯ - ઈમાનની અને હિજરત વાજીબ હોવા વિશે...607

૧૯૦ - ખુદાની હમ્દ, હઝરત રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની પ્રશંસા, અને તકવાનું મહત્વ ..........................................................................609

૧૯૧ - અલ્લાહની પ્રશંસા, તકવાની ભલામણ અને દુનિયા તથા દુનિયાવાળાઓની પરિસ્થિતિ.............614

૧૯૨ - કાસેઆ ખુત્બો, જેમાં ઇબ્લીસની નિંદા તેના ગર્વ અને ઘમંડનો ઉલ્લેખ, ગત ઉમ્મતના બનાવો અને તેની હાલતો..........................................................620

૧૯૩ - તકવાવાળાના વખાણ અને ઇબ્ને કવાની અણ સમજનો ઉકેલ ....................................................653

૧૯૪ - મુનાફિકોની હાલતનો ઉલ્લેખ ......................661

૧૯૫ - ખુદાની પ્રશંસા, તકવાની ભલામણ અને કયામતની નિશાની................................................664

૧૯૬ - સરકારે દો આલમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની પ્રશંસા ....................................668

૧૯૭ - પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ સાથે આપના વિશેષ સંબંધો અને તેમની તાલીમોની વિશિષ્ટતા.............................................670

૧૯૮ - ખુદાવંદે આલમના ઇલ્મની વ્યાપકતા અને તકવાના ફાયદા........................................672

૧૯૯ – નમાઝ, ઝકાત અને અમાનતના વિશે અસ્હાબને ભલામણ........................................681

૨૦૦ - મુઆવિયાની ગદ્દારી સંબંધે..........................685

૨૦૧ - હિદાયતના માર્ગે ચાલવાની નસીહત..........686

૨૦૨ - જનાબે સય્યદા સલામુલ્લાહે અલય્હાની દફન વિધિ પ્રસંગે ......................................................688

૨૦૩ - દુનિયાની નશ્વરતા અને આખેરતનું ભાતું તૈયાર કરવા માટે ફરમાવ્યું.............................................690

૨૦૪ - પોતાના સાથીઓને ઉકબાના ખતરાઓથી આગમચેતી.......................................................691

૨૦૫ - તલહા અને ઝુબેરે આપથી નારાજગી જાહેર કરી ત્યારે.......................................................692

૨૦૬ - સિફફીનના મેદાનમાં અમુક સાથીઓ વિશે ઉચ્ચાર .......................................................695

૨૦૭ - સિફફીનના મેદાનમાં જયારે ઇમામ હસન અલય્હિસ્સલામ તેજીથી આગળ વધ્યા. ..................696

૨૦૮ - જયારે આપનું લશ્કર તહકીમના અનુસંધાનમાં બંડ પર ઉતરી આવ્યું.......................................697

૨૦૯ - સહાબી અલા બિન ઝિયાદ હારસીની ખબર પૂછવા તેમના ઘરે ગયા, ત્યારે ............................698

૨૧૦ - પરસ્પર વિરોધી હદીસોના કારણો અને બિદઅતવાળી હદીસોના હુકમો વિશે........................700

૨૧૧ - વિશ્વના આશ્ચર્યજનક સર્જન વિશે..................706

૨૧૨ - સાથીઓને શામવાળા સાથે જેહાદ માટે ઉત્તેજન ......................................................................708

૨૧૩ - અલ્લાહની મહાનતા અને પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની પ્રશંસા અને વખાણ.........................................................709

૨૧૪ - હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના ગુણગાન, અને આલિમોના વખાણ ........................................................................711

૨૧૫ - આપની દુઆના ઉચ્ચારો............................714

૨૧૬ - સિફ્ફીનના સ્થળે સત્તાધિશ અને પ્રજાના પરસ્પર હકો સંબંધમાં ............................................716

૨૧૭ - કુરૈશના ઝુલ્મોનો ઉલ્લેખ............................723

૨૧૮ - બસરા પર ચડી આવનારાઓ સંબંધમાં.......725

૨૧૯ - જયારે તલ્હા અને અબ્દુર રહેમાન બિન એતાબને જંગમાં કપાએલા જોયા..........................726

ખુત્બો - ૨૨૦ - મુત્તકી અને પરહેઝગારના ગુણો......727

૨૨૧ – અલ્હાકોમુત્તકાસોરો, હત્તા ઝુરતોમુલ મકાબેરની તિલાવત સમયે ફરમાવ્યું. ........................................728

૨૨૨ - રેજાલ. લા તુલહીમ તેજારતન વ લા બયઅત અન ઝિકરિલ્લાહની તિલાવત સમયે........................737

૨૨૩ – "યા અય્યોહલ ઇન્સાનો મા ગર્રક બે રબ્બિકલ કરીમ"ની તિલાવત સમયે........................................742

૨૨૪ - ઝુલ્મ અને ગઝબથી દૂર રહેવું, અકીલની નિર્ધન સ્થિતિ અને અશઅસ ઇબ્ને કૈસની રૂશ્વંત ની ઓફર ..748

૨૨૫ - આપના દુઆના શબ્દો ................................752

૨૨૬ - દુનિયાની નશ્વરતા અને કબ્રવાળાઓની નિરાધારતા...................................................753

૨૨૭ - આપના દુઆના શબ્દો................................756

૨૨૮ - પોતાના સાથીનો ઉલ્લેખ જે દુનિયા તજી ગયો
...................................................................758

૨૨૯ - પોતાની બયઅત વિશે ઉપદેશ....................759

૨૩૦ - તકવાની શિખામણ, અને મૌતથી ડરવાની અને
ઝોહદ અખત્યાર કરનારા સંબંધે..............................760

૨૩૧ - બસરા તરફ જવા સમયે ફરમાવ્યું...............764

૨૩૨ - અબ્દુલ્લાહ ઇબ્ને ઝમ્આસએ જયારે આપથી
માલની માંગણી કરી..............................................765

૨૩૩ - જયારે જોઅદા બિન હુબીરા મખ્ઝૂમી ખુત્બો ન
આપી શક્યા.........................................................766

૨૩૪ - લોકોની સૂરતો અને સ્વભાવમાં વિવિધતાનો હેતુ અને કારણો........................................................768

૨૩૫ - હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને ગુસ્લ કફન આપતી વેળા.........770

૨૩૬ - હિજરત પછી પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ સાથે મળવાનો અહેવાલ.............772

૨૩૭ - મૌત પહેલા પોતાના અમલમાં તેજી લાવવાની દાવત...........................................................773

૨૩૮ - લવાદોની હાલતો અને શામવાળાઓની નિંદા .......................................................................775

૨૩૯ - આલે મોહમ્મદ અલય્હેમુસ્સલામના ગુણગાન અને વિશેષતાનો ઉલ્લેખ........................................777

૨૪૦ - જયારે આપને યમ્બાઅના સ્થળે જવાનું કહેવામાં આવ્યું..........................................................779

૨૪૧ - પોતાના સાથીઓને જંગ માટે તૈયાર કરવા ફરમાવ્યું.......................................................781

નહ્જુલ બલાગાહ...............................................784

(ભાગ બીજો).....................................................784

પત્રો અને પત્રિકાઓ...........................................784

ફરમાનો અને પ્રતિજ્ઞાઓ ......................................784

વસીયતો અને નસીહતો. ........................................784

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલય્હિસ્સલામના

ચૂંટેલા લખાણો.................................................785

જેમાં આપે શત્રુઓ અને સુબાઓના ગવર્નરના નામે

સરકારી પત્રો ઉપરાંત પોતાના અધિકારીઓના નામે

વચનનામા અને અવલાદના નામે વસીયતોના

વિષયોનો સમાવેશ છે. ..........................................785

(૧) મદીનાથી બસરા રવાના થવા સમયે

કુફાવાળાઓના નામે...........................................786

(૨) જંગે જમલની સમાપ્તિ સમયે કૂફાવાળાઓના નામે

.........................................................................788

(૩) કાઝી શરીહ બિન અલ હારિસના નામે..............789

(૪) ઉસ્માન બિન હનીફ (સેનાપતી)ના નામે...........792

(૫) આઝરબાઈજાનના ગવર્નર અશઅસ બિન કૈસના નામે.........................................................793

(૬) મુઆવિયાના નામે ..........................................794

(૭) મુઆવિયાના જ નામે......................................796

(૮) જરીર ઇબ્ને અબ્દુલ્લાહ બજલીના નામે...........797

(૯) મુઆવિયાના નામે ..........................................798

(૧૦) મુઆવિયાના જ નામે....................................801

(૧૧) પોતાના લશ્કરને દુશ્મન સામે રવાના કરવા સમયે ........................................................804

(૧૨) મોઅક્કલ બિન કૈસ રિયાહીના નામે...............806

(૧૩) પોતાના એક સેનાપતિના નામે.....................808

(૧૪) પોતાના લશ્કરને સિફ્ફીનની જંગના આરંભ પહેલા........................................................................809

(૧૫) દુશ્મનની રૂબરૂ થવા સમયે દુઆનો ઉચ્ચાર...811

(૧૬) જંગના સમયે લશ્કરને સુચના......................812

(૧૭) મુઆવિયાના એક પત્રનો જવાબ..................813

(૧૮) બસરાના ગવર્નર અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસના નામે ........816

(૧૯) પોતાના અમુક ગર્વનરોના નામે........818

(૨૦) ઝિયાદ ઇબ્ને અબીહના નામે........819

(૨૧) ઝિયાદ ઇબ્ને અબીહના જ નામે ........820

(૨૨) અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસના નામે........821

(૨૩) ઇબ્ને મુલ્જિમના હુમલા પછી હઝરતની વસીયત ........822

(૨૪) સિફફીનની જંગથી પાછા ફરતા વકફો વિશે વસીયત ........824

(૨૫) સદકાઓ જમા કરાવવાવાળાઓને સુચના......827

(૨૬) સદકા જમા કરવાવાળાઓના કાર્યકરોના નામે832

(૨૭) મોહમ્મદ બિન અબી બક્રના નામે..................834

(૨૮) મુઆવિયાના એક પત્રનો જવાબ..................839

(૨૯) બસરાવાળાઓના નામે..................................848

(30) મુઆવિયાના નામે........................................849

(3૧) સિફ્ફીનની જંગથી પાછા ફર્યા પછી ઇમામ હસન અલય્હિસ્સલામને વસીયત ....................................851

(3૨) મુઆવિયાના નામે........................................882

**(33) કસમ બિન અબ્બાસ, મક્કાના ગવર્નરને નામે** 883

(3૪) મોહમ્મદ બિન અબી બક્રના નામે..................885

(૩૫) અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસના નામે ................887

(૩૬) પોતાના ભાઈ અકીલના પત્રના જવાબમાં......889

(૩૭) મુઆવિયાના નામે........................................892

(૩૮) માલિકે અશ્તરની ગવર્નરીના પ્રસંગે

મિસરવાળાઓના નામે..........................................893

(૩૯) અમ્ર બિન અલ આસના નામે.......................895

(૪૦) પોતાના પિત્રાઈ ભાઈ અબ્દુલ્લાહ બિન

અબ્બાસના નામે ................................................897

(૪૧) પોતાના પિત્રાઈ ભાઈ અબ્દુલ્લાહ બિન

અબ્બાસના નામે ................................................898

(૪૨) ઉમર ઇબ્ને અબી સલમા મખ્ઝૂમીના નામે......902

(૪૩) મસકલા બિન હબીરા શયબાનીના નામે.........903

(૪૪) ઝિયાદ ઇબ્ને અબીહના નામે........................905

(૪૫) ઉસ્માન બિન હુનૈફ બસરાના ગવર્નરના નામે 907

(૪૬) એક અમલદારના નામે ...............................916

(૪૭) ઇબ્ને મુલ્જિમના હુમલા પછી હસનૈન

અલય્હેમુસ્સલામને વસીયત.................................917

(૪૮) મુઆવિયાના નામે.......................................921

(૪૯) મુઆવિયાના જ નામે ...................................922

(૫૦) સેનાપતિઓના નામે ....................................923

(૫૧) વેરો વસૂલ કરનારાઓના નામે ....................925

(૫૨) શહેરના અમીરોના નામે નમાઝ સંબંધી .........927

(૫૩) માલિક બિન અશ્તર નખઈના નામે ..............928

(૫૪) તલહા અને ઝુબેરના નામે ...........................969

**(૫૫ (મુઆવિયાના નામે** ........................................971

(૫૬) શરીહ બિન હાનીને આપની વસીયત............973

(૫૭) કૂફાવાળાઓને નામે મદીનાથી બસરા જવા સમયે ..................................................................974

(૫૮) બધા શહેરોના રહેવાસીઓના નામે ................975

(૫૯) અસ્વદ બિન કુત્બાના નામે..........................977

(૬૦) ફોજના રસ્તામાં પડતા પ્રદેશોના ગવર્નરના નામે ....................................................................979

(૬૧) કુમૈલ બિન ઝિયાદ નખઈના નામે.................981

(૬૨) મિસરવાસીઓના નામે..................................982

(૬૩) કૂફાના ગવર્નર અબૂ મૂસા અશઅરીના નામે...986

(૬૪) મુઆવિયાના પત્રના જવાબમાં......................988

(૬૫) મુઆવિયાના જ નામે..................................992

(૬૬) અબ્દુલ્લાહ બિન અબ્બાસના નામે ................994

(૬૭) મક્કાના વહીવટદાર કુસમ બિન અબ્બાસના નામે ....................................................................995

(૬૮) જનાબે સલમાન ફારસીના નામે....................997

(૬૯) હારિસ હમદાનીના નામે ..............................998

(૭૦) મદીનાના વહીવટદાર સુહયલ બિન હનીફ અન્સારીના નામે.............................................1002

(૭૧) મન્ઝર બિન જારૂદ અબ્દીના નામે ..............1004

(૭૨) અબ્દુલ્લાહ બિન અબ્બાસના નામે ..............1006

(૭૩) મુઆવિયાના નામે.......................................1007

(૭૪) રબીઆ અને યમનવાળાઓ વચ્ચે કરાર......1008

(૭૫) મુઆવિયાના નામે .....................................1010

(૭૬) અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસના નામે..............1011

(૭૭) અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસને આપની વસીયત ....................................................................1012

(૭૮) અબૂ મૂસા અશઅરીના પત્રનો જવાબ..........1013

(૭૯) સેનાધ્યક્ષોના નામે.....................................1015

**હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામના ચૂંટેલા ઉપદેશો**..........................................................1019

# ૧ - વિશ્વનું સર્જન, આદમ અલય્હિસ્સલામની પેદાઈશ, નબીઓની વરણી, પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનું આગમન, કુરઆન અને શરીઅતના હુકમ અને બયતુલ્લાહની હજનો ઝિક્ર

સર્વ સ્તૂતિ એ અલ્લાહના માટે છે, જેની પ્રશંસા સુધી વકતાઓની વાણી પહોંચી નથી શકતી, જેની નેઅમતો (ઉપકારોને) ગણવાવાળા ગણી નથી શકતા. અને ન તો પ્રયત્નો કરનારા તેનો હક અદા કરી શકે છે. ન ઉન્ન ત ઇરાદાઓ તેને આંબી શકે છે, ન બુધ્ધિ સમજના ઊંડાણો તેના તળ સુધી પહોંચી શકે છે. તેના ગુણ સંપન્ન તાની કોઈ સીમા નથી. ન તેના માટે પ્રશંસાના શબ્દો છે, ન તેના આરંભ માટે કોઈ સમય છે જેની ગણત્રી થઈ શકે, ન તેની કોઈ મુદ્દત છે કે ક્યાંય જઈને પૂરી થાય. તેણે મખ્લૂકોને પોતાની કુદરતથી પૈદા કરી. પોતાની રહેમતથી હવાઓને ચલાવી. કાંપતી ધરા પર પહાડોની મેખો (ખીલ્લી) ખોડી દીધી. દીનનું મૂળ તત્વ તેની ઓળખાણ છે. ઓળખાણની પરાકાષ્ટા તેના હોવાનું

સમર્થન છે. સમર્થનની પરાકાષ્ટા તવહીદ ( તેને એક માનવો) છે. તવહીદની પરાકાષ્ટા અકીદતની નિખાલસતા છે. અને વિશુધ્ધતાની વિશેષતા તેનાથી ગુણોને નકારવામાં આવે. કેમકે દરેક ગુણ સાક્ષી આપે છે કે તે ગુણિયલથી અલગ છે. અને દરેક ગુણિયલ સાક્ષી આપે છે કે તે ગુણ સિવાય કોઈ વસ્તુ છે. એટલે જેણે અલ્લાહની ઝાત સિવાય ગુણોને માન્યા તેણે ઝાતનો એક બીજો સાથી માની લીધો અને જેણે તેની ઝાતનો કોઈ અન્ય સાથી માની લીધો તેણે દ્વૈત (બેપણું) જન્માવ્યો. જેણે દ્વૈત જન્માવ્યો તેણે તેના માટે અંગ બનાવી નાખ્યું અને જે તેના માટે અંગોને માનવા લાગ્યો તે તેનાથી અજ્ઞાત રહ્યો. અને જે તેનાથી અજાણ રહ્યો તેણે તેને ચીંધવા લાયક સમજી લીધો અને જેણે તેને ચીંધવા લાયક સમજી લીધો તેણે તેની સીમા આંકી અને જેણે તેને સીમિત સમજ્યો તે તેને બીજી વસ્તુઓની હારમાં લઈ આવ્યો. જેણે એમ કહ્યું કે તે કઈ ચીજમાં છે? તેણે તેને કોઈ ચીજની સાથે માની લીધો. અને જેણે એમ કહ્યું કે, તે કઈ ચીજ ઉપર છે? તેણે બીજી જગ્યાઓ તેનાથી ખાલી સમજી લીધી. તે છે, થયો નથી. મૌજૂદ છે, પણ અદમમાંથી વજૂદમાં

નથી આવ્યો. તે દરેક વસ્તુની સાથે છે પણ ભૌતિક કે દેહી સંયોગથી નહીં, તે દરેક વસ્તુથી અલગ છે. પણ શારીરિક અંતરથી નહીં, તે કર્તા છે પણ ગતિ કે સાધનોનો મોહ્તાજ નથી. તે એ સમયે પણ દ્રષ્ટા હતો, જયારે કે સૃષ્ટિમાં કોઈ વસ્તુ દેખાવાવાળી નહોતી. તે એકલો છે એટલા માટે કે તેનો કોઈ સાથી નથી, કે જેનાથી તે આનંદ મેળવે અને જેને ખોવાથી ચિંતાગ્રસ્ત થઈ જાય. તેણે સૌ પ્રથમ ખલ્કની રચના કરી. કલ્પનાઓના ઉડયનો વિના અને કોઈ અનુભવ વિના કે જેનો લાભ ઉપાડવાની તેને જરૂરત પડી હોય, કોઈ પણ ગતિ કે ક્રિયા વગર કે જેનાથી તેણે પૈદા કર્યુ હોય. અને કોઈ પણ લાગણી કે જોશ વગર જેનાથી તે વિહ્વળ બન્યો હોય. દરેક વસ્તુને તેના સમયને આધિન બનાવી, પૃથક અને મેળ વગરની વસ્તુઓમાં મેળ અને સમતોલપણું જન્માવ્યું. દરેક વસ્તુને અલગ સ્વભાવ અને પ્રકૃતિ આપી. અને સ્વભાવો માટે યોગ્ય રૂપો જરૂરી ઠરાવ્યા. તે આ વસ્તુઓને તેના અસ્તિત્વની પહેલાથી જ જાણતો હતો. તેઓની સીમાઓ અને અંત પર વર્ચસ્વ ધરાવતો હતો. અને તેના અવયવો અને અંગોને જાણતો હતો. પછી તેણે એક વિશાળ વાતાવરણ,

વિશાળ આસપાસ અને પડોશ અને અંતરિક્ષનો વિસ્તાર ઉત્પન્નહ કર્યો. અને તેમાં એવું પાણી વહાવ્યું, જેના ઉછળતા મોજાઓની લહેરો તોફાની અને અગાથ સમંદરની મોજો એક પર એક હતી. તેને તેજ હવા અને ઝડપી આંધીની પીઠ પર નાખ્યું અને પછી તેને પાણીને પલટાવવાનો હુકમ આપ્યો. અને તેને તેના પાબંદ રાખવા પર કાબૂ આપ્યો. અને તેને પાણીની સીમાઓથી મેળવી દીધી, તેની નીચે હવા દૂર સુધી ફેલાએલી હતી. અને ઉપર પાણી ઉછાળા મારતું હતું. પછી અલ્લાહ પાકે એ પાણીની અંદર એક હવાને ઉત્પન્નં કરી જેનું ચાલવું વાંજીયું (અફળ) હતું. અને તેને તેના કેન્દ્ર પર સ્થિર રાખ્યું, તેના ઝાપટા તેજ કરી દીધા અને તેને ચાલવાની જગ્યા દૂર સુદૂર સુધી વિસ્તારી દીધી. પછી તે હવાને હુકમ આપ્યો કે તે પાણીના સંગ્રહને ઝાટકા મારે અને અગાધ સાગર મોજાઓને ઉછાળે. એટલે એ હવાએ પાણીને એવું વલોવી નાખ્યું જેવી રીતે દહીંને દોણીમાં વલોવવામાં આવે છે. અને તે ધકેલતી ધકેલતી તેઝીથી ચાલી જેવી રીતે ખાલી અવકાશમાં ચાલે છે. અને પાણીના શરૂના ભાગને છેલ્લા ભાગ પર અને સ્થિર ભાગને ચાલતા પાણી ઉપર ઉથલાવવા

લાગી, ત્યાં સુધી કે આ ઉછળતા પાણીની સપાટી ઊંચે વધવા લાગી અને તે ઉપર તળે પાણી ફીણ બનાવવા લાગ્યું. અલ્લાહે તે ફીણોને ખૂલ્લી હવા અને વિશાળ અવકાશમાં ઉઠાવી અને તેનાથી સાતે આસમાનનું સર્જન કર્યું. નીચલા આસમાનને થંભેલી મોજો જેવું બનાવ્યું અને ઉપરવાળા આસમાનને સલામત છત અને ઊંચી ઇમારતના રૂપમાં એવી રીતે ઊભુ કર્યું કે ન તો સ્તંભોના આધારની જરૂરત હતી અને ન બાંધીને જોડવાની જરૂરત હતી. પછી તેને તારાઓથી શણગાર્યું અને પ્રકાશિત તારાઓની ચળકાટ અને ઝળકાટથી સજાવ્યું. અને તેમાં પ્રકાશ વેરતા દીપકો અને ઝગમગ કરતા ચાંદ તરતા કર્યા. જે ધૂમતા ફલક, હાલતી ચાલતી છત અને હરતી ફરતી પાટીમાં છે. પછી અલ્લાહ તઆલાએ ઊંચા આસમાનોમાં તિરાડો પાડી અને તેના વિશાળ પાલવને જાત જાતના ફરિશ્તાઓથી ભરી દીધો. જેમાં કેટલાક સદા સજદામાં છે, તો રૂકૂઅ નથી કરતા અને કેટલાક રૂકુઅમાં છે તો ઊભા નથી થતા. કેટલાક હાર બાંધી ઊભા છે, જેઓ પોતાની જગ્યા નથી છોડતા અને કેટલાક તેની પવિત્રતા ગાઈ રહ્યા છે, અને થાકતા નથી. ન તેઓની આંખો ઘેરાય છે ન તેઓની બુધ્ધિ

ભૂલ થાપ ખાય છે. ન તો તેઓના જિસ્મ સુસ્ત પડે છે, ન આળસ કરે છે. ન તો તેઓ પર વિસ્મૃતિ છવાય છે. તેમાંના અમુક તો અલ્લાહની વહીના અમીન, તેના રસૂલો તરફ તેનો પયગામ પહોંચાડવા હકની ઝબાન, અને તેના અટલ ફેંસલા અને ફરમાનોને લઈને આવવા જવાવાળા છે. અમુક તેના બંદાઓના રક્ષક અને જન્નનતનાદ્વારપાળ છે. અમુક એ છે કે જેના પગ જમીનના પાતાળમાં સ્થિર છે અને તેમના પડખા સૃષ્ટિના આજુબાજુથી પણ વધારે ફેલાએલા છે. તેમના ખભા અર્શના પાયાઓને મળે છે. અર્શની સામે તેઓના નયન નમેલા છે અને તેની નીચે પોતાની પાંખો સંકોચી ઊભા છે. અને તેઓમાં અને બીજી મખ્લૂકમાં માનના પરદાઓ અને શક્તિના પટો આંતરેલા છે. તેઓ રૂપ અને આકાર સાથે પોતાના પાલનહારની કલ્પના નથી કરતા, ન તેના પર મખ્લૂકના ગુણો ચિપકાવે છે, ન તેને ઘર અને સ્થળમાં ઘેરાએલો સમજે છે, ન ઘોકા અને ઉપમાઓથી તેની તરફ નિર્દેશ કરે છે.

## આદમ અલય્હિસ્સલામની પૈદાઈશ વિશે :

પછી અલ્લાહે કઠણ અને નરમ, મીઠી અને ખારી જમીનની માટી ભેગી કરી. તેને પાણીમાં એટલી પલાળી કે તે સ્વચ્છ અને નિર્મળ બની ગઈ. અને તરાવટ સાથે એટલું ગુંદયું કે તેમાં ચીકાસ પૈદા થઈ ગઈ. તેની એક એવી આકૃતિ બનાવી જેમાં વળાંક પણ છે અને સાંધા તથા અવયવો છે અને વિવિધ ભાગો. તેને એટલે સુધી સુકાવી કે તે પોતે થોભી શકી અને એટલી કઠણ બનાવી કે ખણખણવા લાગી. એક નક્કી સમય અને વિદિત (નિર્ધારિત) મુદ્દત સુધી તેને એમ જ રહેવા દીધી. પછી તેમાં રૂહ ફુંકી તો તે એક એવા ઇન્સાનના રૂપમાં ઊભી થઈ ગઈ, જે દિમાગી શક્તિઓને ચલાવનાર, વિચારોના આંદોલનોનો ઉપયોગ કરનાર, અંગો ઉપાંગોથી સેવા લેનાર અને હાથ પગ ચલાવવાવાળો અને એવી ઓળખાણ શક્તિનો માલિક છે, જેનાથી હક અને બાતિલનો ફરક સમજે છે. અને વિવિધ સ્વાદો, સુગંધો અને રંગો અને જણસોમાં ફરક કરે છે. પોતે રંગ બેરંગી માટી, હળતી મળતી, યોગ્ય વસ્તુઓ અને ભિન્નવસ્વભાવો અને પરસ્પર વિરોધી ધાતુઓથી તેનું ખમીર બન્યું છે. અર્થાત ગરમી, શરદી, તરી અને ખૂશ્કીનું ખોળીયું છે.

પછી અલ્લાહે ફરિશ્તાઓથી ચાહ્યું કે તેઓને સોંપવામાં આવેલ અમાનત અદા કરી દે. અને એ વસીયતના વચનને પુરૂં કરે જે આદમને સજદો કરવાના હુકમને સ્વિકારવાનો અને તેની મોટાઈ સામે નમ્રતા અને વિનય દાખવવાનો હતો. એટલા માટે અલ્લાહે ફરિશ્તાઓને કહ્યું કે આદમને સજદો કરો તો ઇબ્લીસ સિવાય બધાએ સજદો કર્યો તેને પૂર્વ ગ્રહે ઘેરી લીધો અને દુર્ભાગ્ય ચડી બેઠું. અગ્નિથી પૈદા થવાના કારણે પોતાને મોટો અને ઉચ્ચ સમજ્યો અને ખણખણતી માટીને હલ્કી સમજયો. અલ્લાહે તેને મોહલત આપી, જેથી કરીને તે પૂરા કોપને પાત્ર બની જાય અને બની આદમની કસોટી પૂર્ણતાએ પહોંચે અને વાયદો પૂરો થઈ જાય. એટલે અલ્લાહે તને કહ્યું કે તને નક્કી સમય સુધીની મહેતલ છે, પછી અલ્લાહે આદમને એવા ઘરમાં ઉતારો આપ્યો જયાં તેનું જીવન સુખદ બનાવ્યું. તેને શયતાન અને તેની દુશ્મનાવટથી પણ સચેત કરી દીધા. પરંતુ તેના દુશ્મને તેને જન્નેતમાં રહેવા અને નેક લોકોના સહવાસથી ઇર્ષા કરી. અને છેવટે તેમને ધોકો આપી દીધો.

આદમે યકીનને શકમાં અને ઇરાદાની મકકમતાને નબળાઈના હાથે વેચી નાખી. આનંદને ભયમાં પલટાવી નાખ્યો. અને ધોકો ખાવાને કારણે પસ્તાવું પડયું. પછી અલ્લાહે આદમના માટે પ્રાયશ્ચિતની તક ઊભી કરી તેને રહેમતના વાકયો શીખવ્યા. જન્નતમાં ફરી પહોંચાડવાનો વાયદો કર્યો. અને તેને કસોટીની દુનિયા અને જયાં વંશોનો વેલો આગળ વધવાનો હતો, ત્યાં મોકલ્યા.

## માનવંત નબીઓની ચૂંટણી :

પવિત્ર અલ્લાહે તેમની {જનાબ આદમ (અલય્હિસ્સલામ)ની} અવલાદમાં નબીઓ ચૂંટયા. વહી પર તેમની સાથે બોલવચન લીધા. પોતાનો પયગામ પહોંચાડવા માટે તેમને અમીન (ભરોસાપાત્ર) બનાવ્યા. જયારે કે ઘણા લોકોએ અલ્લાહ સાથેના વચનને બદલી નાખ્યું હતું. એટલે તેઓ તેના હકથી અજાણ થઈ ગયા હતા. બીજાઓને તેના ભાગીદાર બનાવી નાખ્યા. શૈતાનોએ તેની મઅરેફતથી તેઓને વિમુખ અને તેની ઇબાદતથી વેગળા કરી દીધા હતા. અલ્લાહે તેઓમાં પોતાના રસૂલો નીમ્યા. અને લગાતાર

નબીઓ મોકલ્યા. જેથી તેઓથી પ્રકૃતિના પ્રતિજ્ઞા વચન પૂરા કરાવે. તેની ભૂલાએલી નેઅમતો યાદ અપાવે. પાલનહારનો પયગામ પહોંચાડી હુજ્જત પૂરી કરે. બુધ્ધિના ખજાનાઓને ઉલેચે અને તેને કુદરતની નિશાનીઓ બતાવે. આ માથા પર ઊંચા આસમાનો અને તેની નીચે પાથરવામાં આવેલ ધરા, જીવંત રાખનાર કમાણીના સાધનો, નાશ કરનારી મૌતો, વૃધ્ધ કરી નાખનારા રોગો અને ઉપરા ઉપર આવનાર અકસ્માતો.

અલ્લાહે પોતાની મખ્લૂકને કોઈ રસૂલને મોકલ્યા વગર, અથવા આસમાની કિતાબ, સજ્જડ દલીલ અથવા પ્રકાશિત માર્ગ વિના કદી એમ જ નથી છોડી દીધા. એવા રસૂલ જેને અલ્પ સંખ્યા અને જુઠા પાડનારાઓની બહુમતિ લાચાર અને મજબુર નહોતી કરી શકતી. તેઓમાં કોઈ અગ્રણી હતા. જેણે પાછળ આવનારના નામ અને નિશાનો બતાવ્યા, કોઈ પાછળથી આવ્યા, જેને પહેલા આવનાર ઓળખાવી ચૂક્યા હતા. આમ મુદ્દતો વીતી ગઈ, યુગો પસાર થઈ ગયા, બાપદાદાઓની જગ્યાએ તેમના વંશજોએ સ્થાન લીધું.

## બેઅસતે રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ:

ત્યાં સુધી કે અલ્લાહ પાકે પ્રતિજ્ઞા પાલન અને નબુવ્વતની પૂર્ણાહૂતિ માટે મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને નિયુકત કર્યા. જેમના વિશે નબીઓથી બોલ વચન લેવામાં આવ્યું હતું. જેમના ( પ્રગટ થવાની) નિશાનીઓ મશહુર, વિલાદતનું સ્થળ મુબારક અને સદભાગી હતું. એ સમયે જમીન પર વસનારાઓના પંથો અલગ અલગ, ઇચ્છાઓ વિવિધ અને વ્યસ્ત અને માર્ગો વેગળા (અલગ) હતા. એ રીતે કે કેટલાક અલ્લાહને મખ્લૂકની ઉપમા આપતા હતા, કેટલાક તેના નામોને બગાડતા હતા, કેટલાક તેને છોડીને અન્યોનો નિર્દેશ કરતા હતા, ખુદાવંદે આલમે તેમને આપના થકી હિદાયતનો માર્ગ બતાવ્યો અને આપના વજૂદથી તેઓને ભટકવાથી બચાવી લીધા.

પછી અલ્લાહ પાકે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની મુલાકાતને પસંદ કરી, પોતાના ખાસ ઇન્આમમેઆપના માટે પસંદ કર્યા. અને

દુનિયાની રહેણી કરણીથી આપને પર સમજયા અને મહેનતોથી ભરેલા સ્થળથી આપનું મોં ફેરવી લીધું અને દુનિયાથી આપને સન્માન સાથે ઉપાડી લીધા. હઝરત તમો વચ્ચે એવી જ વસ્તુ છોડી ગયા જે નબીઓ પોતાની ઉમ્મતોમાં છોડતા આવ્યા છે. એવી રીતે કે સ્પષ્ટ માર્ગ અને અટળ એંધાણ સ્થાપિત કર્યા વગર એમ જ તેઓને કાંઈ પણ બંધન કે અંકુશ વગર નહોતા છોડતા.

પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે તમારા પરવરદિગારની કિતાબ તમારામાં છોડી છે. એવી સ્થિતિમાં કે તેમણે કિતાબના હલાલ અને હરામ, વાજીબો અને મુસ્તહબો, નાસેખ અને મનસૂખ, રૂખ્સત અને ઇરાદાઓ (છૂટ, અછૂટ) સામાન્ય અને અસામાન્ય, ધડા (નસીહત) અને દાખલા, મર્યાદિત અને અમર્યાદિત, મોહકમ અને મુતશાબેહ (સ્પષ્ટ અને અસ્પષ્ટ)ને ખૂલ્લી રીતે બયાન કરી દીધા. મોઘમ આયતોની તફસીર કરી દીધી. તેની ગુંચવણોને ઉકેલી દીધી. તેમાં અમુક આયતો એવી છે જેને જાણવાનું વચન લેવામાં આવ્યું છે. અને અમુક એ છે કે તેના બંદાઓ તેનાથી અપરિચિત રહે તો કાંઈ વાંધો નથી. અમુક હુકમો એવા છે જે

વાજીબ હોવા કિતાબથી પુરવાર છે, અને હદીસથી તે મનસૂખ થયાની ખબર પડે છે. અને અમુક અહેકામ (હુકમો) એવા છે જેના પર અમલ કરવો હદીસની દ્રષ્ટિએ વાજીબ છે. પરંતુ કિતાબમાં તેને છોડવાની રજા છે. આ કિતાબમાં અમુક વાજીબો એવા છે, જેનું વાજીબ હોવું સમય સાથે સંકળાએલ છે. અને બીજા સમયમાં તેનું વાજીબ હોવું ઉઠી જાય છે. કુરઆને મોહરમ (હરામ) કરેલી વસ્તુઓમાં પણ ભિન્નકતા છે. અમુક કબીરા (મહા પાપ) છે, જેના માટે જહન્ન મની આગની ધમકી આપવામાં આવી છે. અને અમુક સગીરા (નાના પાપ) છે જેના માટે માફીની આશા આપવામાં આવી છે. કેટલાક આમાલ (કર્મો) એવા છે જેનો અલ્પ ભાગ કયારેક સ્વિકાર્ય બને છે અને વધારેમાં વધારેનો અવકાશ રાખ્યો છે.

**બયતુલ્લાહની હજ :**

આ જ ખુત્બામાં હજના અનુસંધાનમાં ફરમાવ્યું: અલ્લાહે, પોતાના ઘરની હજ તમારા પર વાજીબ કરી છે. જેને લોકોનો કિબ્લો બનાવવામાં આવ્યો છે. જયાં લોકો એવી રીતે ખેંચાઈને આવે છે, જેવી રીતે તરસ્યા જાનવર પાણી

તરફ ભાગે છે. અને એટલી પ્રેમભાવના સાથે આગળ વધે છે જેવી રીતે કબૂતર પોતાના માળા તરફ. અલ્લાહ, શાન અને કીર્તિવાળાએ તેને પોતાની મહાનતા સામે નમ્રતા અને તેની ઇઝઝતના સ્વિકારવાનું ચિહ્ન બનાવ્યું છે. તેણે પોતાની મખ્લૂકમાંથી સાંભળનારા લોકોને ચૂંટી લીધા. જેણે તેની આવાજ પર લબ્બૈક ( જી હઝૂર) કહ્યું  અને તેના કલામનું સમર્થન કર્યું. તેઓ નબીઓની રોકાવાની જગ્યાએ રોકાણા. અર્શનો તવાફ કરનાર ફરિશ્તાઓની પ્રતિકૃતિ બન્યા. તેઓ પોતાની ઇબાદતના બજારમાં નફાઓ સમેટે છે. અને તેની માફી આપવાના વચન સ્થાન પ્રતિ આગળ વધે છે. અલ્લાહ તઆલાએ આ ઘરને ઇસ્લામનું નિશાન, આશરો માગનાર અને હરમ (આશ્રમ) બનાવ્યું છે, તેની હજ ફર્ઝ અને હકની અદાયગીને વાજીબ કરી છે. અને તેની તરફ પ્રયાણ ફર્ઝ કર્યુ છે. એટલે અલ્લાહે કુરઆનમાં ફરમાવ્યું છે કે અલ્લાહના અદા કરવાનો વાજીબ  હક લોકો પર એ છે કે તે ખુદાના ઘર કાબાની હજ કરે, જે ત્યાં સુધી પહોંચવાની ક્ષમતા ધરાવતો હોય અને જેણે કુફ્ર કર્યુ (આ કાર્ય તજી દીધું) તે જાણી લે કે અલ્લાહ પૂરા જગતથી બેપરવા છે.

# ૨ - સિફ્ફીનથી પાછા ફરીને

અલ્લાહની પ્રશંસા અને સ્તૂતિ કરૂં છું. તેની નેઅમતોની પરિપૂર્ણતા ચાહતા, તેના માન અને કીર્તિની સામે નત મસ્તક કરવા અને તેની અવજ્ઞાથી રક્ષણ પ્રાપ્ત કરવા ચાહું છું. અને તેની મદદ માગું છું. તેની સંભાળ અને પાલનનો મોહતાજ હોવાના કારણે, જેની તે હિદાયત કરે (સુમાર્ગ સુચવે) તે ભટકતો નથી. જેને તે દુશ્મન રાખે તેને ક્યાંય આશરો નથી મળતો. જેની સંભાળ રાખનાર તે હોય તે કોઈનો ઓશિયાળો નથી રહેતો. આ ( સ્તુતિ અને સહાય યાચના) એ છે જેનું દરેક વજની વસ્તુથી પલ્લુ ભારે છે. અને દરેક અમૂલ્ય ખજાનાથી શ્રેષ્ઠ અને ઉચ્ચતર છે. હું સાક્ષી આપું છું કે અલ્લાહની સિવાય કોઈ ઇબાદતને પાત્ર નથી, જે એક અને ભાગીદાર વિનાનો છે. એવી સાક્ષી જેની નિખાલસતા પરખવામાં આવી ચૂકી છે. અને જેનો સાર નિ:સંદેહ દિલનો અકીદો (શ્રધ્ધા) બની ચૂક્યો છે. જીવનભર અમે આ અકીદાથી સંકળાએલા રહેશું અને એને કયામતનાં નડનારા ખતરાઓ માટે સંઘરો કરી રાખશું. આ જ સાક્ષી ઈમાનનો મજબૂત પાયો અને નેક કાર્યનું પહેલું પગલું અને

અલ્લાહના રાજીપાનું સાધન અને શયતાનને દૂર રાખવાનું કારણ છે.

અને એ પણ ગવાહી આપું છું કે મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તેના બંદા અને રસૂલ છે. જેમને અલ્લાહે વિખ્યાતી પામેલ દીન, વર્ણવેલ નિશાન, લખેલી કિતાબ, પ્રકાશ વેરતું નૂર, ચમકતી રોશની, અને નિર્ણયાત્મક અમ્રની સાથે મોકલ્યા. જેથી શંકા આશંકા દૂર કરી શકાય. અને દલીલો (ના જોરથી) હુજ્જત પૂરી કરવામાં આવે. આયતો મારફત ડરાવવામાં આવે અને શીક્ષાઓ કોપથી ભયભીત કરવામાં આવે. (એ સમયે પરિસ્થિતિ એ હતી કે) લોકો એવા ફીત્ના અને ઝઘડાઓમાં સપડાએલા હતા, જ્યાં દીનના બંધનો તૂટેલા, શ્રધ્ધાના સ્તંભો ડગમગ, સિધ્ધાંતો વિવિધ અને સંજોગો વ્યસ્ત હતા. છૂટકારાનો માર્ગ તંગ અને અંધારો હતો. હિદાયત ગુમનામ અને અંધેર સર્વત્ર હતો (છડે ચોક) અલ્લાહની અવગણના થતી હતી, અને શયતાનને મદદ કરવામાં આવતી હતી. ઈમાન આધાર વગરનું હતું. એટલે તેના સ્તંભો ઢળી પડયા. તેના નિશાનો સુધ્ધાં ઓળખાતા નહોતા. તેના માર્ગો મીટાઈ

ગયા. મુખ્ય માર્ગો વીરાન થઈ ગયા. તેઓ શયતાનની પાછળ લાગી તેના રસ્તાઓ પર ચાલવા લાગ્યા. અને તેના ઘાટ પર ઉતરી પડયા. એઓના જ લીધે શયતાનના વાવટા દરેક બાજુ લહેરાવા લાગ્યા હતા. એવા ફિતનાઓમાં જે તેઓને પોતાના ડાબલાઓથી કચડાતા અને પોતાની ખરીઓથી છુંદતા હતા અને પોતાના પંજાઓના આધારે મજબૂતીથી ઊભા હતા. તો એ લોકો તેમાં હેરાન અને પરેશાન, જાહિલ અને ધોકો ખાધેલા હતા. અલ્લાહે આપને એક એવા ઘરમાં મોકલ્યા જે પોતે સારૂં પણ તેમાં વસનારા બુરા હતા. જ્યાં ઊંઘને બદલે અજંપો અને સુરમાની જગ્યાએ આંસુ હતા. આ જમીન પર આલિમના મોંમા લગામ હતી, અને જાહિલ માનવંત અને સફળ હતો.

**ખુત્બાનો આ ભાગ એહલેબૈતે નબી સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ વિષે છે :**

તેઓ ખુદાના ભેદોના અમીન અને તેના દીનના આશ્રય ઘર છે. અલ્લાહના ઇલ્મના ખજાના અને હિકમતોના કેન્દ્ર છે. (આસમાની) કિતાબોની ઘાટીઓ, અને દીનના પહાડ

છે. તેઓના જ મારફત અલ્લાહે દીનની વળેલી પીઠને સીધી કરી. અને તેના પડખાઓમાંથી ભયની ધ્રુજારી દૂર કરી.

**ખુત્બાનો આ ભાગ જે બીજાઓ માટે છે :**

તેઓએ પાપ અને અત્યાચારની વાવણી કરી, ગફલત અને પ્રપંચના પાણીથી તેને સીંચ્યું. અને તેનાથી હલાકત (સત્યનાશ)ની ઉપજ મેળવી. આ ઉમ્મતમાં કોઈને આલે મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની સાથે સરખાવી નથી શકાતો. જેઓ પર તેઓના ઉપકારો હંમેશા થતા રહ્યા હોય, તેઓ આલે મોહમ્મદ (અલય્હેમુસ્સલામ)ની બરાબર નથી થઈ શકતા. તેઓ દીનનો પાયો અને યકીન (આસ્થા)ના સ્તંભો છે. આગળ નિકળી જનારાઓએ તેઓ તરફ પાછા ફરવાનું છે. અને પાછળ રહી જનારાઓએ તેઓને આવીને મળવાનું છે. વિલાયતના હકની વિશિષ્ટતા એ જ લોકો માટે છે અને તેઓ જ માટે "પયગમ્બર"ની વસીયત અને તેઓ જ માટે (નબીનો) વારસો છે. હવે આ સમય એ છે કે હક તેના પાત્ર

તરફ પાછો ફર્યો અને તેના યોગ્ય સ્થાને આરૂઢ થયો (બિરાજમાન થયો).

* * * * *

# 3 – ખુત્બ-એ-શકશકિયાહ

ખુદાની કસમ ! અબૂ કહાફાના પુત્રે ખિલાફતનું પહેરણ તાણી ખેંચીને પહેરી લીધું, જો કે તે મારા વિશે સારી રીતે જાણતો હતો કે મારૂં ખિલાફતમાં એ જ સ્થાન છે જે ઘંટીમાં તેના મેખનું હોય છે. હું એ (ઊંચો પર્વત છું) જેના પરથી ઇલ્મના પૂરનું પાણી પસાર થઈ નીચે ઉતરે છે. અને મારી ઉચ્ચતા પાસે પક્ષી પર નથી મારી શકતું. (એ છતાં મેં ખિલાફતની આગળ પડદો લટકાવી દીધો. અને તેનાથી પાલવ છોડાવ્યો. અને વિચારવા લાગ્યો કે મારા કપાએલા હાથોથી હુમ્લો કરી દઉં ? અથવા આ ભયાનક અંધકાર પર ધીરજ ધરી લઉં, જેમાં પાકટ ઉમરનો બિલ્કુલ નિર્બળ અને બાળક બુઢો થઈ જાય છે. અને મોઅમિન તેના યત્નો પ્રયત્નો કરતો કરતો પોતાના પરવરદિગારની પાસે પહોંચી જાય છે. મને આ અંધકારમાં ધીરજ બુધ્ધિપૂર્વક લાગી એટલે મેં ધીરજ ધરી. જો કે આંખોમાં ( રજના કાંકરા) ખૂંચતા હતા. અને ગળામાં ( દુ:ખ-ગમનો) ફાંસો પડયો હતો. હું મારો વારસો લુંટાતો જોઈ રહ્યો હતો, ત્યાં સુધી કે પ્રથમ પોતાના અંજામને

પહોંચ્યો અને પોતા પછી ખિલાફત ફલાણાના હાથમાં આપી ગયો. (પછી હઝરતે દાખલા રૂપે અઅશાનો આ શેર પઢયો:)

" ક્યાં આ દિવસો જે ઊંટની કાઠી પર વીતે છે: અને ક્યાં એ દિવસો જે જાબિર ના ભાઈ હય્યાનના સંગાથમાં વીતતા હતા."

આશ્ચર્ય છે કે તે જીવનમાં તો ખિલાફતથી નિવૃત થવા માગતો હતો, પણ પોતાના મરવા પછી તેનો પાયો બીજા માટે ઠીક કરતો ગયો. બેશક આ બંનેએ ખિલાફતના સ્તનોને સારી પેઠે દોહ્યા છે. તેણે ખિલાફતને એક કઠણ અને કર્કશ ઠેકાણે રાખી દીધી. જેના ઘસરકા કારમા હતા, જેને અડવાથી પણ કર્કશતાનો ભાસ થતો હતો. જ્યાં વાત-વાત પર ઠોકરો ખાવી અને પછી ક્ષમા માંગવી પડતી હતી. જેનો એનાથી વાસ્તો પડે છે તે એવો છે, જેવો અડિયલ ઊંટણીનો સવાર, કે જો મેહાર (લગામ) ખેંચે છે તો તેની મોં જોરીથી તેના નાકથી વચ્ચેનો ભાગ કપાઈ જાય છે, જે પછી લગામ આપવી જ બેકાર થઈ જશે. અને જો લગામ ઢીલી છોડી દે તો તે તેની સાથે હલાક્તોમાં પડી જશે. એ જ કારણે

અલ્લાહની હંમેશાની કસમ ! લોકો અવળી ચાલ, માથા ભારે પણા, તુંડ મીજાઝી અને ભટકવામાં સપડાઈ ગયા. મેં આ લાંબાગાળા અને સખ્ત મુસીબત પર સબ્ર કરી, ત્યાં સુધી કે બીજો પણ પોતાના અંજામે પહોંચ્યો. અને ખિલાફતને એક ટોળામાં મર્યાદિત કરી ગયો. અને મને પણ આ ટોળાનો એક સભ્ય સમજવામાં આવ્યો. અય અલ્લાહ ! મારે આ શૂરા (પંચથી) શું લેવા દેવા ? તેઓમાંથી સૌથી પહેલાની સરખામણીમાં મારી યોગ્યતા, અધિકાર અને શ્રેષ્ઠતામાં ક્યારે શંકા હતી કે હવે મને પણ આ લોકોમાં ભેળવી દેવામાં આવ્યો ? પણ મેં તો એ રીત અપનાવી હતી કે જયારે તેઓ જમીનની પાસે રહીને ઉડવા લાગે તો હું પણ એમ કરવા લાગું, અને જયારે તેઓ ઊંચા થઈને ઉડવા લાગે તો હું પણ એવી રીતે ઉડયન કરૂં. (અર્થાત બને ત્યાં સુધી કોઈને કોઈ રીતે નિભાવ કરતો રહું) તેઓમાંથી એક જણ તો કપટ અને વેરના કારણે મારાથી વિમુખ થઈ ગયો હતો. અને બીજો જમાઈ હોવાના અને કેટલીક ન કહીએ તો સારૂં એવી વાતોના કારણે એ તરફ ઢળી ગયો. ત્યાં સુધી કે આ કૌમનો ત્રીજો

શખ્સ પેટ ફુલાવી ગોબર અને ચારાની વચમાં ઊભો રહ્યો. તેની સાથે તેના કુટુંબીઓ ઊભા થઈ ગયા જે અલ્લાહના માલને એવી રીતે હડપ કરતા હતા જેવી રીતે ઊંટ શિયાળુ પાકના ઘાસને ચરે છે. ત્યાં સુધી કે એ સમય આવી ગયો કે તેઓએ વણેલી રસ્સીના વળ ઉખડી ગયા અને તેઓના કુકર્મોએ તેઓનો સત્યનાશ વાળ્યો. અને ખાઉધરાપણાએ તેમને મોં ભેર (ઊંધા માથે) પછાડી દીધા.

એ સમયે લોકોના હજૂમે મને ભયભિત કરી દીધો. જે મારી તરફ દરેક બાજુથી ઝરખના પંજાઓની જેમ મારી આસપાસ ભેગા થઈ ગયા. અને ચારે બાજુથી મારા પર તૂટી પડયા. ત્યાં સુધી કે પરિસ્થિતિ એ થઈ કે હસન અને હુસૈન અલય્હિસ્સલામ પણ કચરાવા લાગ્યા. અને મારી ચાદરના બંને છેડા ફાટી ગયા હતા. તેઓ બધા મારી આસપાસ બકરીઓના ટોળાની જેમ ઘેરો ઘાલી બેઠા હતા. પણ એ છતા જયારે હું ખિલાફતના કામ માટે ઊભો થયો તો એક વર્ગે બયઅત તોડી નાખી અને બીજો વર્ગ દીનમાંથી નિકળી ગયો અને ત્રીજા વર્ગે તોફાન શરૂ કર્યું. જાણે તેઓએ અલ્લાહનો આ

હુકમ સાંભળ્યો જ નહોતો કે "આ આખેરતનું ઘર અમે એ લોકો માટે બનાવ્યું છે જેઓ દુનિયામાં ન (અસ્થાને) ઉચ્ચતા ચાહે છે ન ફસાદ ફેલાવે છે. અને સારૂં પરિણામ પરહેઝગારો માટે છે." હા, હા ખુદાની કસમ ! આ લોકોએ આ આયત સાંભળી અને યાદ કરી હતી પણ તેઓની નજરોમાં દુનિયાનું સૌંદર્ય વસી ગયું. તેના ઠાઠ માઠે તેઓને લોભાવી લીધા.

જુઓ, એ ઝાતની કસમ, જેણે બીજને ફોડયું અને પ્રાણવાન વસ્તુઓ જન્માવી, જો બયઅત કરવાવાળાઓની મૌજૂદગી અને મદદ કરવાવાળાઓના અસ્તિત્વથી મારા પર હુજ્જત તમામ ન થઈ ગઈ હોત અને પ્રતિજ્ઞા ન હોત જે અલ્લાહે આલિમોથી લીધી છે કે તેઓ ઝાલિમના અકરાંતિયાપણા અને મઝલૂમના ભૂખ્યા હોવા પર ચેન અને આરામથી ન બેસે, તો હું ખિલાફતની લગામ તેઓના જ ખભા પર નાખી દેત અને તેના આખરને એ જ પ્યાલાથી તૃપ્ત કરત, જે પ્યાલાથી તેના પ્રથમને તૃપ્ત કર્યો હતો અને તમારી દુનિયા મારી દ્રષ્ટિમાં બકરીની છીંકથી પણ વધારે મૂલ્યહીન છે.

લોકોનું કહેવું છે કે, જયારે હઝરત ખુત્બો પડતા પડતા આ સ્થળે પહોંચ્યા તો એક ઇરાકી રહેવાસી આગળ વધ્યો અને એક લેખિત પત્ર હઝરતની સામે ધર્યો. આપ તેને જોવા લાગ્યા. જયારે નવરા થયા તો ઇબ્ને અબ્બાસે કહ્યું કે અય અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ ! આપે જ્યાંથી ખુત્બો રોક્યો છે ત્યાંથી જ તેનું અનુસંધાન આગળ વધારો.

હઝરતે ફરમાવ્યું: અય ઇબ્ને અબ્બાસ ! આ તો એક શકશકા (ચાવેલા ગોશ્તનો એ નરમ લોચો જે ઊંટના મોંમાથી મસ્તી અને ઉછળવાના સમયે નિકળે છે) હતો જે ઊભરાઈને દબાઈ ગયો.

ઇબ્ને અબ્બાસ કહે છે કે મને કોઈ વાણી વિશે આટલો અફસોસ નથી થયો જેટલો આ વાણી વિશે એટલો થયો કે હઝરત ત્યાં સુધી ન પહોંચ્યા જ્યાં સુધી તેઓ પહોંચવા ચાહતા હતા.

* * * * *

# ૪ - લોકોને શિખામણ અને બોધપાઠ અને ગુમરાહીથી હિદાયત તરફ પાછા વાળવા.

અમારા લીધે તમે ( ગુમરાહીના) અંધકારમાં હિદાયતનો પ્રકાશ મેળવ્યો. અને ઉન્ન તિ (બુલંદી) અને પ્રગતિના શિખરો પર પગ મૂક્યા છે. અને અમારા કારણે અંધારી રાતોના તિમિરમાંથી ( હિદાયતની) સવારના અજવાળામાં આવી ગયા છો. એ કાન બહેરાં થઈ જાય જે પોકારનારની ચીખ પુકારને ન સાંભળી શકે, ભલા તેઓ મારી કમઝોર અને ધીમી અવાજને ક્યાંથી સાંભળી શકશે જે અલ્લાહ અને રસૂલની ઊંચી મોટી અવાજોને સાંભળવાથી બહેરાં રહી ચૂક્યા હોય !

એ દિલોને જ શાંતિ અને નિરાંત નસીબ થાય છે જેનાથી ખુદાના ડરની ધડકનો અલગ નથી થતી. હું તમારાથી સદા બહાના અને બેવફાઈના જ પરિણામની આશા રાખતો રહ્યો છું. અને ધોકો ખાધેલા લોકોના રંગ ઢંગની સાથે તમને પરખી લીધા છે. જો કે દીનની બુકાનીએ મને તમારાથી છુપાવી રાખ્યો. પરંતુ મારી નિય્યતની સચ્ચાઈ

અને શુધ્ધતાએ તમારી સૂરતો મને બતાવી દીધી હતી. હું ભટકાવનાર માર્ગો પર તમારા માટે હકના રસ્તે ઊભો હતો. જ્યાં તમે એક બીજાને મળતા મળાવતા હતા પણ કોઈ માર્ગ દેખાડનાર નહોતું. તમે કૂવા ખોદતા હતા પણ પાણી નહોતા કાઢી શકતા.

આજ મેં મારી આ ચૂપ જીભને, જેમાં ઘણી વક્તૃત્વ શક્તિ છે, બોલતી કરી છે. એ શખ્સના મતથી દૂર રહો જેણે મારાથી કિનારો કર્યો. જ્યારથી મને હક દેખાડવામાં આવ્યો છે મેં તેમાં કદી શંકા આશંકા નથી કરી, હઝરત મૂસા અલય્હિસ્સલામે પોતાના જીવ માટે કદી ભયની પરવા નથી કરી, બલ્કે જાહિલોના વર્ચસ્વ અને ગુમરાહીના ચડી બેસવાનો ડર હતો. ( એવી રીતે મારી અત્યાર સુધીની ચૂપકીદીને સમજવી જોઈએ) આ જ અમે અને તમે હક અને બાતિલના દોરાહા (બે રસ્તા) પર ઊભા છીએ. જેને પાણી મળવાનો ભરોસો છે તે પ્યાસ નથી અનુભવતો ( એવી રીતે મારી મૌજૂદગીમાં તમને મારી કદર નથી).

# ૫ - હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની વફાત સમયે અબ્બાસ અને અબૂ સુફીયાને આપની બયઅત કરવા ચાહી

અય લોકો! ટંટા ફસાદના મોજાઓને નજાતની કશ્તીથી ચીરીને પોતાને નિકાળી લઈ જાવ. ભેદભાવ અને કુસંપના માર્ગોથી પોતાનું રૂખ ફેરવી નાખો. અભિમાન અને આપવડાઈનો તાજ ઉતારી નાખો. (ખરો કર્મ - માર્ગ ગ્રહણ કરવામાં) સફળ એ છે જે ઊભો થાય તો સંપૂર્ણ શક્તિ સાથે ઊભો થાય અને નહીં તો (સત્તાની ખુરસી બીજા માટે છોડી દે અને એ રીતે ખુદાની ખિલકતને અરાજકતાથી) રાહતમાં રાખે. (આ સમયે ખિલાફત મેળવવા માટે ઉઠવું) તે એક એવું ડહોળું પાણી અને એવો કોળિયો છે જે ખાવાવાળાના ગળામાં ફસાઈને રહેશે. ફળોને તેના પાક્વા પહેલા ઉતારવાવાળો એવો છે, જેવો અયોગ્ય જમીનમાં ખેતી કરનારો. જો બોલું છું તો લોકો કહે છે કે આ દુનિયાની સલતનત પર મરી પડે છે.

અને જો ચૂપ રહું તો તે કહે છે કે મોતથી ડરી ગયો. અફસોસ ! આ વાત હવે કે જયારે હું દરેક રીતની ઊંચનીચ (ચડતી - પડતી) જોઈ ચૂકયો છું.

ખુદાની કસમ અબૂ તાલિબનો પૂત્ર મૌતથી એટલો હળેલો છે, જેટલો બાળક પણ તેની માના સ્તનોથી હળેલો નથી હોતો. અલબતા એક ગુપ્ત ઇલ્મ મારા દિલના ઊંડાણમાં વીંટળાએલું છે કે જો તેને પ્રગટ કરી દઉં તો તમે એવી રીતે થરથરવા લાગો જેવી રીતે ઊંડા કુવાઓમાં રસ્સીઓ ધ્રુજે અને થરથરે છે.

* * * * *

# ૬ - તલહા અને ઝૂબૈરની પાછળ ન પડવાની સલાહ આપી

*જયારે આપને એ મશ્વે રો આપવામાં આવ્યો કે આપ તલહા અને ઝૂબૈરની પાછળ ન પડો અને તેઓથી જંગ કરવાનું નક્કી ન કરો, તો આપે ફરમાવ્યું:*

ખુદાની કસમ, હું એ ઝરખ જેવો નહીં બનું. જે લગાતાર ખટખટાવા પર સૂતેલો બની જાય છે. ત્યાં સુધી કે તેને મેળવનાર (શિકારી) તેના સુધી પહોંચી જાય છે. અને તાક લગાવીને બેસવાવાળો તેના પર અચાનક કાબૂ પામી લે છે. બલ્કે હું તો હકની તરફ આગળ વધનારાઓ અને પડયો બોલ ઊંચકી લેનારા આજ્ઞાંકિત લોકોને લઈને તે ભૂલો અને શંકામાં પડનારાઓ પર લગાતાર વાર કરતો રહીશ ત્યાં સુધી કે મારા મરવાના દિવસો આવી જાય. ખુદાની કસમ ! જ્યારથી અલ્લાહે પોતાના રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને દુન્યાથી ઉપાડી લીધા. બીજાઓને મારા

પર સરસાઈ આપવામાં આવી અને મને મારા હકથી વંચિત રાખવામાં આવ્યો.

* * * * *

# ૭ - શયતાનની નિંદા

*જેમાં શયતાનના અનુયાયીઓની નિંદા કરવામાં આવી છે.*

તેઓએ પોતાના દરેક કામનો કર્તાધર્તા શયતાનને બનાવી રાખ્યો છે. અને તેણે તેઓને પોતાનું હથિયાર બનાવી રાખ્યું છે. તેણે તેઓની છાતીમાં ઈંડા મૂક્યા છે. અને બચ્ચા કાઢયા છે. અને તેઓના ખોળામાં એ બચ્ચા નાચે કૂદે છે. અને હવે એ શયતાન જુવે છે તો તેઓની આંખોથી અને બોલે છે તો તેઓની જીભોથી. તેણે તેઓને પાપોના માર્ગે નાખી દીધા છે. અને કુકર્મોને સજાવી તેઓની સામે રાખ્યા છે. જાણે તેણે તેઓને પોતાના કામમાં ભાગીદાર બનાવી લીધા હોય અને તેઓની જ ભાષામાં પોતાની જૂઠી વાણી સાથે બોલે છે.

* * * * *

# ૮ - ઝૂબેરના વિશે આપનો કિમતી ઇરશાદ

*આ વાણી ઝૂબેરના સંબંધમાં એ સમયે ફરમાવી જયારે કે સંજોગો આ પ્રકારના બયાનનો તકાદો રાખતા હતા.*

તે એવું જાહેર કરે છે કે, તેણે બયઅત હાથેથી કરી લીધી હતી, પણ દિલથી નહોતી કરી. ગમે તેમ તેણે બયઅતનો ઇકરાર કરી લીધો. પણ તેનું આ કહેવું કે તેના દિલમાં ફૂડ હતું તો તેને જોઈએ કે આ દાવા માટે કોઈ સ્પષ્ટ દલીલ રજૂ કરે. નહીંતર જે બયઅતથી વિમુખ થયો છે તેમાં પાછો ફરે.

* * * * *

# ૯ - જમલવાળાઓના ગુણોનો ઉલ્લેખ

*જેમાં પોતાના અમુક વિરોધીઓના લક્ષણ બતાવ્યા અને કદાચ આ જમલવાળાઓ છે.*

તેઓ વાદળોની જેમ ગર્જયા અને વીજળીની જેમ ચમક્યા પણ બંને વાતો છતાં બુજદિલી જ દેખાડી અને અમે જ્યાં સુધી દુશ્મન પર ત્રાટ નથી ગર્જતા નથી અને જયાં સુધી (અમલી રીતે) વરસી નથી લેતા શબ્દોના પૂર નથી વહાવતા.

* * * * *

# ૧૦ - શયતાન અથવા શયતાન જેવા વિશે

*જેનો હેતુ શયતાન છે અથવા શયતાની લક્ષણોવાળુ કોઈ ટોળું.*

શૈતાને પોતાનું ટોળું ભેગું કરી લીધું છે. અને પોતાના હયદળ અને પયદળને સમેટી લીધા છે. મારી સાથે અલબત્ત મારી દીર્ઘદ્રષ્ટિ છે. ન મેં પોતે (જાણી જોઈને) કદી પોતાને ધોકો આપ્યો અને ન મને ખરેખર કદી ધોકો થયો. ખુદાની કસમ ! હું તેઓ માટે એક એવો હોજ છલકાવીશ, જેનું પાણી કાઢનાર હું જ હોઈશ. તેઓ માટે ( હંમેશા માટે) નિકળવાનો ( અથવા નિકળીને) પાછા આવવાનો કોઈ અવકાશ જ નહીં રહે.

* * * * *

# ૧૧ - જમલના મેદાનમાં પોતાના ફરઝંદ મોહમ્મદ હનફીયાથી સંબંધિત

*જયારે જમલની જંગમા અલમ પોતાના ફરઝંદ મોહમ્મદ હનફીયાને આપ્યો, ત્યારે તેઓને ફરમાવ્યું:*

પર્વત પોતાની જગ્યાએથી હટી જાય પણ તમે તમારી જગ્યાએથી ન હટજો. પોતાના દાંતોને ભીંસી લેજો. પોતાના મસ્તકનો પ્યાલો અલ્લાહને અર્પણ કરી દેજો. પોતાના પગ જમીનમાં ખોડી દેજો. લશ્કરની આખરી સફો (હારો) પર નજર રાખજો અને (દુશ્મનોની વધારે સંખ્યા અને શક્તિથી) આંખો બંધ કરી લેજો. અને એ શ્રધ્ધા રાખજો કે સહાય ખુદાના તરફથી જ હોય છે.

* * * * *

# ૧૨ - જમલવાળાઓ પર વિજય સમયે સંબોધન

જયારે અલ્લાહ તઆલાએ આપને જમલવાળાઓ પર વિજય અપાવ્યો તો એ પ્રસંગે એક સહાબીએ આપને અરજ કરી કે મારો ફલાણો ભાઈ પણ જો અહીં મૌજૂદ હોત તો એ પણ જોત કે અલ્લાહે આપને દુશ્મનો પર કેવી સફળતા અને જીત અર્પણ કરી છે. તો હઝરતે ફરમાવ્યું:

" શું તારો ભાઈ આપણને દોસ્ત રાખે છે?" તેણે કહ્યું: હા, તો આપે ફરમાવ્યું: તે આપણી પાસે મૌજૂદ હતો. બલ્કે અમારા આ લશ્કરમાં એ લોકો પણ મૌજૂદ હતા જે હજી પુરૂષોની પીઠ અને ઔરતોના પેટમાં છે. ટૂંકમાં જ જમાનો તેમને જાહેર કરશે અને તેમનાથી ઈમાનને બળ મળશે.

* * * * *

# ૧૩ - બસરાવાળાઓની નિંદા

*જમલની જંગ પછી બસરાવાળાઓની ટીકામાં*

તમે એક સ્ત્રીના સૈનિક અને એક ચોપગાને તાબે હતા. તે ખોખાર્યો તો તમે “જી હજૂર” કહી આગળ વધ્યા અને તે ઘાયલ થયો તો તમે ભાગી નિકળ્યા. તમે હલ્કી કોટીના અને વચનભંગ કરનારાઓ છો. તમારા ધર્મનું જાહેર કંઈક અને અંતરમાં કંઈક છે. તમારી જમીનનું પાણી સુધ્ધાં ખારૂં છે. તમારામાં રહેનારો ગુનાહોની જાળમાં જકડાએલો છે. અને તમારામાંથી નિકળી જનારો પોતાના પરવરદિગારની રહેમતને પામનારો છે. તે (આવવાવાળું) દ્રશ્ય મારી આંખોમાં ફરી રહ્યું છે જયારે તમારી મસ્જિદ એટલી દેખાવડી હશે જેવી રીતે વહાણની છાતી. જયારે કે અલ્લાહે તમારા શહેર પર તેના ઉપરથી અને તેની નીચેથી અઝાબ મોકલી દીધો હશે. અને પુરૂં શહેર તેના રહેવાસીઓ સમેત ડુબી ચુકયું હશે

**એક બીજી રિવાયતમાં આમ છે :**

ખુદાની કસમ તમારૂં શહેર ડુબીને રહેશે. ત્યાં સુધી કે તેની મસ્જિદ વહાણના આગળના ભાગ જેવી અથવા છાતી ભેર બેઠેલા શાહમૃગ જેવી મને નજર આવે છે.

**અને બીજી રિવાયતમાં આ રીતે છે :**

જેવી રીતે પાણીના ઊંડાણમાં પક્ષીઓની છાતી.

**એક અન્ય રિવાયતમાં આ રીતે છે :**

તમારૂં શહેર અલ્લાહના બધા શહેરોની માટીના હિસાબે ગંદુ અને બદબૂદાર છે. આ ( સમંદરના) પાણીથી નઝદીક અને આસમાનના પાણીથી દૂર છે. બુરાઈના દસ ભાગોમાંથી નવ આમાં મળી આવે છે. જે એમાં આવી ગયો તે ગુનાહોમાં કૈદ છે. અને જે એમાંથી ચાલ્યો ગયો? ખુદાની ક્ષમા તેને જરૂર મળી. જાણે હું મારી નરી આંખે આ વસ્તીને જોઈ રહ્યો છું કે પૂરે તેને એટલું આવરી લીધું છે કે મસ્જિદના કાંગરાઓ સિવાય કંઈ દેખાતું નથી. અને તે એવા લાગે છે કે જાણે સમંદરના ઊંડા પાણીમાં પક્ષીઓના સીના.

* * * * *

# ૧૪ - બસરાવાળાઓની જ નિંદા

તમારી જમીન સમંદરના પાણીથી નિકટ અને આસમાનથી દૂર છે. તમારી બુધ્ધિ હલકી અને ડહાપણ જૂજ છે. તમે દરેક તીરંદાજનો નિશાનો, દરેક ભૂખ્યાનો કોળિયો અને દરેક શિકારીની જાળનો શિકાર છો.

* * * * *

# ૧૫ - હ. ઉસ્માનની જાગીરો પાછી આપવા સમયે

*હ. ઉસ્માને લીધેલી જાગીરો જયારે મુસલમાનોને પાછી આપી તો આપે ફરમાવ્યું:*

ખુદાની કસમ ! જો મને એવો માલ પણ ક્યાંય નજરે પડતો કે જે ઔરતોની મહેર અને કનીઝો ખરીદવા માટે વાપરવામાં આવ્યો છે તો તેને પણ પાછો લઈ લેત. કેમકે ન્યાયના તકાદા પૂરા કરવામાં વિશાળતા છે. અને જેને ન્યાયના રૂપમાં તંગી દેખાય તેને ઝુલ્મના રૂપમાં વધારે તંગી લાગશે.

* * * * *

# ૧૬ - મદીનાની બયઅત અને બયઅતના પ્રકાર બતાવ્યા

*જયારે મદીનામાં આપની બયઅત કરવામાં આવી તો ફરમાવ્યું:*

હું મારા વચનનો ઝિમ્મેદાર છું. અને તેની સચ્ચાઈનો જામિન છું. જે શખ્સને તેના ધડાની (નસીહતની) આંખોએ ગત કૌમની યાતનાઓ સ્પષ્ટ દેખાણી હોય તેને તકવા - પરહેઝગારી શંકાઓમાં આંધળા બની કૂદવાથી રોકે છે. તમારે જાણવું જોઈએ કે તમારા માટે એ જ કસોટીઓ પાછી ફરી છે, જે રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના આગમન ટાણે હતી.

એ ઝાતની કસમ જેણે રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને હક અને સદાકતની સાથે મોકલ્યા ! તમે બૂરી રીતે ઉપર તળે કરવામાં આવશો અને એવી રીતે છાંટવામાં આવશો, જેવી રીતે ચાળણામાંથી કોઈ વસ્તુને ચાળવામાં આવે છે. અને એવી રીતે ભેળસેળ કરવામાં આવશો જેવી રીતે ( ચમચાથી) હાંડી. ત્યાં સુધી કે તમારા

નાના, મોટા થઈ જશે ને મોટા, નાના. જે પાછળ હતા તે આગળ થઈ જશે અને જેઓ સદા આગળ રહેતા હતા, પાછળ ચાલ્યા જશે.

ખુદાની કસમ ! મેં કોઈ વાત છુપાવી નથી. ન કદી ખોટું બોલવાથી કામ લીધું છે. મને આ સ્થાન અને આ દિવસની પહેલેથી જ ખબર આપવામાં આવી ચૂકાઈ હતી. જાણવું જોઈએ કે ગુનાહ એ અડિયલ ટટ્ટું જેવા છે, જેના પર તેના સવારોને બેસાડી દેવામાં આવ્યા હોય અને તેની લગામો પણ ઉતારી નાખવામાં આવી હોય અને તે લઈ જઈને તેઓને દોઝખમાં કૂદી પડે. અને તકવા એ કેળવેલી સવારીઓ જેવી છે જેના પર તેના સવારોને ચડાવી દેવામાં આવ્યા હોય અને તેઓના હાથોમાં લગામો પણ આપી દેવામાં આવી હોય. અને તે તેઓને આરામથી જન્નાતમાં ઉતારી દે.

એક સત્ય હોય છે અને એક જૂઠ. અને અમૂક સત્યવાન હોય છે અને અમૂક જુઠવાળા. હવે જો જૂઠ વધારે થઈ ગયું, તો તે પહેલા પણ વધારે જ થતું રહ્યું છે. અને જો

સત્ય ઓછું થઈ ગયું છે તો ઘણી વાર એમ થતું રહ્યું છે અને ઘણું સંભવિત છે કે તે આના પછી જૂઠ પર (સત્ય) છવાઈ જાય. જો કે એવું જવલ્લે જ થાય છે કે કોઈ વસ્તુ પાછળ હટીને આગળ વધે.

**આ જ ખુત્બાનો એક ભાગ આ છે : જેમાં લોકોને ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યા છે.**

જેની દ્રષ્ટિ સમક્ષ દોઝખ અને જન્નાત હોય તેનું ધ્યાન બીજી તરફ નથી જઈ શકતું. જે ઝડપથી દોડવાવાળો છે તે નજાત પામેલ છે. અને જે તલબગાર હોય પણ ધીમી ચાલ હોય તેને પણ આશા હોઈ શકે છે. પણ જે (જાણી જોઈને) આળસ કરનારો હોય તેણે તો દોઝખમાં જ પડવાનું છે. આજુ બાજુ ભટક્વાના જ માર્ગો છે. અને દરમિયાનનો રસ્તો જ સીધો છે આ માર્ગ પર સદા રહેવાવાળી અલ્લાહની કિતાબ અને નબુવ્વતના અવશેષો છે. એનાથી જ શરીઅતનો આરંભ થયો અને અમલમાં આવી. (અને એની તરફ) અંતે પાછું ફરવાનું છે. જેણે જૂઠો દાવો કર્યો તે બરબાદ અને નાશ પામ્યો. અને જેણે જૂઠ ઘડયું, તે નાકામ અને નિષ્ફળ રહ્યો. જે

હકની સામે ઊભો થાય છે તે નાશ પામે છે અને ઇન્સાનની જેહાલત એનાથી વધીને શું હશે કે તે પોતાના માન મોભાને ન સમજે. એ મૂળ અને પાયો જે તકવા પર હોય તે બરબાદ નથી થતો અને તેના હોવા પછી કોઈ કૌમની (અમલની) ખેતી જળહીન અને શુષ્ક નથી રહેતી. તમે તમારા ઘરના ખૂણામાં છુપાઈને બેસી જાવ. આપસના ઝઘડાઓની પતાવટ કરો. તૌબા તમારી સામે છે. સ્તૂતિ કરનારો માત્ર પોતાના પાલનહારની સ્તૂતિ કરે, અને નિંદા કરવાવાળો પોતાના જ આત્માની નિંદા કરે છે.

* * * * *

# ૧૭ - સત્તાના આસને નાલાયકોના બેસવા વિશે

*એ લોકોના વિષયમાં જેઓ ઉમ્મત (લોકો)ના ફૈંસલા કરવા ન્યાયાસન પર બેસી જાય છે, જો કે તેઓ તેને લાયક નથી હોતા.*

બધા લોકોમાં સૌથી વધારે કોપ પાત્ર (અઝાબને લાયક) ખુદાની પાસે બે જણા છે, એક એ જેને ખુદાએ એના મનને આધીન કરી દીધો હોય, (અર્થાંત તેના કુકર્મોના કારણે તેની સદબુધ્ધિ આંચકી લીધી હોય) જે પછી તે સીધા માર્ગથી હટેલો, બિદઅત (નવી રસમો)નો રસીયો અને અવળા માર્ગની તબ્લીગ પર મિટનારો. અને પોતાના હિતેચ્છુઓ માટે આફત અને પૂર્વજોની હિદાયતથી વિમુખ છે. એ બધા એ લોકોને જેઓ તેના જીવનમાં અથવા તેના મૃત્યુ પછી તેનું અનુસરણ કરે, તેઓને ભટકાવનાર છે. તેણે બીજાઓના ગુનાહોનો બોજ ઉપાડેલ છે. ખુદ પોતાના ગુનાહોમાં જકડાએલ છે.

અને બીજો શખ્સ એ છે જેણે જહાલતની વાતોને અહીં તહીંથી એકઠી કરી લીધી છે. તે ઉમ્મતના જાહિલ

લોકોમાં દોડધૂપ કરતો રહે છે. અને ફિત્નાઓના અંધકારમાં ગાફિલ અને બેભાન પડયો રહે છે. અને અમન અને શાંતિના લાભોથી આંખ બંધ કરી લે છે. કેટલાક ઇન્સાની રંગરૂપમાં મળતા જડતા લોકોએ તેને આલિમનો લકબ આપી દીધો છે, જો કે તે આલિમ નથી. તે આવી (નકામી) વાતો એકઠી કરવા સવારના અંધારામાં નિકળી પડે છે. જેનું ઓછું તેના વધારે કરતા સારૂં છે. ત્યાં સુધી કે જયારે તે આ ગંદા પાણીથી તૃપ્ત થઈ જાય છે અને નિર્થક (નકામી) વાતોને ભેગી કરી લે છે તો લોકોમાં જજ બનીને બેસી જાય છે. અને બીજાઓ પર સંદેહ યુક્ત રહેવાવાળા પ્રશ્નોને ઉકેલવાનો ભાર ઉપાડી લે છે. જો કોઈ ગુંચવણભર્યો પ્રશ્ન તેની સામે રજુ થાય છે તો પોતાના મતથી તેના માટે ભરતીની પુરાણી દલીલો તૈયાર કરી લે છે અને પછી તેના પર ફેસલા પણ કરી લે છે. આમ તે સંદેહોની ગુંચવણોમાં એવો ફસાએલો છે, જેવી રીતે કરોળિયો પોતાની જ જાળની અંદર ફસાય છે. તે પોતે એ નથી જાણતો કે તેણે સાચો હુકમ આપ્યો છે કે ખોટો. જો સહી વાત કરી હશે તોય તેને એ વહેમ થાય છે કે ક્યાંક ખોટી ન હોય અને ખોટો જવાબ હોય તો તેને એ આશા રહે છે કદાચ

આ ખરૂં જ હશે. એ જેહાલતોમાં ભટકનારો જાહિલ અને પોતાની નજરના ધૂંધળાપણા સાથે અંધકારમાં ભટકવાવાળી સવારીઓ પર સવાર છે. ન તો તેણે ઇલ્મની હકીકતને પારખી છે, ન તેના તળિયા સુધી પહોંચ્યો છે. તે રિવાયતોને એવી રીતે અસ્તવ્યસ્ત કરે છે જેવી રીતે હવા સુકાએલા પાંદડાઓને.

ખુદાની કસમ ! તે આ પ્રશ્નોને ઉકેલવાને પાત્ર નથી, જે તેને પૂછવામાં આવે છે. અને ન એ પદવીને લાયક છે, જે તેને સોંપવામાં આવી છે. જે ચીજને એ નથી જાણતો તેને તે કોઈ વિશ્વાસપાત્ર ઇલ્મ જ નથી ગણતો અને જ્યાં સુધી તે પહોંચી શકે છે તેનાથી આગળ તે કંઈ સમજી જ નથી શકતો કે કોઈ બીજો પહોંચી શકે છે. અને જે વાત તેની સમજમાં નથી આવતી તેને ગળી જાય છે, કેમકે તે પોતાના અજ્ઞાનપણાને પોતે જાણે છે (નકામા વહાવેલા) રકત તેના અયોગ્ય ફેંસલાઓના કારણે ચીખી રહ્યા છે અને હક વગરના લોકોને પહોંચેલા વારસો પોકારી રહ્યા છે. અલ્લાહથી જ આવા લોકોની શિકાયત છે, જેઓ જેહાલતમાં જીવે છે અને ગુમરાહીમાં મરી જાય છે, તેઓમાં કુરઆનથી વધારે

મૂલ્યહીન કોઈ ચીજ નથી. જયારે કે તેને એવી રીતે રજૂ કરવામાં આવે જેવો કે તેને રજૂ કરવાનો હક છે. અને આ કુરઆનથી વધારે લાભદાયક અને કિમતી કોઈ ચીજ નથી એ સમયે કે જયારે તેની આયતોને અસ્થાને વાપરવામાં આવે. તેઓ સમક્ષ નેકીથી વધારે કોઈ બુરાઈ નથી અને બુરાઈથી વધીને કોઈ નેકી નથી.

# ૧૮ - ફતવામાં મતભેદ વિશે આલિમોની ટીકા અને કુરઆનની કેન્દ્રીયતા વિશે ઉલ્લેખ

*ફતવાઓમાં આલિમોના વિવિધ મતો હોવાની નિંદામાં ફરમાવ્યું.*

જયારે તેઓમાંથી કોઈ એકની સામે કોઈ મામલો ફેંસલા માટે રજૂ કરવામાં આવે છે તો તે પોતાના મત મુજબ તેનો હુકમ આપી દે છે. પછી એ જ મસઅલો એજ રૂપમાં બીજાની સામે રજૂ કરવામાં આવે છે તો તે એના પહેલા હુકમની વિરૂદ્ધ હુકમ આપે છે. પછી આ બધાય કાજી પોતાના એ ખલીફા પાસે ભેગા થાય છે જેમણે તેઓને કાજી બનાવ્યા છે તો તે એ બધાના મતોને સહી ઠરાવે છે, જયારે કે તેઓનો અલ્લાહ એક, નબી એક, અને કિતાબ એક છે. ( તેઓએ વિચારવું જોઈએ કે) શું અલ્લાહે તેઓને મતભેદનો હુકમ આપ્યો હતો. અને આ મતાંતર કરી તેનો હુકમ બજાવી લાવે છે. અથવા તેણે હકીકતમાં મતભેદની મના કરી છે. અને આ

મતમતાંતર કરી જાણી જોઈને તેની અવગણના કરવા માગે છે ! અથવા એ કે અલ્લાહે દીનને અધૂરો છોડી દીધો છે અને તેઓથી તેને પરિપૂર્ણ કરવાની ઇચ્છા રાખે છે અથવા એ કે તેઓ અલ્લાહના ભાગીદાર છે કે તેઓને આ હુકમોમાં દખલ કરવાનો હક છે. અને ખુદા પર જરૂરી હોય કે તે એના પર રાજી રહે. અથવા એ કે અલ્લાહે તો દીન સંપૂર્ણ ઉતાર્યો હતો પણ તેના રસૂલે તે પહોંચાડવા અને અદા કરવામાં ઉણપ રાખી હતી.

અલ્લાહે તો કુરઆનમાં આમ ફરમાવ્યું છે કે, અમે કિતાબમાં કોઈ ચીજને બયાન કરવામાં ખામી નથી રાખી અને તેમાં દરેક વસ્તુનું સ્પષ્ટ બયાન છે અને એમ પણ કહ્યું છે કે, કુરઆનના અમુક ભાગ અમુક ભાગોનું સમર્થન કરે છે. અને તેમાં કોઈ મતભેદ નથી. એટલે અલ્લાહનો ઇરશાદ છે કે જો આ કુરઆન અલ્લાહ સિવાય કોઈ અન્યએ મોકલ્યું હોત તો તમે તેમાં પૂરતા પ્રમાણમાં મતભેદ જોતે. અને એ કે તેનું પ્રગટ સુંદર અને અંતર (ગૃહ્ય) ઊંડું છે. ન તેના અજાયબો મિટવાવાળા છે. અને ન તેના બારિક બિંદુઓ ખતમ

થવાવાળા છે. અંધકાર ( અજ્ઞાનતા)ની પાંખો તેનાથી જ ભાંગવામાં આવે છે.

* * * * *

# ૧૯ - અશઅસ ઇબ્ને કૈસની ગદ્દારીનો ઝિક્ર

*હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ કૂફાના મિમ્બર પર ખુત્બો ઇરશાદ ફરમાવી રહ્યા હતા કે અશઅસ ઇબ્ને કૈસે આપના વક્તવ્ય પર વાંધો ઉઠાવતાં કહ્યું કે અય અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ, આ વાતો તો આપના હકમાં નથી બલ્કે આપની વિરૂદ્ધ જાય છે. તો હઝરતે તેની સામે ગુસ્સાથી જોયું અને ફરમાવ્યું:*

તને શું ખબર કે કઈ ચીજ મારા હકમાં છે અને કઈ ચીજ મારી વિરૂદ્ધ જાય છે. તારા પર અલ્લાહની અને બધા લાનત કરનારાની ફીટકાર અને લાનત થાય. તૂ વણકર (સાચી-ખોટી વાત ભેળવનાર)નો દીકરો છે. વણકર (સાચી-ખોટી વાત ભેળવનાર) અને કાફરની ગોદમાં મોટો થનારો મુનાફિક છે. તું એક વખત કાફરોના હાથોમાં અને એક વખત મુસલમાનોના હાથોમાં કૈદ થયો. પરંતુ તને તારો માલ અને કૂળ આ ફજેતીથી ન બચાવી શક્યા. અને જે શખ્સ પોતાની કૌમ પર તલવાર ચલાવી દે અને તેની તરફ મૌતને દાવત

અને નાશને બોલાવે તે એને જ લાયક છે કે નિકટના તેનાથી નફરત કરે અને દૂરવાળા તેનો વિશ્વાસ ન કરે.

* * * * *

# ૨૦ - ગફલતની ચેતવણી અને હક તરફ પરવરદિગારની દાવત

*જેમાં જાગૃત કરવામાં આવ્યા અને ખુદાની તરફ દોડી જવાની દાવત આપવામાં આવી.*

જે પરિસ્થિતિને તમારા મરનારાઓએ જોઈ છે, જો તમે પણ તેને જોઈ લેતે તો ગભરાઈ જાતે અને વિહ્વળ તથા વ્યાકુળ થઈ જાતે અને સત્યની વાત સાંભળવા અને તેના પર અમલ કરવા તૈયાર થઈ જાતે, પરંતુ તેઓએ જે કાંઈ જોયું છે તે હજી તમારાથી છુંપું છે. અને નજીક છે કે એ પરદો ઊંચકી લેવામાં આવે જો તમે દેખતી આંખ અને સાંભળતા કાન રાખતા હો, તો તમને દેખાડી ચુકાયું છે અને સંભળાવાઈ ચુકાયું છે. અને જો હિદાયત ચાહો છો તો હિદાયત તમને કરવામાં આવી ચૂકી છે.

હું સાચું કહુ છું કે ઇબ્રતો તમને ઊંચે અવાજે પૂકારી ચૂકી છે. અને ધમકાવવાવાળી ચીજોથી તમને ધમકાવવામાં આવી ચૂકાયું છે. આસમાની રસૂલો ( ફરિશ્તાઓ) પછી ઇન્સાન જ હોય છે જે તમારી સુધી અલ્લાહનો પયગામ

પહોંચાડે છે. (એવી જ રીતે મારી જીભથી જે હિદાયત થઈ રહી છે એ હકીકતમાં અલ્લાહનો પયગામ છે જે તમારા સુધી પહોંચી રહ્યો છે.)

* * * * *

# ૨૧ - મૌતની ભયાનકતા અને મૌતથી બોધ ગ્રહણ કરવો

તમારી નિશ્ચિત મંઝીલ તમારી સામે છે. મૌતની ઘડી તમારી પાછળ છે. જે તમને આગળ ધકેલી રહી છે. હળવા ફૂલ રહો જેથી આગળ વધનારાઓને આંબી શકો. કેમકે તમારા આગળનાઓને પાછળવાળાઓની વાટ જોવરાવવામાં આવી રહી છે. ( કે તેઓ પણ તેઓ સુધી પહોંચી જાય.)

* * * * *

# ૨૨ - અમુક લોકોએ આપની બયઅત તોડી તો આપે ફરમાવ્યું:

*જયારે આપને ખબર આપવામાં આવી કે અમુક લોકોએ આપની બયઅત તોડી નાખી છે.*

જાણી લેવું જોઈએ કે શયતાને પોતાના ટોળાને ઉશ્કેરવું શરૂ કરી દીધું છે. અને પોતાની ફોજો તૈયાર કરી લીધી છે. જેથી ઝુલ્મ તેની અંતિમ હદ સુધી અને જૂઠ તેના સ્થાને પાછું આવી જાય.

ખુદાની કસમ ! તેઓએ મારા પર કોઈ સાચો આરોપ નથી મૂક્યો. અને ન તેઓએ મારા અને તેઓ વચ્ચે ન્યાય કર્યો છે. તેઓ મારાથી એ હક માગી રહ્યા છે, જેને ખૂદ તેઓએ છોડી દીધો છે. અને એ ખૂનનો બદલો માગે છે જેને તેઓએ પોતે વહાવ્યું છે. હવે જો હું તેમાં એ લોકોનો ભાગીદાર હતો તો તેમાં એ લોકોનો પણ એક ભાગ હતો જો તેઓએ જ એ કર્યું છે અને મેં નહી તો તેની સઝા પણ

તેઓએ જ ભોગવવી જોઈએ. જે મોટામાં મોટી દલીલ તેઓ મારી સામે પેશ કરશે તે તેઓની જ વિરૂદ્ધ જશે.

તેઓ એ માનું દૂધ પીવા માંગે છે, જેનું દૂધ સુકાઈ ચુકયું છે. અને મરેલી રસમને ફરીથી જીવતી કરવા માંગે છે. ઓહ, આ જંગ માટે આહવાન આપનારો કેટલો હતભાગી છે. એ છે કોણ જે લલકારવાવાળો છે? અને ક્યા આશય માટે તેની વાત સાંભળવામાં આવે છે. અને હું તો એ વાતથી ખુશ છું કે તેના પર અલ્લાહની હુજ્જત તમામ થઈ ચૂકી છે. અને દરેક વસ્તુ તેની જાણમાં છે.

જો તેઓએ આજ્ઞા પાલનનો ઇન્કાર કર્યો તો હું તલવારની વાડ તેઓની સામે રાખી દઈશ, જે બાતિલથી બચાવવા અને હકની મદદ કરવા માટે પૂરતી છે. આશ્ચર્ય છે કે તેઓ મને એ સંદેશ મોકલાવે છે હું ભાલા બાજી માટે મયદાનમાં ઉતરી પડું અને તલવારોની લડાઈ માટે અડગ રહેવા તૈયાર રહું, રોવાવાળીઓ તેઓના ગમમાં રડે, હું તો

સદા એવો રહ્યો છું કે જંગથી મને ધમકાવી નથી શકાયો અને તલવાર બાજીથી મને ડરાવી નથી શકાયો અને હું પોતાના પાલનહારથી યકીનના દરજ્જે આરૂઢ છું અને પોતાના દીનના સાચા હોવા વિશે મને કોઈ શંકા નથી.

* * * * *

# ૨૩ - ફકીરોને ઝોહદ અને મૂડીપતિઓને કૃપાની સુચના

જાણી લ્યો દરેક વ્યક્તિના ભાગ્યમાં જે કંઈ ઓછા વત્તુ (ઓછુ-વધુ) હોય છે તેને લઈને પ્રારબ્ધના ફરિશ્તાઓ આસમાનથી જમીન પર એવી રીતે ઉતરે છે, જેવી રીતે વરસાદના છાંટા. એટલે જો કોઈ શખ્સ પોતાના ભાઈની પાસે અવલાદ, માલ અથવા વૈભવમાં પુષ્કળતા અથવા વિશાળતા જુએ તો એ વાત તેના દિલ માટે દુ:ખનું કારણ ન બને.

જ્યાં સુધી કોઈ મુસલમાન પુરૂષ કોઈ એવું અધમ કાર્ય આચરતો નથી, કે જે જાહેર થઈ જાય તો તેણે આંખો નીચી કરવી પડે અને જેનાથી હલકટ લોકોના હોંસલા વધે, તે એવા સફળ જુગારી જેવો છે, જે જુગારના તીરોનો પાસો ફેંકી પહેલા જ દાવે એવી જીતનો અભિલાષી હોય છે, જેનાથી તેને ફાયદો પહોંચે, અને પહેલા નૂકસાન ભોગવી પણ ચૂક્યો છે, તે દૂર થઈ જાય. એવી જ રીતે એ મુસલમાન જે કપટથી પાક દામન હોય તે બે સારપોમાંથી ( સારી બાબતોમાંથી) એકની પ્રતિક્ષા રાખે છે કાં તો અલ્લાહના તરફથી બોલાવો

આવી જાય તો એ રૂપમાં અલ્લાહને ત્યાંની નેઅમતો આ દુનિયા કરતા વધારે સારી છે અથવા અલ્લાહ તઆલાની તરફથી દુનિયાની નેઅમતો મળી જાય તો એ સંજોગમાં તેની પાસે માલ પણ હશે અને અવલાદ પણ અને પછી તેનો દીન અને ઇઝઝત સલામત રહેશે.

બેશક માલ અને અવલાદ દુનિયાની ખેતી છે અને નેક કાર્યો આખેરતની ખેતી છે અને અમુક લોકો માટે અલ્લાહ આ બંને વસ્તુઓ એકઠી કરી દે છે.

જેટલા અલ્લાહે ડરાવ્યા છે એટલા તેનાથી ડરતા રહો. અને એટલો તેનો ખોફ ખાવ કે તમારે બહાનું ન બનાવવું પડે. અમલ કોઈ પણ આડંબર વગર કરો એટલા માટે કે જે શખ્સ કોઈ અન્ય માટે અમલ કરે છે અલ્લાહ તેને તેના જ હવાલે કરી દે છે. અમે અલ્લાહથી શહીદોનું સ્થાન, નેકો (નેક લોકો)નો સહવાસ અને નબીઓની દોસ્તી માગીએ છીએ.

અય લોકો ! કોઈ પણ શખ્સ ગમે તેટલો માલદાર કેમ ન થઈ જાય તે પોતાના કુટુંબીઓના અને પોતાની જીભ

અને હાથથી તેઓની હિમાયત કરવાથી બેપરવા નથી થઈ શકતો. અને એ જ લોકો સૌથી વધારે તેના રક્ષકો અને ચિંતા દૂર કરનારા છે અને સંકટો પડવાના સંજોગોમાં તેના પર મહેરબાન અને હમદર્દ હોય છે. અલ્લાહ જે શખ્સની સાચી શુભનામી લોકોમાં બાકી રાખે તો તે એ માલથી ક્યાંયે ઉત્તમ છે, જેને તે બીજાઓને વારસામાં આપી જાય છે.

**આ જ ખુત્બાનો એક ભાગ આ છે :**

જુઓ, તમારામાંથી કોઈ શખ્સ પોતાના આપ્તજનોને દુ:ખમાં અને ભૂખમાં ભાળે તો તેઓની જરૂરતોને એ સહાયતાથી ટાળવામાં ઢીલ ન કરે, જેને રોકવાથી એ કંઈ વધી નહીં જાય અને વાપરવાથી તેમાં કંઈ ઘટાડો નહીં થાય. જો કોઈ શખ્સ પોતાના કુટુંબીઓની સહાયથી હાથ રોકી લે છે, તો તે એક હાથ રોકાય છે. પણ ખપ પડતા ઘણા હાથો તેની મદદ કરવાથી રોકાઈ જાય છે. જે શખ્સ નરમ સ્વભાવનો હોય તે પોતાની કૌમની મોહબ્બત હંમેશા બાકી રાખી શકે છે.

* * * * *

# ૨૪ - ખુદાની ફરમાબરદારી તરફ દાવત

મને મારા જીવનની કસમ! હું હકની વિરૂદ્ધ ચાલવાવાળા અને ગુમરાહીમાં ભટકનારાથી જંગમાં કોઈ પણ જાતની છૂટ છાટ કે આળસ નહીં કરૂં. અલ્લાહના બંદાઓ, અલ્લાહથી ડરો, અને તેના ગઝબથી ભાગી તેની દયાના પાલવમાં આશરો લ્યો. અલ્લાહે બતાવેલ માર્ગ પર ચાલો. અને તેણે આપેલા હુકમો બજાવી લાવો. (જો આમ થાય તો) અલી અલય્હિસ્સલામ તમારી આખેરતની નજાતના જામિન છે. ભલે દુનિયામાં તમને સફળતા ન પણ મળે.

* * * * *

# ૨૫ - બસર બિન અબી અરતાહના ઝુલ્મોથી કંટાળી પાછા આવનાર સહાબીઓને સંબોધન

જયારે હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામને ઉપરા ઉપરી એ સમાચાર મળ્યા કે મુઆવિયાના સાથીઓ (આપના તાબાના) શહેરો પર કબ્જો જમાવી રહ્યા છે અને યમનના ગવર્નર ઉબયદુલ્લાહ ઇબ્ને અબ્બાસ અને સરસેનાપતિ સઈદ ઇબ્ને નમરાન, બુસર ઇબ્ને અબી અરતાતના ઝુલ્મથી પરેશાન થઈ હઝરત પાસે પાછા ફર્યા તો આપે સાથીઓની જેહાદમાં સુસ્તી અને મતની અવગણનાથી હતાશ થઈ મિમ્બર તરફ વધ્યા અને ફરમાવ્યું:

આ પરિસ્થિતિ છે આ કૂફાની, જેની વ્યવસ્થા મારા હાથમાં છે. (એ કૂફાના શહેર) જો તારી પરિસ્થિતિ આમ જ રહી અને આમ જ તારા પર આંધીઓ ચાલતી રહી, તો ખુદા તારો નાશ કરે. (પછી આપે શાઈરનો આ શેર દાખલા રૂપે રજૂ કર્યો)

અય ઉમરૂ ! તારા સારા બાપની કસમ, મને તો આ વાસણમાંથી માત્ર તળિયે ચોંટેલી ચીકણાઈ જ મળી છે (જે

વાસણ ખાલી થવા પછી વાસણમાં ચોંટી રહે છે.) મને એ ખબર આપવામાં આવી છે કે બુસર યમન પર છવાઈ ગયો છે. ખુદાની કસમ, હવે હું એ લોકો વિશે એમ વિચારવા લાગ્યો છું કે તેઓ ટૂંક સમયમાં જ સત્તા અને રાજ્ય તમારી પાસેથી આંચકી લેશે, એટલા માટે કે તેઓ જૂઠ (ના કેન્દ્ર) પર એકઠા અને સંગઠિત છે અને તમે તમારા સાચા ( કેન્દ્ર)થી વિપરીત અને વેરવિખેર છો. તમે હકના કાર્યમાં તમારા ઈમામના નાફરમાન અને તેઓ જૂઠમાં પણ પોતાના ઇમામના તાબેદાર અને આજ્ઞાપાલક છે. તેઓ પોતાના સાથી (મુઆવિયા) સાથે પ્રમાણિકપણે ફરજ પૂરી કરે છે. અને તમે અપ્રમાણિક્તા કરવાથી ચૂક્તા નથી. તેઓ પોતાના શહેરોમાં અમન જાળવી રાખે છે અને તમે ઉહાપોહ ઊભો કરો છો.

હું જો તમારામાંથી કોઈને લાકડીના એક પ્યાલાનો અમીન બનાવું તો ડર રહે છે કે ક્યાંક તેનો હાથો જ તોડી લઈ જશે. અય અલ્લાહ ! તેઓ મારાથી કંટાળી ગયા છે અને હું તેઓથી. તેઓ મારાથી તંગ દિલ થઈ ગયા છે અને હું તેઓથી, મને તેઓના બદલામાં સારા માણસો આપ અને મારા બદલે તેઓને કોઈ ખરાબ હાકિમ દે. ખુદાયા ! તેઓના

દિલોને એવી રીતે પોતાના ક્રોધમાં પિગળાવી દે જેવી રીતે મીઠાને પાણીમાં ઘોળી દેવામાં આવે છે. ખુદાની કસમ ! હું એ વાતને પસંદ કરૂં છું કે આ બધાને બદલે બની ફરાશ ઇબ્ને ગનમના માત્ર એક હજાર જ સવાર મળી જાય, એવા કે (કવિએ તેના ગુણ આ રીતે ગાયા છે) જો તમે તેને કોઈ પ્રસંગે પુકારો તો તમારી પાસે એવા સવાર પહોંચશે જે તેજ ચાલવામાં ગરમીના વાદળા જેવા હોય. (ત્યાર પછી હઝરત મિમ્બરની નીચે ઉતરી આવ્યા)

* * * * *

# ૨૬ - બેઅસત પહેલાના અરબોની સ્થિતિનો ઉલ્લેખ

*જેમાં પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની પહેલા અરબોની સ્થિતિ અને પછી પોતાની બયઅત પહેલાના હાલાતનો ઝિક્ર કરવામાં આવ્યો છે.*

અલ્લાહ તબારક વ તઆલાએ મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને સમસ્ત વિશ્વને ( તેઓના કુકર્મોથી) ડરાવવાવાળા અને પોતાની વહીના અમાનતદાર બનાવી મોકલ્યા, એ સમયે મોકલ્યા જયારે તમે અય અરબના લોકો ! સૌથી ખરાબ દીન પર અને સૌથી બદતર ઘરોમાં હતા, કર્કશ પત્થરો અને ઝેરી સર્પોમાં વસતા હતા. મૂર્તિઓ તમારી વચ્ચે ખોડાએલી હતી અને ગુનાહો તમને વળગેલા હતા.

**બયઅતના સમયે :**

મેં નજર ઊંચી કરીને જોયું તો મને મારી એહલેબૈત સિવાય કોઈ મારા સહાયક અને મદદગાર ન દેખાણા. મેં તેઓને મૌતના મોંમાં નાખવાથી દૂર રહ્યો. આંખોમાં કાંકરા ખૂંચતા હતા પણ મેં આંખ મિચામણા કર્યાં. ગળામાં ફાંસા હતા પણ મેં ક્રોધના ઘુંટડા પી લીધા. અને ગળુ પકડાઈ જવા છતાં ઈન્દ્રજવ (એક કડવાશ) થી વધારે કડવા સંજોગો પર ધીરજ ધરી.

યાદ રાખો ! અમ્ર ઇબ્ને આસે ત્યાં સુધી મુઆવિયાની બયઅત ન કરી, જયાં સુધી બયઅતની કિંમત નક્કી ન કરી લીધી. ખુદાએ ચાહ્યું તો બયઅત કરવાવાળાઓના હાથે વિજય અને સફળતા નસીબ નહીં થાય અને બયઅત લેવાવાળાને માત્ર બદનામી અને હડધૂતતા જ પ્રાપ્ત જશે. (લ્યો હવે સમય પાકી ગયો કે) તમે લડવા તૈયાર થઈ જાવ અને તેના માટે શસ્ત્ર સરંજામ એકઠો કરો. તેના ભડકા સળગી ઉઠયા છે. અને જવાળાઓ ઊંચી થઈ રહી છે. અને ધીરજના વસ્ત્રો પહેરી લ્યો કે તેનાથી મદદ અને સફળતા મળવાની વધારે શક્યતા છે.

* * * * *

# ૨૭ - અંબાર પર મોઆવિયાના લશ્કરનો હુમલો કરવા પછી સંબોધન

*જયારે આપને ખબર મળી કે મુઆવિયાના લશ્કરે અંબાર પર હુમલો કરી દીધો છે. આ ખુત્બામાં જેહાદની તારીફ કરી લોકોને જંગ કરવા ઉશ્કેર્યા છે અને પોતાની જંગની મહારતનો ઉલ્લેખ કરી નાફરમાનીની જવાબદારી લશ્કરવાળાઓ પર નાખી છે.*

જેહાદ જન્નાતના દરવાજાઓમાંથી એક દરવાજો છે. જેને અલ્લાહે પોતાના ખાસ દોસ્તો માટે ખોલ્યો છે. આ પરહેઝગારીના વસ્ત્રો, અલ્લાહનું અતૂટ બખ્તર અને મજબૂત ઢાલ છે. જે કોઈ તેને પાલવ બચાવી છોડી દે છે, ખુદા તેને નામોશી અને અપકીર્તિના વસ્ત્રો પહેરાવી સંકટ મુસીબતની ચાદર ઓઢાડી દે છે. અને હીણપત તથા રૂસ્વાઈની સાથે ઠુકરાવી દેવામાં આવે છે. અને મૂર્છા તથા બેભાનીનો પરદો તેના દિલ પર છવાઈ જાય છે. અને જેહાદને છોડવા અને બરબાદ કરવાથી હક તેના હાથમાંથી લઈ લેવામાં આવે છે.

અધોગતિ સહન કરવી પડે છે. અને ન્યાય તેનાથી રોકી લેવામાં આવે છે.

મેં આ કોમથી લડવા માટે રાત્રે પણ અને દિવસે પણ, છડે ચોક અને ગુપ્ત રીતે પણ તમને પોકાર્યા અને લલકાર્યા અને તમને કહ્યું કે તેઓ જંગ કરવા આગળ વધે એ પહેલા તમે તેના પર આક્રમણ કરી દયો.

ખુદાની કસમ ! જે લોકો પર તેઓના ઘરોની હદોમાં જ હુમ્લો થઈ જાય છે તે ફજેત અને અપમાનિત થાય છે. પરંતુ તમે ટાળમટોળ કરી અને સુસ્તી દેખાડી અને એકબીજાની મદદથી દામન છોડાવવા લાગ્યા. ત્યાં સુધી કે તમારા પર લગાતાર આક્રમણ શરૂ થઈ ગયા અને તમારા શહેરો પર જબરદસ્તીથી કબ્જો કરી લેવામાં આવ્યો.

આ બની ગામિદના માણસો (સુફયાન ઇબ્ને ઓફ)ને જ જોઈ લ્યો કે તેની ફોજના સવારો (શહેર) અંબારની અંદર પહોંચી ગયા. અને હસ્સાન ઇબ્ને હસ્સાન બકરીને મારી નાખ્યો. અને તમારા રક્ષક સવારોને સરહદથી હટાવી દીધા. અને મને તો એ ખબર પણ મળી છે કે એ જમાતનો એક

આદમી મુસલમાન અને ઝિમ્મી સ્ત્રીઓના ઘરોમાં ઘૂસી જાતો હતો અને તેમના પગના કડાઓ, હાથની બંગડીઓ, હાર અને કાનની રીંગો ઉતારી લેતો હતો. અને તેઓ પાસે તેઓના રક્ષણનો કોઈ રસ્તો નજર નહોતો આવતો એ સિવાય કે “ઇન્ના લિલ્લાહે વ ઇન્ના એલય્હે રાજેઊન” કહે અને ધીરજથી કામ લે અથવા ખુશામદ કરી તેનાથી દયાની ભીખ માગે. તેઓ માલ સમેટી પાછા ચાલ્યા ગયા. ન કોઈને ઘા લાગ્યો ન કોઈનું લોહી વહ્યું.

હવે જો કોઈ મુસલમાન આ બનાવો પછી શોક અને આઘાતથી મરી જાય તો તેની ટીકા નથી થઈ શકતી. બલ્કે મારી ગણત્રી મુજબ એમ જ થવું જોઈએ.

આશ્ચર્ય છે ! આશ્ચર્ય છે ! ખુદાની કસમ એ લોકોનું જૂઠ પર એક થઈ જવું અને તમારી જમાતનું હકથી વેરવિખેર થઈ જવું દિલને મારી નાખે છે, અને શોક અને દુ:ખ વધારી દે છે. તમારૂં બુરૂં થાય, તમે ખેદ અને સંતાપમાં બળતા રહો. તમે તો પોતે તીરોના નિશાન બની ગયા છો. તમને હલાક અને તારાજ કરવામાં આવી રહ્યા છે, પણ તમારા

પગો આક્રમણ માટે ઉઠતા નથી. તેઓ તમારી સાથે લડી, ઝઘડી રહ્યા છે. અને તમે જંગથી જીવ બચાવો છો. અલ્લાહની નાફરમાનીઓ થઈ રહી છે અને તમે આ પરિસ્થિતિ પર રાજી છો.

જો ગરમીઓમાં તમને તેઓ તરફ આગળ વધવાનું કહું છું તો તમે કહો છો કે આ અતિશય સખ્ત ગરમીનો જમાનો છે. એટલી મોહલત આપો કે ગરમીનું જોર તૂટી જાય. જો શરદીઓમાં ચાલવા માટે કહું છું તો તમે કહો છો કે કડક શરદી (ઠંડી) પડી રહી છે એટલું રોકાઈ જાવ કે શરદીની મોસમ નિકળી જાય. આ બધા જંગથી ભાગવાના બહાના છે. જયારે તમે શરદી (ઠંડી) અને ગરમીથી આ રીતે ભાગો છો, તો પછી ખુદાની કસમ, તમે તલવારોને જોઈને આથી વધારે ભાગશો.

અય પુરૂષોના રંગ રૂપવાળા નામરદો ! તમારી બુધ્ધિ બાલિશ (બાળક જેવી) અને તમારી સમજ ખૂણે બેઠેલી સ્ત્રીઓ જેવી છે ! હું તો એ જ ઇચ્છતો હતો કે ન તમને જોતે અને ન તમારાથી ઓળખાણ થાતે. એવી ઓળખાણ જે

શરમીંદગીનું કારણ અને શોક અને આઘાતનું કારણ બનેલ છે. અલ્લાહ તમારો નાશ કરે, તમે મારા દિલને પરૂથી ભરી દીધું છે. અને મારી છાતીને ક્રોધ અને કોપથી છલકાવી દીધી છે. તમે મને રંજ અને શોકના ઘૂંટડા ઉપરા ઉપરી પીવરાવ્યા. નાફરમાની કરી મારી યોજના અને મતને બરબાદ કર્યો. ત્યાં સુધી કે કુરૈશ કહેવા લાગ્યા કે અલી છે તો શુરવીર પુરૂષ પણ યુધ્ધના દાવપેચથી જાણકાર નથી.

અલ્લાહ તેઓનું ભલું કરે, શું તેઓમાંથી કોઈ છે જે મારાથી વધારે જંગની રીતો જાણતો હોય? અને સમરાંગણ (રણ ક્ષેત્ર) માં મારાથી પહેલે ભગીરથ (મહા મુશ્કેલ) કામ કરી ચૂકયો હોય ? હું તો હજી વીસ વરસનો ન હતો કે જંગ માટે ઊભો થઈ ગયો અને હવે તો સાઈઠથી પણ ઉપરનો થઈ ગયો છું. પણ એનો અભિપ્રાય જ શું જેની વાત માનવામાં ન આવે ?

* * * * *

# ૨૮ - દુનિયાની અસ્થિરતા અને આખેરતના ભાથાનું મહત્વ

જાણી લ્યો, કે દુનિયાએ પીઠ ફેરવી લીધી છે. પોતાની વિદાયનું એલાન કરી દીધું છે. અને આખેરતની મંઝિલે સામે આવી પોતાના આગમનથી પરિચિત કરી દીધા છે. આજનો દિવસ તૈયારીનો છે અને કાલે દોડવાનો હશે. જેના તરફ આગળ વધવું છે એ તો જન્ન ત છે, અને જ્યાં અમુક માણસો (પોતાના કુકર્મોના કારણે સહસા) પહોંચી જશે એ દોઝખ છે. શું મૌત આવવા પહેલા પોતાના ગુનાહોની તૌબા કરનારૂં કોઈ નથી? અને શું એ સંકટનો સમય આવવા પહેલા (નેક) કામ કરનારો એક પણ નથી?

યાદ રાખો, આજે તમે આશાઓના યુગમાં છો. જેની પાછળ મૃત્યુનો કાળ છે, એટલે જે મૃત્યુની પહેલા આ આશાઓના દિવસોમાં કર્મ કરી લે છે, તો આ કર્મો તેના માટે ફાયદામંદ સાબિત થાય છે. અને મૌત તેનું કંઈ બગાડી નથી શકતી. અને જે શખ્સ મૃત્યુની પહેલા આશા અભિલાષાઓના

યુગમાં ઢીલ કરે છે, તો તે અમલના હિસાબે ઘાટામાં રહે છે અને મૌત તેના માટે નૂક્સાનીનો સંદેશો લઈને આવે છે.

એટલે જેમ તમે અણગમતા સંજોગોનો સંદેહ હોય ત્યારે નેક આમાલમાં ગુંથાઈ જાવ છો એવી જ રીતે એવે સમયે પણ સારા કામ કરો જયારે ભાવિ ઉજવળ અને આનંદદાયક અનુભવી રહ્યા હો. મને જન્ન ત જ એવી ચીજ દેખાય છે જેનો ચાહનારો સૂતો પડયો હોય અને જહન્નદમ જ એવી ચીજ દેખાય છે જેનાથી દૂર ભાગનારો ગફલતની નીંદમાં રત (લીન) હોય. જે હકથી ફાયદો નથી ઉપાડતો તેણે બાતિલથી નૂકસાન અને ઘાટો ઉઠાવવો પડશે. જેને હિદાયત અડગ ન રાખે તેને ગુમરાહી નાશના માર્ગે લઈ જશે. તમને કૂચનો હુકમ મળી ચૂક્યો છે. અને વાટ ખર્ચીનું ભાન કરાવાઈ ચૂક્યું છે. મને તમારા સંબંધમાં સૌથી વધારે બે વાતોનો ડર છે. એક ઇચ્છાઓની પયરવી અને આકાંક્ષાઓનો વિસ્તાર. આ દુનિયામાં રહીને તેનાથી એટલું ભાતું લઈ લો જેટલું કાલે તમારી જાતને બચાવી શકો.

* * * * *

# ૨૯ - ઝેહાક બિન કૈસના હુમલા પછી લોકોને જેહાદ માટે ઉત્તેજિત કરવા માટે સંબોધન

*જયારે લવાદ પછી મુઆવિયાના સિપાહી ઝેહાક બિન કૈસે હાજીઓના કાફલા પર હુમ્લો કરી દીધો અને હઝરતને તેની ખબર આપવામાં આવી તો આપે લોકોને જેહાદ માટે ઉત્સાહિત કરવા માટે ફરમાવ્યું:*

અય એ લોકો, જેના જીસ્મો તો એકઠા છે અને ઇચ્છાઓ અલગ અલગ. તમારી વાતો તો પાષાણ પત્થરોને પણ નરમ કરી દે છે અને તમારા કાર્યો એવા છે દુશ્મનોને તમારા પર દાંત ભીંસવાની તક આપે છે. પોતાની બેઠકોમાં તો તમે કહેતા ફરો છો કે આ કરી દેશું અને તેમ કરી નાખશું. પણ જયારે યુધ્ધ છેડાઈ જાય છે તો તેનાથી તમે પનાહ માગો છો. જે તમને મદદ માટે પોકારે એની સાદ બેકાર. અને જેનો તમારી જેવા લોકોથી પનારો પડે તેઓનું દિલ સદા ચિંતાતૂર. તમારા પાસે માત્ર ખોટા જુઠા દાવાઓ અને બહાના છે અને મારાથી જંગમાં ઢીલ કરવાની ઇચ્છાઓ છે.

જેવી રીતે નાદાર કરજદાર પોતાના લેણદારને ટાળવાના પ્રયત્નો કરે છે.

યાદ રાખો ! હડધૂત આદમી અપકીર્તિ ભરી ઝયાદતીઓની રોકથામ નથી કરી શકતો. અને હક વગર પ્રયાસે નથી સાંપડતો. તમે જયારે પોતાના ઘરને બચાવી નથી શકતા તો પછી ક્યું ઘર છે જેનું રક્ષણ કરશો? અને મારી પછી ક્યા ઇમામ સાથે મળીને જેહાદ કરશો?

ખુદાની કસમ, જેને તમે ધોકો આપ્યો હોય તેના ધોકો ખાધેલા હોવામાં કોઈ શક નથી. અને જેને તમારી જેવા લોકો મળે તેના ભાગમાં ફોગટ તીર આવે છે. અને જેણે તમારી મારફત તીર દુશ્મનો પર ફેંક્યા હોય તેણે જાણે એવા તીર ફેંક્યા છે જેની અણી તૂટી ગએલી છે. અને તીર પણ તૂટેલું હોય.

ખુદાની કસમ ! મારી પરિસ્થિતિ તો હવે એવી છે કે ન તો હું તમારી કોઈ વાતનું સમર્થન કરી શકું છું. ન તમારા સહાયની મને આશા રહી છે. અને ન તમારા દ્વારા દુશ્મનને જંગની ધમકી આપી શકું છું. તમને શું થઈ ગયું છે ! તમારો રોગ શું છે? અને તેનો ઇલાજ શું છે? એ કૌમ (શામવાળા)

પણ તો તમારા જેવા રંગ રૂપ વાળા છે, શું વાતોના વડા જ કર્યા કરશો? જાણ્યા બુજ્યા વગર માત્ર અભાનતા અને મદહોશી છે. તકવા અને પરહેઝગારી વગર ( તરક્કીની) લાલસા અને લાલસા જ છે. પણ તદ્દન (બેકાર) નાહક.

* * * * *

# ૩૦ - હ. ઉસ્માનના ખૂન વિશે ઇરશાદ

યાદ રાખો, અગર મેં તેના કત્લનો હુકમ આપ્યો હોત તો જરૂર હું કાતિલ હોત અને અગર મેં મના કરી હોત તો જરૂર હું મદદ કરવાવાળો કહેવાત. પરંતુ દરેક સૂરતમાં એ વાત પાકી છે કે જે બની ઉમય્યાએ મદદ કરી છે. તેઓ પોતાને તેઓથી સારા નથી કહી શકતા જેઓએ તેને મદદ કરવાનું છોડી દીધું છે અને જે લોકોએ મદદ કરવાનું છોડી દીધું છે, તેઓ એ નથી કહી શકતા કે જેઓએ મદદ કરી છે તેઓ અમારાથી બેહતર છે. હવે હું એ કત્લનો ખુલાસો બતાવી દઉં છું. ઉસ્માને ખિલાફત મેળવી તો ઘણા જ ખરાબ તરીકાથી મેળવી અને તમે લોકો ગભરાઈ ગયા તો ખરાબ રીતે ગભરાઈ ગયા અને હવે અલ્લાહ બંનેના વિષે ફેંસલો કરનાર છે.

* * * * *

# ૩૧ - અબ્દુલ્લાહ બીન અબ્બાસને ઝુબેરની તરફ રવાના કરતી વખતે સંબોધન

*જયારે જમલની જંગ શરૂ થવા પહેલા હઝરત ઇબ્ને અબ્બાસને ઝુબેરની પાસે એ આશયથી મોકલ્યા કે તેઓ તેને ઇતાઅતની તરફ પાછો વાળે. તો એ પ્રસંગે તેઓને ફરમાવ્યું:*

ખબરદાર ! તલહાને ન મળજો, જો તમે તેને મળ્યા તો તમે તેને એક એવો માથાભારે બળદ જોશો જેના શીંગડા કાન તરફ વળેલા છે. તે અડિયલ સવારી પર સવાર થાય છે અને પછી કહે છે કે આ તો કેળવેલી સવારી છે. બલ્કે તમે ઝુબેરને મળજો એટલે કે તે કંઈક નરમ સ્વભાવનો છે. અને તેને એમ કહેજો કે તમારા મામાના દિકરા ભાઈએ કહ્યું છે કે તમે હિજાઝમાં તો મારાથી ઓળખાણ રાખતા હતા અને અહીં ઇરાકમાં આવીને તદ્દન અજાણ્યા બની ગયા. છેવટે આ ફેરફારનું કારણ શું છે?

# ૩૨ - જમાનાના ઝુલ્મનો ઉલ્લેખ અને દુનિયાવાળાના પાંચ પ્રકાર

અય લોકો! આપણે એક એવા અવળી ચાલના યુગમાં અને કૃતઘ્ન (નાશુક્રી) દુનિયામાં જન્મ લીધો છે જેમાં સારા કામો કરનારને ખરાબ સમજવામાં આવે છે. અને ઝાલિમ પોતાના અત્યાચારોમાં આગળ વધતો જ જાય છે. જે ચીજોને આપણે જાણીએ છીએ તેનાથી લાભ નથી ઉપાડતા અને જે ચીજો નથી જાણતા તેને શોધતા નથી. અને જ્યાં સુધી સંકટ આવી નથી પડતા, આપણે સાવચેત નથી થાતા. (આ જમાનાના) લોકો ચાર પ્રકારના છે, અમુક એ છે જેને ટંટા ફસાદથી રોકનાર માત્ર તેઓનું જીવનું મૂલ્યહીન હોવું, તેઓની ધાર બૂઠી હોવી, અને તેઓ પાસે માલની ઉણપ છે. અને અમુક એ છે જેઓ તલવારો ખેંચી છડે ચોક બુરાઈ ફેલાવે છે. અને તેઓએ પોતાનું હયદળ (ઘોડેસવાર લશ્કર)

અને પાયદળ ભેગું કરી રાખ્યું છે. માત્ર કંઈક માલ મેળવવા અથવા કોઈ ટુકડીની આગેવાની કરવા અથવા મિમ્બર પર ઊંચા થવા માટે તેઓએ પોતાની જાન વકફ કરી દીધી છે. અને દીનને તબાહ અને બરબાદ કરી નાખ્યો છે.

કેટલો ખરાબ સોદો છે કે તમે દુનિયાને પોતાના જીવનની કિંમત અને અલ્લાહને ત્યાંની નેઅમતોનો બદલો ઠરાવી રહ્યા છો.

અને કેટલાક લોકો એવા છે, જેઓ આખેરતવાળા કામોથી દુનિયા માગી રહ્યા છે. અને એમ નથી કરતા કે દુનિયાના કામોથી પણ આખેરત બનાવવાનો આશય રાખે, તેઓ પોતા પર ઘણી શાંતિ અને ગંભીરતા ધારણ કરે છે, હળવે હળવે પગ ઉપાડે છે અને પાલવને ઉપરની તરફ સમેટે છે. અને પોતાની જાતને એવી રીતે શણગારી લે છે કે લોકો તેઓને અમીન ( પ્રમાણિક) સમજી લે છે. આ લોકો અલ્લાહના ઢાંક પિછોડાથી લાભ ઉપાડી ગુનાહ કરે છે.

અને અમુક લોકો એવા છે, જેઓને પોતાની જાતની નિર્બળતા અને સાધન સંપન્નતતાની ઉણપ, દેશ મેળવવા ઊભા થવા નથી દેતી. આ સંજોગોએ તેમને પ્રગતિ અને ઉન્નાતિ પ્રાપ્ત કરવાથી સુસ્ત અને લાચાર કરી દીધા છે. એટલે સંતોષના નામથી પોતાને સજાવી રાખ્યા છે. અને ઝાહિદોના લિબાસથી પોતાને શણગારી લીધા છે. જો કે ન તો તેઓની સાંજ ઝાહિદો જેવી છે ન સવાર.

ત્યારપછી માત્ર થોડા જ એ લોકો રહી ગયા જેઓની આંખો આખેરતની યાદ અને કયામતના ડરથી નિમ્ન છે. અને તેમાંથી અશ્રુ વહી રહ્યા છે. તેઓમાંથી અમુક તો એ છે, જેઓ દુનિયાવાળાઓથી અલગ થલક એકાંતવાસ સેવે છે. અને અમુક ભય અને ગભરાટની સ્થિતિમાં અપમાનો સહી રહ્યા છે. અને કેટલાકે એવી રીતે ચુપકીદી સાધી લીધી છે કે જાણે તેઓના મોં બંધ કરી દીધા છે. કેટલાક નિખાલસતાથી દુઆ માગી રહ્યા છે, અમુક શોકમય અને દર્દ પામેલ છે. જેઓને ભયે ગુમનામીના ખૂણામાં બેસારી દીધા છે, અને

થકાવટ તથા શિથિલતા તેઓ પર છવાઈ ગઈ છે. તેઓ એક ખારા સમંદરમાં છે (કે પુષ્કળ પાણી હોવા છતાં પ્યાસા છે.) તેઓના મોં બંધ અને દિલ ઘાયલ છે. તેઓએ લોકોને એટલા સમજાવ્યા બુજાવ્યા કે તેઓ કંટાળી ગયા. અને તેઓ પર એટલું બળ વાપરવામાં આવ્યું કે તેઓ બિલ્કુલ દબાઈ ગયા. અને એટલા મારી નાખવામાં આવ્યા કે તેઓમાં દેખીતી કમી આવી ગઈ.

આ દુનિયા તો તમારી દ્રષ્ટિમાં બાવળના કાંટાઓ અને ઊનના તાંતણાથી પણ હલ્કી અને તુચ્છ હોવી જોઈએ અને તમારી પહેલાના લોકોથી બોધ ગ્રહણ કરી લ્યો, એ પહેલાં કે તમારી હાલતોથી પાછળ આવનાર બોધ મેળવે. અને આ દુનિયાની બુરાઈનો અનુભવ કરી તેનાથી સંબંધ તોડી નાખો. એટલા માટે કે તેને અંતમાં એવા લોકોથી સંબંધ તોડી નાખ્યા જેઓ તેના તમારાથી વધારે ચાહક અને આશિક હતા.

* * * * *

# 33 - જંગે જમલ વખતે બસરાવાળાઓને સંબોધન

*બસરાવાળાઓથી જેહાદ માટે નિકળવા સમયે, જેમાં આપે રસૂલોના આગમનનું રહસ્ય અને પછી પોતાની વિશેષતા અને ખારજીઓની તુચ્છતાઓનો ઝિક્ર કર્યો છે.*

હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ જયારે બસરાવાળાઓ સાથે જંગ કરવા નિકળ્યા, તો અબ્દુલ્લાહ બિન અબ્બાસ કહે છે કે મેં ઝી વકાર સ્થળે હઝરતની સેવામાં હાજરી આપી. તો જોયું કે આપ પોતાના જોડા સીવી રહ્યા છે. (મને જોઈને ફરમાવ્યું કે) અય ઇબ્ને અબ્બાસ ! આ જોડાની શું કિંમત હશે? મેં કહ્યું: હવે તો એની કંઈ કિંમત નથી રહી. તો આપે ફરમાવ્યું કે જો મારી સમક્ષ હકની સ્થાપના અને બાતિલનો વિનાશ ન હોત, તો તમારા લોકો પર હકૂમત કરવા કરતા આ જોડા મારે મન ઘણા વહાલા છે. પછી આપ બહાર તશરીફ લાવ્યા અને લોકોમાં આ ખુત્બો આપ્યો :

અલ્લાહે મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને એ સમયે મોકલ્યા જયારે અરબોમાં ન કોઈ (આસમાની) કિતાબ પઢનારો હતો, ન કોઈ નબુવ્વતનો દાવો કરનાર. આપે એ લોકોને ખેંચીને તેઓના ( ખરા) સ્થળે ઉતાર્યા. અને મુક્તિના સ્થાને પહોંચાડી દીધા. ત્યાં સુધી કે તેઓની બધી ચિંતાઓ દૂર થઈ ગઈ, અને સ્થિતિ મજબૂત અને સારી થઈ ગઈ. ખુદાની કસમ ! હું પણ એ લોકોમાં હતો જે આવા સંજોગોમાં ક્રાંતિ સર્જી રહ્યા હતા. ત્યાં સુધી કે ક્રાંતિ સંપૂર્ણ થઈ ગઈ. મેં (આ કામમાં) ન નબળાઈ દેખાડી અને ન કાયરતાથી કામ લીધું અને અત્યારે પણ મારા પગલા એવા જ આશયથી છે. તો ખરો, જો હું બાતિલને ચીરી તેના પડખામાંથી હકને નિકાળી લઉં. મારો કુરૈશ સાથે બીજો ઝઘડો જ શું છે ?

મેં કાલે તેઓથી કુફ્રના કારણે જેહાદ કર્યો હતો અને આજે ફિત્ના અને ગુમરાહીના કારણે જેહાદ કરીશ. હું તો તેઓ સાથે પૂરાણો લડવાવાળો છું. અને આજે પણ તેઓના સામના માટે તૈયાર છું. ખુદાની કસમ ! કુરૈશની અમારાથી કોઈ દુશ્મની નથી, પણ એટલું જ કે પરવરદિગારે અમને ચૂંટી

લીધા છે અને અમે તેઓને અમારી જમાતમાં ભેળવવા ચાહ્યું તો તેઓ મકતક (શેર) જેવા થઈ ગયા.

અમારા જીવની કસમ, આ સવાર ટાણે શરાબ (પીણું), આ મીઠી મીઠી ગિઝાઓ અમારો સદકો છે, અમોએ અર્પી છે તમને બધી તરક્કીઓ નહીંતર તેગ અને ભાલા અમારો હિસ્સો છે.

* * * * *

# ૩૪ - ખારજીઓના બનાવ પછી મવાળાઓને સંબોધન

*જેમાં ખારજીઓના બનાવ પછી લોકોને શામવાળાઓ સાથે લડવા માટે તૈયાર કરવા માટે ફરમાવ્યું:*

થુ છે તમારા પર, હું તો તમને ઠપકો આપતા આપતા પણ કંટાળી ગયો છું, શું તમને આખેરતને બદલે દુનિયાનું જીવન, અને માનને બદલે અપમાન ગોઠે છે? જયારે તમને દુશ્મનો સામે લડવા બોલાવું છું તો તમારી આંખો એવી રીતે ચકળવકળ ઘૂમવા લાગે છે, જાણે તમે મૃત્યુના વમળમાં છો અને મૃત્યુ કાળની અભાનતા અને બેહોશી તમારા પર છવાઈ ગઈ છે. મારી વાતો જાણે તમારી સમજમાં જ નથી આવતી. તો તમે વિમાસણમાં પડી જાવ છો. લાગે છે કે જાણે તમારા દિલ અને દિમાગ પર ગાંડપણ સવાર છે કે તમારી બુધ્ધિ બહેર મારી ગઈ છે.

તમે સદા માટે મારો વિશ્વાસ ખોઈ ચૂક્યા છો. ન તો તમે કોઈ બળવાન આધાર છો કે, તમારા પર ભરોસો કરી

દુશ્મનોનો સામનો કરી શકાય અને ન તમે માન અને સફળતાનું સાધન છો કે તમારી જરૂરત અનુભવી શકાય. તમારી ઉપમા તો એ ઊંટો જેવી છે જેનો રખેવાળ ગુમ થઈ ગયો હોય. જો તેઓને એક બાજુથી ભેગા કરવામાં આવે તો બીજી તરફથી વેર વિખેર થઈ જાય છે.

ખુદાની કસમ, તમે જંગની જવાળાઓ ભડકાવવા માટે ઘણા બુરા પૂરવાર થયા છો. તમારી વિરૂદ્ધ દરેક તદબીરો થાય છે પણ તમે દુશ્મનો વિરૂદ્ધ કોઈ તદબીર નથી કરતા. તમારા (શહેરોની) સીમાઓ (દિન પ્રતિદિન) ઘટી રહી છે. પણ તમને ગુસ્સો નથી ચડતો. તેઓ તમારા તરફથી લેશ ગાફિલ નથી થતા અને તમે છો કે ગફલતમાં બધુ ભૂલી બેઠા છો. ખુદાની કસમ, એક બીજા પર ટાળવાવાળા હાર્યા જ કરે છે.

ખુદાની કસમ ! હું તમારા વિશે એ જ ધારણા રાખું છું કે જો જંગ જોર પકડી લે અને મૌતનું બજાર ગરમ થઈ જાય તો તમે અબૂ તાલિબના પુત્રથી એવા કપાઈ જશો, જેવી

રીતે ધડથી માથું (કે ફરી પાછા ફરવું શકય જ ન રહે) જે શખ્સ પોતાના દુશ્મનને પોતા પર એવી રીતે કાબૂ આપી દે કે તે તેઓના હાડકા પરથી માંસ સુધ્ધાં ઉતારી લે, હાડકાં ભાંગી નાખે અને ખાલના ચીંથરા ઉડાવી દે તો તેની નબળાઈ હદ વટાવી ગઈ છે. અને છાતીની પાંસળીઓ વચ્ચે ઘેરાએલું (દિલ) અશકત અને નિર્બળ છે.

જો તમે એવા બનવા માંગતા હો તો બનો, પણ હું તો એવું ત્યાં સુધી નહીં થવા દઉં જ્યાં સુધી ઉન્નાત સ્થાનની (તેઝધાર) તલવારો ચલાવી ન લઉં કે જેનાથી માથાના હાડકાના કુરચા ન ઉડી જાય. અને હાથ પગ કપાઈ કપાઈ પડવા ન લાગે ત્યાર પછી અલ્લાહ જે ચાહે તે કરે.

અય લોકો ! એક તો મારો તમારા પર હક છે અને એક તમારો મારા પર હક એ છે કે હું તમારી ભલાઈ ધ્યાનમાં રાખું અને બયતુલ માલમાં તમને પૂરે પૂરો ભાગ આપું અને તમને ભણાવું જેથી તમે અભણ ન રહો. અને એવી રીતે તમને સંસ્કાર શીખવાડું જેના પર તમે અમલ કરો અને મારો

તમારા પર એ હક છે કે બયઅતની જવાબદારીઓ પુરી કરો અને સામે તથા ગેરહાજરીમાં શુભેચ્છા દાખવો. જયારે બોલાવું તો મારી અવાજ પર “જી આવ્યો”, કહો અને જયારે કોઈ હુકમ આપું તો તેને બજાવી લાવો.

* * * * *

# ૩૫ - તહકીમ (લવાદ) વિશે સંબોધન

દરેક સંજોગોમાં અલ્લાહની સ્તૂતિ અને હમ્દ છે. ચાહે સમય (અમારા માટે) કોઈ મોટી મુસીબત કેમ ન લઈ આવે અને બનાવો ગમે તેટલા મોટા કેમ ન થઈ જાય. હું ગવાહી આપું છું કે તેના સિવાય કોઈ ઇબાદતને પાત્ર નથી તે એકલો અને ભાગીદાર વગરનો છે. તેની સાથે બીજો કોઈ ખુદા નથી. અને મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તેના બંદા અને રસૂલ છે.

( તમોને જાણ થવી જોઈએ) મહેરબાન, જાણકાર અને અનુભવી શિખામણ આપનારની વિમુખતાનું ફળ અબળખા, પ્રાયશ્ચિત હોય છે. મેં આ લવાદ વિશે મારી કિમતી રાઈનો નિચોડ તમારી સામે રાખી દીધો હતો. કાશ કે "કસીર"નો હુકમ માની લેવામાં આવત. પરંતુ તમે તો તુંડ મિજાજી વિરોધીઓ અને વચનભંગી નાફરમાનોની જેમ, ઇન્કાર પર અડી બેઠા, ત્યાં સુધી કે શિખામણ આપનાર પોતાની શિખામણ વિશે વિચારમાં પડી જાય. અને મન એ ચકમકના પત્થરની જેમ બુઝાઈ ગયું, જેણે તણખા પાડવા

બંધ કરી દીધા હોય. મારી અને તમારી પરિસ્થિતિ બની હવાઝીનના શાઈરના એ વચન જેવી છે:

મેં મુન અર્જીલ્લવા (શીખરના વળાંકના) મકામ પર તમને મારા હુકમથી સાવચેત કરી દીધા હતા (જો કે તમે એ સમયે મારી ભલામણ પર અમલ ન કર્યો) પરંતુ બીજા દિવસની સવારે મારી શીખામણની સચ્ચાઈ જોઈ લીધી.

* * * * *

# ૩૬ - નહેરવાનવાળાઓને તેઓના અંજામથી ખબરદાર કર્યા

હું તમને સચેત કરી રહ્યો છું કે, તમે લોકો આ નહેરના વળાંકો અને નીચાણની સપાટ જમીનો પર કતલ થઈને પડેલા હશો, એવી સ્થિતિમાં કે ન તમારી પાસે અલ્લાહની સામે (બહાનું કરવા) કોઈ સ્પષ્ટ દલીલ હશે ન કોઈ રોશન પૂરાવો. એ રીતે કે, તમે પોતાના ઘરોથી બેઘર થઈ ગયા. અને પછી અલ્લાહના નિર્માણે તમને પોતાની પકડમાં લઈ લીધા. મેં તો તમને પહેલેથી જ આ લવાદથી રોક્યા હતા પણ તમે મારો હુકમ માનવાથી વિરોધી વચનભંગીઓની જેમ ઇન્કાર કરી દીધો. ત્યાં સુધી કે (લાચારીએ) મને પણ મારો મત છોડીને તમારી વાત કબૂલ કરવી પડી.

પણ તમે લોકો ભેજાથી ખાલી અને સમજ બુધ્ધિ વગરના નિકળ્યા. ખુદા તમારૂં બુરૂં કરે, મેં તમને ન તો કોઈ સંકટમાં ફસાવ્યા છે, ન તમારૂં બુરૂં ઇચ્છયું છે.

* * * * *

# ૩૭ - નહેરવાનના બનાવ પછી પોતાની વિશેષતાઓ અને કારનામાઓનો ઉલ્લેખ

મેં એવા સમયે પોતાની ફરજો અદા કરી, જયારે બધા નાસીપાસ થયા હતા. અને એવા સમયે માથું ઊંચકી સામે આવ્યો. જયારે તમે બીજા ખૂણામાં લપાઈ ગયા હતા. અને એ સમયે જીભ ખોલી, જયારે બીજા મુંગા દેખાતા હતા. અને એ સમયે ખુદાના નૂરની ( રોશની)માં આગળ વધ્યો, જયારે બીજાઓ રોકાએલ હતા. જોકે મારો અવાજ એ બધાથી ધીમો હતો, પણ આગળ વધવામાં સૌથી આગળ હતો.

મેં હકૂમતનો કારભાર સંભાળ્યો તો એમાં ઉડયન શક્તિ આવી ગઈ. અને હું જ એક હતો જે આ મયદાનમાં બાજી લઈ ગયો. મારૂં આ અડગ રહેવું એવું લાગતું હતું જાણે પહાડ જેને તેજ હવાઓ ચલાવી નથી શકતી અને ન મોટો વંટોળ તેને પોતાની જગ્યાએથી ખસેડી શકે છે. કોઈને પણ મારામાં એબ કાઢવાની તક અને ન ટીકા કરવાની ગુંજાઈશ હતી.

યાદ રાખો, તમારાથી દબાએલા મારી દ્રષ્ટિમાં તાકતવર છે જ્યાં સુધી હું તેને તેનો હક ન અપાવી દઉં. અને તાકતવર મારી પાસે કમજોર છે જ્યાં સુધી બીજાઓના હક તેની પાસેથી ન લઈ લઉં. અમે અલ્લાહના નિર્માણ પર રાજી થઈ ચૂક્યા છીએ અને બધા કાર્યો તેને સોંપી દીધા છે. શું તમે એમ ધારો છો કે હું હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ પર જૂઠ બાંધી શકુ છું.

ખુદાની કસમ, હું એ છું જેણે સૌ પ્રથમ આપની સચ્ચાઈની ગવાહી આપી. તો આપ પર જૂઠ બાંધવામાં શા માટે આગળ આવું ? મેં મારી સ્થિતિ પર દ્રષ્ટિ કરી તો જોયું કે મારા માટે દરેક પ્રકારની બયઅતથી રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની ઇતાઅત પ્રથમ હતી. અને તેમનાથી કરેલ કોલ કરારની તોક મારા ગળામાં હતી.

* * * * *

# ૩૮ - સંદેહ નામ પડવાનું કારણ

*જેમાં સંદેહ નામકરણનું કારણ અને લોકોની સ્થિરતાઓનો ઉલ્લેખ છે.*

સંદેહને 'સંદેહ' એટલા માટે કહેવામાં આવે છે કે તે હકની સાથે સરખાપણું રાખે છે. એટલે જે ખુદાનો દોસ્ત હોય છે, તેઓ માટે આ સંદેહો ( ના અંધકારમાં) યકીનનું અજવાળું અને હિદાયતની દિશા રાહનુમાનું કામ આપે છે. અને જે ખુદાના દુશ્મનો છે તેઓ આ સંદેહોમાં ગુમરાહીની દાવત અને તબ્લીગ કરે છે અને આંધળાપણું અને અણસમજ તેના રહેબર હોય છે. મૌત એ ચીજ છે કે ડરવાવાળો તેનાથી છુટકારો નથી પામતો અને અમર જીવન ચાહવાવાળો સદાની ઝિંદગી મેળવી નથી શકતો.

* * * * *

# ૩૯ - અયનુલ તમર પર હુમ્લા સમયે લોકોને મદદ માટે તૈયાર કરવા અંગે

*જે મઆવિયાના સરદારે લશ્કર નોમાન બિન બશીરના અયનુલ તમર પર હુમ્લા સમયે ઇરશાદ ફરમાવ્યો અને લોકોને પોતાની મદદ માટે ઉત્તેજ્યા.*

મારો એવા લોકોથી પનારો પડયો છે, જેને હુકમ આપું છું તો માનતા નથી. બોલાવું છું તો જવાબ આપતા નથી. તમારૂં બુરૂં થાય. પોતાના અલ્લાહની મદદ કરવામાં તમને કોની વાટ છે? શું દીન તમને એક જગ્યામાં ભેગા નથી કરતો ? માન-આબરૂંનું ભાન તમને જોશ નથી અપાવતું ? હું તમારી વચ્ચે ઊભો રહી ચીખું છું અને મદદ માટે બોલાવું છું. પણ તમે ન મારી કોઈ વાત સાંભળો છો, ન મારો કોઈ હુકમ માનો છો. ત્યાં સુધી કે આ અવગણનાના બુરા પરિણામ ઉઘાડા થઈ તમારી સામે આવી જાય. ન તમારી મારફત કોઈ નાહક ખૂનનો બદલો લઈ શકાય છે. ન કોઈ લક્ષે પહોંચી શકાય છે. મેં તો તમને તમારા ભાઈઓની

મદદ માટે જ બોલાવ્યા હતા. પણ તમે એ ઊંટની જેમ બબડવા લાગ્યા જેની દુંટીમાં દર્દ હોય. અને એ દુબળા નિર્બળ ઊંટની જેમ ઢીલા પડી ગયા છો, જેની પીઠ ઘાયલ હોય. પછી મારી સામે તમારી એક અશક્ત નાની એવી ફોજ આવી, એ સ્થિતિમાં કે જાણે તેઓને મૌતની સામે ધકેલવામાં આવી રહ્યા હોય અને તેઓ બેકસીમાં મૌત જોઈ રહ્યા હોય.

* * * * *

# ૪૦ - ખારજીઓનું સુત્ર "લા હુકમ ઇલ્લા લિલ્લાહ" વિશે

*જયારે આપે ખારજીઓનું કથન "લા હુકમ ઇલ્લા લિલ્લાહે" (હુકમ અલ્લાહનો જ છે) સાંભળ્યું તો ફરમાવ્યું:*

આ વાક્ય તો ખરૂં છે, પણ જે ભાવાર્થ એ લોકો લે છે એ ગલત છે. હા, બેશક હુકમ અલ્લાહ માટે જ ખાસ છે. પણ આ લોકો એમ કહેવા માગે છે કે હુકૂમત પણ અલ્લાહ સિવાય કોઈની નથી હોઈ શકતી. જો કે દેખીતુ છે કે, લોકોની વ્યવસ્થા માટે એક હાકિમ (રાજકર્તા) હોવો જરૂરી છે. ચાહે તે સારો હોય કે નઠારો. (જો સારો હશે તો) મોઅમિન તેની હુકૂમતમાં સારા અમલ કરી શકશે. (અને બુરો હશે તો) કાફરો તેના કાળમાં મજા ઉડાવશે. અને અલ્લાહ આ રાજ્ય વ્યવસ્થામાં દરેક ચીજને તેની અંતિમ સીમા પર પહોંચાડી દેશે. આ હાકિમના કારણે માલ (નજરાણું અને વેરો) ભેગો થાય છે. દુશ્મન સામે લડી શકાય છે. માર્ગો શાંતિ ભર્યા રહે છે. અને તાકતવરથી કમજોરનો હક અપાવી શકાય છે. ત્યાં

સુધી કે નેક હાકિમ (મરીને અથવા પદભ્રષ્ટ થઈને) રાહત મેળવે. બુરા હાકિમના મરવા અથવા પદભ્રષ્ટ થવાથી બીજાઓને રાહત મળે છે.

**એક બીજી રિવાયતમાં આ રીતે છે :**

જયારે આપે લવાદના સંબંધમાં ( તેઓનું કથન) સાંભળ્યું તો ફરમાવ્યું કે હુકૂમત નેક હોય તો એમાં મુત્તકી અને પરહેઝગાર સારા અમલ કરે છે, અને ખરાબ હુકૂમત હોય તો તેમાં હતભાગી લોકો પેટ ભરીને મજા માણે છે. ત્યાં સુધી કે તેઓનો સમય વીતી જાય અને મૌત તેમને પામી લે.

* * * * *

# ૪૧ - ગદ્દારીની ટીકા અને તેના પરિણામ

*જેમાં લોકોને ગદ્દારીથી રોકવામાં આવ્યા છે, અને તેના પરિણામથી લોકોને ડરાવવામાં આવ્યા છે.*

યાદ રાખો ! વચન પાલન અને સચ્ચાઈ બંનેનો સદાનો સાથ છે. અને મારા ઇલ્મમાં એથી વધીને રક્ષણની કોઈ ઢાલ નથી જયારે શખ્સ પોતાના પાછા ફરવાની હકીકત જાણી લે છે તે કદી ગદ્દારી નથી કરતો પણ આપણો જમાનો એવો છે જેમાં મોટા ભાગના લોકોએ ગદ્દારી અને મક્કારીને બુધ્ધિ અને ચાલાકી સમજી લીધા છે. અને જાહિલોએ તેઓની ચાલોને સારા પ્રયત્નોનું નામ આપ્યું છે.

અલ્લાહ તેઓનો નાશ કરે, તેઓને શું થઈ ગયું છે ! એ શખ્સ જે સમયની ચડતી પડતી જોઈ ચૂકયો છે અને તેના છળ પ્રપંચથી સચેત છે, તે પણ યુક્તિઓ કેમ કરવી એ જાણે છે પણ અલ્લાહના હુકમો અને મનાઈઓ તેનો રસ્તો રોકી ઊભા રહી જાય છે. તો તે આ યોજના અને યુક્તિઓને પોતાની આંખે જોવા છતાં અને તેના પર પ્રભુત્વ હોવા છતાં,

તજી દે છે. અને જેને કોઈ દીની ભાવના માર્ગમાં રૂકાવટ નથી. તે આ તકનો લાભ ઉઠાવી જાય છે.

* * * * *

# ૪૨ - ઇચ્છાઓ અને લાંબી આશાઓની પયરવીથી ડરાવવામાં આવ્યા

અય લોકો ! મને તમારા વિશે સૌથી વધુ બે વાતોનો ડર છે. એક ઇચ્છાઓનું અનુસરવું અને બીજું આકાંક્ષાઓનો વિસ્તાર. ઇચ્છાને આધિન થવું એ ચીજ છે જે હકથી રોકી લે છે. અને આકાંક્ષાઓનો વિસ્તાર આખેરતને ભુલાવી દે છે. તમારે જાણવું જોઈએ કે, દુનિયા તેજીથી વીતી રહી છે. અને તેમાંથી કંઈ બાકી નથી રહી ગયું. પણ એટલું છે કે જેમ કોઈ વાસણ ઠાલવનાર ઠાલવે તો તેમાં કંઈક તરી બાકી રહી જાય છે. અને આખેરત આ તરફ રૂખ કરી આવી રહી છે.

દુનિયાવાળા તથા આખેરતવાળા બંનેને પોતાના સંતાનો છે. તો તમે આખેરતના પુત્ર બનો અને દુનિયાના પુત્રો ન બનો. એટલા માટે દરેક પુત્ર કયામતના દિવસે તેની મા સાથે વળગેલ હશે ! આજે અમલનો દિવસ છે અને

હિસાબ નથી. અને કાલે હિસાબનો દિવસ છે અને અમલ નહીં થઈ શકે.

* * * * *

# ૪૩ - સાથીઓને શામવાળાઓ સાથે લડવા તૈયાર કરવા

*જયારે હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામે જરીર ઇબ્ને અબ્દુલ્લાહ બજલીને મુઆવિયાની પાસે (બયઅત લેવા માટે) મોકલ્યો તો આપના અસ્હાબે આપને જંગની તૈયારીની સલાહ આપી. જે પર આપે ફરમાવ્યું:*

મારૂં જંગ માટે તૈયાર અને તત્પર થવું જયારે કે હજી જરીર ત્યાં જ છે. શામ પર બધા દરવાજા બંધ કરવા જેવું છે. અને ત્યાંના લોકો બયઅતનો ઇરાદો પણ કરે તો તેઓને આ નેક ઇરાદાથી રોક્વા જેવું છે. બેશક મેં જરીર સાથે એક સમય નક્કી કરી દીધો છે. ત્યાર પછી જો તે રોકાશે તો કાં તો તેઓના ધોકામાં આવી, યા (જાણી જોઈને) અવજ્ઞા કરી અને બંને સંજોગોમાં રાયનો તકાદો ધીરજ અને વાટ જોવી છે. એટલે હમણા થંભી જાવ. અલબત્તા હું તમારા માટે એ વાત

ખરાબ નથી સમજતો કે ( ખાનગીમાં) લડાઈનો સામાન તૈયાર કરતા રહો.

મેં એ વાતને સારી રીતે પરખી લીધી છે અને અંદર બહારથી જોઈ લીધી છે. હવે મારી સામે બે જ રસ્તા છે કાં જંગ કરૂં અથવા એ કે રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે આપેલી ખબરોનો ઇન્કાર કરી દઉં. હકીકત એ છે (મારી પહેલા) આ ઉમ્મત પર એવો રાજકર્તા હતો. જેણે ધરતી પર બિદઅતો ફેલાવી અને લોકોને ટીકાની જીભ ઉઘાડવાની તક આપી. (પહેલા તો) લોકોએ તેને જીભથી કહ્યું સંભળાવ્યું, પછી તેના પર બગડયા અને પૂરો ઢાંચો બદલી નાખ્યો.

* * * * *

# ૪૪ - મસકલા બિન હબીરા શયબાનીની અપ્રમાણિક્તા અને મોકેથી ભાગી જવું.

*જયારે મસકલા બિન હબીરા શયબાનીએ હઝરતના એક કારભારીથી બની નાજિયાના થોડાક કેદી ખરીદીને આઝાદ કરી દીધા. જયારે હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામે તેનાથી કિંમતની ઉઘરાણી કરી તો તે બદ દયાનત કરી શામ ચાલ્યો ગયો, જે પર આપે ફરમાવ્યું.*

ખુદા મસકલાનું બુરૂં કરે. કામ તો તેણે સજ્જનો જેવું કર્યું પણ ગુલામોની જેમ ભાગી ગયો. તેણે તો વખાણ કરવાવાળાનું મોં ખુલવા પહેલા જ બંધ કરી દીધું. અને જો તે રોકાત તો હું તેનાથી એટલું લઈ લેત જેટલું તેના માટે શકય હતું. અને બાકીના માટે તેના માલમાં વધારો થવાની વાટ જોતે.

* * * * *

# ૪૫ - અલ્લાહની મહાનતા અને કીર્તિ અને દુનિયાની નિંદા વિશે.

*આ ઈદના દિવસના આપના એક લાંબા ખુત્બાનો એક ભાગ છે, જેમાં ખુદાની હમ્દ અને દુનિયાની નિંદાનો ઉલ્લેખ છે.*

બધી પ્રશંસા એ અલ્લાહના માટે છે જેની રહેમતથી નિરાશ નથી થવાતું. અને જેની નેઅમતથી કોઈનો પાલવ ખાલી નથી. ન કોઈ શખ્સ તેના માફ કરવાથી નિરાશ થઈ શકે છે અને ન કોઈથી તેની ઇબાદતથી અકળાવાનો સંભવ છે. ન તો તેની રહેમત પૂરી થાય છે ન તેની નેઅમતનો અનુક્રમ રોકાય છે.

આ જગત એક એવું ઘર છે જેના માટે નાશ અને તેના રહેવાસીઓ માટે દેશવટો નિર્માણ છે. આ જોવામાં મધૂર અને લીલુછમ છે અને તેને માગનારની તરફ તેજીથી આગળ વધે છે અને તેના દિલમાં સમાઈ જાય છે. એટલે ખબરદાર, તેનાથી કૂચ કરવાની તૈયારી કરો અને શ્રેષ્ઠ ભાતું લઈને ચાલો. આ દુનિયામાં જરૂરતથી વધારેની માંગણી ન કરવી

અને જેનાથી કામ ચાલી જાય એનાથી વધુની માંગણી ન કરવી.

* * * * *

# ૪૬ - શામ રવાના થતી વખતે

*જયારે શામની તરફ જવાનો ઇરાદો કર્યો અને આ દુઆને ઘોડાના જીનના પગામાં પગો રાખતા જીભ પર ઉચ્ચારી.*

અય ખુદા ! હું મુસાફરીના સંકટો, પાછા ફરવાના દુ:ખ અને રંજ, બાલ બચ્ચા અને માલની ખરાબ સ્થિતિથી તારી પનાહ માંગું છું. તું જ સફરનો સાથી છે. અને ઘરને સંભાળનાર છે. કેમકે આ બંને કામ તારા સિવાય બીજું કોઈ નથી કરી શકતું. કેમકે જેને ઘરમાં રાખી આવીએ એ મુસાફરીમાં કામ નથી આવતા અને જેને સફરમાં સાથે લઈ લઈએ તે ઘરની દેખભાળ નથી કરી શકતા.

* * * * *

# ૪૭ - કૂફા શહેર વિશે

અય કૂફા ! હું જોઈ રહ્યો છું કે તને ઓકાઝના બજારના ચામડાની જેમ ખેંચવામાં આવી રહ્યો છે. તારા પર મુસીબતોના હુમ્લા થઈ રહ્યા છે અને તને ધરતીકંપોનું વાહન બનાવી દેવામાં આવ્યું છે. અને મને ખબર છે કે જે કોઈ જાબિર અને ઝાલિમ તારી સાથે કોઈ બુરાઈ કરવા માંગશે, પરવરદિગાર તેને કોઈ ને કોઈ સંકટમાં સપડાવી દેશે અને તેને કોઈ કાતિલના લક્ષ્ય પર લઈ આવશે.

* * * * *

# ૪૮ - કૂફાથી નિકળવા સમયે નખીલાના સ્થળે

*આપના ખુત્બાનો એક ભાગ જે સિફફીન માટે કૂફાથી નિકળતી વખતે નખીલાના સ્થળે ઇરશાદ ફરમાવ્યો હતો.*

હમ્દ (તારીફ) છે પરવરદિગારની જયારે પણ રાત પડે અને અંધારૂં છવાઈ જાય. અથવા તારાઓ ચમકે અને ડૂબી જાય. પરવરદિગારની હમ્દ અને સના છે કે તેની નેઅમત ખૂટતી નથી, અને તેના ઉપકારોનો બદલો નથી આપી શકાતો.

જાણી લ્યો ! મેં મારા લશ્કરની અગ્રિમ ટુકડી રવાના કરી દીધી છે. અને તેને હુકમ આપી દીધો છે કે પેલી નદીના કિનારે રોકાઈ મારા હુકમની વાટ જુએ. હું ચાહું છું કે આ દજલા નદી ઓળંગી તમારી એક નાની જમાત સુધી પહોંચી જાઉં. જે દજલાની આસપાસ રહે છે, જેથી તેઓને તમારી સાથે જેહાદ કરવા તૈયાર કરી શકું. અને તેઓના મારફત તમારા બળમાં વધારો કરી શકું.

* * * * *

# ૪૯ - પરવરદિગારની વિવિધ સિફતો અને તેના ઇલ્મનો ઝિક્ર

બધી પ્રશંસા એ ખુદાના માટે છે જે ગુપ્ત ભેદોની ગહનતાથી જાણકાર છે. અને તેના હોવાનું માર્ગદર્શન પ્રગટની બધી નિશાનીઓ કરી રહી છે. તે જોવાવાળાની દ્રષ્ટિમાં આવનાર નથી. પરંતુ ન કોઈ ન જોવાવાળાની આંખ તેનો ઇન્કાર કરી શકે છે. અને ના કોઈ સમર્થન કરવાવાળાનું દિલ તેની હકીકતને જોઈ શકે છે. તે ઊંચાઈઓમાં એટલો આગળ છે કે કોઈ વસ્તુ તેનાથી ઊંચી નથી. અને નિકટતામાં એટલો નિકટ છે કે કોઈ ચીજ એનાથી વધુ નિકટ નથી. ન તેની ઉચ્ચતા તેને સર્જનોથી દૂર કરી શકે છે અને ન એની નિકટતા બરાબરનું સ્થાન લઈ શકે છે. તેણે બુધ્ધિઓને પોતાના ગુણોની સીમાઓથી પરિચિત નથી કરી. અને વાજીબ મઅરેફતના પ્રમાણથી વંચિત પણ નથી રાખી. તે એવી હસ્તી છે કે તેનો ઇન્કાર કરવાવાળાના દિલ પર તેના વજૂદના ચિહ્નો સાક્ષી બની રહ્યા છે. તે મખ્લૂકની સાથે ઉપમા

આપનાર અને ઇન્કાર કરવાવાળા બંનેની વાતોથી પર અને ઉચ્ચ છે.

* * * * *

# ૫૦ - વિનાશક ફિત્નાઓનો ઝિક્ર અને તેની અસરો

*આમાં એ ફિત્નાઓનો ઉલ્લેખ છે જે લોકોનો નાશ કરે છે અને તેની અસરોનો પણ ઉલ્લેખ છે.*

ફિત્નાઓનો આરંભ એ ઇચ્છાઓથી થાય છે, જેનું અનુસરણ કરવામાં આવે છે અને એ સૌથી નવા હુકમોથી થાય છે જે ઘડવામાં આવે છે. અને ખુદાની કિતાબથી તદ્દન વિરૂદ્ધ હોય છે. તેમાં અમુક લોકો બીજા લોકો સાથે ભળી જાય છે અને ખુદાના દીનથી વિખૂટા પડી જાય છે. જો જૂઠ સત્યની ભેળસેળથી મૂક્ત રહેત તો હકના સંશોધકોથી છાનો ન રહેત અને જો સત્ય જૂઠની ભેળસેળથી અલગ રહેત તો દુશ્મનોની જીભ ન ઉઘડત. પરંતુ એક ભાગ આમાંથી લેવામાં આવે છે અને એક ભાગ તેમાંથી, પછી બંનેને મેળવી દેવામાં આવે છે. અને આવા જ પ્રસંગોએ શયતાન પોતાના સાથીઓ પર ચડી

બેસે છે. અને માત્ર એ લોકો મૂક્તિ મેળવી શકે છે જેઓ માટે પરવરદિગારના તરફથી નેકી પહેલે જ પહોંચી જાય છે.

* * * * *

# ૫૧ - જયારે મુઆવિયાના સાથીઓએ આપના સાથીઓ પર પાણી બંધ કરી દીધું

*જયારે મુઆવિયાના સાથીઓએ આપના સાથીઓને હટાવી સિફફીનની પાસે ફુરાત પર કબ્જો જમાવી લીધો અને પાણી બંધ કરી દીધું.*

જુઓ, શત્રુઓએ તમારી પાસેથી યુધ્ધના ખોરાકની માંગણી કરી દીધી છે. હવે કાં તો તમે અપમાન અને પોતાના સ્થાનના પતન પર ઊભા રહી જાવ, અથવા તમારી તલવારોને રકતથી તૃપ્ત કરી દયો. અને પોતે પાણીથી તૃપ્ત થઈ જાવ. હકીકતમાં મૌત અપમાનિત જીવનમાં છે અને જીવન ઇઝઝતની મૌતમાં છે. જાણી લ્યો કે મુઆવિયા ગુમરાહોના એક ટોળાની આગેવાની કરી રહ્યો છે. જેના પર બધી હકીક્તો છુપી છે. અને તેઓએ જહાલતના કારણે પોતાની ગરદનોને મૃત્યુ બાણના લક્ષ્ય બનાવી દીધા છે.

* * * * *

# પર - ઝોહદ (વિરક્તિ)નો શોખ અપાવવા, ઝાહિદનો સવાબ અને મખ્લૂક પર ખાલિકની નેઅમતોનો ઉલ્લેખ

*જેમાં દુનિયામાં જીવવા માટે પ્રોત્સાહન અને ખુદા પાસે તેનો સવાબ અને મખ્લૂકાત પર ખાલિકની નેઅમતોનો ઉલ્લેખ કરાયો છે.*

સચેત થઈ જાવ, દુનિયા જઈ રહી છે. અને તેણે પોતાની વિદાયનું એલાન કરી દીધું છે. અને તેની જાણી પહેચાનેલી વસ્તુઓ પણ અજાણી બની ગઈ છે. તે ઝડપથી મોં ફેરવી રહી છે. અને પોતાના રહેવાસીઓને વિનાશ તરફ લઈ જઈ રહી છે. અને પોતાના પાડોશીઓને મૌતની તરફ ધકેલી રહી છે. તેની મીઠાશ કડવી થઈ ચૂકી છે. અને તેની સ્વચ્છતા ડહોળાઈ ગઈ છે. હવે તેમાં માત્ર એટલું જ પાણી બચ્યું છે. જે તળિયે ચોંટયું છે. અને તે માપસર ઘૂંટ રહી ગયો છે. જેને તરસ્યો પી પણ લે તો તેની તરસ ન છીપે. એટલે અય ખુદાના બંદાઓ ! હવે આ દુનિયાથી કૂચ કરવાનો

નિર્ણય કરી લ્યો, જેના રહેવાવાળાનું ભાગ્ય પતન છે. અને ખબરદાર તમારા પર ઇચ્છાઓ વિજય ન પામે અને ટૂંકા સમયને લાંબો ન સમજી લેજો.

ખુદાની કસમ, જો તમે એ ઊંટણીઓની જેમ પણ ફરિયાદ કરો જેનું બચ્ચું ગુમ થઈ ગયું હોય અને એ કબૂતરોની જેમ હાય વોય કરો જે પોતાના ટોળાથી અલગ પડી ગયું હોય અને એ સન્યાસીઓ (રાહિબો)ની જેમ રોક્કળ કરો જેઓ પોતાના ઘરબાર છોડી ચૂક્યા હોય અને માલ અવલાદને છોડી અલ્લાહની નિકટતા શોધવા નિકળી પડયા હોય અને જેથી તેની બારગાહમાં દરજજાઓ ઊંચા થઈ જાય અથવા એ ગુનાહ માફ થઈ જાય જે તેની કિતાબમાં લખાઈ ચૂકાયા છે. અને ફરિશ્તાઓએ તેને સાચવી લીધા છે. તો પણ આ બધું એ સવાબથી ઓછું હશે જેની હું તમારા વિશે આશા રાખું છું અથવા જે અઝાબનો તમારા સંબંધમાં ભય લાગે છે.

ખુદાની કસમ ! જો તમારા દિલ બિલ્કુલ પીગળી જાય અને તમારી આંખોથી અશ્રુઓના બદલે સવાબના શોખમાં કે અઝાબના ડરમાં ખૂન વહેવા લાગે અને તમને

દુનિયામાં અંત સુધી રહેવાની તક આપવામાં આવે તો પણ તમારા આમાલ તેની સૌથી મહાન નેઅમતો અને ઈમાનની હિદાયતનું વળતર નથી બની શકતું, ચાહે આ માર્ગમાં તમે કોઈ પણ કસર ન રહેવા દયો.

* * * * *

# ૫૩ - કુરબાનીના ગુણધર્મનો ઉલ્લેખ

*જેમાં “ઇદુઝઝોહા”ના દિવસનો ઉલ્લેખ છે અને કુરબાનીના ગુણો બતાવવામાં આવ્યા છે.*

કુરબાનીના જાનવરનો કમાલ (સંપૂર્ણતા) એ છે કે તેના કાન ઊંચા હોય અને આંખો સલામત હોય કે જો કાન અને આંખ સલામત છે તો જાણે કુરબાની અખંડ અને સંપૂર્ણ છે, ચાહે તેના સીંગ તૂટેલા હોય અને તે પગોને ઢસડીને કુરબાનગાહ તરફ લઈ જાય.

* * * * *

# ૫૪ - પોતાની બયઅતનો ઉલ્લેખ

*જેમાં આપે આપની બયઅતનો ઉલ્લેખ કર્યો છે.*

લોકો મારા પર એવી રીતે તૂટી પડયા જેવી રીતે તરસ્યા ઊંટ પાણી પર તૂટી પડે છે, જેના રખેવાળોએ તેઓને આઝાદ મૂકી દીધા હોય, અને તેઓના પગોની રસ્સીઓ ખોલી નાખી હોય, ત્યાં સુધી કે મને લાગવા માંડયું કે આ મને મારી જ નાખશે અથવા એક બીજાને મારી નાખશે. મેં આ ખિલાફતના કાર્યને ઉથલાવી ઉલટાવીને જોયું છે કે મારી તો ઊંઘ સુધ્ધાં ઉડી ગઈ છે. અને હવે એમ લાગે છે કે યા તો એઓથી જેહાદ કરવી પડશે અથવા પયગમ્બરના હુકમોનો ઇન્કાર કરી દેવો પડશે. દેખીતું છે કે મારા માટે યુધ્ધની યાતનાઓ સહેવી અઝાબની સખ્તી સહેવાથી વધારે આસાન છે. અને દુનિયાની મૌત આખેરતની મૌત કરતાં અને તબાહી કરતાં ઘણી હળવી છે.

* * * * *

# ૫૫ - સિફ્ફીનવાળાઓથી જેહાદની રજા દેવામાં ઢીલ સમયે

*જયારે આપના અસ્હાબે એમ જાહેર કર્યું કે સિફ્ફીનવાળાથી જેહાદમાં ઢીલથી કામ લેવામાં આવે છે.*

શું તમે એમ ધારો છો કે આ ઢીલ મૌતના અણગમાના કારણે છે. તો ખુદાની કસમ મને મૌતની કોઈ પરવા નથી કે હું તેના પર જઈ પડું કે તે મારા પર આવી પડે, અને તમારૂં એમ માનવું કે મને શામવાળા બાતિલ પર હોવા વિશે શક છે તો ખુદા સાક્ષી છે કે મેં જંગને એક દિવસ માટે પણ નથી ટાળી, પણ કદાચ એ વિચારે કે કોઈ વર્ગ મારી સાથે આવી ભળી જાય. અને હિદાયત મેળવી લે, અને મારી રોશનીમાં પોતાની નબળી આંખોનો ઉપચાર કરી લે. કેમકે આ વાત મારી નજદીક એથી ઘણી વધારે સારી છે કે હું તેની ગુમરાહીના કારણે તેને ક ત્લ કરી નાખું. જો કે આ કત્લનો ગુનાહ તેના જ ઝિમ્મે રહેશે.

* * * * *

# ૫૬ - સિફફીનમાં સુલહના વખતે

## *હઝરત રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના સહાબીઓનો ઉલ્લેખ*

જેમાં રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના અસ્હાબને યાદ કરવામાં આવ્યા છે એ સમયે જયારે સિફફીનના વખતે આપે લોકોને સુલેહનો હુકમ આપ્યો હતો.

અમે રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના સંગાથમાં પોતાના ખાનદાનના વડવાઓ, બાળકો, ભાઈબંધ અને કાકાઓને પણ કત્લ કરી નાખતા હતા અને તેનાથી અમારા ઈમાનમાં અને તસ્લીમ (સમર્પણ)ની ભાવનામાં વધારો થતો હતો. અને અમે બરાબર સીધા રસ્તા પર આગળ ધપી રહ્યા હતા. અને સંકટોની યાતનાઓ પર ધીરજ ધરતા હતા, અને દુશ્મનની સાથે જેહાદમાં પ્રયત્નશીલ જ રહ્યા કરતા હતા. અમારો સિપાહી દુશ્મનના સીપાહીથી એવી રીતે સામનો કરતો હતો જેવી રીતે મરદોનો

સામનો થાય છે એક બીજાની જાનની પાછળ પડી જાય. અને દરેકને એ જ ચિંતા હોય બીજાને મૌતનો ઘૂંટ પીવરાવી દે. પછી કદી અમે દુશ્મનને મારી લેતા હતા અને કદી દુશ્મન અમારા પર વિજ્યી થતા. ત્યાર પછી જયારે ખુદાએ અમારી સત્યનિષ્ઠાને અજમાવી લીધી તો અમારા દુશ્મન પર હડધૂતતા ઉતારી દીધી અને અમારા પર સહાયતા ઉતારી ત્યાં સુધી કે ઇસ્લામ છાતી ઠોકીને પોતાની જગ્યાએ સ્થિર થઈ ગયો. અને પોતાની મંઝિલે કાયમ થઈ ગયો.

મારી જાનની કસમ ! અગર અમારો કિરદાર પણ તમારી જેવો હોત તો દીનનો કોઈ સ્તંભ સ્થિર ન હોત અને ન ઈમાનની કોઈ ડાળી લીલી હોત, ખુદાની કસમ, તમે તમારા કરતૂતોના કારણે દૂધના બદલે રકત દોહશો અને અંતમાં પસ્તાશો.

* * * * *

# ૫૭ - એક નિંદાપાત્ર શખ્સ વિશે

સચેત થઈ જાવ, કે ટૂંકમાં જ તમારા પર એક શખ્સ ચડી બેસશે જેનું ગળું પહોળું અને પેટ મોટું હશે. જે કંઈ મળશે તે હડપ કરી જશે. અને જે નહીં મળે તેની તલાશમાં રહેશે. તમારી જવાબદારી હશે કે તેને કત્લ કરી નાખો પણ તમે તેને હરગીઝ કત્લ નહીં કરો.

ખેર, તે ટૂંકમાં જ તમને, મને ગાળો ભાંડવાનો અને મારાથી દૂર રહેવાનો હુકમ આપશે. તો જો ગાળોની વાત હોય તો મને બુરૂં ભલું કહી દેજો કે આ મારા માટે પવિત્રતાનો સામાન છે. અને તમારા માટે દૂશ્મનથી છુટકારાનો. પરંતુ ખબરદાર ! મારાથી ધિક્કાર ન કરજો (દૂર ન થજો) કેમકે હું ઇસ્લામની પ્રકૃતિ પર જનમ્યો છું અને મેં ઈમાન અને હિજરત બંનેમાં પહેલ કરી છે.

* * * * *

# ૫૮ - "લા હુકમ ઇલ્લા લિલ્લાહ" નો નારો લગાવવાવાળાને સંબોધન

જે ખારજીઓને સંબોધવામાં આવ્યો જેઓ લવાદથી અલગ થઈ ગયા અને "લા હુકમ ઇલ્લા લિલ્લાહ"નો નારો મારવા લાગ્યા.

ખુદા કરે, તમારા પર સખ્ત આંધીઓ આવે અને કોઈ તમારી સ્થિતિ સુધારનાર બાકી ન રહે. શું હું ઈમાન લાવ્યા પછી અને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ સાથે રહીને જેહાદ કર્યા પછી મારા વિશે કુફ્રનું એલાન કરી દઉં ? એવું કરીશ તો હું ભટકી જઈશ. અને હિદાયત પામેલા લોકોમાં નહીં રહું, જાઓ ફરી જાઓ તમારી સૌથી નઠારી મંઝિલ તરફ અને પાછા ચાલ્યા જાવ તમારા કદમોના નિશાનો પર. પણ જાણી લ્યો કે મારા પછી તમારી સર્વાંગી હીણપત અને કાટવાવાળી તલવારનો સામનો કરવો પડશે. અને એ રીતનો સામનો કરવો પડશે જેને ઝાલિમ

તમારા માટે પોતાની નીતિ બનાવી લેશે એટલે દરેક વાતને પોતા માટે ખાસ કરી લેવી.

* * * * *

# ૫૯ - ખારજીઓની રૂસ્વાઈ વિશે આપની ભવિષ્યવાણી

*જયારે આપે ખારજીઓથી લડવાનો નિર્ણય કર્યો અને નહેરવાનનો પૂલ પાર કરી લીધો.*

યાદ રાખો ! દુશ્મનોની કત્લગાહ નદીને પેલે પાર છે. ખુદાની કસમ, ન તેમાંના દસ બાકી બચશે અને ન તમારા દસ હલાક થશે.

* * * * *

# ૬૦ - ખારજીઓના નિકંદન પછી આપનું સંબોધન

*એ સમયે જયારે ખારજીઓને કત્લ કર્યા પછી લોકોએ કહ્યું કે હવે તો કૌમ ખતમ થઈ ગઈ છે.*

હરગીઝ નહીં, ખુદા સાક્ષી છે કે એ હજી પુરૂષોની પીઠમાં અને સ્ત્રીઓના ગર્ભાશયમાં મૌજૂદ છે. અને જયારે પણ તેમાંથી કોઈ માથું કાઢશે તેને કાપી નાખવામાં આવશે ત્યાં સુધી કે અંતમાં ચોર અને ડાકુ જ રહી જશે.

* * * * *

# ૬૧ - ખારજીઓના વિશે આપનું સંબોધન

આપે ફરમાવ્યું: ખબરદાર ! મારા પછી ખારજીઓ સાથે જંગ ન કરજો, કેમકે હકની શોધમાં નિકળનારો અને બહેકી જનારો તેના જેવો નથી હોતો જે બાતિલની શોધમાં નિકળે અને પ્રાપ્ત પણ કરી લે.

* * * * *

# ૬૨ - આપને ખૂનની ધમકી મળવા પછી સંબોધન

*જયારે આપને અચાનક કત્લથી ડરાવવામાં આવ્યા*

યાદ રાખો, મારા માટે ખુદા તરફથી એક મજબૂત અને અતૂટ ઢાલ છે. ત્યાર પછી જયારે મારો દિવસ આવી જશે તો આ ઢાલ મારાથી અલગ થઈ જશે અને મને મૌતને સોંપી દેશે, એ સમયે ન તીર ચૂકશે અને ન ઝખમ રૂઝાઈ શકશે.

# ૬૩ - દુનિયાની નશ્વરતાનો ઉલ્લેખ

*જેમાં દુનિયાના ફિત્નાઓથી ડરાવવામાં આવ્યા છે.*

સચેત થઈ જાવ કે, આ દુનિયા એવું ઘર છે જેનાથી સલામત રહેવાનો સામાન એના અંદરથી જ થઈ શકે છે. અને કોઈ એવી ચીજ મોક્ષનું સાધન નથી બની શકતી, જે દુનિયા માટે જ હોય. લોકો આ દુનિયા દ્વારા અજમાવવામાં આવે છે. જે લોકો દુનિયાનો સામાન દુનિયા માટે જ પ્રાપ્ત કરે છે તેઓ તેને છોડીને ચાલ્યા જાય છે. અને પછી હિસાબ પણ દેવો પડે છે. અને જે લોકો અહીંથી ત્યાંના માટે મેળવે છે તેઓ ત્યાં જઈને મેળવી લે છે અને તેમાં સ્થાયી થઈ જાય છે. આ દુનિયા હકીકતમાં બુધ્ધિવાનોની દ્રષ્ટિમાં એક પડછાયા જેવી છે જે જોતજોતામાં સમેટાઈ જાય છે અને ફેલાતા ફેલાતા ઓછો થઈ જાય છે.

* * * * *

# ૬૪ - નેક કાર્યોમાં સ્પર્ધા વિશે

ખુદાના બંદાઓ! અલ્લાહથી ડરો અને (નેક) આમાલની સાથે મૌતની તરફ આગળ વધો. આ દુનિયાના નાશ પામનાર માલ દ્વારા અમર રહેવાવાળી આખેરતને ખરીદી લ્યો. અને અહીંથી કૂચ કરી જાવ કેમકે તમને ઝડપથી લઈ જવામાં આવી રહ્યા છે. અને મૌત માટે તૈયાર થઈ જાવ કે તે તમારા માથા પર લટકી રહી છે. એ કૌમ જેવા થઈ જાવ કે જેને પોકારવામાં આવી તો તરત જ હોશિયાર થઈ ગઈ.

અને તેણે જાણી લીધું કે દુનિયા તેનો ઉદ્દેશ નથી તો તેને આખેરતથી બદલી નાખી. એટલા માટે કે પરવરદિગારે તમને નિર્થક પૈદા નથી કર્યા. અને ન બેકાર છોડી દીધા છે. અને યાદ રાખો કે તમારી અને જન્નોત કે જહન્ન મ વચ્ચે એટલો જ ગાળો છે કે મૃત્યુ આવી પડે. અને અંત સામે આવી જાય. અને એ જીવનનો કાળ જેને દરેક ક્ષણ ઓછી કરી રહી છે અને દરેક ઘડી તેની ઇમારતને જીર્ણ કરી રહી છે તે ઘણો લાંબો સમજવાને જ લાયક છે. અને એ મૌત જેને રાત દિવસ

ખેંચી આગળ લાવી રહ્યા છે, તેને જલદી આવવા વાળી જ સમજવી જોઈએ. અને એ શખ્સ જેની સામે સફળતા કે નિષ્ફળતા અને દૂર્ભાગ્ય આવવાવાળું છે તેણે શ્રેષ્ઠ સામાન જ ભેગો કરવો જોઈએ.

એટલે તમે દુનિયામાં રહીને દુનિયાથી ભાતુ તૈયાર કરી લ્યો જેનાથી કાલે તમારી જાતનું રક્ષણ કરી શકો. એનો રસ્તો એ છે કે બંદો પોતાના પરવરદિગારથી ડરે. પોતાના આત્માથી નિખાલસતા રાખે, તૌબાને પ્રાથમિકતા આપે. ઇચ્છાઓને અંકુશમાં રાખે એટલા માટે કે તેની મૌત તેનાથી છુપી છે અને તેની ઇચ્છા તેને લગાતાર ધોકો આપવાવાળી છે. અને શૈતાન તેના માથા પર સવાર છે. જે મુસીબતોને સજાવી રહ્યો છે. જેથી ઇન્સાન તેને આવકારે અને તૌબાની આશાઓ આપે છે જેથી તેને ઢીલમાં નાખે. ત્યાં સુધી કે ગફલત અને બેભાન સ્થિતિમાં મૌત તેના પર આક્રમણ કરી બેસે છે.

હાય કેટલું હસરતનું સ્થળ ઇન્સાનની ઉમર જ તેની વિરૂદ્ધ દલીલ બની જાય અને તેનો રોજગાર જ તેને

કમનસીબીની તરફ પહોંચાડી દે. પરવરદિગારથી દુઆ છે કે, અમને અને તમને એ લોકોમાં ગણે જેને નેઅમતો મગરૂર નથી બનાવતી અને કોઈ હેતુ ખુદાની તાબેદારીમાં આળસ કરવા પ્રેરતો નથી. અને મૃત્યુ પછી તેના પર પસ્તાવો અને રંજ અને ગમ નથી ઊતરતા.

* * * * *

# ૬૫ - અલ્લાહના ઇલ્મની અત્યંત સુક્ષ્મ ચર્ચા તરફ ઇશારો

સઘળી પ્રશંસા એ ખુદાને માટે છે જેના ગુણોમાં પ્રાથમિક્તા કે અંતિમતા નથી હોતી કે તે અંતિમ હોવા પહેલા પ્રથમ રહ્યો હોય અને ગુપ્ત હોવા પહેલા પ્રગટ રહ્યો હોય. તેના સિવાય જેને પણ એક કહેવામાં આવે છે તેનું એકત્વ લઘુતા છે અને જેને પણ માનવંત સમજવામાં આવે છે તેનું માન, અપમાન છે. તેની સામે દરેક બળવાન નિર્બળ છે અને દરેક ધણી ગુલામ છે. દરેક આલિમ વિદ્યાર્થી અને દરેક શક્તિમાન લાચાર છે. દરેક સાંભળનાર સુક્ષ્મ અવાજો માટે બહેરો છે અને ઊંચી અવાજો પણ તેને બહેરો બનાવી દે છે. અને દૂરની અવાજ પણ તેની સીમા બહાર નિકળી જાય છે. એવી જ રીતે તેની સિવાય દરેક પ્રગટ ગુપ્તતા વગર છે અને દરેક ગુપ્ત જાહેર વગર છે. તેણે મખ્લૂકાત (સર્જન)ને પોતાની હુકૂમતની સ્થિરતા અથવા પરિણામના ભયથી પૈદા નથી કર્યા.

ન તો તેને કોઈ બરાબરવાળા હુમલાખોર અથવા વધુમતિવાળા ભાગીદાર અથવા ટકરાનારા સામેવાળા સાથે સામનો કરવામાં કોઈ મદદ લેવી હતી. આ સઘળી મખ્લૂક તેણે જ સર્જેલી અને પાળેલી છે. અને આ બધા બંદાઓ, તેની સામે સ્વીકૃતિનું મસ્તક નમાવી ઊભા છે.

તેણે વસ્તુમાં પ્રવેશ નથી કર્યો કે તેને કોઈની અંદર સમાએલ કહેવામાં આવે. અને ન એટલો દૂર થઈ ગયો છે કે અલગ થલગ સમજવામાં આવે. મખ્લૂકાતનું સર્જન અને રચનાઓની યોજના તેને થકાવી નથી શકતી. અને ન કોઈ સર્જન તેને લાચાર કરી શકે છે અને ન કોઈ પ્રારબ્ધ કે નિર્માણમાં તેને કોઈ ધોકો થઈ શકે છે. તેનો દરેક નિર્ણય નિશ્ચિત અને તેનું દરેક ઇલ્મ યકીનવાળું અને તેનો દરેક હુકમ અટલ છે, નારાજી પણામાં પણ તેનાથી આશા રાખી શકાય છે અને નેઅમતોમાં પણ તેનો ડર રહ્યા કરે છે.

* * * * *

# ૬૬ - સિફફીનની લડાઈમાં યુધ્ધની કેળવણી સંબંધમાં ફરમાન

મુસલમાનો ! ખુદાથી ડરવાની ટેવ પાડો. સંતોષ અને ગંભીરતાની ચાદર ઓઢી લ્યો. દાંતો ભીંસી લ્યો. તલવારો મ્યાનમાંથી નિકાળવા પહેલા મ્યાનની અંદર સળવળાવો. દુશ્મનને વક્ર દ્રષ્ટિએ જોતા રહો અને ભાલાઓથી બંને તરફ વાર કરતા રહો. તેને પોતાની તલવારની ધાર પર રાખો ને તલવારોનો હુમલો આગળ વધીને કરો. અને એ યાદ રાખો કે તમે પરવરદિગારની નજરમાં અને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના પિત્રાઈની સાથે છો. દુશ્મન પર લગાતાર હુમ્લા કરતા રહો અને ભાગવાથી શરમ કરો, કે તેનું મેણું વંશોમાં રહી જાય છે. અને તેનું પરિણામ જહન્નમમહોય છે. પોતાના જીવને રાજી ખુશીથી ખુદાને સુપ્રત કરી દયો. અને મોતની તરફ અત્યંત ધીર ગંભીરતાથી કદમ આગળ વધારો. તમારૂં નિશાન એક દુશ્મનનું મોટું લશ્કર અને

કનાતોવાળો ખૈમો ( રાવટી) હોવો જોઈએ કે જેના એક ખૂણામાં શયતાન બેઠેલો છે. તેની સ્થિતિ એ છે કે તેણે એક પગ હુમ્લા માટે આગળ વધારી રાખ્યો છે. અને એક ભાગવા માટે પાછળ રાખ્યો છે. એટલે તમે મક્કમતાથી તમારા નિર્ણય પર અડગ રહો. ત્યાં સુધી કે હક પરોઢના અજવાળાની જેમ સ્પષ્ટ થઈ જાય. અને ધરપત રાખો કે ઉન્નીતિ (બુલંદી) તમારૂં ભાગ્ય છે, અલ્લાહ તમારી સાથે છે અને તે તમારા આમાલને બરબાદ નહીં થવા દે.

* * * * *

# ૬૭ - સકીફા બની સઅદાની કાર્યવાહી પછી આપનું ફરમાન

જયારે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની વફાત પછી સકીફા બની સાઅદાની ખબરો પહોંચી ત્યારે આપે પૂછયું કે અન્સારે શું વિરોધ કર્યો? તો લોકોએ બતાવ્યું કે તેઓ એમ કહી રહ્યા હતા કે એક અમીર અમારો હશે અને એક તમારો. તો આપે ફરમાવ્યું:

તમે લોકોએ તેઓની વિરૂદ્ધ એ દલીલ કેમ ન પેશ કરી કે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે તમારા નેક ચારિત્ર્યવાનો સાથે ભલમનસાઈ અને ગુનેહગારોથી દરગુજર કરવાની વસીયત કરી છે.

લોકોએ કહ્યું કે એમાં શું દલીલ છે?

ફરમાવ્યું કે ઇમામત અથવા હુકૂમત તેઓના ભાગમાં હોત તો તેઓને વસીયત કરવામાં આવત ન કે તેઓ વિશે વસીયત કરવામાં આવે. અને પછી આપે પ્રશ્ન કર્યો કે કુરૈશની દલીલ શું હતી? લોકોએ કહ્યું કે તેઓ પોતાને

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના કુટુંબી સાબિત કરી રહ્યા હતા. આપે ફરમાવ્યું: અફસોસ ! શજરા ( ફૂળ વૃક્ષ)થી દલીલ આપી અને સમરા (ફળ)ને બરબાદ કરી દીધું.

* * * * *

# ૬૮ - મોહમ્મદ બિન અબીબક્રની શહાદત પછી

*જયારે આપે મોહમ્મદ બિન અબી બક્રને મિસરની જવાબદારી સોંપી અને તેમને કતલ કરી નાખવામાં આવ્યા.*

મારો ઇરાદો હતો કે મિસરનો ગવર્નર હાશિમ બિન ઉત્બાને બનાવું, અને જો તેમને બનાવી દેત તો મયદાન કદાપી વિરોધીઓ માટે ખાલી ન છોડત અને તેઓને મોકાથી ફાયદો ન ઉપાડવા દેત. (પણ સંજોગોએ એમ ન કરવા દીધું)

આમ કહેવાનો હેતુ મોહમ્મદ બિન અબીબક્રની નિંદા નથી એટલા માટે કે તેઓ મને વહાલા હતા અને મારા જ પાળેલા હતા.

* * * * *

# ૬૯ - પોતાના સાથીઓની અવળાઈમાં કહ્યું

હું તમારી સાથે ક્યાં સુધી એવો નરમ વર્તાવ કરૂં કે જે બીમાર ઊંટ સાથે કરવામાં આવે છે. જેની ખૂંદ અંદરથી પોલી થઈ ગઈ હોય અથવા એવી જીર્ણ કપડાં સાથે કરવામાં આવે છે, જેને એક તરફથી સીવવામાં આવે તો બીજી તરફ ફાટી જાય છે. જયારે પણ શામનું કોઈ ટોળું તમારા કોઈ ટોળા સામે આવે છે તો તમારામાંથી દરેક જણ પોતાના ઘરનો દરવાજો બંધ કરી દે છે. અને એવી રીતે છુપાઈ જાય છે જેવી રીતે દરમાં ઘો અને ભોંયરામાં જરખ. ખુદાની કસમ ! હડધૂત એ જ થશે જેના તમારા જેવા મદદગાર હશે અને જે તમારી મારફત તીરંદાજી કરશે અથવા તે અણી તૂટેલ અને મૂઠ ભાંગેલ તીરથી લક્ષ્ય બાંધશે. ખુદાની કસમ, તમે ઘરના આંગણામાં ઘણા દેખાવ છો અને લશ્કરના ઝંડા નીચે ઘણા ઓછા દેખાવ છો. હું તમને સુધારવાની રીત જાણું છું અને તમને સીધા દોર કરી શકું છું, પણ શું કરૂં મારો દીન ખરાબ કરી તમને ઠીક કરવા નથી માગતો. ખુદા તમારા વદનોને

હડધૂત કરે અને તમારા ભાગ્યને દૂર્ભાંગ્ય બનાવે. તમે હકથી એટલા પરિચિત નથી જેટલા બાતિલને જાણો છો. અને બાતિલને એવી રીતે બાતિલ નથી ગણતા જેવી રીતે હકને બાતિલ ગણો છો.

* * * * *

# ૭૦ - ઘાયલ થવાની રાતે આપનું સંબોધન

*એ ફજરના સમયે આપના પવિત્ર મસ્તકે વાર કરવામાં આવ્યો:*

હજી હું બેઠો હતો કે એકાએક આંખ લાગી ગઈ અને એવું લાગ્યું કે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ મારી સામે બિરાજમાન છે. મેં અરજ કરી: મેં આપની ઉમ્મતથી અત્યંત આડોડાઈ અને દુશ્મનીનો અનુભવ કર્યો છે. ફરમાવ્યું કે બદદુઆ કરો !

તો મેં આ દુઆ કરી. ખુદાયા, મને તેઓથી સારી કૌમ અતા કર અને તેઓને મારાથી કડક આગેવાન આપી દે.

* * * * *

# ૭૧ - ઈરાકવાળાઓની નિંદા સંબંધમાં

જાણી લ્યો, અય ઈરાકવાસીઓ. બસ તમારો દાખલો એ ગર્ભવતી સ્ત્રી જેવો છે જે નવ મહીના સુધી બાળકને પેટમાં રાખે અને જયારે જણવાનો સમય આવે તો પાડી દે. અને પછી તેનો ધણી પણ મરી જાય અને રંડાપો પણ લાંબો થઈ જાય કે નઝદીકનો કોઈ વારસ ન રહે અને દૂરવાળા વારસ બની જાય.

ખુદા સાક્ષી છે કે હું તમારા પાસે મારા અખત્યારથી નથી આવ્યો બલ્કે સંજોગોના જોરે આવ્યો છું. અને મને એ ખબર મળી છે કે, તમે લોકો મારા પર જૂઠી આળ મૂકો છો. ખુદા તમારો નાશ કરે. હું કોની વિરૂદ્ધ જુઠું બોલીશ?

ખુદાની વિરૂધ્ધ ! જયારે કે હું સૌથી પહેલા તેના પર ઈમાન લાવ્યો છું.

અથવા રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની વિરૂદ્ધ ! જયારે કે સૌથી પહેલા મેં આપનું સમર્થન કર્યું છે.

કદાપી નહીં, બલ્કે આ વાત એવી હતી કે તમારી સમજથી પર હતી અને તમે તેને લાયક નહોતા. ખુદા તમને સમજે. હું તમને હીરાઓ તોળી તોળીને આપું છું અને કોઈ મૂલ્ય નથી માગતો, પણ કાશ તમારી પાસે તેનું પાત્ર હોત ! અને ટૂંક સમયમાં જ તમને તેની હકીકતની ખબર પડી જશે.

* * * * *

# ૭૨ - સલવાતની તાલીમ અને અલ્લાહ અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની સિફતો

જેમાં લોકોને સલવાતની તાલીમ આપવામાં આવી છે અને ખુદા તથા રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના ગુણોનું વર્ણન છે.

અય ખુદા ! અય ધરાની પથારી બીછાવનારા, અને pઊંચા ઊંચા આસમાનોને રોકવાવાળા, અને દિલોને તેની સુભાગી અથવા હતભાગી પ્રકૃતિઓ પર પૈદા કરવાવાળા !

તારી સૌથી વધારે પવિત્ર અને નિરંતર વધનારી બરકતો પોતાના બંદા અને રસૂલ હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ પર ઉતાર. જે પૂરોગામી નબુવ્વતોને અંતાવનાર, દિલ અને દિમાગના બંધ દરવાજાઓને ખોલનાર, હકની મારફત હકનું એલાન કરનાર, બાતિલના જોશ અને ચળવળને ટાળનાર, અને

ગુમરાહીઓના હુમલાઓનું માથું કચડનાર. જે ભાર જે રીતે તેના પર નાખવામાં આવ્યો તેઓએ ઉપાડી લીધો. તારા હુકમ સાથે ઊભા થયા. તારી મરજીના રસ્તા પર, ઝડપી કદમ વધારતા રહ્યા. ન આગળ વધવાનો ઇન્કાર કર્યો, ન તેઓના ઇરાદાઓમાં નબળાઈ આવી. તારી વહીને સુરક્ષિત કરી. તારા વચનનું પાલન કર્યું. તારા હુકમને લાગુ કરવાના માર્ગમાં આગળ વધતા રહ્યા, ત્યાં સુધી કે પ્રકાશની શોધખોળ કરનારા માટે અગ્નિ રોશન કરી અને ભટકેલાઓ માટે રસ્તો સ્પષ્ટ કર્યો.

તેઓના દ્વારા દિલોએ ફિત્નાઓ અને ગુનાહમાં ડૂબેલા રહેવા છતાં હિદાયત મેળવી લીધી. અને તેઓએ રસ્તો દેખાડનારા ચિહ્નો અને સ્પષ્ટ હુકમો સ્થાપી દીધા. તેઓ તારા પ્રમાણિક બંદા, તારા ગુપ્ત ઇલ્મોના ખજાના, રોઝે કયામત માટે તારા ગવાહ, હકની સાથે મોકલેલ અને મખ્લૂકાત તરફ તારા પ્રતિનિધી હતા.

ખુદાયા ! તેઓ માટે તારી રહેમતની છાંવમાં વિશાળ સ્થાન નક્કી કરી દે. અને તેમની નેકીઓને તારા ફઝલથી

બમણી ચોગણી કરી દે. અય ખુદા ! તેમની હુકૂમતોને દરેક હુકૂમતોથી ઉચ્ચતર અને તેમના સ્થાનને તારા પાસે મહાન બનાવી દે. તેમના નૂરને પરિપૂર્ણ કર અને તારી રિસાલતના બદલામાં તેઓને સ્વિકૃત શહાદત અને પસંદ કરેલા વચનોનું ઇન્આમઅર્પણ કર કે તેમની વાતચીત સદા ન્યાયપૂર્ણ અને તેમના ચુકાદા સદા હક અને બાતિલની વચ્ચે અંતર દોરતી સીમા છે.

અય ખુદા ! અમને તેઓની સાથે ખૂશગવાર ઝિંદગી, નેઅમતોનું સ્થાન, ઇચ્છાઓ અને લિઝઝતોનું કેન્દ્ર, શોભા અને મોભાનું સ્થાન અને કરામત અને શરાફતના તોહફાઓની મંઝિલ પર ભેગા કરી દે.

* * * * *

# ૭૩ - મરવાન બિન અલ હકમથી બસરામાં સંબોધન

કહે છે કે જયારે મરવાન બિન હકમ જંગે જમલમાં પકડાઈ ગયો. તો ઇમામે હસન અલય્હિસ્સલામ અને ઈમામ હુસૈન અલય્હિસ્સલામે હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામને તેની ભલામણ કરી અને આપે તેને આઝાદ કરી દીધો, તો બંને હઝરાતે અરજ કરી કે યા અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ ! આ આપની બયઅત કરવા માગે છે. તો આપે ફરમાવ્યું:

શું તેણે હ. ઉસ્માનના કત્લ થવા પછી મારી બયઅત નહોતી કરી? મને એની બયઅતની કોઈ જરૂર નથી. આ એક યહૂદી પ્રકારનો હાથ છે. જો હાથથી બયઅત કરી પણ લેશે તો નફફટાઈથી તેને તોડી પણ નાખશે. યાદ રાખો, તેને પણ હુકૂમત મળશે પણ માત્ર એટલી વાર જેટલી વારમાં કુતરો પોતાનું નાક ચાટી લે છે. એ ઉપરાંત એ ચાર

પુત્રોનો બાપ પણ છે અને ઇસ્લામની ઉમ્મત તેનાથી અને તેની અવલાદથી સૌથી ખરાબ દિવસો જોવા વાળી છે.

* * * * *

# ૭૪ - જયારે લોકોએ હ.ઉસ્માનની બયઅત કરવાનો ઇરાદો કરી લીધો

તમને ખબર છે કે હું બધા લોકોમાં સૌથી વધારે ખિલાફતનો હકદાર છું અને ખુદા ગવાહ છે, હું ત્યાં સુધી સંજોગોને સાથ આપતો રહીશ જયાં સુધી મુસલમાનોના મસઅલાઓ ઠીક રહેશે અને ઝુલ્મ માત્ર મારી જાત સુધી મર્યાદિત રહે, જેથી હું તેનો બદલો અને સવાબ મેળવી શકું અને દુનિયાના આ ઠાઠ વૈભવથી મારી બેપરવાઈને જાહેર કરી શકું. જેના માટે તમે બધા મરી રહ્યા છો.

* * * * *

# ૭૫ - જયારે લોકોએ આપ પર હ.ઉસ્માનના ખૂનનો આરોપ લગાવ્યો

*જયારે આપને ખબર મળી કે બની ઉમય્યા આપના ઉપર હ. ઉસ્માનના ખૂનનો આરોપ મુકી રહ્યા છે.*

શું બની ઉમય્યાની ખરેખરી જાણકારી તેઓને મારા પર આળ મૂકવાથી ન રોકી શકી અને શું જાહિલોને મારા કારનામા આ આરોપથી અટકાવી ન શક્યા? ખરેખર પરવરદિગારે આળ અને જૂઠ ઘડવાની વિરૂદ્ધ જે નસીહત કરી છે તે મારા બયાનથી ઘણી વધારે સંપૂર્ણ છે. હું ગમે તેમ આ બેદીનો (અધર્મીઓ) પર મારી હુજ્જત પૂરી કરવાવાળો, તે વચનભંગી, શકમાં પડેલા લોકોનો દુશ્મન છું અને બધા સંદેહયુક્ત મામલાઓ ખુદાની કિતાબ સામે રજુ કરૂં છું. અને કયામતના દિવસે બંદાઓનો હિસાબ તેઓના દાવાઓ આશય (નિય્યત) પર જ થશે.

* * * * *

# ૭૬ - નેક અમલનું પ્રોત્સાહન

ખુદા રહેમત કરે એ બંદા પર જે કોઈ હિકમત (ડહાપણની વાત) સાંભળે તો તેને યાદ રાખી લે. અને જો તેને કોઈ હિદાયતની દાવત આપવામાં આવે તો તેની નિકટતર થઈ જાય. અને કોઈ રહેબર સાથે જોડાઈ જાય તો નજાત મેળવી લે. પોતાના પાલનહારને સદા નજરમાં રાખે અને ગુનાહોથી ડરતો રહે. નિસ્વાર્થ કાર્યોને આગળ વધારે અને ભલાઈના કામ કરતો રહે. સંગ્રહવા લાયક સવાબ ભેગો કરે. પરહેઝ કરવા યોગ્ય ચીજોથી દૂર રહે. ઉદ્દેશને દ્રષ્ટિમાં રાખે. અજ્ર ભેગો કરી લે. ઇચ્છાઓ પર અંકૂશ મેળવે, અને આશાઓને ખોટી પાડે. ધીરજને નજાતનું વાહન બનાવી લે અને તકવાને વફાતનો સંઘરો બનાવી લે. રોશન માર્ગ પર ચાલે અને ઉઘાડા રાજમાર્ગ પર ચાલે. જીવનની મોહલતને ગનીમત ગણે અને મૌત તરફ પોતે આગળ વધે. અને અમલનું ભાતુ લઈ આગળ વધે.

* * * * *

# ૭૭ - જયારે સઈદ બિન અલ આસે આપને આપના હકથી વંચિત કરી દીધા.

આ બની ઉમય્યા મને પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનો વારસો પણ થોડો થોડો કરીને આપે છે. જો કે હું જીવતો રહી ગયો તો એવી રીતે વાળી ઝૂડીને ફેંકી દઈશ, જેવી રીતે કસાઈ માંસના ટૂકડા પરથી માટીને ખંખેરી નાખે છે.

# ૭૮ - આપની દોઆના ઉચ્ચાર

*એ દોઆ જે આપ વારંવાર પઢયા કરતા હતા :*

અય અલ્લાહ ! મારા ખાતર એ વસ્તુઓને માફ કરી દે જેને તું મારાથી વધારે સારી રીતે જાણે છે, અને પછી જે એ કાર્યોનું પુનરાવર્તન થાય તો તું પણ ફરી ફરી માફ કરી દે.

અય ખુદા ! એ વચનો સંબંધમાં પણ માફ કરી દે જેનો તારાથી વાયદો કરવામાં આવ્યો, પણ તેને પાળવામાં ન આવ્યા.

અય ખુદા ! એ આમાલ પણ માફ કરી દે, જેમાં જીભથી તો તારી નિકટતા ચાહવામાં આવી, પણ દિલ તો તેનાથી વેગળું જ રહ્યું.

અય ખુદા ! આંખોના ટીકામય ઇશારાઓ, મોંના અશિષ્ટ ઉચ્ચારો, હૃદયની અયોગ્ય ઇચ્છાઓ અને જીભની બકવાસોને પણ માફ કરી દે.

* * * * *

# ૭૯ - ખારજીઓથી જંગના સમયે આપનું ફરમાન

*જયારે ખારજીઓ સામે જંગ પર નિકળવા સમયે અમુક સાથીઓએ કહ્યું કે હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ આ સફર માટે કોઈ બીજો સમય નક્કી કરે. હમણા સફળતાની શક્યતા નથી, કેમકે જયોતિષ શાસ્ત્રથી એવું લાગે છે.*

શું તમારૂં માનવું એ છે કે, તમને એ ઘડીની ખબર છે, જેમાં નિકળવાવાળાની આફતો ટળી જશે ? અને તમે એ ઘડીથી મને ડરાવવા માંગો છો જેમાં સફર કરનારો નૂકસાનોમાં ઘેરાઈ જશે ? યાદ રાખો જે તમારી આ વાતનું સમર્થન કરશે તે કુરઆનને જુઠલાવનારો હશે. અને ગમતી વસ્તુઓની પ્રાપ્તિ અને અણગમતી બાબતોને ટાળવામાં ખુદાની મદદથી બેપરવા થઈ જશે. શું તમે એમ ઇચ્છો છો કે તમારા કાર્ય મુજબ અમલ કરવાવાળો પરવરદિગારના બદલે તમારા જ વખાણ કરે. એટલા માટે કે તમે તમારા ધારવા

મુજબ તેને એ ઘડીની ખબર આપી છે જેમાં લાભો મેળવી શકાય છે. અને નૂકસાનોથી બચી શકાય છે.

અય લોકો ! ખબરદાર નજૂમ (જયોતિષી વિષે) નું ઇલ્મ ન મેળવો, પણ એટલું જ જેનાથી જમીન અને સમંદરના રસ્તાઓ ગોતી શકાય. કેમકે આ ઇલ્મ ભવિષ્ય વાણી તરફ લઈ જાય છે અને ખગોળ શાસ્ત્રી પણ એક પ્રકારનો ભવિષ્ય વેત્તા છે. જયારે કે ભવિષ્ય ભાખનાર જાદૂગર જેવો હોય છે અને જાદૂગર કાફર જેવો હોય છે અને કાફરનો અંત જહન્નદમ છે, ચાલો ખુદાનું નામ લઈને નીકળી પડો.

# ૮૦ - ઔરતોની સ્વભાવિક ઉણપો

*જંગે જમલથી નિવૃત થયા પછી સ્ત્રીઓની ટીકા સંબંધમાં*

લોકો યાદ રાખો કે સ્ત્રીઓ ઈમાનના હિસાબે, વારસાના ભાગની ગણત્રીએ, અને બુધ્ધિની સરખામણીમાં અધૂરી હોય છે. ઈમાનના હિસાબે અધૂરી હોવાનો અર્થ એ છે કે તે માહવારીના દિવસોમાં નમાઝ, રોઝાથી મૂક્ત રહે છે અને બુધ્ધિના હિસાબે અધૂરી હોવાનો મતલબ એ છે કે, ગવાહીમાં બે ઔરતો એક પુરૂષની બરાબર હોય છે. વારસામાં અધૂરી હોવાનો ભાવાર્થ એ છે કે તેને વારસામાં ભાગ પુરૂષથી અર્ધો મળે છે. એટલે તમે સૌથી વધારે નઠારી સ્ત્રીઓથી બચતા રહો. અને શ્રેષ્ઠ સ્ત્રીઓથી પણ સાવચેત રહો અને ખબરદાર ! સારૂં કામ પણ તેની તાબેદારીમાં અંજામ ન આપજો, કે તેને ખરાબ કામનો હુકમ આપવાનું પણ મન થઈ જાય.

* * * * *

# ૮૧ - ઝોહદના સંબંધમાં આપનો ઉપદેશ

અય લોકો ! ઝોહદ (સંયમ) આશાઓ ઓછી કરવી, નેઅમતનો ઉપકાર માનવો અને હરામ બાબતોથી બચવાનું નામ છે. હવે જો આ કામ તમારા માટે કઠીન થઈ જાય તો ઓછામાં ઓછું એટલું કરજો કે હરામ તમારી સહનશક્તિ પર ચડી ન બેસે અને નેઅમતોના સમયે શુક્રિયા ન ભૂલી જતા કે પરવરદિગારે અત્યંત સ્પષ્ટ અને રૌશન દલીલો અને હુજ્જત પૂરી કરનારી કિતાબો દ્વારા તમારૂં બહાનું ખતમ કરી નાખ્યું છે.

* * * * *

# ૮૨ - દુનિયાની ખાસિયતો વિશે ઉપદેશ

હું આ જગત વિશે શું કહું, જેનો આરંભ દુ:ખ અને શોક અને અંત નાશ અને નાબૂદી છે. તેના હલાલમાં હિસાબ અને હરામમાં અઝાબ છે. જે તેમા તવંગર થઈ જાય તે એ કસોટીઓમાં ગુંચવાઈ જાય અને જે રંક થઈ જાય એ દુ:ખી અને ઉદાસ થઈ જાય. જે તેની તરફ દોડે તેના હાથમાંથી નિકળી જાય અને જે વિમુખ થઈ બેસી રહે તેની પાસે હાજર થઈ જાય. જે તેને સાધન બનાવી આગળ જુએ તેને દેખતો કરી દયે અને તેને કોઈ વહાલું બનાવે તેને આંધળો કરી દયે.

* * * * *

# ૮૩ - ચિત્ર વિચિત્ર ગર્રાનો ખુત્બો જેમાં સર્જનનો અનુક્રમ અને બોધસુચનો આપવામાં આવ્યા છે.

*આ અદભૂત અને અપૂર્વ ખુત્બાને "ખુત્બએ ગર્રા" કહેવામાં આવે છે, આ ખુત્બામાં પરવરદિગારની સિફતો, તકવાની ભલામણ, દુનિયાથી વેરાગનો પાઠ, કયામતની સ્થિતિઓ, લોકોની નીરસતા પર ઠપકો, અને પછી ખુદાની યાદ અપાવવામાં પોતાની વિશિષ્ટતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.*

સઘળી પ્રશંસા એ અલ્લાહના માટે છે, જે પોતાની શક્તિના આધારે ઉચ્ચતમ અને પોતાના ઉપકારોના આધારે બંદાઓની નિકટ છે. તે દરેક લાભ અને વૃધ્ધિનો અર્પનાર અને દરેક સંકટ અને દુ:ખનો ટાળનારો છે. હું તેની કૃપા દ્રષ્ટિઓ અને ઉપકારોની વિપૂલતાના કારણે તેના વખાણ કરૂં છું. અને તેના પર ઈમાન રાખું છું કે તે જ પ્રથમ અને જાહેર છે. અને તેનાથી જ હિદાયત માગું છું કે તે જ નિકટ અને

હિદાયત કરનાર છે. તેનાથી જ મદદ માગું છું કેમકે એ જ શક્તિમાન અને જબરદસ્ત છે. અને તેના ઉપર જ ભરોસો કરૂં છું કે એ જ પૂરતો અને મદદગાર છે.

અને હું ગવાહી આપું છું કે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તેના બંદા અને રસૂલ છે. તેમને પરવરદિગારે પોતાના હુકમોનું પાલન કરાવવા પોતાની હુજ્જત પૂરી કરવા અને અઝાબની ખબરો આપવા મોકલ્યા છે.

ખુદાના બંદાઓ ! હું તમને એ ખુદાથી ડરવાનું આમંત્રણ આપું છું, જેણે તમારી હિદાયત માટે દ્રષ્ટાંતો આપ્યા છે. તમારા જીવન માટે સમય મર્યાદા નક્કી કરી છે. તમને વિવિધ પ્રકારના વસ્ત્રો પહેરાવ્યા છે. તમારા માટે આજીવિકાના સાધનો પુષ્કળ કરી દીધા છે. તમારા આમાલનો સંપૂર્ણ ઘેરાવો કર્યો છે. અને તમારા માટે બદલાની વ્યવસ્થા કરી દીધી છે. તમને સંપૂર્ણ નેઅમતો અને વિશાળ ભેટોથી નવાજ્યા છે. અને અસરકારક દલીલો દ્વારા આખેરતના અઝાબથી ડરાવ્યા છે. તમારી સંખ્યાને ગણી લીધી છે અને

તમારા માટે આ પરીક્ષાઘર અને ધડો લેવાના સ્થળે મુદ્દતો નક્કી કરી દીધી છે. અહીં જ તમારૂં ઇમ્તેહાન લેવામાં આવશે અને એના જ કથનો અને વર્તનો પર તમારો હિસાબ લેવામાં આવશે.

યાદ રાખો ! આ દુનિયાનું ઉદભવસ્થાન ગંદુ અને તેનો ઘાટ કાદવ - કિચડવાળો છે. તેનું દ્રશ્ય સુંદર દેખાય છે. પણ આંતરિક પરિસ્થિતિ અત્યંત ખતરનાક છે. આ દુનિયા નાશવંત ભ્રમણા, એક બુઝાઈ જનારી રોશની, એક ઢળી જનારો છાંયો, અને એક પડી જનારો આધાર છે. જયારે તેનાથી ધિક્કાર કરનારો હેવાયો થઈ જાય છે, અને તેને ખરાબ સમજનારો સંતોષી થઈ જાય છે તો એ અચાનક પોતાના પગ પછાડવા માંડે છે. અને આશિકને પોતાની જાળમાં સપડાવી લે છે. અને પછી પોતાના તીરોનું લક્ષ્ય બનાવે છે. ઇન્સાનના ગળામાં મૃત્યુનો ફાંસો નાખી દે છે. અને તેને ખેંચી કબ્રની સંકડાશ અને ઉતારાના ભય તરફ લઈ જાય છે. જ્યાં તે પોતાનું ઠેકાણું જોઈ લે છે અને પોતાના આમાલનું વળતર મેળવી લે છે. અને આજ અનુક્રમ વંશ

પરંપરા ચાલતો રહે છે કે અવલાદ વડીલોની જગ્યાએ આવી જાય છે. ન મૃત્યુ બળજબરી કરવાથી રોકાય છે અને ન આવવાવાળા લોકો ગુનાહોથી રોકાય છે. પૂરાણા લોકોના નકશે કદમ પર ચાલતા રહે છે અને ઝડપથી પોતાની અંતિમ મંઝીલ અને વિનાશની તરફ આગળ ધપતા રહે છે.

ત્યાં સુધી કે જયારે બધા મામલાઓ ખતમ થઈ જશે અને બધા કાળો વીતી જાશે અને કયામતની ઘડી નજીક આવી જશે તો તેઓને કબ્રના ખૂણાઓ, પક્ષીઓના માળાઓ, ભક્ષક પ્રાણીઓની બખોલો અને વિનાશના સ્થળોએથી કાઢવામાં આવશે. તેના હુકમની તરફ ઝડપથી પગ ઉપાડતા અને પોતાના વાયદાગાહની તરફ ધસતા ટોળે ટોળા, ખામોશ, હારબંધ અને ઊભા.

કુદરતની દ્રષ્ટિ તેઓના પર હાવી અને અલ્લાહના દાઈની અવાજ તેઓના કાનોમાં, શરીર પર પરાધીનતાના વસ્ત્રો, શરણાગતિ અને અપમાનની નિર્બળતા છવાએલ, યુક્તિઓ ગુમ, આશાઓ ભગ્ન, દિલ નિરાશાજનક ખામોશીની સાથે બેસી ગએલ. અને અવાજો દબાઈને શાંત થઈ જશે.

પસીનો મોમાં લગામ લગાડી દેશે. અને ડર મોટા હશે. કાન એ પુકારવાવાળાની અવાજથી ધ્રુજી ઉઠશે. જે અંતિમ ફેંસલો સંભળાવશે, અને આમાલનો બદલો આપવા અને આખેરતની શીક્ષા કે સવાબની પ્રાપ્તિ માટે અવાજ આપશે.

તમે એ બંદાઓ છો, જે તેની સત્તાના પ્રદર્શન માટે પૈદા થયા છો. અને તેના વર્ચસ્વ અને આશરા હેઠળ તેઓની કેળવણી થઈ છે, સકરાતના સમયે તેઓની રૂહો કબ્ઝ કરી લેવામાં આવશે, અને તેઓને કબ્રોની અંદર છુપાવી દેવામાં આવશે. આ માટીની અંદર ભળી જશે અને પછી અલગ અલગ ઊભા કરવામાં આવશે. તેઓને આમાલ પ્રમાણે બદલો આપવામાં આવશે અને હિસાબના સમયે અલગ અલગ કરી દેવામાં આવશે. તેઓને દુનિયામાં અઝાબથી બચવાનો માર્ગ તલાશ કરવાની મોહલત આપવામાં આવી છે અને તેઓને ઉજવળ માર્ગનું દર્શન કરાવાઈ ચૂક્યું છે. અને તેઓની દ્રષ્ટિમાંથી શંકાના આવરણો પણ હટાવી લેવામાં આવ્યા છે. તેઓને કાર્ય ક્ષેત્રમાં આઝાદ પણ છોડી દેવામાં આવ્યા છે. જેથી આખેરતની દોડની તૈયારી કરી લે. અને

એટલી મોહલત મેળવી લે, જેટલી ફાયદાઓ મેળવવા અને ભાવિ મંઝીલ માટે સામાન ભેગો કરવા માટે જરૂરી હોય છે.

હાય ! આ કેટલા ખરા દ્રષ્ટાંતો છે અને આરોગ્યદાયક નસીહતો છે, જો તેને પવિત્ર હ્રદય, સાંભળનારા કાન, મક્કમ રાઈ અને હોશિયાર અકલો પ્રાપ્ત થઈ જાય. એટલા માટે અલ્લાહથી ડરો એ શખ્સની જેમ જેણે નસીહતોને સાંભળી તો દિલ નરમ થઈ ગયા, અને ગુનાહ થઈ ગયા તો તરત જ કબૂલી લીધું અને ખુદાનો ડર લાગ્યો તો અમલ શરૂ કરી દીધો. આખેરતથી ડર્યો તો અમલની તરફ આગળ વધ્યો. કયામતનું યકીન થઈ ગયું તો શ્રેષ્ઠ આમાલ બજાવી લાવ્યો. બોધ આપવામાં આવ્યો તો બોધ ગ્રહણ કર્યો. ભય દેખાડવામાં આવ્યો તો ડરી ગયો. રોકવામાં આવ્યો તો રોકાઈ ગયો. હકની અવાજ પર લબ્બૈક કહી, તો તેની તરફ ધ્યાનમગ્ન થઈ ગયો. અને પાછો વળ્યો તો તૌબા કરી, વડીલોનું અનુસરણ કર્યું તો તેઓના પગલે ચાલ્યો. સત્યના દર્શન કરાવવામાં આવ્યા તો જોઈ લીધું. હકની શોધમાં ઝડપથી આગળ વધ્યો. અને જૂઠથી દૂર ભાગી મોક્ષ

પ્રાપ્ત કરી લીધો. પોતાના માટે આખેરતનો સંઘરો ભેગો કર્યો. અને પોતાના અંતરને શુધ્ધ કરી લીધું. આખેરતના ઘરને વસાવ્યું અને વાટ ખર્ચી એકઠી કરી લીધી, એ દિવસ માટે જે દિવસે અહીંથી કૂચ કરવાનું છે. અને આખેરતનો માર્ગ અપનાવવાનો છે. અને આમાલ પર આધાર રાખવાનો છે. અને ચિંતા સ્થાને જવાનું છે. અને સદાના ઘર માટે સામાન આગળ રવાના કરી દીધો.

અલ્લાહના બંદાઓ ! અલ્લાહથી ડરો, એ ઉદ્દેશના કારણે જેના માટે તમને પૈદા કરવામાં આવ્યા છે. અને તેનો ડર પૈદા કરો એવી રીતે જેમ તેણે તમને પોતાની મહાનતાનો ડર અપાવ્યો છે. અને એ વળતરની યોગ્યતા કેળવો, જેને તેણે તમારા માટે તૈયાર કર્યું છે. તેના સાચા વાયદાને પૂરો કરવા અને કયામતની ભયાનતકાથી બચવાના આશય સાથે.

તેણે તમને કાન આપ્યા છે કે જરૂરી વાતોને સાંભળો, અને આંખો અર્પી છે કે અદીઠ પણામાં પ્રકાશ આપે. અને જિસ્મના એ ભાગો આપ્યા છે જે વિવિધ અવયવોને એકઠા કરનાર છે. અને તેની આંટી ઘૂંટી માટે યોગ્ય છે.

સૂરતોની ગોઠવણી અને વયોની મુદ્દતના હિસાબે એવા શરીરો સાથે જે પોતાની જરૂરતો પૂરી કરવાવાળા છે. અને એવા દિલો સાથે જે પોતાની આજીવિકાની તલાશમાં રહે છે, તેની મહાનતમ નેઅમતો, ઉપકૃત કરનારી નેઅમતો, અને સલામતીના કિલ્લાઓ દરમિયાન.

તેણે તમારા માટે એ વયો નક્કી કરી છે, જેને તમારાથી છુપી રાખી છે અને તમારા માટે ભૂતકાળમાં ગુજરી જવાવાળાના અવશેષોમાં બોધ રાખ્યો છે. એ લોકો જે પોતાના નસીબ અને વૈભવની મજા માણી રહ્યા હતા અને બધા બંધનોથી મૂકત હતા, પરંતુ મૌતે તેમને આશાઓની પૂર્ણાહૂતી પહેલા જ પકડી લીધા અને નાશની વિનાશકતાઓએ તેને હેતુ પ્રાપ્તિથી અલગ કરી દીધા. તેઓ એ બદનની સંભાળ ટાણે કોઈ તૈયારી નહોતી કરી અને શરૂના દિવસોમાં કોઈ બોધ ગ્રહણ નહોતો કર્યો. તો શું યુવાનીની લીલીછમ તાજી વયોમાં, વૃધ્ધાવસ્થામાં કેડ વાંકી વળી જવાની વાટ જુએ છે? અને શું આરોગ્યની તાજગી રાખવાવાળા સંકટો અને બીમારીઓના અકસ્માતોની રાહ

જુએ છે? અને શું અમરતાનો સમય રાખવાવાળા વિનાશના સમયનો ઇન્તેઝાર કરે છે જયારે ઢળતી બપોર પાસે હશે અને મરવાની ઘડી સૌથી નિકટ હશે. અને મરણ પથારીએ ગભરાટની અકળામણ અને દુ:ખ તાપની યાતનાઓ અને મોંમા ફીણો ઊભરાતા હશે. અને તે એ સમય હશે જયારે ઇન્સાન સ્વજનો, સંતાનો, સગાં વહાલાઓ, મિત્રો, સંબંધીઓથી મદદ મેળવવા અહીં તહીં જોતો હશે.

તો શું આજ સુધીમાં કોઈ સ્વજનને મૌતથી ઉગાર્યા છે ? અથવા ફરિયાદ કોઈને કામ આવી છે ? કદાપિ નહીં, મરવાવાળાને તો કબ્રસ્તાનમાં પકડી લેવામાં આવ્યો છે અને સાંકડી કબ્રમાં એકલો છોડી દેવામાં આવ્યો છે, એ સ્થિતિમાં કે કીડા મકોડા તેની ચામડીને ચૂરા ચૂરા કરી રહ્યા છે અને પામાલીઓએ તેના શરીરની તાજગીને જીર્ણ કરી નાખી છે. આંધીઓએ તેના અવશેષોને નામશેષ કરી દીધા છે. અને કાળના અકસ્માતોએ તેના ચિહ્નો ભૂંસી નાખ્યા છે. શરીર તાજગી પછી નાશ પામ્યા છે, અને હાડકાં શક્તિ પછી જરજરીત થઈ ગયાં છે. આત્મા ( રૂહ) પોતાના ભારના

વજનથી જકડાઈ ગઈ છે અને હવે ગૈબની ખબરો પર યકીન આવી ગયું છે. હવે ન કોઈ નેક આમાલમાં વધારો થઈ શકે છે અને ન ખરાબમાં ખરાબ ભૂલોની માફી માગી શકાય છે.

તો શું તમે એ જ બાપદાદાના વંશજો નથી ? અને શું તેઓના ભાઈબંધો નથી ? કે પાછા તેઓના પગલે પગલે ચાલી રહ્યા છો. અને તેઓની જ રીતભાત અપનાવેલ છે. અને તેઓના જ માર્ગે ચાલી રહ્યા છો ? ખરી વાત એ છે કે દિલો પોતાનો ભાગ પ્રાપ્ત કરવામાં કઠણ થઈ ગયા છે. અને હિદાયતના માર્ગથી ગાફિલ થઈ ગયા છે. ખોટા મયદાનમાં પગ જમાવેલા છે, એવું લાગે છે કે અલ્લાહનો સંબોધિત તેઓ સિવાય કોઈ અન્ય છે અને કદાચ બધું જ ડહાપણ દુનિયાને જ એકઠી કરી લેવામાં છે.

યાદ રાખો ! તમારો માર્ગ (પુલે) સિરાત અને તેની વિનાશક (લપસણી જગ્યાઓ) છે. તમારે આ ભયાનક પરિણામો અને જાત જાતના ખતરનાક સ્થળોથી પસાર થવાનું છે.

અય અલ્લાહના બંદાઓ ! અલ્લાહથી ડરો, એવી રીતે જેમ એ બુધ્ધિવાન ડરે છે, જેને આખેરતની ચિંતાએ પ્રવૃત કરી દીધો હોય અને તેના શરીરને ખુદાના ડરે જીર્ણ બનાવી દીધું હોય, અને રાતના જાગરણોએ તેની રહી સહી ઊંઘને પણ જાગૃતિમાં બદલી નાખી હોય, અને આશાઓએ તેના દિલોની ધડકનોને તરસાવેલ હોય, અને સંયમે તેની ઇચ્છાઓને પગો નીચે ચકદી મારી હોય, અને ખુદાની યાદ (નામોચ્ચાર) તેજીથી તેની જીભ પર દોડી રહી હોય, અને તેણે કયામતના આરામ અને શાંતિ માટે અહીં ડરનો માર્ગ અપનાવી લીધો હોય, અને સીધા માર્ગ પર ચાલવા માટે અવળા માર્ગોથી તરીને ચાલ્યો હોય. અને નિર્ધારીત માર્ગ સુધી પહોંચવા માટે સમતોલ માર્ગ ગ્રહણ કર્યો હોય. ન તો સુંદર ભ્રમણાઓએ તેનામાં ઉચાટ જન્માવ્યો હોય અને ન સંદેહયુકત બાબતોએ તેની આંખોમાં પરદા નાખી દીધા હોય.

ખૂશખબરીનો આનંદ અને નેઅમતોની રાહત મેળવી લીધી હોય, દુનિયાના પ્રવાસ માર્ગથી વખાણ પાત્ર રીતે પસાર થઈ જાય, અને આખેરતનું ભાતું સદભાગ્ય સાથે

આગળ મોકલી દે. ત્યાંના ખતરાઓ ધ્યાનમાં રાખી અમલમાં પહેલ કરી, અને મેહતલના ગાળામાં તેજ ચાલે કદમ ઉપાડયા. આખેરતની તલાશમાં રસપૂર્વક આગળ વધ્યો અને અપકૃત્યોથી લગાતાર ભાગતો રહ્યો. આજના દિવસે કાલ પર નજર રાખી. અને સદા આગળના સ્થળોને જોતો રહ્યો. ખરેખર સવાબ અને અર્પણ ( મેળવવા લાયક વસ્તુ) માટે જન્નોત અને અઝાબ અને વબાલ માટે જહન્નેમથી વધીને શું છે? વળી ખુદાથી વધારે સારી મદદ કરનાર અને વેર લેવાવાળો કોણ છે ? અને કુરઆન સિવાય હુજ્જત અને પ્રમાણ શું છે?

ખુદાના બંદાઓ ! હું તમને એ ખુદાથી ડરવાની ભલામણ કરૂં છું જેણે ડરાવવાવાળી વસ્તુઓ દ્વારા બહાનાનો અંત આણી દીધો છે. અને માર્ગ દેખાડી હુજ્જત પૂરી કરી છે. તમને એ શત્રુથી આગમચેત કરી દીધો છે, જે ચૂપકેથી દિલોમાં ઉતરી જાય છે. અને ચૂપકેથી કાનમાં ફૂંકી દે છે. અને એવી રીતે ગુમરાહ અને હલાક કરી નાખે છે અને વાયદાઓની આશામાં પ્રોત કરી દે છે. અધમમાં અધમ

ગુનાહોને ખૂબસૂરત બનાવી આગળ ધરે છે. અને ઘાતક ગુનાહોને આસાન બનાવી દે છે. ત્યાં સુધી કે જયારે પોતાના સાથી વ્યક્તિને પોતાની લપેટમાં લઈ લે છે અને પોતાના કૈદીને કાયદેસર ગિફ્રતાર કરી લે છે તો જેને ખૂબસૂરત બનાવ્યા હતા તેને જ મુન્કર (બુરાઈ) બનાવી દે છે. અને જેને આસાન બનાવ્યું હતું તેને જ મહાન કહેવા લાગે છે. અને જેના તરફથી રક્ષિત કરી દીધો હતો તેનાથી જ ડરાવવા લાગે છે.

જરા આ લોકોને જુઓ, જેને બનાવવાવાળાએ ગર્ભાશયના અંધારાઓ અને અસંખ્ય આવરણોની અંદર આ રીતે બનાવ્યો કે ઉછળતું વીર્ય બીંદુ હતું, પછી જામેલું રકત બનાવ્યું, પછી ગર્ભ બન્યો, પછી દૂધમલ સ્થિતિમાં આવ્યો, પછી નવોદિત બાળ બન્યો, પછી યુવાન થયો અને પછી માલિકે તેને રક્ષણ કરનાર દિલ, બોલવાવાળી જીભ, અને જોવાવાળી આંખ અર્પી દીધી. જેથી ધડો લઈ સમજી શકે અને નસીહતોની અસર લઈ કુકર્મોથી દૂર રહે. પરંતુ જયારે તેના અવયવોમાં સુડોળતા આવી ગઈ અને તેની કાઠા માટી

તેની પરાકાષ્ટાએ પહોંચી ગઈ (ભરાવદાર બની ગયો) તો ગર્વ અને અભિમાનથી અકડી ગયો. અને આંધળાપણા સાથે ભટકવા લાગ્યો. અને લોભ લાલસા ડોલ ભરી ભરી ખેંચવા લાગ્યો.

આનંદ પ્રમોદ અને ઇચ્છાઓની આકાંક્ષાઓમાં દુનિયા માટે અણથક પ્રયત્નો કરવા લાગ્યો. ન તો કોઈ સંકટનો વિચાર આવ્યો ન કોઈ ભય કે ખતરાની અસર રહી ગઈ. ફિત્નાઓ વચ્ચે ધોકો ખાઈ મરી ગયો. અને સંક્ષિપ્ત જીવનને બેકાર વસ્તુઓમાં વીતાવી દીધું. ન કોઈ પૂણ્યની વ્યવસ્થા કરી ન કોઈ કર્તવ્ય બજાવ્યું. આ જ શેષ વિદ્રોહમય સ્થિતિમાં મૃત્યુની મુસીબતો તેના પર તુટી પડી. અને તે દીગ્મુઢ રહી ગયો. અને હવે રાતો જાગવામાં વીતી રહી હતી કે કઠોરતા ભર્યા દુ:ખો અને જાત જાતના રોગો અને બીમારીઓ, જયારે કે સગા ભાઈ અને માયાળુ બાપ અને ફરિયાદ કરનારી મા, અને વ્યાકુળતાથી છાતી પીટનારી બહેન પણ મૌજૂદ હતી, પણ ઇન્સાન મૃત્યુના ભારણની મુર્છાઓ, અતિશય પ્રકારની લાગણી હીનતાઓ, દર્દનાક

કિસમની ફરિયાદો અને પીડાજનક મૃત્યુ સમયની અવદશાઓ અને થકવી દેનારી સખ્તીઓમાં સપડાએલ હતો.

ત્યાર પછી તેને નિરાશા ભરી દશામાં કફનમાં લપેટી લેવામાં આવ્યો અને તે અત્યંત આસાની સાથે સમર્પણની સાથે ખેંચાવા લાગ્યો. તેને પાટીયા પર સુવરાવી દેવામાં આવ્યો એ સ્થિતિમાં કે ભગ્ન અવદશા અને બીમારીઓથી ઢળી પડયો હતો. સંતાનો અને બીરાદરીના લોકો તેને ઉપાડી એ ઘર તરફ લઈ જઈ રહ્યા હતા જે ગુરબત (પરદેશ)નું ઘર હતું અને જ્યાં હળવા મળવાનો અનુક્રમ બંધ હતો. અને એકાંતપણાના ભયનું સામ્રાજ્ય છવાએલું હતું ત્યાં સુધી કે જયારે દફનાવવાવાળા પાછા ફરી ગયા અને અને રોકકળ કરનારા ચાલ્યા ગયા, તો તેને કબ્રમાં ફરી ઉઠાડી બેસાડવામાં આવ્યો, સવાલ જવાબનો થડકો અને પરીક્ષાની ક્ષતિઓનો સામનો કરવા માટે અને ત્યાંથી સૌથી મોટી મુસીબત તો ઉકળતું પાણી પડવું અને જહન્નેમ  પર ઉતરવું છે, જ્યાં આગ ભડકતી હશે અને જવાળાઓ ઊંચી થઈ રહી હશે, ન કોઈ આરામનો વકફો હશે અને ન શાંતિની ક્ષણ, ન કોઈ તાકત

અઝાબને રોકવાવાળી હશે અને ન કોઈ મૌત આરામ આપનારી હશે. હદ તો એ છે કે, કોઈ આશ્વાસનદાયક ઊંઘ પણ નહીં હોય. ભાત ભાતની મૌતો હશે. અને પળેપળનો અઝાબ. બેશક અમે આ સ્થળે પરવરદિગારનો આશરો માગીએ છીએ.

ખુદાના બંદાઓ ! ક્યાં છે એ લોકો? જેઓને ઉમરો આપવામાં આવી તો ખૂબ મજા ઉડાવી. અને બતાવવામાં આવ્યું તો સમજી ગયા પણ મોહલત આપવામાં આવી તો ગફલતમાં પડી ગયા. આરોગ્ય અને સલામતી આપવામાં આવી તો એ નેઅમતને ભૂલી ગયા. તેઓને ઘણી લાંબી મહોલત આપવામાં આવી અને ઘણી સારી નેઅમતો આપવામાં આવી અને તેઓને દર્દનાક અઝાબથી ડરાવવામાં પણ આવ્યા. અને શ્રેષ્ઠ નેઅમતોનો વાયદો પણ કરવામાં આવ્યો પણ કોઈ ફાયદો ન થયો. હવે તમે લોકો ઘાતક ગુનાહોથી બચો અને ખુદાને નારાજ કરનાર દુષણોથી દૂર રહો. તમે દેખતા, સાંભળતા અને સુખ વૈભવવાળા છો, બતાવો શું કોઈ બચાવની જગ્યા અથવા છૂટકારાનો કોઈ

અવકાશ છે? કોઈ ઠેકાણું કે આશ્રય છે? કોઈ ભાગવાનો રસ્તો અથવા દુનિયામાં પાછા ફરવાનો ઉપાય છે? જો નથી તો ક્યાં ભાગી જઈ રહ્યા છો? અને તમને ક્યાં લઈ જવામાં આવી રહ્યા છે અથવા કઈ ભ્રમણામાં પડયા છો?

યાદ રાખો ! આ લાંબી ચોડી ધરામાં તમારા ભાગ્યમાં માત્ર તમારી લંબાઈ જેટલી જગ્યા છે, જ્યાં ગાલોને માટી પર રાખવાના છે.

ખુદાના બંદાઓ, હજી સમય છે, રસ્સી ઢીલી છે. રૂહ આઝાદ છે. તમે હિદાયતના સ્થાને શારીરિક આરામના ઘરમાં છો. મજલિસોના મજમામાં છો, અને બાકી જીવનની મહોલત સલામત છે. અને રસ્તો અપનાવવાની સ્વતંત્રતા છે. અને તૌબાની તક છે. અને જગ્યાની વિશાળતા છે. એ પહેલાં કે કબ્રની સંકડાશ, સ્થળ સંકોચ, ડર અને મૌતના શિકાર થઈ જાવ અને એ પહલાં કે એ મૌત આવી જાય જેની વાટ જોવાઈ રહી છે. અને એ પરવરદિગાર પોતાની પકડમાં લઈ લે જે ઇઝઝત અને ગલબા અને તાકત અને શક્તિવાળો છે.

* * * * *

# ૮૪ - અમ્ર બિન આસના વિશે

નાબેગાના પુત્ર પર આશ્ચર્ય છે, કે તે શામવાળાઓને કહે છે કે મારા સ્વભાવમાં વિનોદવૃતિ છે. અને હું કોઈ ખેલ તમાશાવાળો ઇન્સાન છું અને હસી મજાકમાં લાગ્યો રહું છું. ખરેખર તેણે આ વાત ખોટી કહી છે અને એ કારણે ગુનેહગાર પણ થયો છે.

જાણી લ્યો કે સૌથી અધમ વાણી ખોટુ બોલવું છે. અને આ જયારે પણ બોલે છે ખોટું જ બોલે છે. અને જયારે પણ વચન આપે છે તો વચન ભંગ જ કરે છે. અને જયારે તેની પાસે કંઈ માંગવામાં આવે છે તો કંજુસી જ કરે છે. અને જયારે પોતે માંગે છે તો વળગી પડે છે. કોલ કરારમાં અપ્રમાણિકપણું દાખવે છે. સગા વહાલાંઓ સાથે ખરાબ વર્તાવ કરે છે. જંગના સમયે જુઓ તો શું શું કરવા ન કરવાની શિખામણ આપે છે, જ્યાં સુધી તલવારો પોતાના સ્થળે જોર ન પકડી લે. નહીંતર જયારે આમ થઈ જાય છે તો તેનો સૌથી મોટો દાવ એ હોય છે કે દુશ્મનને પોતાની પીઠ દેખાડી દે.

ખુદા ગવાહ છે કે મને મૃત્યુની યાદે ખેલ કૂદથી રોકી રાખેલ છે. અને તેને આખેરતને ભુલી જવાએ સત્ય બોલવાથી રોકી દીધેલ છે. તેણે મુઆવિયાની બયઅત પણ ત્યાં સુધી નહીં કરી જ્યાં સુધી તેનાથી એ નક્કી ન કરી લીધું કે તેને કોઈ ભેટ આપશે અને તેની સામે દીન તજવા પર કોઈ સોગાત પેશ કરશે.

* * * * *

# ૮૫ - પરવરદિગારની આઠ સિફતો

હું ગવાહી આપું છું કે, અલ્લાહના સિવાય કોઈ ખુદા નથી, તે એકલો છે. તેનો કોઈ ભાગીદાર નથી. તે એવો પહેલો છે કે તેની પહેલા કંઈ નથી. અને એવો અંતિમ છે જેની કોઈ સીમા નક્કી નથી. વિચારો તેની કોઈ સિફતને સમજી નથી શકતા. અને દિલ તેની કાંઈ રૂપ રેખા વર્ણવી નથી શકાતી. તેની જાતના ન અંગો છે અને ન ટૂકડા અને ન તે દિલ અને દ્રષ્ટિના ઘેરાવામાં આવી શકે છે.

ખુદાના બંદાઓ ! લાભદાયક ઇબ્રતોથી બોધ ગ્રહણ કરો અને સ્પષ્ટ ચિહ્નોથી ઇબ્રતને ઠેઠ ડરાવવાવાળી વસ્તુઓથી અસર કબૂલ કરો અને બોધ પાઠોથી લાભ મેળવો. એમ સમજી લ્યો કે મૌત તમારી અંદર પોતાના પંજા ખોંસી ચુકયું છે. અને આશાઓનો સંબંધ તમારાથી તુટી ચૂકયો છે. અને ભયાનક પરિસ્થિતિએ તમારા પર હુમલો કરી દીધો છે. અને અંતિમ મંઝિલે લઈ જવાનો અમલ શરૂ થઈ ચૂકયો છે. યાદ રાખો કે દરેક "જીવની સાથે એક હાંકનારો છે અને એક સાક્ષી રહે છે." હાંકવાવાળો કયામતની તરફ ખેંચીને લઈ

જાય છે અને સાક્ષી આપનારો આમાલની દેખભાળ કરી રહ્યો છે.

**જન્નલતનાગુણો :**

તેના દરજ્જાઓ વિવિધ અને તેની મંઝિલો ઊંચી નીચી છે. પરંતુ તેની નેઅમતો ખતમ થવાવાળી નથી. અને તેના રહેવાસીઓને ક્યાંય બીજે જવાનું નથી. તેમાં સદા રહેનાર પણ કદી વૃધ્ધ નથી થતો અને તેના રહેવાવાળાઓને ભૂખ ગરીબીથી વાસ્તો નથી પડતો.

* * * * *

# ૮૬ - સર્જનહારની સિફતો અને તકવાનો ઉપદેશ

*જેમાં સર્જનહારની સિફતોનો ઉલ્લેખ અને પછી લોકોને તકવાની નસીહત કરવામાં આવી છે.*

બેશક, અલ્લાહ ગુપ્ત રહસ્યોનો જાણકાર અને દિલોના ભેદોથી સુવિદિત છે. તેનો દરેક ચીજ પર અધિકાર છે. અને તે દરેક ચીજ પર ગાલિબ છે, અને શક્તિ ધરાવે છે.

**શિખામણ:**

તમારામાંથી દરેક શખ્સની ફરજ છે કે, મહેતલના દિવસોમાં અમલ કરી લે, એ પહેલા કે મૌત આડે આવી જાય. અને નવરાશના દિવસોમાં કામ કરે એ પહેલા કે પ્રવૃત થઈ જાય. હમણા જયારે કે શ્વાસ લેવાની તક છે, એ પહેલાં કે ગળું ઘૂંટી લેવામાં આવે, પોતાના આત્મા અને પોતાના ઉતારા માટે સામાન ભેગો કરી લે અને આ કૂચ (તજવા)ના ઘરથી તે સ્થાયી રહેવાના ઘર માટે ભાતું તૈયાર કરી લે.

લોકો ! અલ્લાહને યાદ રાખો, અને તેનાથી ડરતા રહો એ કિતાબના સંબંધમાં જેના તમને રક્ષક બનાવવામાં આવ્યા છે. અને હક્કોના વિશે જેના તમને અમાનતદાર બનાવવામાં આવ્યા છે. એટલા માટે કે તેણે તમને બેકાર નથી પૈદા કર્યા. અને ન તમને અમથા છોડી દેવામાં આવ્યા છે. અને ન કોઈ અજ્ઞાનતા કે અંધકારમાં રાખ્યા છે. તમારા માટે નિશાનીઓ બયાન કરી દેવામાં આવી છે, આમાલો બતાવી દીધા છે, અને જીવનની મુદ્દત લખી દીધી છે. એ કિતાબ ઉતારી દીધી છે જેમાં દરેક વસ્તુનું વર્ણન મળી આવે છે. અને એક સમય સુધી પોતાના પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને તમારી વચ્ચે રાખી ચૂકયો છે.

ત્યાં સુધી કે તમારા માટે પોતાના દીનને સંપૂર્ણ કરી દીધો છે. જે (દીનને) તેણે પોતા માટે પસંદ કરેલ ઠરાવ્યો છે. તમારા માટે પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની જીભથી એ બધા આમાલો પહોંચાડી દીધા છે, જેને તે દોસ્ત રાખે છે અથવા જેને ધિક્કારે છે. પોતાના હુકમો અને મનાઓ ( નિષેધો)ને બતાવી દીધા છે અને દલીલો

તમારી સામે રાખી દીધી છે અને હુજ્જત પૂરી કરી દીધી છે. અને ડરાવવા ધમકાવવાની વ્યવસ્થા કરી રાખી છે. અને અઝાબના આવવા પહેલા જ સાવચેત કરી દીધા છે. એટલે હવે જેટલા દિવસો બાકી રહી ગયા છે તેમાં ઉપાય કરી લ્યો, અને પોતાના મનને ધીરજ માટે તૈયાર કરી લ્યો કે આ દિવસો ગફલતના દિવસોની સરખામણીમાં ઓછા છે, જયારે તમે બોધપાઠ સાંભળવાની તક પણ નથી કાઢી. ખબરદાર તમારા દિલને મૂકત ન છોડો નહીંતર આ આઝાદી તમને ઝાલિમોના રસ્તા પર લઈ જશે. અને તેની સાથે નરમીથી ન વર્તો નહીંતર એ તમને સંકટોમાં નાખી દેશે.

ખુદાના બંદાઓ ! પોતાના મનથી વધારે નિખાલસ એ છે જે પરવરદિગારનો મહાતાબેદાર છે. અને પોતાના મનથી સૌથી મોટો અપ્રમાણિક એ છે જે પોતાના પરવરદિગારનો ગુનેહગાર છે. એ જ ઘાટામાં છે જે ખુદ પોતાના આત્માને ઘાટામાં રાખે. અને રશ્ક કરવા લાયક એ છે જેનો દીન સલામત રહી જાય. સદભાગી એ છે જે

બીજાઓની પરિસ્થિતિઓથી બોધ ગ્રહણ કરે. અને દૂર્ભાગી એ છે જે ઇચ્છાઓના ધોકામાં (ફરેબમાં) આવી જાય.

યાદ રાખો કે, રિયાકારી (આડંબર)નો આછો સંદેહ પણ શિર્ક છે. વાસનાના પૂજારીઓનો સહવાસ પણ ઈમાનથી ગાફિલ બનાવનાર છે. અને શયતાનને સદા સામે લાવનાર છે. જૂઠથી પરહેઝ કરો, કે તે ઈમાનથી દૂર રહે છે. સત્ય વક્તા સદા નજાત અને માનના કિનારા પર રહે છે. અને જૂઠ બોલનાર સદા તબાહી અને અપમાનના મોઢા પર રહે છે. ખબરદાર ! એક બીજાની ઇર્ષા ન કરજો, "ઇર્ષા ઈમાનને એવી રીતે ખાઈ જાય છે જેવી રીતે આગ સુકી લાકડીને ખાઈ જાય છે." અને આપસમાં એક બીજાથી કપટ ન રાખજો કપટ ઈમાનનો સફાયો કરી નાખે છે અને યાદ રાખો કે ઇચ્છા બુધ્ધિને ભૂલાવી દે છે અને ખુદાની યાદથી ગાફિલ બનાવી દે છે. ઇચ્છાઓને ખોટી પાડો કે એ માત્ર ધોકો છે અને તેને સાથ આપનારો એક ધોકો ખાધેલ ઇન્સાન છે અને બીજું કંઈ નહીં.

* * * * *

# ૮૭ - મુત્તકીઓ અને ફાસિકોની સિફતોનો ઉલ્લેખ

*જેમાં મુત્તકીઓ અને ગુનેહગારોના ગુણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને લોકોને સાવચેત કરવામાં આવ્યા છે.*

ખુદાના બંદાઓ ! અલ્લાહની નજરમાં સૌથી પ્રિય બંદો એ છે જેની ખુદાએ તેના નફસની વિરૂદ્ધ મદદ કરી છે, અને તેણે અંદર શોક અને બહાર ભયના વસ્ત્રો પહેરી લીધા છે, તેના દિલમાં હિદાયતનો દીવો સળગે છે. અને તેણે આવવાવાળા દિવસની સરભરાનો બંદોબસ્ત કરી લીધો છે. પોતાના નફસના માટે આવવાવાળા દૂર (મૃત્યુ)ને નિકટ કરી લીધું છે. અને કઠિન સંજોગોને આસાન કરી લીધા છે. જોયું છે તો ધડો લીધો છે, અને ખુદાને યાદ કર્યો છે તો અમલમાં વધારો કર્યો છે. હિદાયતના એ મધૂર અને રમ્ય ઝરણાથી તૃપ્ત થઈ ગયો છે, જેના પર પહોંચવું સરળ કરી દેવામાં

આવ્યું છે, જેના કારણે તેણે છકીને પી લીધું છે. અને સીધા માર્ગ પર ચાલી નિકળ્યો છે.

વાસનાના વસ્ત્રને ઉતારી નાખ્યું છે અને બધા વિચારોથી મૂકત થઈ ગયો છે. માત્ર એક આખેરતની ચિંતા બાકી રહી ગઈ છે. જેના પ્રભાવે ગુમરાહીના સ્થળેથી નિકળી ગયો છે અને લોભ લાલસાવાળાઓની ભાગીદારીથી છૂટો થઈ ગયો છે. હિદાયતના દ્વારની કુંજી બની ગયો છે. અને ગુમરાહીના દરવાજાનું તાળું બની ગયો છે. પોતાનો માર્ગ જોઈ લીધો છે. અને તેના પર ચાલી નિકળ્યો છે. હિદાયતના મિનારાને જોઈ લીધો છે અને ગુમરાહીના ધોધને ઓળંગી લીધો છે. સૌથી સબળ વસીલા સાથે જોડાઈ ગયો છે અને અતૂટ રસ્સીને પકડી લીધી છે. એટલા માટે કે તે પોતાના યકીન (આસ્થા)માં બિલ્કુલ સુર્ય પ્રકાશ જેવું તેજ રાખે છે.

પોતાના નફસ (મન)ને ઉચ્ચતમ કામો માટે ખુદાના માર્ગમાં તૈયાર કરી લીધો છે કે દરેક આવવાવાળા પ્રશ્નને

ઉકેલી નાખે. અને શાખને તેની જડ તરફ પાછી કરે. એ અંધારાનો દીપક છે અને અંધકારોને પ્રકાશિત કરનાર છે. દુર્ગમ્યોની ચાવી છે. તો વિટંબણાઓને ટાળનાર છે. અને પછી રણોમાં માર્ગદર્શન કરાવનારો. તે બોલે છે તો વાતને સમજી લે છે અને ચૂપ રહે છે તો સલામતીની વ્યવસ્થા કરી લે છે. તેણે અલ્લાહ સાથે નિખાલસ વર્તન રાખ્યું છે તો અલ્લાહે તેને પોતાનો ખાલિસ બંદો બનાવી લીધો છે. હવે તે ખુદાના દીનની ખાણ છે અને ખુદાની જમીનનો મહાસ્તંભ.

તેણે પોતાના નફસ માટે ન્યાયને જરૂરી બનાવી લીધું છે. અને તેના ન્યાયનું પહેલું પગથિયું એ છે કે, વાસનાઓને મનમાંથી ખંખેરી નાખી છે, અને હવે સત્ય જ વાત કહે છે. અને તેના પર કાર્યબધ્ધ છે. નેકીનું કોઈ સ્થળ એવું નથી જેનો ઇરાદો ન રાખતો હોય અને કોઈ એવી શક્યતા નથી જેનો અભિલાષી ન હોય. પોતાના કામોની લગામ ખુદાને હવાલે કરી દીધી છે. અને હવે એ જ એનો નેતા અને આગેવાન છે, જ્યાં તેનો સામાન ઉતરે છે ત્યાં જ

પહોંચી જાય છે અને જ્યાં તેનો ઉતારો હોય છે ત્યાં જ પડાવ નાખી દે છે.

તેની વિરૂદ્ધ એક શખ્સ એ પણ છે, જેણે પોતાનું નામ આલિમ રાખી લીધું છે, જો કે ઇલ્મથી તેને કોઈ લેવા દેવા નથી. જાહિલોથી જહાલત શીખી છે. અને ગુમરાહોથી ગુમરાહી. લોકો માટે ધોકા, ફાંટા, છળ પ્રપંચની જાળ પાથરી દીધી છે. કિતાબની વ્યાખ્યા પોતાના અભિપ્રાય પ્રમાણે કરી છે અને સત્યને પોતાની વાસનાને આધિન કરી દીધું છે. લોકોને મોટા મોટા ગુનાહો તરફથી સલામત બનાવે છે અને તેઓ માટે મોટા ગુનાહોને પણ આસાન બનાવી દે છે. કહે છે તો એમ કે હું સંદેહોના સમયે વિચારૂં છું પણ હકીકતમાં તેમાં પડી જાય છે. પછી કહે છે કે બિદઅતોથી અલગ રહું છું, જો કે તેઓની જ વચ્ચે ઉઠે બેસે છે. તેની સૂરત ઇન્સાનો જેવી છે પણ દિલ જાનવરો જેવું છે. ન હિદાયતના દરવાજાને ઓળખે છે કે તેને અનુસરે અને ન ગુમરાહીના માર્ગને જાણે છે કે, તેનાથી અલગ રહે. આ વાસ્તવમાં એક હરતી ફરતી લાશ છે બીજું કંઈ નથી.

તો આખર તમે લોકો ક્યાં જઈ રહ્યા છો અને તમને કઈ દીશામાં વાળવામાં આવી રહ્યા છે ? જયારે ચિહ્નો સ્થાપિત છે અને નિશાનીઓ સ્પષ્ટ છે. મિનારા ખોડવામાં આવ્યા છે. અને તમને ભટકાવવામાં આવી રહ્યા છે. અને તમે ભટકી રહ્યા છો. જુઓ તમારી વચ્ચે તમારા નબીની ઇતરત મૌજૂદ છે આ બધા હકની લગામ ધરાવનારા, દીનના પરચમો અને સદાકત (સચ્ચાઈ)ના પ્રતિનિધીઓ છે. તેઓને કુરઆને કરીમની શ્રેષ્ઠ મંઝિલ પર સ્થાન આપો અને તેઓની પાસે એવી રીતે આવો જેવી રીતે તરસ્યો ઊંટ નદી પર આવે છે.

લોકો ! અંતિમ નબી સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના ઉચ્ચવચનો પર અમલ કરો કે "અમારો મરવાવાળો મય્યત નથી હોતો અને અમારામાંથી કોઈ કાળના વહેવા સાથે ક્ષીણ નથી થતો." ખબરદાર ! એ ન કહો જે તમે જાણતા નથી. એટલા માટે કે ઘણીવાર સત્ય એમાં જ હોય છે જે તમે નથી જાણતા અને જેની વિરૂદ્ધ તમારી પાસે કોઈ દલીલ નથી તેના ઉઝરને કબૂલ કરી લ્યો

અને તે હું છું. શું મેં મહા વજની કુરઆન પર અમલ નથી કર્યો અને શું ઓછા વજની એહલેબૈત અલય્હેમુસ્સલામને તમારી વચ્ચે નથી રાખી. મેં તમારી વચ્ચે ઇમાનનો ઝંડો ખોડી દીધો છે અને તમને હલાલ અને હરામની હદોથી પરિચિત કરી દીધા છે. પોતાના ન્યાય પ્રમાણે તમને સુખની ચાદર ઓઢાડી છે. અને પોતાના વચન અને વર્તનની નેકીઓને તમારા માટે બીછાવી દીધી છે અને તમને પોતાના સર્વોત્તમ અખ્લાકનું દ્રશ્ય દેખાડી દીધું છે. એટલે ખબરદાર ! જે વાતની ગહનતા સુધી દ્રષ્ટિ નથી પહોંચી શકતી અને જ્યાં સુધી કલ્પનાની પહોંચ નથી તેમાં પોતાની રાય (મત)નો ઉપયોગ ન કરજો.

**ગેરસમજ** :

(બની ઉમય્યાના ઝુલ્મોએ એટલા ભયભિત કરી દીધા છે કે) અમુક લોકો ખ્યાલ કરે છે કે દુનિયા બની ઉમય્યાના પાલવ સાથે બાંધી દેવામાં આવી છે, તેને જ પોતાના લાભોથી લાભપ્રદ કરશે અને તેઓ જ એના ઝરણા પર ઉતરતા રહેશે. અને હવે આ ઉમ્મતના માથેથી તેઓના

કોરડા અને તલવારો ઉતરશે નહીં, જો કે આ વિચાર તદ્દન ગલત છે. આ હકૂમત એક રસપ્રદ લાળ છે. જેને થોડો સમય ચૂસશે અને પછી પોતે જ થૂંકી દેશે.

* * * * *

# ૮૮ - ઘાતક કારણોનું વર્ણન

*જેમાં લોકોના વિનાશના કારણો બયાન કરવામાં આવ્યા છે.*

જાણી લ્યો! પરવરદિગારે કોઈ કાળના ઝાલિમોની કમર ત્યાં સુધી તોડી નથી, જયાં સુધી તેને મહેતલ અને ઢીલ નથી આપી દીધી. અને કોઈ કૌમના તૂટેલા હાડકાં ત્યાં સુધી જોડયા નથી જયાં સુધી તેને સંકટો અને આફતોમાં ઘેરી નથી. પોતા માટે જે સંકટોનો તમે સામનો કર્યો છે અને જે વીતકોમાંથી તમે પસાર થઈ ચૂક્યા છો તેમાં જ બોધ પાઠ સમાએલો છે. પણ મુશ્કિલ એ છે કે, દરેક દિલવાળો બુધ્ધિશાળી નથી હોતો અને દરેક કાનવાળો સાંભળનાર અને દરેક આંખવાળો દેખતો નથી હોતો.

કેટલી આશ્ચર્યજનક વાત છે અને હું શા માટે અજબ ન થાઉં કે આ બધા ફીરકાઓ પોત પોતાના દીન માટે વિવિધ દલીલો રાખવા છતાં ગલતી પર છે કે, ન નબીના નકશે કદમ પર ચાલે છે અને તેમના આમાલને અનુસરે છે.

ન ગૈબ પર ઈમાન રાખે છે અને ન ખોડથી બચે છે. શંકાઓ પર અમલ કરે છે અને વાસનાઓના માર્ગ પર કદમ આગળ વધારે છે. તેઓ પાસે સારૂં (મઅરૂફ) કરવા યોગ્ય એ જ છે જેને એ લોકો નેકી સમજે છે. અને બાધિત (મુન્કર) એ જ છે જેનો તેઓ ઇન્કાર કરી દે. ગુંચવણોમાં તેઓનો ઉપદેશક (મરજઅ) ખુદ પોતાની જાત છે. અને સંદેહયુક્ત મસઅલાઓમાં તેઓનો ભરોસો માત્ર પોતાની રાય પર છે. જાણે તેઓમાંનો દરેક શખ્સ પોતાના નફસનો ઇમામ છે. અને પોતાના દરેક અભિપ્રાયને મજબૂત સાધનો અને અતૂટ દલીલોનું પરિણામ સમજે છે.

* * * * *

# ૮૯ - હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને ઇમામની તબ્લીગ વિશે

અલ્લાહે તેમને એ સમયે મોકલ્યા જયારે રસૂલોનો અનુક્રમ થંભી ગયો હતો. અને ઉમ્મતો ગફલતની નિંદમાં પડી હતી. ફિત્નાઓ માથું ઊંચકી રહ્યા હતા. અને બધા કામોમાં એક વેર વિખેર પરિસ્થિતિ હતી અને જંગના ભડકાઓ ઉઠી રહ્યા હતા. દુનિયાનો પ્રકાશ ઝાંખો પડી ગયો હતો. અને તેનો ધોકો સ્પષ્ટ હતો. જીવન બગીચાના પર્ણો (પાંદડા) પીળાં પડી ગયાં હતાં. અને જીવનના ફળોથી નિરાશા જન્મી રહી હતી. પાણી પણ તળીયે પહોંચી ગયું હતું અને હિદાયતના મિનારા પણ જમીનદોસ્ત થઈ ગયા હતા. અને વિનાશના ચિહ્નો ઊભરી રહ્યા હતા, આ દુનિયા પોતાના રહેવાસીઓને તીખી નજરે જોઈ રહી હતી. અને પોતાના ઇચ્છુકોની સામે મોં બગાડી વર્તી રહી હતી. તેનું ફળ ફિત્નો હતો અને તેનો ખોરાક મુડદાલ હતો. તેનું ઉપવસ્ત્ર ભય હતો

અને બહારનું વસ્ત્ર તલવાર. એટલે ખુદાના બંદાઓ તમે બોધ ગ્રહણ કરો અને સંજોગોને યાદ કરો જેમાં તમારા બાપદાદા અને ભાઈબંધો પકડાએલા હતા અને તેઓનો હિસાબ આપી રહ્યા હતા.

મારા પ્રાણના સોગંદ ! હજી તેઓની અને તમારી વચ્ચે કંઈ વધારે સમય નથી વીત્યો અને ન સૈકાઓનું અંતર થયું છે. અને ન આજનો દિવસ કાલના દિવસથી વધારે દૂર છે જયારે તમે એ જ વડીલોની પૂંઠમાં હતા.

ખુદાની કસમ, હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે તમને કોઈ એવી વાત નથી સંભળાવી, જેને આજ હું નથી સંભળાવી રહ્યો અને તમારા કાન પણ કાલના કાનથી ઓછા નથી અને જેવી રીતે કાલે તેઓએ લોકોની આંખો ખોલી નાખી હતી. અને દિલ તૈયાર કરી દીધા હતા. એ જ રીતે આજે હું પણ તમને એ બધી વસ્તુઓ આપી રહ્યો છું અને ખુદા સાક્ષી છે કે તમને કોઈ એવી વસ્તુ દેખાડવામાં નથી આવી રહી જેનાથી તમારા

વડીલો અપરિચિત હતા અને કોઈ એવી ખાસ વાત બતાવવામાં આવી રહી છે જેનાથી તેઓ વંચિત રહ્યા હોય.

અને જુઓ તમારા પર એક મુસીબત પડી ચૂકી છે એ ઊંટણીની જેમ જેની નથણી લબડી ગઈ છે અને રસ્સી ઢીલી થઈ ગઈ છે. ખબરદાર ! તમને પહેલાના ધોકો ખાધેલા લોકોનું જીવન ધોકામાં ન નાખે. કેમેક આ દુનિયાનો વૈભવ એક ફેલાએલો છાંયો છે, જેનો ગાળો નક્કી છે અને પછી સંકોચાઈ જશે.

* * * * *

# ૯૦ - મઅબૂદનું હંમેશાથી હોવું અને સર્જનની મહાનતા

*જેમાં મઅબૂદના હંમેશાથી હોવા અને તેની મખ્લુકાતની મોટાઈનો ઉલ્લેખ છે અને શીખામણ પર અંત છે.*

સઘળી પ્રશંસા એ અલ્લાહના માટે છે જે જોયા વગર જાણીતો છે. અને વગર વિચારે પૈદા કરનાર છે. તે સદાથી છે અને સદા રહેનાર છે. જયારે ન ગૃહોવાળું ગગન હતું અને મોટા દ્વારો વાળા આવરણો ન અંધારી રાત હતી ન શાંત મહાસાગર, ન લાંબા ચોડા માર્ગવાળા પર્વતો અને ન આડી અવળી પર્વતની કેડીઓ, ન પાથરેલી પથારી જેવી ધરા, ન કસ બળવાળી મખ્લૂકો એજ મખ્લુકોને પૈદા કરનાર છે અને એ જ અંતમાં સૌનો વારસ. એજ બધાનો મઅબૂદ અને બધાને રોઝી આપનાર છે. ચાંદ-સૂરજ તેની જ મરજી પ્રમાણે નિરંતર ગતિમાં છે કે દરેક નવાને પુરાણું અને દરેક દૂરના ને નિકટ કરી દે છે.

તેણે બધાની રોઝીને વહેંચી છે અને બધાના આમાલ અને અસરોને લખી લીધેલ છે, તેણે દરેકના શ્વાસોની ગણતરી કરી છે. અને દરેક દ્રષ્ટિની ચોરી, અને છાતીમાં છુપાએલા ભેદો અને પૂંઠો તથા ગર્ભાશયમાં તેના કેન્દ્રોનો હિસાબ રાખ્યો છે ત્યાં સુધી કે પોતાના અંતિમ સ્થાન સુધી પહોંચી જાય. એ તે જ છે જેનો ગઝબ શત્રુઓ પર તેની વિશાળ રહેમત છતાં સખ્ત છે. અને તેની રહેમત તેના દોસ્તો માટે તેના આકરા ગઝબ છતાં વિશાળ છે. જે તેના પર કાબૂ કરવા માગે તેના માટે જબરદસ્ત છે અને જે કોઈ તેની સાથે લડવા માંગે તેને પાયમાલ કરનારો છે. દરેક વિમુખ થનારને હડધૂત કરનાર અને દરેક દુશ્મની કરનાર પર વિજય પામનાર છે. જે તેના પર ભરોસો રાખે છે તેને માટે પુરતો થઈ જાય છે, અને જે તેનાથી માગે છે તેને અર્પણ કરી દે છે. જે તેને કર્ઝ આપે છે તેને ચૂકવી દે છે અને જે તેનો આભાર વ્યકત કરે છે તેને બદલો આપે છે.

ખુદાના બંદાઓ ! તમે પોતાને તોળી લ્યો, એ પહેલા કે તમારૂં વજન કરવામાં આવે. અને પોતાની જાતનું

પુછાણું કરી લ્યો એ પહેલા કે તમને પુછપરછ કરવામાં આવે. ગળાનો ફાંસો ટૂંપાઈ જાય એ પહેલા શ્વાસ લઈ લ્યો. અને જબરદસ્તી લઈ જવામાં આવે તે પહેલાં આપ મેળે જવા માટે તત્પર થઈ જાવ. અને યાદ રાખો કે જે શખ્સે ખુદ પોતાના નફસની મદદ કરી તેને નસીહત અને ચેતવણી નથી આપતો તેને કોઈ બીજો નસીહત નથી કરી શકતો. અને ન ચેતવી શકે છે.

* * * * *

# ૯૧ - ઇશ્બાહ નામનો ખુત્બો

*આ ખુત્બાને "ખુત્બએ ઇશ્બાહ" કહેવામાં આવે છે જેને આપના ઉત્તમ ખુત્બાઓમાં ગણવામાં આવે છે.*

મસ્અ દા બિન સદકાએ હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત કરી છે કે હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામે આ ખુત્બો કૂફાના મિમ્બર પરથી એ સમયે ઇરશાદ ફરમાવ્યો, જયારે એક શખ્સે આપથી એ માંગણી કરી કે પરવરદિગારની તારીફ એવી રીતે કરવામાં આવે જાણે તે આપણી નજર સમક્ષ છે, જેથી અમારી મઅરેફત અને અલ્લાહના પ્રેમમાં વધારો થઈ જાય.

આપને આ વાત પર ગુસ્સો આવ્યો અને આપે જમાઅતની નમાઝનું એલાન કરી દીધું, મસ્જિદ મુસલમાનોથી છલકાઈ ગઈ તો આપ મિમ્બર પર પધાર્યા અને એ સ્થિતિમાં ખુત્બો ફરમાવ્યો કે આપના ચહેરાનો રંગ બદલાએલો હતો અને ક્રોધ અને ગુસ્સાના ભાવો દેખાઈ રહ્યા હતા. અલ્લાહની સ્તૂતિ અને પ્રશંસા અને સલવાત તથા સલામ પછી ઇરશાદ ફરમાવ્યું:

તમામ તારીફ એ પરવરદિગાર માટે છે, જેના ખજાનામાં કૃપા અને મહેરબાનીને રોકી લેવાથી કે દાન પ્રદાન બંધ કરી દેવાથી વધારો નથી થતો અને દાન અને કૃપાના નિરંતર કરવાથી ઓછું નથી થતું. એટલા માટે કે તેના સિવાય દરેક આપનારને ત્યાં કમી થઈ જાય છે અને તેના સિવાય દરેક ન આપનાર નિંદા પાત્ર હોય છે. તે સૌથી વધારે લાભદાયક નેઅમતો અને નિરંતર રોઝીઓ દ્વારા ઉપકાર કરનારો છે. મખ્લૂકાત તેની જવાબદારીમાં છે, અને તેણે બધાની આજીવીકાની જમાનત આપી છે. અને રોઝી નિર્માણ કરી દીધી છે. પોતાની તરફ ધ્યાન ધરનારાઓ અને પોતાની ભેટોના માંગનારાઓ માટે રસ્તો ખૂલ્લો કરી દીધો છે, અને માગવાવાળાને ન માગવાવાળાથી વધારે નથી આપતો, તે એવો પ્રથમ છે જેનો આરંભ નથી કે એની પહેલા કોઈ થઈ જાય. અને એવો અંતિમ છે કે જેનો કોઈ અંત નથી કે તેની પછી કોઈ રહી જાય. તે આંખોની દ્રષ્ટિને પોતાની જાત સુધી પહોંચવા અને ઓળખવાથી રોકી રહ્યો છે. તેના પર સમયની અસરો નથી પડતી કે પરિસ્થિતિ પલટાઈ જાય અને તે કોઈ

મકાનમાં નથી કે ત્યાંથી બીજે જઈ શકે. જો તે એ બધા જવાહેરો અર્પી દે જે પહાડોની ખાણો શ્વાસ દ્વારા બહાર કાઢે છે અથવા જેને સાગરો સ્મિત કરી બહાર ફેંકી દે છે. ચાહે તે ચાંદી હોય કે સોનું, મોતી હોય કે માણેક તો પણ તેની મહેરબાની પર કંઈ અસર નહીં પડે. અને ન તેના ખજાનાની વિશાળતામાં કાંઈ ઉણપ આવશે. અને તેની પાસે નેઅમતોના એ ખજાના રહી જશે, જેને માંગણોની માંગણીઓ ખતમ નહીં કરી શકે. એટલા માટે કે તે એવો ઉદાર અને દાતા છે કે ન માંગણોની માંગણી તેને ત્યાં કમી પૈદા કરી શકે છે અને ન નિરાધારોનો આગ્રહ તેને કંજુસ બનાવી શકે છે.

## કુરઆને મજીદમાં પરવરદિગારની સિફતો:

અલ્લાહની સિફતો વિશે પ્રશ્ન કરનારાઓ ! કુરઆને મજીદમાં જે સિફતોનો નિર્દેશ કરવામાં આવ્યો છે, તેને અનુસરો, અને તેની હિદાયતના નૂરથી પ્રકાશ મેળવો. અને જે ઇલ્મ પ્રતિ શયતાન ધ્યાન ખેંચે અને તેની કોઈ ફર્ઝ ન અલ્લાહની કિતાબમાં મૌજૂદ હોય અને ન પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની સુન્નતતમાંઅને ન

ઇમામોના કથનોમાં તો તેનું ઇલ્મ પરવરદિગારને હવાલે કરી દયો કે આજ તેના હકની અંતિમ સીમા છે. અને એ યાદ રાખો કે (રાસેખુન ફિલ ઇલ્મ) પાકટ ઇલ્મ વાળા એ જ લોકો છે, જેઓને ઇલાહી ગેબ પર પડેલા આવરણોની અંદર બેધડક પ્રવેશવાથી એ વાતે બે પરવા કરી દીધા છે કે, તેઓ આ ગુપ્ત ઇલ્મનું સંક્ષિપ્તમાં ભાન ધરાવે છે અને પરવરદિગારે તેઓને તેઓની આ ભાવનાની પ્રશંસા કરી છે કે જે વાતને તેઓનું ઇલ્મ સમજી શકતું નથી તે બાબતમાં તેઓ પોતાની લાચારીનો ઇકરાર કરી લે છે. અને આજ ગુણને તેણે રસૂખ (પાકટતા) થી ઓળખાવ્યો છે કે જે વાતનું સંશોધન તેમની જવાબદારી નથી તેના ઊંડાણમાં જવાનો તેઓ વિચાર નથી રાખતા.

તમે પણ એ વાત પર સંતોષ મનાવો અને પોતાની બુધ્ધિ પ્રમાણે અલ્લાહની મહાનતાનું અનુમાન ન કરો. નહીંતર હલાક થનારા ઓમાં ગણાઈ જશો.

જુઓ, તે એવો શક્તિમાન છે કે જયારે વિચારો તેની શક્તિની સીમા જાણવા માટે આગળ વધે છે, અને

દરેક પ્રકારના વસવસાથી પાક વિચાર તેની સલ્તનતના ગુપ્ત ભેદો જાણવા માગે છે અને દિલ નિષ્ઠાપૂર્વક તેના ગુણોની વસ્તુસ્થિતિ જાણવા તરફ લક્ષ આપે છે અને બુધ્ધિના માર્ગો તેની ઝાતનું ઇલ્મ પ્રાપ્ત કરવા માટે સિફતોની પહોંચથી આગળ વધવા માગે છે તો તેઓને આ સ્થિતિમાં નિરાશ પાછા મોકલી દે છે કે તેઓ ગુપ્ત જગતના ઊંડાણોના રસ્તાઓ કાપી રહ્યા હોય છે અને સંપૂર્ણ રીતે તેની તરફ લક્ષિત રહે છે જેના પરિણામે બુધ્ધિઓ એ સ્વિકાર સાથે પાછી ફરે છે કે ખોટા વિચારોથી તેની મઅરેફતની હકીકત નથી જાણી શકાતી અને વિચારકોના દિલોમાં તેની કીર્તિ અને માનનો એક અંશ પણ અનુભવી નથી શકાતો.

તે ણે મખ્લૂકને કોઈ પણ નમૂનો ધ્યાનમાં રાખ્યા વગર સર્જી છે અને કોઈ ભૂતકાળના સર્જક કે મઅબૂદના નકશા વગર પૈદા કરી. તેણે પોતાની શક્તિના અધિકારો, પોતાના ડહાપણના બોલતા પૂરાવાઓ, અને મખ્લૂકો માટે તેના આધારની જરૂરતની કબૂલાત દ્વારા એ હકીકત

ઉઘાડી કરી દીધી કે આપણે તેની મઅરેફત પર દલીલ સ્થાપિત હોવાનો સ્વિકાર કરી લઈએ જે બિલ્કુલ નવી વસ્તુઓને તેની કારીગરીએ ઉત્પન્ન કરી છે અને ડહાપણના નિશાનોએ પૈદા કરી છે તે બધી સ્પષ્ટ છે અને દરેક મખ્લૂક તેના અસ્તિત્વની એક અખંડ હુજ્જત અને દલીલ છે કે જો તે ચૂપ છે તો તેની કળાકૃતિ બોલી રહી છે અને તેની દલીલ સર્જકને પૂરવાર કરે છે.

અય ખુદા ! હું ગવાહી આપું છું કે, જેણે પણ તારા સર્જનના અંગોની ભિન્નતતાઅને તેના સાંધાઓના છેડાઓ મળવા પર તારી હિકમતની કારીગરી માટે તારી પ્રતિમા ઠરાવી તેણે પોતાની બુધ્ધિના ચક્ષુને તારી મઅરેફતથી પરિચિત ન કરાવ્યા અને તેના દિલમાં એ યકીન ન ઉતર્યું કે તારો કોઈ દ્રષ્ટાંત નથી. અને જાણે તેણે એ સંદેશ નથી સાંભળ્યો કે એક દિવસ મુરીદ પોતાના પીરથી એમ કહી તિરસ્કાર કરશે કે "ખુદાની કસમ ! અમે ખુલ્લી ગુમરાહીમાં હતા, જયારે તમને દુનિયાઓના પાલનહારની બરાબર

ગણી રહ્યા હતા. બેશક તારી બરાબર ગણનારા જુઠા છે કે તેઓએ તને પોતાની મૂર્તિઓ સાથે સરખાવ્યો છે અને પોતાના વહેમોના આધારે તને મખ્લૂકના રંગરૂપ આપ્યા છે. અને પોતાના વિચારોના આધારે મૂર્તિઓની જેમ તારા ટૂકડા કરી નાખ્યા છે અને પોતાની બુધ્ધિની સમજ પ્રમાણે તને વિવિધ તાકતો વાળી મખ્લૂકના ત્રાજવે તને તોળી લીધો છે.

હું એ વાતની ગવાહી આપું છું કે, જેણે પણ તને કોઈની સમાન ગણાવ્યો તેણે તારો બરાબરિયો બનાવી નાખ્યો અને જેણે તારો બરાબરિયો બનાવ્યો તેણે મોહકમ આયતોના ઉતરવાનો ઇન્કાર કરી દીધો અને સ્પષ્ટ બયાનોને જૂઠલાવી નાખ્યા. નિ:શંક તું એ ખુદા છે જે બુધ્ધિઓની સીમામાં નથી આવતો કે વિચારોના વહેણમાં રૂપરેખાની ટક્કરમાં આવી જાય. અને ન તો ચિંતન મનનના ઉડ્ડયનોમાં સમાઈ શકે છે કે સીમા અને ઉપયોગનો પાબંદ બની જાય.

**આ ખુત્બાનો એક બીજો ભાગ :**

માલિકે દરેક સર્જનની મર્યાદા નક્કી કરી છે. અને સૌથી વધારે અફર નક્કી કરી છે. અને દરેકની યોજના કરી છે તો અતિશય સુક્ષ્મ યોજના કરી છે, દરેકને એક દિશા પર લગાવી દીધા છે તો તેણે પોતાના સ્થાનની સીમા ઓળંગી નથી. અને અંતિમ સીમા સુધી પહોંચવામાં ઉણપ પણ નથી રાખી. અને માલિકના હુકમ પર ચાલવાનો હુકમ આપી દેવામાં આવ્યો છે તો તેની અવજ્ઞા પણ નથી કરી. અને એ કેવી રીતે શકય હતું જયારે કે બધા તેની ઇચ્છાથી પ્રકાશમાં આવ્યા છે. તે બધી વસ્તુઓનો ઉત્પાદક છે, કોઈ પણ વિચારમાં પડયા વિના અથવા સ્વભાવના બાહ્ય ભાવોનો આશરો લીધા વિના અથવા સમયના અનુભવોનો લાભ ઉઠાવ્યા વિના અને ચિત્ર વિચિત્ર મખ્લૂકોના સર્જનમાં કોઈ ભાગીદારની મોહતાજી વિના.

તેની મખ્લૂક તેના હુકમથી સંપૂર્ણ થઈ છે અને તેની તાબેદારીના સજદામાં નમેલ છે. તેના આમંત્રણ પર “જી” કહે છે. અને આ માર્ગમાં મોડું કરનારની આળસનો શિકાર થાય છે અને ન બહાના અને બચાવ શોધનારાના વિલંબમાં પડે

છે. તેણે વસ્તુઓના વળાંકને સીધો રાખ્યો છે, તેની સીમાઓ નક્કી કરી દીધી છે. પોતાની કુદરતથી તેના વિવિધ અંગોમાં સુમેળ પેદા કરી દીધો છે અને મન અને શરીરનો સંબંધ જોડી દીધો છે. તેણે સીમાઓ અને પ્રારબ્ધ, સ્વભાવો અને આકૃતિઓને વિવિધ જણસોમાં વહેંચી દીધી છે. આ નવી રચના છે જેની બનાવટ મજબૂત રાખી છે અને તેના સ્વભાવ અને રચનાને પોતાના ઈરાદા પ્રમાણે રાખી છે.

**કંઈક આસમાન વિશે** :

તેણે કોઈ પણ વસ્તુથી જોડયા વગર આકાશના ઊંચાણ નિચાણને વ્યવસ્થિત કર્યા અને તેની તિરાડોને મેળવી દીધી. અને તેઓને આપસમાં એક બીજાની સાથે જકડી લીધા. અને તેનો હુકમ લઈને ઉતરનારા અને બંદાઓના આમાલને લઈ જનારા ફરિશ્તાઓ માટે ઊંચાઈઓની અસમતલતાને સમથળ કરી દીધી. હજી આ આસમાન ધુમ્મસના રૂપમાં હતું કે માલિકે તેને અવાજ આપી અને તેની દોરીઓના સંબંધો આપસમાં જોડાઈ ગયા અને તેના દરવાજાઓ બંધ રહેવા પછી ખૂલી ગયા. પછી તેણે તેના

છીદ્રો પર ખરતા તારાઓમાં ચોકીદાર ઊભા કરી દીધા અને પોતાની શક્તિના હાથે એ વાતથી રોકી લીધા કે હવાના પ્રસારણથી અહીં તહીં ચાલ્યા જાય.

તેઓને હુકમ આપ્યો કે, તેના હુકમની સામે નખશીખ નિમ્ન સ્થિતિમાં ઊભા રહે. તેના સૂર્યને દિવસ માટે અજવાળાના ચિહ્નો અને ચંદ્રને રાતની ઝાંખી નિશાની ઠરાવી. અને બંનેને તેના પરિભ્રમણના રસ્તે નાખી દીધા. અને તેમના પ્રવાસોમાં ગતિનું પ્રમાણ નક્કી કરી દીધું. જેથી તેઓ દ્વારા રાત દિવસનો ફરક સ્થાપી શકાય. અને તેઓના પરિભ્રમણથી વર્ષોની આંકણી કરી શકાય. પછી અંતરીક્ષમાં બધાની ધરીઓ લટકાવી દીધી. અને તેને એ શોભાથી સંકલિત કરી દીધી જે નાના-નાના તારાઓ અને મોટા મોટા સિતારાઓના દીપકોથી ઉપસ્થિત થઈ હતી. અવાજોને ચોરનારાઓ માટે ખરતા તારાઓથી સંગસારનો બંદોબસ્ત કર્યો અને તેઓને પણ પોતાના અંકૂશ હેઠળ મૂકી દીધા કે જે સ્થિર છે એ સ્થિર છે અને જે ગતિમાન છે એ ગતિમાન છે. ઊંચા-નીચા, સારા-નરસા બધા તેની ઇચ્છાને આધિન છે.

## ફરિશ્તાઓના ગુણો વિશે :

ત્યાર પછી તેણે આકાશોને આબાદ કરવા અને પોતાની સલ્તનતના ઊંચા વર્ગને વસાવવા માટે ફરિશ્તા જેવી અનોખી પ્રજાને પૈદા કરી. અને તેઓ દ્વારા આસ્માનની તિરાડો ભરી દીધી. અને અંતરિક્ષના વિશાળ અવકાશને ભરી દીધું. એ જ તિરાડો વચ્ચે તસ્બીહ પડવાવાળા ફરિશ્તાઓની અવાજો, કુદસની ચાર દીવારો, મહાનતાના આવરણો, મહત્તાની જવનિકાઓની (પડદાઓની) પાછળ ગુંજી રહી છે. અને એ ગુંજની પાછળ જેનાથી કાન ફાટી જાય છે, નૂરના તેજપુંજો છે જે દ્રષ્ટિને ત્યાં સુધી પહોંચવાથી રોકે છે અને તે નિષ્ફળ થઈ તેની સીમા પર રોકાઈ જાય છે.

તેણે આ ફરિશ્તાઓને વિવિધ રૂપો અને અલગ અલગ પ્રમાણો પ્રમાણે ઉત્પન્નો કર્યા. તેને પાંખ અર્પી અને તેઓ તેની પ્રતિભા અને કીર્તિની તસ્બીહમાં પ્રવૃત છે. મખ્લૂકોમાં તેની આગળ પડતી કારીગરીને પોતાની સાથે મનસૂબ નથી કરતા. અને કોઈ વસ્તુના સર્જનનો દાવો નથી કરતા. "આ અલ્લાહના માનવંત બંદાઓ છે જે તેના પર

કોઈ પણ વાતમાં પહેલ નથી કરતા. અને તેના જ હુકમ પ્રમાણે અમલ કરે છે." અલ્લાહે તેઓને પોતાની વહીના અમાનતદાર બનાવ્યા છે. અને મુરસલો તરફ પોતાના હુકમો અને મનાઈઓની અમાનતોના ઉઠાવનારા ઠરાવ્યા છે. તેઓને શંકા આશંકાઓથી પર રાખ્યા છે. કેમકે કોઈ પણ તેની મરજીના માર્ગથી વિરૂદ્ધ જનાર નથી. દરેકને પોતાની ઉપયોગી નેઅમતોથી નવાજ્યા છે. અને બધાના દિલોમાં નમ્રતા અને ભગ્નતાનો વિનય પૈદા કરી દીધો છે. તેઓ માટે પોતાની પવિત્રતા ગાવાની સરળતાના દરવાજા ખોલી દીધા છે. અને તવહીદની નિશાનીઓ માટે પ્રકાશિત મિનારા ઊભા કરી દીધા છે. તેઓ પર ગુનાહોનો ભાર પણ નથી. અને તેઓને રાત દિવસના ચક્કરો પોતાના ઇરાદા પર ચલાવી પણ નથી શકતા. શંકા આશંકાઓ તેઓના અખંડ ઈમાનને પોતાના વિચારોના તીરોનું લક્ષ્ય પણ નથી બનાવી શકતા. અને વહેમ અને ભ્રમણા તેઓના યકીનની પાકટતા પર આક્રમણ નથી કરી શકતા.

તેઓ વચ્ચે ઇર્ષાનો અગ્નિ પણ નથી ભડકતો અને આશ્ચર્ય તથા અચંબા તેઓની બુધ્ધિની મઅરેફતને ભૂંસી નથી શકતી અને તેઓની છાતીઓમાં છુપાએલી ખુદાની કીર્તિ, મહત્તા અને પ્રભાવના સંગ્રહોને કોઈ આંચકી નથી શકતું અને વસવસાઓએ કદી વિચાર્યું પણ નથી કે તેઓના વિચારોને કાટ ચડાવે.

તેઓમાં કેટલાક એવા છે જેને ભારે વાદળાઓ, સર્વોચ્ચ પર્વતો, અને તિમિરતમ અંધકારોમાં રાખવામાં આવ્યા છે. અને કેટલાક એ છે જેઓએ જમીનના પાતાળને ભેદી નાખ્યું છે. અને તેઓ શ્વેત ધજાઓ જેવા છે જેઓ અવકાશના વિસ્તારને ચીરી બહાર નિકળી ગયા હોય જેની નીચે એક હળવી હવા હોય જે તેઓને તેઓની સીમા પર રોકી રાખે. તેઓને ઇબાદતની પ્રવૃત્તિએ દરેક વસ્તુથી વંચિત બનાવી દીધા છે. અને ઈમાનની હકીકતોએ તેઓની અને મઅરેફતની વચ્ચે ગાઢ સંબંધ જોડી દીધો છે. અને અટલ શ્રધ્ધાએ; યકીને કામિલે; દરેક વસ્તુથી સંબંધ તોડી એઓને માલિકના આસક્ત બનાવી દીધા છે. તેઓના ધ્યાન

માલિકની નેઅમતોથી હટીને બીજી કોઈ તરફ નથી, કેમકે તેઓએ મઅરેફતની મીઠાશનો સ્વાદ ચાખી લીધો છે અને મહોબ્બતના તૃપ્ત કરનારા પ્યાલાથી સંતૃપ્ત થઈ ગયા છે.

અને તેઓના અંતરના ઊંડાણમાં તેનો ડર જડ પકડી ચૂક્યો છે. જેના લીધે તેઓને નિરંતર ઇતાઅતથી પોતાની સીધી કમરોને વાંકી બનાવી લીધી છે, લાંબા સમયના લગાવ છતાં તેઓના રોવા કરગરવાના ખજાના ખૂટયા નથી. અને ન વિશિષ્ટ નિકટતા છતાં તેમના વિનયની દોરી ઢીલી પડી છે. અને ન આપખુદીએ તેમના પર વિજય મેળવ્યો છે, કે તેઓ પોતાના ગત આમાલોને વધારે સમજવા લાગે અને ન અલ્લાહના પ્રભાવ સામે તેઓની નમ્રતાએ કોઈ ક્સર રહેવા દીધી છે, કે તેઓ પોતાની નેકીઓને મોટી સમજવા લાગે. લગાતાર મહેનત છતાં તેઓએ આળસને માર્ગ નથી આપ્યો. અને તેઓની લગનીમાં કોઈ કમી નથી આવી, કે તેઓ માલિકથી આશા છોડી દે. નિરંતર મુનાજાતોએ તેમના જીભના ટેરવા સૂકાવ્યા નથી. અને ન પ્રવૃત્તિઓએ તેમના પર વર્ચસ્વ જમાવ્યું છે કે તેઓની

મુનાજાતની ગુપ્ત અવાજો કપાઈ જાય. ન તાબેદારીના સ્થળોમાં તેઓના ખભાઓ આગળ પાછળ થાય છે અને ન અલ્લાહના હુકમો પાળવામાં ઉણપના કારણે તેઓની ગરદનો વળી જાય છે.

તેઓના પ્રયત્નોના ઉત્સાહ પર ન ગફલતોની મુર્ખતાનો હુમલો થાય છે, અને ન ઇચ્છાઓના પ્રપંચો તેમની હિમ્મતોને પોતાનું લક્ષ્ય બનાવે છે. તેઓએ પોતાના માલિક, અર્શના ધણીને ભૂખ તરસના દિવસ માટે સંઘરી રાખ્યો છે, અને જયારે લોકો બીજી મખ્લૂકો તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે તો તેઓ તેને જ પોતાનો લક્ષ્યાંક બનાવી રાખે છે. આ ઇબાદતની સીમા સુધી નથી પહોંચી શકતા એટલે તેઓની તાબેદારીની ઉત્કટ (પ્રબળ) ભાવના બીજે ક્યાંય લઈ જવાને બદલે માત્ર આશા નિરાશાના કદી ન ખૂટનારા સંગ્રહોની તરફ ખેંચી જાય છે. તેઓ માટે ખુદાના ડરના કારણો વિલાયા નથી, કે તેઓની કોશિશોમાં સુસ્તી પૈદા કરી દે. અને ન તેઓ ઇચ્છાઓમાં જકડાયા છે કે સમય પૂરતી કોશિશોને અનંત પ્રયાસો પર પ્રાથમિકતા આપે. તેઓ પોતાના ગત

આમાલોને ખરાબ નથી સમજતા, જો એમ હોત તો અત્યાર સુધીમાં આશાઓ ખુદાના ખોફનો નાશ કરી દેતે. તેઓએ શયતાનની આણમાં આવી પરવરદિગારના વિશે આપસમાં કોઈ મતભેદ પણ નથી કર્યો અને ન એક બીજાથી બગાડે તેઓ વચ્ચે ભિન્નષતા સર્જી છે. ન તેઓ પર ઇર્ષાનો દૂર્ગુણ વિજ્યી થયો છે. અને ન તેઓ શંકાના આધારે આપસમાં એકબીજાથી વિખૂટા પડયા છે. અને ન ઇરાદાઓના પતને તેમને એકબીજાથી જુદા પાડયા છે.

આ ઈમાનના એ કેદી છે જેમની ગરદનોને વક્રતા, અવજ્ઞા, પ્રમાદ (આળસ), દિમાગની ખરાબી કોઈ ચીજ આઝાદ નથી કરાવી શકતી. આસમાનના વાતાવરણમાં એક ખાલ ( છાલ) બરાબર પણ એવી જગ્યા નથી જ્યાં કોઈ ફરિશ્તો સજદો કરનારો કે ભાગદોડ કરવાવાળો ન હોય. આ લાંબી ઇતાઅતથી પોતાના પાલનહારની મઅરેફતમાં વધારો જ કરે છે અને તેમના દિલોમાં તેની કીર્તિ અને મહત્તા વધતી જ જાય છે.

**જમીન અને તેના પાણી પર ફર્શ હોવાની વિગતો :**

તેણે જમીનને ઉપર નીચે થવાવાળા મોજાઓ અને અગાધ સમંદરના ઊંડાણોની ઉપર સ્થાપી છે, જ્યાં મોજાઓના ઉછાળા હતા અને એક બીજાને ધકેલનારી લહેરો ટકરાતી હતી. તેના ફીણ એવા જ હતા જેવી માતેલા ઊંટની લાળ. પણ આ તોફાનને ઉછળતા પાણીના ભારે દાબી દીધું અને તેના જોશ અને ઉછાળાને પોતાની છાતી ટેકવી શાંત કરી દીધા. અને પોતાના ખભાઓથી દબાવી એવું દબાવી દીધું કે તે નામોશી અને ધૂત્કાર સાથે તાબે થઈ ગયું. હવે તે પાણી મોજાઓના ધૂઘવાટો પછી શાંત અને સ્થિર થઈ ગયું અને બદનામીની લગામમાં કેદ અને આજ્ઞાંકિત બની ગયું. અને જમીન પણ ઉછળતા પાણીની સપાટી પર પાલવ પ્રસારી બેસી ગઈ હતી. કેમકે તેણે અકડવા, માથું ઊંચકવા, નાક ચડાવવા, અને જોશ દેખાડવાનો અંત આણી દીધો હતો. અને આસમાને ધરા પર બંધ બાંધી દીધો હતો. હવે પાણી ઉછળવા, કૂદવા પછી શાંત થઈ ગયું હતું. અને નાચ કૂદની

મસ્તીઓ પછી અચેતન થઈ ગયું હતું. હવે જયારે પાણીનો જોશ ધરાની આસપાસની નીચે શાંત થઈ ગયો અને ગગનચુંબી પર્વતોના ભારે તેના ખભાઓ દબાવી દીધા હતા તો માલિકે તેના નાકની સુરાખોમાંથી ઝરણાઓ વહાવી દીધા. અને તેને દૂર સુદૂર રણો અને ખાઈઓ સુધી પ્રસારી દીધું અને પછી જમીનની હરકતને પહાડોના શિખરો અને ઊંચી ઊંચી ચોટીઓવાળા પહાડોના ભારે સમતોલ બનાવી દીધી. અને પહાડના તેની સપાટીના વિવિધ ભાગોમાં ડૂબી જવાથી અને તેના ઊંડાણની તળેટીમાં ઘૂસી જવાના અને તેના સપાટ ભાગોની ઊંચાઈ અને નીચાણ પર સવાર થઈ જવાના લીધે તેની કંપારી થંભી ગઈ અને માલિકે જમીનથી વાતાવરણ સુધી એક વિસ્તાર જન્માવી દીધો અને હવાને તેના રહેવાસીઓને શ્વાસ લેવા માટે ફેલાવી દીધી. અને તેમાં વસવાવાળાઓને બધી સુવિધાઓ સાથે રોકી લીધા.

ત્યાર પછી જમીનના એ નિર્જન મૈદાનો જેના ઊંચાણ સુધી ઝરણાઓ અને નદીઓના વહેવા માટે કોઈ માર્ગ નહોતો તેને પણ એમ જ નથી છોડી દીધા. ત્યાં સુધી કે

તેઓ માટે વાદળો સર્જાવ્યા જે તેની મૃતપાય જમીનોને જીવંત કરી શકે અને લીલોતરી ઉગાડી શકે. તેણે અબ્ર (વાદળા)ના ચમકદાર ટૂકડાઓ અને વેરવિખેર વાદળીઓને ભેગી કરી ત્યાં સુધી કે જયારે તેની અંદર પાણીનો સંગ્રહ જોશ મારવા લાગ્યો અને તેની કોરે મોરે વીજળીઓ તડપવા લાગી અને તેની ચમક શ્વેત વાદળોની તળો અને ઘનઘોર ઘટાઓની અંદર બરાબર જારી રહી તો તેને મૂશળધાર વર્ષા માટે મોકલી દીધા અને એવી રીતે તેના ભારી ભાગો જમીન પર ઘેરાઈ રહ્યા હતા અને દક્ષિણની હવાઓ તેને મસળી મસળી વરસવાવાળા વાદળના ટીપાંઓ તેજધાર વરસાદના રૂપમાં વરસાવી રહી હતી. ત્યાર પછી જયારે વાદળોએ પોતાની છાતી હાથ પગ સમેત જમીન પર ટેક્વી દીધી અને પોતે ઉપાડેલા પાણીનો બધો ભાર તેના પર ઢોળી દીધો તેના દ્વારા પડતર જમીનોમાં ખેતીઓ ઉગાડી દીધી અને શુષ્ક પહાડો પર લીલુંછમ ઘાસ પાથરી દીધું. હવે ધરા પોતાની હરિયાળીની શોભાથી ઝૂમવા લાગી અને ફૂલોની ચાદરો અને ખીલેલી તાજી કળીઓના ઘરેણાથી અભિમાન કરવા લાગી.

પરવરદિગારે આ બધી વસ્તુઓને માનવ જીવનો સામાન અને જાનવરોની રોઝી ઠરાવી. તેણે ધરાની આસપાસ વિશાળ માર્ગો કાઢયા અને રાજમાર્ગો પર ચાલનારાઓ માટે રોશનીના મિનારા ઊભા કર્યા.

પછી જયારે ધરાની પથારી પાથરી લીધી અને પોતાનું સર્જન સંપૂર્ણ કરી લીધું તો આદમ અલય્હિસ્સલામને પોતાના સર્જનોમાં ચૂંટી લીધા. અને તેને માનવવંશની પહેલી વ્યક્તિ બનાવી જન્નટતમાં વસાવી દીધા. અને તેમના માટે દરેક પ્રકારના ખાવા પીવાની છૂટ આપી દીધી. અને જેની મના કરવી હતી, તેનો સંકેત પણ આપી દીધો. અને બતાવી દીધું કે આ કાર્યમાં અવજ્ઞાનો સંદેહ અને પોતાના સ્થાનને ખતરામાં નાખવાનો ડર છે, પરંતુ તેઓએ એ જ વસ્તુ તરફ રૂખ કરી લીધું, જેનાથી તેમને રોકવામાં આવ્યા હતા. અને આ વાત ખુદાના ઇલ્મમાં પહેલેથી જ મૌજૂદ હતી.

પરિણામે પરવરદિગારે તેને માફ કરવા પછી જમીન પર ઉતારી દીધા, જેથી પોતાના વંશથી દુનિયાને આબાદ કરે. અને તેમના મારફત અલ્લાહ બંદાઓ પર

હુજ્જત કાયમ કરે પછી તેમને ઉપાડી લેવા પછી પણ ધરતીને એ વસ્તુઓથી ખાલી ન રાખી, જેના દ્વારા પાલનહાર પણાની દલીલો પર ભાર મૂકે અને જેને બંદાઓની મઅરેફતનું સાધન બનાવે. બલ્કે સદા ચૂંટેલા નબીઓ અને રિસાલતના અમાનતદારોની જીભથી હુજ્જત પહોંચાડવાની નિગરાની કરતો રહ્યો. અને આમ સૈકાઓ વીતતા રહ્યા. ત્યાં સુધી કે આપણા પયગમ્બર હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ દ્વારા તેની હુજ્જત તમામ થઈ ગઈ. અને હુજ્જત પૂરી કરવાનો અને અઝાબથી ડરાવવાનો અનુક્રમ અંતિમ બિંદુ સુધી પહોંચી ગયો.

અલ્લાહે બધાની રોઝીઓ નિર્માણ કરી દીધી છે. ચાહે થોડી હોય અથવા વિપૂલ અને પછી તેને અલ્પ અને વિશાળના હિસાબે પણ વહેંચી દીધી અને તેમાં પણ ન્યાય રાખ્યો છે જેથી બંનેનું ઇમ્તેહાન લેવામાં આવી શકે. અને તવંગર અને રંક બંનેને કૃતજ્ઞતા (નાશુક્રી) અથવા ધીરતાથી પરખી શકાય. અને પછી વિશાળ રોઝીની સાથે નિર્ધનતા અને ભુખના ખતરાઓ અને સલામતી સાથે ઉતરનારી

આફતોના અંદેશા અને આનંદ સુખની વિશાળતા સાથે રંજ અને ગમના ગળું પકડનારા ડૂમાઓ પણ સમાવી દીધા. જીવનની લાંબી અને વિશાળ મુદ્દતો નક્કી કરી, તેઓને આગળ પાછળ રાખ્યા અને પછી બધાને મોત સાથે મેળવી દીધા. અને મૌતને તેઓની દોરીઓને ખેંચનાર અને અતૂટ સંબંધોને ટૂકડે ટૂકડા કરવાવાળી બનાવી દીધી. તે દિલોમાં વાતોને છુપાવનારના ભેદો, ગુપ્ત વાતો કરનારની વાતચીત, વિચારોમાં અટકળો બાંધનારના અનુમાનો, દિલમાં જામેલા યકીની ઇરાદાઓ, પાંપણોમાં દબાએલ આંખોના ઇશારાઓ અને દિલના ઊંડાણના રહસ્યો અને ગૈબની ગહનતાના ભેદો બધાને જાણે છે.

તે એ અવાજોને પણ સાંભળી લે છે, જેના માટે કાનના છીદ્રોને નમવું પડે છે. કીડીઓના ગ્રિષ્મ ઋતુના રહેઠાણો, અને બીજા જીવ જંતુઓના ઠંડીઓના ઉતારાઓથી જાણકાર છે. જેનો પુત્ર મરી ગયો હોય એવી સ્ત્રીઓના કલ્પાંતો અને પગોના પગરવ પણ સાંભળી લે છે. તે લીલા પર્ણોના આવરણમાં અંદરના ભાગમાં ઉછરનારા ફળોની

જગ્યાને પણ જાણે છે અને પહાડોની ગુફાઓ અને કોતરોમાં પ્રાણીઓના આશ્રમોને (રહેઠાણને) પણ જાણે છે. તે વૃક્ષોના થડો અને તેની છાલોમાં મચ્છરોને સંતાવાની જગ્યાથી પણ સચેત છે. અને ડાળોમાં પર્ણોને નિકળવાની મંઝિલ અને કરોડરજ્જુઓમાં વીર્ય બીંદુના ઠેરવાના સ્થાનો, પરસ્પર જોડાએલા વાદળો, ઉપર તળે ઘટાઓથી ટપક્તા વર્ષાના બિંદુઓથી પણ પરિચિત છે. બલ્કે જે જે રજકણોને આંધીઓ પોતાના પાલવમાંથી ઉડાડે છે અને જે નિશાનોને વરસાદ પોતાના પૂરથી મિટાવી નાખે છે. તેનાથી પણ જાણકાર છે. તે રેતીના ટેકરાઓ પર જમીનના કીડાઓના ચાલવા ફરવા અને ઊંચા ઊંચા પહાડોના શિખરો પર પાંખો રાખનારા પક્ષીઓના માળાઓને પણ જાણે છે અને માળાના અંધારામાં પક્ષીઓના કલરવોને પણ ઓળખે છે. જે વસ્તુઓને છીપે સંતાડી છે તેને પણ જાણે છે અને જેને સમુદ્રના મોજાઓએ પોતાના ખોળામાં દબાવી રાખ્યું છે તેને પણ ઓળખે છે. જેને રાતના અંધારાએ સંતાડી દીધું છે તેને પણ ઓળખે છે અને જેના પર દિવસના સૂર્યે પ્રકાશ વેર્યો છે તેનાથી પણ અજાણ નથી. જે ચીજો પર એક પછી એક અંધારી રાતના પરદાઓ અને ઉજળા

દિવસોના સૂર્યના કિરણો પ્રકાશ પાથરે છે તે એ બધાઓ, પાદ ચિહ્નો, હલન ચલન, શબ્દોના ગુંજારવ, હોઠોનો ફડફડાટ, શ્વાસોની અવર જવર, રજકણોનું વજન, જીવતાઓના નિસાસાની અવાજો, આ ધરા પર વૃક્ષોના ફળો, ખરતા પર્ણો, વીર્યનું ઠેરવું, જામેલ ખૂનના સ્થળો, માંસના લોંદા અથવા તેના પછી આકાર પામનાર સર્જન અથવા પેદા થએલ બાળક બધાને જાણે છે. અને તેને આ ઇલ્મ પ્રાપ્ત કરવામાં કોઈ શ્રમ નથી થયો. ન પોતાની મખ્લુકને રક્ષવામાં કોઈ અડચણ ઊભી થઈ. અને ન પોતાના હુકમો લાગુ પાડવામાં અને લોકોની વ્યવસ્થા કરવામાં કોઈ પ્રમાદ (આળસ) કે થકાવટ લાગી. બલ્કે તેનું ઇલ્મ ઊંડાણોમાં ઉતરેલું છે. અને તેણે બધાની ગણત્રી કરી લીધી છે. અને બધા પર તેનો ન્યાય પ્રવર્તક અને અધિક ઉપકાર છવાએલ છે. જો કે આ બધા તેની શાનને લાયક હક અદા કરવાથી અસમર્થ છે.

અય અલ્લાહ ! તું જ વખાણ અને અંત સુધી સ્તવન (તારીફ - ગુણગાન) કરવાને પાત્ર છે. તારાથી આશા રાખવામાં આવે તો શ્રેષ્ઠ આશરો છે. અને ઉમ્મીદ બાંધવામાં આવે તો શ્રેષ્ઠ ઉમ્મીદોનું કેન્દ્ર છે. તેં મને એ શક્તિ અર્પણ

કરી જેના વડે કોઈ અન્યની સ્તૂતિ કે પ્રશંસા નથી કરતો, અને તેનું રૂખ એ લોકો તરફ નથી વાળતો, જેઓ નિષ્ફળતાનું કેન્દ્ર અને શંકાઓનું ઘર છે. મેં પોતાની જીભને લોકોના વખાણ અને તારી પાળેલી પ્રજાના ગુણ ગાવાથી ચૂપ રાખી છે.

અય ખુદા ! દરેક વખાણ કરનારનો પોતાના પ્રશસ્ત (વખણાએલા) પર એક હક હોય છે, ચાહે તે વળતર હોય, ઇનામ કે પુરસ્કાર. અને હું તારાથી આશા રાખી બેઠો છું કે તું રહેમતના સંગ્રહો અને માફીના ખજાનાઓની ભાળ આપનારો છે, અય ખુદા ! આ એ બંદાની ઉપસ્થિતિ છે જેણે માત્ર તારી તવહીદ અને એકતાનો સ્વિકાર કર્યો છે અને તારા સિવાય આ ગુણો અને કમાલોનો કોઈને પાત્ર નથી જોયો. વળી હું એક હાજત રાખું છું, જેનો તારા ઔદાર્ય (ઉદારતા) સિવાય કોઈ ઇલાજ નથી કરી શકતું, અને તારા ઉપકારો સિવાય કોઈ તેનો આધાર નથી બની શકતું. હવે આ સમયે મને તારો રાજીપો અર્પણ કર અને બીજાઓ સામે હાથ ધરવાથી બેપરવા કરી દે. કેમકે તું દરેક ચીજ પર શક્તિ ધરાવે છે.

* * * * *

# ૯૨ - જયારે લોકોએ આપની બયઅતનો નિર્ણય લીધો

*જયારે લોકોએ હ. ઉસ્માનના ખૂન થવા પછી આપની બયઅત ચાહી.*

મને મૂકી દયો, અને જાઓ કોઈ અન્યને શોધી લ્યો, મારી સામે એ મામલો છે, જેના ઘણા રંગો અને રૂખ છે, જેની ન દિલોમાં સહન શક્તિ છે અને ન બુધ્ધિ એને સાંખી શકે છે. જુઓ ક્ષિતિજ કેટલી ડહોળાયેલ છે અને માર્ગ કેટલા અજાણ્યા થઈ ગયા છે? યાદ રાખો ! કે જો મેં બયઅતની દાવત કબૂલ કરી લીધી તો તમને મારા ઇલ્મ પ્રમાણે જ બચાવીશ અને કોઈની વાત કે ઠપકો નહીં સાંભળું, પણ જો તમે મને મૂકી દેશો તો તમારા જેવી જ એક વ્યક્તિ રૂપે જીવન વિતાવીશ, બલ્કે તમો બધાથી વધારે તમારા હાકિમના હુકમોનું ધ્યાન રાખું. હું તમારા માટે વઝીરના રૂપે અમીરની સરખામણીમાં વધારે સારો રહીશ.

* * * * *

# ૯૩ - બની ઉમય્યાના ફિત્ના તરફ આગમચેતી

*જેમાં આપે આપના ઇલ્મ અને શાણપણનો પરિચય આપતા બની ઉમય્યાના ફિત્ના તરફ ધ્યાન દોર્યું છે.*

પાલનહારની પ્રશંસા અને સ્તૂતિ (વખાણ) પછી,

લોકો ! યાદ રાખો, મેં ફિત્નાની આંખો ફોડી નાખી છે. અને આ કામ મારા સિવાય બીજો કોઈ નથી કરી શકતો. જયારે કે તેના તિમિર ઉપર તળે થઈ રહ્યા છે અને તેમના ગાંડપણની બીમારી વધી ગઈ છે. હવે તમે મારાથી જે ચાહો તે જાણી લ્યો એ પહેલા કે હું તમારી વચ્ચે ન રહું. એ પાલનહારની કસમ, જેની શક્તિશાળી પકડમાં મારી જાન છે. તમે અત્યારથી કયામતની દરમિયાન જે પણ વસ્તુ વિશે પૂછશો અને જે ટોળા વિશે જાણવા માગશો કે જે સૌ માણસોને સદમાર્ગ બતાવે અને સૌને ભટકાવી મારે તો હું તેને લલકારનાર, ખેંચવાવાળા, હાંકવાવાળા, સવારીઓને ઉતરવાના પડાવ, સામાન ઉતારવાની જગ્યા, કોણ તેમાંથી કત્લ કરી નાખવામાં આવશે, કોણ પોતાની મોતે મરશે, બધું બતાવી દઈશ. જોકે આ સૌથી ખરાબ સંજોગો અને સૌથી

સખ્ત મુશ્કેલીઓ મારા પછી આવે તો પૂછવાવાળો પણ પરેશાનીથી માથું નમાવી દેશે અને જેને પૂછવામાં આવશે તે પણ બતાવવાથી લાચાર રહેશે. અને આ બધું એ સમયે થાશે જયારે તમારા પર જંગો પુરી તૈયારી સાથે તૂટી પડશે. અને દુનિયા એવી રીતે તંગ થઈ જશે કે સંકટના દિવસો લાંબા લાગશે, ત્યાં સુધી કે અલ્લાહ બાકી રહેલા નેક બંદાઓને સફળતા અર્પણ કરશે.

યાદ રાખો ! જયારે ફિત્નાઓ આવે છે તો લોકોને શંકાઓમાં નાખી દે છે. અને જયારે જાય છે તો સચેત કરી જાય છે. આ આવવાના સમયે ઓળખી નથી શકાતા, પણ જયારે જવા લાગે છે તો ઓળખાઈ જાય છે. હવાઓની જેમ ઘુમ્યા કરે છે. કોઈ શહેરને પોતાની ટક્કરમાં લઈ લે છે અને કોઈને છોડી દે છે. યાદ રાખો ! મારી નજરમાં સૌથી વધારે ભયાનક ફિત્નો બની ઉમય્યાનો છે. જે પોતે પણ આંધળા હશે અને બીજાઓને પણ અંધારામાં રાખશે. તેના લક્ષણો સામાન્ય હશે. પણ તેની બલા ખાસ લોકો માટે હશે. જે આ

ફિત્નામાં આંખો ઉઘાડી બેઠા હશે. નહીંતર આંધળાઓ પાસેથી તો સરળતાથી પસાર થઈ જશે.

ખુદાની કસમ ! તમે બની ઉમય્યાને મારી પછી કનિષ્ટ (હલકી કક્ષાના) સત્તાધિશો પામશો. જેનો દાખલો એ કાપનારી ઊંટણી જેવો હશે જે મોંથી કાપશે અને હાથ મારશે અથવા પગ ચલાવશે અને દૂધ નહીં દોહવા દે. અને આ ક્રમ આમ જ રહેશે, તેનાથી માત્ર એ લોકો જ બચશે જે તેઓ માટે લાભકારી હશે અથવા ઓછામાં ઓછું નૂકસાન દેનાર નહીં હોય. આ મુસીબત તમને આવી જ રીતે વળગી રહેશે. ત્યાં સુધી કે તમારૂં ન્યાય માગવું એવું જ હશે, જેમ ગુલામ પોતાના આકાથી અથવા મુરીદ પોતાના પીરથી ન્યાયનો તકાદો કરે. તમારા પર તેનો ફિત્નો એવી ભયાનક શકલમાં આવશે, જેનાથી ડર લાગશે અને તેમાં જાહેલીયતના અંશો પણ હશે. ન તો કોઈ હિદાયતનો મિનારો હશે કે ન તો કોઈ રસ્તો બતાવનાર પતાકા. (નિશાન)

બસ અમે એહલેબૈત અલય્હેમુસ્સલામ જ છીએ, જેઓ એ ફિત્નાથી બચ્યા રહેશું. અને તેની દાવત આપનારાઓમાંથી નહીં હોય. ત્યાર પછી અલ્લાહ તમારાથી આ ફિત્નાને એવી રીતે અલગ કરી દેશે, જેવી રીતે જાનવરની ખાલ ઉતારવામાં આવે છે. એ શખ્સ દ્વારા જે તેઓને હડધૂત કરશે અને સખ્તીથી હંકારશે અને મુત્યુના કડવા ઘુંટ પીવરાવશે અને તલવાર સિવાય કંઈ નહીં આપે. અને ભય સિવાય કોઈ કપડાં નહીં પહેરાવે. તે એ સમય હશે જયારે કુરૈશને એ આરઝૂ હશે કે કદાચ દુનિયા અને તેનું બધું ધન દઈને એક મંઝિલ પર મને જોઈ લે, ભલે એટલી વાર માત્ર કે જેટલી વારમાં એક ઊંટ નહેર કરવામાં આવે છે, જેથી તેઓથી એ વસ્તુ સ્વિકારી લઉં, જેનો એક ભાગ આ જ માગું છું, તો તેઓ દેવા માટે તત્પર નથી.

* * * * *

# ૯૪ - અલ્લાહની હમ્દ અને સના, હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને આલે મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના વિશેષ ગુણો અને પ્રશંસા

*જેમાં પરવરદિગારની સ્તૂતિ, હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને એહલેબૈત અલય્હેમુસ્સલામની વિશેષ તારીફ અને સદબોધનો ઉલ્લેખ છે.*

બરકતવાળી છે એ પાલનહારની હસ્તી કે જેની ઝાત સુધી કલ્પનાના ઉડ્ડયનો નથી પહોંચી શકતા અને બુધ્ધિ, ચાતુર્યની સમજો તેને નથી પામી શકતી. તે એવો પ્રથમ છે, જેની કોઈ અંતિમ સીમા નથી. અને એવો અંતિમ છે, જેના માટે કોઈ નાશ નથી.

**માનવંત નબીઓ અલય્હેમુસ્સલામ :**

પરવરદિગારે તેઓને શ્રેષ્ઠ સ્થળોએ થાપણ રાખ્યા અને શ્રેષ્ઠ ઉતારે સ્થાયી કર્યા. તેઓ લગાતાર સૌથી ઉત્તમ પૂંઠોથી પવિત્રતમ ઉદરોમાં પરીગમન થતા રહ્યા કે જયારે કોઈ બુઝુર્ગ ગુજરી ગયા તો ખુદાના દીનની ઝીમ્મેદારી અનુગામીએ સંભાળી લીધી.

## હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ

ત્યાં સુધી કે અલ્લાહ તરફથી માનદ પદવી હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ સુધી પહોંચી ગઈ અને તેણે તેઓને શ્રેષ્ઠ વિકાસની ખાણ અને સૌથી માનનિય મૂળના કેન્દ્ર મારફત દુનિયામાં મોકલી દીધા. એ જ પવિત્ર વંશમાં જેમાં નબીઓ જનમતા રહ્યા અને પોતાના અમાનતદારોની વરણી કરી, પયગમ્બરના વંશજો શ્રેષ્ઠ અને ખાનદાન સૌથી વધારે કુલીન ખાનદાન છે. તેમનો વંશ એ શ્રેષ્ઠ વંશ છે. જે હરમની મુખ્ય ધરતી પર ઉગ્યો અને વડીલાતના ( વડપણના) છાયામાં ઉછેર પામ્યો. તેની ડાળીઓ ઘણી લાંબી છે અને તેના ફળ ઇન્સાનની પહોંચથી

બહાર છે. તેઓ તકવાવાળાઓના ઇમામ અને હિદાયત વાંછુઓ માટે અંતર દ્રષ્ટિનું મૂળ વહેણ. તે એવો દીપક છે જેનો પ્રકાશ ઝળહળી રહ્યો છે અને એવો સિતારો છે જેનું નૂર ઝગમગે છે. અને એવો ચકમક છે કે જેની ચમક વીજળી જેવી છે. તેઓનું ચારિત્ર્ય મધ્યમમાર્ગી, તેઓની સુન્નત જ્ઞાન અને હિદાયત તેમની અંતિમવાણી, અને તેમના ચુકાદા ન્યાયી છે. અલ્લાહે તેઓને એ સમયે મોકલ્યા જયારે અંબિયાનો ક્રમ થંભી ગયો હતો અને કુકર્મોનો કાળ પ્રવૃત્ત હતો અને સચ્ચાઈ ગફલતમાં ડૂબેલ હતી.

**શિખામણ :**

જુઓ ! ખુદા તમારા પર રહેમત ઉતારે, સ્પષ્ટ નિશાનીઓ પર અમલ કરો, કે રસ્તો બિલ્કુલ સીધો છે અને તે જન્નમતનીતરફ દાવત આપે છે અને તમે એવા ઘરમાં છો, જ્યાં ખુદાનો રાજીપો પ્રાપ્ત કરવાની તક અને નવરાશ છે. આમાલની કિતાબ ખૂલેલી છે. કુદરતની કલમ ચાલી રહી છે. બદન સહી સલામત છે. જીભો સ્વતંત્ર છે. તૌબા સાંભળવામાં આવે છે અને આમાલ કબુલ થઈ રહ્યા છે.

# ૯૫ - જેમાં રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના વિશેષ ગુણો અને પ્રશંસા

અલ્લાહે તમને એવે સમયે મોકલ્યા જયારે લોકો ગુમરાહીમાં ગુંચવાએલા હતા. અને ફિત્નાઓમાં હાથ પગ પછાડી રહ્યા હતા. આકાંક્ષાઓએ તેમને બહેકાવી દીધા હતા. અને ઘમંડે તેમને લપસાવી દીધા હતા. જાહેલીયતે તેઓને ખાલી મસ્તક બનાવી દીધા હતા અને તેઓ અચોક્કસ પરિસ્થિતિ અને જહાલતની બલાઓમાં ચિંતાગ્રસ્ત અને હયરાન હતા. આપે નસીહતનો હક અદા કરી દીધો. સીધા રસ્તા પર ચાલ્યા અને લોકોને હિકમત અને શિખામણ તરફ આમંત્ર્યા.

* * * * *

# ૯૬ - પાલનહાર અને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની સિફતો

સર્વ સ્તૂતિ એ અલ્લાહના માટે છે જે એવો પહેલો છે કે તેના પહેલા કોઈ ચીજ નથી. અને એવો અંતિમ છે કે તેની પછી કોઈ શય (ચીજ) નથી. તે પ્રગટ છે તો તેની ઉપરવટ કંઈ નથી. અને ગુપ્ત છે તો તેની નિકટતર કોઈ વસ્તુ નથી.

**હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ**

આપનું રહેણાંક શ્રેષ્ઠ રહેણાંક અને આપના પાલનપોષણની જગ્યા શ્રેષ્ઠ ઠેકાણું છે એટલે શ્રેષ્ઠતાની ખાણ અને સલામતીનું કેન્દ્ર. નેકી કરનારાઓના દિલ આપની તરફ વાળી દેવામાં આવ્યા છે અને દ્રષ્ટિઓનું વહેણ આપની તરફ ફેરવી નાખવામાં આવ્યું છે. અલ્લાહે આપના મારફત દ્વેષને દફનાવી નાખ્યો છે. અને અદાવતોની જવાળાઓ બૂઝાવી

નાખી છે. લોકોને પરસ્પર ભાઈ ભાઈ બનાવી દીધા છે. અને કુફ્રની કૌમને વેરવિખેર કરી નાખી છે. અપમાનિત લોકોને માનવંતા બનાવી દીધા છે. અને કુફ્રની ઇઝઝત માટે ગર્વ લેનારાઓને હડધૂત કરી નાખ્યા છે. આપના શબ્દો શરીઅતનું બયાન છે. અને આપનું મૌન રહેવું અહકામની ઝબાન છે.

* * * * *

# ૯૭ - જેમાં પોતાના સાથીઓ અને હઝરત રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના સહાબીઓની સરખામણી કરવામાં આવી છે.

તે અલ્લાહની પકડમાંથી બહાર નિકળી ગયા છે. બેશક તે (અલ્લાહ) તે લોકોના માર્ગ અને તેમના ગળામાં ફંદો લાગવાની જગ્યાએ તેમની રાહમાં જ છે. એ માલિકની કસમ, કે જેના કબ્જામાં મારી જાન છે, કે બેશક આ કૌમ તમારા ઉપર કાબૂ મેળવી લેશે. તે એ માટે નહીં કે તે એ માટે પાત્ર છે. પરંતુ એ માટે કે તે લોકો પોતાના અમીરની બાતિલ (અસત્ય) વાતોનું તુરંત જ અનુસરણ કરવા લાગે છે. અને તમે લોકો મારા હકમાં હંમેશા સુસ્તીથી કામ લો છો. દુનિયાની તમામ કૌમ તેમના શાસકના ઝુલ્મથી ભયભીત રહે છે અને હું મારી રૈયતના ઝુલ્મથી પરેશાન છું. મેં તમને લોકોને જેહાદ કરવા માટે તૈયાર કર્યા પરંતુ તમે લોકો ઉઠયા

નહીં. મેં તમને નસીહત કરી, પણ તમે તે ન સાંભળી. મેં તમને જાહેરમાં અને ગુપ્ત રીતે નિમંત્રણ આપ્યું પણ તમે ‘લબ્બૈક’ ન કહ્યું અને ન તો નસીહતને કબૂલ કરી. તમે લોકો એવા હાજર છો જાણે કે ગાએબ ! અને એવા ઇતાઅત કરનારાઓ છો જાણે કે માલિક હું તમારા માટે હિકમત ભરેલી વાતો કરૂં છું અને તમે તેનાથી વિમુખ બની જાવ છો. તમને શ્રેષ્ઠ નસીહત કરૂં છું તો તમે નાસી જાવ છો. હું તમને બાગીઓ સાથેના જેહાદ માટે તૈયાર કરૂં છું અને હજી છેલ્લા વાક્ય સુધી પહોંચું તે પહેલાં જ તમે ‘સબાની અવલાદ’ની જેમ વિખેરાઈ જાવ છો, તમારી મહેફીલોની તરફ પાછા ફરી જાવ છો અને એકબીજાના ફરેબમાં ફસાઈ જાવ છો. હું સવારના સમયે તમને સીધા કરૂં છું અને સાંજના સમયે તમે ફરી પાછા કમાનની જેમ વળી જાવ છો. તમને સીધા કરનાર કંટાળી ગયા અને તમારી સુધારણા અશક્ય બની ગઈ.

અય એવી કૌમ, જેના શરીર તો હાજર છે પણ અકલ ગાએબ છે, ખ્વાહીશાતો રંગબેરંગી છે. તમારા હાકિમ

તમારી બગાવતમાં મુબ્તેલા (ફસાયેલ) છો. તમારો અમીર અલ્લાહની ફરમાંબરદારી કરે છે અને તમે તેની નાફરમાની કરો છો. અને શામનો (રાજા) હાકિમ અલ્લાહના ગુનાહ કરે છે અને તેની કૌમ તેની ઇતાઅત કરે છે. ખુદા સાક્ષી છે કે મને એ વાત પસંદ છે મુઆવિયા મારાથી પૈસાનો સોદો કરી લે કે તમારા દસ આદમી લઈ લે અને પોતાનો એક આદમી મને આપી દે.

કૂફાવાળાઓ ! હું તમારા કારણે ત્રણ પ્રકારના વ્યક્તિત્વ અને બે પ્રકારની પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છું. તમે કાન રાખનારા બહેરા, જીભ રાખનારા મુંગા અને આંખ રાખનારા આંધળા છો. તમારી સ્થિતિ એ છે કે ન તો તમે સમરાંગણના સાચા વીર યુવાનો છો અને ન સંકટોમાં ભરોસાપાત્ર સાથી. તમારા હાથ ધૂળમાં મળી જાય. તમો એવા ઊંટો જેવા છો જેના ચારવાવાળા ખોવાઈ જાય કે જયારે એક બાજુથી ભેગા કરે તો બીજી બાજુથી વિખરાય જાય. ખુદાની કસમ ! હું મારા વિચારો પ્રમાણે તમને એવા જોઈ રહ્યો છું કે જો જંગ તેજ થઈ ગઈ અને સમરાંગણ ગરમ થઈ

ગયું તો તમે અબૂ તાલિબના બેટાથી એ નફફટતા સાથે અલગ થઈ જશો, જેવી રીતે કોઈ સ્ત્રી નગ્ન થઈ જાય છે. પણ ગમે તેમ હું મારા પરવરદિગારના તરફથી ચોખ્ખી દલીલ રાખું છું અને પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના માર્ગ પર ચાલું છું. મારો માર્ગ તદ્દન ઉજળો છે, જેને હું બાતિલના અંધારામાં પણ ગોતી લઉં છું.

**હઝરત રસુલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના અસ્હાબ**

જુઓ, પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની એહલેબૈત પર નજર રાખો અને તેઓના જ માર્ગને અપનાવો. તેઓના જ પગલે પગલે ચાલતા રહો, કેમકે તેઓ ન તમને હિદાયતથી વેગળા (અલગ) લઈ જશે અને ન ફરીને વિનાશ તરફ જવા દેશે. તેઓ રોકાઈ જાય તો રોકાઈ જાવ. અને ઊભા થઈ જાય તો ઊભા થઈ જાવ. ખબરદાર તેઓથી આગળ ન નિકળી જતા, નહીતર ભટકી જશો અને પાછળ પણ ન રહી જતા કે ક્યાંક હલાક થઈ જાવ. મેં પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી

વસલ્લમના સહાબીઓનો કાળ પણ જોયો છે પણ અફસોસ તમારામાંથી એક પણ તેના જેવો નથી. તેઓ ફજર ટાણે એવી રીતે ઉઠતા હતા કે વાળો વિખરાએલા અને માથા ધૂળવાળા, જયારે રાત સજદાઓ અને ક્યામમાં વીતાવી ચૂક્યા હોતા હતા. ઘડીક લલાટ ખાક પર રાખતા તો ઘડીક ગાલો. કયામતની યાદમાં જાણે અંગારા પર ઊભા હોય. અને તેઓના કપાળે બકરીઓના ગોઠણ જેવા ગઠ્ઠા હોતા હતા. તેમની સામે ખુદાનો ઝિક્ર આવતો તો આંસુ એવી રીતે વરસવા માંડતા હતા કે બાંયો સુધ્ધા ભીંજાઈ જાતી અને તેમનું શરીર અઝાબના ડર અને સવાબની આશામાં એવું કાંપતું હતું, જેવી રીતે કડક આંધીઓના દિવસે કોઈ વૃક્ષ.

* * * * *

# ૯૮ - બની ઉમય્યાના ઝુલ્મો તરફ નિર્દેશ

*જેમાં બની ઉમય્યાના ઝુલ્મો તરફ ઇશારો કરવામાં આવ્યો છે.*

ખુદાની કસમ, આ લોકો આમ જ ઝુલ્મ કરતા રહેશે. ત્યાં સુધી કે કોઈ હરામ નહીં બચે જેને હલાલ ન બનાવી લે. અને કોઈ કોલ કરાર નહીં બચે જેને તોડી ન નાખે. અને કોઈ ઘર કે કોઈ ઝૂંપડી બાકી નહીં રહે જેમાં તેઓના ઝુલ્મ ન પ્રવેશી જાય. અને તેઓના ખરાબમાં ખરાબ વર્તાવ તેઓને વતન છોડવા પર મજબૂર ન કરી દે. અને બંને પ્રકારના લોકો રોવા પર તૈયાર ન થઈ જાય. દુનિયાવાળા પોતાની દુનિયા પર રોવે અને દીનદાર પોતાના દીનની તબાહી પર આંસુ વહાવે. અને તમારૂં એકનું બીજાથી મદદ માગવું એવું છે જેવી રીતે ગુલામ આકાથી મદદ માગે કે સામે આવી જાય તો તાબેદારી કરે અને ગાયબ થઈ જાય તો ગીબત કરે. અને તમારામાં સૌથી વધારે સંકટગ્રસ્ત એ હશે જે ખુદા પર સૌથી વધારે ભરોસો રાખતો હશે. એટલે જો ખુદા તમને સુખ આપે તો સ્વિકારી લો અને જો તમારી કસોટી કરવામાં આવે તો

સબ્ર કરો કે સારો અંત તો હર સૂરતમાં તકવાવાળાઓ માટે છે.

* * * * *

# ૯૯ - દુનિયા ત્યાગ અને વિશ્વની વિચિત્રતાનો નિર્દેશ

*જેમાં દુનિયા તજવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે.*

ખુદાની પ્રશંસા અને ઉપકાર એ વાતનો જે થઈ ચૂક્યું અને તેની મદદની માંગણી એ સંજોગો પર જે સામે આવવાવાળા છે. અમે તેનાથી દીનની સલામતીનો તકાદો એવી જ રીતે કરીએ છીએ જેવી રીતે શરીર માટે તંદુરસ્તી અને સુખની દુઆ કરીએ છીએ.

ખુદાના બંદાઓ ! હું તમને વસીયત કરૂં છું કે એ દુનિયાને તજી દયો, જે તમને ગમે તેમ છોડવાવાળી છે. ચાહે તમે એનો વિયોગ પસંદ ન કરો. તે તમારા દેહને ગમે તેમ ક્ષીણ કરી દેશે, તમે લાખ તેની તાજગીની આશા કરો. તમારો અને તેનો દાખલો એ મુસાફરો જેવો છે જેઓ કોઈ માર્ગ પર ચાલ્યા અને જાણે ઉતારા સુધી પહોંચી ગયા. કોઈ માર્ગ ચિહ્નનો ઇરાદો કર્યો અને જાણે તે મળી ગયું. અને જાણે કેટલો

ટૂંકો ગાળો હોય છે એ ઘોડો દોડાવનારા માટે જે દોડાવતા જ લક્ષ્યે પહોંચી ગયો.

એ માણસનું જીવન જ શું છે? જેનો એક દિવસ નિર્માણ હોય; જેનાથી ન આગળ વધી શકાય અને પછી ચીલ ઝડપે મૌત તેને હાંકીને લઈ જઈ રહી હોય, ત્યાં સુધી કે કચવાતે મને દુનિયાને છોડી દે.

ખબરદાર ! દુનિયાના માનપાન અને તેની પ્રગતિમાં હરીફાઈ ન કરજો અને તેના ઠાઠમાઠને પસંદ ન કરજો અને તેની કઠણાઈઓ અને સંકટોથી શોકાતુર ન થજો, કેમકે તેના માનપાન અને પ્રગતિ અંત થનારી છે. અને તેના ઠાઠ માઠને પતિત થવાનું છે. અને તેની તંગી અને સખ્તી ગમે તેમ ખતમ થનારી છે. અહીં દરેક મુદ્દતનું એક છેવટ છે અને દરેક જીવન માટે મૃત્યું છે. શું તમારા માટે ભૂતકાળના લોકોના અવશેષોમાં બોધપાઠનો સામાન નથી? અને શું બાપદાદાની વીતકોમાં ધડો (નસીહત) લેવા જેવું નથી.? જો તમારી પાસે બુધ્ધિ હોય !

શું તમે એ જોયું નહીં કે જવાવાળા પાછા નથી આવતા. અને પાછળથી આવવાવાળા રહી નથી જતા. શું તમે જોતા નથી કે જગતવાળાઓ વિવિધ સંજોગોમાં સવાર સાંજ કરે છે ? ક્યાંક મરણ છે તેના પર કલ્પાંત થઈ રહ્યો છે. અને કોઈ જીવંત છે તો તેને દિલાસો અપાઈ રહ્યો છે. એક પથારીવશ છે તો એક તેની ખબર કાઢવા આવ્યો છે. અને એક પોતાની જાનથી જઈ રહ્યો છે. કોઈ દુનિયા શોધે છે તો મૌત એને શોધી રહી છે. તો કોઈ ગફલતમાં પડયો છે તો જમાનો તેનાથી બેખબર નથી. અને આમ ચાલ્યા જનારા નકશેકદમ પર રહી જવાવાળા ચાલ્યા જઈ રહ્યા છે.

સાવચેત થઈ જાવ, હજી મોકો છે. એને યાદ કરો જે મજાને મારી નાખનારી છે, ઇચ્છાઓને ડહોળી નાખનારી અને આશાઓને ભાંગી નાખનારી છે. આવા સમયમાં જયારે કુકર્મોનું આચરણ કરી રહ્યા છો અને અલ્લાહની મદદ માગો કે તેના વાજીબ હક અદા કરી દયો અને નેઅમતોનો આભાર માની શકો કે જેની ગણતરી કરવી અશક્ય છે.

* * * * *

# ૧૦૦ - હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને એહલેબૈત અલય્હેમુસ્સલામ વિશે

વખાણ એ અલ્લાહના જે પોતાના ઉપકારો અને કૃપાઓનો પાલવ પ્રસારી રહ્યો છે. અને પોતાના દાન પ્રદાનનો હાથ લંબાવી રહ્યો છે. અમે તેની પ્રશંસા કરીએ છીએ તેના બધા મામલાઓમાં, અને તેની મદદ માગીએ છીએ, ખુદ એના જ હકનું ધ્યાન રાખવા માટે. અમે ગવાહી આપીએ છીએ કે તેના સિવાય કોઈ ખુદા નથી. અને બેશક હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તેના બંદા અને રસૂલ છે. જેઓને તેણે પોતાના હુકમોનું પાલન કરાવવા અને પોતાનો ઝિક્ર બયાન કરવા મોકલ્યા તો તેમણે અત્યંત નિષ્ઠાપૂર્વક તેના પયગામ પહોંચાડી દીધા અને સાચા માર્ગ પર આ દુનિયાથી ચાલ્યા ગયા. અને અમારી વચ્ચે એક એવો સત્યનો પરચમ મૂકી ગયા કે જો કોઈ તેનાથી આગળ નિકળી જાય તે દીનથી નિકળી જાય

અને જે પાછળ રહી જાય તે નાશ પામે. અને જે તેને વળગી રહ્યો તે હકની સાથે રહ્યો. તેની તરફ દોરનાર એ છે જે વાત અટકીને કરશે અને સંતોષ સાથે ક્યામ કરે છે. પરંતુ ક્યામ પછી ફરી તેજીથી કામ કરે છે.

જુઓ, જયારે તમે તેના માટે તમારી ગરદનો નમાવી દેશો અને દરેક મસઅલામાં તેની તરફ ઇશારા કરવા લાગશો તો તેને મૌત આવી જશે અને તેને લઈને ચાલી જશે. પછી જ્યાં સુધી ખુદા ચાહશે તમને એ જ સ્થિતિમાં રહેવું પડશે, ત્યાં સુધી કે તે એ શખ્સને તદ્દન જાહેરમાં લઈ આવશે, જે તમને એક સ્થળે ભેગા કરે અને તમારા કુસંપને દૂર કરી દે. તો જુઓ જે આવવાવાળો છે તેની સિવાય કોઈની લાલચ ન કરો અને જે જઈ રહ્યો છે તેનાથી નિરાશ ન થઈ જાવ. બની શકે છે કે જાવાવાળાનો એક પગ ઉખડી જાય તો બીજો પગ જામેલો રહે અને પછી એવા સંજોગો ઊભા થઈ જાય કે બંને પગ જામી જાય.

જુઓ, આલે મોહમ્મદ અલય્હેમુસ્સલામની મિસાલ આસમાનોના સિતારાઓ જેવી છે, કે જયારે એક સિતારો

ગાયબ થઈ જાય છે તો બીજો નિકળી આવે છે. તો જાણે અલ્લાહની નેઅમતો તમારા પર સંપૂર્ણ થઈ ગઈ અને તેણે તમને એ બધું દેખાડી દીધું, જેની તમે આશા બાંધી બેઠા હતા

* * * * *

# ૧૦૧ - સમયના ઉત્પાતો

*જે એ ખુત્બાઓમાંથી છે જેમાં જમાનાની ક્રાંતિઓનો ઉલ્લેખ છે.*

તમામ વખાણ એ પ્રથમના માટે છે, જે દરેકની પહેલા છે અને દરેકથી અંતિમ છે, તેના પ્રથમ પણાનો તકાદો છે કે તેની પ્રથમ કોઈ ન હોય અને તેના અંતિમ પણાનો તકાદો છે કે તેનો કોઈ અંતિમ ન હોય. હું ગવાહી આપું છું કે, તેના સિવાય કોઈ ખુદા નથી, અને આ ગવાહીમાં મારૂ અંતર પ્રગટ (બાતીન અને જાહેર) એકસમાન છે અને મારી ઝબાન દિલથી સંપૂર્ણ રીતે એકરાગી છે.

અય લોકો ખબરદાર ! મારો વિરોધ કરવાની ભુલ ન કરો. અને મારી અવગણના કરીને હેરાન અને ભટકતા ન થઈ જાવ. અને મારી વાત સાંભળતી વખતે એક બીજાને ઇશારા ન કરો. કેમકે, એ પાલનહારની કસમ જેણે દાણાને ફાડયો અને જીવનો ઉત્પન્નનકર્યા કે હું જે કંઈ ખબર આપી રહ્યો છું, તે હઝરત રસૂલે પાક સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તરફથી છે, જ્યાં ન પહોંચાડવાવાળો જૂઠું બોલતો

હતો અને ન સાંભળનાર જાહિલ હતો. અને જાણે કે હું એ અધમમાં અધમ ભટકેલને પણ જોઈ રહ્યો છું જેણે શામમાં લલકાર કર્યો અને કૂફાની આસપાસ ઝંડા ખોડી દીધા અને ત્યાર પછી જયારે તેનું મોઢું ઉઘડી ગયું અને તેની લગામનું મોઢું મજબૂત થઈ ગયું અને જમીન પર તેની પામાલીઓ વધારે સખ્ત થઈ ગઈ તો ફિત્નાઓ માનવ પુત્રોને પોતાના દાંતો વડે કાટવા લાગ્યા. અને જંગોએ પોતાની થપ્પડોની લપેટમાં લઈ લીધા. અને દિવસોની સખ્તી અને રાતોની ઘાતો નજર સમક્ષ આવી ગઈ.

અને પછી જયારે તેનું ખેતર હર્યું ભર્યું થઈ ગયું અને તેઓની મસ્તીઓ પોતાનો જોશ દેખાડવા લાગી અને તલવારો ચમક્વા લાગી તો સૌથી વધારે સખ્ત ફિત્નાઓના ઝંડા ખોડાઈ ગયા. અને તે અંધારી રાતો અને ઉછળતા સમુદ્રની જેમ પ્રસિધ્ધિમાં આવી ગયા, અને કૂફાને તો આ સિવાય પણ ઘણી આંધીઓ વેરવિખેર કરવાવાળી છે અને તેના પર તો ઘણાય પસાર થવાવાળા છે. અને નજીકમાં જ જમાઅતો જમાઅતોથી ભીડવા વાળી છે. અને ઊભી ખેતીઓ

કાપી નાખવામાં આવનારી છે. અને કપાએલા માલને પણ બરબાદ અને પાયમાલ કરી નાખવામાં આવનાર છે.

* * * * *

# ૧૦૨ - કયામતના દિવસનો ઉલ્લેખ

*જેમાં કયામત અને તેમાં લોકોની સ્થિતિઓનો ઉલ્લેખ છે.*

તે દિવસ એ હશે જયારે પાલનહાર પૂરોગામીઓ અને અનુગામીઓને ઝીણવટભર્યો હિસાબ અને આમાલના બદલા માટે એવી રીતે ભેગા કરશે કે બધા વિનય અને નમ્રતા પૂર્વક ઊભા હશે પસીનાથી મોં તરબોળ થઈ ગયું હશે અને ધરા કાંપતી હશે. શ્રેષ્ઠ સ્થિતિ એની હશે, જેને પગ ખોડવાની જગ્યા મળી જશે અને જેને શ્વાસ લેવાની તક પ્રાપ્ત થઈ જશે.

**આ ખુત્બાનો એક ભાગ :**

એવા ફિત્નાઓ જાણે અંધારી રાતના ટૂકડા. જેની સામે ન ઘોડા ઊભા રહી શકશે ન તેના પરચમોને ફેરવી શકાશે. આ ફિત્નાઓ લગામ અને સામાનની પૂરી તૈયારી સાથે આવશે. તેઓનો નેતા તેઓને હંકારી રહ્યો હશે અને તેઓનો સવાર તેઓને થકવી રહ્યો હશે. તેને પાત્ર એક કૌમ

હશે, જેના હુમ્લાઓ આકરા હશે, પણ લૂંટમાર ઓછી. અને તેઓનો સામનો અલ્લાહના માર્ગમાં માત્ર એ લોકો કરશે જેઓ મોટાઈ દેખાડનારાઓની નજરમાં નિર્બળ અને પતિત હશે. તેઓ દુનિયાવાળાઓમાં અજાણ્યા અને આસમાનવાળાઓમાં પરિચિત હશે.

અય બસરા ! એવે સમયે તારી સ્થિતિ દયાજનક હશે, એ અલ્લાહના અઝાબના લશ્કરના આધારે જેમાં ન ધૂળ હશે ન શોરબકોર અને નજીકમાં તારા વાસીઓને લાલ મૌત અને કડક ભૂખમાં મુબ્તેલા કરવામાં આવશે.

* * * * *

# ૧૦૩ - ઝોહદ અને તકવા વિશે

અય લોકો ! દુનિયાને એવી રીતે જુઓ જેમ એ લોકો જુએ છે જેઓ પરહેઝગારી કરવાવાળા અને તેનાથી દ્રષ્ટિ બચાવીને જોવાવાળા છે કેમકે નજીકમાં જ તે પોતાના રહેવાસીઓને હટાવી દેશે અને પોતાના સુખીઓને દુ:ખી કરી દેશે. તેમાં જે વસ્તુ મોં ફેરવીને જઈ ચૂકી તે પાછી ફરવાની નથી. અને જે આવવાવાળી છે તેની સ્થિતિની ખબર નથી. કે તેની વાટ જોવામાં આવે. તેની ખુશી રંજ મિશ્રિત અને તેમાં પુરૂષોની મજબૂતી નિર્બળતા અને અશક્તિ તરફ વળેલી છે. ખબરદાર, તેની દિલ લલચાવનારી વસ્તુઓ તમને ધોકામાં ન નાખે, કેમકે તેમાંથી સામે આવનારી વસ્તુઓ ઘણી ઓછી છે.

ખુદા રહેમત ઉતારે એ શખ્સ પર જેણે ચિંતન મનન કર્યું તો નસીહત લીધી. અને નસીહત લીધી તો સમજદારી આવી કે દુનિયાની દરેક વસ્તુ એવી થઈ જશે જાણે હતી જ નહીં, અને આખેરતની વસ્તુઓ એવી થઈ જશે, જાણે હજી મૌજૂદ છે. દરેક ગણત્રીમાં આવનાર ઓછો થનાર છે અને

દરેક એ વસ્તુ જેની આશા હોય તે નજીકમાં આવવાવાળી છે અને જે આવવાવાળી છે તે જાણે નઝદીક અને બિલ્કુલ નઝદીક છે.

**આલિમના ગુણ :**

આલિમ એ છે જે પોતાનું મૂલ્ય પોતે જાણે અને ઇન્સાનની અજ્ઞાનતા માટે એટલું જ પુરતું છે કે તે પોતાનું મૂલ્ય ન જાણે. અલ્લાહની નજરમાં સૌથી ખરાબ બંદો એ છે, જેને અલ્લાહે પોતાના જ હવાલે કરી દીધો હોય, કેમકે તે સીધા માર્ગથી હટી ગયો છે, અને માર્ગદર્શક વિના ચાલી રહ્યો છે. તેને દુનિયાના કારોબારનું આમંત્રણ આપવામાં આવે તો, અમલ કરવા તૈયાર થઈ જાય છે અને આખેરતના કામની દાવત આપવામાં આવે તો ઢીલો પડી જાય છે. જાણે કે જે કાંઈ કર્યું એ જ વાજીબ હતું અને જેમાં આળસ કરી છે તે તેના પર સાકીત હતું.

**અંતિમ યુગ :**

અંતિમ યુગ એવો હશે જેમાં માત્ર એ જ મોઅમિન મૂક્તિ પામશે, જે જાણે મજમામાં આવે તો લોકો તેને ઓળખી

ન શકે અને અદ્રશ્ય થઈ જાય તો કોઈ ગોતે નહીં. આ જ લોકો હિદાયતના દીપક અને રાત્રીના પ્રવાસીઓ માટે સીમા ચિહ્નો હશે. ન અહીંની ત્યાં લગાવતા ફરશે ન લોકોના એબો પ્રચારતા ફરશે. તેઓ માટે અલ્લાહ રહેમતના દ્વાર ખોલી નાખશે અને તેઓથી અઝાબની સખ્તીઓ દૂર કરી દેશે.

અય લોકો ! ટૂંક સમયમાં એક એવો જમાનો આવશે, જેમાં ઇસ્લામને એવી રીતે ઉલટાવી દેવામાં આવશે, જેમ વાસણને તેના સામાન સહિત ઊંધુ વાળી દેવામાં આવે છે.

અય લોકો ! અલ્લાહે તમને એ વાતથી આશરો આપી રાખ્યો છે કે તે તમારા પર ઝુલ્મ કરે, પણ તમને એ વાતથી સલામત નથી રાખ્યા કે તમારી કસોટી ન કરે. આ માલિકે જલ્લ જલાલોહુએ સાફ એલાન કરી દીધું છે કે "આમાં અમારી સ્પષ્ટ નિશાનીઓ છે અને અમે ગમે તેમ તમારી કસોટી કરનારા છીએ."

* * * * *

# ૧૦૪ - આપના ખુત્બાનો એક ભાગ

અય લોકો ! જાણી લ્યો, અલ્લાહે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને એ સમયે મોકલ્યા છે જયારે અરબમાં ન કોઈ કિતાબ વાંચતા જાણતું હતું અને નબુવ્વત અને વહીનો ન કોઈ દાવો કરવાવાળો હતો. આપે આજ્ઞાંકિતોના આધારે નાફરમાનોથી જેહાદ કર્યો, કેમકે તેઓને મોક્ષ (નજાત)ની મંઝિલે લઈ જવા ચાહતા હતા. અને કયામતના આવવા પહેલા હિદાયત આપી દેવા માગતા હતા. જયારે કોઈ થાકીને રોકાઈ જતો હતો અને કોઈ લથડિયા ખાઈ થંભી જતો હતો તો તેના માથે ઊભા રહી જતા હતા, કે તેને મંઝિલ સુધી પહોંચાડી દે, પણ કોઈ એવા હતભાગી (કમનસીબ) હોય જેની કિસ્મતમાં નાશ હોય. ત્યાં સુધી કે આપે લોકોને મોક્ષ (નજાત)ના કેન્દ્રથી પરિચિત કરી દીધા અને તેઓને તેઓની મંઝિલ સુધી પહોંચાડી દીધા. તેઓનું કામ ચાલવા લાગ્યું અને તેઓના વાંકા કારનામા સીધા થઈ ગયા.

અને ખુદાની કસમ ! હું પણ તેઓને હાંકનારો હતો ત્યાં સુધી કે તેઓ સંપૂર્ણ રીતે પરાજિત થઈ ગયા. અને પોતાના બંધનોમાં જકડાઈ ગયા. એ દરમિયાન ન તો હું કમજોર થયો, ન બુઝદિલીનો શિકાર બન્યો. ન તો મેં અપ્રમાણિકતા કરી, ન આળસને જાહેર કરી.

ખુદાની કસમ! હું જૂઠનું પેટ ચીરીને તેમાંથી હકને બહાર કાઢી લઈશ.

# ૧૦૫ - હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના વખાણ અને બની ઉમય્યાની ઝાટકણી.

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ:

ત્યાં સુધી કે પાલનહારે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને ઉમ્મતના કર્મોના સાક્ષી, સવાબની ખુશખબર દેવાવાળા અને અઝાબથી ડરાવવાવાળા બનાવીને મોકલી આપ્યા. આપ બાળપણમાં શ્રેષ્ઠ સર્જન અને પાકટ વયે વિશ્વમાં સૌથી વધારે સજ્જન હતા. આદતોના હિસાબે બધા પવિત્ર લોકોથી વધારે પવિત્ર અને રહેમતની વર્ષાના હિસાબે દરેક રહેમતની ઘટાથી વધારે કૃપાળુ અને માયાળું હતા.

બની ઉમય્યા :

આ દુનિયા અત્યારે તમારા માટે પોતાની મજાઓ સાથે આનંદદાયક બની છે. અને તમે તેનો લાભ ઉપાડવાને

કાબિલ બન્યા છો. જયારે તમે જોયું કે તેની મહોર ઢીલી પડી છે અને તેની ખેંચ હળવી થઈ ગઈ છે. તેના હરામ એક કૌમ સમક્ષ ન ડંખવાવાળા બોરની જેમ મધૂર થઈ ગયા છે અને તેના હરામનો દૂર દૂર ક્યાંય પત્તો નથી. અને ખુદાની કસમ તમે આ દુનિયાને એક સમય સુધી પ્રસરેલા છાંયા જેવી જોશો કે ધરા દરેક ટોકનારથી ખાલી થઈ ગઈ છે. અને તમારા હાથ ઉઘડી ગયા છે. અને નેતાઓના હાથો બંધાએલા છે. તમારી તલવારો તેઓના પર લટકી રહી છે. અને તેઓની તલવારો મ્યાનમાં છે. પરંતુ યાદ રાખો કે દરેક ખૂનનો એક બદલો લેનાર અને દરેક હકનો એક માંગનારો હોય છે. અને અમારા ખૂનનો બદલો લેનાર જાણે ખૂદ પોતાના હકમાં ફેંસલો કરનાર છે. અને તે, એ પરવરદિગાર છે જેને કોઈ આશય લાચાર નથી કરી શકતો અને જેનાથી કોઈ ભાગનાર ભાગી નથી શકતો. હું ખુદાની કસમ ખાઈને કહું છું. અય બની ઉમય્યા ! કે નઝદીકમાં જ તમે આ દુનિયા પરાયાના હાથમાં અને દુશ્મનોના પ્રદેશમાં જોશો. સચેત થઈ જાવ, કે શ્રેષ્ઠ

દ્રષ્ટિ એ છે જે સારપમાં ખૂંતી જાય અને શ્રેષ્ઠ કર્ણ (કાન) એ છે જે શિખામણ સાંભળી લે અને સ્વિકારી લે.

**બોધપાઠ :**

અય લોકો ! એક બાઅમલ (કાર્યશીલ) નસીહત કરનારની હિદાયતના ચિરાગથી રોશની મેળવી લ્યો, એક એવા સ્વચ્છ નિર્મળ ઝરાથી તૃપ્ત થઈ જાવ, જે દરેક પ્રકારના મળ અને પ્રદુષણથી શુધ્ધ અને પવિત્ર છે.

અલ્લાહના બંદાઓ ! જુઓ પોતાની અજ્ઞાનતા તરફ ન વળો અને પોતાની ઇચ્છાઓના ગુલામ ન બની જાવ કે આ સ્થાને આવી જવાવાળો પૂર ગ્રસ્ત દીવારના કિનારે ઊભો છે. અને વિનાશોને પોતાની પીઠે લાદી અહીં તહીં ફરી રહ્યો છે. અને વિચારોના કારણે જે એક પછી એક ઘડતો રહેશે અને તેના પર એવી દલીલો કાયમ કરશે, જે કદી લાગુ નહીં પડે. અને તેનાથી નિકટતર પણ નહીં હોય. ખુદાના વાસ્તે, ખુદાનો ખ્યાલ રાખો કે પોતાની ફરિયાદ એ શખ્સથી ન કરો જે તેનો ઉપચાર ન કરી શકે અને પોતાની રાયથી અલ્લાહના હુકમને તોડી ન શકે.

યાદ રાખો કે ઇમામની જવાબદારી માત્ર એટલી છે કે જે પરવરદિગારે તેમના ઉપર નાખી છે કે ઉચ્ચતમ નસીહત કરે. નસીહતના પ્રયત્નો કરે. સુન્ન તને જીવતી કરે, હકદાર પર હુદ્દ જારી કરે અને હકદારો સુધી મિરાસનો ભાગ પહોંચાડી દે.

જુઓ, ઇલ્મ તરફ આગળ ધપો, એ પહેલાં કે તેની હરિયાળી સુકાઈ જાય. અને તેને તમે ઇલ્મવાળાઓ પાસેથી મેળવવામાં પોતાના કામકાજમાં ગુંથાઈ જાવ, નિષેધો (મુન્કેરાત)થી રોકો અને ખુદ પણ બચો, કેમકે તમને રોક્વાનો હુકમ રોકાવા પછી આપવામાં આવ્યો છે.

* * * * *

# ૧૦૬ - ઇસ્લામની વિશેષતા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના સહાબીઓ

*જેમાં ઇસ્લામની ઉચ્ચતા અને રસૂલે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનો ઝિક્ર કરવા સાથે સાથીઓની નિંદા કરી છે.*

દરેક પ્રશંસા એ ખુદા માટે છે, જેણે ઇસ્લામના કાનૂનો નક્કી કર્યા તો તેના દરેક ઘાટને ઉતરવાવાળા માટે સરળ બનાવી દીધા અને તેના અરકાનને દરેક મુકાબલો કરનારની સરખામણીમાં મજબૂત બનાવી દીધા. તેણે આ દીનથી સંબંધ જોડનાર માટે અમન અને તેના વર્તૂળમાં દાખલ થઈ જનારા માટે સલામતીનું સ્થળ બનાવી દીધું. આ દીન પોતાના મારફત કલામ કરવાવાળાઓ માટે દલીલ અને તેના વસીલાથી મુકાબલો કરવાવાળાઓ માટે સાક્ષી ઠરાવ્યો છે. આ રોશની મેળવવાવાળાઓ માટે નૂર, સમજવાવાળાઓ માટે સમજણ, ચિંતન કરનારાઓ માટે વાણીનો નિચોડ, મંઝિલ શોધનારાઓ માટે ઉતારાના એંધાણ, ઇરાદા

કરનારાઓ માટે દ્રષ્ટિનું સાધન, નસીહત મેળવનારાઓ માટે બોધપાઠ, સમર્થન કરનારાઓ માટે મોક્ષ, ભરોસો કરનારાઓ માટે ભરોસાપાત્ર, પોતાના કાર્યોનું સમર્પણ કરનારાઓ માટે આરામ, અને ધીરજ ધરનારાઓ માટે ઢાલ છે. આ શ્રેષ્ઠ માર્ગ અને સૌથી વધારે સ્પષ્ટ પ્રવેશ સ્થાન. તેના મિનારા ઊંચા, રસ્તા ઉજ્જવળ, ચિરાગ પ્રકાશ વેરનાર, અમલનું મેદાન માનભર્યું અને હેતુ ઉચ્ચતમ છે. તેના માર્ગમાં ઝડપી ચાલ ઘોડીઓનો મેળો છે અને તેની તરફ પહેલ અને તેનું ઇન્આમ દરેકની તમન્ના છે. તેના સવારો માનવંત છે.

તેનો માર્ગ ખુદા અને તેમના રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને સાચા માનવું છે. અને તેના મિનારા નેકીઓ છે. મોત એક હેતુ છે. જેના માટે ઘોડા દોડનું મેદાન છે. અને કયામત તેઓના એકત્ર થવાનું સ્થળ છે, અને પછી જન્નીત તેની હરીફાઈનું ઇન્આમ છે.

**હઝરત રસુલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ:**

ત્યાં સુધી કે આપે દરેક પ્રકાશ ના ચાહનાર માટે અગ્નિ પ્રગટાવી દીધી, અને દરેક રસ્તો ભૂલી થંભી ગએલ પ્રવાસી માટે માર્ગ સ્તંભ ઝળહળિત કરી દીધા.

પાલનહાર ! એ તારા ભરોસાપાત્ર અમાનતદાર અને કયામતના દિવસના ગવાહ છે. તેં તેઓને નેઅમત બનાવી મોકલ્યા અને રહેમત બનાવી ઉતાર્યા છે

અય ખુદા ! તું તારા ન્યાયથી તેનો ભાગ આપ. અને પછી તારી કૃપા અને અધિક દાનથી તેમની નેકી બમણી ચોગણી કરી દે.

અય ખુદા ! તેઓની ઇમારતને બધી ઇમારતોમાં ઉચ્ચતમ બનાવી દે અને પોતાના દરબારમાં તેમની સન્માન ભરી આગતા સ્વાગતા કર, અને તેમના સ્થાનને ઉચ્ચતા અર્પણ કર. તેઓને વસીલો, ઉન્નકતિ અને વિશિષ્ટતા અને બહુમાન આપ. અને અમને તેમના ટોળામાં ગણી લે. જ્યાં ન રૂસ્વા થઈએ, ન શરમીંદા થઈએ, ન હકથી વિમુખ થઈએ, ન વચન તોડનાર થઈએ, ન ભટકીએ, અને ભટકાવીએ અને ન કોઈ ફિત્નામાં પડીએ.

## પોતાના સાથીઓને સંબોધન કરતા :

તમે અલ્લાહની આપેલ મોટાઈથી એ સ્થાને પહોંચી ગયા જ્યાં તમારી કનીઝોનું પણ સન્માન થવા લાગ્યું અને તમારા પાડોશીઓ સાથે પણ સારો વર્તાવ થવા લાગ્યો. તમારૂં બહુમાન એ લોકો પણ કરવા લાગ્યા જેના પર ન તમારી વિશિષ્ટતા હતી ન તેઓ પર તમારા કોઈ ઉપકાર હતા. અને તમારાથી એ લોકો પણ ડરવા લાગ્યા જેના પર ન તમે કોઈ આક્રમણ ર્ક્યું હતું, ન કોઈ સત્તા પ્રાપ્ત કરી હતી.

પણ અફસોસ ! તમે ખુદાનું વચન તુટતું જોઈ રહ્યા છો. અને તમને ગુસ્સો પણ નથી ચડતો. જયારે કે તમારા બાપદાદાના વચનને તોડવામાં આવે છે તો તમને ગયરત આવી જાય છે. એક સમય એ હતો કે અલ્લાહના હુકમો તમારા પર ઉતરતા હતા અને તમારી જ પાસેથી બહાર નિકળતા હતા અને પછી તમારી જ તરફ પાછા આવતા હતા પણ તમે ઝાલીમોને તમારા સ્થાનોનો કબ્જો આપી દીધો અને તેઓ તરફ તમારા કાર્યોની લગામ સોંપી દીધી. અને તેઓને બધા કામ સોંપી દીધા કે જેથી તેઓ શંકાશીલ વાતો

પર અમલ કરે છે અને ઇચ્છાઓમાં ચક્કર મારે છે અને ખુદા ગવાહ છે કે જો આ તમને દરેક સિતારાની નીચે વ્યસ્ત કરી દે તો પણ ખુદા તમને એ દિવસે એકત્ર કરી દેશે, જે ઝાલિમો માટે સૌથી ખરાબ દિવસ હશે.

* * * * *

# ૧૦૭ - સિફ્ફીનની જંગ દરમિયાન ખુત્બો

મેં તમને ભાગતા અને પોતાની હરોળોમાં વિખેરાતા જોયા, જયારે કે તમને શામના અત્યાચારી, બદમાશ, અને ગામડિયા જંગલીઓ પોતાના ઘેરાવમાં લઈ રહ્યા હતા. જો કે તમે અરબના જવાંમર્દ, બહાદૂર અને સજ્જનતાના માલિક અને અમીર હતા.

અને તેની ઊંચી નાક અને ચોટીની ઉચ્ચતાવાળા લોકો હતા. મારી છાતીના ઉંહકારાની અવાજો એ સમયે દબાઈ શકે છે, જયારે હું એ જોઈ લઉં કે તમે તેઓને એવી જ રીતે ઘેરી વળો જેવી રીતે તેઓ તમને ઘેરી વળ્યા છે. અને તેઓને તેઓના સ્થાનોથી એવી રીતે હટાવી રહ્યા છો, જેવી રીતે તેઓએ તમને હટાવી દીધા હતા. એવી રીતે તેઓને તમોએ તીરોની વર્ષાનું લક્ષ્ય બનાવી દીધેલ છે અને નેજાની ટક્કરમાં એવી રીતે લાવી ચૂક્યા છો કે પહેલી સફને આખરી સફ પર ધકેલી રહ્યા છો જેવી રીતે કે પ્યાસા ઊંટને હંકાવવામાં આવે છે, જયારે તેઓને તળાવોથી દૂર ફેંકી દેવામાં આવે છે અને ઘાટથી જુદા કરી દેવામાં આવે છે.

* * * * *

# ૧૦૮ - પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના વખાણ અને બની ઉમય્યાની વિવિધ પરિસ્થિતિઓ સંબંધમાં ફરમાવ્યું

*જેમાં આફતો, બનાવો અને ફિત્નાઓનો ઉલ્લેખ છે.*

સઘળા વખાણ એ અલ્લાહના માટે છે જે પોતાના સર્જનો સામે રચનાઓના વડે દ્રષ્યમાન થાય છે. અને તેઓના દિલો પર દલીલો વડે પ્રકાશિત થાય છે. તેણે સઘળી રચનાઓને કોઈ પણ કલ્પના કે વિચારના શ્રમ વગર ઉત્પન્નહ કરી. કેમકે વિચારવું તો દિલ અને દિમાગવાળાઓનું કામ છે. અને તે આ વાતોથી પર છે. તેના ઇલ્મે ગુપ્ત રહસ્યોના બધા પરદાઓ ફાડી નાખ્યા છે. અને તે બધા અકીદાઓના ઊંડાણોને ઘેરી રહેલ છે.

**હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ:**

અલ્લાહ તઆલાએ આપની વરણી મહાન નબીઓના વંશ, રોશનીના ફાનસ, ઉચ્ચતાના લલાટ, બત્હાની ધરાનું મધ્ય, અંધારાના દીપકો અને હિકમતની મુખ્ય ધારાની વચ્ચેથી કરી છે.

આપ એવા તબીબ હતા જે પોતાની તબાબત (ડોકટરી આવડત) સાથે ઘૂમી રહ્યા હોય કે પોતાની મલમ પટ્ટી ઠીક કરી લીધી હોય અને ડામવાના સાધનોને તપાવી લીધા હોય કે જે કોઈ પણ આંધળા દિલ, બહેરા કાન, મુંગી જીભ પર જરૂર પડે કે તરત જ વાપરી શકાય. પોતાની દવાને લઈને ગફલતના કેન્દ્રો અને આશ્ચર્યના સ્થળોની શોધમાં લાગેલો હોય.

**બની ઉમય્યાનો ફિત્નો :**

એ ઝાલિમોએ હિકમતની રોશનીથી નૂર ન મેળવ્યું. અને ઇલ્મના ચકમકને ઘસીને તણખા પૈદા ન કર્યા. આ મસઅલામાં તેઓની ઉપમા ચરવાવાળા પ્રાણીઓ અને સખ્તમાં સખ્ત પથ્થરો જેવી છે.

બેશક, સમજદાર લોકો માટે રહસ્યો પ્રગટ છે અને હયરાન અને પરેશાન લોકો માટે હકનો રસ્તો રોશન છે. આવવાવાળા સમયે પોતાના મોં પરથી બુકાની હટાવી લીધી છે અને શોધવાવાળા માટે એંધાણ પ્રગટ થઈ ગયા છે. આખર શું થઈ ગયું છે કે હું તમોને તદ્દન જીવ વગરના ખોળિયા અને ખોળિયા વગરની રૂહના રૂપમાં જોઈ રહ્યો છું, તમે એવા ઇબાદત કરનારાઓ છો જેઓ અંદરથી નેક ન હોય અને એવા વેપારી છો જેને કોઈ નફો ન હોય. એવા જાગૃત છો જેઓ ગફલતની નીંદમાં પડયા હોય અને એવા હાજર છો જે તદ્દન ગેરહાજર હોય.

આંધળી આંખ, બહેરા કાન અને મુંગી જીભ. ગુમરાહીનો ઝંડો પોતાના કેન્દ્ર પર જામી ગયો છે. અને તેની ડાળીઓ બધી દિશામાં ફેલાઈ ચૂકી છે. એ તમને પોતાના ત્રાજવે તોળી રહ્યો છે. અને પોતાના હાથે અહીં તહીં બહેકાવી રહ્યો છે. તેનો નેતા મિલ્લતથી બહાર અને ગુમરાહી પર ઊભો છે. એ દિવસે તમારામાંથી કોઈ બાકી નહીં રહી જાય. પણ એટલા પ્રમાણમાં જેટલું તપેલીના તળીયે ચોંટેલ હોય, અથવા થેલીના ખંખેરેલા કણો. આ ગુમરાહી તમને એવી રીતે

મસળી નાખશે જેવી રીતે ચામડું મસળવામાં આવે છે. અને એવી રીતે પામાલ કરી દેશે, જેવી રીતે કાપણી કરેલ ખેતીને ખૂંદવામાં આવે છે. અને ખાલિસ મોઅમીનને તમારી વચ્ચેથી એવી રીતે ચૂંટી લેશે જેવી રીતે પક્ષી જીણા દાણાઓમાંથી મોટા દાણા વીણી લે છે.

આખર તમને આ ઊંધા રસ્તા ક્યાં લઈ જઈ રહ્યા છે? અને તમે અંધારામાં ક્યાં ભટકી રહ્યા છો? અને તમને ખોટી આશાઓ કેવી રીતે ધોકો આપી રહી છે. ક્યાંથી લાવવામાં આવી રહ્યા છો અને ક્યાં બહેકાઈ જઈ રહ્યા છો. દરેક મુદ્દતનું એક લખાણ હોય છે અને ગયબત માટે એક પાછા ફરવાનું છે. એટલે ખુદા સુધી પહોંચેલા આલિમની વાત સાંભળો, તેના માટે અંતરને તત્પર કરો. તે અવાજ આપે તો જાગૃત થઈ જાવ. દરેક પ્રતિનિધિએ પોતાની કૌમથી સાચું બોલવું જોઈએ. તેઓના વેર વિખેરને એકત્ર કરવા જોઈએ. તેઓના દિમાગને હાજર રાખવા જોઈએ.

હવે તમારા માટે તમારા માર્ગદર્શકે પ્રશ્નને એટલો ખોલી નાખ્યો છે જેવી રીતે સીલને ખોલવામાં આવે છે અને એવી રીતે છીલી નાખ્યો છે જેવી રીતે ગુંદર ખોતરવામાં

આવે છે. પણ આમ છતાં જૂઠે પોતાનું કેન્દ્ર સંભાળી લીધું છે. અને અજ્ઞાનતા પોતાની સવારી પર ચડી ગઈ છે. અને બંડખોરી વધી ગઈ છે, અને સત્યની અવાજ દબાઈ ગઈ છે. અને જમાનાએ ભક્ષક પ્રાણીની જેમ હુમલો કરી દીધો છે. અને જૂઠનો ઊંટ ચૂપ રહ્યા પછી પાછો બડબડવા લાગ્યો છે. અને લોકોએ ગુનાહ અને પાપોથી સંબંધ જોડી લીધા છે. અને બધાએ મળી દીનની ઉપેક્ષા કરી છે. જૂઠ પર દોસ્તી કાયમ થઈ ગઈ છે અને સાચ પર એક બીજાના દુશ્મન બની ગયા છે.

આવા સંજોગોમાં પુત્ર બાપના માટે ગુસ્સો અને ક્રોધનું કારણ બનશે અને વરસાદ ગરમીનું કારણ. કમીના લોકો ફેલાઈ જશે અને સજ્જન લોકો સંકોચાઈ જશે. આ યુગના લોકો વરૂ હશે અને બાદશાહો ભક્ષક જાનવરો, મધ્યમ વર્ગના લોકો ખાવાવાળા અને રંક તથા નિરાધાર લોકો મુડદા હશે. સત્ય જૂજ રહી જશે અને જૂઠ પ્રસરી જશે. મહોબ્બતનો ઉપયોગ માત્ર જબાની હશે અને શત્રુતા અંતરમાં ખૂંતી જશે. વ્યભિચાર વંશનું મૂળ હશે અને શીલતા એક ચિત્ર વિચિત્ર

વસ્તુ બની જશે. ઇસ્લામ એવી રીતે ઉલટાઈ જશે જેમ કોઈ બંડી ઊંધી પહેરી લે.

* * * * *

# ૧૦૯ - પાલનહારની મહાનતા, ફરિશ્તાઓની ઉચ્ચતા અને આખેરતનો ઉલ્લેખ

દરેક વસ્તુ તેની બારગાહમાં નત મસ્તક છે. અને દરેક વસ્તુ એના પ્રતાપે કાયમ છે. તે દરેક રંકના ધનનો આધાર, અને દરેક હડધૂતની ઇઝઝતનો આશરો છે. દરેક નિર્બળની એ જ શક્તિ છે. અને દરેક ફરિયાદીનો આશ્રય એ જ છે. તે દરેક બોલનારની વાણીને સાંભળી લે છે. અને દરેક ચૂપ રહેનારના ભેદોને (ઇરાદાઓને) જાણે છે જે હયાત છે તેની રોઝી તેના ઝિમ્મે છે અને જે મરી ગયો તેનું પાછા ફરવું તેની તરફ છે.

અય ખુદા ! આંખોએ તને જોયો નથી કે તારા વિશે કંઈ માહિતી આપી શકે. તું બધા સ્તૂતિ કરનારા લોકોની પહેલેથી છે. તેં લોકોને એકલા પણાથી ડરીને નથી પૈદા કર્યા અને ન તેને કોઈ લાભ ખાતર વાપર્યા છે. તું જેને મેળવવા માગે છે તે આગળ નથી જઈ શકતો અને જેને પકડવા માગે તે બચી નથી શકતો. અવજ્ઞોથી તારી સલતનતમાં કંઈ કમી નથી આવતી અને આજ્ઞાંકિતોથી તારા મુલ્કમાં વધારો નથી

થતો. જે તારા ચુકાદાથી નારાજ હોય તે તારા હુકમને ટાળી નથી શકતો. અને જે તારા હુકમની અવગણના કરે તે તારાથી બેપરવા નથી થઈ શકતો. દરેક રહસ્ય તારી સામે પ્રગટ છે અને દરેક અદીઠ (ગાયબ) તારા માટે હાજર છે. તું હંમેશાથી છે તો તારો કોઈ અંત નથી અને તું અનંત છે તો તારાથી કોઈ છુટકારો નથી. તું બધાનો વાયદા સ્થળ છો તો તારાથી મૂક્તિ પામવાની કોઈ જગ્યા નથી. દરેક ભૂચર પર તારો અધિકાર છે. અને દરેક જીવંતનું પૂનરાવર્તન તારી જ તરફ છે. પાક અને બેપરવા છે. તારી શાન કેટલી ભવ્ય છે. અને તારી મખ્લૂક પણ કેટલી શાનદાર છે. તારી કુદરતની સામે દરેક મહાન વસ્તુ કેટલી સાવ સામાન્ય (હકીર) છે અને તારી સલ્તનત કેટલી મોભાદાર છે. અને આ બધા તારી એ સલ્તનતની સામે જે આંખોથી અદ્રષ્ય છે. કેટલા સાધારણ છે. તારી નેઅમતો આ દુનિયામાં કેટલી સંપૂર્ણ છે અને પછી આખેરતની નેઅમતોની સરખામણીમાં કેટલી સંક્ષિપ્ત છે.

**મુકર્રબ ફરિશ્તાઓ :**

આ તારા ફરિશ્તાઓ છે જેને તેં આસમાનોમાં વસાવ્યા અને જમીનથી ઉચ્ચતર બનાવ્યા છે. આ બધા સર્જનોથી વધારે તારી મઅરેફત ધરાવે છે. અને તારાથી ડરતા રહે છે. અને તારી નિકટતર પણ છે. તેઓ ન તો પિતાની પૂંઠોમાં રહ્યા, ન માના ઉદરોમાં અને ન તુચ્છ વીર્યથી પૈદા કરવામાં આવ્યા, ન તેઓ પર સમયની ક્રાંતિઓ કોઈ અસર કરે છે. તેઓ તારી બારગાહમાં એક વિશેષ સ્થાન અને માન રાખે છે. તેઓની બધી ઇચ્છાઓ માત્ર તારા વિશે છે. અને તે પુષ્કળ પ્રમાણમાં તારી જ ઇબાદત કરે છે. તારા હુકમથી જરાય ગાફિલ નથી થતા. પરંતુ આમ છતાં જો તેઓ તારી મહાનતાના શીખર સુધી પહોંચી જાય, તો પોતાના આમાલને સૌથી વધારે તુચ્છ ગણશે. અને પોતાના નફસની નિંદા કરશે અને તેઓને ભાન આવી જશે કે તેઓએ ઇબાદતનો હક અદા નથી કર્યો. અને જેટલી તાબેદારી કરવી જોઈએ એટલી નથી કરી.

તું પાક અને બેપરવા છે, સર્જક હોવાના સંબંધે પણ અને ઇબાદતના સંબંધમાં પણ. મારી તસ્બીહ એ શ્રેષ્ઠ

વર્તાવના કારણે છે જે તેં લોકો સાથે કર્યો છે. તેં એક ઘર બનાવ્યું છે, તેમાં એક સુફરો પાથર્યો છે, જેમાં ખાવા, પીવા, દાંપત્ય, સેવા, મહેલ, નહેર, ખેતીવાડી, ફળો બધાયની વ્યવસ્થા કરી દીધી છે. અને પછી એક નિમંત્રકને તેની તરફ નિમંત્રણ આપવા મોકલી દીધો છે. પણ લોકોએ ન નિમંત્રકની અવાજ પર લબ્બૈક કહ્યું અને ન એ વસ્તુઓ તરફ જેનો શોખ અપાવ્યો હતો, આકર્ષાયા અને ન તારી ઉત્તેજનાથી ઉત્તેજીત થયા.

બધા એ મુડદા પર તુટી પડયા, જેને ખાઈ હડધૂત થયા અને બધાએ એની મોહબ્બત પર એકો કરી લીધો, અને દેખીતું છે કે જે કોઈનો પણ આશિક થઈ જાય છે તે ચીજ તેને આંધળો બનાવી દે છે. અને તેના દિલને બીમાર કરી દે છે. તે જુએ છે તો પણ અધૂરી આંખે અને સાંભળે છે તો પણ બહેરા કાનોએ. ઇચ્છાઓએ તેઓની અકલોને ટૂકડે ટૂકડા કરી નાખી છે અને દુનિયાએ તેમના દિલોને મુરદાર બનાવી નાખ્યા છે. તેઓને એનાથી ભાવુક લાગણી પૈદા થઈ ગઈ છે

અને તેઓ તેના બંદા બની ગયા છે. અને તેના ગુલામ બની ગયા છે.

જેના હાથમાં થોડીક જ દુનિયા છે કે જે તરફ એ ઝુકે છે આ પણ ઝૂકી જાય છે. અને જે તરફ એ વળે છે આ પણ વળી જાય છે. ન તો કોઈ ખુદાઈ રોકવાવાળો તેઓને રોકી શકે છે ન કોઈ ઉપદેશકની શિખામણ તેના પર અસર કરે છે. જયારે કે તેને જોઈ રહ્યો છે. જેઓ એ જ ધોકામાં પકડી લેવામાં આવ્યા છે કે હવે ન તો માફીની શક્યતા છે અને ન પાછા વળવાની. કેવી રીતે તેઓ પર એ મુસીબત ઉતરી છે જેનાથી અજાણ હતા. અને દુનિયાના વિયોગની એ આફત આવી પડી છે જેનાથી તેઓ તદ્દન નચિંત હતા. અને આખેરતમાં એ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે, જેનો વાયદો કરવામાં આવ્યો હતો.

હવે તો આ મુસીબતનું વર્ણન અશક્ય છે. જ્યાં એક તરફ મૌતની સકરાતો ( અંતિમ પિડા) છે તો બીજી બાજુ દુનિયાના વિયોગનો અફસોસ. સ્થિતિ એ છે કે હાથ પગ ઢીલા પડી ગયા છે અને રંગ ઉડી ગયો છે. ત્યાર બાદ

મૌતની અકળામણ ઓર વધી તો વાતચીતમાં પણ અંતરાય બની ગઈ. ઇન્સાન ઘરવાળાઓની દરમિયાન છે, તેઓને આંખે જોઈ રહ્યો છે, કાનથી તેમનો અવાજ સાંભળી રહ્યો છે બુધ્ધિ પણ સલામત છે અને ભાનમાં પણ છે. એ વિચારી રહ્યો છે કે આયુષ્યને ક્યાં વેડફી નાખ્યું અને જીવનને કેમ વીતાવ્યું? એ માલને યાદ કરી રહ્યો છે જેને ભેગો કર્યો હતો અને ભેગો કરવામાં આંખ બંધ કરી દીધી હતી. ક્યારેક સીધા રસ્તેથી મેળવ્યો અને ક્યારેક સંદેહયુક્ત રીતે. હવે તો માત્ર તેને ભેગો કરવાની અસર બાકી રહી ગઈ છે. અને તેનાથી છુટા પડવાનો સમય આવી ગયો છે. હવે આ માલ પાછળવાળાઓ માટે રહી જશે. જેઓ એશ કરશે અને મજા ઉઠાવશે અર્થાત મજા બીજાઓ માણશે અને ભાર એની પીઠ પર રહેશે. પરંતુ ઇન્સાન આ પૈસાની સાંકળોમાં જકડાયેલો છે અને મૌતે બધી સ્થિતિઓ ઉઘાડી પાડી દીધી છે એટલે પસ્તાવાથી હાથ કાટી રહ્યો છે અને એ ચીજથી અળગો થવા માગે છે જેનો જીવનભર મોહ રાખ્યો. હવે એ ઇચ્છે છે કે જે

શખ્સ આ ધનના કારણે મારાથી ઈર્ષા કરી રહ્યો હતો. કાશ, આ તેની પાસે હોત અને પોતાની પાસે ન હોત.

ત્યાર પછી મૌત તેના શરીરમાં વધારે પેસે છે અને જીભ સાથે કાનને પણ ભેળવી લે છે, કે ઇન્સાન પોતાના ઘરના માણસો સાથે ન બોલી શકે છે ન સાંભળી શકે છે. દરેકનો ચહેરો હસરતથી જોઈ રહ્યો છે, તેઓની જીભના સળવળવાને પણ જોઈ રહ્યો છે, પણ શબ્દોને સાંભળી નથી શકતો.

ત્યાર પછી મૌત વધારે અસર કરે છે. તો કાનોની જેમ આંખો ઉપર પણ કબ્જો કરી લે છે, અને રૂહ બદનમાંથી ઉડી જાય છે. હવે તે ઘરવાળાઓ વચ્ચે એક મુડદું હોય છે. જેની પાસે બેસવાથી પણ ડર લાગવા માંડે છે. અને લોકો દૂર ભાગવા માંડે છે. તે હવે ન કોઈ રોવાવાળાને સહારો આપી શકે છે, ન કોઈ પોકારનારની અવાજનો જવાબ આપી શકે છે, લોકો તેને જમીનના એક ખાડા સુધી પહોંચાડી દે છે અને તેને તેના કર્મોને સોંપી દે છે. હવે તો મુલાકાતોનો ક્રમ પણ ખતમ થઈ જાય છે.

ત્યાં સુધી કે જયારે ભાગ્યનું લખેલું પોતાની અંતિમ સીમા સુધી અને અલ્લાહનો હુકમ પોતાની નક્કી મંઝિલ સુધી પહોંચી જશે અને પૂરોગામીઓને અનુગામીઓથી મેળવી દેવામાં આવશે અને અલ્લાહનો એક નવો હુકમ આવશે કે સર્જનનું પુનરાગમન કરવામાં આવે, તો આ હુકમ આસમાનોને હલાવી ફાડી નાખશે અને જમીનને હલાવી ખોખલી કરી નાખશે. અને પહાડોને મૂળમાંથી ઉખેડી ઉડાવી દેશે. અલ્લાહના પ્રતાપ અને રોબથી અને પરવરદિગારના દબદબાના ડરથી એક બીજા સાથે ટકરાઈ જશે. અને જમીન બધાને બહાર કાઢી નાખશે. અને તેઓને ક્ષીણતા પછી ફરીવાર નવજીવન આપવામા આવશે અને વિસર્જન પછી એકત્ર કરી દેવામાં આવશે, અને ગુપ્ત કર્મો, છુપા કામોના સવાલો માટે બધાને અલગ અલગ કરી દેવામાં આવશે. અને લોકો બે વર્ગોમાં વહેંચાઈ જશે. એક વર્ગ નેઅમતોનું કેન્દ્ર હશે તો બીજો વેરનું.

ઇતાઅત કરનારાઓને એ રહેમતના પાડોશમાં સવાબ અને જન્નતના ઘરમાં સદાનું ઇન્આઆઆપવામાં આવશે, જ્યાંના રહેવાસી કૂચ નથી કરતા અને ન તેઓની

સ્થિતિઓમાં કોઈ ફેરફાર થાય છે. ન તેઓને કોઈ શોક કે અફસોસ થાય છે, ન તેઓને કોઈ વ્યાધિ ઉપાધિ નડે છે. અને ન કોઈ જાતના ખતરાનો સામનો થાય છે. અને ન મુસાફરીની તકલીફ વેઠવી પડે છે. પણ ગુનેહગારો માટે સૌથી ખરાબ સ્થળ હશે. જ્યાં હાથો ગરદનની પાછળ બાંધેલા હશે. અને કપાળને પગોની સાથે જોડી દેવામાં આવ્યા હશે. ડામર અને આગમાંથી વેતરેલા કપડાં પહેરાવવામાં આવશે. એ અઝાબમાં જેની ગરમી સખ્ત હશે. અને જેના દરવાજા બંધ હશે અને એ જહન્નામમાં જેમાં ભડકાઓ પણ હશે અને શોર ઘોંઘાટ પણ. ભડકતી અગ્નિ જવાળાઓ પણ હશે અને દર્દનાક ચીસો પણ. ન અહીંના રહેવાવાળા કૂચ કરશે, ન અહીંના કેદીઓથી કોઈ દંડ લઈ છોડવામાં આવશે અને ન અહીંની બેડીઓ તૂટી શકશે અને ન આ ઘરમાં રહેવાની કોઈ મુદ્દત છે જે પૂર્ણ થઈ જશે, ન આ કૌમની કોઈ અજલ જે ખતમ કરી દેવામાં આવશે.

**રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનો ઝિક્ર :**

આપે સદા આ દુનિયાને નાની અને હલકી અને હડધૂત તથા શુદ્ર સમજી છે અને સમજ્યું છે કે પરવરદિગારે આ દુનિયાને આપથી અલગ રાખેલ છે અને બીજાઓ માટે પથારી બનાવી દીધી છે. તો એ આપના બહુમાન અને દુનિયાના હલકાપણાના આધારે છે, એટલે આપે તેનાથી દિલથી અલગતા ધારણ કરી. અને તેની યાદને દિલથી બિલ્કુલ કાઢી નાખી. અને એમ ઇચ્છયું કે તેની શોભાઓ દ્રષ્ટિથી છુપી રહે, જેથી ન ઉમદા વસ્ત્રો પહેરે અને ન કોઈ સ્થાનની આશા રાખે. આપે પાલનહારના પયગામને પહોંચાડવામાં બધા બહાનાઓ પૂરા કરી દીધા. અને ઉમ્મતને અલ્લાહના અઝાબથી ડરાવીને નસીહત ફરમાવી. જન્નાતની ખૂશખબરી સંભળાવી તેની તરફ બોલાવ્યા. અને જહન્નંમથી બચવાની ચેતવણી આપી તેનો ડર પૈદા ર્ક્યો.

## એહલેબૈત અલય્હેમુસ્સલામ :

અમે નબુવ્વતના વંશજો, રિસાલતનું સ્થાન, મલાએકાઓના આવવા જવાનું સ્થળ, ઇલ્મની ખાણ અને હિકમતના ઝરણા છીએ. અમારો મદદગાર અને દોસ્ત સદા

રહેમતનો ઇન્તેઝાર કરે છે અને અમારા દુશ્મન અને કીનાખોર લઅનત અને અલ્લાહના વેરની વાટમાં રહે છે.

* * * * *

# ૧૧૦ - ઇસ્લામના સિધ્ધાંતો વિશે

અલ્લાહવાળાઓ માટે તેની બારગાહ સુધી પહોંચવાનો શ્રેષ્ઠ માર્ગ અને અલ્લાહ અને તેના રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ પર ઈમાન, અને ખુદાના માર્ગમાં જેહાદ છે, કેમકે જેહાદમાં ઇસ્લામનો ઉત્કર્ષ છે. અને ઇખ્લાસનો કલમો છે કે તે અલ્લાહની પ્રકૃતિ છે. અને નમાઝની સ્થાપના છે, કે તે ખરેખર દીન છે. અને ઝકાતની ચુકવણી છે, આ વાજીબ કર્તવ્ય છે. અને રમઝાન માસના રોઝાઓ છે, કે જે અઝાબથી બચવાની ઢાલ છે. અને અલ્લાહના ઘરની હજ અને ઉમરા છે કે, તે નિર્ધનતા દૂર કરી દે છે અને ગુનાહોને ધોઈ નાખે છે અને સગાઓ સાથે સદવર્તન છે કે તે માલમાં વધારો અને મૌતને ટાળવાનું સાધન છે. અને ગુપ્ત રીતે દાન આપવું છે કે આ ગુનાહોનો કફ્ફારો અને પ્રકટ (જાહેરમાં) દાન કે આ ખરાબમાં ખરાબ મૌતને ટાળવાનું સાધન છે. અને સગાઓ સાથે સારો વર્તાવ છે કે જે અપમાનના સ્થળોથી બચવાનું સાધન છે.

ખુદાની યાદના માર્ગમાં આગળ વધતા રહો કે આ શ્રેષ્ઠ સ્મૃતિ છે અને ખુદાએ પરહેઝગારોથી જે વાયદો કર્યો છે તેનો શોખ કેળવો કેમકે તેનો વાયદો સાચો છે. પોતાના પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની હિદાયતના માર્ગે ચાલો કેમકે આ શ્રેષ્ઠ હિદાયત છે અને તેઓની સુન્નાતને અપનાવો કેમકે તે શ્રેષ્ઠ હિદાયત કરનારી છે.

**કુરઆને કરીમ :**

કુરઆને મજીદનું ઇલ્મ મેળવો કેમકે આ શ્રેષ્ઠ કલામ છે અને તેમાં ચિંતન મનન કરો કેમકે તે અંતરો (દિલો)ની વસંત છે. તેના નૂરથી શિફા મેળવો કેમકે આ દિલો માટે શિફા છે. અને તેની નિયમિત તિલાવત કરો કેમકે તે લાભદાયક કથાઓનું કેન્દ્ર છે. અને યાદ રાખો કે પોતાના ઇલ્મની વિરૂદ્ધ અમલ કરનાર આલિમ પણ હેરાન પરેશાન જાહિલ જેવો છે, જેને જહાલતથી કદી છૂટકારો નથી મળતો બલ્કે તેના પર ખુદાની હુજ્જત વધારે ભારે હોય છે અને તેના માટે હતાશા

અને અબળખા વધારે જરૂરી હોય છે અને તે અલ્લાહની બારગાહમાં નિંદાપાત્ર હોય છે.

* * * * *

# ૧૧૧ દુનિયાની નિંદા વિશે -

જાણી લ્યો ! હું તમને દુનિયાથી સાવધાન કરી રહ્યો છું કે, આ દુનિયા મધૂરી અને હરીભરી છે, પણ ઇચ્છાઓમાં વેરાએલી છે. તે તુરત જ મળી જનારી નેઅમતોના કારણે વહાલી લાગે છે અને થોડા જ શણગારથી રૂપવાન બની જાય છે. તે આશાઓથી મઢેલી અને ધોકાઓથી સજેલી છે, ન તો તેનો આનંદ સ્થાયી છે ન તેના સંકટોથી કોઈ બચવાવાળો છે. આ ધોકાબાજ, નૂકસાનદાયક, ફરી જનારી, નાશ પામનારી, પડતી પામનારી અને હલાક થઈ જનારી છે. તે લોકોને ખાઈ પણ જાય છે અને મિટાવી પણ દે છે.

જયારે તેની તરફ આસ્થા રાખનારા અને તેનાથી ખૂશ થઈ જનારાઓની ઇચ્છાઓ છેવટ સુધી પહોંચી જાય છે તો પરવરદિગારના આ ઇરશાદ પ્રમાણે થઈ જાય છે "જેમ આસમાનમાંથી પાણી ઉતરી જમીનની જડીબુટ્ટીમાં ભળી જાય છે અને પછી એ હરિયાળી સુકાઈ એવા તણખલા બની જાય

જેને હવાઓ ઉડાવી લઈ જાય છે, અને ખુદા દરેક વસ્તુ પર શક્તિ રાખવાવાળો છે."

આ દુનિયામાં કોઈ શખ્સ ખુશ નથી થતો પણ એ કે પાછળથી આંસુ સારવા પડે. અને કોઈ તેની ખૂશીને આવતી નથી જોતો પણ એ કે તે મુસીબતમાં નાખી પીઠ બતાવી દે છે. અને ક્યાંય રાહત અને આરામની આછી વર્ષા નથી થતી પણ એ કે બલાઓના કરા પડવા લાગે છે. એની શાન જ એ છે કે જો સવારના ક્યાંયથી વેર લેવા આવે છે તો સાંજ પડતા પડતા તો અજાણી બની જાય છે અને જો એક બાજુથી મીઠી અને મનગમતી દેખાય છે તો બીજી બાજુથી કડવી અને ઘાતક છે. કોઈ ઇન્સાન એની તાજગીથી પોતાની ઇચ્છાઓ પૂર્ણ નથી કરી શકતો પણ એ કે તેના ઉપરા ઉપર સંકટોના કારણે વ્યાધિ ઉપાધિમાં પડી જાય છે, અને કોઈ શખ્સ સાંજના શાંતિ અને સલામતીની પાંખો પર નથી રહેતો પણ સવાર પડતા સુધીમાં તો ભયની પાંખો પર લાદી દેવામાં આવે છે.

આ દુનિયા ધોકાબાજ છે, અને તેની અંદર જે કંઈ છે એ બધું ધોકો છે, અને નશ્વર છે. અને તેમાં જે કંઈ છે એ નાશ પામનાર છે. તેના કોઈ ભાતામાં કોઈ સારપ નથી સિવાય પરહેઝગારીના, તેમાંથી જે ઓછું મેળવે છે, તેને વધારે આરામ મળે છે, અને જે વધારેના ચક્કરમાં પડી જાય છે, તેના વિનાશકો પણ વધી જાય છે. અને તે ઘણી જલ્દી તેનાથી અલગ થઈ જાય છે. કેટલાય તેના પર ભરોસો કરનારા હતા જેઓને અચાનક આપત્તિઓમાં નાખી દીધા, અને કેટલાય તેના પર સંતોષ કરનારા હતા, જેમને મારી નાખવામાં આવ્યા. અને કેટલાક ખમતીધર હતા જેઓને હડધૂત કરી દીધા. અને કેટલાય અકડુ હતા જેઓને તુચ્છકાર સાથે પાછા વાળી દેવામાં આવ્યા.

તેની બાદશાહી ક્રાંતિવાળી, તેનો વૈભવ ડહોળો, તેની મીઠાશ ખારી, તેનું મધુર (મીઠું) કડવું, તેનો ખોરાક વિષમય, અને તેના સાધનો બધા ક્ષીણ છે. તેનો જીવંત ઘાતમાં છે, અને તેનો નીરોગી રોગોની ટક્કરમાં છે. તેનો પ્રદેશ અચકાઈ જનાર છે, અને તેનો માનવંત પરાજિત

થનાર છે, તેનો માલદાર દૂર્ભાગ્યોનો શિકાર થવાવાળો છે. અને તેનો પડોશી લુંટાઈ જનાર છે.

શું તમે એ જ લોકોના ઘરોમાં નથી, જે તમારા પહેલા લાંબુ આયુષ્ય, સ્થાયી સમૃધ્ધિ અને ઊંચી ઊંચી આશાઓવાળા હતા? અપાર સામાન ભેગો ર્ક્યો, મોટા મોટા લશ્કરો તૈયાર કર્યા. અને મન ભરીને દુનિયાની પૂજા કરી અને તેને બધી વસ્તુઓ પર પ્રાથમિક્તા આપી. પણ ત્યાર પછી એવા ચાલ્યા ગયા કે ન તો મંઝિલ સુધી પહોંચવાની વાટખર્ચી સાથે હતી અને ન રસ્તો પૂરી કરાવનાર સવારી (વાહન), શું તમો સુધી કોઈ ખબર પહોંચી છે કે આ દુનિયાએ તેઓને બચાવવા માટે કોઈ ભોગ આપ્યો હોય? અથવા તેઓની કોઈ મદદ કરી હોય ? અથવા તેઓની સાથે સારો સમય વિતાવ્યો હોય ?

કદાપી નહીં ! બલ્કે તેઓને સંકટોમાં સપડાવ્યા, અને આપત્તિઓથી લાચાર અને નિરાધાર કરી દીધા. ઉપરા ઉપરી તકલીફોએ તેઓને હલાવીને રાખી દીધા. અને તેઓની નાક રગડી નાખી, અને તેઓને પોતાના પગો નીચે ચગદી

માર્યા, પછી કાળના બનાવોએ પણ ટેકો આપી દીધો. અને તમે જોયું ને કે તેણે પોતાના આજ્ઞાપાલકો, ચાહકો અને વળગનારા માટે પણ કેવી બેરૂખી બતાવી કે જયારે તેઓએ અહીંથી સદા માટે પ્રયાણ કર્યો તો તેઓને ભૂખ સિવાય કોઈ ભાતું ન આપ્યું અને સાંકડી કબ્ર સિવાય કોઈ ઘર ન આપ્યું. અંધારૂં જ તેઓની રોશની નક્કી થઈ, અને શરમીંદગી જ તેઓનો અંજામ બન્યો. તો શું તમે આ દુનિયાને અપનાવી રહ્યા છો? અને તેનો વિશ્વાસ કરી રહ્યા છો ! અને તેની જ લાલચમાં રચ્યા પચ્યા છો? તે પોતાનાથી બદગુમાની ન કરનારાઓ અને સંયમ ન જાળવનારાઓ માટે સૌથી ખરાબ ઠેકાણું છે.

એટલે યાદ રાખો, અને તમને ખબર પણ છે કે, તમે તેને છોડી જનારા છો, અને ત્યાંથી કૂચ કરનારા છો. એ લોકોથી બોધ ગ્રહણ કરો જેઓએ એવો દાવો કર્યો હતો કે અમારાથી તાકાતવાન કોણ છે? અને પછી તેઓને પણ પોતાની કબ્રોમાં એવી રીતે પહોંચાડવામાં આવ્યા કે તેઓને વાહન પણ ન મળ્યું અને કબ્રમાં એવી રીતે ઉતારવામાં

આવ્યા કે તેમને મહેમાન પણ ન કહેવામાં આવ્યા, પથ્થરોથી તેઓની કબ્રો ચણી લેવામાં આવી, અને ધૂળનું તેઓને કફન આપવામાં આવ્યું. સડેલી ગળેલી હડ્ડીઓ તેઓની પડોશી બની. અને હવે તેઓ એવા પડોશી છે કે કોઈ બોલનારનો જવાબ પણ નથી આપતા. અને ન કોઈ અત્યાચારને રોકી શકે છે. અને ન કોઈ રોવાવાળાની પરવા કરે છે. જો તેઓ પર મૂશળધાર વરસાદ પડે તો તેઓને આનંદ નથી થતો, અને જો દુકાળ પડી જાય તો નિરાશાનો શિકાર નથી થતા.

આ બધા એક સ્થળે એકત્ર છે, પણ એકલા છે. પાડોશીઓ છે પણ છેટે છેટે છે, એવા એક બીજાથી નિકટ છે કે મુલાકાત પણ નથી કરતા, અને એટલા નજદીક છે કે મળતા પણ નથી. હવે એવા બરબાદ થયા છે કે બધું કપટ ખતમ થઈ ગયું છે. અને એવા બેખબર છે કે બધા વેરઝેર મિટાઈ ગયા છે. ન તેઓથી કોઈ નૂકસાનનો સંદેહ છે, ન કોઈ રક્ષણની આશા છે.

જમીનના જાહેરના બદલે અંતરને, વિશાળતાના બદલે સંકોચને, અને સાથીઓના બદલે એકલવાયા પણાને,

અને પ્રકાશના બદલે અંધકારને અપનાવી લીધા છે. તેના ખોળામાં એવી રીતે આવી ગયા છે જેવી રીતે ઉઘાડા પગ અને નગ્ન હાલતમાં પ્રથમ વિખુટા પડયા હતા. અને પોતાના આમાલ સહિત સદાના જીવનને અને સદાના ઘર તરફ કૂચ કરી ગયા છે. જેમકે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે "જેવી રીતે અમે પહેલા બનાવ્યા હતા એવા જ પાછા ફરાવશું, આ અમારો વાયદો છે અને અમે તેને ગમે તેમ પૂરો કરવાવાળા છીએ."

* * * * *

# ૧૧૨ - મલેકુલ મૌતના રૂહ કબ્ઝ કરવા અંગે

*જેમાં મલેકુલ મૌત, તેઓની રૂહ કબ્ઝ કરવાની સત્તા અને ખુદાની પ્રશંસાથી મખ્લૂકની લાચારીનો ઉલ્લેખ છે.*

શું મલેકુલ મૌત જે સમયે ઘરમાં પ્રવેશ કરે છે તો તમને કંઈ એનો અણસાર થાય છે? અને શું તેને રૂહ કબ્ઝ કરતા તમે કદી જોયા છે? ભલા તે માના ઉદરમાં બચ્ચાને કેવી રીતે મારે છે? શું કોઈ જગ્યાએથી અંદર પ્રવેશી જાય છે? કે રૂહ જ તેની અવાજ પર જવાબ આપતી બહાર નિકળી આવે છે? અથવા પહેલેથી જ બાળકના પડખામાં રહે છે. વિચાર તો કરો કે જે શખ્સ એક મખ્લૂકના કમાલોને ન સમજી શકતો હોય તે સર્જનહારના ગુણોને કેવી રીતે વર્ણવી શકે !

* * * * *

# ૧૧૩ - દુનિયાની ટીકા કરતાં

હું તમને આ દુનિયાથી સાવધ કરી રહ્યો છું કે આ કૂચ કરવાનું સ્થળ છે. રહેવા ફરવાનું સ્થળ નથી. તે પોતાના ધોકાથી સજ્જ થઈ ગઈ છે અને પોતાના શણગારથી જ ધોકો આપે છે. તેનું ઘર પાલનહારની દ્રષ્ટિમાં તદ્દન તુચ્છ અને હલકું છે. એટલે તેણે તેમાં હલાલની સાથે હરામ, નેકીની સાથે બદી, જીવનની સાથે મૌત અને મિઠાશની સાથે કડવાશ રાખી દીધી છે. અને ન તેને પોતાના દોસ્તો માટે ખાસ કરી છે અને ન પોતાના દુશ્મનોને તેનાથી વંચિત રાખ્યા છે.

તેમાં સારપ ઘણી ઓછી છે અને બુરાઈ સદા હાજર છે. તેમાં ભેગું કરેલું ખતમ થનારૂં છે અને તેનો પ્રદેશ અચકાઈ જનાર છે. અને તેમાં વસેલાઓને એક દિવસ ઉજ્જડ થવાનું છે. ભલા એ ઘરમાં શું ખૂબી છે જે કમઝોર ઇમારતની જેમ પડી જાય. અને એ ઉમ્રમાં શું સારાપણું છે, જે વાટખર્ચીની જેમ ખલાસ થઈ જાય, અને એ જીવનમાં શું સુંદરતા છે જે હાલતા ચાલતા પુરૂં થઈ જાય.

જુઓ, તમારા ઉદ્દેશિત કાર્યોમાં અલ્લાહની ફરજોને પણ શામિલ કરી લ્યો. અને તેનાથી જ તેના હકો અદા કરવાનું સામર્થ્ય માગો. તમારા કાનોને મૌતના ભણકારા સંભળાવી દયો એ પહેલા કે તમને બોલાવી લેવામાં આવે. દુનિયામાં પરહેઝગારોની શાન એ છે કે તેઓ ખૂશ પણ થાય છે તો તેઓનું હ્રદય રડતું હોય છે. અને હસે છે તો પણ તેઓના રંજ અને ખેદ અત્યંત હોય છે. તેઓ પોતાના નફસથી બેઝાર રહે છે ભલેને લોકો તેઓના માલની ઇર્ષા કરતા હોય.

અફસોસ ! તમારા દિલોથી મૌતની યાદ નિકળી ગઈ છે અને ખોટી આશાઓએ તેના પર કબ્જો જમાવી લીધો છે, હવે દુનિયાનો અધિકાર તમારા પર આખેરતથી વધારે છે અને તે આકેબતથી વધારે તમને ખેંચી રહી છે. તમે દીને ખુદાના હિસાબે પરસ્પર ભાઈ-ભાઈ હતા. પરંતુ, તમને અંતરના મેલ અને મનની ખરાબીએ અલગ-અલગ કરી દીધા છે. એટલે હવે ન કોઈનો ભાર ઉપાડો છો ન કોઈને

શિખામણ આપો છો. ન એક બીજા પર ખર્ચ કરો છો અને ન એક બીજાથી ખરેખર પ્રેમ કરો છો.

આખર તમને શું થઈ ગયું છે કે મામૂલી દુનિયાને મેળવી રાજી થઈ જાવ છો અને સંપૂર્ણ આખેરતથી વંચિત થઈ દુ:ખી નથી થતાં. થોડીક દુનિયા હાથમાંથી નીકળી જાય તો પરેશાન થઇ જાવ છો  અને તેના ભાવો તમારા વદન (ચહેરા) પર દેખાવા લાગે છે. અને તેના વિયોગને સહી નથી શકતા જાણે એ જ તમારૂં અંતિમ લક્ષ્ય છે. અને જાણે એની મુડી ખરેખર સદાકાળ રહેનારી છે. તમારી સ્થિતિ એ છે કે કોઈ પણ શખ્સ બીજાના ઐબો જાહેર કરવાથી થાક્તો નથી. પણ માત્ર એ ડરથી કે એ પણ એવી જ રીતે વર્તશે. તમે બધાએ આખેરતથી દુર્લક્ષ અને દુનિયાથી પ્રેમ પર એકો કરી લીધો છે. અને દરેકનો દીન જીભની ચટણી બનીને રહી ગયો છે. એવું લાગે છે કે જાણે બધાએ પોતાનું કામ પુરૂં કરી લીધું છે અને પોતાના માલિકને ખરેખર રાજી કરી લીધો છે.

* * * * *

# ૧૧૪ - લોકોને શિખામણ

બધા વખાણ એ અલ્લાહના માટે છે જેણે હમ્દને નેઅમતોથી અને નેઅમતોને આભારથી મેળવી દીધી છે. અમે નેઅમતોમાં તેની હમ્દ (સ્તૂતિ) એવી જ રીતે કરીએ છીએ જેવી રીતે સંકટોમાં કરીએ છીએ. અને તેનાથી આ નફસના સામના માટે મદદ માંગીએ છીએ કે જે આજ્ઞા પાલનમાં આળસ કરે છે અને નિષેધો તરફ ઝડપથી દોડે છે. આ બધી ક્ષતિઓ માટે ક્ષમા યાચીએ છીએ, જેનો તેના ઇલ્મે ઘેરાવો કરેલ છે. અને તેની કિતાબે એકત્ર કરી રાખ્યા છે. તેના ઇલ્મમાં ઉણપ નથી. અને તેની કિતાબ કોઈ ચીજ છોડવાવાળી નથી. અમે તેના પર એવી જ રીતે ઈમાન લાવ્યા છીએ જાણે અદીઠનું અવલોકન કરી લીધું હોય. અને વાયદાથી જાણકારી મેળવી લીધી હોય. અમારા આ ઈમાનની નિખાલસતાએ શિર્કનો ઇન્કાર કર્યો છે અને તેના યકીને શકને ટાળી દીધેલ છે. અમે ગવાહી આપીએ છીએ કે તે એક છે તેના સિવાય કોઈ ખુદા નથી. તે એક છે તેનો કોઈ ભાગીદાર નથી. અને હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલય્હે વ

આલેહી વસલ્લમ તેના બંદા અને રસૂલ છે. આ બંને ગવાહીઓ એવી છે જે કથનને ઉત્કર્ષતા આપે છે અને આમાલને ઉન્નાતિ અર્પે છે, જ્યાં એને રાખી દેવામાં આવે તે પલ્લુ હલકું નહીં થાય અને જ્યાંથી તેને ઉપાડી લેવામાં આવે તે પલ્લામાં કોઈ વજન નહીં રહે.

અલ્લાહના બંદાઓ ! હું તમને અલ્લાહથી ડરવાની ભલામણ કરૂં છું, જે તમારા માટે વાટ ખર્ચી છે અને તેના પર આખેરતનો દારોમદાર છે. આ જ વાટખર્ચી મંઝિલ સુધી પહોંચાડનાર છે. અને આ જ આશ્રય સ્થાન કામ આવવાવાળું છે. એની તરફ બધાથી શ્રેષ્ઠ નિમંત્રકે નિમંત્રણ આપી દીધું છે. અને તેનાથી સૌથી શ્રેષ્ઠ સાંભળનારે સાચવી લીધું છે. એટલે તેને સંભળાવવા વાળાએ સંભળાવી દીધું અને તેને સાચવવાવાળાએ સફળતા મેળવી લીધી.

અલ્લાહના બંદાઓ ! આ જ તકવા (પરહેઝગારી - ખુદાથી ડરવા)એ ખુદાના દોસ્તોને નિષેધો (હરામ કાર્યો) ના આચરણથી બચાવી લીધા છે. અને તેઓના દિલોમાં ખુદાના ડરને જરૂરી કરી દીધો છે. ત્યાં સુધી કે તેઓની રાતો

જાગરણમાં વીતી ગઈ, અને તેઓના આ તપતા દિવસો તરસમાં પસાર થઈ ગયા, તેઓએ રાહતને તકલીફના ભોગે અને તૃપ્તિને પ્યાસ દ્વારા મેળવેલ છે. અને મૌતને નિકટતર સમજે છે તો તેજીથી અમલ કરે છે અને તેઓએ આશાઓને ખોટી ગણી તો મૌતને ધ્યાનમાં રાખી છે, પછી આ દુનિયા તો અંતે નાશ અને તકલીફ, ક્રાંતિ અને બોધનું સ્થળ છે.

નાશનું જ પરિણામ છે કે, કાળ સદા પોતાની કમાન ચડાવીને રાખે છે, કે તેના તીર લક્ષ્ય ચુકતા નથી. અને તેના જખમોનો ઇલાજ નથી થઈ શકતો. તે જીવતાને મૃત્યથી, તંદુરસ્તને બીમારીથી અને મૂક્તિ પામનારાને હલાક્તથી મારી નાખે છે. તેનો ખાનાર ધરાતો નથી. અને પીનારો તૃપ્ત નથી થાતો. અને તેના દુ:ખ દર્દની અસર એ છે કે, ઇન્સાન પોતાના ખાવાનો સામાન ભેગો કરે છે, રહેવા માટે ઘર બનાવે છે, અને ત્યાર પછી અચાનક ખુદાની બારગાહ તરફ ચાલ્યો જાય છે. ન માલ સાથે લઈ જાય છે અને ન મકાન બદલી થઈ શકે છે.

તેના ફેરફારોની સ્થિતિ એ છે કે જેને દયાપાત્ર જોયો હતો તે ઇર્ષાપાત્ર બની જાય છે. અને જેને ઇર્ષાપાત્ર જોયો

હતો તે દયાપાત્ર થઈ જાય છે. જાણે એક નેઅમત છે જે ચાલી ગઈ, અને એક બલા છે જે ઉતરી આવી. તેના બોધપાઠોની ઉપમા એ છે કે ઇન્સાન પોતાની આશાઓને પહોંચવાવાળો જ હોય છે કે મૃત્યુ તેના ક્રમને કાપી નાખે છે. અને ન કોઈ ઉમ્મીદ ફળે છે અને ન કોઈ ઉમ્મીદ કરવાવાળાને છોડવામાં આવે છે.

અય સુબ્હાનલ્લાહ ! આ દુનિયાની ખૂશી પણ શું ધોકો છે? અને તેની તૃપ્તિ પણ કેવી પ્યાસ વાળી છે. અને તેની છાંવમાં પણ કેટલો તપારો છે. ન અહીં આવવાવાળી મૌતને પાછી ફેરવી શકાય છે. અને ન કોઈ જવાવાળાને પાછો વાળી શકાય છે. સુબ્હાનલ્લાહ, જીવતો મરેલાને કેટલો જલ્દી મળી નિકટ થઈ જાય છે અને મરેલો જીવતાને છોડી નાતો તોડી કેટલો દૂર થઈ જાય છે!

(યાદ રાખો) બદીથી બદતર કોઈ ચીજ તેના અઝાબ સિવાય નથી. અને નેકીથી બહેતર કોઈ ચીજ તેના સવાબ સિવાય નથી. દુનિયામાં દરેક ચીજનું સાંભળવું તેના જોવા કરતા વધારે મહાન હોય છે અને આખેરતમાં દરેક વસ્તુનું જોવું તેના સાંભળવાથી ઉચ્ચતર હોય છે. એટલે

તમારા માટે જોવા કરતા સાંભળવું અને અદીઠ (ગૈબ) ના નિરીક્ષણના બદલે ખબર જ પૂરતી થઈ જવી જોઈએ. યાદ રાખો! કે દુનિયામાં કોઈ ચીજનું ઓછું થવું અને આખેરતમાં વધારે હોવું તેનાથી બહેતર છે કે દુનિયામાં વધારે હોય અને આખેરતમાં ઓછું થઈ જાય. કેમકે ઘણાય ઉણપવાળા લાભમાં રહે છે અને ઘણાય વધારેવાળા નૂકસાનમાં રહી જાય છે.

બેશક જે ચીજોમાં તમને હુકમ આપવામાં આવ્યો છે, તેઓમાં વધારે વિશાળતા છે, એ વસ્તુઓની સરખામણીમાં જેનાથી તમને રોકવામાં આવ્યા છે. અને જેને હલાલ કરવામાં આવ્યું છે તે એના કરતા ઘણું વધારે છે જેને હરામ કરવામાં આવ્યું છે. એટલે થોડાને વધારે માટે અને સંકુચિતને વિશાળતાની ખાતર છોડી દયો. પાલનહારે તમારી રોઝીની ઝિમ્મેદારી લીધી છે અને અમલ કરવાની આજ્ઞા કરી છે એટલે એમ ન થાય કે જેની જમાનત આપવામાં આવી છે તેની માંગ એનાથી વધી જાય જેને વાજીબ કરવામાં આવ્યું છે.

ખુદા ગવાહ છે કે, તમારી પરિસ્થિતિ જોઈને એ સંદેહ થવા લાગે છે, અને એવું લાગે છે કે, કદાચ જેની જમાનત આપવામાં આવી છે એ જ તમારા પર વાજીબ કરવામાં આવ્યું છે. અને જેનો હુકમ આપવામાં આવ્યો છે તેને તજી દીધું છે. ખુદાને ખાતર અમલ કરવા તરફ આગળ ધપો અને ઓચિંતી મૌત આવી જવાથી ડરો. એટલા માટે કે મૌતના પાછા ફરવાની એ આશા નથી જે આશા રોઝી પાછી મળી જવાની છે. જે રોઝી આજ હાથમાંથી નિકળી ગઈ છે તેમાં કાલે વધારો થવાની આશા છે. પણ જે વય આજ નિકળી ગઈ તેનું કાલે પાછું ફરવું સંભવિત નથી. આવવાવાળાની આશા રાખી શકાય છે, જવાવાળાની નહીં. તેનાથી તો હતાશા જ હોઈ શકે છે. અલ્લાહથી એવી રીતે ડરો જેવો ડરવાનો હક છે અને ખબરદાર ! ત્યાં સુધી દુનિયાથી ન જજો જ્યાં સુધી ખરેખર મુસલમાન ન થઈ જાવ.

* * * * *

# ૧૧૫ - વરસાદની માંગણી સંબંધમાં

અય અલ્લાહ ! અમારા પહાડોની હરિયાળી સુકાઈ ગઈ છે. અને અમારી જમીન પર ધૂળ ઉડે છે. અમારા જાનવરો તરસ્યા છે, અને પોતાનું ઠેકાણું ગોતવા ભટકી રહ્યા છે. અને પોતાના બાળકો માટે એટલા ફરિયાદી છે જેટલી મૃત પુત્રની મા, બધા ચરવાના ખેતરોના આંટા મારી અને હોંશે હોંશે તળાવો તરફ દોડી કંટાળી ગયા છે.

અય અલ્લાહ ! હવે આ ફરિયાદ કરતી બકરીઓ અને આશા સાથે પુકારનારી ઊંટણીઓ પર દયા કર. અય ખુદા ! તેઓના રસ્તાઓમાં પરેશાની અને ઠેકાણાઓ પર ચીખ પુકાર પર દયા કર.

અય ખુદા ! અમે એવા સમયે ઘરેથી નિકળી આવ્યા છીએ જયારે દુકાળના કારણે નબળા ઊંટો અમારી પાસે પાછા આવ્યા છે, અને જેનાથી કૃપા વૃષ્ટિની આશા હતી એ વાદળો આવી આવીને ચાલ્યા ગયા છે. હવે દર્દના માર્યાઓનો તું જ આશરો છે. અને કરગરનારાઓનો તું જ આધાર છો. અમે ત્યારે દુઆ કરી રહ્યા છીએ જયારે લોકો નિરાશ થઈ ગયા છે.

વાદળોની ભલાઈને રોકી લેવામાં આવી છે અને જાનવરો મરી રહ્યા છે. તો અય ખુદા ! અમારા આમાલ પર અમારી પૂછા ન કરજે, અને અમને ગુનાહના કારણે પકડમાં ન લેજે. તારી દયાના પાલવને અમારા પર પ્રસારી દે. વરસનાર વાદળો, મૂશળધાર વરસાદ, અને સુંદર હરિયાળી દ્વારા એવી વર્ષા જેનાથી મુડદા જમીન સજીવન થઈ જાય, અને વીતેલી વસંતો પાછી ફરે.

અય ખુદા ! એવો જળબંબાકાર કરી દે, જે જીવંત કરનારો અને તૃપ્ત કરનારો, સંપૂર્ણ અને સ્વસ્થ, પવિત્ર અને કલ્યાણકારી, મનમોહક અને તાજો હોય, જેની બરકતથી વૃક્ષો ફુલવા ફળવા લાગે અને ડાળીઓ ફળદ્રુપ થઈ જાય. પર્ણો લીલા થઈ જાય, નિર્બળ લોકોને ઊભા થવાનો આધાર મળી જાય. મુડદા જમીનોને ઝિંદગી મળી જાય.

ખુદાયા ! એટલું જળ અતા કર, જેનાથી શિખરો હરિયાળા થઈ જાય, નહેરો વહેવા લાગે, આસપાસના પ્રદેશ સંતૃપ્ત થઈ જાય. ફળો નિકળવા લાગે, જાનવરોમાં જીવ આવી જાય, દૂર દૂરના પ્રદેશો પણ તર થઈ જાય. અને

ખુલ્લા મયદાનો પણ તારી આ વિશાળ બરકત અને મહાન અતાથી લાભવંત થઈ જાય. તારી દુ:ખી કંગાળ મખ્લૂક અને ભટકતા જાનવરો પણ.

અમારા પર એવી વૃષ્ટિ કર જે પાણીથી તરબોળ કરી દેનારી, મૂશળધાર નિરંતર વરસનારી, જેમાં ટીપાંઓ ટીપાંઓને ધકેલી રહ્યા હોય અને બિંદુઓ બિંદુઓને તેજીથી આગળ વધારી રહ્યા હોય, ન તેની વીજળી ધોકો આપનારી હોય ન તેના વાદળો પાણીથી ખાલી હોય. ન તેના વાદળના સફેદ ટૂકડા વિખરાએલા હોય અને ન માત્ર ટાઢા પાણીના ટીપાઓ પડતાં હોય. એવી વર્ષા હોય કે દુકાળના માર્યા તેની હરિયાળીઓથી ખૂશહાલ થઈ જાય. અને સૂકાના શિકારો તેની બરકતથી જીવી ઉઠે. એટલા માટે કે તું જ નિરાશા પછી વરસાદ વરસાવનાર અને રહમતનો પાલવ પ્રસારનાર છે અને તું જ સ્તૂતિ અને પ્રશંસાને પાત્ર, સરપરસ્ત અને મદદગાર છો.

* * * * *

# ૧૧૬ - પોતાના સાથીઓને નસીહત

અલ્લાહે પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને ઇસ્લામની તરફ દાવત આપનારા અને મખ્લૂકોના આમાલના ગવાહ બનાવીને મોકલ્યા છે તો આપે અલ્લાહના પૈગામને સંપૂર્ણ રીતે પહોંચાડી દીધો, ન જરાય આળસ કરી, ન ઉણપ રાખી. ખુદાના દુશ્મનોથી જેહાદ કર્યો અને આ માર્ગમાં ન કોઈ કમઝોરી બતાવી અને ન કોઈ બહાના કે બચાવનો આશરો લીધો. આપ તકવાવાળાઓના ઇમામ અને હિદાયત માગવાવાળાની આંખોનું નૂર હતા.

જો તમે એ બધી વાતો જાણી લેતે જે તમારાથી છુપી રાખવામાં આવી છે અને જેને હું જાણું છું, તો જંગલોમાં નિકળી જાતે. પોતાના આમાલ પર રોતે અને પોતાના કરતૂતો પર માથા અને છાતી પીટતે. અને બધો માલ એવી રીતે ત્યાગી જતે કે ન કોઈ તેનો રખેવાળ હોત અને ન વારસ અને દરેક શખ્સને બસ પોતાની પડી હોત. કોઈ બીજાની સામું ય ન જોતે.

પરંતુ અફસોસ ! કે તમે તે પાઠને બિલ્કુલ ભુલાવી દીધો જે તમને યાદ કરાવવામાં આવ્યો હતો અને એ ભયાનક દ્રષ્યોથી એવા તદ્દન નચિંત થઈ ગયા જેનાથી ડરાવવામાં આવ્યા હતા. તો તમારી રાય ભટકી ગઈ અને તમારા કામો વેરવિખેર થઈ ગયા. અને હું એમ ચાહવા લાગ્યો કે કાશ, અલ્લાહ મારા અને તમારા વચ્ચે જુદાઈ નાખી દેતે અને મને એ લોકોથી મેળવી દેતે જે મારા માટે વધારે યોગ્ય હતા, એ લોકો જેઓની રાય મુબારક અને જેઓની સહિષ્ણુતા નક્કર હતી. સત્યની વાતો કરે છે અને બંડખોરી તથા અવજ્ઞાથી પર રહે છે. તેઓએ માર્ગ પર કદમ આગળ વધાર્યા અને સાચા માર્ગે તેજીથી આગળ વધતા ચાલ્યા ગયા. જેના પરિણામે સ્થાયી આખેરત અને શાંતિમય વડિલાત મેળવી લીધી.

જાણી લ્યો કે ખુદાની કસમ, તમારા પર બની સકીફનો એ નવજવાન બેસારી દેવામાં આવશે, જેનું કદ લાંબુ હશે અને ડોલીને ચાલનારો હશે. તમારા ખેતરો ચટ કરી જશે અને તમારી ચરબીને ઓગાળી નાખશે. હા, હા, અય અબૂ વઝહા બીજુ કંઈક.

સય્યદ રઝી કહે છે : વઝહા ગંદા કીડાનું નામ. અબૂ વઝહનો ઇશારો હુજજાજની તરફ છે. અને તેનો એક કિસ્સો છે જેનો ઉલ્લેખ કરવાનું આ સ્થળ નથી, પણ તેનો ખુલાસો એ છે કે હુજજાજ નમાઝ પડી રહ્યો હતો કે આ કીડાએ તક જોઈને તેને કાટી (કરડી) લીધો અને તેના કારણે તેની મૌત થઈ.

* * * * *

# ૧૧૭ - ખુદાના માર્ગમાં જાન માલથી જેહાદ કરવા સંબંધે

*જેમાં જાન અને માલનો લોભ કરનારને ઠપકો આપવામાં આવ્યો છે.*

ન તો તમે માલને એના માર્ગમાં ખર્ચ કર્યો, જેણે તમને અર્પણ કર્યો હતો અને ન જાનને તેના માટે ખતરામાં નાખી, જેણે એને પૈદા કરી હતી. તમે અલ્લાહના નામે લોકોમાં માન મેળવો છો અને બંદાઓના સંબંધમાં અલ્લાહનું માન નથી જાળવતા. ખુદાની કસમ એ વાતથી તો નસીહત લ્યો કે ટૂંક સમયમાં જ એ જ મંઝિલોમાં ઉતરનારા છો જ્યાં પહેલા લોકો ઉતરી ચૂક્યા છે અને સૌથી નિકટ ભાઈઓથી કપાઈને રહી જનારા છો.

# ૧૧૮ - પોતાના સાથીઓમાં સદાચારી લોકો વિશે

તમે હકના અનુસંધાનમાં મદદગાર અને દીનના મામલામાં ભાઈ-ભાઈ છો. જંગના દિવસે મારી ઢાલ અને બધા લોકોમાં મારા ભેદી છો. હું તમારા દ્વારા જ વિમુખ થનારાઓ પર તલવાર ચલાવું છું અને માર્ગ પર આવનારથી આજ્ઞા પાલનની આશા રાખું છું એટલે ખુદાને ખાતર મારી મદદ કરો એ શિખામણ દ્વારા જેમાં મિલાવટ ન હોય અને કોઈ પણ પ્રકારની શંકા આશંકાનો અવકાશ ન હોય, કેમકે ખુદાની કસમ ! હું લોકોની આગેવાની માટે બધા લોકોથી ઉચ્ચતમ અને સૌથી વધારે હકદાર છું.

* * * * *

# ૧૧૯ - જેહાદના આહવાન સમયે લોકોની ચૂપકીદી પર

*જયારે આપે લોકોને એકત્ર કરી જેહાદની આજ્ઞા કરી અને લોકોએ ચૂપકીદી અપનાવી તો ફરમાવ્યું:*

તમને શું થઈ ગયું છે ! શું તમે મુંગા થઈ ગયા છો?

ત્યારે એક જમાતે કહ્યું:

અય અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ ! આપ ચાલો, અમે ચાલવા તૈયાર છીએ.

તો આપે ફરમાવ્યું: તમને શું થઈ ગયું છે ! અલ્લાહ તમને હિદાયતની સદબુધ્ધિ ન આપે અને તમને સીધો રસ્તો નસીબ ન થાય. શું આવા સંજોગોમાં મારા માટે યોગ્ય છે કે હું જ નિકળું? આવા પ્રસંગે તો એ શખ્સે નિકળવું જોઈએ જે તમારા બહાદૂરો અને વીરનરોમાં મારો ચૂંટેલો હોય અને એ હરગીઝ યોગ્ય નથી કે હું લશ્કર, શહેર, બયતુલ માલ, ખિરાજની વ્યવસ્થા, ફેંસલા, માગનારાઓના હકોની

દેખભાળના બધા કામ છોડીને નિકળી પડું અને લશ્કર લઈને બીજા લશ્કરની પાછળ પડું અને એવી રીતે ફરતો રહું જેવી રીતે ખાલી તીરની ઝોળીમાં તીર. હું ખિલાફતની ચક્કીની ધરી છું. જેને મારી આસપાસ ચક્કર મારવા જોઈએ. જો મેં કેન્દ્ર છોડી દીધું તો તેના ચક્કરનો વર્તૂળ હલી જશે અને તેની નીચેની પથારી પણ વેર વિખેર થઈ જશે.

ખુદાની કસમ ! આ સૌથી ખરાબ રાય છે, અને એ જ ગવાહ છે કે જો દુશ્મનનો સામનો કરવામાં મને શહાદતની આરઝૂ ન હોત જયારે કે એ સામનો મારા નસીબમાં લખાઈ ચૂક્યો હોત તો હું પોતાની સવારીઓને પાસે લાવી તેઓ પર સવાર થઈને તમારાથી ઘણો દૂર નિકળી જાત અને પછી તમને ત્યાં સુધી યાદ પણ ન કરત જ્યાં સુધી ઉત્તર દક્ષિણનો પવન ફૂંકાતો રહેત. તમે ટીકા કરનારા, ઐબ લગાવવાવાળા, એક તરફ બેસી જનારા, અને માત્ર શોર મચાવનારા છો. તમારી સંખ્યા વધારે હોવાથી શો લાભ? જયારે કે તમારા દિલ ભેગા નથી. મેં તમને આ સ્પષ્ટ માર્ગ પર ચલાવવા ચાહ્યું, જેના પર ચાલીને કોઈ હલાક નથી થઈ શકતો, પણ

એ કે હલાકત તેના નસીબમાં હોય. આ માર્ગે ચાલનારની ખરેખર મંઝિલ જન્નરત છે અને અહીં લપસી જનારનો માર્ગ જહન્નહમ છે.

* * * * *

# ૧૨૦ - પોતાની વિશેષતાનો ઉલ્લેખ

*જેમાં પોતાની વિશેષતાના ઉલ્લેખ કરવા સાથે લોકોને નસીહત કરવામાં આવી છે.*

ખુદાની કસમ ! મને અલ્લાહનો પૈગામ પહોંચાડવા, ખુદાનો વાયદો પૂરો કરવા અને અલ્લાહના કલામોની સંપૂર્ણ સ્પષ્ટતા કરવાનું ઇલ્મ આપવામાં આવ્યું છે. અમો એહલેબૈત અલય્હેમુસ્સલામની પાસે હિકમતોના દરવાજાઓ, અને મસઅલાઓની રોશની મૌજૂદ છે. યાદ રાખો ! દીનની બધી શરીઅતોનો ઉદ્દેશ એક છે અને તેના બધા માર્ગો સહી છે. જે એ માર્ગોને ગ્રહણ કરશે તે મંઝિલ સુધી પહોંચી પણ જશે અને લાભ પણ ઉપાડી લેશે. અને જે રસ્તામાં જ રોકાઈ જશે તે ભટકી પણ જશે અને શરમીંદા પણ થશે. અમલ કરો એ દિવસ માટે જેના માટે સંગ્રહ ભેગો કરવામાં આવે છે અને જે દિવસે નિય્યતોના પારખા થશે અને જેને પોતાની મૌજૂદ અક્કલ ફાયદો નહીં પહોંચાડે તેને બીજાની અદ્રશ્ય અને છેટેની અક્કલ શું ફાયદો આપશે ? એ આગથી ડરો જેનો તપારો અસહ્ય, ઊંડાણ ઘેરૂં, આભૂષણ લોઢું અને પીવાની

ચીજ ગંદી ( પડું) છે. યાદ રાખો, એ નેક ઝિક્ર જે પરવરદિગાર કોઈ ઇન્સાન માટે બાકી રાખે છે તે એ માલથી ઘણો ઉત્તમ છે જેને ઇન્સાન એ લોકો માટે મૂકી જાય છે, જે વખાણ સુધ્ધાં નથી કરતા.

* * * * *

# ૧૨૧ - લયલતુલ હરીર પછી લોકોને ફરમાવ્યું

*જયારે લયલતુલ હરીર પછી આપના સાથીઓમાં એકે ઊભા થઈને કહ્યું કે પહેલા આપે અમને હકમ (લવાદ) બનાવવાથી રોક્યા અને પછી તેનો જ હુકમ આપ્યો? તો આખર આ બેમાંથી કઈ વાત સહીહ હતી? તો આપે હાથ પર હાથ મારી ફરમાવ્યું:*

અફસોસ ! આ જ એનો બદલો હોય છે, જે બોલ વચનને ધ્યાનમાં નથી લેતા. યાદ રાખો ! જો હું તમને એ અણગમતા કામ (જંગ) પર નિયુક્ત કરી દેત, જેમાં ખરેખર અલ્લાહે તમારા માટે સારપ રાખી હતી. એ રીતે કે જો તમે સીધા રહેત તો તમને હિદાયત આપત અને વક્ર થઈ જાતે તો સીધા કરી દેત. અને ઇન્કાર કરતે તો તેનો ઇલાજ કરત, તો આ અત્યંત પાકો કામનો તરીકો હતો. પરંતુ આ કામ કોની દ્વારા કરત, અને કોના ભરોસે કરત. હું તમારી મારફત કૌમનો ઇલાજ કરવા માંગતો હતો પણ તમે જ તો મારી બીમારી છો. આ તો એવું જ થાત જેવી રીતે કાંટાથી કાંટો નિકાળવામાં આવે. જયારે કે તેઓનું વલણ તેના તરફ હોય.

ખુદાયા ! ગવાહ રહેજે કે આ મુઝી મરઝ (હઠીલા રોગો)ના તબીબો કંટાળી ગયા છે અને કૂવામાંથી રસ્સી નિકાળવાવાળા થાકી ગયા છે.

ક્યાં છે એ લોકો! જેને ઇસ્લામનું આમંત્રણ આપવામાં આવ્યું તો તરત જ સ્વિકારી લીધું અને તેઓએ કુરઆન પડયું તો કાયદેસર અમલ પણ કર્યો અને જેહાદ માટે તૈયાર કરવામાં આવ્યા તો એવા ઉત્સાહથી આગળ વધ્યા, જેવી રીતે ઊંટણી પોતાના બચ્ચાઓ તરફ આગળ વધે છે.

તેઓએ તલવારોને મ્યાનમાંથી કાઢી લીધી અને ટૂકડી ટૂકડી, હરોળ પર હરોળ આગળ વધી આસપાસની જમીન પર કબ્જો કરી લીધો. તેઓમાંથી અમૂક ચાલ્યા ગયા અને અમૂક બાકી રહી ગયા. તેઓને ન જીવનની ખૂશખબરીમાં રસ હતો ન મરનારાની દિલસોઝીથી. તેઓની આંખો ખુદાના ખૌફમાં રડી રડીને સફેદ થઈ ગઈ હતી. પેટ રોઝાઓના કારણે અંદર ધસી ગયા હતા, હોઠો દુઆ કરીને સુકાઈ ગયા હતા. ચહેરા જાગરણોના કારણે પીળા પડી ગયા

હતા. અને વદનો પર નમ્રતાની ધૂળ પડેલી હતી. આ જ મારા પહેલાવાળા ભાઈ હતા, જેના સંબંધમાં અમારો હક છે કે અમે તેઓ તરફ પ્યાસી નજરે જોઈએ અને તેઓના વિયોગમાં પોતાના જ હાથ કાપીએ.

ખરેખર શયતાન તમારા માટે પોતાના માર્ગો સરળ બનાવી દે છે. અને ઇચ્છે છે કે એક-એક કરીને તમારી બધી ગુથ્થીઓ ખોલી નાખે. તે તમને સંપના બદલે કુસંપ દઈને ફિત્નાઓમાં સપડાવવા માંગે છે, એટલે તેના વિચારો અને તેની ઝાડ ફૂંકથી મોં ફેરવીને રાખો. એ શખ્સની શિખામણ સ્વિકારો, જે તમને નસીહતોની ભેટ આપે છે અને પોતાના દિલમાં તેની ગાંઠ વાળી લ્યો.

* * * * *

# ૧૨૨ - તહેકીમનો ઇન્કાર કરનારાઓને સંબોધન

*જયારે આપ ખારજીઓના એ પડાવ તરફ તશરીફ લઈ ગયા, જે હકમના ઇન્કાર પર અડી ગયા હતા, અને ફરમાવ્યું:*

શું તમે બધા અમારી સાથે સિફફીનમાં હતા? લોકોએ કહ્યું અમુક લોકો હતા. અને અમુક નહોતા. આપે ફરમાવ્યું: તો તમે બે ભાગમાં વહેંચાઈ જાવ. સિફફીનવાળા અલગ અને બીજાઓ અલગ. જેથી હું દરેકથી તેની સ્થિતિ પ્રમાણે વાતચીત કરૂં.

ત્યાર પછી કૌમને સંબોધીને કહ્યું: તમે બધા ચૂપ થઈ જાવ. અને મારી વાત સાંભળો અને તમારૂં ધ્યાન પણ મારી તરફ રાખો. જો હું કોઈ વાતની ગવાહી માગું તો દરેક શખ્સ પોતાના જ્ઞાન પ્રમાણે જવાબ આપી શકે છે. (આમ કહી આપે એક લાંબુ વ્યાખ્યાન ફરમાવ્યું જેનો ભાગ આ પ્રમાણે હતો.)

જરા એ તો બતાવો કે જયારે સિફફીનવાળાઓએ પ્રપંચ અને યુક્તિ, ધોકા અને ફરેબથી નેજાઓ ઉપર કુરઆન ઊંચા કર્યા હતા, તો શું તમે એમ નહોતું કહ્યું કે આ બધા અમારા ભાઈ છે અને અમારી સાથેના મુસલમાન છે. હવે આપણાથી માફી માગે છે અને ખુદાની કિતાબથી ચુકાદો ચાહે છે. એટલે યોગ્ય એ છે કે તેઓની વાત માની લેવામાં આવે અને તેઓને શ્વાસ લેવાની તક આપવામાં આવે. મેં તમને સમજાવ્યું હતું કે તેઓ દેખાવમાં ઈમાની છે પણ અંતરમાં ફક્ત ઝુલ્મી અને નાફરમાની છે. તેની શરૂઆત રહેમત અને રાહત છે પણ તેનું પરિણામ શરમીંદગી અને પસ્તાવો છે. એટલે પોતાની હાલત પર કાયમ રહો અને પોતાના માર્ગને ન છોડો અને જેહાદ માટે દાંત ભીંસી લ્યો. અને કોઈ બક્વાસ કરવાવાળાની બક્વાસને ન સાંભળો કેમકે તેને સ્વિકારવામાં ગુમરાહી છે અને ધ્યાન ન આપવામાં અપમાન છે. પરંતુ જયારે લવાદની વાત નક્કી થઈ ગઈ તો મેં જોયું કે તમારા લોકોએ એની હા ભણી હતી. જો કે ખુદા ગવાહ છે કે જો મેં તેઓનો ઇન્કાર કરી દીધો હોત, તો તેનાથી મારા પર કોઈ

જવાબદારી ન આવત. અને ન પરવરદિગાર મને ગુનેહગાર ગણત.

અને જો મેં એને અપનાવી લીધું હોત તો હું જ એ હકદાર હતો જેની પયરવી થવી જોઈતી હતી. કેમકે ખુદાની કિતાબ મારી સાથે છે અને જ્યારથી એનો અને મારો સંગાથ થયો છે કદી જુદાઈ નથી થઈ. અમે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના જમાનામાં એ સમયે જંગ કરતા હતાં જયારે સામે લડવામાં કુટુંબના વડિલો, બાળકો અને ભાઈબંધ તથા સગાઓ હોતા હતા, પણ દરેક મુસીબત અને આપત્તિમાં અમારા ઈમાનમાં વૃધ્ધિ જ થતી હતી અને અમે ખુદાના હુકમ આગળ મસ્તક નમાવી ઊભા હતા. ખુદાના માર્ગમાં આગળ ધપતા જ જતા હતા, અને ઝખ્મોના દુખાવા પર સબ્ર જ કરતા હતા. પણ અફસોસ હવે અમને મુસલમાન ભાઈઓ સાથે જંગ કરવી પડી રહી છે. કેમકે તેઓમાં વક્રતા, વિમુખતા, સંદેહ અને જુઠી વ્યાખ્યાઓ દાખલ થઈ ગઈ છે. પરંતુ આમ છતાં જો કોઈ માર્ગ નિકળી આવે જેનાથી ખુદા અમારા કુસંપને દૂર કરી દે અને આપણે

એક બીજાની નિકટ આવી રહીએ સહીએ. સંબંધો જાળવી શકીએ તો અમે એ જ માર્ગને પસંદ કરશું અને બીજા માર્ગથી હાથ રોકી લેશું.

* * * * *

# ૧૨૩ - સિફફીનની જંગમાં પોતાના સાથીઓને સંબોધન

જુઓ, જો તમારામાંથી કોઈ શખ્સ પણ જંગના સમયે પોતાની અંદર મનોબળ અને પોતાના કોઈ ભાઈની અંદર કમઝોરી અનુભવે તો તેની ફરજ છે કે, પોતાના ભાઈનું રક્ષણ એવી રીતે કરે જેવી રીતે પોતાની જાનનું રક્ષણ કરે છે. કેમકે ખુદા ચાહતે તો તેને પણ એવો જ બનાવી દેતે પરંતુ એણે તમને એક ખાસ વિશેષતા અર્પણ કરી છે.

જુઓ ! મૌત એક ઝડપી આવનાર છે, જેનાથી ન કોઈ થંભેલો બચી શકે છે અને ન ભાગવાવાળો બચી નિકળે છે. અને શ્રેષ્ઠ મૃત્યુ શહાદત છે. કસમ છે એ પાલનહારની જેની શક્તિની પકડમાં અબૂ તાલિબના પુત્રની જાન છે કે મારા માટે તલવારના હજાર ઘા ખુદાની બંદગીથી અલગ થઈને પથારીમાં મરવાથી ઉત્તમ છે.

જાણે કે હું જોઈ રહ્યો છું કે તમે લોકો એવા જ અવાજો કાઢી રહ્યા છો જેવી ઘોના શરીરને રગડવાથી ઉત્પન્નહ થાય છે.

એટલે કે ન પોતાનો હક મેળવી રહ્યા છો અને ન અપમાનથી બચાવ કરી રહ્યા છો, જયારે કે તમને માર્ગમાં ખૂલ્લા મૂકી દેવામાં આવ્યા છે. અને નજાત એના માટે છે જે જંગમાં કુદી પડે અને હલાકત એના માટે છે જે જોતો જ રહી જાય.

* * * * *

# ૧૨૪ - સાથીઓને જંગ માટે તૈયાર કરવા

બખ્તરબંધ લોકોને આગળ વધારો અને બખ્તર વગરના સૈનિકોને પાછળ રાખો. દાંતોને ભીંસી લ્યો કે તેનાથી તલવારો સર પરથી ખાલી જાય છે. અને નેઝાઓના આસપાસથી પડખાઓને ફેરવતા રહો કે તેનાથી ભાલાઓના મોં ફરી જાય છે. નજરોને નીચી રાખો કે તેનાથી મનોબળમાં વધારો થાય છે અને જુસ્સો ઊંચો રહે છે. અવાજો ધીમી રાખો કેમકે તેનાથી કમઝોરી દૂર થાય છે. જુઓ પોતાના પરચમ (ઝંડા)નું ધ્યાન રાખજો. તે નમવા ન પામે. અને ન એકલો રહેવા પામે. તેને માત્ર વીરનરો અને ઇઝઝતના રખેવાળોના હાથમાં રાખજો કેમકે સંકટોમાં ધીરજ ધરનારા જ ઝંડાની આસપાસ ભેગા થાય છે. અને ડાબી જમણી આગળ પાછળ બધી બાજુથી ઘેરો નાખી તેનું રક્ષણ કરે છે. ન તેની પાછળ રહી જાય છે અને ન તેને શત્રુઓના હવાલે કરી દે છે અને ન આગળ વધી જાય છે કે તે એકલો રહી જાય.

જુઓ દરેક પોતાની પાસે આવનારનો પોતે જ સામનો કરે અને પોતાના ભાઈને પણ સાથ આપે. અને

ખબરદાર પોતાના સામેવાળાને હવાલે પોતાના સાથીને ન કરજો કે તે અને તેનો સાથી મળીને તેના પર હુમલો કરી દે.

ખુદાની કસમ ! જો તમે દુનિયાની તલવારથી ભાગી નિકળ્યા તો આખેરતની તલવારથી બચી નથી શકવાના, વળી તમે તો અરબના બહાદૂર અને ઉન્મસ્તક (સરબુલંદ) છો. તમને ખબર છે કે ભાગવામાં ખુદાનો ગઝબ પણ છે અને સદાની બદનામી. ભાગવાવાળો ન પોતાની વયમાં વધારો કરી શકે છે અને પોતાના સમયની આડે આવી શકે છે. કોણ છે જે અલ્લાહની તરફ એમ જાય જેમ તરસ્યો પાણીની તરફ જાય છે, જન્નવતભાલાઓની આસપાસના છાંયામાં છે. આજ દરેકની પરિસ્થિતિઓના પારખાં થઈ જશે.

ખુદાની કસમ ! મને દુશ્મનો સાથે લડવાનો શોખ એથી વધારે છે જેટલો તેઓને તેઓના ઘરોનો શોખ છે. અય ખુદા ! આ ઝાલિમ અગર હકને તરછોડી દે તો તેઓની જમાતને વેર વિખેર કરી દે. તેઓના કલમાને (ફરમાનને) એક ન થવા દે. તેઓને તેઓના કરતૂતોની સજા આપી દે. કેમકે આ લોકો ત્યાં સુધી પોતાના હેતુથી નહીં હટે જ્યાં સુધી

ભાલાઓ તેઓના શરીરમાં સવારની ઠંડી લહેરની જેમ પેસી ન જાય. અને તલવારો તેઓના માથા ફાડી ન નાખે, હાડકાના ચૂરે ચુરા અને હાથ પગને ભાંગી ન નાખે. અને જ્યાં સુધી તેઓ પર લશ્કર ઉપર લશ્કર અને સૈન્યની પછી સૈન્ય આક્રમક ન થઈ જાય. અને તેઓના શહેરો પર નિરંતર ફોજોની લલકાર ન હોય અને ઘોડાઓ તેઓની જમીનોને અંત સુધી રગડી ન નાખે અને ચારાઘરો (ઢોર ચરાવવાની જગ્યાઓ) અને હરિયાળીઓને પામાલ ન કરી દે.

* * * * *

# ૧૨૫ - તહેકીમ સ્વિકારવાના કારણો

*લવાદના બારામાં - બંને લવાદીઓને સાંભળ્યા પછી*

યાદ રાખો ! અમે લોકોને લવાદ નહોતા બનાવ્યા. બલ્કે કુરઆનને હકમ (લવાદ) ઠરાવ્યું હતું અને કુરઆન એ જ કિતાબ છે જે બે પૂંઠાઓ વચ્ચે મૌજૂદ છે. પરંતુ મુશ્કેલ એ છે કે એ પોતે નથી બોલતું અને તેને પ્રતિનિધીની જરૂર રહે છે. અને પ્રતિનિધી માણસો જ હોય છે. આ કોમે અમને દાવત આપી કે અમે કુરઆનથી ફૈંસલો કરાવીએ. તો અમે તો કુરઆનથી મોં ફેરવનારા નહોતા જયારે કે પરવરદિગારે ફરમાવી દીધું છે કે, તમારા મતભેદોને ખુદા અને તેના રસૂલ તરફ ફેરવી દયો અને ખુદાની તરફ વાળવાનો અર્થ તેની કિતાબથી ફૈંસલો કરાવવો છે. અને રસૂલ તરફ વાળવાનો અર્થ પણ સુન્નવતની પયરવી છે. અને એ નક્કી છે કે જો ખુદાની કિતાબથી સચ્ચાઈ સાથે ફૈંસલો કરાવવામાં આવે તો તેના વધારે હકદાર અમે જ છીએ અને એવી જ રીતે સુન્નલતે

પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ માટે સૌથી ઊંચા અને નિકટ અમે જ છીએ.

હવે તમારૂં એ કહેવું કે તમે લવાદની મોહલત કેમ આપી? તો એનો ભેદ એ છે કે હું ચાહતો હતો કે બેખબર ખબરદાર થઈ જાય અને ખબરદાર સંશોધન કરી લે કે કદાચ પરવરદિગાર આ સમય ગાળામાં ઉમ્મતના કામોની સુધારણા કરી લે. અને તેનું ગળું ન ઘૂંટવામાં આવે. કે હક સ્પષ્ટ થવા પહેલાં જ ઉતાવળમાં કોઈ એવું પગલું ન ભરી બેસે અને પહેલે જ ગુમરાહીની પાછળ લાગી જાય.

અને યાદ રાખો ! કે પરવરદિગારની સમક્ષ શ્રેષ્ઠ ઇન્સાન એ છે જેને હક પર અમલ કરવો (ચાહે તેમાં નૂકસાન જ કેમ ન વેઠવું પડે) જુઠ પર અમલ કરવા કરતા વધારે પસંદ છે. (પછી ભલે ફાયદો જ કેમ ન હોય)

તો અંતે તમને ક્યાં લઈ જવામાં આવી રહ્યા છે? અને તમારી પાસે શયતાન ક્યાંથી આવી ટપક્યો? જુઓ આ કૌમ માટે લડવા તૈયાર થઈ જાવ જે સત્યના મામલામાં એવા ચિંતાતુર છે કે તેમને કંઈ સુઝતું નથી. અને જૂઠ પર

એવી રીતે ઉતારી દેવામાં આવી છે કે સીધા માર્ગ પર આવવા જ નથી માગતી. આ કિતાબે ખુદાથી અલગ અને હકના માર્ગથી વિમુખ છે, તમે પણ તો કોઈ ભરોસાપાત્ર લોકો અને શરાફતનો પાસ (લેહાજ) રાખનારા નથી. તમે જંગની આગ ભડકાવવાના શ્રેષ્ઠ સાધન છો. તમારા પર તુફ છે. મેં તમારાથી ઘણી યાતના ઝીલી છે. તમને ઉઘાડે છોગે બોલાવ્યા છે અને ધીમેથી સમજાવ્યા પણ છે, પરંતુ ન તો તમે જંગની અવાજ પર સાચા સજ્જન પૂરવાર થયા ન ભેદ ભરમ રાખવામાં ભરોસાપાત્ર સાથી નિકળ્યા.

* * * * *

# ૧૨૬ - બયતુલ માલમાં બરાબર વહેંચણી શરૂ કરી તો અમુક લોકોએ વાંધો ઉઠાવ્યો તો ફરમાવ્યું :

શું તમે મને એ વાત પર તૈયાર કરવા માંગો છો કે મને જે પ્રજાનો ઝિમ્મેદાર બનાવવામાં આવ્યો છે તેના પર ઝુલ્મ કરી થોડા લોકોની મદદ મેળવી લઉં?

ખુદાની કસમ ! જ્યાં સુધી આ દુનિયાનો કિસ્સો ચાલતો રહેશે અને એક સિતારો બીજા સિતારા પર ઝૂકતો રહેશે, એવું કદાપી નહીં થઈ શકે. આ માલ જો મારો અંગત માલ હોત તો પણ હું તેની સરખી વહેંચણી કરત. જયારે કે આ માલતો ખુદાનો માલ છે, અને યાદ રાખો કે માલને નાહક આપી દેવો પણ ઇસરાફ અને ઉડાવપણામાં ગણાય છે. અને આ કામ ઇન્સાનને દુનિયામાં ઊંચો પણ કરી દે છે તો આખેરતમાં હડધૂત કરી દે છે. લોકોમાં માનવંત પણ બનાવી દે છે તો ખુદાની દ્રષ્ટિમાં પાડી પણ દે છે. અને જયારે પણ કોઈ શખ્સ માલને નાહક અથવા અપાત્ર પર ખર્ચ કરે છે તો પરવરદિગાર તેને શુક્રિયાથી પણ વંચિત કરી દે છે અને

તેની મહોબ્બતનું રૂખ બીજાઓ તરફ વાળી લે છે. પછી જો કોઈ દિવસ પગ લપસી ગયા અને તેઓની મદદનો પણ મોહતાજ ગઈ ગયો તો તેઓ ખરાબમાં ખરાબ દોસ્ત અને સૌથી તુચ્છ સાથી જ પૂરવાર થાય છે.

* * * * *

# ૧૨૭ - ખારજીઓના અકીદાનું ખંડન કરતા ફરમાવ્યું

*જેમાં દીનના અમુક હુકમોના બયાનની સાથે ખારજીઓના સંદેહોને દૂર કરવા અને લવાદના તોડનો ફેંસલો બતાવ્યો છે.*

જો તમારો હઠાગ્રહ એ જ વાત પર છે કે મને ગુનેહગાર અને ગુમરાહ ઠરાવો, તો પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની પૂરી ઉમ્મતને શા માટે ગુનેહગાર ઠેરવો છો અને મારી ભૂલનો હિસાબ તેઓથી કેમ માંગી રહ્યા છો અને મારા ગુનાહ પર તેઓને શા માટે કાફર ઠરાવો છો. તમારી તલવારો તમારા કાંધા પર રાખી છે, જ્યાં ઇચ્છો છો ત્યાં, ગુનેહગાર હોય કે બેગુનાહ હોય ચલાવી દયો છો. અને ગુનેહગાર તથા બેગુનાહમાં કોઈ ફરક નથી રાખતા.

જો કે તમને ખબર છે કે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે વ્યભિચારીના મુજરિમને સંગસાર કરવાનો હુકમ આપ્યો, તો તેની નમાઝે જનાઝા પણ પઢી અને તેના અહેલને વારિસ પણ બનાવ્યા

હતા. અને એવી રીતે કાતિલને કતલ કર્યો તો તેનો વારસો પણ વહેંચ્યો અને ચોરના હાથ કાપ્યા અથવા કુંવારા વ્યભિચારીને કોરડા લગાવ્યા તો તેને ગનીમતના માલમાંથી ભાગ પણ આપ્યો અને તેના મુસલમાન ઔરતથી નિકાહ પણ કરાવ્યા. જાણે આપે તેઓના ગુનાહોનું પૂછાણ કર્યુ અને તેના સંબંધમાં ખુદાનો હક કાયમ કર્યો પણ ઇસ્લામમાં તેના હકને ન રોક્યો. અને ન તેના નામને ઇસ્લામવાળાઓની લિસ્ટમાંથી હટાવ્યું.

પણ તમે તો સૌથી ખરાબ લોકો છો કે શયતાન તમારા મારફત પોતાનો હેતુ સિધ્ધ કરી લે છે અને તમને જહાલતના જંગલમાં નાખી દે છે. અને ટૂંક સમયમાં મારા સંબંધમાં બે લોકો ગુમરાહ થશે. મહોબ્બતમાં અતિશ્યોક્તિ કરવાવાળા જેને મહોબ્બત ગૈરે હક પાસે લઈ જશે અને દુશ્મનીમાં અતિશ્યોક્તિ કરવાવાળા જેઓને દુશ્મની જુઠ તરફ લઈ જશે અને શ્રેષ્ઠ લોકો એ હશે જેઓ મધ્યમ માર્ગી હશે એટલે તમે પણ એ જ માર્ગ ગ્રહણ કરો અને એ જ માન્યતાવાળી જમાતની સાથે થઈ જાઓ, કેમકે અલ્લાહનો હાથ એ જમાઅત સાથે છે. અને ખબરદાર ! ભેદભાવની

કોશિશ ન કરજો કેમકે જે ઈમાની જમાઅતથી વેગળો (અલગ) થઈ જાય છે તે એવી રીતે શયતાનનો શિકાર થઈ જાય છે, જેવી રીતે ટોળામાંથી વિખૂટા પડી જનારો દુમ્બો (ઘેટું) વરૂનો શિકાર થઈ જાય છે. જાણી લ્યો કે જે કોઈ પણ અલગતાનો નારો લગાવે તેને કતલ કરી નાખો, ભલે તે મારી જ છત્ર છાયા નીચે કેમ ન હોય.

તેઓ બંનેને હકમ ( લવાદ) બનાવવામાં આવ્યા હતા કે, એ બાબતોને જીવંત કરે જેને કુરઆને જીવંત કર્યા છે અને એ બાબતોને મૃત બનાવી દે જેને કુરઆને મૃત બનાવી દીધી છે. અને જીવંત કરવાનો અર્થ તેના પર એકમત થવાનો અને મૃત કરવાનો અર્થ તેનાથી અલગ થઈ જવાનો છે અમે એ વાત પર તૈયાર હતા કે જો કુરઆન અમને ખેંચીને દુશ્મનની તરફ લઈ જશે તો અમે તેની પરયવી કરી લેશું અને જો તેને અમારી તરફ લઈ આવશે તો તેઓને આવવું પડશે. પરંતુ ખુદા તમારૂં બુરૂં કરે, આ વાતમાં તો મેં કોઈ ખોટું કામ નથી કર્યું અને ન તમને કોઈ ધોકો આપ્યો છે. અને ન કોઈ વાતને સંદેહમાં રાખી છે.

પરંતુ તમારી જમાઅતે બે જણાની વરણી પર એકમતિ સાધી લીધી અને મેં તેના પર શરત લગાવી દીધી કે કુરઆની સીમા ઓળંગવામાં નહીં આવે, પણ તેઓ બંને કુરઆનથી વિમુખ થઈ ગયા અને હકને જાણવા છતાં પાછળ નાખી દીધો અને ખરી વાત એ છે કે તેઓનો હેતુ જ ઝુલ્મ હતો અને તેઓ એ જ રસ્તે ચાલી નિકળ્યા. જયારે કે મેં તેઓની ખોટી રાય અને જાલિમી ફેંસલાની પહેલા જ ફેંસલામાં ન્યાય અને સાચી નિય્યતની શરત લગાવી દીધી હતી.

* * * * *

# ૧૨૮ - બસરામાં ઉઠનારા ફિત્નાની ખબર આપતા ફરમાવ્યું

અય અહનફ ! જાણે કે હું એક એવા શખ્સને જોઈ રહ્યો છું જે એક એવું લશ્કર લઈને આવ્યો છે. જેમાં ન ધૂળ વંટોળ છે, ન શોર બકોર. ન લગામોની ખડખડાટ છે, ન ઘોડાઓની હણહણાટ. આ જમીનને એવી રીતે ખુંદતા રહ્યા જેવી રીતે શાહમૃગના પગો.

*સય્યદ રઝી કહે છે, હઝરતે આ ખબરમાં ઝંજવાળાની ખબર આપી છે (જેનું નામ અલી બિન મોહમ્મદ હતું અને તેણે ૨૨૫ હિજરીમાં બસરાના ગુલામોને માલિકો વિરૂદ્ધ એકઠા કરી લીધા અને દરેક ગુલામથી તેના માલિકને ૫૦૦ કોરડા મરાવ્યા હતા.)*

અફસોસ છે તમારી આબાદ ગલીઓ અને સજા સજાવ્યા મકાનોની હાલત પર, જેના છજાઓ ગીધોની પાંખો અને હાથીઓની સૂંઢો જેવા છે. એ લોકો તરફથી જેઓના કપાએલાઓ પર રોવામાં નથી આવતું અને તેઓના ખોવાએલાઓને ગોતવામાં નથી આવતા. હું દુનિયાને મોં ભરીએ (ઊંધા માથે) પછાડી દેનારો અને તેના ખરા સમયોને

જાણવાવાળો છું અને તેની હાલતને તેની શાનને લાયક નજરથી જોવાવાળો છું.

## તુર્કો વિશે:

હું એક એવી કૌમને જોઈ રહ્યો છું જેઓના ચહેરા ચામડાથી મઢેલી છાલ જેવા છે, રેશમ અને ઝરીના કપડા પહેરે છે. અને શ્રેષ્ઠ અસીલ ઘોડાઓથી મહોબ્બત રાખે છે. તેઓની વચ્ચે ટૂંક સમયમાં જ કતલનું બજાર ગરમ થશે જ્યાં જખ્મીઓ કપાએલાઓની ઉપરથી પસાર થશે અને ભાગવાવાળા કૈદીઓથી ઓછા હશે. ( આ તાતારીઓના ફિત્નાની તરફ નિર્દેશ છે જ્યાં ચંગેઝખાન અને તેની કૌમે બધા ઇસ્લામી દેશોને તબાહ અને બરબાદ કરી નાખ્યા અને કુતરા તથા સુવ્વરોને પોતાનો ખોરાક બનાવી એવા હુમલાઓ કર્યા કે શહેરોને ખાક બનાવી દીધા)

આ સાંભળી એક શખ્સે કહ્યું કે આપ તો ગુપ્ત ઇલ્મની વાતો કરી રહ્યા છો, તો આપે હસીને ફરમાવ્યું (કલબી શખ્સને) અય બિરાદરે કલ્બી ! આ ગુપ્ત ઇલ્મ નથી બલ્કે ઇલ્મવાળા પાસેથી ઇલ્મનો પાઠ છે.

ગુપ્ત ઇલ્મ કયામત અને એ વસ્તુઓનું ઇલ્મ છે જેની ખુદાએ કુરઆને મજીદમાં ગણત્રી કરી છે કે, અલ્લાહની પાસે કયામતનું ઇલ્મ છે, અને વરસાદ વર્ષાવનારો એજ છે. અને ઉદરમાં પળવાવાળાનું ભાગ્ય એ જ જાણે છે, તેના સિવાય કોઈને ખબર નથી કે કાલે તે શું કમાશે અને કઈ ધરતી પર મૌત આવશે.

પરવરદિગાર જાણે છે કે ઉદરમાંનું બાળક છોકરી છે કે છોકરો. સુંદર છે કે કદરૂપો, સખી છે કે કંજૂસ, ક્રુર છે કે નેક. કોણ જહન્નેમનું આંધણ બનશે અને કોણ જન્નાતમાં માનવંત નબીઓનો પાડોશી બનશે. આ ગુપ્ત ઇલ્મ છે જેને ખુદા સિવાય કોઈ નથી જાણતું તે સિવાય જે કંઈ ઇલ્મ છે એ તે ઇલ્મ છે જે અલ્લાહે પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને શિખાવ્યું છે અને તેઓએ મને એ શિખાવ્યું છે અને મારા માટે દુઆ કરી છે કે મારી છાતી તેને સાચવી લે. અને એ દિલમાં તેને સંઘરી લે જે મારા પડખામાં છે.

# ૧૨૯ - દુનિયાની નશ્વરતા અને દુનિયાવાળાની સ્થિતિ

અલ્લાહના બંદાઓ! તમે જે કંઈ આ દુનિયાથી આશાઓ રાખો છો, બધા એક નક્કી થએલા સમય સુધીના મહેમાન છો અને એવા કરજદાર છો કે કરજાનો તકાદો થઈ રહ્યો છે. આયુષ્ય ટૂંકાઈ રહ્યું છે, અને આમાલો જાળવી લેવામાં આવ્યા છે. કેટલાય દોડભાગ કરનારા છે જેઓની મહેનત અકારત (નિષ્ફળ) જઈ રહી છે. અને કેટલાક પ્રયત્નો કરનારા છે, જેઓ નિરંતર નૂકસાન ઉઠાવી રહ્યા છે. તમે એવા કાળમાં પૈદા થયા છો જેમાં નેકી લગાતાર મોં ફેરવી જઈ રહી છે અને બુરાઈ બરાબર સામે આવી રહી છે. શયતાન લોકોને બરબાદ કરવાની હવસમાં લાગેલો છે. અને તેના સાજ અને સામાન પાકા થઈ ચૂક્યા છે. તેના પ્રપંચો સામાન્ય થઈ ગયા છે. અને તેના શિકાર તેના કાબૂમાં છે.

તમે જ્યાં ચાહો નજર ઉઠાવી જોઈ લ્યો સિવાય એ રંકને જે નિર્ધનતાના સંકટો વેઠી રહ્યો છે અને એ અમીરને જેણે ખુદાની નેઅમતોની કૃતધ્નતા કરી છે અને એ લોભીને

જેણે ખુદાના હક અદા કરવામાં કંજૂસીને જ માલમાં વધારો કરવાનું સાધન બનાવ્યું છે અને એ બંડખોરને જેના કાનો શિખામણથી બહેરા થઈ ગયા છે કે કંઈ સાંભળે નહીં.

ક્યાં ચાલ્યા ગયા એ નેક અને ભલા બંદાઓ અને ક્યાં છે એ સજ્જન અને ઉમદા સ્વભાવના લોકો? ક્યાં છે એ લોકો જેઓ કામ ધંધામાં સંયમથી કામ લેનારા હતા અને રસ્તાઓમાં પવિત્ર માર્ગ અપનાવવાવાળા હતા ? શું બધાએ બધા આ નાશવંત અને જીવનને ડહોળું બનાવી દેનારી દુનિયાથી નથી ચાલ્યા ગયા? અને તમને એ લોકો વચ્ચે નથી છોડી ગયા જેના ધિક્કાર અને જેઓના ઉલ્લેખથી વિમુખતાના કારણે હોઠો તેઓની નિંદા કરવા સિવાય આપસમાં નથી મળતા. ઇન્ના લિલ્લાહે વ ઇન્ના એલય્હે રાજેઊન.

ફસાદ એટલી હદે પ્રસરી ગયો છે ન તો કોઈ પરિસ્થિતિને પલટાવનાર છે અને ન કોઈ મના કરનાર અને ન પોતે પરહેઝ કરનાર, તો શું જો આ જ સ્થિતિઓ મારફત ખુદાના પવિત્ર ઘરમાં રહેવા માગો છો? અને તેના સૌથી લાડકવાયા દોસ્ત બનવા ચાહો છો? અફસોસ અલ્લાહને

જન્નલતવિશે ધોકો નથી આપી શકતો અને ન તેની મરઝી ઇતાઅત વગર પ્રાપ્ત થઈ શકે છે. અલ્લાહ લાનત કરે એ લોકો પર જેઓ બીજાને તો નેકીનો હુકમ કરે છે અને પોતે અમલ નથી કરતા. સમાજને બુરાઈઓથી રોકે છે પણ પોતે એમાં જ રચ્યા પચ્યા છે.

* * * * *

# ૧૩૦ - હઝરત અબૂઝરને મદીનાથી વિદાય કરતા સમયે ફરમાવ્યું

અબૂઝર ! તમારો ક્રોધ અને ગુસ્સો અલ્લાહ માટે છે એટલે તેનાથી આશા રાખો, જેના માટે આ ક્રોધ અને ગુસ્સો અપનાવ્યો છે. કૌમને તમારાથી પોતાની દુનિયા વિશે ખતરો હતો અને તમને તેઓથી તમારા દીન માટે ખતરો હતો એટલે તેઓને જેનો ખતરો હતો તે તેઓ માટે છોડી દયો અને જેના માટે તમને ભય હતો તેને બચાવી નિકળી જાવ.

આ લોકો ગમે તેમ તેના મોહતાજ છે જેને તમે એ લોકોથી રોક્યું છે અને તમે તેનાથી બધી રીતે બેપરવા છો જેનાથી એ લોકોએ તમને વંચિત કર્યા છે. ટૂંક સમયમાં જ એ ખબર પડી જશે કે કોણ લાભમાં રહ્યું અને કોનાથી ઇર્ષા કરનારા વધારે છે. યાદ રાખો, કે કોઈ ખુદાના બંદા પર જો જમીન અને આસમાન બંનેના માર્ગો બંધ થઈ જાય અને તે ખુદાથી ડરવું અપનાવી લે તો અલ્લાહ તેને માટે કોઈને કોઈ માર્ગ જરૂર કાઢી આપશે. જુઓ તમને માત્ર સત્યની ચાહના અને જૂઠથી ડર હોવો જોઈએ, તમે જો તેઓની દુનિયા

સ્વિકારી લેતે તો તેઓ તમારાથી પ્યાર કરતે અને જો દુનિયામાં તમારો ભાગ લઈ લેતે તો સંતોષી થઈ જાત.

* * * * *

# ૧૩૧ - ખિલાફત સ્વિકારવાનું કારણ અને વાલી અને અહકામના ગુણધર્મ

અય તે લોકો જેઓના જીવ વિવિધ છે અને દિલ જુદા-જુદા, શરીર હાજર છે અને બુધ્ધિ ગાયબ. હું તમને મહેરબાની સાથે હકની દાવત આપું છું. અને તમે એવી રીતે ભાગી રહ્યા છો, જેવી રીતે શેરની અવાજથી બકરીઓ. અફસોસ ! તમારા મારફત ન્યાયના અંધકારને કેવી રીતે પ્રકાશિત કરી શકાય છે ? અને સત્યમાં આવી જનારી વક્રતા કેવી રીતે સીધી કરી શકાય છે? અય ખુદા તું જાણે છે કે મેં હુકૂમતના સંબંધમાં જે કદમ ઉઠાવ્યા છે તેમાં ન તો કોઈ સત્તાની લાલચ હતી, ન દુનિયાના માલની કોઈ લાલચ. મારો ઉદ્દેશ માત્ર એ હતો કે દીનના અવશેષોને તેના નિયત સ્થાન સુધી પહોંચાડું અને શહેરોમાં સુધારા પેદા કરી દઉં. જેથી મઝલૂમ બંદાઓ સુરક્ષિત થઈ જાય અને છોડી દીધેલ હદો કાયમ થઈ જાય. અય ખુદા, તને ખબર છે કે મેં સૌ પ્રથમ તારી તરફ રૂખ કર્યું. તારી અવાજ સાંભળી છે અને તેને સ્વિકારી છે અને તારી બંદગીમાં હઝરત રસૂલે અકરમ

સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ  સિવાય કોઈ પણ મારાથી આગળ નથી.

તમને લોકોને ખબર છે કે, લોકોની આબરૂ, તેઓની જાન, તેઓના લાભો, અલ્લાહના અહેકામ, અને મુસલમાનોની ઇમામતનો જવાબદાર ન કોઈ લોભી થઈ શકે છે કે તે મુસલમાનોના માલ પર સાપ બની બેસી જાય અને ન કોઈ જાહિલ થઈ શકે છે કે પોતાની જહાલતથી લોકોને ગુમરાહ કરી દે. અને ન કોઈ બદઅખ્લાક હોઈ શકે છે કે ખરાબ સ્વભાવના ઘા મારતો રહે અને ન કોઈ માલનો અપ્રમાણિક હોય શકે છે, બની શકે છે કે તે એકને માલ આપી દેશે અને બીજાને વંચિત રાખી દેશે. અને કોઈ ફેંસલામાં લાંચ લેનાર હોઈ શકે છે કે તે હકોને બરબાદ કરી દેશે અને તેઓને તેઓના નિયત સ્થાને નહીં પહોંચવા દે. અને ન કોઈ સુન્નઅતનોભંગ કરનાર એ સ્થાનને લાયક બની શકે છે કે જે ઉમ્મતને હલાક અને બરબાદ કરી દેશે.

* * * * *

# ૧૩૨ - લોકોને બોધ શિખામણ અને ઝોહદની પ્રેરણા

ખુદાનો અહેસાન જે કંઈ આપ્યું છે એના પર પણ અને જે કંઈ લઈ લીધું છે તેના પર પણ. તેના ઇન્આ મનો પણ અને તેના ઇમ્તેહાનનો પણ. તે દરેક અદીઠ (છુપી) વસ્તુની અંદરનું પણ જ્ઞાન ધરાવે છે, અને દરેક ગુપ્ત કાર્ય માટે હાજર પણ છે. હૃદયની અંદરના ગુપ્ત ભેદો અને આંખોની ચોરી (ખયાનત) બધાને સારી પેઠે જાણે છે અને હું એ વાતની ગવાહી આપું છું કે તેના સિવાય કોઈ ખુદા નથી અને હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તેણે મોકલેલા પયગમ્બર છે. અને આ ગવાહીમાં અંતર બાહ્યથી અને દિલ જબાનથી એક રાગ છે.

ખુદાની કસમ ! એ વસ્તુ જે હકીકત છે અને ખેલ તમાશો નથી, હક છે અને જૂઠ નથી, તે માત્ર મોત છે. જેના નિમંત્રકે પોતાની અવાજ બધાને સંભળાવી દીધી છે, અને જેનો હાંકનાર ઉતાવળ કરી રહ્યો છે, એટલે ખબરદાર, લોકોની બહુ સંખ્યા તમારા મનને ધોકામાં ન નાખે. તમે જોઈ

ચૂક્યા છો કે તમારી પહેલાવાળાઓએ માલ ભેગો કર્યો. ગરીબીથી ડરતા રહ્યા. પરિણામથી અજાણ રહ્યા. માત્ર લાંબી લાંબી આશાઓ અને મૌતના વિલંબના વિચારમાં રહ્યા. અને એક વાર મૌત આવી ગઈ અને તેણે તેઓને વતનથી બેવતન કરી દીધા. સુરક્ષિત સ્થળોમાંથી પકડી લીધા. અને તાબૂત પર ઉપડાવી લીધા. જ્યાં લોકો કાંધાઓ પર ઉપાડી રહ્યા છે. આંગળીઓનો સહારો આપી એક બીજાને હવાલે કરી રહ્યા છે. શું તમે એ લોકોને નથી જોયા જેઓ દૂર દૂરની આશાઓ રાખતા હતા અને મજબૂત મકાનો બનાવતા હતા અને અઢળક માલ ભેગો કરી રહ્યા હતા, કે કેવી રીતે તેઓના ઘરો કબ્રોમાં ફેરવાઈ ગયા, અને બધું કર્યું કરાવ્યું ધૂળ ધાણી થઈ ગયું.

હવે માલ તેના વારસદારો માટે છે અને સ્ત્રી બીજાઓને માટે, તેઓ ન નેકીમાં વધારો કરી શકે છે અને ન બુરાઈના અનુસંધાનમાં ખુદાનો રાજીપો મેળવવાનો સામાન કરી શકે છે. યાદ રાખો જેણે તકવાને આદત બનાવી લીધી, આગળ નિકળી ગયો. અને તેનો અમલ સફળ થઈ ગયો.

એટલે તકવાના મૌકાને પૂરતો સમજો અને જન્ન ત મેળવવા માટે તેના આમાલ બજાવી લ્યો. આ દુનિયા તમારા માટે રહેવાનું સ્થળ નથી. આ તો એક પસાર થવાનો રસ્તો છે કે અહીંથી સદાના ઘર માટે સામાન ભેગો કરી લ્યો. એટલે જલ્દી તૈયાર કરો અને સવારીઓને કૂચ માટે આગળ લઈ આવો.

* * * * *

# ૧૩૩ - અલ્લાહની મહાનતા અને કુરઆનની કીર્તિનો ઝિક્ર

## પરવરદિગાર:

દુનિયા અને આખેરત બંને એ પોતાની લગામ તેને જ સોંપી રાખી છે. અને જમીન તથા આકાશે પોતાની ચાવીઓ તેની સેવામાં ધરી દીધી છે. તેની બારગાહમાં સવાર-સાંજ તર અને તાજા વૃક્ષો સજદો કરી રહ્યા છે. અને પોતાની લાકડીઓથી ચમકદાર આગ નિકાળતા રહે છે અને તેના હુકમ પ્રમાણે પાકેલા ફળો રજૂ કરતા રહે છે.

## કુરઆને હકીમ:

ખુદાની કિતાબ નજર સમક્ષ ઉચ્ચ છે. આ એ વક્તા છે જેની જીભ થાકતી નથી. અને આ એ ઘર છે જેના સ્તંભો પડી ભાંગતા નથી. આ જ એ ઇઝઝત છે જેના સાથીઓ અને મદદગાર પરાજીત નથી થતા.

**હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ:**

અલ્લાહે આપને એ સમયે મોકલ્યા જયારે રસૂલોનું આવવું અટકી ગયું હતું. અને જીભો આપસમાં ટકરાઈ રહી હતી. આપના મારફત રસૂલોનો ક્રમ પૂરો કર્યો અને વહીનો ક્રમ થંભાવી દીધો. તો આપે પણ તેનાથી વિમુખ થનારાઓ અને તેનો બરાબરિયો (સમોવડિયો) ઠરાવનારાઓથી જામીને જેહાદ કર્યો.

**દુનિયા:**

આ દુનિયા આંધળાની અંતિમ દ્રષ્ટિ સીમા છે. જે તેનાથી આગળ કંઈ નથી જોઈ શકતો. જયારે કે અંતર ચક્ષુ ધરાવનારની દ્રષ્ટિ તેની પાર નિકળી જાય છે. અને તે જાણે છે કે નિયત સ્થાન તેનાથી અલગ છે. સમજદાર માણસ ત્યાંથી કૂચ કરનારો છે અને આંધળો તેની તરફ કૂચ કરનારો છે. દેખતો તેનાથી વાટખર્ચી ભેગી કરનારો છે અને આંધળો તેના માટે વાટખર્ચી ભેગી કરનારો છે.

## બોધ:

યાદ રાખો, કે દુનિયામાં જે પણ વસ્તુ છે તેનાથી તેનો માલિક ધરાઈ જાય છે અને કંટાળી જાય છે. જીવન સિવાય કોઈ શખ્સ મૌતમાં રાહત નથી અનુભવતો અને આ વાત એ બોધવચન જેવી છે જેમાં મુર્દા દિલોનું જીવન, આંધળી આંખોની રોશની, બહેરા કાનોનું શ્રવણ અને તરસ્યાની તૃપ્તિનો સામાન છે. અને એમાં જ બધુ ધન છે અને સંપૂર્ણ સલામતી છે.

આ ખુદાની કિતાબ છે. જેમાં તમારી દ્રષ્ટિ (સમજ) અને શ્રવણ (બોધ)નો બધો સામાન મૌજૂદ છે. તેમાંનો એક ભાગ બીજાની ચોખવટ કરે છે. અને એક બીજાની ગવાહી આપે છે. આ ખુદાના સંબંધમાં ભિન્નષતાનથી રાખતો અને પોતાના સાથીને ખુદાથી જુદો નથી કરતો. પણ તમોએ આપસમાં વેર અને ઇર્ષા પર એકો કરી લીધો છે. અને એ જ કચરા પર ઘાસ ઉગી નિકળ્યું છે. આશાઓના પ્યારમાં એક

બીજાથી એક રાગ છો અને માલ ભેગો કરવામાં એક બીજાના દુશ્મન છો. શયતાને તમને ભટક્તા કરી દીધા છે. અને ફરેબે તમને બહેકાવી દીધા છે. હવે અલ્લાહ જ મારા અને તમારા નફસોની સામે એક સહારો છે.

* * * * *

# ૧૩૪ - જયારે હ. ઉમરે રૂમની લડાઈમાં જાતે ભાગ લેવાનો ઇરાદો કર્યો

અલ્લાહે દીનવાળાઓ માટે આ ઝિમ્મેદારી લઈ લીધી છે કે તે તેઓની સીમાઓને પ્રબળ બનાવશે, અને તેમના રક્ષિત સ્થળોનું રક્ષણ કરશે અને જેણે તેઓની એ સમયે મદદ કરી જયારે તેઓ અલ્પ સંખ્યાના કારણે વેર લેવાને યોગ્ય પણ ન હતા અને પોતાના રક્ષણનો બંદોબસ્ત પણ કરી શકતા નહોતા તે અત્યારે પણ જીવંત છે અને તેના માટે મૌત નથી.

તમે જો પોતે દુશ્મન તરફ જાશો અને તેનો સામનો કરશો અને પરાજ્યમાં સપડાઈ ગયા તો મુસલમાનો માટે અંતિમ શહેર સિવાય કોઈ આશ્રય સ્થાન નહીં રહે અને તમારી પછી મયદાનમાં કોઈ કેન્દ્ર પણ નહીં રહે જેની તરફ તેઓ રજૂ કરી શકે એટલે ઉચિત એ છે કે કોઈ અનુભવી માણસને મોકલી દયો અને અને તેની સાથે સમજુ અને નિષ્ણાંતોની એક જમાત કરી દયો અને પછી જો ખુદાએ

વિજય અપાવી દીધો તો એ જ તમારો હેતુ છે અને જો એથી ઉલટું થયું તો તમે લોકોનો આધાર અને મુસલમાનોને માટે પાછા ફરવાનું કેન્દ્ર બની બાકી રહેશો.

* * * * *

# ૧૩૫ - જયારે મુગયરા ઇબ્ને અફનસે હ. ઉસ્માનની હિમાયતમાં બોલવા ચાહ્યું

અય કુલહીન, મલઊનના બેટા ! અને એ વૃક્ષના ફળ જેનું કોઈ ન મૂળ છે અને ન શાખ. તું મને પહોંચી વળશે? ખુદાની કસમ, જેનો તું મદદગાર થશે તેના માટે આબરૂ નથી અને જેને તું ઉઠાવશે તે ઊભો થવાને લાયક નહીં હોય. નિકળી જા, અલ્લાહ તારા સ્થાનને દૂર કરી દે, જા તારૂં કામ પુરૂં કરી લે. ખુદા તારા પર રહેમ નહીં કરે, જો તું મારા પર દયા પણ ખાય.

* * * * *

# ૧૩૬ - બયઅતના સંબંધમાં

મારા હાથો પર તમારી બયઅત કોઈ આકસ્મિક બનાવ નથી અને મારો અને તમારો મામલો એક જેવો નથી. હું તમને અલ્લાહની ખાતર ચાહું છું અને તમે મને પોતાના લાભ માટે ચાહો છો.

અય લોકો ! પોતાની મનોકામનાની સામે મારી મદદ કરો. ખુદાની કસમ, હું મઝલૂમને ઝાલિમથી તેનો હક અપાવીશ. અને ઝાલિમને તેની નાકમાં લગામ નાખી ખેંચીશ, જેથી તેને હકના ઝરણે લઈ આવું, ભલે તે ગમે તેટલો નારાજ કેમ ન થાય?

* * * * *

# ૧૩૭ - તલહા ઝુબેર અને પોતાની બયઅત વિશે

ખુદાની કસમ ! તે લોકોએ ન મારી કોઈ ખરી બુરાઈ પકડી છે અને ન મારી અને પોતાની વચ્ચે ન્યાયથી કામ લીધું છે, આ એક એવા હકની માંગણી કરી રહ્યા છે જેને ખુદ તેઓએ ત્યાગી દીધેલ છે, અને એવા ખૂનનો બદલો ચાહે છે જેને ખૂદ તેઓએ વહાવ્યું છે. જો હું આ મામલામાં ભેગો હતો, તો એક ભાગ તેઓનો પણ હશે. અને જો તેઓ એકલા જવાબદાર હતા તો માંગણી ખુદ તેઓથી થવી જોઈએ. અને સૌથી પ્રથમ તેઓએ પોતાની વિરૂદ્ધ ફેંસલો આપવો જોઈએ.

**અલહમ્દો લિલ્લાહ**:

મારી સાથે મારી અંતર દ્રષ્ટિ છે ન મેં પોતાને ધોકામાં રાખ્યો છે અને ન મને ધોકો આપી શકાયો છે. આ લોકો એક બાગી ટોળું છે, જેમાં મારા સગાઓ પણ છે અને વીંછીના ડંખ પણ છે. અને પછી હકીકતોને છુપાવનાર સંદેહ પણ છે, જો કે મસઅલો તદ્દન સાફ છે અને બાતિલ પોતાના

કેન્દ્રથી હટી ચૂક્યો છે. અને તેની જીભ શોરબકોરના સંબંધમાં કપાઈ ચૂકી છે.

ખુદાની કસમ, તેઓ માટે હું એક એવો હોજ છલકાવીશ જેનું પાણી કાઢનાર પણ હું જ હોઈશ. આ ન તો તેનાથી તૃપ્ત થઈને જઈ શકશે અને ન તેના પછી કોઈ તળાવમાંથી પાણી પીવાને લાયક રહી શકશે.

**બયઅતનો મામલો:**

તમે લોકો "કાલે" બયઅત બયઅતનો શોર મચાવતા એવી રીતે મારી પાસે આવ્યા હતા, જેવી રીતે નવી જણનારી ઊંટણી પોતાના બચ્ચા તરફ દોડે છે. મેં મારી મૂઠ્ઠી બંધ કરી લીધી પણ તમે ખોલી નાખી. મેં પોતાનો હાથ રોકી લીધો પણ તમે ખેંચી લીધો.

અય ખુદા ! તું ગવાહ રહેજે કે આ બંનેએ મારા સાથે સંબંધો તોડી મારા પર ઝુલ્મ કર્યો છે અને મારી બયઅત તોડી લોકોને મારી વિરૂદ્ધ ઉશ્કેર્યા છે. હવે તું તેઓની ગાંઠો ખોલી નાખ અને જે દોરી તેઓએ વણી છે તેમાં સ્થિરતા ન પેદા થવા દે. અને તેઓને તેઓની આશાઓ અને તેઓના

કરતૂતોના ખરાબમાં ખરાબ પરિણામો દેખાડી દે. મેં જંગની પહેલાં તેઓને ઘણું રોકવા ચાહ્યું અને જેહાદના રણમાં ઉતરવા પહેલા ઘણી મહેતલ આપી. પણ એ બંનેએ નેઅમતનો ઇન્કાર કરી દીધો. સલામતીને નકારી કાઢી.

* * * * *

# ૧૩૮ - ભવિષ્યના બનાવો તરફ ઇશારો

તે ખુદાનો બંદો ઇચ્છાઓને હિદાયતની તરફ વાળી દેશે, જયારે લોકો હિદાયતને ઇચ્છાઓ તરફ વાળી રહ્યા હશે. અને તે રાયને કુરઆન તરફ નમાવી દેશે, જયારે લોકો કુરઆનને રાયની તરફ નમાવી રહ્યા હશે.

**બીજો ભાગ:**

ત્યાં સુધી કે જંગ પોતાના પગ ઉપર ઊભી થઈ જશે, દાંતોને કાઢીને અને સ્તનોને ભરેલા કરીને. પરંતુ આ રીતે કે દુધ પીવામાં મીઠું લાગશે અને તેનું પરિણામ ઘણું ખરાબ હશે. યાદ રાખો કાલ અને કાલ જ ઘણું જલ્દી એ હાલતો લઈને આવવાવાળી છે, જેનું તમને અનુમાન નથી. આ જમાતની બહારનો વાલી બધા કારકૂનોની ખરાબ કારકરદગીનું પૂછાણું કરશે. અને જમીન જિગરના બધા ટૂકડાઓને બહાર કાઢી નાખશે. અને ઘણી આસાનીથી પોતાની ચાવીઓ તેને સોંપી દેશે. અને પછી તે તમને બતાવશે કે ન્યાયી ચારિત્ર્ય શું હોય છે? અને મરેલી કિતાબ અને સુન્નાતને કઈ રીતે સજીવન કરવામાં આવે છે.

## ત્રીજો ભાગ:

હું એ દ્રશ્ય જોઈ રહ્યો છું કે એક શખ્સ શામમાં લલકારી રહ્યો છે અને કૂફાની આસપાસ તેના પરચમ ફરકે છે. તે એની તરફ કાટનારી ઊંટણીની જેમ ધ્યાન દઈ રહ્યો છે અને જમીન પર માથાઓની પથારી પાથરી રહ્યો છે. તેનું મોં ખુલ્લું છે અને જમીન પર તેની ધમધમ સંભળાઈ રહી છે અને તે દૂર દૂર સુધી મસ્તી દેખાડવાવાળો છે, અને સખ્તમાં સખ્ત હુમલા કરનારો છે. ખુદાની કસમ! તે તમોને આસપાસની જમીનમાં એવા વિખેરી નાખશે કે માત્ર આંખમાં સુરમા બરાબર માણસો બાકી રહી જશે. અને પછી તમારો હશર આવો જ રહેશે. ત્યાં સુધી કે અરબોની ખોવાએલી બુધ્ધિ પાછી ફરે. એટલે હમણા તક છે. મજબૂત તરીકો, સ્પષ્ટ અસરો અને એ નિકટના કાળથી જોડાએલા રહો, જેમાં નબુવ્વતના અખંડ આસાર છે અને એ યાદ રાખો કે શયતાન પોતાના માર્ગોને સમતોલ રાખે છે જેથી તમે તેના પાદ ચિહ્નો (નકશે કદમ) પર બરાબર ચાલતા રહો.

* * * * *

# ૧૩૯ - શુરાના પ્રસંગે

( યાદ રાખો) મારી પહેલા હકની દાવત આપનાર, સિલે રહેમ (સગાઓથી ભલાઈ) કરનાર અને દાન પ્રદાનનું પ્રદર્શન કરનાર કોઈ નહીં હોય. એટલે મારી વાત પર કાન ધરો અને મારી વાતને સમજો કે ટૂંક સમયમાં જ તમે જોશો કે આ મસઅલા પર તલવારો ઊઠી રહી છે, બોલ વચનભંગ થઈ રહ્યા છે. અને તમારામાંથી કેટલાક ભટકનારાઓના આગેવાન બની રહ્યા છો અને કેટલાક જાહિલોના અનુયાયીઓ.

* * * * *

# ૧૪૦ - લોકોને ગીબતથી રોકતા ફરમાવ્યું

જુઓ, જે લોકો ગુનાહોથી બચેલા છે અને ખુદાએ તેઓ પર આ સલામતીનો ઉપકાર કર્યો છે, તેઓના માન મોભાને લાયક એ છે કે ગુનેહગારો અને ખતાકારો પર દયા કરે. અને પોતાની સલામતીનો આભાર માનવો જ તેમના પર છવાયો રહે. અને તેઓને આ હરકતોથી રોક્તો રહે. ઇન્સાન પોતે એબદાર હોય અને પોતાના ભાઈના એબ ઉઘાડા પાડે અને તેના એબના કારણે તેને ઠપકો આપે એ કેટલું ખરાબ છે? આ શખ્સ એ કેમ યાદ નથી કરતો કે પરવરદિગારે તેના જે એબોને છુપાવી રાખ્યા છે તે એના કરતાં ઘણા મોટા છે જેના પર તે ઠપકો આપી રહ્યો છે. અને એ એબ પર કઈ રીતે નિંદા કરે છે, જેને ખુદ પોતે આચરે છે. અને જો બરાબર એવા જ આચરણ નથી કરતો તો તે સિવાય બીજા ગુનાહો કરે છે જે તેના કરતા પણ મોટા છે. અને ખુદાની કસમ, જો તેના કરતા મોટા નથી તો નાના જરૂર છે અને એ સંજોગોમા બુરાઈ કરવી અને ઠપકો આપવાની હિમ્મત કરવી ગમે તેમ તેનાથી વધારે મોટું છે.

ખુદાના બંદા ! બીજાના એબો બતાવવામાં ઉતાવળ ન કર કદાચ ખુદાએ તેને માફ કરી દીધો હોય, અને પોતાની જાતને નાના ગુનાહ સંબંધમાં સલામત ન સમજ કે કદાચ ખુદા આના કારણે અઝાબ આપે. દરેક શખ્સને જોઈએ કે બીજાના એબો ઉઘાડવાથી પરહેઝ કરે કેમકે તેને પોતાના એબની પણ ખબર છે અને જો એબથી બચેલો છે તો તેનો શુક્ર અદા કરવામાં પ્રવૃત રહે.

* * * * *

# ૧૪૧ - ગીબત અને હક તથા બાતિલનો તફાવત

અય લોકો ! જે પણ શખ્સ પોતાના ભાઈના દીનની પાકટતા અને રીતભાત સારી હોવાનું જ્ઞાન ધરાવે છે તેણે તેના વિષયમાં બીજા કોઈની વાતો પર લક્ષ ન આપવું જોઈએ કેમકે ક્યારેક ક્યારેક ઇન્સાન તીરંદાજી કરતો હોય છે અને તેનું તીર ખતા ખાય જાય છે અને વાતો બનાવે. અને જુઠી વાત ગમે તેમ નાશ પામે છે. અને અલ્લાહ બધાને સાંભળનાર પણ છે અને ગવાહ પણ છે. યાદ રાખો કે હક અને બાતિલ વચ્ચે માત્ર ચાર આંગળાનું અંતર છે.

લોકોએ પૂછયું : હઝૂર, તેનો શો અર્થ છે ? તો આપે આંખ અને કાન વચ્ચે ચાર આંગળીઓ રાખી ફરમાવ્યું કે બાતિલ એ છે જે માત્ર સાંભળવામાં આવ્યું હોય છે. અને હક એ છે જે પોતાની આંખે જોએલું હોય છે.

* * * * *

# ૧૪૨ - કુપાત્રો સાથે ઉપકારનો વર્તાવ

યાદ રાખો! હક વગરના સાથે નેકી કરવાવાળા અને કુપાત્ર પર ઉપકાર કરનારાના ભાગમાં કમીના લોકોના વખાણ અને હલકટ લોકોની પ્રશંસા જ આવે છે અને તે જ્યાં સુધી મહેરબાની કરતો રહે છે, જાહિલો કહેતા રહે છે કે કેટલો ઉદાર અને દાનવીર છે, આ શખ્સ. જો કે અલ્લાહના સંબંધમાં આ જ શખ્સ કંજૂસ પણ હોય છે.

જુઓ ! અગર ખુદા કોઈને માલ આપે તો તેની ફરજ છે કે સગાવહાલાઓનું ધ્યાન રાખે. મહેમાનોની આગતા સ્વાગતા કરે, કેદીઓ અને કંગાળોને મૂક્તિ અપાવે. ફકીરો અને કરજદારોની મદદ કરે. પોતાના નફસને હક અદા કરવા અને સંકટો ઝીલવા તૈયાર કરે. કારણ કે તેમાં સવાબની આશા રાખી શકાય છે. અને એ બધી ખસલતો મેળવવામાં જ દુનિયાની સજ્જનતાઓ અને મોટાઈ છે. અને એનાથી જ આખેરતની વિશેષતા પણ મળે છે. ઇન્શાઅલ્લાહ.

* * * * *

# ૧૪૩ - વરસાદ માગવાના સંબંધમાં

યાદ રાખો કે જે જમીન તમારો ભાર ઉપાડી રહી છે અને જે આસમાન તમારા માથે છાંયો કરી રહ્યું છે, બંને તમારા પાલનહારના આજ્ઞાંકિત છે અને આ જે પોતાની બરકતો તમને અર્પણ કરી રહ્યા છે તો શું તેઓનું દિલ તમારી સ્થિતિ પર નથી પિડાતું! ન તો તેઓ તમારો સાંનિધ્ય (નજદીકપણું) ચાહે છે અને ન કોઈ ભલાઈની આશા રાખે છે. વાત માત્ર એટલી છે કે, તેઓને તમારી ભલાઈ વિશેનો હુકમ આપી દેવામાં આવ્યો છે. તો તેઓ પાલનહારની આજ્ઞાનું પાલન કરી રહ્યા છે અને તેઓને તમારી ભલાઈની સીમા પર ઊભા રાખી દેવામાં આવ્યા છે તો ઊભા છે.

યાદ રાખો કે અલ્લાહ બદઆમાલોના પ્રસંગે પોતાના બંદાઓને એવા સંકટોમાં જકડી લે છે કે ફળ ઓછા થઈ જાય છે. બરકતો અટકી જાય છે. નેકીઓના ખજાનાના મોં બંધ થઈ જાય છે. જેથી તૌબા કરવાવાળો તૌબા કરી લે અને રોકાઈ જનારા રોકાઈ જાય. નસીહત મેળવનાર નસીહત

ગ્રહણ કરી લે. અને ગુનાહોથી રોકાનારા રોકાઈ જાય. પરવરદિગારે માફી માગવાને રોઝીના ઉતરાણ અને લોકો પર રહેમત ઉતારવાનો માર્ગ ઠરાવી દીધો છે. તેનો અમૂલ્ય ઇરશાદ છે "તમારા પાલનહારથી માફી માગો કેમકે તે ઘણો વધારે માફ કરનારો છે. તે ઇસ્તેગફારના પરિણામે તમારા પર મૂશળધાર પાણી વરસાવશે. માલ અને અવલાદ મારફત તમારી મદદ કરશે. તમારા માટે બાગો અને નહેરો બનાવશે." અલ્લાહ એ બંદા પર રહેમ કરે છે જે તૌબા તરફ ધ્યાનમગ્ન થઈ જાય છે, ભૂલોની માફી માંગે છે અને મરવા પહેલા સુકર્મો કરી લે છે.

અય ખુદા ! અમે પરદાઓ પાછળથી અને ઘરોના ખૂણાઓમાંથી તારી તરફ નિકળી પડયા છીએ. અમારા બાળકો, જાનવર બધા ફરિયાદ કરીએ છીએ. અમે તારી રહેમતની આશા રાખીએ છીએ. તારી નેઅમતના ઉમ્મીદવાર છીએ. અને તારા અઝાબ અને કોપથી ભયભીત છીએ. અય ખુદા ! અમને રહેમતની વર્ષાથી તૃપ્ત કરી દે. અને અમને હતાશ બંદાઓમાં ન ગણજે. અને ન દુષ્કાળથી મારી નાખજે

અને ન અમારાથી એ કર્મોની પૂછા કરજે જે અમારા અબૂધોએ કર્યા છે. અય સૌથી વધારે રહેમ કરનાર !

અય ખુદા ! અમે તારી પાસે એ સંજોગોની ફરિયાદ કરવા આવ્યા છીએ, જે તારાથી છુપા નથી. અને એવે સમયે નિકળ્યા છીએ જયારે સખ્ત તંગીઓએ મજબૂર કરી દીધા છે. અને દુષ્કાળે અમને લાચાર કરી દીધા છે અને સખ્ત જરૂરતોએ અમને વિવશ કરી દીધા છે. અને દુષ્કળ (કઠીન) ફિત્નાઓએ ઉપરા ઉપર હુમલા કરી રાખ્યા છે.

ખુદાયા ! અમારી આજીજી - વિનંતી છે કે અમને નિરાશ પાછા ન ફેરવજે અને અમને અસફળ ન પલટાવજે. અમારાથી અમારા ગુનાહોનું ન પૂછજે. અને અમારા કર્મોના જવાબ ન માગજે, બલ્કે અમારા પર તારી રહેમતની વર્ષા, તારી બરકતો, તારી રોઝી અને મહેરબાનીનો પાલવ પ્રસારી દે. અને અમને એવા તૃપ્ત કરી દે કે જે તરસ બુઝાવી દેનારી, ધરવી દેનારી, હરિયાળી ઉગાડનારી હોય, જેથી જે ખેતરો મરી પરવાર્યા છે ફરી તાજા થઈ જાય અને જે જમીન

મૃતપાય થઈ ગઈ છે ફરી સજીવન થઈ જાય. આ તૃપ્તિ લાભદાયક અને અસંખ્ય ફળદ્રુપ હોય, જેનાથી સમતોલ જમીનો ઘેરાઈ જાય અને ખીણો વહેવા લાગે. વૃક્ષોમાં પાંદડાં નિકળી આવે અને બજારના ભાવો નીચે આવી જાય. તું દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે.

* * * * *

# ૧૪૪ - નબીઓની બેઅસતનો ઉલ્લેખ

પાલનહારે મહાન રસૂલોને વિશેષ વહીથી ન્યાલ કરી મોકલ્યા છે. અને તેઓને પોતાના બંદાઓ પર પોતાની હુજ્જત બનાવી દીધા છે. જેથી બંદાઓને એ કહેવા પણું ન રહે કે તેઓની ઉણપનો ખાત્મો નથી કરવામાં આવ્યો. પરવરદિગારે તે લોકોને એ જ સત્ય જબાનના મારફત સત્ય માર્ગનું આમંત્રણ આપ્યું છે. તેને મખ્લૂકનો હાલ સંપૂર્ણ રીતે ખબર છે. તે ન તો તેઓના ગુપ્ત ભેદોથી અજાણ છે. અને ન છુપી વાતોથી બેખબર છે. જે તેઓના દિલોમાં છુપાએલી છે. તે પોતાના હુકમો મારફત ઇમ્તેહાન લેવા માંગે છે કે સુકર્મોના હિસાબે કોણ સૌથી વધારે સારો છે, જેથી બદલામાં સવાબ અર્પણ કરે. અને શિક્ષામાં અઝાબમાં નાખે.

## એહલેબૈત અલય્હેમુસ્સલામ:

ક્યાં છે એ લોકો જેઓનો ખ્યાલ છે કે અમારા બદલે તેઓ જ રાસેખૂન ફિલ ઇલ્મ (વિદ્યામાં નિપુણ) છે. અને આ ખ્યાલ માત્ર જૂઠ અને અમારી વિરૂદ્ધ બગાવતથી ઉત્પન્નાણ

થયો છે. કેમકે ખુદાએ અમને ઉન્ન ત (માનવંતા) કર્યા છે અને તેમને પસ્ત રાખ્યા છે. અમને મોઅજિઝા અર્પણ કર્યા છે અને તેઓને વંચિત રાખ્યા છે. અમને પોતાની રહેમતમાં દાખલ કરી દીધા છે, અને તેઓને બહાર રાખ્યા છે. અમારા મારફત જ હિદાયત મેળવી શકાય છે અને અંધકારમાં પ્રકાશ મેળવી શકાય છે. યાદ રાખો કુરેશના બધા ઇમામ હાશિમના આ ખાનદાનમાં જ બનાવવામાં આવ્યા છે અને આ ઇમામત તેઓ સિવાય કોઈને શોભતી પણ નથી. અને ન તેઓની બહાર તેને લાયક કોઈ હોઈ શકે છે.

## ગુમરાહ લોકો:

તે લોકોએ હાજર ( આજની) દુનિયાને અપનાવી લીધી છે અને મોડેથી આવનાર આખેરતને પાછળ હટાવી દીધી છે. સ્વચ્છ પાણીનો અનાદર કરી દીધો છે અને ગંદુ પાણી પી લીધું છે. જાણે કે હું તેઓના ગુનેહગારને જોઈ રહ્યો છું જે મુનકેરાત ( નિષેધો)નો હેવાયો ( માનુસ) છે અને દૂરાચારથી એક રંગ થઈ ગયો છે. ત્યાં સુધી કે આજ વાતાવરણમાં તેના માથાના વાળ સફેદ થઈ ગયા છે. અને

આ જ રંગમાં તેની આદતો રંગાઈ ગઈ છે ત્યાર પછી એ પૂરની જેમ ઊભો થયો છે જેને એ વાતની ફિકર નથી કે કોને ડુબાડી દીધો છે અને ભૂસાની એક આગ છે તેને એ પરવા નથી કે શું બાળી નાખ્યું છે.

ક્યાં છે એ અકલો, જે હિદાયતના ચિરાગથી પ્રકાશ મેળવનારી છે ? અને ક્યાં છે એ દ્રષ્ટિઓ જે તકવાના મિનારાની તરફ નજર કરવાવાળી છે ? ક્યાં છે એ દિલ જે અલ્લાહના માટે આપવામાં આવ્યા છે અને ખુદાની ઇતાઅત પર જામી ગયા છે ? લોકો તો દુનિયાના માલ પર તૂટી પડયા છે. અને હરામ પર કાયદેસર ઝઘડી રહ્યા છે અને જયારે જન્નેત અને જહન્નદમના પરચમ ઊંચા કરી દેવામાં આવ્યા, તો જન્નોત તરફથી મોં ફેરવી લીધું અને પોતાના આમાલ સાથે જહન્નોમ તરફ ધ્યાન રાખી બેઠા. તેઓના પરવરદિગારે તેમને બોલાવ્યા, તો મોં ફેરવી ભાગી નિકળ્યા અને શયતાને દાવત આપી તો જી હજૂર કહેતા કહેતા આવી ગયા.

* * * * *

# ૧૪૫ - દુનિયાના વિનાશ સંબંધે

લોકો ! તમે એ દુનિયામાં જીવી રહ્યા છો જ્યાં મૃત્યુના તીરોનું નિરંતર લક્ષ્ય છો. અહીં દરેક ઘૂંટડામાં ડચૂરો (રૂંધામણ) છે અને દરેક કોળિયામાં ગળા ફાંસો છે. અહીં કોઈ નેઅમત ત્યાં સુધી નથી મળતી જ્યાં સુધી બીજા હાથે નિકળી ન જાય. અને અહીંના જીવનમાં એક દિવસનો પણ વધારો નથી થતો જ્યાં સુધી કે એક દિવસ ઓછો ન થઈ જાય. અહીંના ખાવામાં વધારો પણ પહેલા રોઝી ખતમ થઈ જવા પછી હાથ લાગે છે. અને કોઈ અસર પણ પહેલી નિશાની મિટાઈ જવા પછી જ ઊભરે છે. દરેક નવીનતા માટે એક નવીનને પૂરાણું બનવું પડે છે. અને દરેક ઘાસને ઉગાડવા માટે એક ખેતરને ખેડવું પડે છે. પુરાણા વડિલો જે આપણી અસલ હતા ગુજરી ગયા, હવે આપણે તેની શાખો છીએ અને દેખીતી વાત છે કે મૂળના ચાલ્યા જવા પછી ડાળનું જીવન શું રહે છે?

## બિદઅતની નિંદા:

કોઈ બિદઅત ( ધર્મમાં નવો ચીલો) ત્યાં સુધી ઉત્પન્નહ નથી થતી જ્યાં સુધી કોઈ સુન્નપત મરી ન જાય. એટલે બિદઅતોથી ડરો અને સીધા માર્ગ પર સ્થિર રહો. સધ્ધર મામલાઓ જ સારા હોય છે અને દીનમાં નવા રસ્મો ઊભા કરવા જ ખરાબમાં ખરાબ વસ્તુ હોય છે.

* * * * *

# ૧૪૬ - જયારે હ. ઉમરે ઈરાનની લડાઈમાં ભાગ લેવા મશ્વેરો કર્યો.

યાદ રાખો ! ઇસ્લામની સફળતા અને નિષ્ફળતાનો આધાર અલ્પ કે બહુ સંખ્યા પર નથી, બલ્કે આ દીન ખુદાનો દીન છે જેને તેણે સર્વોપરી બનાવ્યો છે. અને આ તેનું લશ્કર છે જેને તેણે તૈયાર કર્યું છે અને તેણે જ તેની મદદ કરી છે. ત્યાં સુધી કે એ સ્થાન સુધી પહોંચી ગયો છે અને આટલો વિસ્તરી ચૂક્યો છે. આપણે પરવરદિગારથી એક વચનબધ્ધ છીએ અને તે પોતાનો વાયદો પૂરો કરનાર છે અને પોતાના લશ્કરની ગમે તેમ મદદ કરશે.

દેશમાં રખેવાળનું સ્થાન મોહરાઓને એકત્રીત રાખનાર દોરી જેવી હોય છે કે તે જ બધાને સાંકળી રાખે છે. અને જો તે તૂટી જાય તો પૂરી સાંકળ વિખેરાઈ જાય છે. અને પછી કદી ભેગા નથી થઈ શકતા. આજ અરબ જો કે અલ્પ છે, પણ ઇસ્લામના આધારે બહુ છે. અને પોતાના સંપ અને એક્તાના કારણે સર્વોપરી રહેનાર છે. એટલે આપ કેન્દ્રમાં રહો અને તેઓની ચક્કીને તેઓ જ મારફત ચલાવો અને જંગની

આગનો સામનો તેઓને જ કરવા દયો. આપ તકલીફ ન ઉઠાવો કેમકે જો તમે આ મુખ્ય ભુમી છોડી દીધી તો અરબ ચારે તરફ તુટી પડશે અને બધા એવી રીતે જંગમાં ભળી જશે કે જે સુરક્ષિત સ્થાનો આપ છોડી ગયા છો તેનો પ્રશ્ન જંગ કરતા વધારે અગત્યનો બની જશે.

તે અજમીઓએ આપને મયદાને જંગમાં જોઈ લીધાં તો કહેશે અરબોનો પ્રાણ આ જ છે આ મૂળને કાપી નાખો તો સદા માટે રાહત મળી જશે, અને આમ તેનું આક્રમણ સખ્ત થઈ જશે અને તેઓ આપથી વધારે લાલચ કરશે.

અને આ જે આપે કહ્યું કે લોકો મુસલમાનોથી લડવા આવી રહ્યા છે તો આ વાત ખુદાને વધારે અણગમતી છે અને તે જે વસ્તુને અણગમતી સમજે છે, અને તેનું વળતર વાળવા પર વધારે શક્તિમાન છે.

અને આ જે આપે દુશ્મનની સંખ્યાનો ઉલ્લેખ કર્યો છે તો યાદ રાખો, આપણે ભૂતકાળમાં પણ બહુ સંખ્યા હોવાના કારણે જંગ નહોતા કરતા બલ્કે પરવરદિગારની સહાય અને મદદના આધારે જંગ કરતા હતા.

* * * * *

# ૧૪૭ - પયગમ્બરોની નિયુક્તિની ગરજ અને ઉદ્દેશ

પરવરદિગારે આલમે હઝરત મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને હકની સાથે મોકલ્યા, જેથી આપ લોકોને મૂર્તિ પુજામાંથી કાઢી ખુદાની ઇબાદત તરફ વાળે, અને શયતાનના અનુસરણમાંથી કાઢી રહેમાનની ફરમાંબરદારી કરાવે. આ કુરઆન મારફત જેણે તેને સ્પષ્ટ અને નિ:સંદેહ બનાવ્યું છે, જેથી બંદાઓ ખુદાને ન જાણતા હોય તો જાણી લે. તેનો ઇન્કાર કરતા હોય તો ઇકરાર કરી લે. અને હઠધર્મી પછી તેને માની લે. પરવરદિગાર પોતાની સંપૂર્ણ શક્તિની નિશાનીઓ દ્વારા અદીઠ હોવા છતાં આશકાર (રોશન) છે. અને પોતાના પ્રભાવ દ્વારા તેઓને ભયભિત બનાવી રહ્યો છે કે કેવી રીતે આપત્તિઓ દ્વારા તેને લાયકને તબાહ અને બરબાદ કરી દીધા છે અને અઝાબ દ્વારા તેઓનો સત્યનાશ કર્યો છે.

યાદ રાખો, મારા પછી તમારી સામે એ જમાનો આવવાવાળો છે જેમાં કોઈ વસ્તુ હકથી વધારે છુપી અને

બાતિલથી વધારે આશકાર (રોશન) નહીં હોય. સૌથી વધારે રીવાજ ખુદા અને રસૂલ પર જૂઠ બાંધવાનો હશે અને એ જમાનાવાળાઓ સમક્ષ ખુદાની કિતાબ સિવાય વધારે મૂલ્યહીન કોઈ મતા (ચીજ) નહીં હોય, જો તેની ખરેખર તિલાવત કરવામાં આવે, તેનાથી વધારે લાભદાયક કોઈ જણસ (ચીજ) નહીં હોય, જો તેના ભાવાર્થો તેની જગ્યાએથી હટાવી દેવામાં આવે, શહેરોમાં નિષેધો (મુન્કર)થી વધારે કોઈ કરવા લાયક ( મઅરૂફ) નહીં હોય અને મઅરૂફથી વધારે મુન્કર કોઈ નહીં હોય.

કિતાબ ઉઠાવનારાઓ કિતાબને છોડી દેશે અને કુરઆનના હાફિઝો કુરઆન ભૂલી જાશે. કિતાબ અને તેના ખરા હકદારને શહેરમાંથી કાઢી મૂક્વામાં આવશે અને બંને એક જ રસ્તા પર એ રીતે ચાલશે કે કોઈ આશરો આપનાર નહીં હોય. કિતાબ અને કિતાબવાળાઓ એ કાળમાં લોકોની વચ્ચે રહેશે પરંતુ ખરેખર નહીં હોય. તેઓની સાથે રહેશે પરંતુ હકીકતમાં અલગ રહેશે. એટલા માટે કે ગુમરાહી હિદાયતની સાથે નથી ચાલી શકતી, ભલે એક જ સ્થળે

રહેતા હોય. લોકોએ કુસંપ પર એકો કરી લીધો છે અને એકતા પર ભિન્નથ થઈ ગયા છે. જાણે તેઓ જ કુરઆનના આગેવાન છે. અને કુરઆન તેઓનો આગેવાન નથી. હવે તેઓ પાસે કુરઆન તો નામનું જ રહી ગયું છે. અને તેઓ માત્ર આ કુરઆનનું લખાણ અને શબ્દોને જ જાણે છે અને બસ. આ પહેલાં પણ તેઓ નેક લોકોને ઘણા દુ:ખ દઈ ચૂક્યા છે. અને તેમની સચ્ચાઈને જૂઠનું નામ આપી ચૂક્યા છે. અને તેઓને નેકીઓ પર બુરાઈઓની સજા આપી ચૂક્યા છે.

તમારી પહેલાના લોકો માત્ર એટલા માટે હલાક થઈ ગયા કેમકે તેઓની આકાંક્ષાઓ લાંબી હતી. અને મૌત તેઓની દ્રષ્ટિથી ઓજલ હતી. ત્યાં સુધી કે એ મૌત આવી ગઈ, જે પછી ક્ષમા યાચના પાછી કરી દેવામાં આવે છે અને તૌબાની તક ઉપાડી લેવામાં આવે છે. અને સંકટો અને અઝાબ ઉતરે છે.

અય લોકો ! જે પરવરદિગારથી ખરેખર બોધ લેવા માગે છે તેને સદબુધ્ધિ નસીબ થઈ જાય છે અને જે તેના કથનને ખરેખર માર્ગદર્શક બનાવવા ચાહે છે તેઓને સીધા

માર્ગની હિદાયત મળી જાય છે. એટલા માટે કે પરવરદિગારનો પાડોશી સદા અમન અને અમાનમાં રહે છે. અને તેનો દુશ્મન સદા ભયભીત રહે છે. યાદ રાખો ! જેણે ખુદાની મહાનતાને ઓળખી લીધી છે તેને વડાઈ (મોટાઈ) શોભતી નથી. કેમકે આવા લોકોની ઉન્નનતિ અને મહાનતા વિનય અને વિનમ્રતા જ છે અને તેની કુદરતને ઓળખવાવાળાઓની સલામતી તેની સામે મસ્તક નમાવી દેવામાં જ છે.

ખબરદાર, હકથી એવી રીતે ન ભાગો જેવી રીતે રૂષ્ટ પુષ્ટ ખુજલીવાળાથી અથવા તંદુરસ્ત બીમારથી ભાગે છે. યાદ રાખો, તમે હિદાયતને ત્યાં સુધી નથી ઓળખી શકતા જ્યાં સુધી તેને છોડવાવાળાને ન ઓળખી લ્યો. અને ખુદાની કિતાબના વચન પ્રતિજ્ઞાને ત્યાં સુધી નથી અપનાવી શકતા જ્યાં સુધી તેને તોડવાવાળાને ન ઓળખી લ્યો. અને તેનાથી સંબંધ ત્યાં સુધી શકય નથી જ્યાં સુધી તેને તરછોડનારને ન ઓળખી લ્યો. હકને તેના હકદાર પાસે શોધો કે આ જ લોકો ઇલ્મનું જીવન અને અજ્ઞાનતાનું મૌત છે. આ

જ લોકો એ છે જેનો હુકમ તેઓના ઇલ્મનો અને તેઓની ખામોશી તેઓના વકતવ્યનો અને તેઓનું જાહેર તેઓના અંતરનો પત્તો આપે છે. આ લોકો દીનની વિરૂદ્ધતા નથી કરતા અને ન તેના બારામાં પરસ્પર વિરૂદ્ધતા કરે છે. દીન તેઓની વચ્ચે શ્રેષ્ઠ સાક્ષી અને શાંત બોલનારો છે.

* * * * *

# ૧૪૮ - તલહા અને ઝુબેર સંબંધી

આ બંને ખિલાફતની ગાદી માટે પોતે જ ઉમેદવાર છે. અને તેને પોતાની જ તરફ વાળવા માંગે છે. તેઓનો અલ્લાહના કોઈ વસીલાથી નાતો અને કોઈ સાધનથી સંબંધ નથી. દરેક બીજાના માટે કપટ રાખે છે. અને ટૂંક સમયમાં જ તેઓ ઉઘાડા પડી જશે. ખુદાની કસમ ! જો તેઓએ પોતાનો હેતુ સિધ્ધ કરી લીધો તો એક બીજાની જાન લઈને છોડશે. અને તેની ઝિંદગીનો અંત આણી દેશે. જુઓ બંડખોર ટોળું ઊભું થયું છે તો ખુદાના માર્ગમાં કામ કરનારાઓ ક્યાં ચાલ્યા ગયા? જયારે કે તેઓના માટે રસ્તા નક્કી કરી દેવામાં આવ્યા છે અને તેની ખબર તેઓને આપી દેવામાં આવી છે. હું જાણું છું કે દરેક ગુમરાહીનું એક કારણ હોય છે અને દરેક વચન ભંગ કરનાર એક બહાનું ગોતી લે છે, પરંતુ હું એ શખ્સના જેવો નથી થઈ શકતો જે માતમની અવાજ સાંભળે છે, મૌતની સદા કાનો સુધી આવે છે લોકોની રોક્કળ જોતો હોય છે છતા બોધ નથી લેતો.

* * * * *

# ૧૪૯ - પોતાની શહાદત પહેલા ઉપદેશ

લોકો ! જે પણ શખ્સ જે સમયથી ભાગી રહ્યો છે, તેનાથી ગમે તેમ મળવાવાળો છે અને મૌત જ દરેક જીવનું છેવટ છે, અને તેનાથી ભાગવું જ તેને જઈ ભેટવું છે. એક સમય વીતી ગયો કે હું તેની શોધ ખોળમાં છું પણ પાલનહાર મૌતના રહસ્યને સંતાડી રાખવા માગે છે, આ એક ઇલ્મ છે જે કુદરતના ખઝાનામાં સલામત છે. અલબત્તા મારી ભલામણ એ છે કે, કોઈને અલ્લાહનો ભાગીદાર ન બનાવો, અને પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની સુન્નહતને એળે ન જવા દયો, કેમકે આ બંને દીનના સ્તંભો છે. એને જ સ્થાપિત કરો અને એ બંને ચિરાગોને રોશન રાખો. ત્યાર પછી જો તમો વિખરાશો નહીં તો તમારા પર તેની જવાબદારી નથી. દરેક શખ્સને પોતાની શક્તિભર બોજનો જવાબદાર બનાવવામાં આવ્યો છે. અને જાહિલોનો બોજ હળવો રાખવામાં આવ્યો છે. કેમકે પરવરદિગાર દયાળુ અને કૃપાળુ છે. અને દીન સધ્ધર છે. અને રાહનુમા પણ જ્ઞાની અને સમજદાર છે. હું કાલે તમારી સાથે હતો અને આજે

તમારા માટે બોધ લેવા લાયક છું. અને કાલે વિદાય થઈ જઈશ. અલ્લાહ તમને અને મને બંનેને માફ કરી દે.

જુઓ ! આ ઠોકરના સમયે સંભળી ગયા તો શું કહેવું નહીંતર જો કદમ લપસી ગયા તો યાદ રાખજો, આપણે પણ આ જ ડાળીઓની છાંયમાં, આ જ હવાઓના માર્ગમાં, અને આજ વાદળોની છાંયામાં હતા. પરંતુ આ વાદળોના ટૂકડા હવામાં વિખેરાઈ ગયા. અને એ હવાઓના નિશાનો જમીનમાંથી ભુંસાઈ ગયા.

હું કાલે તમારા પાડોશમાં રહ્યો. મારો દેહ એક સમય સુધી તમારી વચ્ચે રહ્યો. અને ટૂંકમાં જ તમે તેને આત્મા વગરના ખોળિયામાં જોશો. જે ગતિ પછી શાંત થઈ જશે. અને વાચા પછી અવાચક થઈ જશે. હવે તો તમારે આ ખામોશી, આ ચૂપકીદી, અને આ શાંતિથી બોધ લેવો જોઈએ. કેમકે આ બોધ લેનારઓ માટે શ્રેષ્ઠ વક્તા અને સાંભળવા લાયક બયાનો કરતા વધારે સારો શિખામણ આપનાર છે. મારૂં તમારાથી છુટા પડવું એવા શખ્સનું છુટા પડવું છે, જે મુલાકાતની વાટ જોઈ રહ્યો છે. કાલે તમે મારા યુગને

ઓળખશો અને તમારા પર મારા ભેદો ખુલ્લા થશે અને તમને મારો સાચો પરિચય થશે. જયારે મારી જગ્યા ખાલી થઈ જશે અને બીજા લોકો આ સ્થાન પર કબ્જો જમાવશે.

* * * * *

# ૧૫૦ - સમયની ક્રાંતિઓ અને ગુમરાહોના ટોળાનો ઝિક્ર

એ લોકોએ ગુમરાહીના પંથો પર ચાલવા અને હિદાયતના રસ્તાઓ છોડવા માટે ડાબા જમણા માર્ગો અપનાવી લીધા છે. પણ તમો આ બાબતમાં ઉતાવળ ન કરો. જે કોઈ પણ કાળે થવાનું છે. અને જે રાહ જોવામાં આવે છે, તેને છેટે ન સમજો જે કાલે સામે આવનાર છે. કેમકે ગમે તે ઉતાવળના રસિયા જયારે હેતુ સિધ્ધ થઈ જાય છે, તો વિચારે છે કે કાશ આને ન મેળવતે. આજનો દિવસ કાલની સવારથી કેટલો નિકટ છે

લોકો ! આ દરેક વાયદો પૂરો થવાના અને દરેક એ વસ્તુના જાહેર થવાની નજીકનો સમય છે, જેને તમે નથી જાણતા. એટલે જે પણ શખ્સ આ પરિસ્થિતિ સુધી બાકી રહી જાય તેની ફરજ છે કે, રોશન ચિરાગ દ્વારા આગળ ધપે. અને નેક લોકોની પાછળ ચાલે, જેથી દરેક ગાંઠ ઉખેડી શકે, અને દરેક ગુલામીથી આઝાદી મેળવી શકે. દરેક સભાને જરૂરતના

સમયે વિસર્જિત કરી શકે અને દરેક અસ્તવ્યસ્તને વ્યવસ્થિત કરી શકે. અને લોકોથી એવી રીતે છુપો રહે કે પગપારખું પણ તેના પગલાંને દ્રષ્ટિની સીમા સુધી ન પામી શકે. ત્યાર પછી એક કોમને એવી રીતે તેજ કરવામાં આવશે જેવી રીતે લુહાર તલવારની ધારને તેજ કરે છે. તેઓની આંખોને કુરઆનની મારફત રોશન કરવામાં આવશે અને તેઓના કાનોમાં તફસીરને નિરંતર પહોંચાડવામાં આવશે અને તેઓને સવાર સાંજ હિકમતના જામોથી તૃપ્ત કરવામાં આવશે.

એ ગુમરાહોને મોહલત આપવામાં આવી કે પોતાની અધોગતિને સંપૂર્ણ કરી લે અને દરેક ફેરફારના હકદાર થઈ જાય, ત્યાં સુધી કે જયારે ઘણો સમય વીતી ચૂક્યો અને એક કોમ ફિત્નાઓથી ટેવાઈ ગઈ અને જંગના બી વાવવા ઊભી થઈ ગઈ. તો એ લોકો પણ સામે આવી ગયા જેઓ અલ્લાહ પર પોતાની ધીરજનો ઉપકાર નથી જતાવતા અને ખુદાના પંથે જાન દેવાને કોઈ કારનામું નથી સમજતા ત્યાં સુધી કે આવવાવાળા કઝાના હુકમે કસોટીની મુદ્દત પૂરી કરી દીધી.

તો તેઓએ પોતાની સમજબુધ્ધિને પોતાની તલવારો પર સવાર કરી દીધી. અને તેમને નસીહત કરનારાના હુકમથી પાલનહારના દરબારમાં ઝૂકી ગયા. પણ ત્યાર પછી જયારે પરવદિગારે પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને પોતાની પાસે બોલાવી દીધા, તો પાછલે પગે ફરી ગયા, અને તેને વિવિધ માર્ગોએ બરબાદ કરી નાખ્યા. તેઓએ વ્યર્થ આસ્થાઓનો આધાર લીધો અને ( પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના) સગાઓ નહોતા તેઓથી સંબંધો જોડયા અને એ કારણને તજી દીધું જેનાથી મોહબ્બત કરવાનો હુકમ અપાયો હતો. ઇમારતને મૂળમાંથી ઉખેડી બીજી જગ્યાએ ખોડી દીધી. જે દરેકની ભૂલની ખાણ અને ખજાનો દરેક ગુમરાહીના દરવાજા હતા. આશ્ચર્યમાં ડૂબેલા અને આલે ફિરઓનની જેમ નશામાં ચૂર હતા. તેઓમાંથી કોઈ દુનિયાની તરફ સંપૂર્ણ આવી ગયો હતો અને કોઈ દીનથી સંપૂર્ણ રીતે અલગ થઈ ગયો હતો.

* * * * *

# ૧૫૧ - ફિત્નાઓથી લોકોને ડરાવવામાં આવ્યા છે.

હું ખુદાની હમ્દો સના કરૂં છું, અને તેની મદદ માંગું છું એ વસ્તુઓ માટે જે શયતાનોને ભગાડી શકે, નસાડી શકે. અને તેની જાળ અને પ્રપંચોથી રક્ષિત રાખી શકે. અને હું એ વાતની ગવાહી આપું છું કે તેના સિવાય કોઈ ખુદા નથી અને હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તેના બંદા અને રસુલ છે. તેના ચૂંટેલા અને વરણી કરેલા છે. તેના ઉપકારની કોઈ સરખામણી નથી કરી શકતું. અને તેમની ખોટ (ન હોવું) પૂરી શકાય તેમ નથી, તેમના કારણે બધા શહેરો અજ્ઞાનતાના અંધકારો, જહાલતના વર્ચસ્વ, અને કુચારિત્ર્ય અને કુસ્વભાવની અવધિ પછી જયારે લોકો હરામને હલાલ બનાવી બેઠા હતા. અને હિકમતવાળા બુધ્ધિશાળીઓને હડધૂત સમજી રહ્યા હતા. રસૂલ વગરના સમયમાં જીવન વીતાવી રહ્યા હતા અને કુફ્રની હાલતમાં મરી રહ્યા હતા, મુનવ્વર અને રોશન થઈ ગયા.

## ફિત્નાઓથી આગમચેતી:

તેની પછી તમો અય અરબના ટોળા! એ બલાઓના લક્ષ્ય પર છો જે નજદીક આવી ચૂકી છે, એટલે તમે નેઅમતોના મદથી બચો અને નાશ કરનારા અઝાબથી હોશિયાર રહો. અંધારાના ધૂંધળકામાં પગો જમાવી રાખો અને ફિત્નાઓની અવળચંડાઈથી સચેત રહો. જયારે તેઓનો છુપો ભય સામે આવી રહ્યો છે અને ખૂંટા મજબૂત થઈ રહ્યા છે. આ ફિત્ના શરૂમાં છુપા માર્ગોથી શરૂ થાય છે અને અંતમાં સ્પષ્ટ સંકટો સુધી પહોંચી જાય છે. તેનો આરંભ બાળકોના આરંભ જેવો હોય છે, પરંતુ તેની અસરો કૂંચના (પથ્થરના) નકશ જેવી હોય છે. દુનિયાના ઝાલિમ આપસના બોલવચન દ્વારા તેના વારસ બને છે. પ્રથમ બીજાનો આગેવાન હોય છે. અને બીજો પહેલાનો અનુયાયી. તુચ્છ દુનિયા ખાતર એક બીજાની હરિફાઈ કરે છે. અને ગંધાતા મુડદા પર આપસમાં લડાઈ લડે છે.

જયારે કે ટૂંકમાં જ મુરીદ પોતાના પીરથી અને પીર પોતાના મુરીદથી જાન છોડાવશે અને કીના કપટ સાથે એક

બીજાથી અલગ થઈ જશે. અને મળવા સમયે એક બીજા પર લાનત (ધિક્કાર) કરશે. ત્યાર પછી એ સમય આવશે, જયારે ધરતીને ધ્રુજાવી દેનારા ફિત્ના માથું ઊંચકશે જે કમર ભાંગનારો હશે અને અત્યંત આક્રમણકારી હશે. જેના પરિણામે ઘણા દિલો સ્થિરતા પછી વક્રતાના શિકાર થઈ જશે. અને ઘણા લોકો સલામતી પછી બહેકી જશે. તેના તૂટવા ટાણે ઇચ્છાઓ ટકરાશે અને તેના જાહેર થવા સમયે વિચારો સંદેહ યુક્ત થઈ જશે. જે ત્યાં માથું ઊંચકશે તેની કમર ભાંગી નાખશે અને જે તેમાં દોડભાગ કરશે તેને તબાહ કરી નાખશે. લોકો એવી રીતે એક બીજાને કાટવા દોડશે જેવી રીતે મેંઢાઓમાં (ઘેટાંઓમાં) ગધેડો. ખુદાની રસ્સીના વળ ઉખડી જશે અને સચ્ચાઈના માર્ગો સંદેહ યુક્ત થઈ જશે. ડહાપણનું ઝરણું સુકાઈ જશે અને ઝાલિમ બોલવા લાગશે. ગામડિયાઓને હથોડાઓથી ટીપી નાખવામાં આવશે. અને તેને છાતીથી દબાવી કચડી નાખવામાં આવશે. એકલા લોકો તેની વંટોળમાં ગુમ થઈ જશે. અને તેના માર્ગમાં સવાર હલાક થઈ જશે. આ ફિત્નાઓ મૌતના કડવા ઘૂંટો સાથે

આવશે અને દૂધના બદલે તાજુ ખૂન નિકાળશે. દીનના મિનારાઓ (આલિમો) હલાક થઈ જશે અને યકીનની ગાંઠો તૂટી જશે. સમજદાર લોકો તેનાથી ભાગવા માંડશે અને ખરાબ મનના લોકો રાજ કારભારી બની જશે. આ ફિત્ના ગર્જનારા, ચમકનારા અને નખશીખ તૈયાર હશે. તેમાં સગા વહાલાંઓથી સંબંધો તોડી નાખવામાં આવશે અને ઇસ્લામથી જુદાઈ અખ્તયાર કરવામાં આવશે. તેનાથી અલગ રહેનારા પણ બીમાર હશે અને કૂચ કરી જનારા પણ જાણે સ્થાયી હશે.

ઈમાનવાળાઓમાં કેટલાક એવા કતલ થએલા હશે જેનો ખૂંબહા (બદલો) પણ નહીં લઈ શકાય, અને કેટલાક એવા ડરેલા હશે કે આશરો ઢૂંઢતા હશે. તેઓને પાકી કસમો અને ફરેબોમાં જકડી લેવામાં આવશે. એટલે ખબરદાર તમે ફિત્નાઓનું લક્ષ્ય અને બિદઅતોનું ચિહ્ન ન બનતા અને એ જ પંથને પકડી રાખજો જેના પર ઈમાનદાર જમાઅત કાયમ છે. અને જેના પર ઇતાઅતના સ્તંભો ઊભા કરવામાં આવ્યા છે. ખુદાના દરબારમાં મઝલુમ બનીને જાવ, ખબરદાર ઝાલિમ બનીને જતા નહીં. શયતાનના રસ્તાઓ અને ઝુલ્મના

કેન્દ્રોથી બચીને રહેજો અને પોતાના પેટમાં હરામનો કોળિયો ન નાખો કેમકે તમે તેની નજર સમક્ષ છો જેણે તમારા પર ગુનાહને હરામ કર્યા છે અને તમારા માટે ઇતાઅતના માર્ગો સરળ બનાવી દીધા છે.

* * * * *

# ૧૫૨ - ખુદાવંદે આલમની મહાનતા અને કીર્તિ અને પાક ઇમામોના ગુણોનો ઉલ્લેખ

સઘળા વખાણ એ અલ્લાહના માટે છે જેણે પોતાના સર્જનથી પોતાના અસ્તિત્વનો, પોતાનું સર્જન નવું હોવાથી પોતાના હંમેશાથી હોવાનો અને તેઓના પરસ્પર મળતાવડા પણાથી પોતાના અનુપમ હોવાનું ભાન કરાવ્યું છે. તેની ઝાતને ઇન્દ્રિયથી સમજી શકાતી નથી. તો પણ પરદાઓ તેને છુપાવી નથી શકતા. તેના માટે કારીગરી કારીગરથી, અને સીમા બાંધનાર અસીમથી, અને પાલનહાર પોષણ પામનારથી દરેક રીતે અલગ હોય છે. તે એક છે પણ ગણત્રીના હિસાબે નહીં. તે સર્જક છે પણ કાર્ય અને શ્રમ દ્વારા નહીં. તે સાંભળે છે પણ કાનો વડે નહીં, તે દ્રષ્ટા છે પણ આંખો ખોલવાથી નહીં.

તે હાજર છે પણ સ્પર્શી નથી શકાતો. તે દૂર છે પણ અંતરના હિસાબે નહીં. તે જાહેર છે પણ જોઈ નથી શકાતો, અને અંતર (બાતિન) છે પણ દેહની સુક્ષ્મતાના કારણે નહીં. તે વસ્તુઓથી અલગ છે પોતાના કોપ અને વર્ચસ્વ અને

શક્તિ તથા અખત્યારની રૂએ, અને મખ્લૂક તેનાથી જુદી છે પોતાના વિનય, નમ્રતા અને તેની બારગાહમાં પરાવર્તનની રૂએ. જેણે તેના માટે જુદા ગુણોની કલ્પના કરી; ( ઝાતથી ગુણને અલગ ગણ્યા) તેણે તેને ગણત્રીના હરોળમાં ઊભો કરી દીધો. અને જેણે એમ કર્યું તેણે તેને નવીન બનાવી તેના હંમેશા હોવાને ખતમ કરી દીધું. અને જેણે એમ પૂછયું કે તે કેવો છે? તેણે અલગથી ગુણોની શોધખોળ કરી અને જેણે એ પૂછયું કે તે ક્યાં છે? તેણે તેને સ્થળમાં સીમિત કરી દીધો. તે એ સમયથી આલિમ છે જયારે મઅલૂમાતનું ઠેકાણું નહોતું અને તે સમયથી ધણી છે જયારે પ્રજા કે પ્રદેશ કંઈ નહોતું. અને તે એ વખતથી શક્તિમાન છે જયારે શકય અને શક્યતાઓ શૂન્યમાં પડયા હતા.

## દીનના ઇમામો:

જુઓ ઉદય કરવાવાળો ઉદય થઈ ચૂક્યો છે અને ચમકવાવાળો પ્રકાશિત થઈ ચૂક્યો છે. જાહેર થનારના દર્શન સામે છે. વક્રતા સીધી થઈ ગઈ છે અને અલ્લાહ એક પ્રજાની જગ્યાએ બીજી પ્રજા અને એક યુગના બદલે બીજો યુગ લઈ

આવ્યો છે. આપણે હાલતો બદલવાની એવી જ રીતે વાટ જોઈ છે જેવી રીતે દુકાળ પીડિત વરસાદની રાહ તાકે છે. ઇમામો અલય્હેમુસ્સલામ હકીકતમાં અલ્લાહના તરફથી લોકોના રખેવાળ છે. અને તેના બંદાઓને તેની મઅરેફતના પાઠ શિખવાડનારા છે. કોઈ શખ્સ જન્ન તમાં પગ નથી રાખી શકતો જ્યાં સુધી તેઓ તેને ઓળખી ન લે. અને તે સાહેબો તેને પોતાનો ન કહી દે. અને કોઈ શખ્સ જહન્ન મમાં જઈ નથી શકતો પણ એ કે તે આ સાહેબોનો ઇન્કાર કરી દે. અને તેઓ પણ તેને ઓળખવાનો ઇન્કાર કરી દે.

પરવરદિગારે તમને લોકોને ઇસ્લામથી નવાજ્યા છે. અને તમને તેના માટે ચૂંટયા છે. એટલા માટે કે ઇસ્લામ સલામતીનું નિશાન છે અને મોટાઈનો ખજાનો છે. અલ્લાહે તેના માર્ગની પસંદગી કરી છે. તેના પૂરાવાઓ સ્પષ્ટ કર્યા છે. જાહેરી ઇલ્મ અને બાતેની (ગુપ્ત) હિકમતો દ્વારા. તેની વિચિત્રતાઓ નાશ પામનારી, અને તેના અજાઇબ ખતમ થનારા નથી. તેમાં નેઅમતોની વસંત અને અંધારાના દીપક છે. નેકીઓના દરવાજા તેની ચાવીથી જ ખૂલે છે અને

અંધકારનો નાશ તેના ચિરાગોથી જ થાય છે. તેણે પોતાની સીમાઓ રક્ષિત કરી લીધી છે, અને પોતાના ઈલ્મની પરબ બધા માટે ખુલ્લી મૂકી છે. તેમાં માગનાર માટે આરોગ્ય અને કિફાયતની આશા રાખનારાઓ માટે બેપરવાઈનો સામાન છે.

* * * * *

# ૧૫૩ - ગુમરાહો અને ગાફિલોની દુ:ખદ પરિસ્થિતિનો ઝિક્ર

**ગુમરાહ:**

આ ઇન્સાન અલ્લાહ તરફથી મહેતલ (મોહલત) ભોગવી રહ્યો છે. ગાફિલોની સાથે બરબાદીઓની ખાઈમાં પડી જાય છે. અને ગુનેહગારોની સાથે સવાર કરે છે. ન તો તેની સામે સીધો માર્ગ છે ન તેને દોરનાર કોઈ આગેવાન.

**ગાફિલો:**

ત્યાં સુધી કે જયારે પરવરદિગારે તેઓના ગુનાહોની સજાને સ્પષ્ટ કરી દીધી અને તેઓને ગફલતના આવરણમાંથી બહાર કાઢી લીધા તો જેનાથી મોં ફેરવતા હતા તેની જ તરફ દોડવા લાગ્યા. અને જેના તરફ ધ્યાનગ્રસ્ત હતા તેઓથી મોં ફેરવવા લાગ્યા. જે હેતુઓ સિધ્ધ કરી લીધા હતા તેનાથી પણ કોઈ લાભ ન ઉપાડયો અને જે હાજતો પૂરી કરી લીધી હતી તેનું પણ કોઈ પરિણામ ન નિકળ્યું.

જુઓ, હું તમને અને ખુદ મારા પોતાના નફસને પણ આ પરિસ્થિતિથી સાવચેત કરૂં છું, દરેક શખ્સને જોઈએ કે પોતાના નફસથી ફાયદો ઉપાડે. એટલા માટે કે સમજદાર એ છે જે સાંભળે તો વિચાર પણ કરે. અને જુએ તો લક્ષ પણ આપે. અને પછી બોધપાઠોથી ફાયદો મેળવી સીધા અને પ્રકશિત માર્ગ પર ચાલી નિકળે. જેમાં ગુમરાહીઓની ખાઈમાં પડી જવાથી બચે. અને વહેમોમાં પડી ગુમરાહ ન થઈ જાય. પોતાના નફસ (મન)ની વિરૂદ્ધ ગુમરાહોની એવી રીતે મદદ ન કરે કે હકના માર્ગથી ચલિત થઈ જાય. અથવા વાતચીતમાં ફેરફારથી કામ લે અથવા સાચું બોલવાથી ડરી જાય.

**સુબોધ:**

મારી વાત સાંભળનારાઓ ! બેહોશીમાંથી ભાનમાં આવી જાવ, અને તમારી ગફલતમાંથી જાગૃત થઈ જાવ. દુનિયાનો સામાન ટૂંકો કરી નાખો, અને એ વાતોમાં ચિંતન મનન કરો જે તમારી પાસે ઉમ્મી પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની પવિત્ર ઝબાન દ્વારા આવી છે.

અને જેને અપનાવવું જરૂરી છે, અને તેમાંથી કોઈ છુટકારો પણ નથી. જે આ વાતનો વિરોધ કરે તેનાથી વિરૂદ્ધતા કરી બીજા માર્ગે ચાલી નિકળો, અને તેની મરજી પર છોડી દયો, ગર્વ અને મોટાઈ છોડી દયો. ઘમંડને ખતમ કરો, અને કબ્રને યાદ કરો, કેમકે એ જ રસ્તેથી પસાર થવાનું છે, અને જેવું કરશો એવું જ ભરશો. અને જેવું વાવશો એવું જ લણશો. અને આજે જે કંઈ મોકલ્યું છે કાલે એનો જ સામનો કરવાનો છે. અને તમારા ચાલવા માટે જમીન સમતોલ કરી લ્યો. અને એ દિવસ માટે સામાન પહેલેથી જ મોકલી આપો. હોંશિયાર, હોંશિયાર અય શ્રોતાઓ ! અને મહેનત, મહેનત અય ગાફિલો ! આવી વાતો મારા જેવા જાણકાર સિવાય કોઈ નહીં બતાવે.

જુઓ, કુરઆને મજીદમાં પાલનહારના અતૂટ સિધ્ધાંતોમાં જેના પર સવાબ અને અઝાબ, રાજીપો અને નારાજીનો દારોમદાર છે. એ પણ છે કે ઇન્સાન આ જગતમાં ગમે તેટલી મહેનત કરે અને ગમે તેટલો નિખાલસ કેમ ન હોય, જો દુનિયાથી નિકળી અલ્લાહના દરબારમાં જવા માગે અને નીચેની આદતોથી તૌબા ન કરે તો તેને આ પરિશ્રમ

અને અમલની નિખાલસતા કોઈ ફાયદો નથી પહોંચાડી શકતી.

અલ્લાહની ઇબાદતમાં કોઈને ભાગીદાર બનાવે, પોતાના દિલની સાંત્વના (શાંતિ) માટે કોઈને હલાક કરી નાખે, એકના કામ પર બીજાને દોષ આપે, દીનમાં કોઈ બિદઅત (નવી પ્રથા) દાખલ કરી એ દ્વારા લોકોથી ફાયદો મેળવે, લોકો સામે દોરંગી પોલીસી અપનાવે. અથવા બે જીભો સાથે (દંભી) જીવન વીતાવે. આ સત્ય સમજી લ્યો કે દરેક શખ્સ પોતાની મિસાલની દલીલ હોય છે.

ખરેખર, ચાર પગાઓનું લક્ષ્ય તેનું પેટ હોય છે. અને ભક્ષક પ્રાણીઓના નિશાનો બીજાઓ પર ઝુલ્મ હોય છે. સ્ત્રીઓનું બધુ જોર દુનિયાની ઝિંદગીના ઠાઠ અને ફસાદ પર હોય છે. પરંતુ ઈમાનદારો વિનય અને વિનમ્રતા રાખવાવાળા, ખુદાથી ડરનારા અને તેની બારગાહથી ડરતા અને કાંપતા રહે છે.

* * * * *

# ૧૫૪ - એહલેબૈત અલય્હેમુસ્સલામના વખાણોનો ઝિક્ર

ડાહ્યો માણસ એ છે જે અંતર ચક્ષુથી અંતિમ પરિણામને જોઈ લે છે. અને તેના ઊંચનીચને ઓળખે છે. દાવત દેનારો દાવત આપી ચૂક્યો છે. અને દેખભાળ કરનારો દેખભાળની ફરજ બજાવી ચૂક્યો છે. હવે તમારી એ ફરજ છે કે દાવત દેવાવાળાની અવાજ પર 'જી આવ્યો' કહો અને રખેવાળના પગલે ચાલી નિકળો.

આ લોકો ફિત્નાઓના દરિયામાં ડૂબી ગયા છે અને સુન્નોતને છોડી બિદઅતો અપનાવી લીધી છે. મોઅમિનો ઘરના ખૂણે બેસી ગયા છે અને ગુમરાહ તથા જૂઠ ઘડનારા બોલવામાં મગ્ન છે.

હકીકતમાં અમે એહલેબૈત જ દીનના નિશાન અને તેના સાથી છીએ, તેના હુકમોના ખજાનચી, અને દરવાજા

છીએ. અને દેખીતું છે કે, ઘરમાં દરવાજા સિવાય પ્રવેશી નથી શકાતું નહીંતર ઇન્સાન ચોર ગણાશે.

આ એહલેબૈત અલય્હેમુસ્સલામ વિશે કુરઆને કરીમની મહાન આયતો છે અને આ જ રહેમાનના ખજાનચીઓ છે. તેઓ જયારે બોલે છે તો સાચું બોલે છે. અને જયારે કદમ આગળ વધારે છે તો કોઈ તેઓ પર અગ્ર નથી થઈ શકતું. દરેક કૌમના જવાબદારની ફરજ છે કે, પોતાની કૌમથી સાચું બોલે, અને પોતાની બુધ્ધિને ન ગુમાવે. અને આખેરતના પુત્રોમાં ભળી જાય. ત્યાંથી જ આવ્યો છે અને ત્યાં જ પાછા જવાનું છે. ખરેખર અંતર ચક્ષુથી જોનારા અને જોઈને અમલ કરનારા અમલનો આરંભ એ ઇલ્મથી થાય છે તેનો અમલ તેના માટે લાભદાયક છે કે તેની વિરૂદ્ધ છે. જો ફાયદામંદ છે તો એજ માર્ગે ચાલતો રહે, અને જો નૂકસાનકારક છે તો રોકાઈ જાય. કેમકે ઇલ્મ વિના અમલ કરવાવાળો ખોટા રસ્તે ચાલવાવાળા જેવો છે કે જેટલો રસ્તો કાપે છે એટલો મંઝિલથી દૂર થતો જાય છે. અને ઇલ્મની

સાથે અમલ કરનારો સાચા માર્ગે ચાલવાવાળા જેવો છે. એટલે દરેક આંખવાળાએ એ જોઈ લેવું જોઈએ કે તે આગળ વધી રહ્યો છે કે પાછળ.

અને યાદ રાખો કે દરેક બાહ્યનું એક તેના જેવું અંતર પણ હોય છે. એટલે જો બાહ્ય પવિત્ર હશે તો અંતર પણ પવિત્ર હશે. અને જો બાહ્ય મેલું થઈ જશે તો અંતર પણ મેલું થઈ જશે. સાચા રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે સાચુ કહ્યું છે કે "અલ્લાહ ક્યારેક કોઈ બંદાને દોસ્ત રાખે છે પણ તેના અમલથી ધિક્કાર કરે છે. અને ક્યારેક અમલને દોસ્ત રાખે છે અને ખૂદ તેનાથી ધિક્કાર કરે છે."

યાદ રાખો, દરેક અમલ હરિયાળીની જેમ પડવાવાળો હોય છે અને હરિયાળી પાણી વગર નથી રહી શકતી અને પાણી પણ જાત જાતના હોય છે. એટલે જો સીંચાઈ પાક પાણીથી હશે તો ઉપજ પણ પાક થશે. અને ફળો પણ મીઠા આવશે અને જો સીંચાઈ જ ગલત થઈ ગઈ

તો ઉપજ પણ તુચ્છ (નકામી) હશે અને ફળો પણ કડવા થશે.

* * * * *

# ૧૫૫ - ચામાચીડિયાની ચિત્ર વિચિત્ર બનાવટનો ઉલ્લેખ

સર્વ પ્રશંસા એ અલ્લાહના માટે છે જેની મઅરેફતની ગહનતાથી વખાણો લાચાર છે, અને જેની મહાનતાઓએ બુધ્ધિઓને આગળ વધવાથી રોકી લીધેલ છે. એટલે હવે તેની સલતનતોની સીમા સુધી પહોંચવાનો કોઈ માર્ગ નથી રહ્યો.

તે ખુદા બરહક અને આશકાર (રોશન) છે. એથી વધારે પૂરવાર અને સ્પષ્ટ છે, જે આંખોથી અવલોકવામાં આવે છે. અકલો તેની મર્યાદા નથી આંકી શકતી કે તેને કોઈની ઉપમા આપી શકાય. અને વિચારો તેનો અંદાજો નથી લગાવી શકતા કે તેને કોઈની મિસાલ બનાવવામાં આવે. તેણે સર્જનોને કોઈ નમૂના અને કોઈ સલાહકારની સલાહ વગર અથવા કોઈ મદદગારની મદદ વગર બનાવ્યા છે. તેનું સર્જન તેના હુકમથી પરિપૂર્ણ થયું છે. અને પછી તેની જ તાબેદારીમાં સજદામાં છે. જરાય રોકાયા વિના તેની અવાજ

પર લબ્બૈક કહે છે. અને જરાય આનાકાની વિના તેની સામે નત મસ્તક છે.

તેની સુક્ષ્મતા, સુક્ષ્મકળા અને સૌથી વિચિત્ર સર્જનનો એક નમૂનો એ છે કે જે તેણે પોતાની ઊંડી હિકમતથી ચામાચીડીયાનું સર્જન કર્યું છે કે જેને દરેક વસ્તુને વિસ્તૃતિ આપનાર રોશની સંકોચી નાખે છે. અને દરેક જીવતાને સંકુચિત કરી દેનાર અંધકાર વિશાળ કરી દે છે. કેવી રીતે તેની આંખો અંજાય જાય છે કે જે પ્રકાશિત સૂર્યના કરિણોથી મદદ મેળવી બીજાઓ પોતાના માર્ગો વટાવી શકે અને સૂર્યના ખુલ્લા પ્રકાશમાં પોતાની જાણીતી મંઝિલો સુધી પહોંચી શકે. તે સૂર્યના પ્રકાશે પોતાની ચમક દમકથી તેને પ્રકાશના થરોમાં આગળ વધવાથી રોકી દીધેલ છે. અને રોશનીના અજવાળામાં આવવાથી રોકી ગુપ્ત સ્થળોમાં સંતાડી દીધેલ છે.

દિવસના તેની પાંપણો આંખો પર લટકી જાય છે અને રાતના દીપક બનાવી રોઝીની તલાશમાં નિકળી પડે છે. તેની નજરોને રાતનું અંધારૂં પાછી નથી ફેરવી શકતું અને

તેને આગળ વધવાથી ગાઢ અંધારૂં પણ નથી રોકી શકતું. ત્યાર પછી જયારે સૂર્ય પોતાની નિકાબ ઉઠાવી લે છે અને દિવસનો ઉજળો ચહેરો સામે આવી જાય છે અને સૂર્યના કિરણો ઝરખની બખોલ સુધી પહોંચી જાય છે તો તેની પાંપણો આંખો પર ઢળી પડે છે. અને જે કંઈ રાતના અંધકારમાં મેળવી લીધું છે તેના પર ગુજારો શરૂ કરી દે છે.

શું કહેવું એ મઅબૂદનું! જેણે તેના માટે રાતને દિવસ અને રોઝીનું સાધન બનાવી દીધું છે, અને દિવસને શાંતિ અને આરામનું કારણ બનાવ્યો છે. પછી તેના માટે એવા માંસની પાંખો બનાવી છે કે જેનાથી જરૂર પડે તો ઉડી પણ શકે છે. જાણે આ કાનના લોલક છે જેમાં ન પાંખો છે ન પાતળી અસ્થિ. પણ એ છતાં તમે જોશો કે રગોની જગ્યાના સ્પષ્ટ નિશાનો છે. અને તેની એવી બે પાંખો બની ગઈ છે કે જે ન એટલી ઝીણી છે કે ફાટી જાય ન એટલી જાડી કે ઉડવામાં શ્રમ પડે. તેની ઉડવાની છટા એવી છે કે પોતાના બચ્ચાને છાતીએ લગાડી ઉડે છે. જયારે નીચે ઉતરે છે તો બચ્ચા સાથે હોય છે અને જયારે ઉપર ચડે છે તો પણ બચ્ચુ

સાથે હોય છે. અને ત્યાં સુધી તેનાથી છુટું નથી પડતું જ્યાં સુધી તેના અવયવો મજબૂત ન બની જાય. અને તેની પાંખો તેનો ભાર ઊંચકવાને સમર્થ ન બની જાય. અને તે પોતાની રોઝીના માર્ગો અને પોતાના સારા નરસાને ખૂદ ન ઓળખી લે. પાક અને બેનિયાઝ તે દરેક વસ્તુનો પૈદા કરનાર, જેણે કોઈ એવા નમૂનાનો આધાર નથી લીધો જે કોઈ બીજાથી પ્રાપ્ત કર્યો હોય.

* * * * *

# ૧૫૬ - બસરાવાળાઓને આપત્તિઓથી સાવધાન કરવા

આવા સંજોગોમાં જો કોઈ શખ્સ પોતાની જાતને માત્ર ખુદા સુધી મર્યાદિત રાખવાની તાકત ધરાવતો હોય તો તેણે એમ જ કરવું જોઈએ. પછી જો તમે મારી પરયવી કરશો તો હું તમને ઇન્શાઅલ્લાહ જન્નધતના માર્ગે ચલાવીશ, ભલે પછી તેમાં ગમે તેટલો શ્રમ અને કડવાશ કેમ ન હોય.

રહી ગઈ ફલાણી ખાતૂનની વાત તો તેના પર સ્ત્રી સુલભ લાગણીશીલતાની અસર થઈ ગઈ છે. અને એ વેરનો પ્રભાવ છે જે તેની છાતીમાં લુહારની કડાઈની જેમ ઉકળી રહ્યો છે. તેને જો મારી સિવાય કોઈ અન્ય સાથે આ વર્તણુંકની દાવત આપવામાં આવત તો કદી ન આવત. આમ છતાં મને તેઓની આગલી આમાન્યા (હુરમત) નો ખ્યાલ છે અને તેનો હિસાબ આખર પરવરદિગારના ઝિમ્મે છે.

ઈમાનનો રસ્તો બિલ્કુલ સાફ અને તેનો ચિરાગ સંપૂર્ણ પણે પ્રકાશિત છે. ઈમાનના જ મારફત ભલાઈનો માર્ગ પામી શકાય છે, અને નેકીઓના જ દ્વારા ઈમાનની ઓળખ થાય છે. ઈમાનથી ઇલ્મની દુનિયા આબાદ થાય છે. અને ઇલ્મથી મોતનો ડર પ્રાપ્ત થાય છે, અને મોત પર જ દુનિયાનો અંત થાય છે. અને દુનિયાના મારફત જ આખેરત મેળવવામાં આવે છે. અને આખેરતમાં જ જન્નફતને નઝદીક કરી દેવામાં આવશે. અને જહન્નનમને ગુમરાહો માટે તદ્દન પ્રદર્શિત કરી દેવામાં આવશે. લોકો માટે કયામતની પહેલા કોઈ ઠેકાણું નથી. તેઓએ આ મયદાનમાં અંતિમ ઠેકાણા તરફ હર હાલમાં દોડવાનું છે.

**એક બીજો ભાગ:**

તેઓ પોતાની કબ્રોમાંથી ઊભા થઈ ગયા અને અંતિમ સ્થાન તરફ ચાલી નિકળ્યા. દરેક ઘરના પોતાના પાત્ર હોય છે જેઓ ન તો ઘર બદલી શકે છે અને ત્યાંથી નિકળી બીજે વસી શકે છે.

ખરેખર નેકીની ભલામણ અને બુરાઈથી રોક્વું આ બે ખુદાઈ ગુણ છે. આ ન તો કોઈની મૌતને નજીક કરે છે અને ન કોઈની રોઝીને ઘટાડે છે. તમારી ફરજ છે કે ખુદાની કિતાબથી જોડાએલા રહો, કેમકે એ જ હિદાયતની મજબૂત દોરી છે અને અલ્લાહનું ઝળહળતું નૂર તેમાં નફાકારક શિફા છે અને તેમાં પ્યાસ છિપાવનારી તૃપ્તિ છે. એ જ વળગી રહેનાર માટે પવિત્ર ચારિત્ર્યનો પંથ અને સંબંધ રાખનારાઓ માટે નજાતનો રસ્તો. તેમાં કોઈ વક્રતા નથી, જેને સીધી કરવી પડે અને તેમાં કોઈ ફેરફાર નથી કે જેને ઠીક કરવો પડે. નિરંતર પુનરોચ્ચાર તેને જુનું નથી કરી શકતો અને લગાતાર સાંભળવાથી તેની તાજગીમાં કોઈ ફરક નથી પડતો. જે એના દ્વારા વાત કરે તે સાચો હશે અને જે તેના મુજબ અમલ કરશે તે આગળ વધી જશે.

આ દરમિયાન એક શખ્સ ઊભો થઈ ગયો અને તેણે કહ્યું: અય અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ ! જરા ફિત્ના વિશે બતાવો. શું આપે આ વિશે રસૂલે અકરમ સલ્લલ્લાહો

અલય્હે વ આલેહી વસલ્લમથી કંઈ જાણ્યું છે? આપે ફરમાવ્યું:

જયારે પવિત્ર આયત ઉતરી "શું લોકો એમ માને છે કે તેઓને ઈમાનના દાવા પર છોડી દેવામાં આવશે? અને તેમની કસોટી કરવામાં નહીં આવે?" તો અમને અંદાજો થઈ ગયો કે જ્યાં સુધી હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ મૌજૂદ છે ફિત્નાઓની કોઈ શક્યતા નથી. એટલે મેં સવાલ કર્યો કે યા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ! આ ફિત્નો શું છે? જેની પરવરદિગારે આપને જાણકારી આપી છે. આપે ફરમાવ્યું:

અય અલી અલય્હિસ્સલામ ! આ ઉમ્મત મારા પછી ફિત્નામાં સપડાશે. મેં અરજ કરી : શું આપે ઓહદના દિવસે જયારે અમુક મુસલમાન શહીદ થઈ ગયા અને મને શહાદતની તક ન મળી અને મને એ વાત ઘણી કઠી (દુ:ખ થયું); તો આપે શું આ નહોતું ફરમાવ્યું કે અય અલી અલય્હિસ્સલામ ! ખૂશી થાવ, શહાદત તમારી પાછળ આવી રહી છે. આપે ફરમાવ્યું: બેશક ! પરંતુ એ સમયે તમારી

ધીરજ કેવી હશે? મેં અરજ કરી : યા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ! આ સબ્રનો મૌકો નથી, બલ્કે આનંદ અને શુક્રનો મૌકો છે.

પછી આપે ફરમાવ્યું: અય અલી અલય્હિસ્સલામ ! લોકો ટૂંકમાં જ પોતાના માલની કસોટીમાં મૂકાઈ જશે અને પોતાના દીનનો અહેસાન અલ્લાહ પર ધરશે અને પછી તેની રહેમતની આશા પણ રાખશે અને પોતાને તેના ગઝબથી રક્ષિત પણ સમજશે. ખોટા સંદેહો અને ગાફિલ કરવાવાળી ઇચ્છાઓથી હરામને હલાલ કરી નાખશે. શરાબને દવા બનાવી, હરામને હદિયો ઠરાવી, અને વ્યાજને વેપારનું નામ દઈ તેનો લાભ ઉઠાવશે. મેં અરજ કરી: યા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ! આ લોકોને ક્યા સ્થાને મૂક્વામાં આવે? આ રીતે દીનથી ફરી જવું છે કે ફિત્નો ! આપે ફરમાવ્યું: આ ફિત્નો છે.

* * * * *

# ૧૫૭ - તકવા માટે પ્રોત્સાહિત કરવા

એ ખુદાનો શુક્ર છે, જેણે પોતાની હમ્દને પોતાની યાદની ચાવી, તેના ઉપકારો અને પ્રદાનમાં વધારો, અને તેની નેઅમતો અને મહાનતાની દલીલ ઠરાવી છે.

ખુદાના બંદાઓ ! જમાનો રહી જનારાઓ સાથે એ જ વર્તાવ કરે છે જે ચાલ્યા જનારાઓ સાથે કરી ચૂક્યો છે. કેમકે ન ચાલ્યો જનારો પાછો આવે છે અને ન રહી જનારો અમર રહેવાનો છે. તેની અંતિમ રીત પહેલા જેવી જ છે. તેના બધા મામલા એક જેવા અને બધા પરચમો એકબીજાની પાછળ લાગેલા છે. જાણે તમે કયામતના લક્ષ્ય પર છો. અને તે તમને એવી રીતે હાંકીને લઈ જઈ રહી છે, જેવી રીતે લલકારવાવાળો ઊંટોને લઈ જાય છે.

જે પોતાના દિલને પોતાની સુધારણા સિવાય બીજા કામોમાં પ્રવૃત કરી દે છે તે અંધારામાં ભટક્તો મરી જાય છે. અને હલાક્તોમાં સપડાઈ જાય છે. શયતાનો તેને નાફરમાનીમાં ખેંચી લઈ જાય છે. અને તેના બુરા અમલોને સજાવી બનાવીને રજૂ કરે છે. યાદ રાખો ! જન્નીત આગળ

ધપનારાઓની અંતિમ મંઝિલ છે. અને જહન્ન મ ઉણપ કરનારાઓનું છેલ્લું ઠેકાણું.

ખુદાના બંદાઓ ! યાદ રાખો કે તકવા (પરહેઝગારી) માન ઇઝઝતનો એક સલામત ગઢ છે અને પાપ ભ્રષ્ટાચાર અપમાનનું ખરાબમાં ખરાબ ઠેકાણું છે. જે ન તો તેમાં રહેવાવાળાને બચાવી શકે છે અને ન રક્ષણ માગનારાઓને રક્ષણ આપી શકે છે.

યાદ રાખો ! તકવાથી જ ગુનાહોના ડંખ ટાળી શકાય છે અને યકીનથી જ ઉચ્ચતર સ્થાન પ્રાપ્ત કરવામાં આવે છે.

ખુદાના બંદાઓ ! તમારા વહાલામાં વહાલા નફસ વિશે અલ્લાહને યાદ રાખો કે તેણે તમારા માટે હકનો માર્ગ ચોખ્ખો કરી દીધો છે. અને તેના માર્ગોને પ્રકાશમાન કરી દીધા છે. પછી કાં તો હમેશનું દુર્ભાગ્ય છે. યા તો અનંત સૌભાગ્ય. યોગ્ય એ છે કે નશ્વર ઘરમાંથી સદાના ઘરનો સામાન ભેગો કરી લ્યો. વાટ ખર્ચી તમને બતાવી દીધી છે. અને કૂચનો હુકમ અપાઈ ચૂક્યો છે. અને પ્રવાસ માટે તૈયાર

કરી દેવામાં આવ્યા છે. તમે તો માર્ગમાં રોકાએલા કાફલા જેવા છો જેને એ નથી ખબર કે ક્યારે ઉપડવાનો હુકમ આપવામાં આવે.

સચેત થઈ જાવ, જે આખેરત માટે બનાવવામાં આવ્યો છે તે દુનિયાને લઈને શું કરશે? અને જેની પાસેથી ટૂંક સમયમાં માલ આંચકાઈ જવાનો છે તે માલથી દિલ લગાવીને શું કરશે? જયારે કે તેની અસરો અને હિસાબોનો સામનો પણ કરવો પડે છે.

ખુદાના બંદાઓ ! યાદ રાખો, ખુદાએ જે ભલાઈનો વાયદો કર્યો છે તેને છોડી નથી શકાતો અને જે બુરાઈથી રોક્યા છે તેની ઇચ્છા નથી કરી શકાતી.

ખુદાના બંદાઓ ! એ દિવસથી ડરો જયારે આમાલ તપાસવામાં આવશે અને ધરતીકંપો અસંખ્ય થશે. બાળકો વૃધ્ધ થઈ જશે.

યાદ રાખો અય ખુદાના બંદાઓ ! તમારા પર તમારા જ અંતર આત્માને રખેવાળ બનાવવામાં આવ્યો છે. અને તમારા અંગો ઉપાંગો તમારી જાસુસીનું કામ કરી રહ્યા

છે. અને અમુક શ્રેષ્ઠ અંગરક્ષકો છે જે તમારા આમાલ અને તમારા શ્વાસોનું રક્ષણ કરી રહ્યા છે. તેઓથી ન કોઈ અંધારી રાતનું અંધારૂં છુપાવી શકે છે અને ન બંધ દરવાજા તેનાથી ઓજલ બનાવી શકે છે. અને કાલ આવનારો દિવસ આજથી ઘણો નિકટ છે.

આજનો દિવસ પોતાનો સર સામાન લઈને ચાલ્યો જશે. અને કાલનો દિવસ તેની પાછળ આવી રહ્યો છે. જાણે દરેક શખ્સ જમીનમાં પોતાના એકાંતની મંઝિલ અને ખાડાના (કબ્રના) નિશાનો સુધી પહોંચી ચૂક્યો છે. હાય એ એકાંતનું ઘર, ભયનું ઠેકાણું, અને અજાણ્યો ઉતારો. જાણે કે અવાજ તમો સુધી પહોંચી ચુકી છે. અને કયામત તમને પોતાના ઘેરામાં લઈ ચૂકી છે અને તમને અંતિમ ચુકાદા માટે કબ્રોમાંથી કાઢવામાં આવી ચૂક્યા છે. જ્યાં બધી ખોટી વાતો ખતમ થઈ ચૂકી છે અને બધા બહાના બનાવટ નબળા પડી ચૂક્યા છે. હકીક્તો પૂરવાર થઈ ચૂકી છે અને કાર્યો ફરીને તેના સ્થળે આવી ગયા છે. એટલે ઇબ્રતોથી બોધ ગ્રહણ કરો.

સમયની ક્રાંતિઓથી બોધનો સામાન ભેગો કરો. અને પછી ડરાવવાવાળાની નસીહતથી લાભ ઉપાડો.

* * * * *

# ૧૫૮ - રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની બેઅસત, કુરઆનના વિશેષ ગુણો, અને બની ઉમય્યાની હુકૂમતનો ઉલ્લેખ

અલ્લાહે પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને એ સમયે મોકલ્યા જયારે રસૂલોનો અનુક્રમ રોકાએલો હતો. અને કોમો ગાઢ તંદ્રામાં (નિંદ્રામાં) લીન હતી. અને દીનની મજબૂત રસ્સીના વળ ખુલી ગયા હતા. આપે આવી પહેલાવાળાઓનું સમર્થન કર્યું. અને એ નૂર પેશ ર્ક્યું જેની પયરવી કરવામાં આવે અને તે આ કુરઆન છે. તેને બોલાવી જુઓ અને તે પોતે નહીં બોલે. હું તેના તરફથી પ્રતિનિધિત્વ કરીશ. યાદ રાખો કે તેમાં ભવિષ્યનું ઇલ્મ છે અને ભૂતકાળની કથાઓ છે. તમારા દર્દની દવા છે અને તમારા કાર્યોની વ્યવસ્થાનો સામાન.

**તેનો બીજો ભાગ:**

તે સમયે કોઈ શહેરનું કે ગામનું ઘર એવું નહીં બચે જેમાં ઝાલિમ રંજ અને શોકને દાખલ ન કરી દે. અને તેમાં કઠણાઈઓનો ગુજર ન થઈ જાય. તે સમયે ન આસમાનમાં કોઈ ક્ષમા યાચનાર હશે અને ન જમીનમાં મદદગાર. તમે આ કામ માટે કુપાત્રોને ચૂંટયા છે. અને તેઓને બીજાના ઘાટ પર ઉતારી દીધા છે. અને નજીકમાં જ ખુદા જાલિમોથી વેર લેશે. ખાવાના બદલામાં ખાવાથી અને પીવાના બદલામાં પીવાથી. ઇંદ્ર જવ ખાવા અને એળિયો તથા હળાહળ ઝેરનું પીવું, અંદરનું વસ્ત્ર ભય અને બહારનું વસ્ત્ર તલવાર હશે. આ ઝાલિમ ખતાઓની સવારીઓ અને ગુનાહોના ભાર ઊંચકનાર ઊંટ છે. એટલે હું વારંવાર કસમ ખાઈને કહું છું કે બની ઉમય્યા મારા પછી ખિલાફતને એવી રીતે થૂંકી નાખશે, જેમ બલગમને થૂંકવામાં આવે છે. અને પછી જ્યાં સુધી રાત દિવસ બાકી છે તેનો સ્વાદ ચાખવો અને તેની મજા માણવી નસીબ નહીં થાય.

* * * * *

# ૧૫૯ - લોકોની સાથે આપનું સદવર્તન

હું તમારા પાડોશમાં ઘણી સુંદર રીતે રહ્યો અને બન્યું ત્યાં સુધી તમારૂં રક્ષણ અને દેખભાળ કરતો રહ્યો. અને તમને મજાની દોરી અને ઝુલ્મના ફંદાથી આઝાદ કરાવ્યા. કેમકે હું તમારી અલ્પ નેકીનો આભાર અદા કરી રહ્યો હતો અને તમારી એ બધી બુરાઈઓ જેને આંખોએ જોઈ લીધી હતી ઉપેક્ષા કરી રહ્યો હતો.

* * * * *

# ૧૬૦ - ખુદાવંદે આલમની પ્રશંસા, ડર અને આશા, નબીઓના જીવન સંબંધે

## પરવરદિગારની મહાનતા:

તેનો હુકમ નિર્ણયાત્મક, અને નખશીખ હિકમત છે અને તેની રઝા સંપૂર્ણ અમાન અને રહેમત છે. તે પોતાના ઇલ્મથી ફેંસલો કરે છે અને પોતાની સહિષ્ણુતાને કારણે માફ કરી દે છે.

## ખુદાની હમ્દ:

પરવરદિગાર તારા માટે બધી વસ્તુઓ પર હમ્દ છે. જેને તું લઈ લે છે અથવા અર્પણ કરે છે. અને જે આપત્તિઓથી છૂટકારો આપી દે છે અથવા જેમાં સંડોવે છે. એવી હમ્દ જે તારા માટે અત્યંત પસંદ પાત્ર હોય. સૌથી વધારે પ્યારી હોય અને શ્રેષ્ઠ હોય. એવી હમ્દ જે પૂરા વિશ્વને ભરી દે અને જ્યાં સુધી ચાહે પહોંચી જાય. અને એવી હમ્દ જેની સામે ન કોઈ પાસબાન (ચોકીદાર) હોય અને ન તારી બારગાહ સુધી પહોંચવાથી અશક્ત હોય.

એવી હમ્દ જેનો અનુક્રમ રોકાઈ ન શકે અને જેની મુદ્દત પૂરી ન થઈ શકે. અમે તારી મહાનતાની હકીકતથી જાણકાર નથી પણ એ જાણીએ છીએ કે તું સદા માટે જીવંત છે. અને દરેક વસ્તુ તારા ઇરાદાથી કાયમ છે. તારા માટે ન નિંદ છે, ન ઊંઘ, ન કોઈ દ્રષ્ટિ તારા સુધી પહોંચી શકે છે અને ન કોઈ દ્રષ્ટિ તને પારખી શકે છે, તેં બધી દ્રષ્ટિઓને જાણી લીધી છે અને બધા આમાલને ગણી લીધા છે. દરેકનું કપાળ અને પગ બધા તારા જ કબ્જામાં છે.

અમે તારી જે રચનાનું અવલોકન કરી રહ્યા છીએ અને જે કુદરતથી આશ્ચર્ય કરી રહ્યા છીએ અને જે મહાન સલ્તનતની પ્રસંશા કરી રહ્યા છીએ તેની હકીકત શું છે? સર્જનો જે અમારી દ્રષ્ટિથી ગુપ્ત છે અને જ્યાં સુધી અમારી દ્રષ્ટિ પહોંચી નથી શકતી અને જેની નિકટ જઈને અમારી બુધ્ધિ રોકાઈ ગઈ છે અને જ્યાં અદીઠના પરદાઓ આડા આવી ગયા છે તે આનાથી ક્યાંય મહાન છે. એટલે જો કોઈ પોતાના દિલને નવરૂં કરી લે અને પોતાના ચિંતનનો ઉપયોગ કરે જેથી એ જાણી શકે કે તેં તારા અર્શને કેવી રીતે

કાયમ કર્યું છે. પોતાના સર્જનો કેવી રીતે ઘડયા છે અને વિશાળ અંતરિક્ષમાં આસમાનોને કેવી રીતે લટકાવ્યા છે, અને પાણીના મોજાઓ પર કેવી રીતે ધરતી બીછાવી છે. તો તેની નજર થાકીને પાછી ફરશે. બુધ્ધિ બેશુધ્ધ થઈ જશે અને કાન હયરાન અને દંગ રહી જશે અને વિચાર રસ્તો ભૂલી જશે.

**આજ ખુત્બાનો એક વધુ ભાગ:**

કેટલાક લોકોની અધૂરી સમજનો એ દાવો છે કે તેઓ ખુદાની રહેમતના ઉમ્મીદવાર છે, જો કે મહાન અલ્લાહ ગવાહ છે કે આ લોકો જૂઠા છે. આખર શું કારણ છે કે તેઓની ઉમ્મીદનો ભાસ તેઓના આમાલમાં કેમ નજર નથી આવતો? જયારે કે દરેક ઉમ્મીદવારની ઉમ્મીદ તેના આમાલથી સ્પષ્ટ થઈ જાય છે. પરવરદિગાર સિવાય બીજા તરફ ધ્યાન ધરવાની આજ ઉમ્મીદ શંકાસ્પદ છે. એવી જ રીતે દરેક ખૌફ પૂરવાર થઈ જાય છે. સિવાય ખુદાના ખૌફની કે આ જ અનિશ્ચિત છે. ઇન્સાન અલ્લાહથી મોટી મોટી ઉમ્મીદો રાખે છે અને બંદાઓથી નાની ઉમ્મીદો રાખે છે પરંતુ બંદાને તે બધા

નમસ્કાર અને અધિકાર આપી દે છે જે પરવરદિગારને નથી આપતો; તો અંતે આ શું છે કે ખુદાના વિશે એ વર્તન પણ નથી દાખવવામાં આવતું જે બંદાઓ માટે દાખવવામાં આવે છે. શું તમે કદી એ વાતનો ખૌફ કર્યો કે ક્યાંક તમે તમારી ઉમ્મીદમાં જૂઠા તો નથી? અથવા તમે તેને ઉમ્મીદને પાત્ર જ નથી સમજતા.

એવી જ રીતે ઇન્સાન જયારે કોઈ બંદાથી ભયગ્રસ્ત થાય છે તો તેને એ બધા હકો આપી દે છે જે પરવરદિગારને નથી દેતો. જાણે બધા ડરને રોકડો સમજે છે અને ખુદાના ડરને માત્ર વાયદો અને ટાળવાની વસ્તુ બનાવી રાખેલ છે.

આ જ સ્થિતિ એ શખ્સની પણ છે જેની દ્રષ્ટિમાં દુનિયા મહાન હોય છે અને તેના દિલમાં તેને માટે મોટું સ્થાન હોય છે. તો તે દુનિયાને આખેરત પર પ્રાધાન્ય (અગ્રતા) આપે છે, તેની તરફ ધ્યાન કરે છે અને પોતાને તેનો ગુલામ બનાવી દે છે.

**હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ:**

ખરેખર હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની સિરત તમારા માટે શ્રેષ્ઠ નમૂનો છે. અને દુનિયાના અપમાન અને તેના એબો માટે શ્રેષ્ઠ માર્ગદર્શક કેમકે તેમાં અપમાન અને રૂસ્વાઈના સ્થળો ઘણા મળી આવે છે. જુઓ આ દુનિયાની આસપાસ હઝૂર માટે સંકોચી લેવામાં આવી અને બીજાઓ માટે સમતોલ કરી દેવામાં આવી. આપને તેના લાભોથી અલગ રાખવામાં આવ્યા. અને તેના ઠાઠમાઠથી એક કોર કરી દેવામાં આવ્યા.

અને જો આપના સિવાય બીજી મિસાલ ચાહતા હો તો તે મૂસા કલીમુલ્લાહની મિસાલ છે. જેઓએ ખુદાની બારગાહમાં અરજ કરી કે "પાલનહાર ! હું તારા તરફથી ઊતરનાર નેકીનો મોહતાજ છું." પરંતુ ખુદા ગવાહ છે કે તેઓએ રોટલીના એક બટકા સિવાય કંઈ નથી માંગ્યું. તેઓ જમીનની લીલોતરી ખાયા કરતા હતા અને એટલે જ તો તેમના પેટની નરમ અને કોમળ ખાલથી લીલો રંગ નજર આવતો રહેતો હતો. કેમકે તેઓ અત્યંત પાતળા થઈ ગયા હતા અને તેમનું માંસ ગળી ગયું હતું.

ત્રીજી મિસાલ દાવૂદ અલય્હિસ્સલામની છે. જેઓ ઝબૂરના ધણી અને જન્ન્ત વાસીઓના કારી હતા. પણ તેઓ પોતાના હાથે ખજૂરના પાંદડાઓની ટોકરીઓ બનાવતા હતા અને પોતાના સાથીઓને કહ્યા કરતા હતા કે એવું કોણ છે જે મને આ વેચવામાં મદદ કરે. અને પછી તેને વેચી જવની રોટીઓ ખાઈ લેતા હતા.

ત્યાર પછી ઇચ્છો તો મરયમના પુત્ર ઇસા અલય્હિસ્સલામના જીવનનો હાલ બયાન કરૂં. જેઓ પત્થરનો તકીયો બનાવતા હતા. ખરબચડું વસ્ત્ર પહેરતા હતા અને નજીવી ખોરાક પર ગુજારો કરતા હતા. તેમના ખાવામાં શાકના બદલે ભુખ હતી. અને રાતના દીવાને બદલે ચંદ્રનું અજવાળું હતું. શરદીમાં છાંયાને બદલે પૂર્વ પશ્ચિમનું આસમાન હતું. તેમના મેવા અને ફળ એ જડીબુટ્ટીઓ હતી જે જાનવરો ખાતા હતા. તેમની કોઈ સ્ત્રી નહોતી જે તેમને પ્રવૃત્ત રાખતી, ન કોઈ અવલાદ હતી જેની ચિંતા કે વ્યાધિ હોય. ન કોઈ માલ હતો જે પોતાની તરફ ખેંચતો અને ન કોઈ લાલચ

હતી, જે અપમાનિત કરતી. તેમના પગો તેમની સવારી હતા અને તેમના હાથ તેમના સેવકો.

**હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ:**

તમે લોકો આપણા પવિત્ર અને પાક પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની પયરવી કરો કેમકે આપની સિરતમાં અમલ કરવાવાળા માટે બેહતરીન નમૂના અને ધીરજ શાંતિના ઇચ્છુકો માટે શ્રેષ્ઠ ધીરજ અને શાંતિનો સામાન છે. અલ્લાહની નજરે સૌથી વધારે પ્યારો બંદો એ છે જે તેના પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની પયરવી કરે અને તેમના પગલે પગલે ચાલે. તેઓએ દુનિયાથી અતિ અલ્પ ખોરાક મેળવ્યો, અને તેને નજર ભરીને જોયો પણ નહીં. પૂરા જગતમાં સૌથી ખાલી પેટ અને અધૂરા પેટે ગુજારો કરવાવાળા તેઓ જ હતા. તેમની સામે દુનિયા ધરવામાં આવી તો તેને સ્વિકારવાથી ઇન્કાર કરી દીધો. અને એ જોઈને કે ખુદા તેને પસંદ નથી કરતો તો પોતે પણ નાપસંદ કરી. અને ખુદા તેને તુચ્છ

સમજે છે તો પોતે પણ તુચ્છ સમજી. અને તેણે દુનિયા નાની બનાવી છે તો પોતે પણ દુનિયાને નાની કહી. અને જો આપણામાં એ સિવાય કોઈ ખામી ન હોત કે આપણે ખુદા અને તેના રસૂલના કોપપાત્રને વહાલો સમજવા લાગ્યા છીએ અને ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની નજરમાં નાના અને તુચ્છને મહાન સમજવા લાગ્યા છીએ તો આ જ ખામી ખુદાના વિરોધ અને તેના હુકમની અવગણના માટે પૂરતી હતી.

જુઓ, પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ સદા જમીન પર બેસી ખાતા હતા. ગુલામોની ઢબથી બેસતા હતા. પોતાના હાથે પોતાના જોડા સીવતા હતા. પોતાના મુબારક હાથે પોતાના કપડાને થીંગડા લગાડતા હતા. જીન નાખ્યા વગર સવારી પર સવાર થતા હતા અને કોઈને કોઈ (વ્યક્તિને) સાથે બેસારી પણ લેતા હતા. એક વખત પોતાના દરવાજા પર એવા પરદા જોઈ લીધા જેમાં ચિત્રો બનેલા હતા તો એક પત્નિને ફરમાવ્યું કે ખબરદાર, આને હટાવો, હું તેના તરફ જોઈશ તો દુનિયા

અને તેના ઠાઠ યાદ આવશે. આપે દિલથી દુનિયાને અળગી કરી. અને તેની યાદને દિલમાંથી ભૂંસી નાખી. અને એમ ઇચ્છયું કે તેનો શણગાર નજરોથી દૂર રહે. જેથી ન શ્રેષ્ઠ વસ્ત્રો બનાવ્યા અને ન તેને પોતાના દિલમાં જગ્યા આપી. અને ન આ દુનિયામાં કોઈ સ્થળની આરઝૂ કરી. આપે દુનિયાને અંતરમાંથી કાઢી નાખી અને દિલથી દૂર કરી દીધી. અને નજરોથી પણ ઓજલ કરી દીધી. અને આ જ દરેક ઇન્સાનનો સિધ્ધાંત છે કે જેને પસંદ નથી કરતો તેના તરફ જોવા પણ નથી માગતો. અને તેનો ઉલ્લેખ પણ નાપસંદ કરે છે.

ખરેખર (હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની ઝિંદગીમાં એ બધી વસ્તુઓ મળી આવે છે જે દુનિયાના એબો અને તેની ખરાબીઓને નિર્દેશ કરે છે. કેમકે આપે પોતાના ઘરવાળાઓ સહીત ભુખ્યા રહેવાનું પસંદ કર્યું છે અને ખુદાના દરબારમાં અત્યંત સમીપતા હોવા છતાં દુનિયાના શણગારોને પોતાનાથી અલગ રાખ્યા છે.

હવે દરેક ઇન્સાને બુધ્ધિની નજરે જોવું જોઈએ, અને એ વિચારવું જોઈએ કે આવી પરિસ્થિતિ અને આવી રીતના જીવનથી પરવરદિગારે પોતાના પયગમ્બરને ઇઝઝત આપી છે કે તેમને હડધૂત કર્યા છે. જો કોઈ એમ ખયાલ કરતું હોય કે હડધૂત કર્યા છે તો તે જૂઠો અને અફવા ઘડનારો છે. અને જો એમ લાગણી ધરાવે છે કે ઇઝઝત આપી છે તો તેણે જાણી લેવું જોઈએ કે જો અલ્લાહે તેના માટે દુનિયાને પથારી બનાવી દીધી છે તો તેનો અર્થ એ થયો કે તેને હડધૂત કરી દીધો છે, કેમકે પોતાના સૌથી નઝદીક બંદાને તેનાથી દૂર રાખ્યા હતા.

હવે દરેક શખ્સે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની પયરવી કરવી જોઈએ, તેમના પગલે ચાલવું જોઈએ અને તેમની મંઝિલ પર કદમ રાખવા જોઈએ. નહિંતર હલાકતથી નહીં બચી શકે. પરવરદિગારે પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને કયામત નજીક હોવાની નિશાની, જન્નસતની ખૂશ ખબર સંભળાવનાર અને અઝાબથી

ડરાવવાવાળા બનાવ્યા છે. તેઓ દુનિયાથી ભૂખ્યા ચાલ્યા ગયા, પણ આખેરતમાં સલામતી સાથે પહોંચ્યા. આપે ઘર બાંધવા પત્થર ન રાખ્યા અને દુનિયાથી ચાલ્યા ગયા. અને પોતાના પાલનહારની દાવત પર લબ્બૈક કહી દીધી. પરવરદિગારનો કેટલો મોટો ઉપકાર છે કે તેણે આપણને આપ જેવા માર્ગદર્શક અતા ફરમાવ્યા. જેની પયરવી કરવામાં આવે. અને આગેવાન આપ્યા છે જેમના પગલે પગલે ચાલી શકાય.

ખુદાની કસમ ! મેં આ ખમીસમાં એટલા થીગડા લગાવડાવ્યા છે કે હવે થીંગડા મારનારને (થીગડા) દેતા શરમ આવે છે. મને એક શખ્સે એમ પણ કહ્યું હતું કે હવે આને ફેંકી કેમ નથી દેતા? તો મેં તેને કહી દીધું હતું કે મારાથી દૂર થઈ જા, "સવાર પડવા પછી કૌમને રાતના સફર કરવાની કદર થાય છે."

* * * * *

# ૧૬૧ - રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની સિફતો, એહલેબૈત લય્હેમુસ્સલામની વિશિષ્ટતા, તકવા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની પયરવીની દાવત

પરવરદિગારે આપને રોશન નૂર, સ્પષ્ટ દલીલ, ખૂલ્લો માર્ગ અને હિદાયત આપનારી કિતાબની સાથે મોકલ્યા છે. આપનું કુળ શ્રેષ્ઠ કુળ છે અને આપનો વંશવેલો શ્રેષ્ઠ વંશવેલો છે, જેની ડાળીઓ સમતલ અને ફળો પહોંચમાં છે. આપનું જન્મસ્થળ મક્કા મુકર્રમા છે અને હિજરતનું સ્થળ તયબાની (મદીનાની) ભૂમિ છે. અહીંથી આપનો ઝિક્ર ઉન્નંત થયો છે. અહીંથી આપની અવાજ ફેલાઈ છે. પરવરદિગારે આપને પૂરતી થનારી હુજ્જત, આરોગ્ય આપનારી નસીહત, ગત બધા કામોનો ઉપાય કરનારી દાવત સાથે મોકલ્યા છે. આપની મારફત અપ્રસિધ્ધ શરીઅતોને જાહેર કરી છે, અને નિર્થક (નકામી) બિદઅતોનો નાશ કરી દીધો છે અને સ્પષ્ટ

હુકમો બયાન કરી દીધા છે. એટલે હવે જે કોઈ પણ ઇસ્લામ સિવાય અન્ય માર્ગ ગ્રહણ કરશે તેની બદનસીબી પૂરવાર થઈ જશે અને જીવનની દોરી તૂટી જશે. અને મોં ભર પડવું ભારે પડી જશે અને અંતિમ પરિણામે સદાનું દુ:ખ અને યાતના સૌથી આકરો અઝાબ હશે.

હું ખુદા પર એવી જ રીતે ભરોસો રાખું છું જેવી રીતે તેની તરફ ધ્યાન ધરનારા રાખે છે. અને તેનાથી એ માર્ગની હિદાયત માગું છું જે તેની જન્નસતસુધી પહોંચાડી દેવાવાળો અને તેની ઇચ્છિત મંઝિલ સુધી લઈ જનારો છે.

ખુદાના બંદાઓ ! હું તમને અલ્લાહના તકવા (ડરવા)ની હિદાયત કરૂં છું અને તેની ફરમાબરદારીની વસીયત કરૂં છું, અને એમાં જ કાલે નજાત છે. અને આ જ હંમેશા માટે નજાતનું કેન્દ્ર છે. તેણે તમને ડરાવ્યા તો સંપૂર્ણ રીતે ડરાવ્યા. અને ઉત્સાહ અપાવ્યો તો સંપૂર્ણ ઉત્સાહનો બંદોબસ્ત કર્યો. તમારા માટે દુનિયા અને તેનો વિયોગ, તેની પડતી અને તેમાંથી ચાલ્યા જવું બધાની ચોખવટ કરી દીધી છે. એટલે તેમાં જે વસ્તુ સારી લાગે તેનાથી વેરાગ રાખો કેમકે તમારી સાથે આવનારી વસ્તુ ઘણી ઓછી છે. જુઓ આ

ઘર અલ્લાહના ગઝબથી ઘણું નઝદીક અને અલ્લાહની રઝાથી ઘણું દૂર છે.

ખુદાના બંદાઓ ! વ્યાધિ ઉપાધિ અને તેની પ્રવૃત્તિઓથી આંખ મીંચામણા કરી લ્યો. કેમકે તમને ખબર છે કે તેનાથી કોઈ પણ રીતે જુદા થવાનું છે. અને તેની સ્થિતિઓ નિરંતર બદલાતી રહે છે. તેનાથી એવી રીતે બચો જેવી રીતે એક ભયભિત અને પોતાની ઝાત માટે નિખાલસ અને તનતોડ મહેનત કરનાર બચે છે. અને તેનાથી ધડો (બોધપાઠ) લ્યો તે દ્રષ્યો વડે જે તમે પોતે જોઈ લીધા છે કે ગત નસલો નાશ પામી. તેના અંગો-ઉપાંગો અલગ-અલગ થઈ ગયા. તેઓની આંખો અને કાન ખતમ થઈ ગયા. તેઓની સભ્યતા અને માન ચાલ્યા ગયા. તેઓના આનંદ અને નેઅમતોનો અંત આવ્યો. અવલાદની નિકટતા જુદાઈમાં બદલાઈ ગઈ અને પત્નિઓનો સાથ વિયોગમાં ફરી ગયો. હવે ન તો આપસની ચડસાચડસી (એકબીજા પર ગર્વ કરવો) રહી ગઈ છે, ન વંશોનો ક્રમ, ન મુલાકાતો રહી ગઈ છે અને ન વાતચીત.

એટલે અય ખુદાના બંદાઓ ! એ શખ્સની જેમ ડરો, જે પોતાના નફસ પર કાબૂ રાખે છે. પોતાની ઇચ્છાઓને રોકી શકે છે અને પોતાના અંતર ચક્ષુથી જોઈ શકે છે. વાત તદ્દન સાફ છે. ચિહ્નો સ્થાપિત છે, માર્ગ સીધો છે અને પંથ તદ્દન સીધો છે.

* * * * *

# ૧૬૨ - એક શખ્સના સવાલનો જવાબ

અય બની અસદના ભાઈ તમે ઘણા ટૂંકા દિલના છો અને ખોટા રસ્તે ચાલી નિકળ્યા છો. પરંતુ દરેક રીતે તમને સગપણનો હક પણ છે અને પૂછવાનો હક પણ. અને તમે પૂછી લીધું છે. તો હવે સાંભળો ! અમારા ઉચ્ચ કૂળ અને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ સાથે સૌથી નિકટ સંબંધ છતાં કૌમે અમારાથી આ હકને એટલા માટે છીનવી લીધો કે તેમાં એક સ્વાર્થ હતો જેના પર એક વર્ગના નફસ મરી મીટયા હતા. અને બીજા વર્ગે આંખ મીંચામણાથી કામ લીધું હતું. પરંતુ દરેક સંજોગમાં હાકિમ અલ્લાહ છે અને કયામતના દિવસે તેના દરબારમાં પાછા ફરીને જવાનું છે.

એ લુટમારની વાત છોડો જેનો શોર ચારે તરફ મચ્યો છે.

હવે ઊંટણીઓની વાત કરો જે પોતાના હાથમાં આવી નિકળી ગઈ.

હવે આવો આ મુસીબતને જુઓ જે અબૂ સુફયાનના પુત્રના તરફથી આવી છે કે જમાનાએ રોવડાવ્યા પછી હંસાવી દીધા છે. અને ખુદાની કસમ એમાં કંઈ અજબ થવા જેવું નથી. આશ્ચર્ય તો એ બનાવ પર છે, જેણે આશ્ચર્યનો પણ અંત આણી દીધો છે. અને વક્રતાને વધારી દીધી છે. કૌમે ઇચ્છયું હતું કે ખુદાના નૂરને તેના ચિરાગથી જ બુજાવી દેવામાં આવે અને કુવારાને ઝરણાથી જ બંધ કરી દેવામાં આવે. મારા અને પોતાના વચ્ચે વિષમ ઘૂંટડાને ભેળવી દીધા કે જો મારાથી અને તેઓથી આપત્તિઓની તકલીફો ખતમ થઈ ગઈ તો હું તેમને નિર્મળ હકના માર્ગે ચલાવીશ અને જો કોઈ બીજી સ્થિતિ થઈ ગઈ તો તમારે અફસોસ અને અબળખાથી પોતાની જાન ન દઈ દેવી જોઈએ અલ્લાહ તેઓના અમલોથી સારી રીતે જાણકાર છે.

* * * * *

# ૧૬૩ - અલ્લાહની સ્તૂતિ, ઇન્સાનનું સર્જન, અને જીવનની જરૂરિયાતો તરફ માર્ગદર્શન

બધા વખાણ એ અલ્લાહ માટે છે જે લોકોનો પૈદા કરનાર છે. જમીનની પથારી પાથરનાર છે, ખીણોમાં પાણીને વહાવવાવાળો છે, અને શીખરોને લીલાછમ અને તૃપ્ત બનાવનારો છે. તેના પ્રાથમિક પણાનો કોઈ આરંભ નથી. અને તેના અંતિમ હોવાની કોઈ મર્યાદા નથી. તે પ્રથમથી છે અને સદાકાળ રહેનારો છે. તે બાકી છે અને તેના અનંતની કોઈ મુદ્દત નથી. કપાળો તેની સામે દંડવત (સજદામાં) અને હોંઠો તેની વહેદાનિયત ( એકપણા)નો ઇકરાર કરનારા છે. તેણે સર્જનની સાથે જ દરેક વસ્તુની સીમાઓ નક્કી કરી દીધી છે. જેથી તે કોઈની પ્રતિકૃતિ બનવા ન પામે.

ઇન્સાનના વિચારો તેના માટે કોઈ સીમાઓ અને ક્રિયા શીલતા અને અંગો ઉપાંગોને નક્કી નથી કરી શકતા. તેના માટે એમ નથી કહી શકાતું કે તે ક્યારથી છે? અને ન એ સીમા નક્કી કરી શકાય છે કે તે ક્યાં સુધી રહેશે? તે પ્રગટ છે પણ એ નથી કહી શકાતું કે કઈ ચીજથી, અને ગુપ્ત

છે પણ એ નથી વિચારી શકાતું કે કઈ ચીજમાં છે? ન તો તે કોઈ આકાર છે કે ખતમ થઈ જાય, ન કોઈ પરદામાં છે કે સીમિત થઈ જાય. દેખીતા જોડાણના આધારે વસ્તુઓથી નિકટ નથી અને શારીરિક વિખૂટાપણાને કારણે દૂર નથી. તેના પર બંદાઓની હાલતોમાંથી એક હાલત પણ છૂપી નથી અને ન શબ્દોનો પુનરોચ્ચાર, ન ઊંચાઈઓનું દૂરથી ઝલકવું છૂપું છે અને ન કદમનું આગળ વધવું. ન અંધારી રાતમાં ન છવાએલા અંધકારમાં જેના પર પ્રકાશિત ચંદ્રમા પોતાની ચાંદની પાથરે છે અને રોશન સૂર્ય ઉદય અને અસ્તમાં અને જમાનાના ચક્કરોમાં જે આવનારી રાતના આગમન અને જવાવાળા દિવસની વિદાયથી ઉત્પન્નક થાય છે. તે દરેક છેવટ અને મુદ્દતથી પહેલા છે અને દરેક ગણત્રી અને હિસાબથી પર છે. તે એ સિફતોથી ઉચ્ચતર છે જેને મર્યાદિત સમજી લેનારા તેની તરફ મનસૂબ કરી દે છે. ચાહે તે સિફતોના અંદાજાઓ હોય કે આસપાસની સીમાઓ, ઘરોમાં રહેણાંક હોય કે ઉતારામાં પડાવ. સીમા આંકણી તેના સર્જનો માટે અને તેનો સંબંધ તેના ગયરની તરફ હોય છે.

તેણે વસ્તુઓનું સર્જન ન તો અનાદિ પદાર્થથી કર્યું છે અને ન અનંત દ્રષ્ટાંતોથી. જે કંઈ સર્જ્યું છે. પોતે કર્યું છે અને તેની સીમાઓ નક્કી કરી દીધી છે. અને દરેક સૂરતને ખૂબસૂરત બનાવી દીધી છે. કોઈ પણ વસ્તુ તેના હુકમનું ઉલંઘન નથી કરી શકતી. અને ન કોઈની તાબેદારીમાં તેને કોઈ લાભ પહોંચે છે. તેનું ઇલ્મ ભૂતકાળમાં મરનારા વિશે એવું જ છે જેવું રહી જનારા જીવતાઓ વિશે છે. અને તે ઉચ્ચતમ આસમાનોના સંબંધમાં એવું જ જ્ઞાન રાખે છે જેવું કે ધરતીના પાતાળો વિશે ધરાવે છે.

**આપની અમૂલ્ય વાણીનો બીજો ભાગ:**

અય તે ઇન્સાન જેને દરેક રીતે દુરસ્ત બનાવવામાં આવ્યો છે અને ઉદરના અંધારાઓ અને એક પછી એક પડના અંધારાઓમાં સંપૂર્ણ માવજત સાથે સર્જવામાં આવ્યો છે. તારો આરંભ નરી માટીથી થયો છે. અને તને એક ખાસ કેન્દ્રમાં એક ખાસ મુદ્દત સુધી રાખવામાં આવ્યો છે. તું માના પેટમાં એવી રીતે સળવળતો હતો કે ન અવાજનો જવાબ આપી શકતો હતો, ન કોઈ અવાજ સાંભળી શકતો હતો. પછી

તને ત્યાંથી કાઢી એ ઘરમાં લાવવામાં આવ્યો જેને તેં જોયું પણ નહોતું. અને જ્યાંના લાભદાયી રસ્તાઓથી જાણકાર પણ નહોતો. બતાવ તને માના સ્તનોથી દૂધ પીવાની પ્રેરણા કોણે આપી છે ? અને જરૂરતના સમયે માંગવાના ઠેકાણા અને ઇરાદાનો પતો કોણે બતાવ્યો છે? હોશિયાર ! જે શખ્સ એક આકાર અને અવયવોવાળા સર્જનના ગુણોને ઓળખવાથી લાચાર હોય તે સર્જનહારના ગુણોને ઓળખવાથી વધારે લાચાર હશે. અને સર્જનની હદો મારફત તેને મેળવવાથી ખરેખર ઘણો દૂર હશે.

* * * * *

# ૧૬૪ - હઝરત અલી અલય્હિસ્સલામની હ. ઉસ્માનથી વાતચીત અને તેમની દામાદી પર એક નજર

લોકો મારી પાછળ વાટ જોઈ રહ્યા છે. અને તેઓએ મને તમારી વચ્ચે વાસ્તો બનાવ્યો છે. અને ખુદાની કસમ ! હું નથી જાણતો કે હું તમને શું કહું? હું કોઈ એવી વાત નથી જાણતો જે તમારા ધ્યાન બહાર હોય. અને કોઈ એવી વાતનો સંકેત નથી આપી શકતો જેને તમો જાણતા ન હોવ? તમને એ બધી વાતોની ખબર છે, જે હું જાણું છું. અને મેં કોઈ વાત પહેલેથી નથી જાણી લીધી કે તેનાથી તમને આગાહ કરૂં. અને ન કોઈ વાત ચૂપકેથી સાંભળી લીધી છે, તમને ખબરદાર કરી દઉં કે તમે એ બધું જાતે જોયું છે, જે મેં જોયું છે, એ બધું તમે પોતે સાંભળ્યું છે, જે મેં સાંભળ્યું છે. અને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ પાસે એવી જ રીતે રહ્યા છો જેમ હું રહ્યો છું. અબૂ કહાફાનો પુત્ર અને ખત્તાબનો બેટો હક પર અમલ કરવાને તમારાથી વધારે ઉચ્ચ નહોતા કેમકે તમે તેઓની

સરખામણીમાં રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમથી વધારે નિકટના સગા છો.

અને તમને એ જમાઈનું માન પણ પ્રાપ્ત છે જે તેઓને નહોતું. એટલે ખુદાના ખાતર તમારા નફસને બચાવો. કેમકે તમને આંધળાપણાથી ચક્ષુઓને અથવા અજ્ઞાનતાથી જ્ઞાન દેવામાં નથી આવી રહ્યું. પંથ તદ્દન સાફ છે અને દીનના નિશાનો કાયમ છે. યાદ રાખો ! ખુદાની સમીપ શ્રેષ્ઠ બંદો એજ ન્યાયી ઇમામ છે જે પોતે હિદાયત મેળવેલ હોય અને બીજાઓને હિદાયત આપે. જાણી પહેચાણેલી સુન્નવતને કાયમ કરે અને અજાણી બિદઅત (રસમ)ને ખતમ કરી નાખે. જુઓ પ્રકાશ આપતી સુન્નઅતોપણ રૌશન છે અને બિદઅતો (ખોટી રસમો)ના નિશાનો પણ સ્પષ્ટ છે. અને ખુદાની નજરમાં સૌથી બદતર ઇન્સાન એ ઝાલિમ આગેવાન છે જે પોતે પણ ગુમરાહ હોય અને લોકોને પણ ગુમરાહ કરે. પયગમ્બરથી મળેલી સુન્નાતો મૃત બનાવી દે અને છોડવા લાયક બિદઅતોને જીવતી કરે.

મેં રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને એમ ફરમાવતા સાંભળ્યા છે કે કયામતના દિવસે ઝાલિમ

રહેબર એવી હાલતમાં લાવવામાં આવશે કે ન તો તેનો કોઈ મદદગાર હશે, ન તેની ક્ષમા યાચના કરનાર. અને તેને જહન્નહમમાં નાખી દેવામાં આવશે. અને તે એવી રીતે ઘૂમશે જેવી રીતે ચક્કી ઘૂમે છે. ત્યાર પછી તેને જહન્ન મના અઝાબમાં જકડી લેવામાં આવશે. હું તમને અલ્લાહની કસમ આપું છું કે ખુદાના વાસ્તે તમે આ ઉમ્મતના મકતૂલ પેશવા ન બનો એટલા માટે કે આદિકાળથી કહેવામાં આવી રહ્યું છે કે આ ઉમ્મતનો એક પેશવા કતલ કરી નાખવામાં આવશે. ત્યાર પછી કયામત સુધી કતલ અને ગારતગરીનો દરવાજો ખૂલી જાશે. અને બધા કામો શંકાશીલ થઈ જશે અને ફિત્નાઓ ફેલાઈ જશે. અને લોકો સાચા જૂઠામાં ફરક નહીં કરી શકે. અને એમાં જ ચકરાતા રહેશે અને ઉપર નીચે થતા રહેશે. ખુદારા (ખુદાની કસમ) મરવાનની સવારી ન બની જાવ કે એ જ્યાં ચાહે ત્યાં ખેંચીને લઈ જાય કેમકે તમારી વય મોટી થઈ ચૂકી છે અને તમારી જિંદગી અંતની નિકટ છે.

હ. ઉસ્માને આ પૂરી વાતચીતને સાંભળી કહ્યું: આપ તે લોકોને કહી દયો કે મને મહેતલ આપે જેથી હું તેમના

ખૂંચવાએલા હકનો ઇલાજ કરી શકું? આપે ફરમાવ્યું: જ્યાં સુધી મદીનાનો મામલો છે તેમાં કોઈ મોહલતની જરૂરત નથી અને જ્યાં સુધી બહારના મામલાને લાગે વળગે છે કે તેમાં માત્ર એટલી મોહલત આપી શકાય છે કે, તેઓ સુધી તમારો હુકમ પહોંચી જાય.

* * * * *

# ૧૬૫ - મોરની ચિત્ર વિચિત્ર રચના અને જન્નલતનાચિત્તાકર્ષક દ્રષ્યો

અલ્લાહે પોતાના બધા સર્જનોને ચિત્ર વિચિત્ર બનાવ્યા છે. ચાહે તે પ્રાણ ધરાવતા હોય અથવા નિષ્પ્રાણ, સ્થિર હોય કે ગતિમાન અને એ બધા દ્વારા પોતાની સુક્ષ્મ કારીગરી અને મહાન કુદરતના એ પૂરાવાઓ સ્થાપિત કરી દીધા છે જેની સામે બુધ્ધિઓ સંપૂર્ણ રીતે સ્વિકાર અને માન્યતાનું માથું નત કરી રહેલ છે અને પછી આપણા કાનોમાં તેની વહેદાનિયત ( એકપણા)ની દલીલો વિવિધ રંગરૂપવાળા પક્ષીઓના સર્જનના રૂપમાં ગુંજી રહી છે જેને જમીનના દરો, વૃક્ષો, બખોલો અને પહાડોના શીખરો પર આબાદ કર્યા છે. જેની પાંખો વિવિધ પ્રકારની અને જેની બનાવટ જુદા જ પ્રકારની છે અને તેઓને કાબૂમાં રાખવાની લગામ દ્વારા હરકત આપવામાં આવે છે અને તેઓ પોતાની પાંખોને વિશાળ અવકાશના માર્ગો અને ખૂલી હવાના વિસ્તારમાં ફફડાવે છે. તેઓને શુન્યમાંથી કાઢી ચિત્ર વિચિત્ર જાહેરી આકારોમાં પૈદા કર્યા છે. અને માંસ હાડકામાં ઢંકાએલ

સાંધાઓના કિનારાઓથી તેઓના શરીરની બનાવટ કરી છે. કેટલાકને તેના દેહના ભારેપણાએ હવામાં તેજ ઊડવાથી રોકી રાખ્યા છે. અને તેઓ માત્ર જરા ઊંચે થઈને ઊડી રહ્યા છે. અને પછી પોતાની સુક્ષ્મ કુદરત અને ઊંડી કારીગરીથી તેઓને વિવિધ રંગો સાથે વ્યવસ્થિત અને સંકલિત કર્યા છે. કેમકે અમુક એક જ રંગમાં ડુબેલા છે કે બીજા રંગનો અંશ પણ નથી અને અમુક એક રંગમાં રંગાએલા છે પણ તેઓના ગળાની કંઠી જુદા રંગની છે.

**મોર:**

આ બધામાં સૌથી વિચિત્ર સર્જન મોરનું છે. જેને સૌથી મજબૂત સમતલતાના સાંચામાં ઢાળવામાં આવ્યો છે. અને તેના રંગોમાં સુંદરતમ વ્યવસ્થા સ્થાપિત કરી છે. તેને એવા રંગીન પીંછાઓ આપવામાં આવ્યા છે જેના મૂળને એક બીજાથી જોડી દીધા છે. અને એ પૂંછ આપી છે જે દૂર સુધી ખેંચાતી જ જાય છે. જયારે તે પોતાની માદા પાસે જાય છે તો તેને ફેલાવી લે છે અને પોતાના માથા પર એવી રીતે છાંવ નાખતા કરી લે છે જાણે બંને જગતની કીશ્તીનો સઢ

જેને નાખુદા (નૌકાને હાંકનારાઓ) આમ તેમ વાળી રહ્યો છે. તે પોતાના રંગો પર ફુલાય છે અને તેની હરક્તો સાથે ઝૂમવા લાગે છે. પોતાની માદા પર એવી રીતે ચડી બેસે છે જેવી રીતે મરઘો અને તેને એવી રીતે ગર્ભવંતી બનાવે છે જેવી રીતે જોશ અને મસ્તીમાં મદ જાનવર. હું આ મસઅલામાં તમને અનુભવની વાત કરૂં છું. ન એવા શખ્સની જેમ જે કોઈ કમઝોર સનદના હવાલે કરી દે. જો અનુમાન કરવાવાળાનું અનુમાન સાચું હોત તો તેઓ આંસૂઓ દ્વારા ગર્ભ રખાવે છે જે તેની આંખોમાંથી બહાર નિકળી પાંપણો પર થંભી જાય છે અને માદા તેની પી લ્યે છે અને ત્યાર પછી ઈંડા મુકે છે અને તેઓમાં નર માદાનો કોઈ સમાગમ નથી થતો સિવાય એ ટપકી પડનારા આંસૂઓની. તો આ વાત કાગડાઓ સાથે ખાવાપીવા દ્વારા ગર્ભ રહેવાની વાતથી વધારે વિચિત્ર અચંબાજનક ન હોત.

તમે એની રંગત પર વિચાર કરો તો એવું લાગશે જાણે પીંછાઓની વચ્ચેની સળીઓ ચાંદીની સળીઓ છે અને તેના પર જે ચિત્ર વિચિત્ર વર્તૂળ અને સૂર્યના કિરણો જેવા જે

પાંખ અને પીંછા ઉગી નિકળ્યા છે તે શુધ્ધ સોના અને જમર્રૂદ (એક કિંમતી પત્થર) ના ટુકડા છે. અને જો તેને જમીનની વનસ્પતિની ઉપમા દેવામાં આવે તો એમ કહો કે આ દરેક વસંત ઋતુના પુષ્પોનો ગજરો છે. અને જો વસ્ત્રો સાથે સરખાવવા માંગો તો કહેશો કે ભરત ભરેલા આભા અથવા સુંદર યમની ચાદરો જેવા છે અને જો ઘરેણાથી જ ઉપમા આપવા માગો તો એમ કહેશો કે આ રંગબેરંગી નગીના છે જે ચાંદીના વર્તૂળમાં જડવામાં આવ્યા છે. આ પ્રાણી તેની ચાલમાં એક મગરૂર અને ઘમંડી શખ્સની જેમ ઝૂમતાં ચાલે છે. અને પોતાની પાંખો અને પૂંછને જોતો રહે છે. પોતાના પ્રાકૃતિક વસ્ત્રોની સુંદરતા અને પોતાની જીવન ચાદરની રંગીનતા જોઈને ખડખડાટ હસે છે અને પછી જયારે પગો પર દ્રષ્ટિ કરે છે તો એવી રીતે ઊંચા અવાજથી પોક મૂકે છે. જાણે કુદરતના અતિચારની ફરિયાદ કરતો હોય. અને પોતાની અંતરની વ્યથાની ખરેખર ગવાહી આપી રહ્યો હોય. એટલા માટે કે તેના પગો વર્ણશંકર મુરઘાઓના પગોની જેમ દુબળા, પાતળા અને બારીક હોય છે. ને તેના ગોંઠણના

કિનારા પર એક હલકો એવો કાંટો હોય છે. અને તેના ગળા પર વાળોના બદલે લીલા રંગના નકશીદાર પીંછાઓનો એક ગુચ્છો હોય છે. તેની ગરદનનો વિસ્તાર એક સુરાહીની ગરદનની જેમ હોય છે. અને તેની ગરદનની જગ્યાએથી લઈને પેટ સુધીનો ભાગ વસમા જેવા લીલા રંગના અથવા એ રેશમ જેવા હોય છે જેને કલઈ ચડાવેલ અરીસા પર પહેરાવી દીઘેલ હોય. એવું લાગે છે કે તે કાળી રંગની ઓઢણીમાં લપેટાએલ છે પરંતુ પોતાની ચમકદમકના વધારાથી એવું લાગે છે જાણે તેમાં નવી તાજી સબ્ઝી અલગથી ભેળવી દીધી હોય.

તેના કાનોના ખાડાની સાથે જોડાએલ બાબૂના ફૂલો જેવી કલમની અણી જેવી એક બારીક લીંટી હોય છે અને તે પોતાની સફેદી સાથે તે જગ્યાની કાળાશની વચ્ચે ચમકતી રહે છે. ભાગ્યે જ કોઈ રંગ એવો હશે જેનો કોઈ ભાગ આ જાનવરને ન મળ્યો હોય. પણ આ લીંટીની ચમક અને તેના રેશમી આકારની ચમકદમક બધા પર ચઢિયાતી છે. તેની ઉપમા એ વેરાએલી કળીઓની જેમ છે જેને ન બહારની

વર્ષાએ પોષી હોય અને ન સૂરજના કિરણોએ. તે કદી કદી પોતાની પાંખોથી અલગ પણ થઈ જાય છે અને આ રંગીન વસ્ત્રો ઉતારી નગ્ન થઈ જાય છે. તેની પાંખો પીંછા ખરી જાય છે અને ફરીવાર ઊગી નિકળે છે.

આ પાંખ અને પીંછા એવી રીતે ખરે છે જેવી રીતે વૃક્ષની ડાળીઓ પરથી પાંદડા ખરે છે. અને ફરીવાર એવી રીતે ઊગી આવે છે અને તદ્દન પહેલા જેવા થઈ જાય છે. ન જૂના રંગોથી કોઈ ભિન્નખરંગ હોય છે અને ન કોઈ રંગની જગ્યા ફરી જાય છે. બલ્કે તમે તેના રેસાઓ પર પણ ચિંતન કરશો તો તમને કદી ગુલાબની લાલિમા નજર આવશે, તો કદી જમરૂદની લિલાશ અને કદી સોનાની પિળાશ. ભલા આ સર્જનના વખાણ કરનારા તેની ખૂબીઓને કઈ રીતે વર્ણવી શકે છે.

જયારે કે તેના એક નાના એવા અંગે વિચારોને ત્યાં સુધી પહોંચવાથી લાચાર કરી દીધા છે અને જીભોને તેના વખાણથી થક્વી દીધેલ છે.

પાક અને બેપરવા છે એ માલિક જેણે બુધ્ધિઓને દિગમૂઢ કરી દીધી છે. માત્ર આ એક સર્જનના વખાણથી જેને દ્રષ્ટિઓ સામે સ્પષ્ટ કરી દીધા છે અને દ્રષ્ટિઓએ તેને મર્યાદિત, સંપાદિત, મિશ્રિત અને રંગીન રૂપમાં જોઈ લીધા છે. અને પછી જબાનોને પણ તેના ગુણોનો ખુલાસો બયાન કરવા અને તેના વખાણનો હક અદા કરવાથી લાચાર કરી દીધી છે.

અને પાક અને પવિત્ર છે એ ઝાત જેણે કીડી અને મચ્છરથી લઈને તેઓથી મોટી માછલીઓ અને હાથીઓ સુધ્ધાના પગો મજબૂત અને અડગ બનાવ્યા છે. અને પોતાના માટે એ લાઝિમ કરી લીધું છે કે કોઈ પ્રાણી આકાર હરક્ત નહીં કરે પણ એ કે તેની મૂળ વાયદાગાહ મૌત હશે. અને તેનો અંત નાશ હશે.

હવે જો તમે આ બયાનો પર અંતરની દ્રષ્ટિથી નજર કરશો તો તમારૂં મન દુનિયાની બધી કામનાઓ, લિજ્જતો અને શણગારોથી કંટાળી જશે અને તમારી કલ્પના એ વૃક્ષોના પર્ણોની ખણખણાટમાં ખોવાય થઈ જશે જેની જડો

દરિયાના કિનારે ખડકોની ટોચો પર ડૂબેલી છે. અને એ તાજામાજા મોતીઓના ગુચ્છાઓના લટકવા અને લીલા પર્ણોના ગિલાફોમાં વિવિધ પ્રકારના ફળોના નિકળવાના દ્રષ્યોમાં ખોવાઈ જશે. જેને કોઈ પણ શ્રમ વગર પ્રાપ્ત કરી શકાય છે.

અને ત્યાં આવનારાઓની આસપાસ મહેલોના આંગણાઓમાં સ્વચ્છ અને શુધ્ધ મધ અને પાક અને પવિત્ર સુરાના દોર ચાલતા હશે, ત્યાં એ કૌમ હશે જેની કરામતોએ તેને ખેંચીને સદાના સ્થાને પહોંચાડી દીધી છે. અને તેઓને હવે પ્રવાસના વધારે શ્રમથી બચાવી લેવામાં આવ્યા છે.

અય મારી વાતો સાંભળનારાઓ! જો તમે તમારા દિલોને પ્રવૃત કરી લ્યો એ મંઝિલ સુધી પહોંચવા માટે જ્યાં આ ચિત્તાકર્ષક દ્રષ્યો મળી આવે છે તો તમારો જીવ શોખના આવેશમાં ખુદ નિકળી જશે અને તમે મારી આ સભામાંથી ઊઠી કબ્રોમાં રહેવાવાળાના પડોશમાં જવા તત્પર થઈ જશો જેથી આ નેઅમતો જલ્દી મેળવી લ્યો.

અલ્લાહ અમને અને તમને બંનેને પોતાની રહેમતના પ્રતાપે એ લોકોમાં ગણી લ્યે, જેઓ પોતાના અંતરના ઊંડાણોથી શુભ ચારિત્ર્યના બંદાઓની મંઝિલો માટે મથી રહ્યા છે.

* * * * *

# ૧૬૬ - એકતા અને સંપની દાવત અને બની ઉમય્યાની પડતી

તમારા નાનાઓને જોઈએ કે પોતાના મોટાઓનું અનુકરણ કરે અને મોટાઓની ફરજ છે કે પોતાના નાનાઓ પર મહેરબાની કરે. અને ખબરદાર ! તમે લોકો જાહેલીયતના એ જાલિમો જેવા ન થઈ જતા જેઓ ન તો દીનનું ઇલ્મ મેળવતા હતા અને ન અલ્લાહ વિશે સમજબુધ્ધિથી કામ લેતા હતા. તેઓનો દાખલો એ ઈંડાઓના છીલકાઓ જેવો છે, જે શાહમૃગના ઈંડા મૂકવાની જગ્યા પર રાખ્યા હોય. કેમકે તેને તોડવા તો ગુનો છે પરંતુ ઉછેરવા પણ શર્ર સિવાય કોઈ પરિણામ નથી લાવી શકતું.

## આપની અમૂલ્ય વાણીનો એક બીજો ભાગ:

તેઓ આપસના પ્યાર પછી જુદા-જુદા થઈ ગયા અને પોતાના મૂળથી અલગ થઈ ગયા. કેટલાકે એક ડાળીને પકડી લીધી અને હવે તેની સાથે નમતા રહેશે ત્યાં સુધી કે અલ્લાહ તેઓને બની ઉમય્યાના સૌથી ખરાબ દિવસ માટે ભેગા કરી દેશે. જેવી રીતે પાનખરમાં વાદળના ટૂકડાઓ

ભેગા થઈ જાય છે. પછી તેઓ વચ્ચે મહોબ્બત પૈદા કરશે, પછી તેઓને ઉપરતળે વાદળના ટૂકડાઓની જેમ મજબૂત ટોળુ બનાવી દેશે. પછી તેઓ માટે એવા દરવાજા ખોલી નાખશે અને તેઓ પોતાના ઊભરવાના સ્થળેથી સબા શહેરના બે બાગોના એ પૂરની જેમ નિકળશે જેનાથી ન કોઈ શીખર સલામત રહ્યું હતું અને ન કોઈ પહાડી ઠેરી શકી હતી. ન કોઈ પહાડનું શીખર એ પ્રવાહને વાળી શક્યું હતું અને ન જમીનની ઊંચાઈ, અલ્લાહ તેઓને ઘાટોની ખીણોમાં છુટા પાડી દેશે અને પછી તેઓને ઝરણાના વહેણની જેમ જમીનમાં ફેલાવી દેશે.

તેઓ મારફત એક કૌમના હક્કો બીજી કૌમથી મેળવશે અને એક વર્ગને બીજા પ્રદેશમાં સત્તા આપશે. ખુદાની કસમ, તેઓની સત્તા અને અધિકારો પછી જે કંઈ તેઓના હાથોમાં હશે તે એવી રીતે ઓગળી જશે જેવી રીતે આગ પર ચરબી ઓગળી જાય છે.

## અંતિમ યુગના લોકો

અય લોકો ! જો તમે હકની મદદ કરવામાં આળસ ન કરત અને બાતિલને કમઝોર કરવામાં પ્રમાદનું પ્રદર્શન ન

કરત તો તમારા સંબંધમાં એ કૌમ લાલચ ન કરત જે તમારા જેવી નથી. અને તમારા પર આ લોકો બળવાન ન બની જાત. પરંતુ અફસોસ કે તે બની ઇસરાઈલની જેમ ગુમરાહ થઈ ગયા અને તમારા જીવના સમ મારા પછી તમારી હયરાની અને ભટકવું બેવડું થઈ જશે. કેમકે તમે હકને પીઠ પાછળ નાખી દીધો છે. સૌથી નિકટનાથી સંબંધો તોડી નાખ્યા છે અને દૂરનાઓથી નાતો જોડી લીધો છે. યાદ રાખો ! જો તમે હકની દાવત આપનારની પયરવી કરી લેત તો એ તમને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ પર ચલાવત અને તમને વક્રતાથી બચાવી લેત અને તમે આ ભારે બોજ માથા પરથી ઉતારી ફેંકી દેત.

* * * * *

# ૧૬૭ - હકો અને ફરજોની સંભાળ અને અલ્લાહથી ડરવાની નસીહત

પરવરદિગારે આ હિદાયતની કિતાબ ઉતારી છે, જેમાં સારા નરસાની સ્પષ્ટતા કરી દીધી છે. એટલે તમે નેકીનો પંથ અપનાવો જેથી હિદાયત પામો અને બુરાઈના રૂખથી મોં ફેરવી લ્યો જેથી સીધા માર્ગે આવી જાવ.

ફરજોનું ભાન રાખો અને તેને અદા કરો જેથી એ તમને જન્નાત સુધી પહોંચાડી દે. અલ્લાહે જે હરામને હરામ કર્યું છે એ અજ્ઞાત નથી અને જે હલાલને હલાલ બનાવ્યું છે તે સંદેહયુક્ત નથી. તેણે મુસલમાનની હુરમતને બધી માનનિય વસ્તુઓથી શ્રેષ્ઠ ઠરાવી છે. અને મુસલમાનોના હકોને તેઓના સ્થાનોમાં નિખાલસતા અને એક્તાથી બાંધી દીધા છે. હવે મુસલમાન એ જ છે જેના હાથ અને ઝબાન (વાણી-વર્તન)થી બધા મુસલમાનો સલામત રહે, સિવાય એ કે કોઈ હકના કારણે તેના પર હાથ નાખવામાં આવે. અને

કોઈ મુસલમાન માટે મુસલમાનને તકલીફ આપવી જાઈઝ નથી પણ એ કે તેને માટે કોઈ સજ્જડ કારણ હોય.

એ બાબત તરફ આગળ વધો જે દરેકના માટે છે તમારા માટે પણ છે અને તે છે મૃત્યુ. લોકો તમારી પહેલા જઈ ચૂક્યા છે અને તમારો સમય તમને ઘેરી લઈ જઈ રહ્યો છે. સામાન હળવો રાખો જેથી આગળના લોકો સાથે ભળી જાવ એટલા માટે કે એ પહેલાના લોકો પાસે તમારી વાટ જોવરાવવામાં આવે છે.

અલ્લાહથી ડરો, તેના બંદાઓ સંબંધમાં પણ અને શહેરોના સંબંધમાં પણ. એટલા માટે કે તમારાથી જમીનો અને જાનવરોના વિશે પણ સવાલ કરવામાં આવશે. અલ્લાહની ફરમાંબરદારી કરો અને અવજ્ઞા ન કરો. નેકીને જુઓ તો તરત જ લઈ લ્યો અને જો બુરાઈ પર નજર પડી જાય તો એક કોર થઈ જાવ.

* * * * *

# ૧૬૮ - જયારે લોકોએ હ. ઉસ્માનના કાતિલોથી બદલો લેવાની વિનંતી કરી

ભાઈઓ, તમે જે જાણો છો તેનાથી હું અજ્ઞાત નથી. પણ મારી પાસે તેની તાક્ત ક્યાં છે? હજી એ કૌમ પોતાની તાક્ત અને બળ પર સ્થિત છે. તેઓ અમારો અખત્યાર રાખે છે અને અમારી પાસે તેનો અખત્યાર નથી. અને પછી તમારા ગુલામો પણ તેઓની સાથે ઊભા થયા છે અને તમારા ગામડિયા પણ તેઓની આસપાસ ભેગા થઈ ગયા છે. અને તેઓ તમારી વચ્ચે એ હાલતમાં છે કે, તમને જેમ ચાહે યાતના પહોંચાડી શકે છે. શું તમારી નજરમાં તમે જે કાંઈ ચાહો છો તેનો અવાકાશ છે? બેશક, આ માત્ર અજ્ઞાનતા અને મૂર્ખાઈની માંગણી છે અને એ કૌમ પાસે તાક્તનો પ્રવાહ મૌજૂદ છે. આ મામલામાં જો લોકોને ક્રીયાશીલ કરવામાં પણ આવે તો તે અમુક ફિરકામાં વહેંચાઈ જશે. એક ફિરકો એ જ વિચારશે જે તમો વિચારો છો અને બીજું ટોળું તેનાથી ભિન્નલ મત ધરાવતું હશે. ત્રીજો વર્ગ બંનેથી નિષ્પક્ષ બની જશે એટલે યોગ્ય એ જ છે કે સબ્ર કરો ત્યાં સુધી કે લોકો કંઈક

શાંત થઈ જાય અને દિલ રોકાઈ જાય. અને ત્યાર પછી જુઓ કે હું શું કરૂં છું.

ખબરદાર ! કોઈ એવું કામ ન કરતા જે તાકતને નબળી પાડી દે અને શક્તિનો નાશ કરે અને કમઝોરી અને બદનામીનું કારણ બની જાય. હું જ્યાં સુધી શકય હશે આ જંગને રોકી રાખીશ. ત્યાર પછી કોઈ ઇલાજ નહીં રહે તો છેલ્લો ઇલાજ ડામવાનો જ હોય છે.

* * * * *

# ૧૬૯ - જયારે જમલવાળા બસરા તરફ રવાના થયા

અલ્લાહે પોતાના હિદાયત કરનારા રસૂલને બોલતી કિતાબ અને અફર હુકમની સાથે મોકલ્યા છે. તેના હોવા પછી એ જ હલાક થઈ શકે છે જેના મુકદ્દરમાં હલાકત જ હોય. અને નવી નવી બિદઅતો અને નવી નવી શંકાઓ જ હલાક કરવાવાળી હોય છે, પણ એ કે અલ્લાહ જ કોઈને બચાવી લે. અને પરવરદિગાર તરફથી નક્કી થનારો હુકમ જ તમારા કાર્યોનું રક્ષણ કરી શકે છે, એટલે તેને એવી સંપૂર્ણ ફરમાંબરદારી આપી દયો, જે નિંદા પાત્ર ન હોય અને ન કમન (અણગમા)નું પરિણામ હોય. ખુદાની કસમ ! કાં તો તમે એવી ફરમાંબરદારી કરશો, કાં તો તમારી પાસેથી સત્તા છીનવાઈ જશે. અને પછી કદી તમને પાછી નહીં મળે ત્યાં સુધી કે કોઈ અન્યના છત્ર નીચે આશરો લઈ લે.

જુઓ, આ લોકો મારી હુકૂમતથી અસહકાર (નારાઝગી) પર એક થઈ ગયા છે અને હવે હું એ સમય સુધી ધીરજ ધરીશ, જ્યાં સુધી તમારી જમાઅત વિશે કોઈ

સંશય ન જન્મવા પામે. એટલા માટે કે જો તેઓ પોતાની રાઈની કમઝોરી છતાં એ વાતમાં સફળ થઈ ગયા તો મુસલમાનોનો વહીવટ અને વ્યવસ્થા તદ્દન ભાંગી પડશે. એ લોકોએ આ દુનિયાને માત્ર એ લોકથી ઇર્ષાના કારણે માગી છે, જેઓને અલ્લાહે ખલીફા અને હાકિમ બનાવ્યા છે. હવે તેઓ ઇચ્છે છે કે મામલાઓને પાછા પગે જાહેલિયત તરફ પાછા ફેરવે. તમારા માટે મારા ઝિમ્મે આ જ કામ છે કે ખુદાની કિતાબ અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની સુન્નેત પર અમલ કરૂં, તેઓના હકને સ્થાપું અને તેઓની સુન્નાતને ઉચ્ચ અને ઉમદા ઠરાવું.

* * * * *

# ૧૭૦ - હુજ્જત પૂરવાર થઈ જાય તો સત્યની પયરવી વાજીબ છે.

હકની પયરવી સંબંધમાં પૂરવાર થઈ જવા પછી, બસરાના અમુક લોકોને એ આશયથી મોકલ્યા કે જમલવાળા વિશે હઝરતનો મત જાણે જેથી કોઈ પણ પ્રકારનો સંદેહ બાકી ન રહે. તો આપે બધી બાબતોની સંપૂર્ણ ચોખવટ કરી, જેથી સ્પષ્ટ થઈ જાય કે આપ હક પર છે. ત્યાર પછી ફરમાવ્યું કે જયારે હક સ્પષ્ટ થઈ ગયો છે તો મારા હાથે બયઅત કરી લ્યો. તેણે કહ્યું કે હું એક કૌમનો પ્રતિનિધી છું અને તેઓથી મસલત કર્યા વગર પગલું નથી ભરી શકતો. આપે ફરમાવ્યું:

તમારૂં શું ધારવું છે? જો એ કૌમે તમને પ્રતિનિધી બનાવી મોકલ્યો હોત તો જાઓ તલાશ કરો ક્યાં વરસાદ પડયો છે અને પાણી મળવાની કોઈ આશા છે? અને તમે પાછા જઈને પાણી અને હરિયાળીની ખબર આપો અને એ લોકો તમારી વિરૂદ્ધ એવી જગ્યા પસંદ કરે જ્યાં પાણીની અછત અને દુકાળ હોય તો એ સમયે તમે શું કરત? તેણે

કહ્યું: હું તેઓને છોડી પાણી અને અનાજ તરફ ચાલ્યો જાત. આપે ફરમાવ્યું: હવે હાથ લાંબો કરો અને બયતઅ કરી લ્યો કે હિદાયતનું ઝરણું તો તમને મળી ગયું છે. તેણે કહ્યું: હવે હુજ્જત તમામ થઈ ચૂકી અને મારી પાસે ઇન્કારનો કોઈ માર્ગ નથી રહી ગયો અને એમ કહી હઝરતના સાચા હાથ પર બયઅત કરી લીધી.

*ઇતિહાસમાં આ શખ્સને 'કુલયબે જરમી'ના નામથી યાદ કરવામાં આવ્યો છે.*

* * * * *

# ૧૭૧ - સિફફીનના મયદાનમાં જયારે દુશ્મનથી સામ સામે લડવાનો નિર્ણય કર્યો.

અય પરવરદિગાર! જે ઊચ્ચતમ છત (ઊંચા આસમાન) અને સ્થિર અવકાશનો ધણી છે. જેણે આ વાતાવરણને રાત દિવસના માથું છુપાવવાનું સ્થળ અને ચાંદ સૂર્યના પરિભ્રમણનું મયદાન અને સિતારાઓની આવજાનું ક્રીડાંગણ બનાવ્યું છે. તેના રહેવાસીઓ ફરિશ્તાઓના એ વર્ગને બનાવ્યા છે જે તારી ઇબાદત કરવાથી થાક્તા નથી. તું જ આ ધરાનો ધણી છે જેને લોકોનું રહેણાંક બનાવ્યું. અને જાનવરો, કીડાઓ, મકોડાઓ અને અસંખ્ય દીઠ અદીઠ જંતુઓને હરવા ફરવાની જગ્યા બનાવી.

તું જ આ આકાશચુંબી પહાડોનો ધણી છે. જેને ધરાને સ્થિર રાખવા માટે મેખોનો (ખીલ્લી) દરજો આપવામાં આવ્યો છે અને લોકોનો આધાર બનાવ્યો છે.

જો તેં દુશ્મનના સામનામાં વિજય અર્પણ કર્યો તો અમને ઝુલ્મથી બચાવજે, અને હકના સીધા રસ્તા પર કાયમ રાખજે અને જો દુશ્મનને અમારા પર વર્ચસ્વ મળી જાય તો

અમને શહાદતનું સૌભાગ્ય અતા કર અને ફિત્નાથી સલામત રાખ.

## જેહાદની દાવત:

ક્યાં છે એ ઇઝઝત અને આબરૂના રખેવાળ અને મુસીબતો પડવા પછી માન અને નામનું રક્ષણ કરવાવાળા, ઇઝઝત અને ગયરતવાળાઓ, યાદ રાખો અપમાન અને બદનામી તમારી પાછળ છે અને જન્નાત તમારી આગળ.

* * * * *

# ૧૭૨ - ખુદાની હમ્દ, શૂરાનો દિવસ, કુરૈશના ઝુલ્મો અને જમલવાળાઓની લૂંટમારોનો ઝિક્ર

## ખુદાની હમ્દ:

બધી પ્રશંસા એ અલ્લાહના માટે છે જેની સામે એક આસમાન બીજા આસમાનને અને એક જમીન બીજી જમીનને છુપાવી નથી શકતી.

## શુરાનો દિવસ:

એક શખ્સે મને ત્યાં સુધી કહી દીધું કે તમારામાં આ ખિલાફતની લાલસા જોવામાં આવે છે. તો મેં કહ્યું કે ખુદાની કસમ, તમે લોકો વધારે લાલચું છો, જો કે તમે દૂરના છો. હું તો એને પાત્ર પણ છું અને પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમથી વધારે નજીક પણ. મેં એ હકની માંગણી કરી છે જેનો હું હકદાર છું. પણ તમે લોકો મારી અને તેની વચ્ચે આડ બની ગયા છો અને મારી જ દિશા તેના તરફથી વાળવા માગો છો. પછી મેં ભરી મહેફિલમાં દલીલો દ્વારા કાનોના પરદાઓ ખટખટાવ્યા, તો હોશિયાર થઈ ગયો અને એવો દિગમૂઢ થઈ ગયો કે જવાબ સમજમાં નહોતો આવતો.

## કુરૈશની વિરૂદ્ધ ફરિયાદ:

ખુદાયા ! હું કુરૈશ અને તેના મદદગારો સામે તારી મદદ માગું છું કે એ લોકોએ મારા સગપણનો નાતો તોડી નાખ્યો અને મારા ઊંચા સ્થાનને નીચું કરી નાખ્યું. મારાથી એ બાબતમાં ઝઘડો કરવા તૈયાર થઈ ગયા જેનો હું હકદાર હતો અને પછી એ કહેવા લાગ્યા કે આપ તેને લઈ લ્યો તો પણ ખરૂં છે અને તેનાથી હાથ ઉઠાવી લ્યો તો પણ ખરૂં છે.

## જમલવાળાઓ વિશે:

આ જાલિમો એવી રીતે મેદાનમાં આવ્યા કે રસૂલના હરમને એવી રીતે ખેંચીને મેદાનમાં લાવી રહ્યા હતા જેવી રીતે કનીઝોને વેચવા ખરીદવા માટે લઈ જવામાં આવે છે. તેનું મોં બસરા તરફ હતું. એ બંનેએ પોતાની પત્નિઓને ઘરમાં બંધ કરી રાખી હતી અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની જવઝાને મયદાનમાં લાવી રહ્યા હતા. જયારે કે તેઓના લશ્કરમાં એવો કોઈ નહોતો જે પહેલા મારી બયઅત ન કરી ચૂક્યો હોય અને કોઈ પણ દબાણ કે જબરદસ્તી વગર મારી ફરમાબરદારીમાં ન રહી ચૂક્યો હોય.

આ લોકો પહેલા મારા બસરાના ગવર્નર અને બયતુલ માલના ખજાનચી પર હુમ્લો કરી બેઠા તો એક જમાઅતને પકડી કતલ કરી નાખી અને એકને ધોકાથી તલવારને ઘાટ ઉતારી દીધી. ખુદાની કસમ ! જો આ બધા મુસલમાનોમાં એક શખ્સને પણ જાણી જોઈને કત્લ કરી નાખતે તો મારા માટે પૂરા લશ્કરથી જંગ કરવાનું જાઈઝ હોવું મૌજૂદ હતું. કેમકે બીજા લોકો હાજર રહ્યા અને તેઓએ અણગમો ન દેખાડયો અને પોતાની જીભ અથવા હાથથી બચાવ ન કર્યો અને પછી જયારે મુસલમાનોમાંથી આટલા બધા લોકોને કતલ કરી નાખ્યા છે, જેટલી તેઓના પૂરા લશ્કરની સંખ્યા હતી.

# ૧૭૩ - હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ વિશે અને ખિલાફતના હકદાર વિશે સ્પષ્ટીકરણ

પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અલ્લાહની વહીના અમાનતદાર અને અંતિમ પયગમ્બર હતા. અલ્લાહની રહેમતની ખૂશખબરી આપનારા અને અલ્લાહના અઝાબથી ડરાવનારા હતા.

લોકો ! યાદ રાખો આ બાબતના વધારે હકદાર એ જ છે જે સૌથી વધારે બળવાન અને અલ્લાહના દીનથી વાકિફ હોય. એ પછી કોઈ ફિત્નાખોર ફિત્નો ઊભો કરશે, તો પહેલા તેને તૌબાની દાવત આપવામાં આવશે, ત્યારપછી જો ઇન્કાર કરશે તો તેને કતલ કરી નાખવામાં આવશે.

મારી જાનની કસમ, જો ઇમામતનો મસઅલો બધા લોકોની સહમતી સિવાય નક્કી નથી થતો તો આ ઇજતેમાઅનો કોઈ સંભવ જ નથી. બને છે એમ કે હાજર રહેલાઓનો ફેસલો ગેરહાજર લોકો પર લાગુ પડી જાય છે.

હાજર રહેલાને જ પોતાની બયઅતથી રજૂ કરવાનો હક હોય છે અને ન ગાયબને બીજો માર્ગ અપનાવવાનો અધિકાર હોય છે.

યાદ રાખો કે હું બંને પ્રકારના લોકો સાથે જેહાદ કરીશ. તેઓ સાથે પણ જે ગેરહકના દાવેદાર હશે અને એઓથી પણ જે હકદારને તેનો હક નહીં આપે. ખુદાના બંદાઓ ! હું તમને તકવા (અલ્લાહથી ડરવા)ની વસીયત કરૂં છું. કેમકે આ બંદાઓ વચ્ચે શ્રેષ્ઠ વસીયત છે. અને અલ્લાહની સમક્ષ પરિણામના હિસાબે શ્રેષ્ઠ અમલ છે. જુઓ તમારી અને કિબ્લાવાળા મુસલમાનો વચ્ચે જંગનો દરવાજો ખોલી નાખવામાં આવ્યો છે. હવે તેનો અલમ એ જ ઊંચકશે જે સમજદાર અને ધીરજવાન હશે. અને સત્યના કેન્દ્રોને ઓળખનારો હશે. તમારી ફરજ છે કે, મારી આજ્ઞા પ્રમાણે કદમ આગળ વધારો અને હું જ્યાં રોકી લઉં ત્યાં રોકાઈ જાવ. અને ખબરદાર, કોઈ પણ મસઅલામાં સંશોધન કર્યા વગર ઉતાવળ ન કરજો. મને તમે જે વાતોનો ઇન્કાર કરો છો તેમાં અસાધારણ ક્રાંતિનો ખટકો રહે છે.

યાદ રાખો ! આ દુનિયા જેની તમે આરઝૂ કરી રહ્યા છો અને જેનો તમે શોખ પ્રદર્શિત કરી રહ્યા છો અને જે કોઈ દિવસ તમારી દુશ્મની કરે છે. અને કોઈ દિવસ તમને ખૂશ કરી દે છે. એ તમારૂં ખરૂં ઘર અને ખરૂં ઠેકાણું નથી, જેના માટે તમારૂં સર્જન કરવામાં આવ્યું છે. અને જેના તરફ તમને દાવત આપવામાં આવી છે. વળી આ સદા રહેનારી પણ નથી. અને તમે પણ તેમાં સદા રહેનાર નથી. આ જો તમને ક્યારેક ધોકો આપે છે, તો ક્યારેક તમને પોતાના છળથી હોશિયાર પણ કરી દે છે. એટલે તેના ધોકાથી બચો અને તેની ચેતવણી પર અમલ કરો. તેની લાલચને મૂકી દયો અને તેના ડરાવવા પર ધ્યાન આપો. તેમાં રહીને એ ઘરની તરફ આગળ વધો જેની તમને દાવત આપવામાં આવી છે. અને તમારા દિલોનું રૂખ તેના તરફથી વાળી લ્યો અને ખબરદાર, તમારામાંથી કોઈ પણ શખ્સ તેની કોઈ નેઅમતથી વંચિત રહેવા પર કનીઝોની જેમ રોવા ન બેસી જાય. અલ્લાહથી તેની નેઅમતોની પૂર્ણાહૂતિની માંગણી કરો

અને તેની ઇતાઅત પર સબ્ર કરવા અને તેની કિતાબ પર અમલ કરવા મારફત.

યાદ રાખો ! જો તમે દીનના મૂળને રક્ષિત કરી દીધો છે તો દુનિયાની કોઈ ચીજની બરબાદી તમને નૂકસાન નથી પહોંચાડી શકતી. અને જો તમે દીનને બરબાદ કરી દીધો તો દુનિયામાં કોઈ ચીજનું રક્ષણ પણ ફાયદો નથી આપી શકતું. અલ્લાહ આપણા બધાના દિલને હકના માર્ગે લગાવી દે અને બધાને ધીરજની તૌફીક અતા કરે.

* * * * *

# ૧૭૪ - તલહા અને ઝુબેરની જંગ માટે બસરા રવાના થવા સમયે

મને કોઈ પણ કાળમાં ન જંગથી પ્રભાવિત કરી શકાયો છે અને ન શસ્ત્રો અને વારથી ડરાવી શકાયો છે. હું મારા પરવરદિગારની મદદના વાયદા પર સંતોષી છું. અને ખુદાની કસમ એ શખ્સે હ. ઉસ્માનના ખૂનનો બદલો માગવા સાથે તલવાર ખેંચવામાં એટલા માટે ઉતાવળ કરી કે ક્યાંક તેનાથી જ આ ખૂનનો બદલો ન માગવામાં આવે. કેમકે આ વાતની શક્યતા વધારે છે અને કૌમમાં તેનાથી વધારે હ. ઉસ્માનના ખૂનનો પ્યાસો કોઈ નહોતો. હવે તે આ લશ્કરી આક્રમણથી લોકોને ધોકામાં રાખવા માગે છે અને મસઅલાને સંદેહ અને શંકા યુકત બનાવી દેવા માગે છે. જો કે ખુદા ગવાહ છે કે હ. ઉસ્માન ના મામલામાં તેનો મામલો ત્રણ હાલતોથી ખાલી નહોતો.

જો હ . ઉસ્માન  ઝાલિમ હતા, જેમકે તેનો ખ્યાલ હતો, તો તેની ફરજ હતી કે કાતિલોની મદદ કરત અને હ. ઉસ્માનના મદદગારોને ઠુકરાવી દેત. જો તે મઝલુમ હતા તો

તેની ફરજ હતી કે તેના કત્લથી રોકવાવાળાઓ અને તેના તરફથી માફી માગનારાઓમાં ભળી જાત અને જો આ બંને બાબતો શંકાસ્પદ હતી તો તેના માટે એ ઉચિત હતું કે આ મામલાથી અલગ થઈ એક ખુણામાં બેસી જાત અને તેને કૌમને હવાલે કરી દેત. પણ તેણે ત્રણમાંથી એક પણ રીત અખત્યાર ન કરી અને એવી રીત અપનાવી જેના ખરા હોવાનો કોઈ પૂરાવો નહોતો અને તેની માફીનો કોઈ રસ્તો નહોતો.

# ૧૭૫ - ગફલત કરવાવાળાઓને ચેતવણી અને આપના ઇલ્મની સર્વ વ્યાપકતા

*જેમાં બોધપાઠ સાથે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમથી સગપણનો ઉલ્લેખ છે.*

અય તે ગાફિલો ! જેની તરફ ગાફિલ નથી રહી શકાતું અને અય છોડી દેવાવાળાઓ ! જેને છોડી નથી શકાતા. મને શું થઈ ગયું છે કે, હું તમને અલ્લાહથી દૂર ભાગતા અને ગેર ખુદાથી લગાવ રાખનારા જોઈ રહ્યો છું. જાણે તમે એ ઊંટ છો જેને ચરાવનારો એક હલાક કરી દેનારા ચરવાના સ્થળે અને તબાહ કરી નાખનાર ઘાટ પર લઈ આવ્યો હોય, અથવા એ જાનવર છો જેને છરીઓ માટે પાળવામાં આવ્યું છે, કેમકે તેને ખબર નથી કે તેની સાથે લાગણીનો ખરો આશય શું છે? અને જયારે સારો વર્તાવ કરવામાં આવે છે તો એ વિચારે છે એક દિવસ જ પૂરો જમાનો અને આ પેટ ભરવું જ બધું કામ છે.

ખુદાની કસમ ! જો હું ચાહું તો દરેક શખ્સને તેના પ્રવેશનું અને બહાર નિકળવાનું સ્થાન બતાવી શકું છું, અને

બધી હાલતો બતાવી શકું છું. પરંતુ મને ડર છે કે ક્યાંક તમે મારામાં ખોવાઈ જઈને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનો ઇન્કાર ન કરી બેસો. અને યાદ રાખો! હું એ વાતોથી તે લોકોને હર હાલતમાં સચેત કરી દઈશ જેનાથી ગુમરાહીનો ભય નથી. કસમ છે એ પવિત્ર જાતની જેણે તેઓને હકની સાથે મોકલ્યા છે અને લોકોમાં ચુંટી લીધા છે. કેમકે હું સત્ય સિવાય કોઈ વાત કરતો નથી. તેઓએ મને આ બધી વાતો બતાવી દીધી છે, અને દરેક હલાક થનારની હલાક્ત અને નજાત પામનારાની નજાતનો રસ્તો બતાવી દીધો છે. અને આ ખિલાફતના કામકાજને બજાવી લાવવા વિશે પણ પરિચિત કરી દીધેલ છે. અને કોઈ એવી ચીજ નથી જે મારા માથા પર વીતનારી હોય અને તેને મારા કાનોમાં ન નાખી દીધી હોય. અને મારા સુધી પહોંચાડી ન દીધી હોય.

લોકો ! ખુદા ગવાહ છે કે હું તમને કોઈ તાબેદારી પર તૈયાર નથી કરતો પણ પહેલાં હું પોતે તેમાં આગળ વધું છું અને કોઈ ગુનાહથી નથી રોક્તો પણ એ કે પહેલે પોતે તેનાથી દૂર રહું છું.

* * * * *

# ૧૭૬ - બોધ અને શિખામણ, કુરઆનના વખાણ, અને ઝુલ્મના પ્રકાર

*જેમાં બોધપાઠની સાથે કુરઆનની ફઝીલતો અને બિદઅતોની મનાઈનો ઉલ્લેખ છે.*

## કુરઆને હકીમ :

જુઓ, પાલનહારના બયાનથી ફાયદો ઉપાડો. અને તેના બોધપાઠોથી શિખામણ ગ્રહણ કરો. અને તેની નસીહતોને સ્વિકારો કેમકે તેણે સ્પષ્ટ બયાનો દ્વારા તમારૂં દરેક બહાનું ટાળી દીધું છે. અને તમારા પર હુજ્જત તમામ કરી દીધી છે. તમારા માટે ગમતા અને અણગમતા બધા અમલોની ચોખવટ કરી દીધી છે. જેથી તમે એક પ્રકારને અનુસરો અને બીજાથી બચો. કેમકે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ બરાબર ફરમાવ્યા કરતા હતા કે જન્નબતઅણગમાઓથી ઘેરી લેવામાં આવી છે અને જહન્નહમને ઇચ્છાઓના ઘેરામાં નાખી દેવામાં આવી છે.

યાદ રાખો ! કે ખુદાની કોઈ તાબેદારી એવી નથી જેમાં અણગમાનો કોઈ અંશ ન હોય. અને તેની અવગણના

કોઈ એવી નથી જેમાં ઇચ્છાનો કોઈ અંશ ન હોય. અલ્લાહ એ બંદા પર રહેમત ઉતારે છે જે ઇચ્છાઓથી પર થઈ જાય અને મનની ઇચ્છાઓ અને કામનાઓને ઊખેડીને ફેંકી દે છે. કેમકે આ મન ઇચ્છાના પ્રવાહમાં દૂર સુધી ખેંચી લઈ જનાર છે. અને તે હંમેશા ગુનાહોની ઇચ્છા તરફ જ ખેંચે છે.

ખુદાના બંદાઓ ! યાદ રાખો કે મોઅમિન મરદ હંમેશા સવાર સાંજ પોતાના નફસની શંકામાં જ રહે છે. અને તેનાથી નારાજ જ રહે છે અને નારાજીમાં વધારો જ કરતો રહે છે, એટલે તમે પણ તમારી પહેલાના લોકોની જેમ થઈ જાવ જે તમારી આગળ આગળ જઈ રહ્યા છે કેમકે તેઓએ દુનિયાથી પોતાના પડાવ ઉપાડી લીધા છે અને એક મુસાફરની જેમ મંઝિલો પસાર કરતા કરતા આગળ વધી ગયા છે.

યાદ રાખો ! કે આ કુરઆન એવો શિખામણકાર છે જે કદી ધોકો દેતો નથી અને એવો હાદી છે જે ગુમરાહ નથી કરતો. એ બયાન કરવાવાળો છે જે કદી ગલતબયાનીથી કામ લેવાવાળો નથી. કોઈ શખ્સ તેની પાસે નથી બેસતો

પણ જયારે ઊઠે છે તો હિદાયતમાં વધારો કરી લે છે અથવા ઓછામાં ઓછું ગુમરાહી ઓછી કરી લે છે.

યાદ રાખો ! કુરઆનની પછી કોઈ કોઈનો મોહતાજ નથી થઈ શકતો અને કુરઆનની પહેલા બેપરવા નથી થઈ શકતો. તમારી બીમારીઓમાં તેનાથી શિફા મેળવો, અને પોતાના સંકટોમાં તેનાથી મદદ માંગો. કેમકે તેમાં ખરાબમાં ખરાબ બીમારી કુફ્ર અને નિફાક અને ગુમરાહી તથા ભટક્વાનો ઇલાજ પણ મૌજૂદ છે. તેના મારફત અલ્લાહથી માગો અને તેની મોહબ્બતના વાસ્તાથી તેની તરફ રૂખ કરો. અને તેની મારફત લોકોથી સવાલ ન કરો. એટલા માટે કે માલિકથી ધ્યાન ધરવા માટે તેના જેવો કોઈ વસીલો નથી અને યાદ રાખો કે તે એવો ભલામણ કરનારો છે જેની ભલામણ કબૂલ થાય છે. અને એવો બોલવાવાળો છે, જેની વાત સાચી પૂરવાર છે.

જેના માટે કયામતના દિવસે કુરઆન સિફારિશ કરી દે તેના હકમાં શફાઅત કબૂલ છે, અને જેના એબો એ ગણાવી દે એના એબો સમર્થન પામેલા છે. કયામતના દિવસે

એક પોકારનારો અવાજ આપશે દરેક ખેતી કરનાર પોતાની ખેતીમાં અને પોતાના અમલના અંજામમાં અટવાએલ છે. પણ જે પોતાના દિલમાં કુરઆનના બી વાવવાવાળા હતા તેઓ સફળ છે એટલે તમે લોકો એજ લોકોમાં અને કુરઆનની પયરવી કરવાવાળામાં શામિલ થઈ જાવ. તેને માલિકના દરબારમાં આગેવાન બનાવો અને તેનાથી પોતાના નફસ માટે નસીહત મેળવો. અને પોતાના વિચારોને નિંદાપાત્ર સમજો અને પોતાની ઇચ્છાઓને ધોકો ખાધેલ ગણો.

અમલ કરો અમલ. પરિણામ પર ધ્યાન રાખો, પરિણામ પર. અડગતાથી કામ લ્યો, અડગતાથી. સંભાળીને ચાલો સંભાળીને. તમારા માટે એક અંત નક્કી છે, તેના તરફ કદમ આગળ વધારો અને અલ્લાહના દરબારમાં તેના હકોની અદાએગી અને તેના હુકમોની પાબંદી સાથે હાજરી આપો. હું તમારા અમલોનો ગવાહ બનીશ અને કયામતના દિવસે તમારા વતી વકાલત કરીશ.

**શિખામણો:**

યાદ રાખો ! જે થવાનું હતું એ થઈ ગયું. અને ખુદાનો જે ફેંસલો હતો તે સામે આવી ગયો. હું ખુદાના વાયદા અને તેની હુજ્જતના આધારે વાત કરી રહ્યો છું. "બેશક, જે લોકોએ ખુદાને ખુદા માન્યો અને તે વાત પર મક્કમ રહ્યા, તેમના પર ફરિશ્તાઓ એ ખુશખબર સાથે ઊતરે છે કે ખબરદાર ! ડરો નહીં. અને પરેશાન ન થાવ. તમારા માટે આ જન્નદતી બશારત (ખુશખબરી) છે, જેનો તમારાથી વાયદો કરવામાં આવ્યો છે." અને તમે લોકો તો ખુદાને ખુદા કહી ચુક્યા છો, તો હવે તેની કિતાબને વળગી રહો અને તેના હુકમના માર્ગ પર મક્કમ રહો. તેની ઇબાદતના નેક રસ્તા પર જામી રહો અને ત્યાંથી આગળ નિકળો નહીં. અને ન કોઈ બિદઅત ( નવી રસમ) ઊભી કરો અને ન સુન્નીતની અવગણના કરો. એટલા માટે કે અલ્લાહની ફરમાંબરદારીમાંથી નિકળી જનારનો નાતો કયામતના દિવસે પરવરદિગારથી કપાઈ જાય છે. ત્યાર બાદ હોશિયાર રહો કે તમારા અખ્લાકમાં હેરફેર કે અદલીબદલી ન થવા પામે. પોતાની જબાનને એક રાખો અને રક્ષિત રાખો એટલા માટે કે

આ જબાન પોતાના માલિકથી ઘણી મોં મારી (ઝઘડો) કરે છે.

ખુદાની કસમ ! મેં કોઈ મોઅમિન બંદાને નથી જોયો જેણે પોતાના તકવાથી ફાયદો ઉપાડયો હોય પણ એ કે પોતાની જીભને રોકી રાખી હોય. મોઅમિનની જીભ સદા તેના દિલની પાછળ હોય છે અને દંભીનું દિલ સદા જબાનની પાછળ હોય છે. એટલા માટે કે મોઅમિન જયારે વાત કરવા માગે છે તો પહેલા દિલમાં ચિંતન મનન કરે છે અને ત્યારપછી નેક વાણી હોય તો બોલે છે. નહિતર તેને દિલમાં છુપાવી રાખે છે. પરંતુ મુનાફિક (દંભી) જે તેના મોંમા આવે બકી નાખે છે, તેને એ વાતની ચિંતા નથી હોતી કે તેને યોગ્ય છે કે વિરૂદ્ધ છે.

અને પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું છે કે: કોઈનું ઈમાન ત્યાં સુધી દુરસ્ત નથી થઈ શકતું જ્યાં સુધી તેનું દિલ દુરસ્ત ન હોય અને કોઈ શખ્સનું દિલ દુરસ્ત નથી હોઈ શકતું જ્યાં સુધી તેની જબાન દુરસ્ત ન હોય. હવે જે શખ્સ પણ પોતાના પરવરદિગારથી એ સ્થિતિમાં મુલાકાત કરી શકે છે કે, તેના

હાથ મુસલમાનોના ખૂન અને તેઓના માલથી પાક હોય અને તેની જીભ તેઓના અપમાન કરવાથી બચી હોય, તો હર હાલમાં તેણે એમ જરૂર કરવું જોઈએ.

**બિદઅતોની મના:**

યાદ રાખો,મોઅમિન મરદ આ વરસે એ જ ચીજને હલાલ કહે છે જેને ગત વરસે હલાલ કહી ચૂક્યો છે. અને આ વરસે એ જ ચીજને હરામ ગણે છે જેને ગત વરસે હરામ ગણી ચૂક્યો છે. એ લોકોની બિદઅતો અને નવી રસમો અલ્લાહના હરામને હલાલ નથી બનાવી શકતી. હલાલ અને હરામ એ જ છે જેને પરવરદિગારે હલાલ અને હરામ કહી દીધા છે. તમે બધી બાબતો પારખી લીધી છે અને બધાનો કાયદેસર અનુભવ કરી લીધો છે અને તમને પહેલાવાળાની હાલતોથી નસીહત પણ કરાઈ ચૂકી છે અને દ્રષ્ટાંતો પણ આપવામાં આવ્યા છે અને એક સ્પષ્ટ બાબતની દાવત પણ અપાઈ ચૂકી છે કે હવે આ મામલામાં બેહરાપણું નહીં દાખવે પણ એજ જે ખરેખર બહેરો હોય અને આંધળો નહીં બને પણ એ જ કે જે ખરેખર આંધળો હોય, પછી જેને કસોટીઓ અને અનુભવો ફાયદો ન આપી શકે તેને શિખામણો શું ફાયદો

આપશે? તેની સામે માત્ર ખામીઓ જ રહેશે જેના પરિણામે બુરાઈઓને સારી અને અચ્છાઈઓને (સારપને) બૂરી સમજવા લાગશે.

લોકો બે જ પ્રકારના હોય છે, કાં તેઓ જે શરીઅતના પાબંદ છે અથવા એ જેઓ બિદઅતો ઊભી કરે છે અને તેઓ પાસે ન સુન્નીતની કોઈ દલીલ હોય છે ન પરવરદિગારની હુજ્જતની કોઈ રોશની.

**કુરઆન:**

પરવરદિગારે કોઈ શખ્સને કુરઆનથી શ્રેષ્ઠ કોઈ નસીહત નથી ફરમાવી. કેમકે એ જ ખુદાની મજબૂત રસ્સી, અને તેનો અમાનતદાર વસીલો છે, તેમાં દિલોની વસંતનો સામાન અને ઇલ્મના ધોધ છે. અને દિલની સફાઈ તેના સિવાય કંઈ નથી. હવે જો કે નસીહત ગ્રહણ કરનારા જઈ ચૂક્યા છે અને માત્ર ભૂલી જનારા અથવા ભૂલાવી દેનારા બાકી રહી ગયા છે. તો પણ તમે ક્યાંય ભલાઈ જુઓ તો લોકોની મદદ કરો અને કોઈ બુરાઈ જુઓ તો તેનાથી દૂર રહો, કેમકે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ બરાબર ફરમાવતા હતા કે "અય આદમ

પુત્ર, નેકી પર અમલ કર અને બદીની ઉપેક્ષા કર જેથી શ્રેષ્ઠ સુચારિત્ર્યવાન અને મધ્યમમાર્ગી બની જા."

## ઝુલ્મના પ્રકાર:

યાદ રાખો, ઝુલ્મના ત્રણ પ્રકાર છે. એ ઝુલ્મ જે અક્ષમ્ય (માફ ન કરી શકાય તેવા) છે, અને એ ઝુલ્મ જેને છોડી નથી શકાતો અને એ ઝુલ્મ જે માફ થઈ જાય છે, અને તેની પુછા નથી થતી. એ ઝુલ્મ જે માફ નથી થતો તે અલ્લાહનો ભાગીદાર માનવો છે. કેમકે પરવરદિગારે પોતે એલાન કર્યું છે કે તેનો ભાગીદાર બનાવનારને તે માફ નહીં કરે. અને એ ઝુલ્મ જે માફ કરી દેવામાં આવે છે તે ઇન્સાનનો પોતાની જાત પર છે, નાના ગુનાહો વડે. અને એ ઝુલ્મ જેને છોડી નથી શકાતો તે બંદાઓનો એક બીજા પર છે કે અહીં બદલો ઘણો આકરો છે. અને એ માત્ર છરીનો ઘા કે કોરડાનો માર નથી બલ્કે એવી સજા છે જેની સામે આ બધું સાધારણ છે. એટલે ખબરદાર, ખુદાના દીનમાં રંગ બદલાવવાનો પ્રયત્ન ન કરો કેમકે જે હકને તમે નાપસંદ કરો છો તેના પર

સંગઠિત રહેવું એ જૂઠ પર ચાલી વિખરાય જવા કરતા દરેક રીતે વધારે સારૂં છે જેને તમે પસંદ કરો છો.

લોકો ! એ સદભાગી છે જેને પોતાની ખામીઓ બીજાના એબો પર નજર કરવાથી પ્રવૃત રાખે અને મુબારકબાદને પાત્ર એ છે એ શખ્સ જે પોતાના ઘરમાં બેઠો રહે, પોતાની રોઝી ખાય અને પોતાના પાલનહારની ફરમાંબરદારી કરતો રહે અને પોતાના ગુનાહો પર રોતો રહે. તે પોતાની જાતમાં પ્રવૃત રહે અને લોકો તેના તરફથી નચિંત રહે.

* * * * *

# ૧૭૭ - સિફફીન પછી લવાદ વિશે ઉપદેશ

તમારી જમાઅતે જે બે જણાની ચૂંટણી પર સહમતિ કરી લીધી હતી. મેં તો એ બંનેથી શરત કરી લીધી હતી કે તેઓ કુરઆનની સીમાઓની અંદર રહેશે અને તેનાથી હટશે નહીં. તેઓની જબાન તેની સાથે રહેશે અને તેઓ તેની પયરવી કરશે. પરંતુ એ બંને ભટકી ગયા અને હકની સમજી જોઈને (ઇરાદા પૂર્વક ) અવગણના કરી. ઝુલ્મ તેઓની આરઝૂ હતી. અને ઊંધી સમજ તેઓની રાય. જયારે કે આ કનિષ્ટ રાય (ખરાબમત) અને જુલ્મી ફેંસલાની પહેલા જ મેં એ શરત કરી દીધી હતી કે ફેંસલો ન્યાયપૂર્વક કરવામાં આવશે અને હકના પ્રમાણે અમલ કરશે. હવે મારી પાસે પોતાના હકમાં હુજ્જત અને દલીલ મૌજૂદ છે. કેમકે તેઓએ સત્યમાર્ગથી વિમૂખતા કરી છે અને નક્કી થએલ ઠરાવની વિરૂદ્ધ ઊલટો હુકમ આપ્યો છે.

* * * * *

# ૧૭૮ – શહાદત, ઈમાન અને તકવા સંબંધમાં

ન તેના પર કોઈ પરિસ્થિતિ લાગુ પડે છે અને ન તેને કોઈ કાળ બદલી શકે છે. અને ન તેના પર કોઈ મકાન હાવી થઈ શકે છે. ન તેની પ્રશંસા થઈ શકે છે. તેના ઇલ્મથી ન તો વરસાદના ટીપાં છુપા રહે છે અને ન આસમાનના તારાઓ. ન વાતાવરણમાં હવાઓના તોફાન છુપા છે અને ન પત્થરો પર કીડીઓના ચાલવાનો અવાજ અને ન અંધારી રાતમાં તેનું આશ્રય સ્થાન. તે પાંદડાઓના પડવાની જગ્યા પણ જાણે છે અને આંખોના ચોર ઇશારાઓ પણ.

હું ગવાહી આપું છું કે તેના સિવાય કોઈ ખુદા નથી, ન તેનો કોઈ બરોબરીઓ કે સમાન છે અને ન તેના વિષે કોઈ શંકાને સ્થાન છે. ન તેના દીનનો ઇન્કાર કરી શકાય છે. ન તેની રચનાથી ઇન્કાર કરી શકાય છે.

આ ગવાહી એ શખ્સની છે જેની નિય્યત સાચી અને અંતર સાફ છે. તેનું યકીન નિખાલસ અને અમલનું પલ્લું ભારે છે.

અને વળી હું ગવાહી આપું છું કે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તેના બંદા અને

બધા સર્જનોમાં વરાએલા (ચૂંટાયેલ) રસૂલ છે. તેઓને હકીકતના પ્રચાર માટે ચૂંટવામાં આવ્યા છે અને શ્રેષ્ઠ સજ્જનતાઓ માટે ખાસ કરવામાં આવ્યા છે. મહાનતમ પયગામો માટે તેમની ચૂંટણી કરવામાં આવી છે. અને તેઓ મારફત હિદાયતની નિશાનીઓ સ્પષ્ટ કરવામાં આવી છે. અને ગુમરાહીઓના અંધકારને દૂર કરવામાં આવેલ છે.

લોકો ! યાદ રાખો, આ દુનિયા તેના પર આસક્ત (આકર્ષિત) થનાર અને તેની તરફ ખેંચનારાને સદા ધોકો આપે છે. જે તેનો વાંચ્છુ હોય છે તેનાથી કંજૂસી નથી કરતી અને જે તેના પર ગાલિબ આવી જાય છે તેને કાબૂ કરી લ્યે છે. ખુદાની કસમ, કોઈ પણ કૌમ જેની નેઅમતો હરી ભરી અને સંતૃપ્ત જિંદગીમાં હતી અને પછી તેનું એ જીવન બરબાદ થઈ ગયું તો તેનું કારણ તેઓના ગુનાહો સિવાય કોઈ નથી, જેનું આચરણ તે કૌમે કર્યું છે. એટલા માટે કે પરવરદિગાર પોતાના બંદાઓ પર ઝુલ્મ નથી કરતો. એ છતાં જે લોકો પર કોપ ઊતરે છે અને નેઅમતો ક્ષીણ થઈ જાય છે, તેઓ જો સાચી ભાવનાથી અને દિલ લગાવીને પરવરદિગારના દરબારમાં ફરિયાદ કરે તો તે ચાલી ગએલી

નેઅમતોને પાછી આપશે અને બગડેલા કામોને સુધારી દેશે. હું તમારા વિશે એ વાતથી ડરૂં છું કે ક્યાંક તમે જહાલત અને નાદાનીમાં ન પડી જાઓ. ઘણાય મામલાઓ એવા વીતી ચૂક્યા છે જેમાં તમારૂં વલણ એ રૂખ તરફ હતું જેમાં તમો તદ્દન વખાણવા લાયક નહોતા. હવે જો તમને પહેલાની ચાલ તરફ પાછા વાળવામાં આવે તો પણ સદભાગી બની શકો છો. પરંતુ મારી જવાબદારી માત્ર મહેનત કરવાની છે અને જો હું કહેવા માગું તો એ જ કહી શકું છું કે પરવરદિગાર ગત બાબતોને માફ કરી દે છે.

* * * * *

# ૧૭૯ - ઝઅલબે યમાનીનો પાલનહારના જોવાના સંબંધમાં સવાલ અને આપનો જવાબ

જયારે ઝઅલબ યમાનીએ પૂછયું કે "અય અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ, શું આપે પોતાના પાલનહારને જોયો છે?" તો આપે ફરમાવ્યું: "શું હું એવા પાલનહારની ઇબાદત કરી શકું છું જેને જોયો પણ ન હોય?" અરજ કરી: મૌલા તેને કઈ રીતે જોઈ શકાય છે? આપે ફરમાવ્યું:

તેને નજરો નરી આંખે નથી જોઈ શકતી. તેનું ભાન દિલોને ઈમાનની હકીકતના આધારે પ્રાપ્ત થાય છે. તે વસ્તુઓથી નિકટ છે પણ શારીરિક મિલાપની બિના પર નહીં. અને દૂર પણ છે પરંતુ જુદાઈના આધારે નહીં. તે બોલે છે પણ વિચારનો મોહતાજ નથી. અને તે નિશ્ચય કરે છે, પણ તેને વિચારવાની જરૂરત નથી. તે અંગ ઉપાંગ વગર કારીગર છે અને વગર છુપાયે સુક્ષ્મ છે. એવો મહાન છે કે નાનાઓ

પર ઝુલ્મ નથી કરતો. અને એવો જોનાર છે જેની પાસે ઇન્દ્રિયો નથી. અને તેની રહેમતમાં દિલની નમ્રતા ભળેલી નથી. બધા ચહેરાઓ તેની મહાનતા સામે હકીર અને લાચાર છે. અને બધા દિલો તેના ખૌફથી ધ્રુજે છે.

* * * * *

# ૧૮૦ - પોતાના નાફરમાન સાથીઓની ટીકામાં ફરમાવ્યું

હું ખુદાનો આભાર માનું છું એ બાબતો પર જે વીતી ગઈ અને એ કાર્યો પર જે તેણે નિર્માણ કર્યા છે. અને મારૂં તમારી સાથે સંડોવાવા પર પણ. અય તે લોકો, જેને હું હુકમ આપું છું તો બજાવી નથી લાવતા. અને અવાજ આપું છું તો જવાબ નથી આપતા. તમને મોહલત આપવામાં આવે છે તો ઘણી વાતો બનાવો છો અને જંગમાં ભેળવી દેવામાં આવે છે તો કાયરતા બતાવો છે. લોકો કોઈ ઇમામ પર ભેગા કરે છે તો વાંધો ઉઠાવો છો અને ઘેરીને સામના માટે લાવવામાં આવે છે તો ભાગી જાવ છો.

તમારા દુશ્મનોનો સત્યનાશ જાય, આખર તમે મારી સહાય અને તમારા હક માટે કોની વાટ જોઈ રહ્યા છો? મૃત્યુની કે અધોગતિની? ખુદાની કસમ ! જો મારો દિવસ આવી ગયો જે કોઈ પણ સંજોગોમાં આવવાવાળો છે. તો મારી અને તમારી વચ્ચે એ સ્થિતિમાં જુદાઈ થશે કે હું

તમારા સંગાથથી ઉચાટ દિલ હોઈશ અને તમારી હાજરીથી વધારે સંખ્યામાં હોવાની લાગણી નહીં જન્મે.

ખુદા તમારૂં ભલું કરે શું ! તમારી પાસે કોઈ દીન નથી? જે તમને સંગઠિત કરી શકે ન કોઈ ગયરત છે જે તમને ઉત્તેજી શકે. શું આ વાત આશ્ચર્યજનક નથી કે મુઆવિયા પોતાના ઝાલિમ અને દુષ્ટ સાથીઓને બોલાવે છે તો કોઈ મદદ અને ભેટ વગર પણ તેની તાબેદારી કરી લે છે. અને હું તમને દાવત આપું છું અને તમને ભેટોનો વાયદો પણ કરૂં છું તો તમે મારાથી જુદા થઈ જાવ છો અને મારો વિરોધ કરો છો. જો કે તમે જ હવે ઇસ્લામનો વારસો અને બાકી બચેલા લોકો છો.

અફસોસ, તમારી તરફ મારા રાજીપાની કોઈ એવી વાત નથી આવતી જેનાથી તમે રાજી થઈ જાવ અને મારી નારાજગીનો કોઈ પ્રશ્ન એવો નથી આવતો જેનાથી તમે પણ નારાજ થઈ જાવ. હવે તો મારા માટે સૌથી વધારે પ્રિય વસ્તુ જેને હું મળવા માગું છું તે માત્ર મૃત્યુ જ છે. મેં તમને ખુદાની કિતાબ શિખવાડી, તમારી સામે ખૂલ્લી દલીલો રજૂ કરી, જેને

તમે ઓળખતા નહોતા એને ઓળખાવ્યા, અને જેને તમે ધિક્કારતા હતા તેને પ્રિય બનાવ્યા. પણ આ બધુ ત્યારે જ ઉપયોગી છે જયારે આંધળાને કંઈ દેખાય અને સૂતેલો જાગૃત થાય. એ કૌમ જહાલતથી કેટલી નજીક છે જેનો આગેવાન મુઆવિયા હોય અને તેને સંસ્કાર શિખવનાર નાબેગાનો પુત્ર હોય.

* * * * *

# ૧૮૧ - એ જમાત સંબંધમાં ઇરશાદ જે ખારજીઓથી મળી જવાનો નિર્ણય કરી ચૂકી હતી.

જયારે આપે એક શખ્સને એની ખાતરી કરવા મોકલ્યો, જે ખારજીઓથી મળવા માગતી હતી અને હઝરતથી ડરતી હતી અને એ શખ્સ પાછો આવ્યો તો આપે પૂછયું: શું તે લોકો નચિંત થઈને બેસી ગયા છે કે કાયરતાનું પ્રદર્શન કરી નિકળી પડયા છે. તેણે કહ્યું: તેઓ કૂચ કરી ચૂક્યા છે. તો આપે ફરમાવ્યું:

ખુદા તેઓનો કૌમે સમૂદની જેમ નાશ કરે. યાદ રાખો જયારે ભાલાની અણીઓ તેઓની તરફ સીધી કરી દેવામાં આવશે અને તલવારો તેઓના માથા પર વરસવા લાગશે તો તેઓ પોતાના કર્યા પર પસ્તાવો કરશે. આજે શયતાને તેઓને વિખેરી નાખ્યા છે અને કાલે એ જ તેઓથી નફરત અને અલગ હોવાનું એલાન કરશે. હવે તેઓ માટે હિદાયતથી નિકળી જવું, અંધકાર અને ગુમરાહીમાં પડી જવું,

સાચી રાહથી રોકી દેવું અને ગુમરાહીમાં મોં મારી (બદકલામી)કરવી એ જ તેઓનો નાશ કરવા માટે પૂરતા છે.

* * * * *

# ૧૮૨ - અલ્લાહની નિષ્કલંક પવિત્રતા, પહેલાની ઉમ્મતોની સ્થિતિ, સિફફીનના શહીદો પર શોક વ્યકત કરવો

નોફ બકાલીથી રિવાયત કરવામાં આવી છે કે, હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામે એક દિવસ કૂફામાં એક પત્થર પર ઊભા રહી ખૂત્બો ઇરશાદ ફરમાવ્યો, જેને જોઅદા બિન હમીરા મખઝૂમીએ ખોડયો હતો અને એ સમયે આપ ઊનનો જભ્ભો પહેરેલ હતા અને આપની તલવારની મ્યાન પણ ખજૂરના પાંદડાની હતી અને પગોમાં ખજૂરના પત્તાના જોડા હતા. આપના મુબારક લલાટ પર સજદાના ગઠ્ઠા દેખાતા હતા. આપે ફરમાવ્યું:

સર્વ પ્રશંસા એ અલ્લાહના માટે છે જેના પ્રતિ લોકોનું પરાવર્તન (પાછાફરવું)અને બધા કામોનો અંત છે. હું તેની સ્તૂતિ (હમ્દ) કરૂ છું તેના મહાન ઉપકારો, સ્પષ્ટ દલીલો અને વધતા જતા દાન પ્રદાનો પર. એ હમ્દ (સ્તૂતિ) જે તેના હકને પૂરો કરી શકે અને તેનો આભાર વ્યક્ત કરી શકે. તેના

સવાબને નજીક કરી શકે અને નેઅમતોમાં વધારાનું કારણ બની શકે. હું તેનાથી મદદ માગું છું એ બંદાની જેમ જે તેના ફઝલનો ઉમ્મીદવાર હોય. તેના નફાનો આશાવંત હોય. તેની યાતનાઓ ટળવા પર યકીન રાખતો હોય, તેની મહેરબાનીનો સ્વીકાર કરનારો હોય. અને વાણી વર્તનમાં તેના પર સંપૂર્ણ ભરોસો કરવાવાળો હોય.

હું તેના પર ઈમાન રાખું છું એ બંદાની જેમ, જે યકીન સાથે તેનાથી આશા રાખતો હોય અને ઈમાનની સાથે તેના પ્રતિ ધ્યાનમગ્ન હોય. આસ્થાપૂર્વક તેના દરબારમાં સજદો કરતો હોય અને તવહીદની સાથે તેની નિખાલસતા રાખતો હોય. બુઝુર્ગીની ભાવના સાથે તેની મહાનતાનો સ્વીકાર કરતો હોય અને શોખ અને પ્રયત્નો સાથે તેના શરણમાં આવ્યો હોય.

તેને પેદા નથી કરવામાં આવ્યો કે કોઈ તેના માનમાં ભાગીદાર બની જાય. અને તેણે કોઈ પુત્ર નથી પેદા કર્યો કે પોતે મરી જાય અને પુત્ર વારસ બની જાય. ન તેના પહેલા કોઈ સમય અને સ્થળ હતા ન તેમાં કોઈ વધઘટ થતી

હતી. તેણે પોતાની અફર યોજના અને પોતાના નિશ્ચિત ચુકાદાના આધારે પોતાને બુધ્ધિઓ સમક્ષ તદ્દન સ્પષ્ટ અને આશકાર (રોશન) કરી દીધો છે. તેની રચનાના ગવાહોમાં એ આસમાનોની રચના પણ છે જેને વગર સ્તંભે રોકી રાખેલ છે અને વગર આધારે ઊભા કરી દીધા છે. તેણે તેઓને બોલાવ્યા તો બધા જી હજૂર કહેતા હાજર થઈ ગયા, ફરમાંબરદારી અને આસ્થા સાથે, ન કોઈ પ્રકારની આળસ કે વિલંબ વગર. અને દેખીતું છે કે એ આસમાનોએ તેના પાલનહારપણાનો આ રીતે સ્વીકાર ન કર્યો હોત અને તેની સામે સ્વીકારનું માથું ન નમાવ્યું હોત, તો તેને કદી પણ પોતાના અર્શનું સ્થળ, ફરિશ્તાઓનું રહેઠાણ, પાક કલમા અને નેક આમાલોની ઊચ્ચતાનું કેન્દ્ર ન બનાવત. તેણે તેઓના સિતારાઓને પરેશાન અને ભટકતા પ્રવાસીઓ માટે મંઝિલના એંધાણ બનાવી દીધા છે. તેઓના પ્રકાશના કિરણોને જમીન સુધી પહોંચવાથી ન અંધારી રાતની કાલિમા રોકી શકી છે અને ન રાતની કાળી ચાદરમાં એટલો દમ છે કે આસમાનોમાં ફેલાએલા ચંદ્રના નૂરની રોશનીને રોકી શકે.

પાક અને બેનિયાઝ છે એ ખુદા જેનાથી ન અંધારી રાતની કાળાશ છુપી છે ન સ્થિર રાત્રીનું અંધારૂં, ન નીચલી ધરાના (જમીનના પેટાળ) પ્રદેશોમાં ન આપસમાં જોડાએલા પહાડોની શીખરોમાં, તેના માટે ન આસમાનની ઊંચાઈ પર ચમકતી વીજળીની ગર્જના છુપી છે અને ન વાદળોની ચમકતી વીજળીઓ, ન વૃક્ષોથી ખરતા પાંદડાઓ, જેને વાદળો સાથે ચાલતી હવાઓ અથવા મૂશળધાર વર્ષા ખેરવી નાખે છે. તે દરેક બિંદુના પડવાની જગ્યા પણ જાણે છે અને રોકાવાની જગ્યા પણ. દરેક કીડીના ચાલવાની જગ્યાથી પણ જાણકાર છે. અને ખેંચાઈને પહોંચવાના સ્થળને પણ, તે આ પણ જાણે છે કે મચ્છરને કેટલો ખોરાક પૂરતો છે અને એ પણ જાણે છે કે માદા પોતાના પેટમાં શું લઈને ફરી રહી છે.

સઘળી પ્રશંસા એ ખુદાની જે એ સમયે પણ હતો, જયારે ન કુરસી હતી, ન અર્શ. ન આસમાન હતા ન જમીન. ન જીન્નાક્ત હતા, ન ઇન્સાન. ન કલ્પનાઓથી તેને સમજી શકાય છે ન સમજ બુધ્ધિથી તેનું અનુમાન કરી શકાય છે. ન કોઈ માગનાર તેને પ્રવૃત (મશગુલ) કરી શકે છે ન કોઈ

દાનથી તેના ખજાનામાં કંઈ કમી થાય છે. તે ન આંખથી જુએ છે અને ન કોઈ સ્થળમાં સંકુચિત છે. ન સાથીઓ સાથે તેના વખાણ થઈ શકે છે અને ન અંગો અવયવો વડે કોઈ વસ્તુને સર્જે છે. ઇન્દ્રિયો તેને સમજી નથી શકતી અને ન ઇન્સાનો પર તેની કલ્પના કરી શકાય છે. તેણે મૂસા સાથે વાત કરી ( કલીમ બનાવ્યા) તો તેમને મહાન નિશાનીઓ પણ દેખાડી દીધી, જો કે ન અવયવો નો ઉપયોગ કર્યો ન સાધનોનો. ન કોઈ જીભ વચમાં હતી ન ગળાના કાકડાની હરકત.

અય ખુદાના ગુણો ગાવામાં વિના કારણ શ્રમ લેનારાઓ ! જો તમારા વિચારમાં કોઈ સચ્ચાઈ હોય તો પહેલા જિબ્રઈલ અને મિકાઈલ અને તેના બીજા નિકટના ફરિશ્તાઓના ગુણો ગણાવો. જેઓ પવિત્રતાની ઓરડીઓમાં નતમસ્તક પડયા છે. અને તેઓની બુધ્ધિઓ હયરાન છે કે શ્રેષ્ઠ સર્જનહારની સ્તૂતિ કઈ રીતે કરે.

યાદ રાખો ! સિફતો દ્વારા તેની ઓળખ થાય છે, જેના રંગ રૂપ હોય છે અને જેના અંગો અવયવો હોય છે અને જે પોતાની અંતિમ સીમાએ પહોંચી નાશ પામે છે.

એટલે તેના સિવાય કોઈ ખુદા નથી જેણે પોતાના અસ્તિત્વના નૂરથી અંધકારને પ્રકાશિત કરી દીધો, અને પછી નાશના અંધકારથી દરેક નૂરાની વસ્તુને અંધારી કરી દીધી.

ખુદાના બંદાઓ ! હું તમને એ ખુદાથી ડરવાની દાવત આપું છું જેણે તમને શ્રેષ્ઠ વસ્ત્રો પહેરાવ્યા, અને તમારી સંપૂર્ણ રોઝીની વ્યવસ્થા કરી, યાદ રાખો ! જો કોઈ એવા શખ્સ હોત જેને અનંતના સોપાન મળી જાતે અને તે મૌતને ટાળવાનો માર્ગ શોધી લેત તો તે સુલેમાન ઉબ્ને દાવૂદ હોત, જેના માટે જિન્નાતો અને ઇન્સાનો બંનેને આધિન કરી દેવામાં આવ્યા હતા, અને વળી નબુવ્વત અને અલ્લાહની નિકટતાનું સૌભાગ્ય પણ પ્રાપ્ત હતું. પરંતુ જયારે પણ તેઓએ પોતાના ભાગનો ખોરાક આરોગી લીધો. અને પોતાનો જીવનકાળ પુરો કરી લીધો, તો નાશના કામઠાંએ મૃત્યુના તીરો ચલાવ્યા અને બધા પ્રદેશો તેનાથી ખાલી થઈ

ગયા અને બધા મહેલો બેકાર બનીને રહી ગયા. અને બીજી કૌમો તેમની વારસદાર બની ગઈ અને તમારા માટે તેઓને ગત કૌમોમાં ધડો (નસીહત) લેવાનું સાધન બનાવ્યા છે.

ક્યાં છે ( શામ અને હિજાઝના) અમાલિકો (રાજકર્તાઓ) અને તેઓના વંશજો? ક્યાં છે ( મિસરના) ફિરઓનો અને તેના વંશજો? ક્યાં છે ( આઝરબાઈજાનના) અસહાબે રસ? જેઓએ નબીઓને કતલ કર્યા. મૂરસલોની સુન્નતતોને ચૂપ કરી અને બળજોરી કરનારાઓની સુન્નીતોને જીવતી કરી દીધી હતી. ક્યાં છે એ લોકો જેઓ લશ્કર લઈને આગળ વધ્યા અને હજારો હજારોને પરાજિત કરી દીધા. લશ્કર પર લશ્કર તૈયાર કર્યા અને શહેરોના શહેરો વસાવી દીધા.

**( આ જ ખુત્બાનો એક ભાગ)**

તેણે હિકમતની ઢાલ શરીર પર સજાવી હશે, અને તેને પૂરી સભ્યતા સાથે અખત્યાર કરેલ હશે કે તેની તરફ ધ્યાન આપશે. તેની મઅરેફત રાખતો હશે. અને તેના માટે સંપૂર્ણ નિવૃત હશે. આ હિકમત તેની દ્રષ્ટિમાં એક ખોવાએલ

દોલત હશે. જેને શોધી રહ્યો હશે. અને એવી જરૂરત હશે જેના વિશે પૂછપરછ કરતો હશે. તે ઇસ્લામની બેવતની સાથે બેવતન થાશે અને એ ઊંટની જેમ હશે જે થાકીને જમીન પર પછાડી ખાતો હોય અને છાતી જમીન પર ટેકાવેલ હોય. અલ્લાહની હુજ્જતમાંથી અંતિમ હુજ્જત અને તેના ખલીફ઼ાઓમાંથી એક ખલીફ઼ા.

લોકો ! મેં તમારા માટે એ બધી શિખામણો રજૂ કરી દીધી છે જે નબીઓએ પોતાની ઉમ્મતોના સામે રજૂ કરી હતી. અને તમારા સુધી એ બધી હિદાયતોને પહોંચાડી દીધી છે. જે વલીઓએ અનુગામીઓને સોંપી હતી. મેં મારા ચાબખાથી તમને ચેતાવ્યા પણ તમે સીધા ન થયા. અને ધાક ધમકીથી તમને હાંકવા ચાહ્યું પણ તમે એક ન થયા. અલ્લાહ જ તમને સમજે. શું મારા પછી કોઈ અન્ય ઇમામની વાટ જુઓ છો? જે તમને સીધા માર્ગ પર લઈ આવશે. અને હક માર્ગની હિદાયત કરશે.

યાદ રાખો, જે ચીજોએ દુનિયાની તરફ઼ મોં ર્ક્યું હતું તેઓએ મોં ફ઼ેરવી લીધું છે. અને જેણે મોં ફ઼ેરવેલું હતું, તેઓએ

રૂખ કરી લીધું છે. અલ્લાહના નેક બંદાઓએ અહીંથી કૂચ કરવાનો નિર્ણય કરી લીધો છે. અને દુનિયાની એ ટૂંકી મૂડી, જે બાકી રહેવાવાળી નથી તેને વેચી નાખી છે. તે આખેરતના અઢળક બદલામાં જે નાશવંત નથી. આપણા એ ઈમાની ભાઈઓ જેઓનું રક્ત સિફ્ફીનના મયદાનમાં વહાવવામાં આવ્યું, તેઓને શું નૂકસાન થયું છે? જો તેઓ આજે દુનિયામાં સંકટોના ઘૂટડા પીવા જીવતા નથી અને ગંદા પાણી પર ગુજારો કરવા હયાત નથી તેઓ ખુદાના દરબારમાં હાજર થઈ ગયા અને તેઓને તેનો સંપૂર્ણ બદલો મળી ગયો. માલિકે તેમને ખૌફ પછી અમાનની મંઝિલમાં ઉતારી દીધા છે.

ક્યાં છે મારા એ ભાઈ જેઓ સીધા માર્ગ પર ચાલ્યા અને હકને રસ્તે વળગી (લાગી) રહ્યા. ક્યાં છે અમ્માર ! ક્યાં છે ઇબ્નુત્તિહાન? ક્યાં છે ઝૂ શહાદતયન? ક્યાં છે તેઓ જેવા ઈમાની ભાઈ જેઓએ મૌતના બોલવચન બાંધી લીધા હતા અને જેના મસ્તકો અત્યાચારીઓ પાસે મોકલી દેવામાં

આવ્યા. *(આમ કહી આપે દાઢી મુબારક પર હાથ ફેરવ્યો અને ક્યાંય સુધ રોતા રહ્યા, ત્યારપછી ફરમાવ્યું:)*

આહ ! મારા એ ભાઈઓ પર જેઓએ કુરઆનની તિલાવત કરી તો તેને અખંડ બનાવ્યું. અને ફરજો પર ચિંતન મનન કર્યું તો તેને સ્થાપિત કરી. સુન્ન તોને જીવંત કરી અને બિદઅતોને દફનાવી દીધી. તેઓને જેહાદ કરવા માટે બોલાવ્યા તો દોડતા આવ્યા અને પોતાના આગેવાન પર ભરોસો કર્યો તેઓ તેની આજ્ઞા પણ પાળી.

( ત્યાર પછી ઊંચા સાદે પોકારી ફરમાવ્યું:) જેહાદ, જેહાદ, અય ખુદાના બંદાઓ હોશિયાર થઈ જાવ કે આ જ હું મારૂં લશ્કર તૈયાર કરી રહ્યો છું, જો કોઈ અલ્લાહના દરબારમાં જાવા માગતો હોય તો નિકળવા તૈયાર થઈ જાય.

નોફનું કહેવું છે કે, ત્યારપછી હઝરતે દસ હજારનું લશ્કર હઝરત ઇમામ હુસૈન અલય્હિસ્સલામ સાથે, દસ હજાર કૈસ બિન સઅદની સાથે, દસ હજાર અબૂ અય્યુબ અન્સારી સાથે અને આમ વિવિધ સંખ્યામાં વિવિધ લોકો સાથે તૈયાર કર્યા અને આપનો આશય (હેતુ) ફરી સિફફીનની તરફ કૂચ

કરવાનો હતો કે આવતો જુમ્આ આવતા પહેલાં જ આપને ઇબ્ને મુલજિમે ઝખ્મી કરી દીધા અને આ રીતે પુરૂં લશ્કર પાછું ફર્યું અને અમે લોકો એ ચોપગા જાનવરો જેવા થઈ જેનો રખેવાળ ખોવાઈ જાય, અને તેને ચારે બાજુથી વરૂઓ ઉઠાવી લઈ જવાની તાકમાં હોય.

* * * * *

# ૧૮૩ - ખુદાવંદે આલમના વખાણ, કુરઆનના ગુણગાન અને તકવાની વસીયત

બધી પ્રશંસા એ અલ્લાહ માટે, જે વગર જોયે પણ ઓળખી લેવાયો છે. વગર શ્રમે સર્જન કરનાર છે. તેણે સૃષ્ટિને પોતાની શક્તિથી સર્જી અને પોતાની ઇઝઝતના આધારે તેનાથી ઇબાદતની માંગણી કરી. તે પોતાના દાન, પ્રદાનમાં સૃષ્ટિના મોટેરાઓથી વધારે મોટો છે. તેણે આ દુનિયામાં પોતાની મખ્લૂકોને વસાવી છે. અને જિન્નાત અને ઇન્સાન તરફ પોતાના રસૂલો મોકલ્યા છે. જેથી તે આંખ સામેથી પરદાઓ હટાવી દે. અને નૂક્સાનોથી સચેત કરી દે. દ્રષ્ટાંતો બયાન કરી દે અને ખામીઓથી ખબરદાર કરી દે. તંદુરસ્તી અને બીમારીથી થતા ફેરફારોથી ઘડો (નસીહત) લેવાનું સૂચવે. અને હલાલ અને હરામ અને તાબેદારી કરનારાઓ માટે નક્કી કરેલ અજ્ર અને નાફરમાનીઓ માટેના અઝાબથી સચેત કરી દે. હું તેની પવિત્ર હસ્તીની એ જ રીતે હમ્દ કરૂં છું, જેવી રીતે બંદાઓથી માંગી છે. અને દરેક

વસ્તુનું એક પ્રમાણ નક્કી છે અને દરેક કદરની એક મોહલત રાખી છે. અને દરેક લખાણથી એક મુદ્દત નક્કી છે.

જુઓ, કુરઆન આજ્ઞા કરવાવાળું પણ છે અને રોક્વાવાળું પણ. તે ચૂપ પણ છે અને બોલતું પણ. તે લોકો પર પરવરદિગારની હુજ્જત છે. જેનું લોકોથી વચન લેવામાં આવ્યું છે અને તેઓના નફસોને તેના પાબંદ બનાવવામાં આવ્યા છે, માલિકે તેના નૂરને સંપૂર્ણ બનાવ્યું છે અને તેના દ્વારા દીનને સંપૂર્ણ ઠરાવ્યો છે. પોતાના પયગમ્બરને તે સમયે પોતાની પાસે બોલાવ્યા છે, જયારે તેઓ તેના હુકમો મારફત લોકોને હિદાયત કરી ચૂક્યા હતા. એટલે પરવરદિગારની મહાનતાનો સ્વિકાર એવી રીતે કરો જે રીતે તેણે પોતાની મહાનતાનું એલાન ર્ક્યું છે. કેમકે તેણે દીનની કોઈ વાતને છુપી નથી રાખી અને કોઈ ગમતી કે અણગમતી વાત નથી રહેવા દીધી જેના માટે સ્પષ્ટ હિદાયતની નિશાની ન બનાવી દીધી હોય, અથવા કોઈ અફર આયત ન ઉતારી દીધી હોય, જેના દ્વારા રોકી શકાય અથવા દાવત આપી શકાય, તેનો રાજીપો અને નારાજી ભવિષ્યમાં પણ એવી જ

રહેશે જેવી રીતે ઉતારવા સમયે હતી, અને આ યાદ રાખો કે એ તમારાથી એવી વાત પર રાજી નહીં થાય જેના પર પૂરોગામીઓ પર નારાજ થઈ ચૂક્યો હોય. અને ન એવી કોઈ વાતથી નારાજ થશે જેના પર પૂરોગામીઓથી રાજી થઈ ચૂક્યો હોય. તમે તદ્દન સ્પષ્ટ પગલાઓ પર ચાલી રહ્યા છો અને એ જ વાતોનું પુનરાવર્તન કરી રહ્યા છો જે પહેલાના લોકો કરી ચૂક્યા છે. તેણે તમને દુનિયાના શ્રમથી બચાવી લીધા છે અને તમને શુક્ર પર તત્પર કર્યા છે અને તમારી જીભેથી ઝિક્રની માંગણી કરી છે.

તમને તકવાની નસીહત કરી છે અને તેને પોતાની મરજીની અંતિમ હદ ઠરાવી છે. અને એ જ લોકોથી તેની માંગણી છે. એટલે તેનાથી ડરો જેની નજર સમક્ષ છો. અને જેના હાથોમાં તમારૂં કપાળ છે, અને જેની શક્તિની પકડમાં પડખાઓ બદલી રહ્યા છો. કેમકે જો કોઈ વાત પર પડદો નાખવા માગતા હો તો તે જાણે છે અને જો એલાન કરવા ચાહો તો તે જોઈ લે છે. અને તમારા પર માનનિય ફરિશ્તાઓને કર્મો લખવા નિયુક્ત કરી દીધા છે. જે કોઈ હકને

જતો નથી કરી શકતા અને કોઈ બાતિલને લખી નથી શકતા. અને યાદ રાખો કે જે કોઈ પણ અલ્લાહનો તક્વો ઇખત્યાર કરે છે, પરવરદિગાર તેના માટે આપત્તિઓમાંથી બહાર નિકળવાનો માર્ગ કરી દે છે, અને તેને અંધકારમાં નૂર આપે છે. તેને નફસની બધી માંગણીઓ વચ્ચે સદાનું જીવન અર્પણ કરે છે. અને માનના સ્થાનમાં ઉતારે છે. એ ઘરમાં, જેને પોતા માટે પસંદ કર્યું છે. જેનો છાંયો તેનો અર્શ છે. અને જેનું નૂર તેની પ્રતિભા છે. તેના દર્શકો ફરિશ્તા છે અને તેના સાથીઓ મૂરસલો. હવે તમારા પરાવર્તન તરફ આગળ ધપો. અને મરવા પહેલા સામાન એકઠો કરી લ્યો કે ટૂંક સમયમાં જ લોકોની આશાઓ કપાઈ જનારી છે. અને મૃત્યુનો ફંદો ગળામાં પડવાવાળો છે. જયારે તૌબાનો દરવાજો પણ બંધ થઈ જશે.

હજી તમે એ સ્થળે છો જે જગ્યાએ પૂરોગામીઓ પાછા ફરવા તડપી રહ્યા છે. અને તમે પ્રવાસી છો અને આ ઘરેથી પ્રસ્થાન કરવાવાળા છો, જે તમારૂ ખરૂં ઘર નથી. તમને કૂચની ખબર અપાઈ ચૂકી છે. અને વાટખર્ચી ભેગી

કરવાનો હુકમ અપાઈ ચૂક્યો છે. અને એ યાદ રાખો કે આ નરમ અને કુમળી ત્વચા જહન્ન મની આગ સહન કરી શકતી નથી. એટલે ખુદાના વાસ્તે તમારા નફસો પર દયા કરો કેમકે તમે તેને દુનિયાની મુસીબતોમાં અજમાવી ચૂક્યા છો. શું તમે નથી જોયું કે તમારી કેવી હાલત થાય છે જયારે એક કાંટો ખૂંચી જાય છે? અથવા એક ઠેસ લાગવાથી ખૂન નિકળી આવે છે? અથવા કોઈ રેતી તપવા લાગે છે, ત્યારે એ સમયે તમારૂં શું થશે, જયારે તમે જહન્નેમના બે સ્તરોની વચ્ચે હશો? સળગતા પથ્થરોના પડખામાં અને શયતાનોના પડોશમાં, શું તમને એ ખબર છે કે માલિક (જહન્મનો ચોકીદાર) જયારે આગ પર કોપાયમાન થાય છે તો તેના ભાગો એક બીજાથી ટકારાવા લાગે છે અને જયારે તેને ઝાટકે છે તો તે ગભરાઈને દરવાજાઓની વચ્ચે ઉછળવા લાગે છે.

એ વયોવૃધ્ધ, જેના પર વૃધ્ધાવસ્થા છવાઈ ચૂકી છે. તે સમયે તારી શું સ્થિતિ હશે? જયારે જહન્ન મના તોક ગરદનની હડ્ડીઓમાં ખૂંપી જાશે અને બેડીઓ હાથોમાં ગળીને કાંડાઓનું માંસ સુધ્ધા ખાઈ જશે.

અલ્લાહના બંદાઓ ! અલ્લાહને યાદ કરો એ સમયે જયારે તમે તંદુરસ્ત સ્થિતિમાં છો, એ પહેલાં કે બિમાર પડી જાઓ. અને પૂષ્કળતાની સ્થિતિમાં એ પહેલા કે તંગીના શિકાર થઈ જાઓ. પોતાની ગરદનને જહન્નલમની આગથી મૂક્ત કરાવવાની ચિંતા કરો, એ પહેલાં કે એ એવી રીતે ગીરવી થઈ જાય કે પછી છોડાવી ન શકાય. તમારી આંખોને જાગૃત રાખો, પોતાના પેટને પાતળા બનાવો અને પોતાના પગોને કર્મના માર્ગે રત (લીન) રાખો. પોતાના માલને ખર્ચ કરો, અને પોતાના દેહને પોતાના આત્મા પર કુરબાન કરી દયો. ખબરદાર ! આ માર્ગમાં લોભ ન કરજો. કેમકે પરવરદિગારે સાફ સાફ કહી દીધું છે કે "કોણ છે જે પરવરદિગારને શ્રેષ્ઠ કર્ઝ આપે, જેથી તે તેને દુનિયામાં ચોગણું બનાવી દે અને તેના માટે શ્રેષ્ઠ જઝા છે." તો તેણે તમારાથી કમઝોરીના કારણે મદદની માંગણી નથી કરી અને ન નિર્ધનતાને કારણે કર્ઝ માંગ્યું છે. તેણે મદદની માંગણી કરી છે જયારે કે જમીન અને આસમાનના બધા લશ્કરો તેના જ છે. અને તે મહેરબાન અને હકીમ છે. અને તેણે કર્ઝ માગ્યું

છે જયારે કે જમીન અને આસમાનના સર્વ ખજાના તેની મિલ્કત છે. અને તે બેપરવા અને સ્તૂતિપાત્ર છે." તે ચાહે છે કે તમારી કસોટી કરી લે કે તમારામાં સુકાર્યોના હિસાબે બધાથી શ્રેષ્ઠ કોણ છે?

હવે પોતાના સુકાર્યો સાથે આગળ ધપો જેથી અલ્લાહના ઘરમાં તેના પડોશીઓ સાથે જીવન વીતાવો. જ્યાં મુરસલોનો સંગાથ હશે અને ફરિશ્તાઓ દર્શન કરશે. અને કાનો જહન્નામની અવાજ સાંભળવાથી મહેફૂઝ રહેશે અને શરીર કોઈ પણ જાતના શ્રમ અને થાકથી દૂર રહેશે." આ જ એ ખુદાનું વિશિષ્ટ દાન છે જે જેને ચાહે તેને અર્પે છે અને અલ્લાહ શ્રેષ્ઠ વિશેષદાન આપવાવાળો છે."

હું તે કહી રહ્યો છું જે તમે સાંભળી રહ્યા છો. આના પછી અલ્લાહ જ મદદગાર છે મારો પણ અને તમારો પણ, અને એ જ આપણા માટે પૂરતો છે અને તે જ શ્રેષ્ઠ કાર્યસાધક છે.

* * * * *

# ૧૮૪ - બરજ બિન મસહર તાઈને સંબોધન

*જે આપે બરજ બિન મસહર તાઈ ખારજીથી ફરમાવ્યું, જયારે સાંભળ્યું કે કહે છે કે ખુદા સિવાય ફૈંસલાનો કોઈને હક નથી.*

ચૂપ થઈ જા, ખુદા તારૂં બુરૂં કરે, અય તૂટેલા દાંતવાળા, ખુદા ગવાહ છે કે જયારે હક આશકાર થયો, ત્યારે તારૂં અસ્તિત્વ કમજોર અને તારી અવાજ નિર્જીવ હતી. પણ જયારે જૂઠની અવાજ ઊંચી થઈ તો તું બકરીનાં સીંગો (શીંગડા) જેમ ઊભરીને સરે આમ આવી ગયો?

* * * * *

# ૧૮૫ - ખુદાવંદે આલમની મહાનતા અને સ્તૂતિ અને અમૂક મખ્લૂકનો ઝિક્ર

બધા વખાણ એ અલ્લાહ માટે છે, જેને ન ઇન્દ્રિય પામી શકે છે અને ન સ્થળ ઘેરી શકે છે. ન આંખો જોઈ શકે છે, ન પડદાઓ છુપાવી શકે છે. તેણે પોતાના હંમેશાથી હોવાનું ભાન સર્જનના નવા હોવાથી કરાવ્યું. અને તેના શુન્યમાંથી અસ્તિત્વમાં આવવાને પોતાના અઝલી (અનાદિ) હોવાનો પૂરાવો બનાવી લીધો છે. અને તેઓના પરસ્પર મળતા આવવાને પોતાના બેમિસાલ હોવાની જાહેરાત કરી છે. તે પોતાના વાયદામાં સાચો છે અને પોતાના બંદાઓ પર ઝુલ્મ કરવાથી ઉન્નાત (મહાન) અને કીર્તિવાન છે. તેણે લોકોમાં ન્યાયની સ્થાપના કરી છે અને ફેંસલાઓમાં સંપૂર્ણ ઇન્સાફથી કામ લીધું છે. વસ્તુઓના નાશવંત હોવાથી પોતાના અઝલીપણાની દલીલ આપી છે. અને તેના પર લાચારીનું નિશાન બનાવી પોતાની સંપૂર્ણ શક્તિનો પૂરાવો

આપ્યો છે. વસ્તુઓના જબરી (બેઇખ્તેયારી) નાશ અને નાબૂદીને પોતાના સદા હોવાનો પતો આપ્યો છે.

તે એક છે પણ સંખ્યાના હિસાબે નહીં, હંમેશા માટે છે પણ મુદ્દતના હિસાબે નહીં. કાયમ છે પણ કોઈના આધારે નહીં. દિમાગ તેને સ્વિકારે છે પણ ઇન્દ્રિયોના આધારે નહીં. અને નિરીક્ષણો તેની ગવાહી આપે છે પણ તેની બારગાહમાં પહોંચ્યા પછી નહીં. કલ્પનાઓ તેને આવરી નથી શકતી બલ્કે તે તેઓના માટે તેના દ્વારા પ્રકાશિત થયો છે અને તેઓની જ દ્વારા અંકુશમાં આવવાથી ઇન્કાર કરી દીધો છે. અને તેના લવાદ પણ તેઓને બનાવ્યા છે.

તે એ હિસાબે મોટો નથી કે તેની આજુબાજુઓ વિસ્તરીને તેના દેહને મોટો બનાવી દીધો છે. અને ન તે એવો મહાન છે કે તેનું કદ વધારે હોય અને તેણે પોતાના દેહને મહાન બનાવી દીધો હોય. તે પોતાની શાનમાં મોટો અને પોતાની સલ્તનતમાં મહાન છે.

અને હું ગવાહી આપું છું હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તેના બંદા અને

મુખ્લિસ રસૂલ છે અને પસંદીદા અમીન છે. અલ્લાહ તેઓ પર રહેમત ઉતારે, તેણે તેમને ઇન્કારી ન શકાય એવી દલીલો, સ્પષ્ટ સફળતા અને પ્રકાશિત માર્ગ સાથે મોકલ્યા છે. અને તેમણે તેના પયગામને ખૂલ્લી રીતે રજૂ કરી દીધો છે અને લોકોને સીધા માર્ગના દર્શન કરાવી દીધા છે. હિદાયતના નિશાન કાયમ કરી દીધા છે અને રોશનીના મિનારા ઊભા કરી દીધા છે. ઇસ્લામની રસ્સીઓને મજૂબત બનાવી દીધી છે અને ઈમાનના બંધનોને અતૂટ બનાવી દીધા છે.

જો આ લોકો તેની મહાન કુદરત અને વિશાળ નેઅમત પર ચિંતન મનન કરતે તો પંથ પર પાછા આવી જાત. અને જહન્નંમના અઝાબથી ભયભીત થઈ જાત. પરંતુ કઠણાઈ એ છે કે તેઓના દિલ બીમાર છે. અને આંખ કમજોર છે. શું તેઓ એક નાની એવી મખ્લૂકને નથી જોઈ રહ્યા કે તેણે કેવી રીતે તેના સર્જનને અખંડ અને તેની વ્યવસ્થાને કેવી મજબૂત બનાવી છે. તેના નાના એવા દેહમાં કાન અને

આંખ બધા બનાવી દીધા છે. અને તેમાં હાડકા અને ખાલ પણ ઠીક કરી દીધા છે.

જરા આ કીડીના નાનકડા શરીરને અને તેના સુક્ષ્મ બાંધાને તો જુઓ, જેને નરી આંખે જોવું પણ મુશ્કેલ છે અને વિચારોની પકડમાં આવવું પણ અશક્ય છે. કેવી જમીન પર ચાલે છે અને કેવી પોતાની રોઝી તરફ ઝપટે છે. દાણાને પોતાના દરમાં લઈ જાય છે અને પછી ત્યાં કોઠારમાં સંઘરી લે છે. ગરમીમાં શરદીની વ્યવસ્થા કરે છે. અને શક્તિના કાળમાં કમજોરીના કાળનો બંદોબસ્ત કરે છે. તેની રોઝીની બાંહેધરી અપાઈ ચૂકી છે. અને તે પ્રમાણે તેને બરાબર રોઝી મળી રહી છે.

ન તો ઉપકાર કરનારો ખુદા તેની ઉપેક્ષા કરે છે અને ન જઝા સઝા દેનારો તેને વંચિત રાખે છે, ભલે પછી તે શુષ્ક પત્થરમાં હોય કે પછી મીઠાના જામેલા પત્થરમાં હોય. જો તમે તેના ખોરાકની ઊંચી નીચી નાળીઓ અને તેના શરીરમાં અંદર પેટની તરફ ઝૂકેલ પાસંળીઓની કોરો અને માથામાં જગ્યા પામેલ આંખ અને કાનને જોશો, તો તમને

ખરેખર આશ્ચર્ય થશે. અને તેના ગુણાવલોકનથી લાચાર થઈ જશો. ઉચ્ચ અને ઉત્તમ છે એ ખુદા જેણે આ શરીરને તેના પગો પર ઊભું કર્યું છે. અને તેની બાંધણી આ જ પાયાઓ પર કરી છે. ન તો તેની રચનામાં કોઈ સર્જકે ભાગ લીધો છે અને ન તેના સર્જનમાં કોઈ શક્તિવાને કોઈ મદદ કરી છે. અને જો તમે વિચારોના બધા માર્ગો વટાવી તેના અંત સુધી પહોંચવા માગશો તો એક જ પરિણામ આવશે કે જે કીડીનો કર્તા છે તે જ ખજૂરીના વૃક્ષનો પાલનહાર છે. કેમકે દરેક સર્જનમાં આ જ બારીકી છે અને દરેક પ્રાણીનો બીજા પ્રાણીથી ઘણો જ બારીક તફાવત છે. તેના દરબારમાં મહાન અને સુક્ષ્મ, ભારે અને હળવો, શક્તિશાળી અને અશકત બધા એક જ જેવા છે.

આ સ્થિતિ આસમાન અને વાતાવરણ અને હવા તથા પાણીની છે, કેમકે ચાહે ચાંદ અને સૂરજને નિરખો, અથવા વનસ્પતિ અને વૃક્ષોને જુઓ. પાણી અને પત્થર પર દ્રષ્ટિપાત કરો કે રાત દિવસની આવજા પર. નદીઓના વહેણોને જુઓ કે પહાડોની સંખ્યા અને શીખરોની લંબાઈ

અને ઊંચાઈને. શબ્દના વૈવિધ્યને જુઓ કે ભાષાઓના તફાવતને. બધા તેની પરિપૂર્ણ કુદરતની શ્રેષ્ઠ દલીલો છે.

અફસોસ છે એ લોકો પર જેઓએ પ્રારબ્ધના ઘડનારનો ઇન્કાર કર્યો અને તદબીર કરવાવાળાથી ફરી ગયા, તેઓનું માનવું છે કે બધું ઘાસફુસ જેવું છે, ખેતી કર્યા વગર ઊગી નિકળ્યા છે. વગર કારીગરે વિવિધ રૂપો ગ્રહણ કરી લીધા છે. જો કે તેઓએ આ દાવામાં ન તો કોઈ દલીલનો આધાર લીધો છે અને ન પોતાની માન્યતાની શોધખોળ કરી છે. નહીતર આ સમજી લેતે કે ન બનાવનાર વગર ઇમારત ઊભી થાય છે અને ન ગુનેહગાર વિના ગુનાહ થાય છે.

અને જો તમે ઇચ્છો તો આ વાતો તીડોના સંબંધમાં કહી શકાય છે તેની અંદર બે લાલ લાલ આંખ પૈદા કરી છે. અને ચાંદ જેવા બે ગોળાઓમાં આંખોના ચિરાગ સળગાવી દીધા છે. નાના નાના કર્ણો બનાવી દીધા છે. અને યોગ્ય મોં ખોલી દીધું છે. પરંતુ ઇન્દ્રિયોને શક્તિશાળી બનાવી દીધી છે. તેના બે દાંત છે તેજ ધારવાળા, જેનાથી પાંદડાઓને કાતરે

છે અને બે પગો દાંતાળા છે જેનાથી ઘાસ વગેરે પકડે છે. કિસાન પોતાની ખેતી માટે તેને ખતરનાક સમજે છે પણ તેને હાંકી નથી શકતા, ચાહે ગમે તેટલી શક્તિ કેમ ન એકઠી કરી લે. ત્યાં સુધી કે તે ખેતરો પર કૂદતા કૂદતા આક્રમણ કરે છે અને પોતાની ઇચ્છા પૂરી કરી લ્યે છે. જયારે કે તેનું પુરૂં વજૂદ એક નાની આંગળીથી મોટું નથી.

એટલે બરકતવાળી છે એ પવિત્ર હસ્તી જેની સામે જમીન અને આસમાનની બધી મખ્લૂક મને કમને (રાજીપાથી અથવા જબરદસ્તીથી) નત મસ્તક છે. અને તેના માટે મોં અને ગાલ ધૂળમાં રાખી રહ્યા છે. અને વિનય નમ્રતા સાથે તેના દરબારમાં નખશીખ ફરમાંબરદાર છે. અને ડર તથા ભયથી પોતાના અધિકારની લગામ તેને સોંપી રાખેલ છે. પક્ષીઓ તેના હુકમને તાબે છે. કેમકે તે તેની પાંખો અને શ્વાસોનો હિસાબ રાખે છે. અને તેની પાંખોને તરી કે ખુશ્કીમાં જમાવી દીધેલ છે. તેઓની કુવ્વત નિર્માણ કરી દીધી છે. અને તેનો જાતિ ભેદ નક્કી કરી દીધો છે કે આ કાગડો છે, તે ગરૂડ છે, આ કબૂતર છે, તે શાહમૃગ છે. દરેક પક્ષીને તેના

નામ સાથે અસ્તિત્વમાં આણેલ (લાવેલ) છે. અને દરેકની રોઝીની વ્યવસ્થા કરી છે. ભારે પ્રકારના વાદળો ઉત્પન્ન કર્યા છે તો તેનાથી મૂશળધાર વરસાદ વરસાવી દીધો અને તેની વહેંચણીનો હિસાબ પણ રાખ્યો છે. જમીનને સૂકાવા પછી તરબોળ કરી દીધી અને તેની વનસ્પતિ વેરાન થવા પછી ફરી ઉગાડી દીધી.

* * * * *

# ૧૮૬ - ઇલાહી મસઅલાઓ (તવહીદ)ના મૂળભૂત સિધ્ધાંતોનો ઉલ્લેખ

*તવહીદના વિષયમાં અને આમાં એ બધી ઇલ્મી ચર્ચાઓ છે જે બીજા અન્ય ખુત્બામાં નથી.*

તે તેની તવહીદનો માનનારો નથી જેણે તેની રૂપ રેખાની કલ્પના કરી અને તે તેની હકીકતથી અજાણ્યો છે જેણે તેની મિસાલ આપી. તેણે તેનો ઇરાદો જ નથી કર્યો જેણે તેની પ્રતિમા બનાવી. અને તેણે તેના તરફ ધ્યાન જ નથી આપ્યું જેણે તેની તરફ આંગળી ચીંધી અથવા તેને કલ્પનાનો પાબંદ બનાવી દીધો.

જે પોતાની જાતથી ઓળખાય એ સર્જન છે અને જે બીજાના આધારે કાયમ હોય તે એ નિશાનીનો મોહતાજ છે. પરવરદિગાર કર્તા છે પણ અવયવોના હલનચલનથી નહીં. અને પ્રમાણ નક્કી કરનારો છે પણ વિચારોના વમળથી નહીં. તે તવંગર છે પણ કોઈ કંઈ લઈને નહીં. સમય તેની સાથે નથી રહી શકતો અને ઓજાર તેને સહારો નથી આપી શકતા. તેનું અસ્તિત્વ સમયની પહેલા છે અને તેનું અસ્તિત્વ શૂન્ય

(અદમ)થી પણ પહેલા છે અને તેનું હંમેશાથી હોવું આરંભથી પહેલા. તેના ઇન્દ્રિયોને ઉત્પન્ન કરવાથી અનુમાન થયું કે તે ઇન્દ્રિયાતિત (હવાસથી પર) છે. અને તેના વસ્તુઓ વચ્ચે ભિન્નતતાબનાવવાથી જાણવા મળ્યું કે તેની કોઈ ઝિદ (એવો વિરોધી જે જગ્યા લેવા માટે કોશિશ કરે) નથી અને તેના વસ્તુઓ વચ્ચે સામ્યતા રાખવાથી જાણવા મળ્યું કે તેનો કોઈ સામ્ય અને સાથી નથી.

તેણે પ્રકાશને અંધકારની, સ્પષ્ટતાને સંદેહની, શુષ્કતાને તરાવટની અને ગરમીને ઠંડીની ઝિદ (વિરોધી) બનાવી. તે એક બીજાની દુશ્મન ચીજોને ભેગી કરનાર, એક બીજાથી ભિન્ની વસ્તુઓને સાથે મેળવી દેનાર. આપસમાં અંતર રાખનારને નિકટ કરી દેનાર, અને પરસ્પર સગપણ રાખનાર કામોને જુદા કરી દેનાર. તે ન તો કોઈ મર્યાદામાં આવે છે ન કોઈ આંક કે ગણત્રીમાં આવે છે, કેમકે શારીરિક શક્તિઓ પોતાના જેવી ચીજોને જ મર્યાદિત કરી શકે છે અને ઓજાર પોતાની મિસાલો તરફ જ ઇશારા કરી શકે છે.

એ વસ્તુઓને શબ્દ “મુન્ઝો” (ક્યારે) એ હંમેશાથી હોવાથી રોકી દીધી છે અને હર્ફ “કદ” ( થઈ ગયું) એ અનાદિથી અલગ કરી દીધી છે. અને “લવ્લા”એ તેઓને પૂર્ણાહૂતિથી જુદા કરી દીધા છે. આ જ વસ્તુઓ દ્વારા બનાવવાવાળો બુધ્ધિની સામે તાદશ (જલવાગર) થયો છે અને તેઓના જ થકી આંખોથી દેખાવાથી મૂક્ત થઈ ગયો છે. તેના પર ગતિ અને શાંતિના સિધ્ધાંત લાગુ નથી પડતા. કેમકે તેણે પોતે ગતિ અને શાંતિના નિયમ ઘડયા છે. અને જે વસ્તુનો આરંભ તેણે કર્યો હોય તે તેના પર કેવી રીતે લાગુ પડી શકી છે અથવા જેને તેણે ઉત્પન્નુ કર્યા છે તે તેની જાતમાં કઈ રીતે ભળી શકે છે. એમ થાત તો તેની જાત પણ ફેરફાર થનારી બની જાત.અને તેની હકીકત પણ પૃથક્કરણને પાત્ર થઈ જાત. અને તેની અસલીયત પણ અઝલીયતથી અલગ થઈ જાત. અને જો તેને ત્યાં પણ સામેની દિશા હોત તો પાછળની દિશા પણ હોત અને તેને પણ પરિપૂર્ણતાની જરૂરત રહેત જો તેમાં ખોટ પૈદા થઈ જાત. તેનામાં

બનાવટોના ચિહ્નો પૈદા થઈ જાત. અને તે માર્ગદર્શન મેળવ્યા પછી બીજાઓની તરફ રહેનુમાઈ કરવાવાળો થઈ જાત.

તે પોતાની રોકવાની અને રક્ષણની શક્તિના કારણે એ સીમાની બહાર નિકળી ગયો છે કોઈ એવી ચીજ તેના પર અસર કરે જે બીજાઓ પર અસર કરી શકે છે, તેને ત્યાં ન ક્રાંતિ છે ન પડતી અને ન તેના અસ્તિત્વના સૂર્ય માટે કોઈ અસ્ત. ન તે કોઈનો બાપ છે કે તેનો કોઈ બેટો હોય. અને ન કોઈનો બેટો છે કે મર્યાદિત થઈને રહી જાય. તે અવલાદ બનાવવાથી પણ બેપરવા અને સ્ત્રીઓને હાથ લગાડવાથી પણ પર અને ઊંચો. કલ્પનાઓ તેને પામી નથી શકતી કે તેનું પ્રમાણ નક્કી કરે અને ડહાપણ તેની કલ્પના નથી કરી શકતું કે તેનું ચિત્ર દોરે.

ઇન્દ્રિયો તેને સમજી નથી શકતી કે તેનો અનુભવ કરે અને હાથ તેને સ્પર્શી નથી શકતો કે અડી લે. તે કોઈ પણ સ્થિતિમાં ફરતો નથી અને વિવિધ સ્થિતિઓમાં ફરતો પણ નથી. રાત દિવસ તેને જૂનો નથી કરી શકતા. અને અંધકાર કે પ્રકાશ તેમાં ફેરફાર નથી કરી શકતા. ન તો તે

અવયવો ધરાવે છે, ન અંગો ઉપાંગો. ન કોઈ પનો ધરાવે છે, ન કોઈ ભિન્નકતા કે પૃથક્તા. તેને માટે ન સીમા કે અંતિમ શબ્દ વપરાય છે કે ન અંત અને પડતીનો, ન ચીજો તેના પર છવાય છે કે જયારે ચાહે ત્યારે પછાડી દે કે ઊંચકી લે. અને ન કોઈ ચીજ તેને ઉપાડેલ છે કે જયારે ચાહે સીધો કરી દે અથવા વાળી દે. તે ન તો વસ્તુઓની અંદર પ્રવેશેલ છે અને તેની બહાર છે. તે વાત કરે છે પણ જીભ અને તાળવાની મદદથી નહીં, અને સાંભળે છે પણ કર્ણના સુરાખ અને સાધનથી નહીં. બોલે છે પણ શબ્દોથી નહીં અને દરેક ચીજને યાદ રાખે છે પણ સ્મરણ શક્તિથી નહીં. ઇરાદો કરે છે પણ દિલથી નહીં. અને પ્યાર અને રાજીપો રાખે છે પણ દિલની નરમાશ દ્વારા નહીં અને ક્રોધ અને કોપ રાખે છે પણ ગમ અને ગુસ્સાની તકલીફથી નહીં. જે વસ્તુ ઉત્પન્નર કરવા માગે છે તેને 'થા' કહી દે છે અને તે થઈ જાય છે. ન કોઈ અવાજ કર્ણો સાથે ટકરાય છે અને ન કોઈ સાદ સંભળાય છે. તેની વાણી હકીકતમાં તેનું કાર્ય છે જેને તેણે ઉત્પન્ન  કર્યું.

અને તેની પહેલા હોવાનો કોઈ સવાલ નથી, નહિતર એ પણ કદીમ અને બીજો ખુદા થઈ જાત.

તેના વિશે એ નથી કહી શકાતું તે શૂન્યમાંથી અસ્તિત્વમાં આવ્યો કે તેના પર નશ્વર સિફતો લાગુ પડી શકે અને બંને વચ્ચે કોઈ અંતર ન રહે અને ન તેની નવોદિતો પર કોઈ વિશિષ્ટતા રહી જાય. અને પછી ઘડનાર અને ઘડેલા બંને બરાબર થઈ જાય. અને બનાવેલ બનાવટની જેવો થઈ જાય. તેણે સૃષ્ટિને કોઈ બીજાએ છોડેલા નમૂના વગર બનાવી છે. અને આ સર્જનમાં કોઈથી મદદ પણ નથી માગી. ધરાને સર્જી અને તેમાં અટવાયા વગર તેને રોકી રાખી. અને પછી કોઈ આધાર વગર ખોડી દીધી. અને કોઈ પણ સ્તંભ વગર ઊભી કરી દીધી. અને વગર થાંભલાએ ઊંચી પણ કરી દીધી. તેને દરેક પ્રકારના વળાંક અને વક્રતાથી રક્ષિત રાખી. અને દરેક પ્રકારની તિરાડ કે છુટા પડવાથી બચાવી લીધી. તેમાં પહાડોની મેખો (ખીલ્લી) મારી દીધી અને શીખરોને મજબૂતીથી ખોડી દીધા. ઝરણા વહાવી દીધા. અને પાણીના વહાવ માટે નાળા બનાવી દીધા. તેની

કોઈ કારીગરી કમજોર નથી. અને તેણે જેને શક્તિ આપી દીધી તે નિર્બળ નથી. તે દરેક વસ્તુ પર પોતાની મહાનતા અને સલ્તનતના કારણે ગાલિબ છે.

પોતાના ઇલ્મ અને ઈરફાનની બીના પર અંદર સુધીની ખબર રાખે છે. રોબ અને માનના હિસાબે દરેક વસ્તુથી ઉચ્ચ અને ઉન્નનત છે. અને જો કોઈ વસ્તુ માગવા ચાહે તો કોઈ વસ્તુ તેને લાચાર નથી કરી શકતી. અને તેનાથી ઇન્કાર નથી કરી શકતી કે તેના પર ગાલિબ આવી જાય. તેજી દેખાડનારા તેનાથી બચીને આગળ નથી નિકળી શકતા. અને તે કોઈ ધનવાનની રોઝીનો મોહતાજ નથી. બધી વસ્તુઓ તેની બારગાહમાં ઝૂકનારી અને તેની મહાનતા સામે ધુત છે. કોઈ વસ્તુ તેની સલ્તનતમાંથી ભાગીને બીજાની તરફ નથી જઈ શકતી કે તેના લાભાલાભથી બચી જાય. ન તો તેનો કોઈ જોડ છે કે સમોવડિયો કે હરિફાઈ કરે. અને ન કોઈ મિસ્લ કે બરાબર થઈ જાય. તે દરેક વસ્તુને સર્જવા પછી નાશ કરનારો છે કે એક દિવસ ફરી નહિવત થઈ જાય. અને તેના માટે દુનિયાનો નાશ કરવો એનાથી વધુ

આશ્ચર્યકારક નથી કે જયારે તેણે તેનું નવસર્જન અને રચના કરી હતી. અને ભલા એ કેમ થઈ શકે છે. જયારે કે

વસ્તુ સ્થિતિ એ છે કે જો બધા પ્રાણીઓ, પક્ષીઓ, જાનવરો, રાતે ઉતારે પાછા ફરનારા અને ખેતરોમાં રહી જનારાઓ, જાત જાતના અને ભાત ભાતના અને બધા ઇન્સાનો મૂરખ કે હોશિયાર બધા મળીને એક મચ્છરને પૈદા નથી કરી શકતા, ભલે ગમે તેટલું ચાહે. અને ન તેઓને તેનો અંદાજો હશે કે તેના ઉત્પન્ને કરવાની રીત અને માર્ગ શું છે. બલ્કે તેઓની બુધ્ધિ આ માર્ગમાં ખોવાઈ જશે અને તેઓની શક્તિ જવાબ આપી દેશે. અને લાચાર થાકી પાકીને અમલના ક્ષેત્રમાંથી પાછી ફરશે. અને તેઓને ભાન થઈ જશે કે તેઓ પર કોઈનું વર્ચસ્વ છે અને તેઓને પોતાની લાચારીનો ઇકરાર પણ હશે. અને તેઓને નાશ કરી દેવા વિશે પણ નિર્બળતાનો સ્વિકાર હશે.

તે પાક અને પવિત્ર ખુદા જ તો છે જે દુનિયાના નાશ પછી પણ રહેવાવાળો છે. અને તેની સાથે રહેનાર કોઈ નથી. જેમકે આરંભમાં પણ એમ જ હતું અને અંતમાં પણ

એમ જ થવાવાળું છે. તેના માટે ન સમય છે ન સ્થળ, ન ઘડી છે ન કાળ. તે સમયે મુદ્દત અને કાળ બધાનો નાશ થશે અને ઘડી તથા વરસનો અંત આવી જશે. એ વાહિદ (એક) ખુદાની સિવાય કોઈ ખુદા નથી. બધી બાબતો તેની તરફ પાછી ફરવાની છે. અને કોઈ પણ વસ્તુને તેના ઉત્પન્ની થવા પહેલા પોતાની સર્જન પર શક્તિ નહોતી. અને ન નાશ થતી વખતે ઇન્કારની હિમ્મત હતી. જો એટલી શક્તિ હોત તો સદા ન રહી જાત ! એ માલિકને કોઈ વસ્તુ બનાવવામાં કોઈ તકલીફનો સામનો નથી કરવો પડયો અને તેને કોઈ ચીજનું સર્જન કે રચના થકાવી પણ નથી શકી. તેણે આ વિશ્વને ન પોતાની હકૂમતને મજબૂત કરવા માટે સર્જ્યુ છે અને ન કોઈ પતન કે નૂકસાનના ભયથી બચવા માટે. ન તેને કોઈ સામનો કરનારના સામના માટે મદદની જરૂરત હતી અને ન તો કોઈ આક્રમણ કરનાર શત્રુથી બચવા ચાહતો હતો. તેનો આશય (હેતુ) ન પોતાના પ્રદેશમાં વધારાનો હતો, ન કોઈ શરીક, ભાગીદારના સામે પોતાના બહોળાપણાની જાહેરાતનો

હતો. અને ન એકાંતના ડરમાં કોઈ આશ્વાસન મેળવવાનો હતો.

આ પછી તે આ વિશ્વનો નાશ કરી દેશે, એટલા માટે નહીં કે તેની વ્યવસ્થા અને ઉપયોગથી લાચાર થઈ ગયો છે અને ન એટલા માટે કે હવે આરામ કરવા માગે છે અથવા તેના પર કોઈ વસ્તુનો ભાર પડે છે. અથવા વિશ્વના લાંબા રહેવાએ તેને થક્વી દીધો છે તો હવે તેને હટાવી દેવા માગે છે. એવું કંઈ નથી. તેણે પોતાની મહેરબાનીથી તેની યોજના કરી છે અને પોતાના હુકમથી તેને રોકી રાખેલ છે. પોતાની કુદરતથી તેને મજબૂત બનાવેલ છે. અને પછી નાશ કરવા પછી બીજી વાર ઉત્પન્ના કરી દેશે, જો કે ન તે સમયે પણ તેને કોઈની જરૂરત છે અને ન કોઈથી મદદ લેવી હશે. ન ડરમાંથી સધિયારા ફરવાનું હશે અને અજ્ઞાનતા કે અંધકારમાંથી ઇલ્મ અને અનુભવ તરફ આવવું હશે. ન નિર્ધનતા અને મોહતાજીથી માલદારી અને વિપૂલતાની શોધ હશે. અને ન અપમાન અને અશક્તિથી માન અને કુદરતની તલાશ હશે.

* * * * *

# ૧૮૭ - કાળના ચક્કરોનો ઉલ્લેખ

મારા મા - બાપ એ અમુક લોકો પર કુરબાન થઈ જાય જેઓના નામ આસમાનમાં પરિચિત અને જમીનમાં અજાણ્યા છે. ખબરદાર થઈ જાવ અને એ સમયની વાટ જુઓ જયારે તમારા મામલા ઉલટા થઈ જશે અને સંબંધો તૂટી જશે. અને બાળકોના હાથમાં સત્તા આવી જશે. આ એ સમય હશે જયારે એક દિરહમ હલાલ રીતે મેળવવા કરતાં તલવારનો ઝખ્મ આસાન હશે. અને લેવાવાળા ફકીરનો બદલો દેવાવાળા માલદારથી વધારે હશે.

તમે વગર શરાબ પીએ વૈભવના નશામાં ચૂર હશો. અને કોઈ પણ મજબૂરી વગર કસમ ખાશો. અને કોઈ જરૂરત વગર જૂઠ બોલશો. અને આ એ સમય હશે જયારે આફતો તમને એવી રીતે કાટશે જેવી રીતે ઊંટની પીઠને પાલાણ. અફસોસ આ દુ:ખ મુસીબત કેટલા લાંબા હશે અને તેનાથી મૂક્તિની આશા કેટલી દૂર સુદૂર હશે.

લોકો ! એ સવારીઓની લગામો ઉતારી ફેંકી દયો જેની પીઠ પર તમારા જ હાથોના ગુનાહોનો ભાર છે અને

તમારા હાકિમની વિરૂધ્ધતા ન કરો કે પાછળથી પોતાના કર્યા પર પસ્તાવું પડે. એ આગના ભડકાઓ જે તમારી સામે છે તેમાં ન કૂદી પડો. તેઓના માર્ગથી અલગ થઈને ચાલો અને માર્ગને તેઓ માટે ખાલી કરી દયો. કેમકે મારા જીવની કસમ, આ ફિત્નાની આગમાં મોઅમિન હલાક થઈ જશે અને ગેર મુસ્લિમ સલામત રહેશે.

મારી ઉપમા તમારી વચ્ચે અંધારામાં ચિરાગ જેવી છે, કે જે તેમાં દાખલ થઈ જશે તે રોશની પ્રાપ્ત કરી લેશે એટલે ખુદાને ખાતર મારી વાતને સાંભળો અને સમજો. પોતાના દિલના કાનોને મારી તરફ પ્રવૃત કરો જેથી વાત સમજી શકો.

* * * * *

# ૧૮૮ - ખુદાના ઉપકારો, મરવાવાળાઓની હાલત, અને દુનિયાની અસ્થિરતાના ઉલ્લેખ

*વિવિધ બાબતોની વસીયત કરવા સમયે*

અય લોકો ! હું તમને વસીયત કરૂં છું, અલ્લાહથી ડરવાની, અને નેઅમતો, એહસાનો અને ફઝલો કરમ પર ખુદાનો શુક્ર કરવાની.

જુઓ ! કેટલી નેઅમતો છે જે તેણે તમને અર્પણ કરી છે. અને કેટલાય બુરાઈઓના પ્રસંગોએ પોતાની રહેમતથી તમને બચાવી લીધા છે. તમે મન મૂકી ગુનાહ કર્યા અને તેણે ઢાંક પિછોડો કર્યો. તમે હિસાબને પાત્ર આમાલ અંજામ આપ્યા અને તેણે તમને મહેતલ આપી દીધી.

હું તમને ભલામણ કરૂં છું કે મૌતને યાદ કરો, અને તેનાથી ગાફિલ ન બનો. આખિર તેનાથી કેવી રીતે ગફલત કરી રહ્યા છો જે તમારાથી ગાફિલ થનારી નથી. અને એ મૌતના ફરિશ્તાથી કેવી રીતે આશા બાંધી બેઠા છો જે કદી મોહલત આપનાર નથી. તમારા બોધ માટે એ મુડદા જ કાફી

છે જેને તમે જોઈ ચૂક્યા છો કે કેવી રીતે વગર સવારીએ તેઓને કબ્રોની તરફ લઈ જવામાં આવ્યા. અને કેવી રીતે કબ્રોમાં ઉતારવામાં આવ્યા, કે જાતે ઉતરવાને કાબિલ પણ ન હતા. એવું લાગે છે કે જાણે તેઓએ કદી આ દુનિયા વસાવી જ નહોતી. અને જાણે કે આખેરત જ તેઓનું સદાનું ઘર છે. તેઓ જ્યાં વસ્યા હતા તેને ભયાનક બનાવી ગયા અને જેનાથી ડરતા હતા ત્યાં જઈને વસી ગયા. તેઓ એમાં જ ઓતપ્રોત હતા જેને છોડવું પડયું અને તેને બરબાદ કરી રહ્યા હતા જ્યાં જવું પડયું. હવે ન કોઈ બુરાઈથી બચીને ક્યાંય જઈ શકે છે અને ન કોઈ નેકીમાં વધારો કરી શકે છે. દુનિયાથી ચાહના પૈદા કરી તો તેણે ધોકો આપી દીધો અને તેના પર ભરોસો રાખ્યો તો તેને તબાહ અને બરબાદ કરી દીધા.

ખુદા તમારા પર રહેમત ઉતારે હવેથી આગળ વધો એ મંઝિલ તરફ જેને વસાવવાનો હુકમ આપવામાં આવ્યો છે. અને જેની તરફ પ્રસ્થાન કરવાનો શોખ દેવરાવવામાં આવ્યો છે. અને દાવત આપવામાં આવી છે. અલ્લાહની નેઅમતો

પૂરી કરવાની વ્યવસ્થા કરો, તેની ફરમાંબરદારી કરવા થકી અને ગુનાહોથી બચીને ધીરજ વડે, એટલા માટે કાલનો દિવસ આજના દિવસથી દૂર નથી. જુઓ દિવસની ઘડીઓ, મહીનાઓના દિવસો, વરસના મહિનાઓ અને જીવનના વરસો કેટલી ઝડપથી પસાર થઈ રહ્યા છે.

* * * * *

# ૧૮૯ - ઈમાનની અને હિજરત વાજીબ હોવા વિશે

ઈમાનનો એક ભાગ એ છે કે જે દિલમાં ખૂંતી ગએલ અને અચળ હોય છે. અને એક ભાગ એ છે જે દિલ અને છાતીની વચ્ચે કામચલાઉ રહે છે. એટલે જો કોઈથી તિરસ્કાર કે ધિક્કાર કરવો હોય તો એટલી વાટ જુઓ કે તેને મૌત આવી જાય. એટલે તે સમયે તેનાથી બેઝારી સ્થાને ગણાશે.

હિજરતનો સિધ્ધાંત આજ પણ એ જ છે જે પહેલાં હતો. અલ્લાહ કોઈ કૌમનો મોહતાજ નથી. ચાહે ગુપ્ત રીતે મોઅમિન રહે યા છડે ચોકે ઈમાનની જાહેરાત કરે. હિજરત ખુદાની હુજ્જતની મઅરેફત વગર થતી નથી, એટલે જે શખ્સ તેની મઅરેફત મેળવી તેનો ઇકરાર કરી લે એ જ 'મુહાજિર' છે, એ જ રીતે 'મુસ્તઝ'ફ' તેને નથી કહેવામાં આવતો જેના સુધી ખુદાની દલીલ પહોંચી જાય અને તે તેને સાંભળી પણ લે અને દિલમાં જગ્યા પણ આપી દે.

અમારો મામલો ઘણો ઘણો સખ્ત અને કઠિન છે, તેને બરદાશ્ત માત્ર એ મોઅમિન બંદો કરી શકે છે, જેના

દિલની પરીક્ષા ઈમાન માટે લઈ ચુકાઈ હોય. અમારી વાતો માત્ર એ છાતીઓમાં રહી શકે છે જે પ્રમાણિક હોય અને એ જ અકલોમાં સમાઈ શકે છે જે નક્કર અને સ્થિર હોય.

લોકો ! જે ચાહો મને પૂછી લ્યો એ પહેલાં કે મને ન મેળવી શકો. હું આસમાનના રસ્તાઓને જમીનના માર્ગોથી વધારે સારી રીતે જાણું છું. મારાથી જાણી લ્યો એ પહેલાં કે એ ફિત્નો પોતાના પગ ઉપાડી લે જે પોતાની લગામને પણ પગ તળે ચગદોળવા વાળો છે અને જેનાથી કૌમની બુધ્ધિઓના પતનનો સંદેહ છે.

# ૧૯૦ - ખુદાની હમ્દ, હઝરત રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની પ્રશંસા, અને તકવાનું મહત્વ

હું તેની હમ્દ કરૂં છું, તેની ભેટોનો આભાર માનવા માટે અને તેનાથી મદદ ચાહું છું, તેના હક્કો અદા કરવાની ફરજથી મૂક્ત થવા માટે. તેનું લશ્કર વિજેતા છે અને વડિલાત મહાન.

હું એ વાતની સાક્ષી આપું છું કે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે. તેઓએ તેની ફરમાંબરદારીની દાવત આપી છે. અને તેના શત્રુઓ પર વર્ચસ્વ મેળવ્યું છે, તેના દીનમાં જેહાદ વડે. આપને આ વાતથી ન જાલિમોનું આપના જૂઠલાવવા પર સંગઠન રોકી શક્યું ન આપના હિદાયતના નૂરને ઓલવી નાખવાની ઇચ્છા મના કરી શકી.

તમે લોકો અલ્લાહના તકવાથી જોડાઈ જાવ, કેમકે તેની દોરીનું બંધન મજબૂત અને તેની પનાહની ટોચ દરેક

તરફથી સલામત છે. મૌત અને તેની સખ્તીઓના સામે આવવા પહેલા તેની તરફ આગળ વધો અને તેના આવવા પહેલા જમીન સરખી કરી લ્યો. તેના ઉતરવા પહેલા તૈયારી પૂરી કરી લ્યો કેમકે દરેકનો અંત કયામત છે. અને આ વાત દરેક એ શખ્સને શિખામણ માટે પૂરતી છે, જે બુધ્ધિવાન છે અને તેમાં જાહિલો માટે પણ બોધપાઠ છે. અને તમને એ પણ ખબર છે કે આ અંજામ સુધી પહોંચવા પહેલા કબ્રની સંકડામણ અને બરઝખ આકરાપણાનો સામનો છે, જ્યાં બરઝખની ભયાનકતા, ભયાનકતા નો ડર, પાંસળીઓનું અહીંથી તહીં થઈ જવું, કાનોનું બહેરાપણું, કબ્રનો અંધકાર, અઝાબની ધમકીઓ, કબ્રનું ઢાંકણું બંધ કરી દેવું અને પથ્થર શીલાઓથી જમીન બરાબર કરી દેવું પણ છે.

ખુદાના બંદાઓ ! અલ્લાહને યાદ રાખો કેમકે દુનિયા તમારા માટે એક જ માર્ગે ચાલી રહી છે અને તમે કયામતની સાથે એક દોરડે બંધાએલા છો અને જાણે તેને પોતાની નિશાનીઓ જાહેર કરી દીધી છે અને તેના પરચમ નજીક આવી ચૂક્યા છે. અને તમને પોતાના માર્ગ પર ઊભા

કરી દીધા છે અને જાણે તે પોતાના ધરતીકંપો સહીત બહાર આવી ગઈ છે. અને પોતાની છાતીઓ ટેક્વી દીધી છે. અને દુનિયાએ પોતાનાઓથી મોં ફેરવી લીધું છે, અને તેમને પોતાની ગોદમાંથી અલગ કરી દીધા છે. જાણે કે આ એક દિવસ હતો જે વીતી ચૂક્યો. અથવા એક મહીનો હતો જે પસાર થઈ ગયો. અને તેનું નવું જુનું થઈ ગયું. અને તેનો તંદુરસ્ત દૂબળો થઈ ગયો. એ સ્થળમાં જેની જગ્યા સંકુચિત છે અને જેના કામો સંદેહયુક્ત અને મોટા છે. એ આગ છે જેનો ઝખ્મ અસરકારક છે અને જેના ભડકાઓ ઊંચા છે. તેની આગ દૂર સુધી દેખાય છે અને તેની ભડકવાની અવાજ ગઝબનાક છે. તેની જવાળાઓ તેજ છે અને બુજાવાની શક્યતા ઓછી છે, તેનું ભડકવું તેજ છે, અને તેના ખતરાઓ ભયાનક છે, તેનો ખાડો અંધારો છે. અને તેની આસપાસ અંધારૂં જ અંધારૂં છે. તેની દેગો ઉકળી રહી છે અને તેના કામ ભયજનક છે.

એ સમયે માત્ર ખુદા પર યકીન રાખવાવાળાઓના ટોળે ટોળા જન્નોતની તરફ લઈ જવામાં આવશે, જ્યાં તેઓ

અઝાબથી સુરક્ષિત હશે. અને કોપનો ક્રમ ખતમ થઈ ગયો હશે. જહન્નામથી અલગ કરી દેવામાં આવશે અને પોતાના ઘરમાં આરામથી રહેશે. જ્યાં પોતાના ઉતારા અને રહેઠાણથી ખૂશ હશે. આ જ એ લોકો છે જેના આમાલ દુનિયામાં પાક હતા અને જેની આંખો ખુદાના ખૌફથી રોતી હતી. તેઓની રાતો વિનમ્રતા અને ઇસ્તેગફારને કારણે દિવસ જેવી હતી. અને તેઓના દિવસો ભય અને વેરાગના કારણે રાત જેવા હતા. અલ્લાહે જન્નોતને તેઓના પરાવર્તનની મંઝિલ બનાવી દીધી છે. અને આખેરતના બદલાને તેઓનો સવાબ "તેઓ હકીકતમાં આ ઈમાનના હકદાર અને પાત્ર હતા." જેઓ સદાના ઘરમાં અને અનંત નેઅમતોમાં રહેવાવાળા છે.

ખુદાનાં બંદાઓ ! એ વાતોનો ખ્યાલ રાખો જેના વડે સફળતા મેળવનારો સફળ થાય છે. અને જેને વેડફી નાખવાથી બાતિલવાળાઓને નૂકસાન થાય છે. પોતાની મૌત આગળ આમાલ સાથે આગળ વધો, કેમકે તમે ગત અમલોથી ગીરવી છો. અને પહેલાના અમલોના કરજદાર છો. અને હવે જાણે કે ભયાનક હુકમ ઉતરી ચૂક્યો છે જેનાથી ન

પાછા ફરવાનો અવકાશ છે અને ન ગુનાહોની માફી માંગવાનો મૌકો. અલ્લાહ અમને અને તમને તેની અને તેના રસૂલની ફરમાંબરદારી કરવાની સદબુધ્ધિ આપે અને પોતાની દયા માયાથી આપણા બંનેને માફ કરે.

ધરાને વળગી રહો અને આફતો પર ધીરજ ધરો. પોતાના હાથ અને પોતાની તલવારને ઇચ્છાઓને તાબે ન કરજો. અને જે ચીજમાં ખુદાએ ઉતાવળ નથી રાખી તેના માટે જલ્દી ન કરજો કેમકે જો કોઈ શખ્સ ખુદા, રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને એહલેબૈત અલય્હેમુસ્સલામના હકની મઅરેફત રાખી પથારીમાં મરી જાય તો એ પણ શહીદ મરે છે. અને તેનો બદલો ખુદાને જ ઝિમ્મે હોય છે. અને તે પોતાની નિય્યતના સારા કાર્યોનો સવાબ મેળવી લે છે. કેમકે ખુદ નિય્યત તલવાર ખેંચવાની પ્રતિનિધિ બની જાય છે. અને દરેક વસ્તુની એક મુદ્દત હોય છે અને તેનો એક સમય નક્કી હોય છે.

# ૧૯૧ - અલ્લાહની પ્રશંસા, તકવાની ભલામણ અને દુનિયા તથા દુનિયાવાળાઓની પરિસ્થિતિ

સઘળી પ્રશંસા એ અલ્લાહના માટે છે. જેની સ્તૂતિ સર્વવ્યાપક અને જેનું લશ્કર સર્વોપરી છે. અને જેની મહત્તા ઊંચી અને ઉન્નલતછે. હું તેની લગાતાર નેઅમતો અને સૌથી મોટી મહેરબાનીઓ પર તેની સ્તૂતિ કરૂં છું. કેમકે તેની સહિષ્ણુંતા એટલી મહાન છે કે તે દરેકને માફ કરી દે છે. અને વળી દરેક ફેંસલામાં ન્યાયથી કામ લે છે. અને જે કંઈ વીતી ગયું અને વીતી રહ્યું છે એ બધાનો જાણકાર છે. તે સર્જનોને માત્ર પોતાના ઇલ્મથી સર્જવાવાળો છે. અને તે પોતાના હુકમથી ઉત્પન્ની કરનારો છે. ન કોઈનું અનુકરણ કર્યું છે, ન કોઈથી તાલીમ મેળવી છે, ન કોઈ હકીમ કે કારીગરના નમુનાનું અનુસરણ કર્યું છે અને ન કોઈ ભૂલનો શિકાર થયો છે. અને ન સલાહકારોની મૌજૂદગીમાં કામ અંજામ આપ્યું છે.

અને હું સાક્ષી આપું છું કે મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તેના બંદા અને રસૂલ છે. તેઓને એ સમયે મોકલ્યા છે જયારે લોકો ગુમરાહીઓમાં ભટકતા હતા. અને હેરાનીઓમાં અટવાએલા અને મુંઝાએલા હતા. નાશની દોરીઓ તેઓને ખેંચી રહી હતી અને દૂષણો તથા કાટના તાળા તેઓના દિલો પર પડેલા હતા.

અય ખુદાના બંદાઓ ! હું તમને અલ્લાહથી ડરવા (તકવા)ની હિદાયત કરૂં છું. કેમકે આ તમારા પર અલ્લાહનો હક છે અને આનાથી તમારો અલ્લાહ પર હક પૈદા થાય છે. તેના માટે અલ્લાહથી મદદ માગો અને તેના વડે તેનાથી જ મદદ ચાહો. કેમકે આ તકવા આજે દુનિયામાં ઢાલ અને હિફાઝતનું સાધન છે. અને કાલે જન્નત સુધી પહોંચવાનો માર્ગ છે. તેનો પંથ સાફ અને તેનો વટેમાર્ગુ ફાયદો મેળવનાર છે. અને તેનો અમાનતદાર રક્ષણ કરનારો છે. આ તકવા તેના પર પણ રજૂ થઈ રહ્યો છે જે ચાલ્યા ગયા અને તે તેના પર પણ લાગુ પડી રહ્યો છે જેઓ બાકી રહી ગયા છે. કેમકે કાલે બધાને તેની જરૂરત પડવાની છે જયારે પરવરદિગાર પોતાના સર્જનોને પાછા ફેરવશે અને જે કંઈ

આપ્યું છે તેને પાછું લઈ લેશે અને જે નેઅમતોથી માલામાલ કર્યા છે તેની પુછા કરશે. કેટલા ઓછા છે એ લોકો જેમણે તેને સ્વિકાર્યો છે અને તેનો હક ખરેખર અદા કર્યો છે. આ લોકો સંખ્યામાં ઘણા થોડા છે પરંતુ પરવરદિગારના એ વખાણને પાત્ર છે કે "મારો શુક્ર કરનારા બંદાઓ ઘણા ઓછા છે."

હવે તમારા કાનોને આ તરફ પ્રવૃત કરો અને યત્નો પ્રયત્નોથી તેની પાબંદી કરો અને તેને વિતનારી ઉણપોની પૂરક બનાવો. અને દરેક વિરોધીના મુકાબલામાં માફક બનાવો. તેના મારફત તમારી ઊંઘને જાગૃતિમાં ફેરવી નાખો. અને પોતાના દિવસો પૂરા કરો. તેને તમારા દિલોની પ્રણાલિકા બનાવો. અને તેના વડે તમારા ગુનાહોને ધોઈ નાખો. તમારા રોગોનો ઇલાજ કરો અને પોતાની મૌતની આગળ ધપો. તેઓથી બોધ મેળવો જેમણે તેને બરબાદ કરી દીધો છે. અને ખબરદાર ! એ તમારાથી બોધ ન લેવા પામે જેઓએ તેનો માર્ગ ગ્રહણ કર્યો છે. તેનું રક્ષણ કરો અને તેનાથી પોતાનું રક્ષણ કરો.

દુનિયાથી પવિત્રતા ગ્રહણ કરો અને આખેરતના રસિયા બની જાવ. જેને તકવા ઊંચો કરી દે તેને નીચો ન બનાવો. અને જેને દુનિયા ઊંચો બનાવી દે તેને ઊંચો ન સમજો. આ દુનિયાના ચમકનારા વાદળો પર દ્રષ્ટિ ન કરો અને તેના પ્રતિનિધીની વાત ન સાંભળો અને તેના સાદ પાડનાર પર "જી હા" ન કહો. અને તેની ચમક દમકથી અંજાઈ ન જાવ, અને તેની મૂલ્યવાન વસ્તુઓ પર જાન ન આપો. એટલા માટે કે તેની વીજળી માત્ર ચળકાટ છે. અને તેની વાતો સદંતર જૂઠી છે. તેનો માલ લૂંટાઈ જનારો છે. અને તેનો સામાન અચકાઈ જનારો છે.

સચેત થઈ જાવ ! કે આ દુનિયા ઝલક દેખાડી મોં ફેરવી લેનારી છે, ચંડાળ (ઘાતક), મોંફટ, અડયલ, જૂઠી, અપ્રમાણિક, હઠધર્મી, કૃતઘ્ન, ઊંચી ચાલ, મોં ફેરવનારી, અવળચંડી (ઊગ્રસ્વભાવની) અને વળખાનારી છે. એની રીત મૌત છે અને તેનો દરેક કદમ કંપાવનારો છે. તેની ઇઝઝત પણ અપમાન છે. અને તેનું ખરાપણું પણ મજાક છે. તેની ઉન્નિતિ પતન છે. અને આ લડાઈ ઝઘડા, ટંટા ફસાદ,

લૂંટમાર, હલાકત અને તબાહીનું ઘર છે. તેનો રહેવાવાળો વાહન પર સવાર છે અને ચાલી નિકળવા તૈયાર છે. તેની સ્થિતિ મિલન અને વિદાયની ખેંચતાણ જેવી છે. જ્યાં રસ્તા ખોવાઈ ગયા છે અને વળવું મુશ્કેલ છે. અને યોજનાઓ પડી ભાંગી છે. રક્ષિત ઘાટીઓએ તેઓને વિટંબણામાં નાખી દીધા છે. અને ઉતારાઓએ તેમને દૂર ફેંકી દીધા છે. ડહાપણોએ પણ તેમને થક્વી દીધા છે.

હવે જે બચી ગયા છે એમાં કેટલાકના ટાંગા તુટી ગયા છે, કંઈક માંસના લોંદા (લોચા) છે જેની ખાલ ઉતારી લેવામાં આવી છે અમુક કપાએલા જીસ્મ અને વહેતા ખૂન જેવા છે. અમુક પોતાના હાથ કાપનારા છે અને અમુક અફસોસથી હાથ મસળવાવાળા છે. અમુક ચિંતા વિચારમાં કોણીઓ ગાલો પર રાખીને બેઠા છે. અને અમુક પોતાના વિચારોથી કંટાળેલા અને પોતાના ઇરાદાને રજૂ કરનારા છે. યુક્તિઓએ મોં ફેરવી લીધું છે અને નાશ સામે આવી ગયો છે. પણ છૂટકારાનો સમય નિકળી ગયો છે આ એક ન બનવાવાળી વાત છે. જે વસ્તુ વીતી ગઈ એ વીતી ગઈ અને

સમય ચાલ્યો ગયો એ ચાલ્યો ગયો અને દુનિયા પોતાના હાલમાં મન માની કરતી કરતી પસાર થઈ ગઈ "ન તેના પર આસમાન રોયું અને ન જમીન અને ન તેઓને મહેતલ આપવામાં આવી."

* * * * *

# ૧૯૨ - કાસેઆ ખુત્બો, જેમાં ઇબ્લીસની નિંદા તેના ગર્વ અને ઘમંડનો ઉલ્લેખ, ગત ઉમ્મતના બનાવો અને તેની હાલતો

આ ખુત્બામાં ઇબ્લીસના ગર્વની નિંદા કરવામાં આવી છે અને એ વાત જાહેર કરવામાં આવી છે કે સૌથી પ્રથમ પક્ષપાત અને મગરૂરીનો રસ્તો તેણે અપનાવ્યો છે એટલે તેનાથી બચવું જરૂરી છે.

તમામ તારીફ એ અલ્લાહના માટે છે જેના વસ્ત્રો ઇઝઝત અને મહાનતા છે અને તેણે આ વિશેષતામાં કોઈને ભાગીદાર નથી બનાવ્યો તેણે આ બંને ખાસિયતો દરેક માટે હરામ અને પ્રતિબંધિત ઠરાવીને માત્ર પોતાની કીર્તિ અને માન માટે ચૂંટી લીધેલ છે. અને જે કોઈએ પણ આ બંને ગુણોમાં તેનાથી મુકાબલો કરવા ચાહ્યો છે તેને મલઊન (ધિક્કાર પાત્ર) ઠરાવી દીધો છે.

ત્યાર પછી એ જ રૂએ ખાસ ફરિશ્તાઓની કસોટી કરવામાં આવી છે, જેથી વિનમ્રતા કરવાવાળા અને ઘમંડ રાખનારામાં તફાવત કાયમ થઈ જાય. અને એ જ આધારે તે

દિલોના ભેદોને અને ગુપ્ત રહસ્યોને જાણનાર પરવરદિગારે એલાન કરી દીધું કે "હું માટીમાંથી એક માનવી પૈદા કરનાર છું અને જયારે તેનો ઢાંચો તૈયાર થઈ જાય અને તેમાં હું મારી વિશેષ રૂહ કુંકી દઉં તો તમે બધા સજદામાં નમી જ્જો." "ત્યારપછી બધા ફરિશ્તાઓએ સજદો કરી દીધો માત્ર ઇબ્લીસે ઇન્કાર ર્ક્યો." કેમકે તેને પૂર્વગ્રહ બંધાઈ ગયો અને તેણે પોતાની પેદાશના પદાર્થથી આદમ પર ગર્વ કર્યો. અને પોતાના મૂળના આધારે મગરૂરીનો શિકાર થઈ ગયો. જે પછી આ ખુદાનો દુશ્મન બધા પક્ષપાતી લોકોનો આગેવાન અને બધા ઘમંડી લોકોનો મોટો વડીલ બની ગયો. તેણે જ પૂર્વગ્રહનો પાયો નાખ્યો અને તેણે પરવરદિગારથી જબરૂતની ચાદરમાં મુકાબલો કર્યો અને પોતાના ખ્યાલમાં માન અને કીર્તિનો લિબાસ પહેરી લીધો અને વિનમ્રતાનો બુરખો ઉતારી ફેંકી દીધો.

હવે શું તમે જોઈ નથી રહ્યા કે પરવરદિગારે તેને ઘમંડના કારણે કેવો વામન બનાવી દીધો છે અને ઊંચાઈ દેખાડવાના લીધે પતિત કરી દીધો છે. દુનિયામાં તેને

મલઊન ઠરાવ્યો છે અને આખેરતમાં તેના માટે જહન્નમની આગની વ્યવસ્થા કરી છે.

જો પરવરદિગાર એમ ચાહત કે આદમ અલય્હિસ્સલામને એક એવા નૂરથી પૈદા કરે જેનું તેજ આંખોને આંજી દે અને જેની રોનક બુધ્ધિઓને દંગ રાખી દે અથવા એવી ખૂશ્બુથી બનાવે જેની મહેક શ્વાસોને પકડી લે, તો ખરેખર કરી શકતો હતો અને જો એમ કરી દેત તો યકીનન ગરદનો તેની સામે ઝૂકી જાત અને ફરિશ્તાઓનું ઇમ્તેહાન આસાન થઈ જાત, પરંતુ તે એ ચીજોથી ઇમ્તેહાન લેવા માંગતો હતો કે મૂળની ખબર ન પડે જેથી એ પારખાથી તેઓનો ફરક સ્થાપિત થઈ જાય અને તેઓના ગર્વનો ઇલાજ થઈ શકે અને તેઓથી ઘમંડ દૂર રાખી શકાય.

તો હવે તમે બધા, પરવરદિગારની ઇબ્લીસ સાથેની વર્તણુકથી બોધપાઠ લ્યો કે તેણે તેના લાંબા અમલ અને અણથક મહેનતોને તબાહ અને બરબાદ કરી નાખી જયારે કે તે છ હજાર વરસ ઇબાદત કરી ચૂક્યો હતો. તે વિશે કોઈને ખબર નથી કે તે દુનિયાના વર્ષો હતા કે આખેરતના પણ

એક પળના ઘમંડે બધું ધૂળધાણી કરી નાખ્યું. તો હવે કોણ એવો ગુનાહ કરી અલ્લાહના અઝાબથી બચી શકે છે.

એ હરગીઝ શકય નથી કે જે ગુનાહના કારણે ફરિશ્તાને બહાર કાઢી મૂક્યો તેની સાથે માનવીને જન્નતમાં દાખલ કરી દે, જયારે કે ખુદાનો કાનૂન જમીન અને આસમાન માટે એક જેવો છે અને અલ્લાહ તથા કોઈ ખાસ બંદાની વચ્ચે કોઈ એવો ખાસ સંબંધ નથી કે તે એ વસ્તુને તેના માટે હલાલ કરી દે જે બધા જહાનો માટે હરામ કરી હોય.

ખુદાના બંદાઓ ! આ ખુદાના દુશ્મનથી હોશિયાર રહો. ક્યાંક તમને પણ પોતાના રંગોમાં ન સપડાવી દે. અને ક્યાંક પોતાની અવાજ પર ખેંચી ન લે. અને તમારા પર પોતાના પાયદળ અને હયદળ વડે આક્રમણ ન કરી દે. એટલા માટે કે મારી જાનની કસમ તેણે તમારા માટે દુષ્ટતાના તીર કમાનમાં જોડી લીધા છે. અને કમાનને જોરથી ખેંચી લીધી છે. અને તમને ઘણી નિકટથી નિશાનો બનાવવા માગે છે. તેણે ચોખ્ખું કહી દીધું છે કે "પરવરદિગાર, જે રીતે તેં મને ભટકાવ્યો છે, હવે હું પણ

તેઓ માટે ગુનાહોને સજાવી દઈશ અને તે બધાયને ભટકાવી દઈશ." જો કે આ વાત તદ્દન કપોલ કલ્પના (અટકળ પંચાં દોઢ સો) કહી હતી અને તદ્દન જુઠા અંદાજાના આધારે જીભેથી કાઢી હતી. પરંતુ ઘમંડની પેદાવાર, પૂર્વાગ્રહની બિરાદરી, અને ગર્વ તથા જહાલતના શેહસવારોએ તે વાતનું સમર્થન કરી દીધું.

ત્યાં સુધી કે જયારે તમારામાંથી મો મારી કરવાવાળા તેના તાબેદાર બની ગયા અને તેની લાલચ તમારામાં પ્રબળ થઈ ગઈ તો વાત રહસ્યના પડદાઓમાંથી નિકળી બહાર આવી ગઈ. તેણે પોતાની સત્તા તમારા પર જમાવી દીધી. અને પોતાના લશ્કરનું રૂખ તમારા પ્રતિ ફેરવી લીધું. તેઓએ તમને હડધૂતતાની ગર્ત (ખાડા) માં ધકેલી દીધા. અને તમને ખૂનામરકીના વમળમાં ફસાવી દીધા, અને લગાતાર જખ્મી કરીને પામાલ કરી નાખ્યા. તમારી આંખોમાં ભાલા ખૂંતાડી દીધા. તમારા ગળા પર ખંજર ચલાવી દીધા અને તમારી નાકને રગડી નાખી. તમારા સાંધાઓને તોડી નાખ્યા અને તમારી નાકમાં જોર જબરદસ્તીની લગામ નાખી તમને એ આગ પર ખેંચી લઈ ગયો જે તમારા જ માટે તૈયાર

કરવામાં આવી હતી. તે તમારા દીનને એ બધાથી વધારે ઘાયલ કરનાર અને તમારી દુનિયામાં સૌથી વધારે ટંટા ફસાદની આગ ભડકાવનાર છે, જેઓથી સામનાની તમે તૈયારી કરી રાખી છે .અને જેની વિરૂદ્ધ તમે લશ્કર એકઠું કર્યું છે. એટલે હવે તમારા ક્રોધ અને ગુસ્સાનું કેન્દ્ર તેને જ બનાવો અને બધી કોશિશ તેની વિરૂદ્ધ વાપરો.

ખુદાની કસમ ! તેણે તમારા મૂળ પર પોતાની ઉચ્ચતાની જાહેરાત કરી છે. એણે તમારા જન્મમાં એબ કાઢયો છે અને કુળ પર મહેણું માર્યું છે. અને તમારી વિરૂદ્ધ સૈન્ય એકઠું કર્યું છે. અને તમારા માર્ગને પોતાના પ્યાદાઓથી ખૂંદવાનો ઇરાદો કર્યો છે. જે દરેક સ્થળે તમારો શિકાર કરવા માગે છે. અને તમે ન કોઈ બચાવનો પ્રયત્ન કરો છો અને ન કોઈ નિશ્ચય ઇરાદાથી પોતાનો બચાવ કરો છો, ત્યાં સુધી કે તમે હડધૂતતાના વમળમાં, વર્તૂળની સંકુચિતતા, મૌતનું મયદાન અને બલાઓના ક્રીંડાગણમાં છો.

હવે તમારી ફરજ છે કે પૂર્વાગ્રહ અને જહાલતના વેરની જે આગ તમારા દિલોમાં બળી રહી છે તેને બુઝાવી

નાખો. કેમકે આ ગર્વ એક મુસલમાનની અંદર શયતાની વસવસા, આત્મશ્લાઘા (આપ વખાણ), ઝઘડાખોરી અને દૂરાચરણનું પરિણામ છે. પોતાના માથા પર વિનયનો તાજ રાખવાનો નિર્ણય કરો અને તકબ્બૂરને પોતાના પગ તળે રાખી ચગદી મારો. ઘમંડના તોક પોતાના ગળામાંથી ઉતારી ફેંકી દયો. અને પોતાના અને પોતાના શત્રુ ઇબ્લીસ અને તેના લશ્કરની વચ્ચે વિનય અને વિનમ્રતાનો મોરચો બાંધી લ્યો. કેમકે તેણે દરેક કૌમમાંથી પોતાના લશ્કર, મદદગાર, પ્યાદા સવાર બધાનો બંદોબસ્ત કરી લીધો છે. અને ખબરદાર એ શખ્સ જેવા ન થઈ જાવ, જેણે પોતાના માજાયા (ભાઈ)ની સામે ગર્વ કર્યો, જો કે અલ્લાહે તેને કોઈ વિશેષતા આપી નહોતી. બલ્કે ઇર્ષાની શત્રુતાએ તેના નફસમાં મોટાઈની લાગણી જન્માવી દીધી અને અહંભાવે તેના દિલમાં ગુસ્સાની આગ સળગાવી દીધી. શયતાને તેના નાકમાં તકબ્બૂરની હવા ફુંકી દીધી. અને પરિણામે પસ્તાવો જ હાથમાં આવ્યો. કયામત સુધીના કાતિલોના ગુનાહ તેના માથે આવી પડયા કેમકે તેણે કતલનો પાયો નાખ્યો છે.

યાદ રાખો ! તમે અલ્લાહથી ખૂલે ખૂલી (ખુલ્લમ ખુલ્લા) શત્રુતા અને ઈમાનદારોથી જંગનું એલાન કરી, ઝુલ્મની ઇન્તેહા કરી દીધી છે. અને જમીનમાં ફસાદ ઊભો કરી દીધો છે. ખુદાને ખાતર ખુદાથી ડરો, ઘમંડનો ગર્વ અને જહાલતના અભિમાનના સંબંધમાં. કેમકે આ દુશ્મનાવટો પૈદા થવાની જગ્યા અને શયતાનની ચાલોની મંઝિલ છે. એના જ વડે તેણે ગત કૌમો અને પહેલાના લોકોને ધોકો આપ્યો છે, ત્યાં સુધી કે એ લોકો જહાલતના અંધકારો અને ગુમરાહીની ગર્ત (ખાડા)માં પડી ગયા. તેઓ પોતાના હાંકનારના સંપૂર્ણ તાબે અને ખેંચનારના નખશીખ અનુયાયી હતા. આજ એ વાત છે જેમાં દિલો બધા એક જેવા છે અને વંશ પરંપરા (વારસાગત) એ જ માર્ગ પર ચાલતા રહ્યા છે અને આ જ એ ઘમંડ છે, જેને છુપાવવા છાતીઓ તંગ છે.

સચેત થઈ જાઓ. પોતાના એ વડીલો અને આગેવાનોની તાબેદારીથી બચતા રહો, જેઓએ પોતાના કૂળ પર ગર્વ કર્યો અને પોતાના વંશની બુન્યાદ પર ઊંચા બની ગયા. કદરૂપી વસ્તુઓને અલ્લાહને માથે નાખી દીધી અને

તેના ઉપકારોનો સાવ ઇન્કાર કરી દીધો. તેઓએ તેના ફેંસલાનો સામનો કર્યો અને તેની નેઅમતો પર વર્ચસ્વ જમાવવા ચાહ્યું. આ જ એ લોકો છે, જેઓ પૂર્વગ્રહની બુનિયાદ, ટંટાના પાયા અને જહાલતના ગર્વની તલવારો છે.

અલ્લાહથી ડરો અને ખબરદાર, તેની નેઅમતોના શત્રુ અને તેણે આપેલ વિશિષ્ટ ગુણોની ઇર્ષા ન કરો, એ ઇસ્લામના જૂઠા દાવેદારોની પયરવી ન કરો, જેનું ગંદુ પાણી પોતાના સ્વચ્છ પાણીમાં મેળવી પી રહ્યા છો અને જેની બીમારીઓને તમે પોતાની તંદુરસ્તી સાથે ભેળસેળ કરી દીધી છે અને જેના જૂઠને પોતાના સત્યમાં દાખલ કરી લીધું છે. આ લોકો પાપાચારની બુનિયાદ છે અને અવગણના સાથે ચોંટેલા છે.

ઇબ્લીસે તેમને ગુમરાહીની સવારી બનાવી દીધા છે. અને એવું લશ્કર ઠરાવ્યું છે, જેના વડે લોકો પર હુમ્લા કરે છે, અને એ જ તેના પ્રતિનિધીઓ છે, જેની જીભેથી તે બોલે છે. તમારી બુધ્ધિઓ છીનવા માટે અને તમારી આંખોમાં સમાઈ જવા માટે અને તમારા કાનોમાં પોતાની વાત ફૂંક્વા માટે

તેણે તમને પોતાના તીરોના નિશાના અને પોતાના કદમો માટે દોડનું મયદાન અને પોતાના હાથોનું રમકડું બનાવી દીધા છે.

જુઓ, તમારી પહેલા ગર્વ કરનારી કૌમો પર ખુદાનો જે અઝાબ, હુમ્લો, કહેર અને કોપ ઉતર્યો છે તેનાથી નસીહત લ્યો. તેઓના ગાલભર સૂવા અને પડખાભેર પડવાથી શિખામણ લ્યો. અલ્લાહના દરબારમાં અહંકારના ફળની સ્થિતિઓથી એવી રીતે પનાહ માગો, જેવી રીતે કાળના અકસ્માતોથી પનાહ માગો છો. પાલનહાર જો કોઈને અહંકારની છૂટ આપતે તો સૌથી પહેલા પોતાના ખાસ નબીઓ અને વલીઓને છૂટ આપતે પણ તે બેનિયાઝે તેઓ માટે પણ ગર્વને નાપસંદ કર્યો છે. અને તેઓની પણ વિનમ્રતાથી જ રાજી થયો છે. તેઓએ પોતાના ગાલો ધરાથી ચીપકાવી દીધા હતા અને પોતાના મોંને ધૂળ પર રાખી દીધા હતા અને પોતાના ખભાઓ મોઅમિન માટે ઝૂકાવી દીધા હતા.

આ બધા સમાજના એ નિર્બળ બનાવી દીધેલા લોકો હતા જેઓનું ખુદાએ ભુખથી ઇમ્તેહાન લીધું, સંકટોથી અજમાવ્યા, ભયાનક મરહલાથી પસાર કર્યા અને અણગમતા સંજોગોમાં તેઓને ઊંચે નીચે કરી જોઈ લીધા. ખબરદાર, ખુદાની ખૂશનુદી અને નારાજગીનું પ્રમાણ માલ અને અવલાદથી ન આંકો કેમકે તમે કસોટીઓના સ્થળોને ઓળખતા નથી. અને તમને નથી ખબર કે ખુદા માલદારી અને સત્તાથી કેવી રીતે પરીક્ષા કરે છે. તેણે સાફ એલાન કરી દીધું છે "શું એ લોકોનું માનવું એમ છે કે તેઓને માલ અને અવલાદની વિપૂલતા આપીને તેઓની નેકીઓમાં વધારો કરીએ છીએ? હકીકત એ છે કે તેઓ કંઈ જાણતા નથી."

અલ્લાહ પોતાને ઊંચા સમજનારનું ઇમ્તેહાન પોતાના નિર્બળ બનાવી દીધેલા વલીઓ દ્વારા લીધા કરે છે.

જુઓ, મૂસા બિન ઇમરાન પોતાના ભાઈ હારૂનની સાથે ફિરઓનના દરબારમાં એ શાનથી દાખલ થયા કે તેમના શરીર પર ઊનનું પહેરણ હતું અને તેમના હાથમાં એક લાકડી હતી. તેઓ સાહેબોએ તેનાથી વાયદો કર્યો કે જો

તે ઇસ્લામ કબૂલ કરશે, (તો) તે તેના મુલ્કને અને તેની ઇઝઝતને અખંડતા અર્પણ કરશે. તો તેણે લોકોને કહ્યું: "શું તમને લોકોને આ બંનેના હાલ પર આશ્ચર્ય નથી થતું? જેઓ આ રંક અને ભુખની હાલતમાં મારી પાસે આવ્યા છે અને મારા દેશને અખંડતાની જમાનત આપી રહ્યા છે ! જો તેઓ એવા જ ઊંચા છે તો તેમના પર સોનાના કંગન કેમ ન ઉતર્યા?" તેની દ્રષ્ટિમાં સોનું અને સંઘરો એક મોટું કારનામું હતું. અને ઊનના કપડા પહેરવા એ અપકીર્તિની નિશાની હતા. જો કે અલ્લાહ ઇચ્છતે તો નબીઓના આગમન સાથે તેમના માટે સોનાના ખજાના, શુધ્ધ ચાંદીની ખાણો, ઉપવનો અને ફળદ્રુપ ખેતીઓના દરવાજા ખોલી દેત. અને તેઓની સાથે હવામાં ઉડનારા પક્ષીઓ અને જમીનના જાનવરોને તેઓના તાબે બનાવી દેત. પણ જો એવું કરી આપત તો કસોટી ખતમ થઈ જાત અને ઇન્આજમોક્ષામ પણ બંધ થઈ જાત. અને આસમાની ખબરો પણ બેકાર અને બરબાદ થઈ જાત. ન સંકટો સહેનારને પરીક્ષા દેવાવાળાનો અજ્ર મળત

અને ન ઇમાનદારોને નેક ચારિત્ર્યવાળા જેવા ઇન્આ મ્મળત અને ન શબ્દો અર્થોનો સાથ આપત.

અલબત, પરવરદિગારે પોતાના મૂરસલોને ઇરાદાઓના હિસાબે શક્તિમાન બનાવ્યા છે. જો કે જોવામાં પરિસ્થિતિની દ્રષ્ટિએ ઘણા કમઝોર છે. તેમની પાસે એ સંતોષ છે, જેણે લોકોના દિલ અને દ્રષ્ટિને તેમની બેપરવાઈથી ભરી દીધા છે અને એ ગરીબાઈ છે જેના લીધે લોકોની આંખો અને કાનોને દુ:ખ થાય છે.

જો મહાન નબીઓ એવી કુવ્વતના ધણી હોત, જેનો ઇરાદો પણ ન કરી શકાય અને એવી ઇઝઝત ધરાવતા હોત જેને હડધૂત ન કરી શકાય અને એવી સલ્તનત રાખતા હોત, જેની તરફ ગરદનો ઉઠતી હોય અને સવારીઓની જીન ક્સવામાં આવતી હોય તો આ વાત લોકોને ધડો (નસીહત) લેવા માટે આસાન હોત અને તેઓને ગર્વથી સરળતાથી દૂર કરી શકત અને સર્વે બધા કોપ ભરપૂર ભય, અને મીઠાસભરી આસક્ત (chahnaચાહના)ની બિના પર ઈમાન લઈ આવત. બધાની નિય્યતો એકસરખી હોત અને બધા વચ્ચે નેકીઓ

વહેંચાઈ જાત. પરંતુ તેણે એમ ઇચ્છયું કે તેના રસૂલોની પયરવી અને તેની કિતાબોનું સમર્થન અને તેના દરબારમાં વિનમ્રતા અને તેના હુકમો સામે નત મસ્તક. બધુ તેની પવિત્ર જાત સાથે વિશેષ રહે અને તેમાં કોઈ પણ પ્રકારની ભેળસેળ ન થવા પામે અને દેખીતું છે કે, જેટલા પ્રમાણમાં કસોટી અને ઇમ્તેહાનમાં સખ્તી હશે એટલા પ્રમાણમાં વળતર અને સવાબ પણ વધારે મળશે.

શું તમે એ નથી જોતા કે પરવરદિગારે આદમ અલય્હિસ્સલામથી આજ સુધી અનુગામીઓ અને પૂરોગામીઓ બધાનું ઇમ્તેહાન લીધું છે. એ પત્થરો દ્વારા જેનો ન કોઈ દેખીતો ફાયદો છે અને ન નૂકસાન. ન તેઓ પાસે દીર્ઘ દ્રષ્ટિ છે અને ન શ્રવણ શક્તિ (સાંભળવાની શક્તિ). પરંતુ તેઓથી પોતાનું એ માનવંત મકાન બનાવી લીધું છે. જેને લોકોના કયામનું સાધન બનાવી દીધું છે અને પછી તેને એવે સ્થળે બનાવ્યું છે જે ધરા પર અત્યંત પથરાળ અને ઊંચી જમીનમાં અત્યંત માટીવાળી, ખીણોમાં આજુબાજુથી અત્યંત તંગ છે, તેની આસપાસ સખ્ત પ્રકારના પહાડ, નરમ પ્રકારના રેતાળ

મેદાનો, પાણીવાળા ઝરણાઓ અને છૂટી છવાઈ વસ્તીઓ છે જ્યાં ન ઊંટ ઉછરી શકે છે અને ન ગાય કે બકરીઓ.

ત્યાર પછી તેણે આદમ અલય્હિસ્સલામને અને તેમની અવલાદને હુકમ આપી દીધો કે પોતાના ખભાઓને તેની તરફ વાળી દે. અને એ રીતે મુસાફરીઓથી ફાયદો ઉપાડવાનું સ્થાન અને કાઠડા ( ઊંટો પર બેસવા માટેના કજાવા) ઉતારવાનું સ્થળ બનાવી દીધું. જેની તરફ લોકો દૂર દૂરથી ઉજ્જડ રણો, દૂર દૂરની ઘાટીઓના નીચાણ વાળા રસ્તાઓ, જમીનથી કપાઈ ગએલ નદીઓના ટાપુઓથી, દિલ જાનથી ધ્યાન ધરે છે. જેથી અપમાન સાથે (આજીજી પૂર્વક ) પોતાના ખભાઓ નમાવે અને તેની આસપાસ પોતાના પરવરદિગારના ખુદા હોવાનું એલાન કરે ને પગપાળા એવી સ્થિતિમાં દોડતા રહે કે તેમના વાળો વિખરાએલા હોય અને માથા પર ધૂળ પડી રહી હોય. પોતાના વસ્ત્રોને ઉતારીને ફેંકી દે. અને વાળ વધારી પોતાના રૂપ સૌંદર્યને બદનુમા બનાવી લે. આ એક મોટી કસોટી છે, સખ્ત ઇમ્તેહાન અને સ્પષ્ટ અધિકાર જેના દ્વારા બંદાપણાની સંપૂર્ણ પરીક્ષા થઈ રહી છે.

પરવરદિગારે આ મકાનને રહમતનો ઝરીઓ અને જન્નાતનો વસીલો બનાવી દીધો છે. તે જો ઈચ્છેત તો આ ઘરને અને તેના બધા ધામોને બાગો અને નહેરોની વચ્ચે નરમ અને સપાટ જમીન પર બનાવી દેત. જ્યાં વૃક્ષોની ઘટાઓ હોત અને નજીક નજીક ફળ. ઇમારતો એક બીજાથી જોડાએલી હોત. અને વસ્તીઓ એકબીજાની પાસે પાસે હોત. ક્યાંક આછા લાલ જેવા ઘઉંના છોડવાઓ હોત અને ક્યાંક હર્યા ભર્યા બાગો. ક્યાંક ઉપવનોની કતાર હોત અને ક્યાંક પાણીમાં ડૂબેલા મયદાન. ક્યાંક લીલાછમ ખેતરો અને ક્યાંક વસ્તીવાળા માર્ગો. પરંતુ આ રીતે કસોટીની સરળતા સાથે વળતરનું પ્રમાણ પણ ઘટી જાત.

અને જે પાયા પર આ મકાન ઊભું કરવામાં આવ્યું છે તે લીલા જમર્રૂદ અને લાલ માણેક જેવા પત્થરો અને તેજ પ્રકાશના ઝળહળાટથી શોભતી હોત તો છાતીઓ પર શંકાના હુમ્લા ઓછા થઈ જાત અને દિલો પર ઇબ્લીસની મહેનતોની અસર ખતમ થઈ જાત. અને લોકોના દિલોના વહેમોનો ક્રમ પૂરો થઈ જાત. પરંતુ પરવરદિગાર પોતાના બંદાઓને સૌથી સખત હાલતોથી અજમાવવા માગે છે. અને તેઓથી સૌથી

ભારે મહેનતો મારફત બંદગી કરાવવા માગે છે. અને તેને જાત જાતની અગોઠિત (અણગમતી) પરિસ્થિતિઓથી અજમાવવા માગે છે. જેથી તેઓના દિલોમાંથી ઘમંડ નિકળી જાય અને તેઓના મનોમાં વિનમ્રતા અને વિનયને સ્થાન મળી જાય. અને આ વાતને દયા માયાના ઉઘાડા દરવાજાઓ અને ક્ષમા માફીના સૌથી સરળ સાધનો ઠરાવે.

જુઓ દુનિયામાં બંડખોરીનું પરિણામ, આખેરતમાં ઝુલ્મનો અઝાબ અને ઘમંડના સૌથી બદતર પરિણામના વિષયમાં ખુદાથી ડરો કેમકે આ ઘમંડ શયતાનની મોટામાં મોટી જાળ અને મોટામાં મોટો ધોકો છે. જે દિલોમાં એવી રીતે ઉતરી જાય છે, જેવી રીતે હળાહળ ઝેર કે ન તો તેની અસર જાય છે અને ન તેનો વાર ખાલી જાય છે. ન કોઈ આલિમના ઇલ્મના કારણે કે ન કોઈ નાદાર પર તેના ચીંથરે હાલ હોવાના લીધે.

અને આ સંકટથી પરવરદિગારે પોતાના ઈમાનદાર બંદાઓને નમાઝ અને ઝકાત અને ખાસ દિવસોમાં રોઝાના શ્રમ દ્વારા બચાવી લીધા છે. જેથી તેના અંગ અવયવોને આરામ મળી જાય. નજરોમાં વિનય પૈદા થઈ જાય.

આત્મામાં વિનમ્રતા જન્મે, દિલ અલ્લાહની બારગાહમાં ઝૂકી જાય અને તેમાંથી અભિમાન નિકળી જાય. એ આધારે કે નમાઝમાં કોમળ વદનો નમ્રતા સાથે ધૂળમાં રગદોળવામાં આવે છે અને માનનિય અંગો અને અવયવોને અનાદર સાથે જમીનથી મેળવી દેવામાં આવે છે. અને રોઝામાં લાચારીની લાગણી સાથે પેટ પીઠ સાથે ભળી જાય છે અને ઝકાતમાં જમીનની શ્રેષ્ઠ ઉપજને ફકીરો અને નિરાધારોમાં વહેંચી દેવામાં આવે છે. જરા જુઓ તો ખરા કે આ અમલોમાં અહંકારના ભાવોને કેવી રીતે જડમૂળથી ઉખેડીને ફેંકી દેવામાં આવ્યા છે. અને અભિમાનના દેખાતા સ્પષ્ટ ચિહ્નોને દબાવી દેવામાં આવે છે.

મેં બધા વિશ્વને પરખી જોઈ લીધું છે. કોઈ શખ્સ એવો નથી જેમાં કોઈ પણ વસ્તુ પ્રતિ પક્ષપાત જોવામાં ન આવતો હોય અને તેની પાછળ કોઈ એવી નિશાની ન હોય જેનાથી જાહિલ ધોકો ખાઈ જાય. અથવા એવી દલીલ ન હોય જે મડદાઓની અકલને વળગી જાય સિવાય તમારા લોકોની કે તમે એવી વસ્તુનો પક્ષપાત રાખો છો જેની કોઈ નિશાની અથવા જેનું કોઈ કારણ નથી. જુઓ ઇબ્લીસે આદમની

સરખામણીમાં પક્ષપાત અને પૂર્વાગ્રહનો દેખાવ કર્યો તો પોતાના મૂળના આધારે અને તેઓની બનાવટ પર મેણું માર્યું અને એમ કહી દીધું કે હું આગથી બન્યો છું અને તું માટીથી.

આવી રીતે ઉમ્મતોના મૂડીપતિઓએ પોતાની નેઅમતોના અવશેષોના આધારે અભિમાનનું પ્રદર્શન કર્યું અને એ એલાન કરી દીધું કે "અમે વધારે માલ અને અવલાદવાળા છીએ એટલે અમારા પર અઝાબ નથી થઈ શકતો." પણ તમારી પાસે તો એવો કોઈ આધાર પણ નથી. એટલે જો ગૌરવ લેવું છે તો શ્રેષ્ઠ આદતો, પ્રશંસાપાત્ર અમલો, સુંદરતમ સંસ્કારના આધાર પર કરો, જેના વિશે અરબના ખાનદાનો, કબીલાઓના સરદારોના વડવાઓ અને શરીફ લોકો (એ ગૌરવ) કર્યા કરે છે. અર્થાંત સારો સ્વભાવ, મહાન ડહાપણ, ઊંચા મરતબાઓ અને પ્રશંસનિય કારનામા.

તમે પણ આ જ પ્રશંસાપાત્ર કર્મો પર ફખ્ર કરો, પડોશીઓનું રક્ષણ કરો, બોલ વચન પૂરા કરો, નેક લોકોનું અનુસરણ કરો, બંડખોરોનો વિરોધ કરો, દયા માયા અપનાવો, જોર ઝુલ્મથી બચો, ખૂનામરકીથી પનાહ માગો, અલ્લાહના બંદાઓ સાથે ન્યાયથી વર્તો, ક્રોધને પી જાઓ,

જમીન પર ટંટા ફસાદથી દૂર રહો કેમકે આ જ સિફતો અને વિશિષ્ટતાઓ ગૌરવ અને ફખ્ર કરવા લાયક છે.

અતિશય ખરાબ કાર્યોના કારણે ગત ઉમ્મતો પર ઉતરનારા અઝાબથી પોતાની જાતને બચાવો. બૂરા ભલા દરેક સંજોગોમાં એ લોકોને યાદ રાખો અને ખબરદાર તેઓ જેવા કુચરિત્ર ન થઈ જ્જો.

જો તમે તેઓની સારી નરસી સ્થિતિઓ પર વિચારી લીધું છે તો હવે એવા આચરણ અપનાવો જેનાથી ઇઝઝત હંમેશા તેઓની સાથે રહી. શત્રુઓ તેઓથી છેટે છેટે રહ્યા, સુખનો પાલવ તેઓ તરફ ફેલાવી દેવામાં આવ્યો, નેઅમતો તેઓની સામે નમી ગઈ અને મોટાઈ અને શરાફતે તેઓથી નાતો જોડી લીધો કેમકે તેઓ જૂદાઈથી બચ્યા, પ્રચારની સાથે તેના પર બીજાઓને તત્પર કરતા રહ્યા અને તેની જ આપસમાં નસીહત અને વસીયત કરતા રહ્યા.

અને જુઓ, દરેક એ ચીજથી પરહેઝ કરો જેને તેઓની કેડ ભાંગી નાખી. તેઓની શક્તિ ક્ષીણ કરી (ભાંગી) નાખી અર્થાંત પરસ્પર વેર, દિલોની દુશ્મનાવટ, લોકોનું એક

બીજાથી મોં ફેરવી લેવું, અને હાથોનું એક બીજાની સહાયથી રોકાઈ જવું.

જરા, પોતાના પૂરોગામી ઈમાનવાળાઓની પરિસ્થિતિઓ પર પણ ચિંતન કરો કે તેઓ કેવી કસોટીઓ અને પરીક્ષાઓમાં મુકાયા હતા. શું તેઓ બધા સર્જનોમાં સૌથી વધારે ભાર ઉપાડનારા અને બધા બંદાઓમાં સૌથી વધારે સંકટોમાં સપડાયા નહોતા? અને બધા દુનિયાવાળાઓમાં સૌથી વધારે તંગીમાં ગુજારો કરતા નહોતા ! ફિરઓનોએ તેઓને ગુલામ બનાવી લીધા હતા. અને જાત જાતના બદતરીન અઝાબમાં નાખતા હતા. તેઓને કડવા ઘૂંટડા પીવરાવતા હતા, અને તેઓ એવા સંજોગોમાં જીવન પસાર કરી રહ્યા હતા. વિનાશની અવગતિ પણ હતી અને વર્ચસ્વનો કહેર પણ હતો. ન બચવાનો કોઈ માર્ગ હતો અને ન સંરક્ષણનો કોઈ રસ્તો.

ત્યાં સુધી કે જયારે પાલનહારે જોઈ લીધું કે જયારે તેઓએ તેની મહોબ્બતમાં જાત જાતના દુ:ખો ઉપાડયા છે અને તેના ડરથી દરેક અણગમતા સંજોગોનો સામનો કરી

લીધો છે. તો તેઓ માટે આ તંગીઓમાં વિશાળતાના સાધનોનો બંદોબસ્ત કરી દીધો. અને તેઓની અપકીર્તિને સન્માનમાં ફેરવી નાખી. ભયના બદલે સુખ શાંતિ અર્પી અને તેઓ જમીનના હાકેમ અને બાદશાહ (આગેવાન અને સરદાર) બની ગયા. અલ્લાહની મહેરબાનીએ એ મંઝિલો સુધી પહોંચાડી દીધા, જ્યાં સુધી જવાની તેઓએ કલ્પના પણ નહોતી કરી.

જુઓ, જ્યાં સુધી તેઓના ટોળાઓ સંગઠિત રહ્યા. તેઓની ઈચ્છાઓમાં એક રાગ રહ્યો. તેઓના દિલો સમતલ રહ્યા. તેઓના હાથ એક બીજાની મદદ કરતા રહ્યા. તેમની તલવારો એક બીજાને કામ આવતી રહી. તેઓની દીર્ઘદ્રષ્ટિ કામ કરતી હતી. અને તેઓના નિર્ણયોમાં સંપ રહ્યો, તેઓ કોઈ પણ રીતે માનવંત રહ્યા. શું તેઓ આસપાસના પ્રદેશના રાજકર્તા અને બધા લોકોની ગરદનોના હાકેમો નહોતા?

પરંતુ અંતે તેઓનો અંજામ શું આવ્યો? જયારે તેઓ વચ્ચે ખટરાગ પેદા થઈ ગયો. મોહબ્બતોમાં બેરૂખી આવી ગઈ. વાતો અને દિલોમાં ભિન્નબતાપૈદા થઈ ગઈ. અને બધા

વિવિધ ટોળાઓ અને પરસ્પર દુશ્મન સંઘોમાં વહેંચાઈ ગયા તો પરવરદિગારે તેમના શરીર પરથી વડિલાતનો લિબાસ ઉતરાવી લીધો. અને નેઅમતોની લીલા લહેર આંચકી લીધી. અને હવે તેઓના કિસ્સાઓ સબક શીખવાવાળાઓ માટે બોધ પાઠ બનીને રહી ગયા છે.

એટલે હવે તમે ઇસ્માઈલની અવલાદ અને ઇસ્હાક તથા ઇસરાઈલ (યઅકૂબ)ના વંશજોથી બોધ ગ્રહણ કરો કે બધાના સંજોગો અને પરિસ્થિતિઓ કેટલી મળતી જડતી અને એક સરખી છે. જુઓ તેઓના કુસંપ અને વિસર્જનના કાળમાં શું સ્થિતિ હતી કે કૈસર અને કિસરો તેઓના બાદશાહ બની ગયા હતા અને તેઓને દુનિયાની આસપાસના લીલા મયદાનો, ઈરાકની નદીઓ, અને દુનિયાની હરિયાળીઓથી કાઢી કાંટાળી ઝાડીઓ, અને આંધીઓના અરોક (વણથંભ્યા) આક્રમણો અને રોઝગારની દુષ્કર મંઝિલો સુધી પહોંચાડી આ હાલતમાં મૂકી દીધા હતા કે, તેઓ રંક અને નિરાધાર, ઊંટોની પીઠો પર ચાલનારા, અને વાળોના ઝૂંપડામાં રહેવાવાળા બની ગયા હતા. ઘરબારની રૂએ બધી કોમોથી

વધારે હડધૂત અને જગ્યાના હિસાબે સૌથી વધારે દુષ્કાળોના શિકાર હતા. ન તેઓની અવાજ હતી જેનો આશરો લઈ પોતાનું રક્ષણ કરી શકે અને ન કોઈ પ્રેમનું છત્ર હતું જેની તાક્ત પર ભરોસો કરી શકે. સંજોગો વ્યાકુળ, શક્તિઓ વેરવિખેર, બહુમતિમાં મતભેદ, આકરી આફતો, ઘોર અજ્ઞાનતા, જીવતી દાટી દેવાનારી પુત્રીઓ, પત્થર પુજાને લાયક, સગપણો તૂટેલા અને ચારે બાજુથી આક્રમણોની ભરમાર.

ત્યાર પછી જુઓ કે પરવરદિગારે તેઓ પર કેટલા ઉપકારો કર્યા. જયારે તેઓ તરફ એક રસૂલ મોકલી આપ્યો જેણે પોતાની વ્યવસ્થાથી તેમની પયરવીને પાબંદ બનાવી દીધી અને પોતાની દાવત પર તેઓની દોસ્તીઓને એકત્ર કરી અને તેના પરિણામે નેઅમતોએ તેઓ પર વડિલાતની પાંખો પ્રસારી દીધી. અને રાહતોની નદીઓ વહાવી દીધી. શરીઅતે તેઓને પોતાની બરક્તોના મૂલ્યવાન લાભોમાં સાંકળી લીધા. તેઓ નેઅમતોમાં ડૂબી ગયા અને જીવનના વૈભવોમાં મજા ઉડાવવા લાગ્યા. એક મજબૂત હાકિમની આણ

(સરપરસ્તી) નીચે સંજોગો સુધરી ગયા. અને પરિસ્થિતિએ વર્ચસ્વ અને વડિલાતના પડખામાં જગ્યા અપાવી દીધી. અને એક અખંડ દેશની શીખરો અને દુનિયા અને દીનની ખૂશ નસીબી તેઓ તરફ ઝૂકી ગઈ. તેઓ દેશોના બાદશાહ બની ગયા અને આસપાસની ધરતીના રાજકર્તા ગણાવા લાગ્યા. જેઓ કાલે તેઓના કામકાજના ધણી હતા આજે તેઓ તેમનાં કામકાજના ધણી બની ગયા. અને પોતાના હુકમો તેઓ પર ચલાવવા લાગ્યા, જેઓ કાલે પોતાના હુકમો તેઓ પર ચલાવતા હતા, હવે ન તેઓનો દમખમ નિકાળી શકાતો હતો અને ન તેઓનું જોર પણ તોડી શકાતું હતું.

જુઓ તમે તમારા હાથોને ફરમાંબરદારીના બંધનોથી ખંખેરી નાખ્યા છે અને અલ્લાહના તરફથી તમારી આસપાસ ખેંચેલ કુંડાળામાં જાહેલિયતના હુકમોના આધારે અવરોધ ઊભા કરી દીધા છે. અલ્લાહે આ ઉમ્મતના સંગઠન પર એ ઉપકાર કર્યો છે કે તેઓને પ્યારના એવા બંધનોમાં જકડી લીધા છે કે તેની જ છત્રછાયામાં સફર કરે છે અને તેના જ પડખામાં આશરો લે છે. અને આ એ નેઅમત છે જેનું

મુલ્ય અને આદર કોઈ નથી સમજી શકતું એટલા માટે કે આ દરેક મૂલ્યથી મહા મૂલ્ય છે અને દરેક વડપણ અને સજ્જનતાથી મોટું વડપણ છે.

અને યાદ રાખો કે તમે હિજરત પછી પાછા રણના બદ્દુઓ (ગામડિયાઓ) બની ગયા છો અને પરસ્પર દોસ્તી પછી વળી ટોળાઓમાં વહેંચાઈ ગયા છો. તમારો ઇસ્લામથી સંબંધ માત્ર નામનો રહી ગયો છે. અને તમે ઈમાનમાંથી માત્ર રસમોને ઓળખો છો અને ધર્મના આત્માથી બિલ્કુલ અજાણ છો.

તમારૂં કહેવું છે કે આગ સહન કરી લેશું, પણ ઝિલ્લત નહીં સહન કરીએ, જાણે કે ઇસ્લામની સીમાઓ તોડી અને તેના બોલવચનના ટૂકડે ટૂકડા કરી, જેને અલ્લાહે જમીનમાં આશરો અને લોકોમાં અમન શાંતિ બનાવ્યો છે, તે ઇસ્લામને ઉલટાવવા માગો છો. જો કે તમે ઇસ્લામ સિવાય કોઈ અન્ય તરફ રૂખ કર્યું તો પણ, કાફરો તમારાથી કાયદેસર જંગ કરશે અને એ સમયે ન જિબ્રઈલ આવશે ન મિકાઈલ, ન મુહાજિર તમારી સહાય કરશે અને ન અન્સાર. માત્ર તલવારો

ખડક્તી રહેશે ત્યાં સુધી કે પરવરદિગાર પોતાનો અંતિમ ફેંસલો લાગુ પાડી દેશે.

તમારી પાસે તો ખુદાના અઝાબ અને કોપના અને અકસ્માતો (બનાવો) તથા વિનાશના નમૂના મૌજૂદ છે એટલે ખબરદાર ! તેની પકડથી અજાણ થઈ તેને દૂર ન સમજો અને તેના હુમ્લાને હળવો ન સમજો અને તેની સખ્તીથી ગાફિલ થઈ પોતાને નચિંત ન બનાવી દયો.

જુઓ, પરવરદિગારે તમારી પહેલા ગુજરી જનારી કૌમો પર માત્ર એટલા માટે લાનત કરી છે કે તેઓએ અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કર (સારાની ભલામણ અને બુરાઈની રોકથામ) છોડી દીધી હતી જેના પરિણામે જાહિલો પર ગુનાહના આચરણને કારણે લાનત થઈ અને ડાહ્યાઓ પર તેઓની રોકથામ ન કરવાના કારણે.

સચેત થઈ જાવ, કે તમે ઇસ્લામના બંધનોને તોડી નાખ્યા છે. તેની સીમાઓ (શિક્ષાઓ) થંભાવી દીધી છે. અને તેના હુકમોને મુડદાલ બનાવી દીધા છે. અને પરવરદિગારે મને હુકમ આપ્યો છે કે હું બંડખોર વચન ભંગી અને ફસાદીઓથી લડું, જેહાદ કરૂં. પ્રતિજ્ઞા વચન તોડનારાથી

જેહાદ કરી ચૂક્યો, નાફરમાનોથી મુકાબલો કરી ચૂક્યો અને બેદીન ખારજીઓને સંપૂર્ણ હડધૂત કરી ચૂક્યો, રહી ગયો ગર્તમાં (ખાડામાં) પડવાવાળો શયતાન તો તેનો મસઅલો એ ગર્જનાથી ઉકેલાઈ ગયો જેના દિલની ધડકન અને છાતીની થરથરાહટની અવાજ મારા કાનો સુધી પહોંચી રહી હતી. હવે બંડખોરોમાં માત્ર થોડા જેટલા લોકો રહી ગયા છે કે જો પરવરદિગાર તેઓ પર હુમલો કરવાની રજા આપી દે તો તેઓનો પણ નાશ કરી હુકૂમતની દિશા બીજી બાજુ ફેરવી નાખું. અને પછી એ લોકો જ બાકી રહી જશે જે વિવિધ શહેરોમાં વિખેરાઈ પડયા છે.

**મને ઓળખો:**

મેં નાની વયમાં જ અરબોની છાતીઓને જમીન સાથે મેળવી દીધી હતી. અને રબીઆ તથા મુઝરના શીંગડા તોડી નાખ્યા હતા. તમને ખબર છે કે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમથી મને કેટલું નજીકનું સગપણ અને ખાસ સ્થાન પ્રાપ્ત છે. આપે બાળપણથી મને પોતાની ગોદમાં એવી રીતે જગ્યા આપી છે કે મને પોતાની છાતીમાં વળગાડી રાખતા હતા, પોતાના

બિસ્તર પર જગ્યા આપતા હતા, પોતાના કાળજાથી ચાંપીને રાખતા હતા અને મને લગાતાર પોતાની ખૂશ્બૂથી ન્યાલ કરતા રહેતા હતા અને ખોરાક પોતાના દાંતોથી ચાવી મને ખવરાવતા હતા. ન તેઓએ મારી કોઈ વાતમાં જૂઠ જોયું અને ન મારા કોઈ અમલમાં ભૂલ જોઈ.

અને અલ્લાહે દૂધ છોડવાના કાળથી જ આપની સાથે એક મહાનતમ ફરિશ્તાને કરી દીધો હતો જે આપની સાથે મોટાઈના માર્ગે અને શ્રેષ્ઠ આદતોની રીતભાત પર ચાલતો રહેતો હતો. અને રાત દિવસ આ જ ક્રમ રહેતો હતો. અને હું પણ આપની સાથે એવી રીતે ચાલતો હતો જેવી રીતે ઊંટણીનું બચ્ચું માની સાથે સાથે ચાલે છે. આપ રોજ મારી સામે પોતાના સદગુણની એક નિશાની રજૂ કરતા હતા અને પછી મને તેનું અનુકરણ કરવાનો હુકમ આપતા હતા.

આપ વર્ષમાં એક સમય હિરાની ગુફામાં વીતાવ્યા કરતા હતા જ્યાં માત્ર હું તેમને જોતો અને બીજું કોઈ નહોતું. એ સમયે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને ખદીજા સિવાય કોઈ ઘરમાં ઇસ્લામનો

આરંભ થયો નહોતો. અને તેઓમાં ત્રીજો હું હતો. હું રિસાલતની વહીના નૂરનું અવલોકન કરતો હતો અને રિસાલતની ખૂશ્બૂથી દિમાગને મધમધતો (ઝળહળતો) રાખતો હતો.

મેં વહીના ઉતરવા પ્રસંગે શયતાનની ચીખની રાડ સાંભળી હતી અને અરજ કરી હતી કે અય રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ! આ ચીખ કેવી છે? તો ફરમાવ્યું કે આ શૈતાન છે જે આજે પોતાની ઇબાદતથી નિરાશ થઈ ગયો છે. તમે એ બધું જોઈ રહ્યા છો જે હું જોઈ રહ્યો છું અને એ બધું સાંભળી રહ્યા છો જે હું સાંભળી રહ્યો છું. માત્ર ફરક એટલો છે કે તમે નબી નથી. પરંતુ તમે મારા વઝીર છો અને નેકીના સ્થાને પણ.

હું એ સમયે પણ હઝરતની સાથે હતો જયારે કુરૈશના સરદારોએ આવીને કહ્યું કે મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ! તમે ઘણી મોટી વાતનો દાવો કર્યો છે જે તમારા ખાનદાનમાં કોઈએ નહોતો કર્યો. હવે અમે તમારાથી એક વાતનો સવાલ કરીએ છીએ. જો તમે ખરો

જવાબ આપ્યો અને અમને અમારો આશય દેખાડી દીધો તો અમે સમજી લેશું કે તમે ખુદાના નબી છો અને ખુદાના રસૂલ છો અને જો એમ ન કરી શક્યા તો અમને યકીન થઈ જશે તમે જાદુગર અને જૂઠા છો. તો આપે ફરમાવ્યું હતું કે તમારો પ્રશ્ન શું છે?

તે લોકોએ કહ્યું કે આપ આ વૃક્ષને બોલાવો કે તે જડથી ઉખડીને આપની સામે આવી ઊભું થઈ જાય. આપે ફરમાવ્યું કે પરવરદિગાર દરેક ચીજ પર કુદરત ધરાવે છે. જો તેણે એમ કરી દીધું તો શું તમે લોકો ઈમાન લઈ આવશો? અને હકની ગવાહી આપી દેશો? તે લોકોએ કહ્યું: બેશક ! આપે કહ્યું કે નજીકમાં જ આ દ્રશ્ય દેખાડી દઈશ, પણ મને ખબર છે કે તમે ખેરની (ભલાઈની) તરફ પાછા ફરીને આવવાવાળા નથી, તમારામાં એ શખ્સ પણ મવજૂદ છે. જેને કૂવામાં ફેંકી દેવામાં આવશે અને એ પણ જે લશ્કરો ભેગા કરશે. આમ કહી આપે વૃક્ષને અવાજ આપી કે જો તારૂં ઈમાન અલ્લાહ અને આખેરત પર છે અને તને યકીન છે કે હું હક પર છું, હું અલ્લાહનો રસૂલ છું તો તુ જડથી ઉખડી મારી

સામે આવી જા અને ખુદાના હુકમથી ઊભુ થઈ જા. કસમ છે એ ઝાતની જેમણે આપને હકની સાથે પયગમ્બર બનાવ્યા કે દરખ્ત જડથી ઉખડી ગયું અને એવી સ્થિતિમાં હઝૂરની સામે આવી ગયું કે તેમાં સખ્ત ખડખડાટ હતી અને પક્ષીઓની પાંખોના ફફડાટ જેવી અવાજો પણ. તેની એક ડાળ સરકારના માથા પર છાંયો નાખતી કરી દીધી અને મારા એક ખભા પર જયારે કે હું આપના જમણા પડખે ઊભો હતો.

તે લોકોએ જેવું આ દ્રશ્ય જોયું, અત્યંત બંડખોરી અને ઘમંડથી કહેવા લાગ્યા કે સારૂં હવે હુકમ આપો કે અર્ધો ભાગ આપની પાસે આવે અને અર્ધો રોકાઈ જાય. આપે એમ પણ કરી બતાવ્યું. અને અર્ધો ભાગ અત્યંત હયરત સાથે અને સખ્ત ખડખડાટ સાથે આવી ગયો અને આપને ઘેરી વળ્યો. તે લોકો ફરી કુફ્ર અને અવજ્ઞાને લીધે એ માંગણી કરી કે હવે તેને કહો કે પાછું જઈને પોતાના અર્ધા ભાગ સાથે મળી જાય. આપે એમ પણ કરી દેખાડયું તો મેં અવાજ આપી કે હું અલ્લાહની તવહીદનો પહેલો સ્વિકાર કરનારો અને આ હકીકતનો પહેલો માનનારો છું કે દરખ્તે આપની નબુવ્વતનું

સમર્થન અને આપના કલામની ઉચ્ચતા માટે આપના હુકમની સંપૂર્ણ પયરવી કરી.

પરંતુ પૂરી કૌમે આપને જુઠા અને જાદુગર ઠેરવ્યા કે આપનું જાદુ અજીબ પણ છે અને સુક્ષ્મ પણ છે. અને આવી વાતોનું સમર્થન એવા જ લોકો કરી શકે છે અમે લોકો નથી કરી શકતા. પરંતુ હું હર હાલમાં એ કૌમમાં ગણાઉં છું. જેઓને ખુદાના સંબંધ કોઈ ટીકાખોરની ટીકાની પરવા નથી હોતી. જેની નિશાનીઓ સાચાઓ જેવી હોય છે અને જેઓની વાણી સુચારિત્ર્યવાન લોકો જેવી. તેઓ રાતોને આબાદ રાખવાવાળા અને દિવસોના મિનારા છે. કુરઆનની રસ્સીને વળગેલા છે અને ખુદા તથા રસૂલની સુન્નમતને જીવંત રાખનારા છે. તેઓને ત્યાં ન ઘમંડ છે અને ન બંડખોરી ન અપ્રમાણિક્તા છે અને ન ફસાદ, તેઓના દિલ જન્નમતમાં લાગેલા છે અને તેઓના જીસ્મ કાર્યમાં પ્રવૃત (મગ્ન) છે.

* * * * *

# ૧૯૩ - તકવાવાળાના વખાણ અને ઇબ્ને કવાની અણ સમજનો ઉકેલ

કહે છે કે હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામનો એક આબિદ અને ઝાહિદ સહાબી જેમનું નામ હમામ હતું. તે સહાબી એક દિવસ હઝરતને કહેવા લાગ્યા કે હઝૂર મને તકવા કરનારાઓના ગુણો કંઈક એવી રીતે બયાન ફરમાવો કે જાણે હું તેઓને જોઈ રહ્યો છું. આપે જવાબ ટાળતા કહ્યું કે હમામ અલ્લાહથી ડરો અને સુકર્મો કરો. કેમકે અલ્લાહ સુકર્મો કરનારને દોસ્ત રાખે છે.

હમામ આ ટૂંકા બયાનથી સંતોષાયા નહીં તો હઝરતે પરવરદિગારની હમ્દ અને વખાણ અને દરૂદ અને સલામ પછી ઇરશાદ ફરમાવ્યું:

જાણી લ્યો ! પરવરદિગારે લોકોને એ સ્થિતિમાં પૈદા કર્યા છે કે તેઓની તાબેદારીથી બેપરવાહ હતો અને તેઓની નાફરમાનીથી બચેલો હતો. ન તેને કોઈ નાફરમાનની ગુનાહગારી નૂકસાન પહોંચાડી શકતી હતી અને ન કોઈ તાબેદારની પયરવી લાભ પહોંચાડી શકતી હતી.

તેણે બધાની રોઝીને વહેંચી દીધી. અને બધાની આ દુનિયામાં એક સ્થિતિ નક્કી કરી દીધી. આ દુનિયામાં મુત્તકી લોકો એ છે જેઓ ગુણિયલ અને વિશેષતાઓના ધણી હોય છે. તેમની વાતચીત સવાબ અને સત્ય હોય છે, તેમનો પહેરવેશ સાદો હોય છે, તેઓની ચાલ વિનમ્ર હોય છે. જે વસ્તુઓને પરવરદિગારે હરામ કરી છે તેનાથી નજરોને નીચી રાખે છે. અને પોતાના કાનોને એ વિદ્યાઓ માટે વકફ રાખે છે.જે ફાયદો પહોંચાડનારી હોય છે. તેઓના દિલ કસોટી અને પરીક્ષામાં એવા રહે છે જેવા આરામ અને શાંતિમાં રહે છે. જો અલ્લાહે દરેકની હદ મર્યાદા નક્કી ન કરી દીધી હોત તો તેઓની રૂહો તેઓના ખોળિયાઓમાં એક પળ પણ ન રોકાઈ શકત. કેમકે તેઓને સવાબનો શોખ છે અને અઝાબનો ડર છે. સર્જનહાર તેઓની દ્રષ્ટિમાં એટલો બધો મહાન છે કે પુરૂં જગત તેની નજરથી પડી ગયું છે.

જન્નમત તેઓની દ્રષ્ટિ સમક્ષ એવી રીતે છે જાણે તેની નેઅમતોની મજા માણી રહ્યા હોય. અને જહન્નામને એવી રીતે જોઈ રહ્યા છે જાણે તેના અઝાબને અનુભવી રહ્યા

હોય. તેઓના દિલ નેકીઓના ખજાના છે અને તેઓથી બુરાઈનો કોઈ ખતરો નથી. તેઓના શરીર પાતળા અને નિર્બળ છે. અને તેઓની જરૂરતો ઘણી અલ્પ છે અને તેઓના અંતર પણ પવિત્ર અને શુધ્ધ છે. તેઓએ દુનિયામાં થોડા દિવસો કષ્ટો વેઠી અનંત સુખનો બંદોબસ્ત કરી લીધો છે. અને એવી નફાકારક તિજારત કરી છે કે જેનો બંદોબસ્ત તેઓના પરવરદિગારે કરી દીધો હતો. દુનિયાએ તેઓને ઘણું ચાહ્યું પણ તેઓએ તેને ચાહી નહીં. અને તેણે તેઓને ઘણા પકડવા ચાહ્યું પણ તેઓએ દંડ આપી પોતાને છોડાવી લીધા.

રાત્રીઓના સમયે મુસલ્લા પર ઊભા રહે છે. સુંદર કંઠે કુરઆનની તિલાવત કરે છે. પોતાના દિલોને ગમગીન રાખે છે અને એ રીતે પોતાના દિલની બીમારીનો ઇલાજ કરે છે. જયારે કોઈ ઉત્સાહ જનક આયત પડે છે, તો તેની તરફ ધ્યાનસ્થ (ધ્યાનમગ્ન) થઈ જાય છે અને જયારે કોઈ ડરવા અને બચવાની આયત પડે છે તો અંતઃ કરણને તે બાજુ એવી રીતે મશગુલ કરી દે છે, જાણે જહન્નદમના ભડકાઓની અવાજ સાંભળી રહ્યા હોય અને ત્યાંની ચીખો પુકારો નિરંતર

તેઓના કર્ણો સુધી પહોંચી રહી હોય. તેઓ રૂકુઅમાં કેડ નમાવી અને સજદામાં કપાળ, હથેળી, ગોઠણો અને અંગૂઠાને ધૂળ પર (જમીન પર) ટેકવીને લગાવી રાખે છે.

પરવરદિગારથી એક જ માંગણી કરે છે કે તેમની ગરદનોને દોઝખની આગથી આઝાદ કરી દે.

ત્યાર પછી દિવસના સમયે આ આલિમો, ડાહ્યાઓ, સુચારિત્ર્યવાનો અને પરહેઝગારો હોય છે. જાણે તેઓને તીરઅંદાઝના તીરની જેમ ખુદાના ડરે છીલેલા હોય. જોવાવાળો તેઓને જોઈને બીમાર કલ્પે છે. જો કે તેઓ બીમાર નથી હોતા. અને તેઓની વાતો સાંભળી કહે છે તેઓની બુધ્ધિમાં ખરાબી છે. જો કે એવું કંઈ નથી.વાત માત્ર એટલી છે કે તેઓને એક મોટી વાતે મદહોશ બનાવી રાખ્યા છે, કે તેઓ ન તો અલ્પ કર્મોથી રાજી થાય છે અને ન લાંબા અમલોને ઘણા અમલ સમજે છે. સદા પોતાના અંતરને જ ઠપકો આપતા રહે છે. અને પોતાના અમલોથી જ ડરતા રહે છે. જયારે તેઓની પ્રશંસા કરવામાં આવે છે તો તેનાથી ભયભીત થઈ જાય છે અને કહે છે હું મારા અંતરને બીજાથી

વધારે જાણું છું અને મારો પરવરદિગાર તો મારાથી પણ વધારે જાણે છે.

અય ખુદા ! મારાથી એઓની વાતોની પૂછગાછ ન કરજે અને મને તેઓની નેક ભાવનાથી પણ વધારે નેક બનાવી દે જે. પછી એ ગુનાહોને માફ પણ કરી દેજે જેને આ બધા નથી જાણતા.

તેઓની એક નિશાની આ પણ છે કે, તેઓની પાસે દીનમાં શક્તિ, નરમીમાં અત્યંત સંયમ, યકીનમાં ઈમાન, ઇલ્મની લાલચ, સહિષ્ણુતાના સ્થાનમાં ઇલ્મ, માલદારીમાં મધ્યમ વર્તન, ઇબાદતમાં દિલની નમ્રતા, ભુખમાં સ્વમાન, કષ્ટોમાં ધીરજ, હલાલની ઇચ્છા, હિદાયતમાં આનંદ, લાલચથી પરહેઝ જેવી બધી વાતો મળી આવે છે. તેઓ નેક અમલો પણ બજાવી લાવે છે તો કંપતા કંપતા ( ધ્રૂજતા ધ્રૂજતા) અંજામ આપે છે. સંધ્યા ટાણે તેઓની ચિંતા પરવરદિગારનો શુક્ર હોય છે અને સવારના ટાણે અલ્લાહની યાદ, અને (તેઓ) ભયભીત હાલતમાં રાત પસાર કરે છે અને ખુશીની હાલતમાં સવાર. જે ગફલતથી ડરાવવામાં

આવ્યા છે તેનાથી બચતા રહે છે અને જે ઉપકારો અને રહેમતનો વાયદો કરવામાં આવ્યો છે તેનાથી રાજી રહે છે. જો દિલ અણગમતા કામ માટે સખ્તી પણ કરે તો તેની માંગણી પૂરી નથી કરતા. તેઓની આંખોની ઠંડક અખૂટ નેઅમતોમાં છે અને તેઓની પરહેઝી નશ્વર (ફના થવાવાળી) વસ્તુઓથી છે. તેઓ ઇલ્મને સહિષ્ણુતાથી અને વાણીને વર્તનથી મેળવી રાખે છે. તમે સદા તેઓની આશાઓ ટૂંકી, દિલ વિનમ્ર, આત્મ સંતોષી, સામાન્ય ખોરાક, આસાન મામલાઓ, દીનને સલામત, ઇચ્છાઓ મારેલી અને ગુસ્સાને પીવાવાળા જોશો.

તેઓથી સદા ભલાઈની આશા રહે છે અને ઇન્સાન તેઓના શર્ર (બુરાઈ)થી સલામત રહે છે. તેઓ ગાફિલોમાં નજર આવે તો પણ ખુદાની યાદ કરવાવાળા ગણાશે. અને યાદ કરવાવાળાઓમાં નજર આવે તો પણ ગાફિલોમાં નહીં ગણાય. ઝુલ્મ કરવાવાળાઓને માફ કરી દે છે, વંચિત લોકોને પ્રદાન (અતા) કરે છે. સગપણનો અનાદર (કતએ રહમ) કરવાવાળાઓથી સંબંધ રાખે છે. ફોગટ વાતોથી દૂર,

વાણીમાં વિનયી, ગુનાહો અદ્રશ્ય, નેકીઓ હાજર, સારાપણું આવતું, છળ જતું, ધરતીકંપોમાં ગંભીર, સંકટોમાં ધીર, આસાનીઓમાં શુક્ર કરવાવાળા, દુશ્મન પર ઝુલ્મ નથી કરતા, ચાહવાવાળા ખાતર ગુનાહ નથી કરતા, ગવાહી માગવા પહેલા સત્યનો સ્વિકાર કરી લે છે. અમાનતોને વેડફી નથી નાખતા, જે વાત યાદ કરાવવામાં આવે તેને ભુલતા નથી. અને નામો પાડી એક બીજાને ચીડવતા નથી. અને પડોશીઓને નુકસાન નથી પહોંચાડતા. સંકટોમાં કોઈને મેણા નથી મારતા. ખોટી ચર્ચામાં ઉતરતા નથી, સત્ય વાતને છોડતા નથી. તેઓ મુંગા રહે તો તેઓની ચૂપકીદી ગમ અને શોકના કારણે નથી, અને તેઓ હસે છે તો અવાજ ઉંચી નથી થવા દેતા. તેઓ પર ઝુલ્મ કરવામાં આવે તો સબ્ર કરે છે, જેથી ખુદા તેનો બદલો લ્યે. તેઓના આત્મા સદા ચિંતામય રહે છે. અને લોકો હંમેશા તેઓ તરફથી નચિંત રહે છે. તેઓએ પોતાના આત્માને આખેરત માટે થકવી દીધો છે. અને લોકો તેના આત્માની તરફથી આઝાદ થઈ ગયા છે. દૂર રહેવાવાળઓથી તેઓની દૂરી પરહેઝગારી અને પવિત્રતાના

કારણે છે અને નિકટ રહેનારાઓથી તેઓની નિકટતા નરમી અને રહેંમતના કારણે છે. ન દૂરી ઘમંડ અને મોટાઈનું પરિણામ છે અને ન નિકટતા છળ અને પ્રપંચના લીધે.

રાવી કહે છે કે આ સાંભળી હમામે એક ચીખ મારી અને દુનિયાથી રૂખ્સત થઈ ગયા.

તો હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામે ફરમાવ્યું: હું આ જ વખતથી ડરતો હતો. કેમકે હું જાણતો હતો કે તકવાવાળાઓ પર નસીહતની અસર આ જ રીતે થાય છે.

આ સાંભળવું હતું કે એક શખ્સ બોલી ઉઠયો, તો પછી આપ પર તેવી અસર કેમ ન થઈ?

તો આપે ફરમાવ્યું: ખુદા તારૂં બુરૂં કરે, દરેકની મૌતનો એક સમય નક્કી હોય છે, જેનાથી આગળ વધવું અશક્ય છે અને દરેક વસ્તુ માટે એક કારણ હોય છે, જેનાથી હટવું અશક્ય છે. ખબરદાર હવે આવી વાત ન કરજે. આજે શયતાને તારા પર પોતાનો જાદૂ ફૂંકી દીધો છે.

* * * * *

# ૧૯૪ - મુનાફિકોની હાલતનો ઉલ્લેખ

જેમાં મુનાફિકો (દંભીઓ)ની સિફતો બયાન કરવામાં આવી છે.

અમે એ પરવરદિગારનો આભાર માનીએ છીએ કે તેણે તાબેદારીની સદબુધ્ધિ આપી, અને ગુનાહોથી દૂર રાખ્યા. અને પછી તેનાથી ઉપકારો સંપૂર્ણ કરવા અને તેની હિદાયતની સાંકળથી જોડી રાખવા દુઆ પણ કરી છીએ. અને આ વાતની સાક્ષી આપીએ છીએ કે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તેના બંદા અને રસૂલ છે. તેઓએ તેની ખુશી ખાતર દરેક સંકટમાં પોતાને નાખી દીધા અને દરેક ક્રોધના ઘૂંટ પી લીધા. નજીક્વાળાઓએ તેઓની સામે રંગ બદલી નાખ્યા અને દૂરવાળાઓએ તેઓ પર આક્રમણ કરી દીધું. અરબોએ પોતાની લગામનું રૂખ તેઓ તરફ વાળી દીધું. અને પોતાની સવારીઓને તેઓથી લડવા માટે તૈયાર કરી દીધી, ત્યાં સુધી કે પોતાની ઔરતોને દૂર સુદૂરના ઇલાકાઓમાં અને દૂરની સીમાઓથી લાવીને તેઓના આંગણામાં ઉતારી દીધી.

ખુદાના બંદાઓ! હું તમને અલ્લાહથી તકવા (ડરવા)ની નસીહત કરૂં છું અને તમને મુનાફિકોથી સાવચેત કરૂં છું કે તે ગુમરાહ પણ છે અને ગુમરાહ કરનારા પણ. બંડખોર પણ છે અને બંડખોર બનાવનારા પણ. તેઓ નિરંતર રંગ બદલ્યા કરે છે અને જાત જાતના ફિત્નાઓ ઊભા કરતા રહે છે. દરેક છળ અને પ્રપંચ દ્વારા તમારો જ ખ્યાલ કરે છે. અને દરેક ઘાતમાં તમારી જ તાકમાં રહે છે. તેઓના દિલ બીમાર છે અને તેઓના વદન પાક સાફ, અંદરને અંદર ચાલ ચાલે છે અને નૂકસાનો માટે ઘસડાતા પગ ઉપાડે છે. તેઓની રીત દવા જેવી અને વાણી શિફા જેવી છે. પરંતુ તેઓનું વર્તન નિરૂપચારક રોગ જેવું છે. તેઓ આરામમાં ઇર્ષા કરે છે. સંકટોમાં સપડાવનારા, અને આશાઓને નિરાશ કરી દેનારા, જે પંથે પણ જુઓ તેનો મારેલો પડયો છે અને જે દિલને જુઓ ત્યાં સુધી પહોંચવા માટે એક ભલામણકાર ગોતી રાખ્યો છે, અને દરેક રંજ અને ગમ માટે આંસુ તૈયાર રાખ્યા છે. એક બીજાના વખાણમાં ભાગ લે છે અને તેના બદલાની વાટ જોતા રહે છે. સવાલ કરે છે તો ચોંટી જાય છે અને

બુરાઈ કરે છે તો બદનામ કરીને જ છોડે છે. અને ફેંસલા કરે છે તો મર્યાદા વટાવી જાય છે.

દરેક સત્ય માટે એક જૂઠ ઘડી રાખ્યું છે. દરેક સીધા માટે એક વાંકાનો બંદોબસ્ત કરી રાખ્યો છે. દરેક જીવતા માટે એક કાતિલ મૌજૂદ છે. અને દરેક દરવાજા માટે એક ચાવી બનાવી રાખી છે. અને દરેક રાત માટે એક દીપક તૈયાર કરી રાખ્યો છે. લાલચ માટે સ્ત્રીનો ઉપયોગ કરે છે, જેથી પોતાના બજારને પ્રચલિત કરી શકે અને પોતાના માલને ચાલુ કરી શકે. જયારે વાત કરે છે તો સંદેહયુક્ત અને જયારે વખાણ કરે છે તો જૂઠને સત્યનો રંગ ચડાવી દે છે. તેઓએ પોતાના માટે રસ્તો આસાન બનાવી રાખ્યો છે અને બીજાઓ માટે અવરોધો ઊભા કર્યા છે. આ શયતાનના ટોળાં છે અને જહન્નેમના  ભડકા. આ જ લોકો શયતાનના લશ્કરની વ્યાખ્યામાં આવે છે અને શયતાનના લશ્કરનું ભાવી ખોટ સિવાય કશું નથી.

* * * * *

# ૧૯૫ - ખુદાની પ્રશંસા, તકવાની ભલામણ અને કયામતની નિશાની

સર્વ પ્રશંસા એ અલ્લાહના માટે જેણે પોતાની સલ્તનતના અવશેષો અને મોટાઈની કીર્તિને એવી રીતે પ્રદર્શિત કર્યા છે કે બુધ્ધિઓની દ્રષ્ટિઓ કુદરતની વિચિત્રતાથી દંગ રહી ગઈ છે અને લોકોની કલ્પનાઓ અને વિચારો તેના ગુણોની હકીકતના પરિચયથી રોકાઈ ગયા છે.

હું ગવાહી આપું છું કે તેના સિવાય કોઈ ખુદા નથી અને આ ગવાહી માત્ર ઈમાન અને યકીન, નિખાલસતા અને શ્રધ્ધાના આધારે છે. અને વળી હું ગવાહી આપું છું કે મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તેના બંદા અને રસૂલ છે. તેણે આપને એ સમયે મોકલ્યા છે જયારે હિદાયતની નિશાનીઓ ભૂંસાઈ ગઈ હતી. અને દીનના માર્ગના એંધાણ મળતા નહોતા. તેઓએ સત્યની ખૂલ્લી રીતે જાહેરાત કરી. લોકોની હિદાયત કરી, સીધા પંથે લગાડયા અને મધ્યમ માર્ગના કાનૂનો બનાવી દીધા.

ખુદાના બંદાઓ ! યાદ રાખો ખુદાએ તમને અમસ્તા પૈદા નથી કર્યા અને ન તમને નિરંકૂશ છોડી દીધા છે. તે તમને આપવામાં આવેલી નેઅમતોની સીમાઓ જાણે છે. અને તમારા પર કરવામાં આવનારા ઉપકારોની ગણત્રી રાખે છે. એટલે તેનાથી સફળતા અને વિજયની માંગણી કરો. તેની તરફ ભિક્ષાનો હાથ લંબાવો, અને તેનાથી ભેટોની માંગણી કરો. કોઈ પરદો તમને તેનાથી જુદો નથી કરી શકતો. અને તેનો કોઈ દરવાજો તમારા પર બંધ નથી થઈ શકતો. તે દરેક સ્થળે અને દરેક પળે મૌજૂદ છે. દરેક ઇન્સાન અને દરેક જીનની સાથે છે. ન બક્ષીસ તેની ઉદારતામાં રૂકાવટ નાખી શકે છે અને ન ભેટો તેના ખજાનામાં ખોટ આણી શકે છે. કોઈ માગણ તેના ખજાનાને ખાલી નથી કરી શકતો. અને કોઈ દાન તેની મહેરબાનીની અંતિમ હદે નથી પહોંચી શકતું. એક તરફ ધ્યાન આપવું બીજા તરફથી દુર્લક્ષ નથી કરી શકતું. અને એક અવાજ બીજી અવાજથી ગાફિલ નથી બનાવી શકતી, તેની ભેટ આંચકી લેવાથી રોકાઈ નથી જતી અને તેનો ગઝબ રહેમતથી પ્રવૃત નથી થઈ જતો, દયા સજા

કરવાથી ગાફિલ નથી કરી દેતી. અને હસ્તીનું અદીઠ હોવું દ્રશ્યમાન થવાથી રોકતું નથી. અને અસરોનું દ્રશ્યમાન થવું તેને છુપાવવવાથી રોકી નથી શકતું. તે નિકટ હોવા છતાં દૂર છે અને ઊંચે હોવા છતાં નિકટ છે, તે દ્રશ્યમાન હોવા છતાં ગુપ્ત છે અને ગુપ્ત હોવા છતાં દ્રશ્યમાન છે. તે બદલો આપે છે પણ તેનો બદલો નથી આપી શકાતો. તેણે મખ્લુકને કલ્પી વિચારીને નથી પેદા કરી. અને ન થાકવાના કારણે તેની મદદ લીધી છે.

ખુદાના બંદાઓ! હું તમને ખુદાના તકવા (ડરવા)ની વસીયત કરૂં છું કેમકે એ જ દરેક સારાપણાની લગામ અને દરેક ભલાઈનો પાયો છે. તેના બંધનોથી વળગેલા રહો અને તેની હકીકતોથી સંબંધિત રહો. એ તમને આરામના સલામત સ્થળોએ અને વિપૂલતાના શ્રેષ્ઠ પ્રદેશો સુધી પહોંચાડી દેશે. તમારા માટે સલામત સ્થળો હશે અને માનવંત ઉતારા. એ દિવસે જે દિવસે આંખો ફાટી ફાટીને રહી જશે અને આસપાસ અંધારૂં છવાઈ જશે. ઊંટણીઓ બેકાર થઈ જશે અને સુર ફુંક્વામાં આવશે. તે સમયે બધાના શ્વાસ

થંભી જશે અને દરેક જીભ મુંગી થઈ જશે. ઊંચામાં ઊંચા પહાડો અને મજબૂતમાં મજબૂત શીખરો કણ કણ થઈ જશે. પથ્થરોના શીખરો ચમકદાર ઝાંઝવા (મૃગજળ) જેવા બની જશે. અને તેઓનું સ્થાન એક સાફ નિર્જન મેદાન બની જશે. ન કોઈ શફી શફાઅત કરનારો હશે અને ન કોઈ કામ આવવાવાળો દોસ્ત હશે અને ન કોઈ બહાનું બચાવ કરનારૂં હશે.

* * * * *

# ૧૯૬ - સરકારે દો આલમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની પ્રશંસા

પરવરદિગારે આપને એ સમયે નિયુક્ત કર્યા જયારે ન કોઈ હિદાયતના નિશાન બાકી રહ્યા હતા અને ન કોઈ દીનના મિનારા રોશન હતા અને ન કોઈ રસ્તો સાફ હતો.

ખુદાના બંદાઓ ! હું તમને અલ્લાહના તકવાની હિદાયત કરૂં છું અને દુનિયાથી સાવધ કરી રહ્યો છું. કેમકે આ કૂચનું (ચાલ્યા જવાનું) ઘર છે. અને પ્રતિફ્ળ જગ્યા છે. તેનો રહેવાસી કોઈ પણ સમયે સફર કરનારો છે. અને તેમાં વસેલો અંતે વિખૂટો પડનારો છે. તે પોતાના વાસીઓને લઈને એવી રીતે કંપે છે, જેવી રીતે ઊંડા સાગરમાં તેજ અને તીવ્ર પવનની ટક્કરમાં કશ્તીઓ. અમૂક લોકો ડૂબી જાય છે અને અમુક લોકો મરી જાય છે અને અમુક મોજાઓના સહારે બાકી રહી જાય છે, કે હવાઓ તેઓને પોતાની ગોદમાં લઈ ફરતી રહે છે અને પોતાની ભયાનક મંઝિલો ભણી લઈ જાય છે, જે ડૂબી ગયો તેને ફરી કાઢી નથી શકાતો અને જે બચી ગયો છે તેનો રસ્તો નાશ તરફ જ જાય છે.

ખુદાના બંદાઓ ! હમણા વાતને સમજી લ્યો જયારે જીભો આઝાદ છે, અને બદન સહીહ સાલિમ છે, અંગો વળી શકે છે અને આવજાની જગ્યા વિશાળ અને કાર્યનું ક્ષેત્ર લાંબુ ચોડું છે એ પહેલાં કે મૃત્યુ આવી જાય અને અજલનો ફાંસો ગળામાં પડી જાય. પોતાના માટે મૃત્યુનું આવવું ચોક્કસ સમજી લ્યો અને તેના આવવાની વાટ ન જુઓ.

* * * * *

# ૧૯૭ - પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ સાથે આપના વિશેષ સંબંધો અને તેમની તાલીમોની વિશિષ્ટતા

પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના સહાબીઓમાં શરીઅતના અમાનતદાર લોકો એ હકીકતથી જાણકાર છે કે મેં એક પળ માટે પણ ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની વાતને ટાળી નથી, અને પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ પર પોતાની જાન એ સ્થળોએ કુરબાન કરી છે જ્યાં મોટા મોટા ભડવીરો ભાગી જતા હતા અને તેઓના પગ પાછા ફરી જતા હતા. માત્ર એ બહાદૂરીના આધારે જેનાથી પરવરદિગારે મને સરફરાઝ કર્યો હતો.

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ એ સમયે દુનિયાથી રૂખ્સત કરી ગયા જયારે તેનું મસ્તક મારી છાતી પર હતું અને તેમની પવિત્ર રૂહ મારા હાથો પર જુદી થઈ છે તો મેં પોતાના હાથોને મોં પર લગાવી દીધા. મેં જ આપને ગુસ્લ આપ્યું છે જયારે

ફરિશ્તા મારી મદદ કરી રહ્યા હતા. અને ઘરની અંદર તથા બહાર કલ્પાંત અને રોક્કળ થઈ રહી હતી. એક ટોળું ઉતરી રહ્યું હતું તો એક પાછું જઈ રહ્યું હતું. બધા નમાઝે જનાઝા પડી રહ્યા હતા અને લગાતાર તેઓની અવાજ સાંભળી રહ્યો હતો. ત્યાં સુધી કે મેં જ હઝરતને કબ્રમાં ઉતાર્યા. તો હવે બતાવો કે જિંદગી અને મૌતમાં મારાથી વધીને કોણ તેમની નિકટ હતું? પોતાની દીર્ધ દ્રષ્ટિની સાથે અને સાચી નિય્યતના ભરોસા પર આગળ વધો, અને પોતાના દુશ્મનોથી જેહાદ કરો.

કસમ છે એ પરવરદિગારની જેના સિવાય કોઈ ખુદા નથી કે હું સત્યના માર્ગે છું અને એ લોકો બાતિલની ક્ષતિઓના સ્થાને છે. હું જે કહી રહ્યો છું, તમે સાંભળી રહ્યા છો અને મારા અને તમારા બંને માટે ખુદાના દરબારમાં માફી માગી રહ્યો છું.

* * * * *

# ૧૯૮ - ખુદાવંદે આલમના ઇલ્મની વ્યાપકતા અને તકવાના ફાયદા

તે પરવરદિગાર રણોમાં જાનવરોની ફરિયાદોને પણ જાણે છે અને એકાંતમાં બંદાઓના ગુનાહોને પણ. તે ઊંડા સાગરમાં માછલીઓની આવજાને પણ જાણે છે અને તેજ અને તુંદ હવાથી પૈદા થનારા તોફાનોને પણ.

અને હું ગવાહી આપું છું કે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ખુદાના ચુંટાએલા બંદા, તેની વહીના એલચી, અને તેની રહેમતના રસૂલ છે.

જાણી લ્યો ! હું તમને બધાને એ જ ખુદાથી ડરવાની ભલામણ કરૂં છું જેણે તમારા સર્જનનો આરંભ કર્યો અને તેના જ દરબારમાં તમારે પાછા ફરીને જવાનું છે. તેના જ દ્વારા તમારા આશયોની સફળતા છે અને તેનાથી જ તમારી ચાહનાનો અંત છે. તેની જ તરફ તમારો સીધો માર્ગ છે અને તેની જ તરફ તમારી ફરિયાદોનું લક્ષ્ય છે.

આ અલ્લાહનો તકવા (તેના ખૌફથી ડરી ગુનાહોથી બચવું) તમારા દિલોની બીમારીની દવા છે અને તમારા અંતરોના આંધળાપણાની દ્રષ્ટિ છે, એ તમારા દેહોની

બીમારીના ઉપચારનો સામાન છે અને તમારી છાતીઓના ફસાદનો સુધારો છે. એ જ તમારા આત્માઓના દૂષણોને પાવન કરનારો છે, અને તમારી આંખોના અંજાઈ જવાનું આંજણ છે, એમાં જ તમારા દિલની વ્યાકૂળતાની શાંતિ છે અને એ જ જીવન અંધકારમાં અજવાળનારો છે.

અલ્લાહની બંદગીને અંતરની આદત બનાવો માત્ર બહારની નહીં. અને તેને બાતિનમાં દાખલ કરો માત્ર દેખાવમાં નહીં. પોતાની પાંસળીઓ વચ્ચે સમાવી લ્યો અને પોતાના બધા મામલાઓનો હાકિમ બનાવો. પ્યાસમાં ઉતરવા માટે ઝરણું કલ્પો અને મુખ્ય ઉદ્દેશે પહોંચવા માટેનું સાધન ઠરાવો. પોતાની ફજેતીના દિવસની ઢાલ બનાવો અને પોતાની અંધારી કબ્રો માટે ચિરાગ બનાવો. પોતાની કબ્રના લાંબા ભય માટે તેને સંગાથી બનાવો અને પોતાના રંજ અને ગમ માટે સધિયારો (સહારો) બનાવો. અલ્લાહની ફરમાંબરદારીને બધી ઘેરી વળનારી બરબાદીના અસ્બાબ (ઉપાયો) બનાવો, આવનારા ભયાનક પ્રસંગો અને બનાવો

માટે, અને ભડકતી આગની જવાળાઓ માટે જાનનું બખ્તર બનાવો.

જેણે તકવા અંગીકાર કરી લીધો, તેના માટે કઠણાઈઓ નજીક આવી દૂર ચાલી જાય છે. અને જિંદગીના કામો કડવાશ પછી મીઠા બની જાય છે, મોજા ઉપરા ઉપરી ચડવા પછી પણ વિખરાય જાય છે, અને મુશ્કેલીઓ મહેનતમાં નાખવા પછી પણ આસાન થઈ જાય છે, દુષ્કાળ પછી મહેરબાનીઓની વર્ષા થાય છે. અને રહેમતની ઘટા હટી જવા પછી પાછી વરસવા લાગે છે અને નેઅમતોના ઝરણાં વહેવા લાગે છે. અને ઝરમરની અછત પછી બરકતનો વરસાદ શરૂ થઈ જાય છે.

અલ્લાહથી ડરો, જેણે તમને નસીહતથી ફાયદો પહોંચાડયો છે. અને પોતાના પયગામ મારફત નસીહત કરી છે. અને પોતાની નેઅમતથી તમારા પર ઉપકાર કર્યો છે. પોતાના અંતરને તેની ઇબાદતના માટે સમતલ કરો. તેના હકની પયરવીથી ફરજમુક્ત થવાના પ્રયત્નો કરો.

ત્યાર બાદ યાદ રાખો કે આ ઇસ્લામ એ દીન છે જેને માલિકે પોતાના માટે પસંદ કર્યો છે અને પોતાની નજર નીચે તેની દેખભાળ કરી છે અને તેને શ્રેષ્ઠ લોકોને સોંપ્યો છે. અને પોતાની મોહબ્બત પર તેના સ્તંભો ઊભા કર્યા છે. તેની ઇઝઝત દ્વારા ધર્મોને નમાવ્યા છે. અને તેની ઉત્કૃષ્ટતા મારફત મિલ્લતોના પતનને જાહેર કર્યું છે. તેના દુશ્મનોને તેની ઉચ્ચતા આગળ હડધૂત કર્યા છે. અને તેનો સામનો કરવાવાળાને તેની મદદ દ્વારા પરાજિત કર્યા છે. તેના રૂકન મારફત અંધકારના સ્તંભોને તોડી નાખ્યા છે. અને તેના હોજથી તરસ્યાઓને તૃપ્ત કર્યા છે. અને પછી પાણી ઉલેચવાવાળાઓ મારફત એ હોજોને ભરી દીધા છે.

ત્યાર પછી આ દીનને એવો બનાવી દીધો છે કે તેના બંધન તૂટી નથી શકતા. તેનો પાયો નાબુદ નથી થઈ શકતો, તેની કળીઓ તૂટી નથી શકતી. તેના થાંભલા પડી નથી શકતા. તેનું વૃક્ષ ઉખડી નથી શકતું. તેની મુદ્દત પૂરી નથી થઈ શકતી. તેના અવશેષો મિટાઈ નથી શકતા. તેની ડાળીઓ કપાઈ નથી શકતી. તેના માર્ગો સંકુચિત નથી થઈ

શકતા. તેની આસાનીઓ કઠિન નથી થઈ શકતી. તેના ધવલપણામાં કાળપ ( સફેદીમાં કાળાશ) નથી અને તેના ઊભવામાં વક્રતા નથી. તેની લાકડી વળતી નથી. અને તેની વિશાળતામાં મુશ્કેલી નથી. તેનો ચિરાગ હોલવાઈ નથી શકતો અને તેની મીઠાશમાં કડવાશ નથી આવી શકતી. તેના સ્તંભો એવા છે જેના પાયા હકની જમીનમાં નાખવામાં આવ્યા છે. અને પછી તેના મૂળને મજબૂત બનાવવામાં આવ્યા છે. તેના ઝરણાઓનું પાણી ઓછું નથી થઈ શકતું. અને તેના ચિરાગોની વાટ ધીમી નથી થઈ શકતી. તેના મિનારાઓથી વટેમાર્ગુ હિદાયત પામે છે અને તેના નિશાનોને માર્ગની મંઝિલના નિશાનો બનાવવામાં આવ્યા છે. તેના ઝરણાઓથી તરસ્યા તૃપ્ત થાય છે. અને પરવરદિગારે તેની અંદર પોતાની મરજીની પરાકાષ્ઠા, પોતાના બુલંદ અરકાન અને પોતાની ફરમાબરદારીની ઉન્નીતી ઠરાવી છે. આ દીન તેની નજીક મજબૂત સ્તંભોવાળો, શ્રેષ્ઠ પાયાઓવાળો, સ્પષ્ટ દલીલોવાળો, ઝગમગ રોશનીવાળો, સર્વ વ્યાપી

સલ્તનતવાળો, ઊંચા મીનારવાળો અને અશક્ય તબાહીવાળો છે.

તેની સજ્જનતાનું રક્ષણ કરો તેના હુકમોનું પાલન કરો. તેના હકોને અદા કરો અને તેને તેના ખરા સ્થાને બેસારો.

ત્યારપછી માલિકે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમને હકની સાથે નિયુક્ત કર્યા. જયારે દુનિયા નાશના આરે પહોંચી ગઈ હતી, અને આખેરત માથા પર ચક્કર મારી રહી હતી. દુનિયાનું અજવાળું અંધારામાં પલટાવા લાગ્યું અને તે પોતાના ચાહકો માટે એક મુસીબત બનીને ઊભી થઈ ગઈ. તેનો પટ ખરબચડો બની ગયો અને તે નાશના હાથોમાં પોતાની લગામ આપવા તૈયાર થઈ ગઈ. આ રીતે તેની મુદ્દત પુરી થવા આવી, તેના નાશના ચિહ્નો નજીક આવી ગયા. તેના લાયકો ખત્મ થવા લાગ્યા. તેના વર્તૂળ તૂટવા લાવ્યા. તેના સાધનો વેરવિખેર થઈ ગયા. તેના ચિહ્નો મિટાવા લાગ્યા. તેના એબો ઉઘડવા લાગ્યા, અને તેના પાલવો સંકોચાવા લાગ્યા.

અલ્લાહે આપને પેગામ પહોંચાડવાનું સાધન, ઉમ્મતની કરામત, યુગવાળાઓની વસંત, સહાયકો અને સાથીઓની ઉન્નાતિનો દ્વાર અને દોસ્ત બિરાદરોની સજ્જનતાનો વાસ્તો ઠરાવ્યો છે.

ત્યારપછી આપ પર એ કિતાબ ઉતારવામાં આવી, જેની જ્યોત બુઝાઈ નથી શકતી. અને જેના દીપકની વાટ મંદ નથી પડતી. તે એવો સાગર છે જેનું તળિયું નથી મળી શકતું. અને એવો માર્ગ છે જેના પર ચાલનારો ભટકી નથી શકતો. એવું કિરણ છે જેનું તેજ અંધારી નથી શકતું. અને સત્ય અને જૂઠ વચ્ચેનો એવો ફરક જેની દલીલ કમઝોર નથી પડી શકતી. એવી ચોખવટ જેના પાયા હચમચી નથી શકતા. અને એવો ઉપચાર જેમાં બીમારીનો કોઈ ડર નથી. એવી ઇઝઝત જેના મદદગાર, પાછીપાની નથી કરતા અને એવો હક જેના સહાયકોને સાથીઓ અને મદદગાર વિના છોડી નથી શકતા.

આ ઈમાનની ખાણ અને કેન્દ્ર, ઇલ્મનું ઝરણું, અને સમંદર, ન્યાયનું ઉપવન અને હોજ. ઇસ્લામના પાયાનો

પથ્થર અને પાયો. હકની ખીણ અને તેનું સપાટ મેદાન છે. આ એવો સમંદર છે જેને ઉલેચવાવાળા ઉલેચી નથી શકતા અને એવું ઝરણું છે જે કદી સુકાતું નથી. એ ઘાટ છે જેના પર ઉતરનારા તેને ખાલી નથી કરી શકતા. અને એ મંઝિલ છે જેના માર્ગ પર ચાલનારા પ્રવાસી ભટકી નથી શકતા. તે મંઝિલનું નિશાન છે, જે વટેમાર્ગુઓની નજરથી ઓજલ નથી થઈ શકતું. એ ટિંબો (ટેકરો) છે જેની કલ્પના કરનારા આગળ નથી જઈ શકતા.

પરવરદિગારે તેને આલિમોની તૃપ્તિનું સાધન, ફકીહોના દિલોની વસંત, નેક લોકોના માર્ગ માટે રાજમાર્ગ બનાવ્યો છે. આ તે દવા છે જેના પછી કોઈ રોગ બાકી નથી રહેતો. એ નૂર છે જેના પછી કોઈ અંધકારની શક્યતા નથી. એ રસ્સી છે જેનો ઘેરો મજબૂત છે. અને એ પનાહગાહ છે. જેની ઊંચાઈ રક્ષિત છે. ચાહવાવાળાઓ માટે ઇઝઝત, પ્રવેશકો માટે સલામતી, આરંભકો માટે હિદાયત, સંબંધકો માટે હુજ્જત, વક્તાઓ માટે દલીલ, વાદવિવાદ કરનારાઓ માટે સાક્ષી છે, ચર્ચા કરનારાઓ માટે સફળતાનું સાધન,

ઉઠાવનારાઓ માટે ભાર ઓછો કરવાવાળો, અમલ કરનારાઓ માટે શ્રેષ્ઠ વાહન, સત્ય પારખુઓ માટે શ્રેષ્ઠ નિશાની અને શસ્ત્ર સજનારાઓ માટે શ્રેષ્ઠ ઢાલ છે, ચિંતકો માટે ઇલ્મ અને રાવીઓ માટે હદીસ, અને ફેંસલા કરવાવાળા માટે અંતિમ ચુકાદો અને હુકમ છે.

* * * * *

# ૧૯૯ – નમાઝ, ઝકાત અને અમાનતના વિશે અસ્હાબને ભલામણ

જુઓ, નમાઝની પાબંદી અને તેની સંભાળ રાખો, વધારેમાં વધારે નમાઝો પડો અને તેને અલ્લાહની સમીપતાનું સાધન બનાવો. કેમકે આ ઈમાનદાર પર સમયની પાબંદી સાથે વાજીબ કરવામાં આવી છે. શું તમે જહન્નહમીઓનો જવાબ નથી સાંભળ્યો કે જયારે તેમને પૂછવામાં આવશે કે તમને કઈ વસ્તુએ જહન્નરમ સુધી પહોંચાડયા તો કહેશે કે અમે નમાઝી નહોતા, આ નમાઝ ગુનાહોને એવી રીતે ખંખેરી નાખે છે જેવી રીતે ઝાડના પાંદડા ખરી જાય છે. અને એવી રીતે ગુનાહોથી મુક્તિ અપાવે છે, જેવી રીતે જાનવરોને આઝાદ કરવામાં આવે છે. હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે તેને ગરમ ઝરણાથી સરખાવી છે. જે ઇન્સાનના દરવાજા પર હોય અને તે રોજ તેમાં પાંચ વખત સ્નાન કરે. દેખીતું છે કે તેના શરીર પર કોઈ મેલ બાકી રહી જવાની શક્યતા નથી.

તેના હકને ખરેખર એ ઈમાનવાળાએ ઓળખ્યો છે જેઓને દુનિયાની (વસ્તુ) મતાની શોભા અથવા વેપાર અને કારોબાર કોઈ પણ ચીજ ખુદાની યાદ અને નમાઝ તથા ઝકાતથી ગાફિલ નથી બનાવી શકતી. હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ આ નમાઝને માટે પોતાને કષ્ટમાં નાખતા હતા, જો કે તેમને જન્નતની ખૂશખબરી આપી દેવામાં આવી હતી. એટલા માટે પરવરદિગારે ફરમાવી દીધું હતું કે પોતાના ઘરના લોકોને નમાઝનો હુકમ આપો અને પોતે પણ તેની પાબંદી કરો. તો આપ પોતાના ઘરના લોકોને આજ્ઞા પણ કરતા અને પોતે તકલીફ પણ ઉઠાવતા હતા.

ત્યારપછી ઝકાતને નમાઝ સાથે મુસલમાનો માટે અલ્લાહની નિકટતાનું સાધન બનાવ્યું છે. જે તેને શુધ્ધ દિલે અદા કરી દે તેના ગુનાહો માટે આ કફ્ફારો બની જાય છે. અને તેને જહન્નમથી બચાવી લેશે. ખબરદાર, કોઈ શખ્સ તેને અદા કર્યા પછી તેના વિશે ચિંતા ન કરે. અને ન તેનો અફસોસ કરે. કેમકે પાક દિલ વગર અદા કરવાવાળો અને

પછી એના શ્રેષ્ઠ પરિણામની આશા રાખનારો સુન્ન તથી અજાણ અને અજ્ર સવાબથી ઘાટામાં રહે છે. તેના અમલ બરબાદ થાય છે અને તેનો અફસોસ સદાનો રહે છે.

ત્યારપછી અમાનતો અદા કરવાનો ખ્યાલ રાખો. કેમકે પ્રમાણિક્તા ન કરવાવાળો નિષ્ફળ જાય છે. અમાનતને ઊંચામાં ઊંચા આસમાનો સપાટ જમીનો અને ઉત્કૃષ્ટ અને ઊંચા પહાડો સામે પેશ કરવામાં આવી છે જેનાથી દેખીતી રીતે લાંબી પહોળી, ઊંચી અને ઉન્ન ત (મહાન) કોઈ વસ્તુ નથી અને જો કોઈ વસ્તુ પોતાની લંબાઈ પહોળાઈ અથવા બળ અને શક્તિના આધારે પોતાને બચાવી શકતી હોય તો આજ વસ્તુઓ છે. પરંતુ એ બધાઓ અપ્રમાણિક્તાના અઝાબથી ડરી ગયા અને એ નુકતો સમજી લીધો જેને તેઓથી ક્ષીણ અને નિર્બળ ઇન્સાન ન ઓળખી શક્યો. કેમકે તે પોતાની જાત પર ઝુલ્મ કરવાવાળો અને અબુધ હતો.

પરવરદિગાર પર બંદાઓના રાત દિવસના અમલોમાંથી કંઈ પણ છુપું નથી. તે સુક્ષ્મ દ્રષ્ટા હોવાથી ખબર રાખે છે અને ઇલ્મના હિસાબે આવરી લે છે. તમારા

અવયવો જ તેના સાક્ષી છે અને તમારા હાથ પગ જ તેનું લશ્કર છે. તમારૂં મન એનો જાસૂસ છે અને તમારા એકાંત પણ તેની સામે છે.

* * * * *

# ૨૦૦ - મુઆવિયાની ગદ્દારી સંબંધે

ખુદાની કસમ, મુઆવિયા મારાથી વધારે હોશિયાર નથી. પરંતુ શું કરૂં? કેમકે તે છળ પ્રપંચ અને પાપ દુષ્ટાચાર પણ કરી લે છે અને જો આ વસ્તુ મને અણગમતી ન હોત તો મારાથી વધારે હોશિયાર કોઈ ન હોત. પણ મારૂં દ્રષ્ટિબીંદુ એ છે કે દરેક છળ પ્રપંચ ગુનાહ છે અને દરેક ગુનાહ પરવરદિગારના હુકમની નાફરમાની છે. દરેક ગદ્દારના હાથમાં કયામતના દિવસે એક ઝંડો આપવામાં આવશે, જેનાથી તે મહેશરના મેદાનમાં ઓળખાઈ આવશે, ખુદાની કસમ ! મને ન આ પ્રપંચોથી ગફલતમાં નાખી શકાય છે અને ન એ સખ્તીઓથી દબાવી શકાય છે.

* * * * *

# ૨૦૧ - હિદાયતના માર્ગે ચાલવાની નસીહત

અય લોકો ! જુઓ હિદાયતના રસ્તા પર ચાલનારાઓની અછતના કારણે ગભરાવ નહીં. કેમકે લોકોએ એક એવા સુફરા પર સંગઠન કરી લીધું છે, જેમાં તૃપ્ત થવાની મુદ્દત ઓછી છે અને ભૂખનો સમય લાંબો છે.

લોકો ! યાદ રાખો, કે રાજીપો અને નારાજી જ બધા લોકોને એક સ્થળે ભેગા કરી દે છે. સાલેહ અલય્હિસ્સલામની ઊંટણીના પગો એક જ માણસે કાપ્યા હતા. પરંતુ અલ્લાહે અઝાબ બધા પર ઉતારી દીધો, કેમકે બાકી લોકો તેના કાર્ય પર સંમત હતા. અને ફરમાવ્યું કે તે લોકોએ સાલેહ અલય્હિસ્સલામની ઊંટણીના પગ કાપી નાખ્યા અને અંતે પસ્તાવા લાગ્યા. તેઓનો અઝાબ એ હતો કે જમીન ઝટકાથી ખડખડવા લાગી જેવી રીતે નરમ જમીનમાં લોઢાની તપતી દાંતી ચલાવવામાં આવે છે.

લોકો ! જુઓ જે રોશન માર્ગ પર ચાલે છે તે મૂળ ઝરણા પર પહોંચી જાય છે. અને જે તેનાથી ઉલટું કરે છે તે ભટકી જાય છે.

* * * * *

# ૨૦૨ - જનાબે સય્યદા સલામુલ્લાહે અલય્હાની દફન વિધિ પ્રસંગે

*કહેવાય છે કે આ શબ્દો જનાબે સય્યદા સલામુલ્લાહે અલય્હાને દફનાવતી વખતે પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ સાથે રહસ્યમય વાતચીતના અંદાજથી ઉચ્ચાર્યા હતા.*

અય અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ! મારી ધૈર્ય શક્તિ આપની પ્યારી પુત્રીના સંબંધમાં ખતમ થઈ રહી છે. મારી હિમ્મત સાથ છોડી રહી છે. માત્ર એટલો સધિયારો (સહારો) છે કે મેં આપની જુદાઈમાં મોટા સદમા અને જાન લેવા બનાવ પર ધીરજ ધરી લીધી છે. તો હવે પણ સબ્ર કરીશ. કેમકે મેં જ આપને કબ્રમાં ઉતાર્યા હતા અને મારી જ છાતી પર માથું રાખી આપે વફાત ફરમાવી હતી. હર હાલમાં હું અલ્લાહ માટે જ છું અને મને પણ તેના દરબારમાં પાછા ફરવાનું છે.

આજ અમાનત પાછી ચાલી ગઈ. અને જે વસ્તુ મારી પાસે હતી તે મારાથી લઈ લેવામાં આવી. હવે મારો

શોક અને ગમ સદાનો છે. અને મારી રાતો જાગૃતિમાં, જ્યાં સુધી મને પણ ખુદા એ ઘર સુધી ન પહોંચાડી દે જ્યાં આપ ઠહેર્યા છો.

નજીકમાં જ આપની નેક દુખ્તર એ હાલતોની ખબર આપશે કે ઉમ્મતે તેના પર કેવા કેવા ઝુલ્મો કરવામાં એકો (એકતા) કરી લીધો હતો. આપ તેનાથી સવિસ્તાર સવાલ કરો અને સંપૂર્ણ વિગત મેળવો.

અફસોસ કે આ બધું એ સમયે થયું છે જયારે આપનો કાળ વીતે હજી વાર નહોતી થઈ અને હજી આપની યાદો તાજી હતી.

મારા સલામ થાય આપ બંને પર એ શખ્સના સલામ જે વળાવવા વાળો છે અને દિલ તંગ અને શોકાતુર નથી. હું જો આ કબ્રથી પાછો ફરૂં તો એ કોઈ દિલતંગીનું કારણ નથી અને જો અહીં રહું તો આ એ વાયદાનો અવિશ્વાસ નથી જે પરવરદિગારે ધીરજ ધરવાવાળાથી કર્યો છે.

* * * * *

# ૨૦૩ - દુનિયાની નશ્વરતા અને આખેરતનું ભાતું તૈયાર કરવા માટે ફરમાવ્યું

લોકો ! આ દુનિયા એક જવાનો (પસાર થવાનો) માર્ગ છે. રહેવાનું ઘર આખેરત જ છે. આ રસ્તામાંથી ત્યાંનો સામાન લઈ આગળ વધો. અને તેની સામે તમારા અંગત ભેદો ખુલ્લા ન કરો જે તમારા ભેદોથી જાણકાર છે. દુનિયામાંથી તમારા મનને ઉઠાવી લ્યો. એ પહેલાં કે તમારા શરીરને અહીંથી ઉઠાવી લેવામાં આવે. અહીં માત્ર તમારી પરીક્ષા થઈ રહી છે, નહીતર તમને તો કોઈ અન્ય સ્થળ માટે પેદા કરવામાં આવ્યા છે.

કોઈ શખ્સ જયારે મરે છે તો અહીં વાળા સવાલ કરે છે કે પાછળ શું છોડી ગયો? અને ત્યાંના ફરિશ્તા પૂછે છે કે શું લઈને આવ્યો છે? અલ્લાહ તમારૂં ભલું કરે, કંઈક ત્યાં મોકલી દયો, જે માલિક પાસે તમારી થાપણ તરીકે રહેશે. અને બધું અહીં છોડીને ન જાઓ કે તમારા માથે એક બોજ બની જાય.

* * * * *

# ૨૦૪ - પોતાના સાથીઓને ઉકબાના ખતરાઓથી આગમચેતી

ખુદા તમારા પર દયા કરે, તૈયાર થઈ જાઓ કે તમને કૂચ કરવા માટે સાદ અપાઈ ચૂક્યો છે. અને ખબરદાર, દુનિયા પ્રતિ વધારે ધ્યાન ન આપો. જે શ્રેષ્ઠ ભાતું તમારી પાસે છે તેને લઈને માલિકના દરબારમાં પાછા આવી જાઓ. કેમકે તમારી સામે એક મુશ્કેલી ભર્યો માર્ગ છે. અને અમુક ખતરનાક અને ભયાનક મંઝિલો છે. જેના પર ગમે તેમ ઉતરવાનું છે. અને ત્યાં રોકાવાનું પણ છે. અને એ યાદ રાખો કે મૌતની દ્રષ્ટિ તમારી વધારે નજીક આવી ચૂકી છે. અને તમે તેના સાણસામાં આવી ચૂક્યા છો, જેણે તમને પકડી લીધેલ છે. મૌતના સૌથી કઠિન પ્રશ્નો અને સૌથી દુષ્કર મુશ્કેલીઓ તમારા પર છવાઈ ચૂકી છે. હવે દુનિયાના સંબંધો ખતમ કરો અને આખેરતના ભાતા તકવા દ્વારા પોતાની શક્તિનો બંદોબસ્ત કરો.

* * * * *

# ૨૦૫ - તલહા અને ઝુબેરે આપથી નારાજગી જાહેર કરી ત્યારે

જેમાં તલહા અને ઝુબેરને સંબોધન કરવામાં આવ્યું છે જયારે એ બંનેએ બયઅત કરવા છતાં મશ્વેવરા ન કરવા અને મદદ ન માગવા પર આપથી અગણમો દાખવ્યો.

તમે નાની એવી વાત પર તો ગુસ્સો દેખાડી દીધો પણ મોટી વાતોને પીઠ પાછળ હડસેલી દીધી. શું તમે એ બતાવી શકો છો કે તમારો ક્યો એવો હક છે જેનાથી મેં તમને વંચિત કરી દીધા? અથવા ક્યો એવો ભાગ છે, જેના પર મેં કબ્જો કરી લીધો? અથવા કોઈ મુસલમાને કોઈ મુકદ્દમો દાખલ કર્યા હોય અને હું તેનો ફેંસલો ન કરી શક્યો હોઉં અથવા તેનાથી અજ્ઞાન રહ્યો હોઉં અથવા તેમાં મે ક્ષતિ કરી હોય?

ખુદા સાક્ષી છે કે મને ન ખિલાફતની ઇચ્છા હતી ન હુકૂમતની જરૂરત. તમે લોકોએ જ મને આ બાબતની દાવત આપી. અને તેના માટે તૈયાર ર્ક્યો. ત્યાર પછી જયારે એ

મારા હાથમાં આવી ગઈ તો મેં એ સંબંધમાં ખુદાની કિતાબ અને તેના દસ્તૂર પર નજર કરી અને તેણે જે હુકમ આપ્યો હતો તેની જ પયરવી કરી. અને એ રીતે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની સુન્ન તને અનુસર્યો. ત્યાર પછી ન તમારા કોઈ મતની જરૂરત હતી અને ન તમારી સિવાય કોઈ અન્યના મતની અને ન હું કોઈ હુકમથી અજાણ હતો કે તમારાથી મશ્વોરો કરત અથવા તમારી સિવાય બીજા ઇસ્લામી બિરાદરોથી. અને જો એવી કોઈ જરૂરત હોત તો ન હું તમારી ઉપેક્ષા કરત, ન કોઈ અન્ય મુસલમાનની. રહી ગયો એ પ્રશ્ન કે મેં બયતુલ માલની વહેંચણીમાં બરાબરીથી કામ લીધું છે તો એ ન તો મારી અંગત રાય છે ન તેના પર મારી ઇચ્છાનું કોઈ રાજ, બલ્કે મેં જોયું કે આ સંબંધમાં હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લ મે આપણા પહેલા ફેંસલો કરી ચૂક્યા છે તો ખુદાએ નક્કી કરેલા હક અને તેણે જારી કરેલ હુકમ પછી કોઈની કોઈ જરૂરત જ બાકી નથી રહેતી.

ખુદા સાક્ષી છે કે, આ સંબંધમાં ન તમને કોઈ શિકાયતનો હક છે ન તમારા સિવાય કોઈ અન્યને. અલ્લાહ આપણા બધાના દિલોને સત્યના માર્ગે વાળી દે અને બધાને ધીરજ અને સંતોષની સદબુધ્ધિ આપે.

ખુદા એ શખ્સ પર રહેમત ઉતારે જે હકને જોઈ લે તો તેના પર અમલ કરે અથવા ઝુલ્મને જોઈ લે તો તેને ઠોકર મારે. અને હકદારના હકમાં તેનો સાથ આપે.

* * * * *

# ૨૦૬ - સિફફીનના મેદાનમાં અમુક સાથીઓ વિશે ઉચ્ચાર

જયારે આપે સિફફીનની જંગના સમયમાં પોતાના અમુક સાથીઓ સંબંધમાં સાંભળ્યું કે, તેઓ શામવાળાને બુરૂ ભલું કહી રહ્યા છે.

હું તમારા માટે એ વાતને નાપસંદ કરૂં છું કે તમે ગાળો દેવાવાળા બની જાવ. શ્રેષ્ઠ વાત એ છે કે, તમે તેઓની સ્થિતિઓ અને કાર્યોનું વિવેચન કરો જેથી વાત પણ ખરી રહે અને હુજ્જત પણ તમામ થઈ જાય. અને પછી ગાળો આપવાને બદલે એ દુઆ કરો કેઃ અય ખુદા ! અમારા બધાના રક્તને સલામત રાખ અને અમારા મામલાઓની સુધારણા કરી દે અને તેઓને ગુમરાહીથી હિદાયતના માર્ગે લગાવી દે, જેથી અજાણ લોકો જાણતા થઈ જાય અને જૂઠું બોલનારા પોતાની ગુમરાહી અને બંડખોરીથી વેગળા (અલગ) રહે.

* * * * *

# ૨૦૭ - સિફફીનના મેદાનમાં જયારે ઇમામ હસન અલય્હિસ્સલામ તેજીથી આગળ વધ્યા.

જુઓ ! આ પુત્રને રોકી લ્યો. ક્યાંક તેનો સદમો મને બેહાલ ન કરી દે. હું આ બંને ( હસન અને હુસૈન અલય્હેમુસ્સલામ)ને મૌતના મુકાબલા કરતાં વધારે પ્યારા રાખું છું. ક્યાંક એવું ન થાય કે તેમના મરવાથી રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનો વંશ ખતમ થઈ જાય.

* * * * *

# ૨૦૮ - જયારે આપનું લશ્કર તહકીમના અનુસંધાનમાં બંડ પર ઉતરી આવ્યું

*જે એ સમયે ફરમાવ્યુ: જયારે આપના સાથીઓમાં લવાદ અંગે મતભેદ થઈ ગયો*

લોકો ! યાદ રાખો કે મારા મામલા તમારી સાથે બિલ્કુલ ઠીક ચાલી રહ્યા હતા. જ્યાં સુધી જંગે તમને થક્વી નહોતા દીધા. ત્યાર પછી મામલા બગડી ગયા, જો કે ખુદા ગવાહ છે કે જો જંગે તમારા પાસેથી અમુકને લઈ લીધા છે અને અમુકને છોડી દીધા છે તો તેની માર તમારા દુશ્મન પર વધારે પડી છે.

અફસોસ કે કાલે હું તમારો હાકિમ હતો અને આજે મહેકુમ (તાબે) બનાવવામાં આવી રહ્યો છું. કાલે હું તમને રોકી રહ્યો હતો અને આજે તમે મને રોકી રહ્યા છો. વાત ફક્ત એટલી છે કે તમને જીવન વધારે પ્યારૂં છે અને હું તમને કોઈ એવી વાત માટે તૈયાર નથી કરી શકતો જે તમને અણગમતી અને અમાન્ય હોય.

* * * * *

# ૨૦૯ - સહાબી અલા બિન ઝિયાદ હારસીની ખબર પૂછવા તેમના ઘરે ગયા, ત્યારે

જયારે બસરામાં પોતાના સહાબી અલાઅ બિન ઝિયાદ હારસીના ઘરે ખબર કાઢવા તશરીફ લઈ ગયા અને તેના ઘરની વિશાળતા જોઈ.

તમે આ દુનિયામાં આવડું મોટું મકાન રાખી શું કરશો? જયારે કે આખેરતમાં તેની જરૂરત વધારે છે. તમે જો ચાહો તો તેના વડે આખેરતનો સામાન ભેગો કરી શકો છો. કે તેમાં મહેમાનોની પરોણાગત (મહેમાન નવાઝી) કરો. સગા વહાલાઓ સાથે ભલાઈ કરો અને સમય સંજોગો પ્રમાણે હકો અદા કરતા રહો. આ રીતે આખેરત મેળવી શકો છો.

આ સાંભળી અલાઅ બિન ઝિયાદે અરજ કરી કે અય અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ ! હું મારા ભાઈ આસિમ બિન ઝિયાદની શિકાયત કરવા માગું છે. ફરમાવ્યું તેને શું થઈ ગયું છે ! અરઝ કરી કે તેણે એક ઝભ્ભો પહેરી લીધો છે અને દુનિયાને સદંતર તજી દીધી છે. ફરમાવ્યું: તેને બોલાવો, આસિમ હાજર થયા તો આપે ફરમાવ્યું કે

અય જાનના શત્રુ ! તને દુષ્ટ શયતાને ભોળવી લીધો છે. તને તારા બાલ બચ્ચાઓ પર કેમ દયા ન આવી? શું તારૂં માનવું એમ છે કે ખુદાએ પાક વસ્તુઓને હલાલ તો કરી છે પણ તું તેના ઉપયોગને નાપસંદ કરે છે? તો ખુદાની બારગાહમાં તું એનાથી વધારે પતિત (પસ્ત) છે.

આસિમે કહ્યું: અય અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ ! આપ પણ તો બરછટ વસ્ત્રો અને સામાન્ય ભોજન પર ગુજારો કરો છો.

ફરમાવ્યું: અફસોસ ! શું તે મારા પર તારો ક્યાસ કરી લીધો. જયારે કે પરવરદિગારે હક ઇમામો પર ફરજ કરી દીધું છે કે પોતાની જિંદગીનું ધોરણ કમઝોર માનવીને ઠરાવે જેથી ફકીરો પોતાની ગરીબાઈના કારણે કોઈ અકળામણ ન અનુભવે.

* * * * *

# ૨૧૦ - પરસ્પર વિરોધી હદીસોના કારણો અને બિદઅતવાળી હદીસોના હુકમો વિશે

લોકોના હાથોમાં હક અને બાતિલ, સત્ય અને જૂઠ, નાસેખ અને મન્સૂખ, સાધારણ અને અસાધારણ, સ્પષ્ટ અને સંદેહયુક્ત હકીકત અને વહેમ બધું કંઈ છે. અને જૂઠ તથા ઘડી કાઢવાનો ક્રમ હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની હયાતીમાં જ શરૂ થઈ ગયો હતો, જયારે આપે મિમ્બર પરથી જાહેર કર્યું હતું કે "જે પણ શખ્સે મારા તરફથી ગલત વાત કહી તેણે પોતાની જગ્યા જહન્નહમમાં બનાવી લેવી જોઈએ."

યાદ રાખો કે હદીસ બયાન કરવાવાળા લોકો ચાર પ્રકારના હોય છે, જેની પાંચમો કોઈ પ્રકાર નથી.

એક એ મુનાફિક છે જે ઈમાન તો જાહેર કરે છે, ઇસ્લામની રીત ભાત અપનાવે છે, પરંતુ ગુનાહ કરવાથી અને જુઠ ઘડવાથી પરહેઝ નથી કરતો. અને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તરફ જાણી જોઈને જૂઠી રિવાયત તૈયાર કરે છે. કેમકે જો લોકોને ખબર

પડી જાય કે આ મુનાફિક અને જૂઠો છે તો યકીનથી તેઓની વાતનું સમર્થન નહીં કરે. પરંતુ મુશ્કેલી એ છે કે તેઓ સમજે છે કે એ સહાબી છે તેણે હઝૂરને જોયા છે. તેમના ઇરશાદને સાંભળ્યા છે અને તેમનાથી મેળવ્યા છે. અને આમ તેની વાતને કબૂલ કરી લે છે. જયારે કે ખૂદ પરવરદિગાર મુનાફિકો વિશે ખબર આપી ચૂક્યો છે અને તેઓની ખાસિયત બતાવી ચુક્યો છે. અને આ રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની પછી પણ બાકી રહી ગયા હતા, અને ગુમરાહીના આગેવાનો અને જહન્નમના આમંત્રણ આપનારાઓની તરફ આ જૂઠ બયાન કરી અને હદીસો ઘડી કાઢી નિકટતા મેળવતા હતા. તેઓ તેઓને પદવીઓ આપતા રહ્યા. અને લોકોની ગરદનો પર બાદશાહ બનાવતા રહ્યા. અને તેઓની મારફત દુનિયાને ખાતા રહ્યા. બીજા લોકો તો આમેય બાદશાહો અને દુનિયાદારોના જ સાથે રહે છે. સિવાય એના કે જેઓને અલ્લાહ આ કપટથી બચાવી રાખે છે. આ ચારમાંથી એક છે.

બીજો શખ્સ એ છે જેણે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમથી કોઈ વાત સાંભળી છે પણ તેને ઠીક રીતે યાદ નથી કરી શક્યો. તેમાં ભૂલનો શિકાર થઈ ગયો છે. જાણી જોઈને જૂઠ નથી બોલતો. જે કંઈ તેની પાસે છે એને રિવાયત કરે છે અને તેના પર અમલ કરે છે અને આમ કહે છે મેં હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ પાસેથી સાંભળ્યું છે. જો કે મુસલમાનોને ખબર પડી જાય કે તેનાથી ભૂલ થઈ ગઈ છે, તો કદી તેની વાત કબૂલ ન કરે. બલ્કે તેને પોતાને જાણ થઈ જાય કે આ વાત આમ નથી તો તેને છોડી દેશે અને નકલ નહીં કરે.

ત્રીજા પ્રકારનો માણસ એ છે જેણે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને હુકમ દેતા સાંભળ્યા છે. પણ હઝરતે જયારે મના કરી તો તેને જાણ ન થઈ શકી અથવા હઝરતને મના કરતા જોયા છે પણ ફરી જયારે આપે બીજીવાર હુકમ આપ્યો તો જાણ ન થઈ શકી. એ શખ્સે મન્સુખને યાદ કરી લીધું છે અને નાસેખને યાદ

નથી કરી શક્યો. જો તેને ખબર પડી જાય કે આ હુકમ મન્સૂખ થઈ ગયો છે તો તેને તજી દે અને જો મુસલમાનોને ખબર પડી જાય કે તેણે મન્સૂખની રિવાયત કરી છે તો તેઓ પણ તેના પર અમલ ન કરે.

ચોથો પ્રકાર એ શખ્સનો છે જેણે ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમથી ખોટી રિવાયત નથી કરી. અને તે ખુદાના ખૌફ અને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના સન્માનને ખાતર જૂઠનો શત્રુ પણ છે અને તેણે ભુલચૂક પણ નથી કરી. બલ્કે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે જેવું ફરમાવ્યું છે એવું જ યાદ કરી લીધું છે ન તેમાં કશો વધારો કર્યો છે અને ન કોઈ કમી કરી છે. નાસેખને જ યાદ કર્યો છે અને તેના પર અમલ કર્યો છે. અને મન્સૂખને યાદ રાખ્યો છે. તો તેનાથી બચ્યો છે. ખાસ અને આમ, સ્પષ્ટ અને સંદેહયુક્તને પણ તે જાણે છે અને તે પ્રમાણે અમલ પણ કરે છે.

પરંતુ મુશ્કિલ એ છે કે ક્યારેક હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના કહેવાના બે રૂખ હોય છે. અમુકનો સંબંધ ખાસ લોકો માટે હોય છે અને અમુક વાતોનો સંબંધ આમ હોય છે. અને એ વાતોને એ શખ્સ પણ જાણી લેતો હતો જેને એ ખબર નહોતી કે ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનો ઉદ્દેશ શું છે. અને તેને સાંભળી તેની એક વ્યાખ્યા કરી લેતો હતો, એ વાતને ધ્યાનમાં લીધા વીના કે આ કલામ (કથન)નો ભાવાર્થ અને ઉદ્દેશ શું છે અને આ ક્યા આધારે આપવામાં આવ્યો છે. અને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના બધા સહાબીઓમાં એ હિમ્મત પણ નહોતી હોતી કે આપને પૂછી શકે અને કાયદેસર સંશોધન કરી શકે. બલ્કે એ વાતની વાટ જોતા રહેતા કે કોઈ રણવાસી કે પરદેશી આવીને આપને પુછે તો તેઓ પણ સાંભળી લે. એ માત્ર હું હતો કે મારી સામે એવી વાત નહોતી બનતી પણ તેને હું પુછી પણ લેતો અને યાદ પણ કરી લેતો.

આ છે લોકો વચ્ચે વિરૂદ્ધતાના કારણો અને રિવાયતોમાં વિભિન્નબતાનાકારણો.

* * * * *

# ૨૧૧ - વિશ્વના આશ્ચર્યજનક સર્જન વિશે

આ પરવરદિગારની સત્તાનું બળ અને તેની કારીગરીની આશ્ચર્યજનક સુક્ષ્મતા છે કે તેણે ઊંડા અને ઉછળતા સમંદરમાં એક નક્કર અને શુષ્ક જમીન ઉત્પન્ન કરી દીધી. અને પછી વરાળોના સ્તરો બનાવી તેને તોડી સાત આસમાનોનું રૂપ આપી દીધું. જે તેના હુકમથી ઠેરેલ છે અને પોતાની સીમાએ ઊભેલા છે. પછી જમીનને એવી રીતે ખોડી દીધી કે તેને લીલા રંગના ઊંડા સમંદરે ઉપાડેલ છે. જે અલ્લાહના કાનૂનોને આધિન છે. તેના હુકમને તાબે છે અને તેના પ્રભાવ સામે નતમસ્તક છે. અને તેના ખોફથી તેના વહેણ થંભેલા છે.

પછી પત્થરોના ટેકરાઓ અને પહાડો સર્જી તેઓને તેઓના સ્થાને ખોડી દીધા. અને તેઓના ઠેકાણાઓ પર અવિરત કરી દીધા કે હવે તેની ઊંચાઈઓ વાતાવરણમાંથી પસાર થઈ રહી છે અને તેના મૂળ પાણીની અંદર સ્થિર છે. તેઓના પહાડોને સપાટ જમીનોથી ઊંચા કર્યા અને તેના સ્તંભોને આસપાસના વિસ્તાર અને કેન્દ્રોની સ્થિરતામાં ખોડી

દીધા. હવે તેના શીખરો ઉન્નત (બુલંદ) છે અને તેની ઊંચાઈઓ લાંબામાં લાંબી. એ જ પહાડોને જમીનના થાંભલા બનાવ્યા છે અને તેઓની મેખ (ખીલ્લી) બનાવી ખોડી દીધી છે. જેના કારણે કાંપતી જમીન સ્થિર થઈ ગઈ, અને જમીનવાળાઓને લઈને ન કોઈ તરફ વળી શકી અને ન તેના ભારથી અંદર ઘસી શકી અને ન પોતાની જગ્યાએથી ખસી શકી.

પાક અને બેપરવા છે એ ધણી જેણે પાણીના મોજ મારવા છતાં તેને રોકી રાખ્યું છે અને આસપાસની ભીનાશ છતાં તેને શુષ્ક રાખ્યું છે. અને પછી તેને પોતાની મખ્લૂક માટે પારણા અને પથારીનું રૂપ આપી દીધું છે. એ ઊંડા સમંદર પર જે થંભી ગએલ છે અને વહેતો નથી અને એક સ્થળે સ્થિર છે, કોઈ બાજુ જાતો નથી, જો કે તેજ અને તીવ્ર હવાઓ તેને હલાવી રહી છે અને વરસનારા વાદળો તેને મથીને તેમાંથી પાણી ખેંચે છે. "આ બધી વાતોમાં બોધપાઠનો સામાન છે એ લોકો માટે જેઓની અંદર ખુદાનો ખોફ મળી આવે છે.

* * * * *

# ૨૧૨ - સાથીઓને શામવાળા સાથે જેહાદ માટે ઉત્તેજન

અય ખુદા ! તારા જે બંદાએ મારી ન્યાયપૂર્ણ વાતચીત (જેમાં કોઈ પણ પ્રકારનો ઝુલ્મ નથી) સુધારણા ભરી નસીહત ( જેમાં કોઈ પણ પ્રકારનો ફસાદ નથી)ને સાંભળ્યા પછી પણ તારા દીનની મદદથી વિમુખતા કરી અને તારા દીનના સન્માનમાં ઉણપ દાખવી છે. હું તેની વિરૂદ્ધ તને ગવાહ ઠરાવું છું, કેમકે તારાથી ઊંચો કોઈ ગવાહ નથી અને પછી તારી ધરતી અને આસમાનના બધા નિવાસીઓને ગવાહ બનાવું છું. તેના પછી તું દરેકની મદદથી બેપરવા છે અને દરેકના ગુનાહોની પૂછા કરવાવાળો પણ છે.

* * * * *

# ૨૧૩ - અલ્લાહની મહાનતા અને પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની પ્રશંસા અને વખાણ

સર્વ પ્રશંસા એ અલ્લાહને શોભે છે જે લોકોને મળતા આવવાથી પર અને વખાણ કરનારાઓની વાતચીતથી ઉચ્ચતર છે. તે પોતાની તદબીરની વિચિત્રતા વડે જોવાવાળાઓની સામે પણ છે અને પોતાના માન અને મોભાના કારણે ચિંતકોની કલ્પનાઓથી છુપો પણ છે. વગર મેળવે અને વધારાથી આલિમ પણ છે અને તેનું ઇલ્મ કોઈ લાભનું પરિણામ પણ નથી. બધી વાતોનું નિર્માણ કરનાર છે અને આ સંબંધમાં કોઈ સોચવા વિચારવાનો મોહતાજ પણ નથી. અંધારા તેને આવરી નથી શકતા અને પ્રકાશથી તે કોઈ પણ તેજ નથી મેળવતો. ન રાત તેના પર છવાઈ શકે છે અને ન દિવસ તેના પરથી પસાર થઈ શકે છે. તેની સમજ આંખોની મોહતાજ નથી અને તેનું ઇલ્મ સમાચારોનું પરિણામ પણ નથી.

તેણે પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને એક નૂર આપી મોકલ્યા છે. અને તેમને સૌથી પહેલા ચૂંટેલા બનાવ્યા છે. તેઓ મારફત છુટા છવાયાઓને એકઠા કર્યા છે અને છવાઈ જનારાઓને અંકુશમાં રાખ્યા છે. મુશ્કેલીઓને આસાન કરી છે, અને ખાડા ટેકરાને સપાટ બનાવ્યા છે ત્યાં સુધી ગુમરાહીઓ જમણી ડાબી બધી તરફથી દૂર કરી દીધી છે.

* * * * *

# ૨૧૪ - હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના ગુણગાન, અને આલિમોના વખાણ

હું ગવાહી આપું છું કે પરવરદિગાર એવો ન્યાયી છે જે ન્યાયથી જ કામ લે છે. અને એવો હાકિમ છે કે જે સાચ અને જૂઠને અલગ પાડી દે છે. અને હું ગવાહી આપું છું કે મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તેના બંદા અને રસૂલ છે. અને વળી બધા બંદાઓના સરદાર પણ છે. જયારે પણ પરવરદિગારે લોકોને બે ભાગમાં વહેંચ્યા છે. આપને શ્રેષ્ઠ ભાગમાં જ રાખ્યા છે, તેમના સર્જનમાં ન કોઈ દુરાચારીનો ભાગ છે અને ન કોઈ પાપી કે ગુનેહગારનો દખલ છે.

યાદ રાખો કે પરવરદિગારે, દરેક નેકી માટે તેના પાત્ર બનાવ્યા છે. અને દરેક સત્ય માટે તેના સ્તંભ અને દરેક પયરવી માટે રક્ષણનું સાધન બનાવ્યું છે. અને તમારા માટે દરેક આજ્ઞા પાલનના સમયે ખુદાના તરફથી એક મદદગારનો બંદોબસ્ત છે. જે જીભો પર બોલે છે અને દિલોને

ધરપત આપે છે. તેના વજૂદમાં દરેક સંતોષ ધરનાર માટે સંતોષ છે અને દરેક આરોગ્ય ચાહક માટે તંદુરસ્તી અને કુશળતા.

યાદ રાખો, કે અલ્લાહના એ બંદાઓ, જેઓને તેણે પોતાના ઇલ્મના સંરક્ષકો બનાવ્યા છે. તેઓ તેનું રક્ષણ પણ કરે છે અને તેના ઝરણાઓને વહેતા પણ કરે છે. આપસમાં મહોબ્બતથી એક બીજાની મદદ પણ કરે છે, અને પ્રેમભાવ સાથે હળે મળે છે. તૃપ્ત કરનારા જામોથી ભેગા મળી તૃપ્ત થાય છે. અને પછી પેટ ભરી તૃપ્ત થઈને જ બહાર નિકળે છે. તેઓના અમલોમાં શંકાની ભેળસેળ નથી હોતી, અને તેઓના સમાજમાં ગીબતનો સંચાર નથી. એવી જ ઢબથી ખાલિકે તેમનું સર્જન કર્યું છે અને તેઓને એવા સંસ્કારી બનાવ્યા છે, અને એ જ આધારે તેઓ પરસ્પર મહોબત કરે છે, અને મળતા પણ રહે છે. તેઓનો દાખલો એવા દાણાઓ જેવો છે જેને એવી રીતે વીણવામાં આવે છે કે સારા દાણાઓને લઈ લેવામાં આવે છે અને ખરાબને ફેંકી દેવામાં આવે છે. તેઓને આ જ સ્વચ્છતાએ અનોખા બનાવી દીધા છે. અને તેઓને આ જ પારખાએ સાફ સુથરા બનાવી દીધા છે.

હવે દરેક શખ્સને જોઈએ કે આ જ ખાસિયતો અપનાવી મોટાઈ સ્વિકારી લે અને કયામતના આવવા પહેલા હોશિયાર થઈ જાય. પોતાના ટૂંકા જીવનમાં અલ્પ મુકામ સંબંધે વિચાર કરે કેમકે આ પડાવને બીજા પડાવમાં કોઈ પણ રીતે બદલાઈ જવાનું છે. હવે તેની ફરજ છે કે નવા ઉતારા અને જોઈ જાણેલી પાછા ફરવાની જગ્યા માટે અમલ કરે.

સારૂં થાય એ સાફ દિલવાળાઓનું જેઓ રહેનુમાનું અનુકરણ કરે છે અને નાશ થનારાઓથી બચે. કોઈ માર્ગ બતાવે તો જોઈ લે અને ખરેખર આગેવાન આજ્ઞા કરે તો તેનું પાલન કરે. હિદાયતની તરફ આગળ વધે એ પહેલાં કે તેના દ્વાર બંધ થઈ જાય અને સાધનો ખંડિત થઈ જાય. તૌબાનો દરવાજો ઉઘાડી લે અને ગુનાહોના ડાઘોને ધોઈ નાખે. આ જ એ લોકો છે જેઓને સીધા માર્ગ પર ઊભા કરી દેવામાં આવ્યા છે અને તેમને સ્પષ્ટ માર્ગની સુચના મળી ગઈ છે.

* * * * *

# ૨૧૫ - આપની દુઆના ઉચ્ચારો

જેનું વારંવાર પુનરોચ્ચાર કરતા રહ્યા.

ખુદાનો શુક્ર છે કે તેણે પ્રાતઃ કાળને ન મુડદાલ બનાવ્યો છે ન બીમાર. ન કોઈ રગ પર રોગનું આક્રમણ થયું છે.અને ન કોઈ દુષ્કાર્યની પૂછા કરવામાં આવી છે. ન મારા વંશને કાપી નાખવામાં આવ્યો છે અને ન પોતાના દીનમાં ફરી જવાનો શિકાર થયો છું. ન પોતાના દીનથી ધર્મ ભ્રષ્ટ થયો છું અને ન પોતાના રબનો ઇન્કાર કરનારો. ન પોતાના ઈમાનથી ગભરાયો છું. અને ન પોતાની બુધ્ધિથી અભાન થયો છું. અને ન મારા પર ગત ઉમ્મતો જેવો કોઈ અઝાબ થયો છે.

મેં એવી સ્થિતિમાં સવાર કરી છે કે હું એક પરાધિન બંદો છું જેણે પોતાની જાત પર ઝુલ્મ કર્યો છે. અય ખુદા ! તારી હુજ્જત મારા પર પૂરી થઈ છે અને મારી કોઈ હુજ્જત નથી. તું જે આપી દે તેનાથી વધુ લઈ નથી શકતો અને જે ચીજથી તું ન બચાવે તેનાથી બચી નથી શકતો.

અય ખુદા ! હું એ વાતથી પનાહ માગું છું કે તારા રાજ્યમાં રહીને રંક થઈ જાઉં અથવા તારી હિદાયત છતાં ગુમરાહ થઈ જાઉં અથવા તારી સલ્તનતમાં હોવા છતાં સતાવવામાં આવું અથવા તારા હાથમાં બધા અધિકારો હોવા છતાં મને દબાવવામાં આવે.

અય ખુદા ! મારી જે સુંદર વસ્તુઓને મારાથી પાછી લે અને તારી જે નેઅમતોને મારાથી પલટાવે. તેમાં સૌથી પ્રથમ મારી રૂહને ઠરાવજે.

ખુદાયા ! હું એ વાતથી તારી પનાહ માગું છું કે તારા કથનોથી બહેકી જાઉં અથવા તારા દીનમાં કોઈ ફિત્નો કરી બેસું અથવા તારી આપેલી હિદાયતોની સામે મારા પર મારી ઇચ્છાઓ ચડી બેસે.

* * * * *

# ૨૧૬ - સિફફીનના સ્થળે સત્તાધિશ અને પ્રજાના પરસ્પર હકો સંબંધમાં

*જે સિફફીનના સ્થળે ઇરશાદ ફરમાવ્યો*

જાણી લ્યો, પરવરદિગારે હાકિમે આલા હોવાના આધારે તમારા પર મારો એક હક નક્કી કર્યો છે અને તમારો પણ મારા પર એક પ્રકારનો હક છે. અને હક ગુણગાનના આધારે તો ઘણો વિશાળ છે પણ ન્યાયના હિસાબે ઘણો ટૂંકો છે. તે કોઈનો ત્યાં સુધી સાથ નથી દેતો જ્યાં સુધી તેના માથે કોઈ હક પૂરવાર ન થઈ જાય, અને કોઈ વિરૂદ્ધ ફેંસલો નથી દેતો જ્યાં સુધી તેને કોઈ હક ન અપાવી દે. જો કોઈ હસ્તી એવી સંભવિત છે જેના હક બીજા પર હોય અને તેના પર કોઈનો હક ન હોય તો તે માત્ર અલ્લાહ તઆલાની હસ્તી છે. કેમકે તે દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે. અને તેના બધા ફેંસલા ન્યાય અને ઇન્સાફ પર આધારિત છે, પરંતુ તેણે પણ બંદાઓ પર પોતાની ફરમાંબરદારીનો હક નક્કી કર્યો છે. તો પોતાના ઉપકાર અને મહેરબાની અને પોતાના એ એહસાનના આધારે જેને તે લાયક છે. તેઓનો એ હક નક્કી

કરી દીધો છે કે તેઓને વધારેમાં વધારે સવાબ દઈ દેવામાં આવશે.

પરવરદિગારે નક્કી કરેલા હક્કોમાંથી એ બધા હક્કો છે જે તેણે એક બીજા ઉપર નક્કી કર્યા છે. અને તેમાં સમાનતા પણ નક્કી કરી છે કેમકે એક હકમાંથી બીજો હક પૈદા થાય છે અને એક હક પૈદા નથી થતો જ્યાં સુધી બીજો હક પૈદા ન થઈ જાય.

અને આ બધા હકોમાં સૌથી મોટો હક પ્રજા પર વાલીનો હક છે અને વાલી પર પ્રજાનો છે જેને પરવરદિગારે એકને બીજા માટે ઠરાવ્યો છે અને તેનાથી પરસ્પર મહોબ્બતોને વ્યવસ્થિત કરી છે અને તેઓના દીનને ઇઝઝત આપી છે. પ્રજાની સુધારણા ( ત્યાં સુધી) શકય નથી જ્યાં સુધી વાલી ( રાજા)નેક ન હોય અને વાલી નેક નથી રહી શકતા જ્યાં સુધી પ્રજા નેક ન હોય. હવે જો પ્રજાએ વાલીને તેનો હક આપી દીધો અને વાલીએ પ્રજાને તેનો હક આપી દીધો. તો હક બંનેની વચ્ચે આદરણીય રહેશે. દીનના રસ્તા સ્થપાઈ જશે. ઇન્સાફના એંધાણ નક્કી રહેશે અને ઇસ્લામના

પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની સુન્નહતો પોતાની ધારા પર ચાલી નિકળશે. અને જમાનો એટલો નેક થઈ જશે કે હુકૂમતના કાયમ રહેવાની આશા પણ કરી શકાશે. અને દુશ્મનોની અભિલાષાઓ નિષ્ફળ થઈ જશે.

પણ જો પ્રજા હાકિમ પર ચડી બેઠી અથવા હાકિમે પ્રજા પર અત્યાચાર કર્યો તો વાણીમાં વિરોધાભાસ થઈ જશે, ઝુલ્મના ચિહ્નો દેખાવા લાગશે, દીનમાં છળ કપટ વધી જશે, સુન્નહતના માર્ગો છોડી દેવામાં આવશે, ઇચ્છાઓ મુજબ વર્તન થશે, હુકમો બેકાર થઈ જશે. અને દિલોની બીમારીઓ વધી જશે, ન મોટાથી મોટા હકને ઉતારી નાખવાથી કોઈ ભય લાગશે અને ન મોટામાં મોટા જૂઠ પર અમલ કરવાથી કોઈ ચિંતા થાશે.

એવા સમયે સારા લોકોને અપમાનિત કરી દેવામાં આવશે. અને કપટી લોકોની ઇઝઝત થશે. અને બંદાઓ પર ખુદાનો કોપ ઘણો મોટો થઈ જશે. એટલે ખુદાને ખાતર આપસમાં એક બીજા સાથે નિખાલસ રહો. અને એક બીજાની મદદ કરતા રહો. એટલા માટે કે તમારામાંથી કોઈ શખ્સ ગમે

તેટલી ખુદાની રઝાની લાલચ રાખતો હોય અને ગમે તેટલો કાર્યમાં મહેનતી રહે. ખુદાની પયરવીના એ સ્થાને નથી પહોંચી શકતો જેને તે લાયક છે. આમ છતાં માલિકનો આ હક તેના બંદાઓ પર છે કે પોતાથી બની શકે તેટલી નસીહત કરતા રહે અને હકની સ્થાપનામાં એક બીજાની મદદ કરતા રહે. એટલા માટે કે કોઈ પણ શખ્સ હકની જવાબદારી પૂરી કરવામાં બીજાની મદદ લેવાથી બેપરવા નથી થઈ શકતો, ચાહે હકમાં તેનું સ્થાન ગમે તેટલું ઊંચુ પ્રાપ્ત હોય. અને ન કોઈ શખ્સ મદદ કરવાથી અથવા મદદ લેવાથી નાનો નથી થઈ જતો. ભલે લોકોની દ્રષ્ટિમાં ગમે તેટલો નાનો કેમ ન હોય અને ચાહે તેઓની દ્રષ્ટિમાં કોઈ પણ પ્રમાણમાં કેમ ન પડી જાય.

*( આ વાતચીત પછી આપના સાથીઓમાંથી એક શખ્સે એક લાંબી તકરીર કરી જેમાં આપની પ્રશંસા અને પ્રશસ્તિ પછી આપની ફરમાંબરદારીનો વાયદો પણ કર્યો તો આપે ફરમાવ્યું :)*

યાદ રાખો, કે જેના દિલમાં અલ્લાહની કીર્તિની ભવ્યતા છે અને જેના મનમાં તેના ઇલાહી મકામની ઉચ્ચતા છે, તેનો એ હક છે સમસ્ત વિશ્વ તેની દ્રષ્ટિમાં નાની થઈ જાય અને આવા લોકોમાં એ હકીકતનો સૌથી વધારે લાયક એ છે જેના પર તેની નેઅમતો મહાન, અને તેના ઉપકારો ઉમદા હોય. એટલા માટે કે કોઈ શખ્સ પર અલ્લાહની નેઅમતો મહાન નથી હોતી પણ એ કે તેનો હક પણ વધારે મોટો થઈ જાય છે. અને હુકમોની સ્થિતિમાં સદચારિત્ર્યવાન લોકોની સમક્ષ ખરાબમાં ખરાબ સ્થિતિ એ છે કે તેના વિશે ગર્વનું અનુમાન કરી શકાય અને તેના મામલાઓને અહંકાર ભર્યા સમજવામાં આવે. અને મને એ વાત ઘણી અણગમતી છે કે તમારામાંથી કોઈને એ વહેમ થઈ જાય કે હું વડેરાઓને દોસ્ત રાખું છું અથવા પોતાના વખાણ સાંભળવા માગું છું. અને ખુદાનો શુક્ર કે હું એવો નથી, અને જો હું એવી વાતો પસંદ પણ કરતો હોત તો પણ તેની ઉપેક્ષા ન કરત. કેમકે હું પોતાને તેનાથી કમતર સમજું છું કે આ ભવ્યતા અને વડાઈને લાયક બની જાઉં જેનો પરવરદિગાર હકદાર છે.

ખરેખર ઘણા લોકો એવા છે જેઓ સારી કારકીર્દગી પર વખાણ પસંદ કરે છે પરંતુ ખબરદાર તમે લોકો મારી આ વાત પર વખાણ ન કરજો કે મેં તમારા હકો અદા કરી દીધા છે કેમકે હજી ઘણા એવા હકોનો ભય બાકી છે જે અદા નથી થઈ શક્યા. અને ઘણી એવો ફરજો છે જેને કોઈ પણ સંજોગોમાં પૂરી કરવી છે. જુઓ મારાથી એ ઢબમાં વાત ન કરજો જે રીતે જાબિર બાદશાહો સાથે વાત કરવામાં આવે છે અને ન મારાથી એ રીતે બચવાનો પ્રયત્ન કરજો, જેવી રીતે ઉશ્કેરાટમાં આવેલાથી બચવામાં આવે છે. ન મારી સાથે ખુશામદથી સંબંધ રાખવો અને ન મારા વિશે એ કલ્પના કરવી કે મને સાચી વાત ભારે લાગશે. અને ન હું મારો આદર કરાવવા માગું છું એટલા માટે કે જે પણ શખ્સ સત્ય વાતને કડવી સમજે છે અથવા ન્યાયની રજુઆતને પસંદ નથી કરતો તે સત્ય અને ન્યાય પર અમલને નિ:શંક મુશ્કિલ જ ધારશે. એટલે ખબરદાર ! સત્ય વાત કરવામાં ખચકાતા નહીં અને ન્યાય મશ્વેરરો દેવાથી અચકાતા નહીં. એટલા માટે કે હું વ્યક્તિગત રીતે પોતાને ગલતીથી પર નથી સમજતો

અને ન પોતાના કાર્યોને એ ખતરાથી સુરક્ષિત સમજું છું સિવાય એ કે મારો પરવરદિગાર મારા નફસને બચાવી લે અને તે તેના પર મારાથી વધારે અધિકાર રાખે છે.

જુઓ, આપણે બધા એક ખુદાના બંદા છીએ, અને તેના ગુલામ છીએ અને તેના સિવાય બીજો કોઈ ખુદા નથી. તે આપણા જીવો પર એટલો અધિકાર ધરાવે છે જેટલો આપણને પણ પ્રાપ્ત નથી. અને તેણે જ આપણને પહેલાની પરિસ્થિતિમાંથી કાઢી, આ સુધરેલા માર્ગ પર લગાડયા છે કે હવે ગુમરાહી હિદાયતમાં ફેરવાઈ ગઈ છે અને આંધળાપણા પછી હવે દ્રષ્ટિ પ્રાપ્ત થઈ છે.

* * * * *

# ૨૧૭ - કુરૈશના ઝુલ્મોનો ઉલ્લેખ

*કુરૈશની શિકાયત અને ફરિયાદ કરતા કરતા.*

અય ખુદા ! હું કુરૈશથી અને તેના મદદ કર્તાઓથી તારી મદદ ચાહું છું, કેમકે તે લોકોએ મારા સગપણનો ખ્યાલ નથી રાખ્યો. અને મારી ભવ્યતાના પાત્રને ઉલટાવી નાખ્યું છે. અને મારાથી એ હક અંગે ઝઘડવા પર એકો કરી લીધો છે, જેનો હું સૌથી વધારે હકદાર હતો. અને પછી એ કહેવા લાગ્યા છે કે, જેનો હું સૌથી વધારે હકદાર હતો. અને પછી એ કહેવા લાગ્યા છે કે, આપ આ હકને લઈ લે તો પણ બરાબર છે અને આપને તેનાથી રોકી લેવામાં આવે તો એ પણ ઠીક છે. હવે ભલે ચિંતા અને વ્યાધિની સાથે સબ્ર કરે અથવા દુ:ખ દર્દ સાથે મરી જાય.

આવી પરિસ્થિતિમાં મેં જોયું કે મારી પાસે ન કોઈ મદદગાર છે અને ન કોઈ બચાવવાવાળો સિવાય મારા ઘરવાળાઓ, તો હું તેઓને મૌતના મુખમાં નાખવાથી અળગો રહ્યો અને અંતે આંખોમાં કાંકરા ખૂંચવા છતાં ઉપેક્ષા કરી અને ગળામાં ફાંસો હોવા છતાં થુંકને ગળી ગયો. અને ક્રોધ

પીવામાં ઈન્દ્રજવથી વધારે કડવાશ પર સબ્ર કરી અને છરીઓના ઘાથી વધારે કષ્ટદાયક સંજોગો પર ચૂપકીદી અખત્યાર કરી લીધી.

*(ગત ખુત્બામાં આ વિષય આવી ગયો છે પરંતુ રિવાયતો વિવિધ હતી એટલે મેં ફરી નકલ કરી દીધી. - સય્યદ રઝી.)*

* * * * *

# ૨૧૮ - બસરા પર ચડી આવનારાઓ સંબંધમાં

આ લોકો મારા કારભારીઓ, મારા જબરદસ્ત બયતુલ માલના ખજાનચીઓ અને બધા શહેરીઓ જેઓ મારી ફરમાંબરદારી અને બયઅતમાં હતા બધા પર તૂટી પડયા. તેઓના કથનોમાં ભિન્નઓતપૈદા કરી. તેઓની સભાઓને વેર વિખેર કરી અને મારા ચાહકો પર આક્રમણ કરી દીધું. અને તેમાંથી એક વર્ગને ધોકાથી કતલ પણ કરી નાખ્યો, પરંતુ બીજા વર્ગે દાંત ભીંસી તલવારો ઉપાડી લીધી અને કાયદેસર સામનો કર્યો ત્યાં સુધી કે હક અને સચ્ચાઈ સાથે ખુદાના દરબારમાં હાજર થઈ ગયા.

* * * * *

# ૨૧૯ - જયારે તલ્હા અને અબ્દુર રહેમાન બિન એતાબને જંગમાં કપાએલા જોયા

*જયારે જંગે જમલના દિવસે તલ્હા બિન અબ્દુલ્લાહ અને અબ્દુર રહેમાન બિન એતાબ બિન ઉસયદની લાશો પાસેથી પસાર થયા.*

અબૂ મોહમ્મદે ( તલહા) આ મેદાનમાં બેવતન સ્થિતિમાં સવાર કરી છે. ખુદા ગવાહ છે કે મને આ વાત જરાય પસંદ નહોતી, કે કુરૈશની લાશો આસમાનના સિતારાઓની નીચે પડી રહે, પરંતુ શું કરૂં. ગમે તેમ મેં અબ્દે મનાફની અવલાદથી તેઓના કર્યાનો બદલો લઈ લીધો. અફસોસ કે બની જુમહ બચીને નિકળી ગયો. એ બધાએ પોતાની ગરદનો એ બાબત તરફ ઉઠાવી હતી જેના તેઓ કોઈ પણ રીતે પાત્ર નહોતા. એટલા માટે ત્યાં સુધી પહોંચવા પહેલા જ તેની ગરદનો તોડી નાખવામાં આવી.

* * * * *

# ખુત્બો - ૨૨૦ - મુત્તકી અને પરહેઝગારના ગુણો

*ખુદાના માર્ગમાં ચાલવાવાળા ઇન્સાનો વિશે.*

એવા શખ્સે પોતાની બુધ્ધિને જીવંત રાખી છે અને પોતાના મનને મારી નાખ્યું છે. તેનું શરીર ક્ષીણ થઈ ગયું છે. અને તેનું ભારી ભરખમ ખોળિયું હળવું થઈ ગયું છે. તેના માટે શ્રેષ્ઠ પ્રકાશ વેરતું હિદાયતનું નૂર ચમકી ઉઠયું છે. અને તેણે માર્ગને સ્પષ્ટ કરી તેના પર જ ચાલ્યો છે. બધા દરવાજાઓએ તેને સલામતીના દરવાજે અને સદાના ઘર સુધી પહોંચાડી દીધો છે. અને તેના પગ સંતોષી બદન અને અમન અને રાહતની મંઝિલમાં જામી ગયા છે. કેમકે તેણે પોતાના દિલનો ઉપયોગ કર્યો છે અને પોતાના પાલનહારને રાજી કરી લીધો છે.

* * * * *

# ૨૨૧ – અલ્હાકોમુત્તકાસોરો, હત્તા ઝુરતોમુલ મકાબેરની તિલાવત સમયે ફરમાવ્યું.

જરા જુઓ તો ખરા, પેલા બાપદાદાઓના કામો પર અભિમાન કરનારાઓનો ઉદ્દેશ કેટલો બુધ્ધિથી પર છે. અને આ દર્શન કરવાવાળા કેટલા ગાફિલ છે અને ખતરો પણ કેટલો મોટો છે. આ લોકો બધા બોધપાઠોથી ખાલી થઈ ગયા છે અને તેઓએ મુડદાઓને ઘણે દૂરથી ઉપાડી લીધા છે. આખર આ શું પોતાના બાપદાદાઓની લાશો પર ફખ્ર કરી રહ્યા છે? અથવા મુડદાઓની સંખ્યાથી પોતાની બહુમતીમાં વધારો કરી રહ્યા છે? અથવા એ દેહોને પાછા લાવવા માગે છે, જે રૂહથી ખાલી થઈ ચૂક્યા છે, અને ચેતના પછી અચેતન થઈ ગયા છે? તેઓને તો ફખ્રના બદલે ઇબ્રતનો સામન બનવું જોઈતું હતું. અને તેઓને જોઈને ઇન્સાનને ઇઝઝતના બદલે અપકીર્તિની દશામાં મૂકાવું જોઈતું હતું. પણ અફસોસ, કે એ લોકોએ એ મુડદાઓને અંજાએલી આંખે જોયા છે અને તેના તરફથી જહાલતની ગર્તમાં (ખાડામાં) પડી ગયા છે.

અને જો તેઓના બારામાં પડી ભાંગેલા મકાનો અને ખાલી ઘરોથી પૂછવામાં આવે તો એ જ જવાબ મળશે કે તે લોકો ગુમરાહીની દશામાં જમીન નીચે ચાલ્યા ગયા છે. અને તમે જહાલતની સ્થિતિમાં તેઓની પાછળ જઈ રહ્યા છો. તેઓની ખોપરીઓને ચગદી રહ્યા છો અને તેના દેહો પર ઇમારતો ઊભી કરી રહ્યા છો. તેઓ જે મૂકી ગયા તેને ચરી રહ્યા છો અને જે તેઓ ખંડેર કરી ગયા છે તેમાં તમે વસવાટ કરી રહ્યા છો. તમારી અને તેઓની વચ્ચેના દિવસો તમારી અવદશા પર રડી રહ્યા છે અને તમારી પાયમાલીના (બરબાદીના) નૌહા પડી રહ્યા છે.

આ છે તમારા સ્થાને પહેલે પહોંચી જનારા અને તમારા ઝરણાઓ પર પહેલા ઉતરનારા. જેમના માટે ઇઝઝતના સ્થાનો હતા અને ગૌરવ તથા અભિમાનની વિપૂલતા હતી. કેટલાક સમયના બાદશાહ હતા. અને અમુક બીજા દરજ્જાના પદવીધારીઓ. પણ બધા બરઝખના ઊંડાણોમાં રસ્તો માપી રહ્યા છે. જમીન તેમના પર ચડાવી દેવામાં આવી છે, તેણે તેઓનું માંસ ખાઈ લીધું છે. અને રક્ત

પી લીધું છે. હવે તેઓ કબ્રની ગહેરાઈમાં એવા જડ થઈ ગયા છે જેમાં ન વધવાની શક્તિ છે અને એવા ખોવાઈ ગયા છે કે ગોત્યા નથી જડતા. ન ભયાનક મુસીબતોનું પડવું તેઓને ભયભિત કરી શકે છે. ન બદલતા સંજોગો તેઓને દુ:ખી કરી શકે છે. ન તેઓને ધરતીકંપોની પરવા છે અને ન ગર્જના કે કડકની ખબર. એવા અદ્રશ્ય થયા છે કે તેઓની વાટ નથી જોવાતી. એવા હાજર છે કે સામે નથી આવતા. કાલે બધા એક સાથે હતા હવે વિખરાય ગયા છે. અને બધા એકબીજાની પાસે હતા અને હવે વિખુટા પડી ગયા છે. તેઓની સ્થિતિઓની અજાણતા અને તેઓના દેહોની ચૂપકીદી સમયના લંબાણ અને મકાનની દૂરીના કારણે નથી. બલ્કે તેઓને મોતનો એ પ્યાલો પીવરાવી દેવામાં આવ્યો છે કે જેણે તેમની વાચાને મુંગાપણામાં, અને કાનોને બહેરાપણામાં અને તેઓની હરકતોને શાંતિમાં ઢાળી દીધી છે. તેઓની ઉપલક વ્યાખ્યા એ થઈ શકે છે કે જાણે નિંદ (ઊંઘ) માં બેખબર પડેલા પડોશીઓ છે, પરંતુ એક બીજાથી પરિચિત નથી. દોસ્તો છે પણ હળતા મળતા નથી. તેઓની વચ્ચે

પરસ્પર પરીચયનો નાતો (સંબંધ) ક્ષીણ થઈ ગયો છે, અને ભાઈબંધીના સંબંધો તૂટી ગયા છે. હવે બધા ભેગા થવા છતાં એકલા છે અને દોસ્ત હોવા છતાં એક બીજાને તજેલા છે. ન કોઈ રાતની સવારને જાણે છે અને ન કોઈ સવારની સંધ્યાને ઓળખે છે.

દિવસ રાતમાં જે ઘડીએ પણ દુનિયાથી ગયા છે તે જ તેઓની અનંત ઘડી છે અને કયામતના ખતરાઓને તેનાથી વધુ જોઈ લીધા છે જેનો આ દુનિયામાં વહેમ હતો. અને તેની નિશાનીઓને એથી વધારે નીરખી લીધી છે જેનું અનુમાન કર્યું હતું. હવે સારા નરસા બંને પ્રકારના પરિણામને ખેંચીને અંતિમ સ્થાને પહોંચાડી દીધા છે જ્યાં અંતિમ દરજજાનો ભય પણ છે અને એવી આશા પણ જે આ લોકો જો બોલવા લાયક પણ હોત તો એ સંજોગોનું વીવરણ કરી શકતા નહોતા, જેને નરી આંખે જોઈ ચૂક્યા છે, અને નિરીક્ષણ કરી ચૂક્યા છે.

હવે જો તેઓના અવશેષો ગુમ પણ થઈ ગયા છે અને તેઓની ખબરો અટકી પણ ગઈ છે તો ઈબ્રતની દ્રષ્ટિઓ

હર હાલમાં તેને જોઈ રહી છે અને બુધ્ધિના કાન તેની વીતક કથા હર હાલમાં સાંભળી રહ્યા છે. અને તેઓ વગર જીભે પણ બોલી રહ્યા છે અને આમ કહી રહ્યા છે કે તાજા ચહેરાઓ કાળા પડી ચૂક્યા છે અને નરમ અને કોમળ દેહો માટીમાં મળી ચૂક્યા છે. જીર્ણતાના (ક્ષીણ) વસ્ત્રો પહેરેલા છે અને કબ્રની સંકડાશે થકવી નાખ્યા છે. ભય એકબીજાના વારસો છે. અને ખામોશ પડાવો વેરાન થઈ ચૂક્યા છે. શરીરનું સોંદર્ય વિલાઈ ચૂક્યું છે. અને જાણેલી પહેચાનેલી સૂરતો અજાણી થઈ ગઈ છે. ભયના ઉતારામાં પડાવ લાંબો થઈ ગયો છે. અને કોઈ પણ કષ્ટથી રાહતની આશા નથી અને ન કોઈ તંગીમાં વિશાળતાની શક્યતા છે.

હવે જો તમે પોતાની બુધ્ધિઓથી તેનું ચિત્ર દોરો અથવા તમારાથી ગૈબબના પરદા ઉપાડી લેવામાં આવે અને તમે તેઓને એ સ્થિતિમાં જોઈ લ્યો કે જીવજંતુઓના કારણે તેઓની સાંભળવાની શક્તિ ખતમ થઈ ગઈ છે. અને તેઓ બહેરા થઈ ચૂક્યા છે અને તેઓની આંખોમાં ધૂળનો સુરમો લગાડી દેવામાં આવ્યો છે અને તે ઊંડી ઉતરી ગઈ છે અને

જીભો મોંમા ફરવા પછી ટૂકડા ટૂકડા થઈ ગઈ છે અને દિલ છાતીઓમાં જાગૃતિ પછી પોઢી ગયા છે. અને દરેક અંગ એક નવી ક્ષીણતાથી બરબાદ થયા પછી કદરૂપા બની ગયા છે. અને આફતોના રસ્તાઓ સીધા કરી દેવામાં આવ્યા છે. અને હવે બધા સંકટો માટે નખશીખ નતમસ્તક છે. ન કોઈ હાથ રક્ષણ કરવાવાળો છે અને ન કોઈ બેચેન થવાવાળું તો ખરેખર એ દ્રશ્યો જોશો જે અંતરને દુ:ખી કરી દેશે અને આંખોમાં કાંટા ભરાવી દેશે. આ ગરીબો માટે દરેક સંકટમાં એ સ્થિતિ છે જે બદલાતી નથી અને એ સખ્તી છે જે ખતમ નથી થતી.

ઓહ ! આ જમીન કેટલા સૌથી વહાલા બદનો અને સુંદરતમ રંગ ખાઈ ગઈ જેમને દૌલત અને આરામનો ખોરાક મળી રહ્યો હતો. અને જેને લાડ પ્યારમાં ઉછેરવામાં આવ્યા હતા. જેઓ શોકના સમયમાં પણ આનંદનો સામાન કરી લેતા હતા. અને જો કોઈ મુસીબત આવી પડતી હતી તો પોતાના વિલાસની તાજગીઓ પર લલચાતા રહેવા અને પોતાના

રમત ગમતમાં આસક્ત રહેવાના કારણે દિલાસાનો સામાન પેદા કરી લેતા હતા.

આ હજી ભૂલાવામાં ( ગફલતમાં) નાખી દેનારા વિલાસની છાંયામાં દુનિયાને જોઈ હસી રહ્યા હતા. અને દુનિયા તેઓને જોઈને હસી રહી હતી કે અચાનક જમાનાએ તેમને કાંટાઓની જેમ ચગદી માર્યા. અને કાળે તેઓના સમગ્ર જોરને તોડી નાખ્યું. મૌતની દ્રષ્ટિ નજીકથી તેઓ પર પડવા લાગી અને તેઓને એવા દુ:ખમાં નાખી દીધા કે જેની કલ્પના પણ નહોતી અને એવા આઘાતના શિકાર થઈ ગયા, જેનો કદી વાસ્તો નહોતો પડયો. હજી તેઓ આરોગ્યથી હેવાયા હતા કે તેમાં રગની નબળાઈઓ પેદા થઈ ગઈ અને તેઓએ એ સાધનોનો આશરો ગોતવો શરૂ કરી દીધો જેનો તબીબોએ આદી બનાવી દીધો હતો કે ગરમનો ઠંડાથી ઇલાજ કરે અને ઠંડીનો ગરમ દવાઓથી. પરંતુ ઠંડી દવાઓએ તાવને ઓર વધારી દીધો. અને ગરમ દવાએ ઉષ્માના બદલે ટાઢ અને ધ્રુજારી પેદા કરી દીધી. અને કોઈ સ્વભાવને માફક દવાથી સમતોલ ન પેદા થયો બલ્કે તેણે રોગને વધારે બળવાન બનાવી દીધો. ત્યાં સુધી કે ચાકરી કરનારા થાકી

ગયા. અને ઇલાજ કરવાવાળા આળસ કરવા લાગ્યા. ઘરવાળા બીમારીની હાલત બતાવવાથી લાચાર થઈ ગયા. અને જોવા આવનારાઓના પ્રશ્નોથી ચૂપકીદી અખત્યાર કરી લીધી. અને દર્દનાક ખબર છુપાવવા માટે આપસમાં વિરોધ કરવા લાગ્યા એક કહેવા લાગ્યો જે છે ઈ છે. બીજાએ આશા દાખવી કે સારૂં થઈ જશે. ત્રીજાએ મૌત પર સબ્ર કરવાની ભલામણ શરૂ કરી દીધી. અને પહેલાના લોકોના સંકટો યાદ અપાવવા લાગ્યો.

હજી તે આ પરિસ્થિતિમાં દુનિયાથી વિદાય અને દોસ્તોનો વિયોગ માટે તૈયારી કરી રહ્યો હતો કે તેના ગળામાં એક ફાંસો પડી ગયો જેનાથી તેની સમજ અને હુશિયારી જવાબ દઈ ગઈ. અને જીભની તરી સુકાઈ ગઈ. કેટલાય મોધમ પ્રશ્નો હતા જેના જવાબ તે જાણતો હતો પણ બોલી નહોતો શકતો અને કેટલીક દર્દનાક અવાજો તેના કર્ણે અથડાઈ રહી હતી, જેને સાંભળવાથી બેહરો બની ગયો હતો. એ અવાજો કોઈ વડીલની હતી જેનું માન જાળવતો હતો અથવા એ બાળકોની હતી જેના પર દયા કરતો રહેતો હતો. પણ મૌતની આકરણ એવી જ છે જેની સખ્તી વર્ણવી નથી

શકાતી અને દુનિયાની અક્કલોના અંદાજા પર પૂરી નથી ઉતરી શકતી.

* * * * *

# ૨૨૨ - રેજાલ. લા તુલહીમ તેજારતન વ લા બયઅત અન ઝિકરિલ્લાહની તિલાવત સમયે

જેને પવિત્ર આયત "એ ઘરોમાં સવાર સાંજ અલ્લાહની તસ્બીહ કરવાવાળા લોકો છે, જેઓને વેપાર અને કામકાજ ખુદાની યાદથી ગાફિલ નથી બનાવી શકતી." ની તિલાવત સમયે ઇરશાદ ફરમાવ્યું:

પરવરદિગારે પોતાના ઝિક્રને દિલોને ચળકાવનાર ગણ્યો છે જેના આધારે તેઓ બહેરાપણા પછી સાંભળવા લાગે છે અને આંધળાપણા પછી જોવા લાગે છે. અને અવજ્ઞા અને હઠાગ્રહ પછી આજ્ઞાંકિત અને ફરમાંબરદાર થઈ જાય છે. અને મહાન અલ્લાહ (જેની નેઅમતો ભવ્ય અને કીર્તિમાન છે)ના માટે દરેક કાળમાં અને સર્જનકાળમાં એવા બંદાઓ રહ્યા છે, જેનાથી તેણે તેઓના વિચારો દ્વારા ભેદભરપૂર (રાઝો નિયાઝની) વાતો કરી છે અને તેઓની બુધ્ધિ મારફતે તેઓથી વાતો કરી છે. અને તેઓએ પોતાની દીર્ઘ દ્રષ્ટિ, શ્રવણ અને ચિંતનની જાગૃતિના નૂરથી પ્રકાશ મેળવ્યો છે.

તેઓને અલ્લાહના ખાસ દિવસોની યાદ આપવામાં આવી છે અને તેઓ તેની ભવ્યતાથી ભયભિત રહે છે.

તેઓની ઉપમા જંગલોના ભોમિયાઓ જેવી છે કે ખરા માર્ગ પર ચાલે છે તેઓની ચાલના વખાણ કરે છે અને તેણે મોક્ષની ખૂશખબરી સંભળાવે છે અને જે આડા અવળા ચાલ્યા જાય છે તેના માર્ગની નિંદા કરે છે. અને તેને નાશથી ડરાવે છે, અને આ જ ગણત્રીએ તેઓ અંધારાઓના ચિરાગ અને સંદેહોના માર્ગદર્શક છે.

નિ:શંક ખુદાના ઝિક્રના પણ અમુક લાયક છે, જેઓએ તેને પૂરી દુનિયાની બદલ ઠરાવ્યું છે. અને હવે તેમને વેપાર અથવા લેવડ દેવડ ઝિક્રથી ગાફિલ નથી કરી શકતી. તેઓ તેના આધારે જીવનના દિવસો વીતાવે છે અને ગાફિલોના કાનોમાં નિષેધોને રોકવાવાળી અવાજ દાખલ કરી દે છે. લોકોને નેકીઓની આજ્ઞા કરે છે અને પોતે પણ તેના પર અમલ કરે છે. બુરાઈઓથી રોકે છે અને પોતે પણ બચતા રહે છે. જાણે તેઓએ દુનિયામાં રહીને આખેરત સુધીનું અંતર ઓળંગી લીધું છે. અને દુનિયાના પડદા પાછળ

જે કંઈ છે, બધું જોઈ લીધું છે. અને જાણે કે તેઓએ બરઝખના લાંબા ચોડા કાળની ગુપ્ત સ્થિતિઓનો પરિચય મેળવી લીધો છે. અને જાણે કે ક્યામતે તેઓ માટે પોતાના વાયદા પૂરા કરી લીધા છે. અને તેઓએ દુનિયાના લોકો માટે આ પરદો ઊંચકી લીધો છે. એટલે હવે તેઓ એ વસ્તુઓ જોઈ રહ્યા છે, જેને સામાન્ય લોકો જોઈ નથી શકતા. અને એ અવાજો સાંભળી રહ્યા છે જેને બીજા લોકો સાંભળી નથી
શકતા. જો તમે તમારી બુધ્ધિથી તેઓનું ચિત્ર દોરો જે તેઓના વખાણવા લાયક સ્થળો અને હાજરી આપવા જેવી સભાઓની છે. જયાં તેઓએ પોતાના અમલોના પાના ફેલાવ્યા છે અને પોતાના દરેક નાના મોટા અમલનો હિસાબ આપવા તૈયાર છે, જેનો હુકમ આપવામાં આવ્યો હતો તેમાં ઉણપ રહી ગઈ છે અને જેનાથી રોકવામાં આવ્યા હતા તેમાં ક્ષતિ થઈ ગઈ છે અને પોતાની પીઠ પર બધા અમલોનો બોજ ઉપાડેલ છે, પરંતુ ઉપાડવાને શક્તિમાન નથી. અને હવે રોતા રોતા આંચકી બંધાઈ ગઈ છે. અને એક બીજાને રોઈ રોઈને તેના સવાલનો જવાબ આપી રહ્યા છે અને પશ્ચાતાપ

અને ગુનાહના ઇકરારની સાથે પરવરદિગારના દરબારમાં ફરિયાદ કરી રહ્યા છે. તો તેઓ તમને હિદાયતના નિશાન અને અંધારાના ચિરાગ નજરે આવશે. જેઓની આસપાસ ફરિશ્તાઓનો ઘેરો હશે અને તેઓ પર પરવરદિગારના તરફથી શાંતિ અને સંતોષ લગાતાર ઉતરશે અને તેઓ માટે આસમાનના દરવાજા ખોલી નાખવામાં આવ્યા હશે અને મોટાઈના સ્થાનો આગળ ધરવામાં આવ્યા હશે.

આવા સ્થળે જ્યાં માલિકની દયાદ્રષ્ટિ તેઓની તરફ હોય અને તે તેઓની મહેનતથી રાજી હોય અને તેઓના સ્થાનના વખાણ કરી રહ્યો હોય. તેઓ માલિકની પુકારના આનંદથી બખ્શિશની હવાઓમાં શ્વાસ લેતા હોય. તેના ફઝલો કરમની મોહતાજીના હાથે ગીરવી હોય અને તેની ભવ્યતા સામે અપકીર્તિના કેદી હોય. શોક અને વ્યાધિના લાંબા સમયે તેઓના દિલોને ઘાયલ કરી દીધા હોય. અને નિરંતર રડવાને કારણે તેઓની આંખોને જખ્મી કરી દીધી હોય. માલિક પ્રત્યેના શોખના દરેક દ્વારને ખટખટાવતા હોય અને તેનાથી સવાલ કરી રહ્યા હોય, જેના દાન પ્રદાનની વિશાળતા

સંકોચાતી નથી. અને જેની તરફ આશા રાખનારા કદી નિરાશ નથી થતા.

જુઓ, પોતાની ભલાઈના માટે ખુદ પોતાના અંતરનો હિસાબ કરો કેમકે બીજાઓના દિલોનો હિસાબ લેનાર કોઈ અન્ય છે.

* * * * *

# ૨૨૩ – “યા અય્યોહલ ઇન્સાનો મા ગર્રક બે રબ્બિકલ કરીમ”ની તિલાવત સમયે

*જેને આયત "અય ઇન્સાન ! તને મહાન ખુદાના સંબંધમાં કઈ વસ્તુએ ધોકામાં નાખ્યો"ના અનુસંધાનમાં ઇરશાદ ફરમાવ્યું:*

જુઓ, આ ઇન્સાન, જેનાથી એ પૂછવામાં આવ્યું છે, તે પોતાની દલીલના હિસાબે કેટલો નિર્બળ છે? અને પોતે ધોકો ખાધો હોવાના લીધે ખોડ ભર્યું બહાનું ધરાવે છે? ચોક્કસ તેણે પોતાના આત્માને અજ્ઞાનતાની કઠણાઈઓમાં નાખી દીધો છે.

અય ઇન્સાન ! સાચું બતાવ, તને કઈ વસ્તુએ ગુનાહો કરવાની ધૃષ્ટતા આપી છે અને કઈ વસ્તુઓ પર પરવરદિગારના સંબંધમાં ધોકામાં રાખ્યો છે? અને કઈ બાબતે અંતરના નાશ પર પણ સંતુષ્ટ કરી દીધો છે? શું તારા આ રોગનો કોઈ ઉપચાર અને તારી આ નિંદ્રાની કોઈ જાગૃતિ નથી? અને શું પોતાની જાત પર એટલીય દયા નથી કરતો, જેટલી બીજાઓ પર કરે છે? કેમકે જયારે સૂર્યના

તડકામાં કોઈને તપતો જુએ છે તો છાયો કરી દે છે અથવા કોઈને કષ્ટ અને રંજમાં પડેલો જુએ છે તો તેની સ્થિતિ પર રોવા લાગે છે. તો પછી આખર કઈ વસ્તુએ તને ખુદ પોતાના રોગ પર ધીરજ અપાવી દીધી છે અને પોતાના સંકટ પર શાંતિનો સામાન ગોઠવી દીધો છે. અને પોતાના જીવ પર રોવાથી રોકી દીધેલ છે. જયારે કે એ તને સૌથી વધારે વહાલો છે. અને રાતોરાત અલ્લાહનો અઝાબ ઉતરવાની કલ્પના તને જાગૃત કેમ નથી રાખતી? જયારે કે તું તેની નાફરમાનીઓના કારણે તેના કોપ અને ક્રોધના માર્ગમાં પડયો છે.

હજી સમય છે કે પોતાના દિલની નબળાઈનો દ્રઢ નીશ્ચયતાથી ઉપચાર કરી લે. અને પોતાની આંખોમાં ગફલતની નિંદનો જાગૃતિથી ઉપાય કરી લે. અલ્લાહનો ફરમાંબરદાર બની જા. તેની યાદની ચાહના મેળવી લે. અને એ વાતની કલ્પના કર કે કેવી રીતે તે તારા બીજાઓ તરફ મોં ફેરવી લેવા છતાં તારી તરફ લક્ષ આપી રહ્યો છે. તેની માફીની છૂટ આપે છે. પોતાના ઔદાર્ય અને મહેરબાનીમાં

ઢાંકી લે છે, જો કે તું બીજાઓ તરફ રૂખ કરી બેઠો છે. જે ઘણો ઊંચો અને મોટો છે અને શક્તિશાળી જે આટલી બધી દયા કરે છે અને તું ઇન્સાન નિર્બળ તથા અશકત છો છતાં પણ તેની અવજ્ઞા કરવાની આટલી ધૃષ્ટતા કરે છે. જયારે કે તેના ઢાંકપીછોડાના પડોશમાં તું રહે છે. અને તેની જ દયા ઉદારતાની વિશાળતામાં પડખા બદલી રહ્યો છે. તે ન પોતાની અતિ દયાવૃષ્ટિ, અને મહેરબાનીને તારાથી રોકે છે અને ન તારા ભેદભરમ ઉઘાડા પાડે છે. બલ્કે તું પળભર માટે પણ તેની મહેરબાનીઓથી ખાલી નથી.

ક્યારેક નવી નેઅમતો અતા કરે છે, ક્યારેક બુરાઈઓને છુપાવી દે છે અને કદી આફતોને ટાળી દે છે. જયારે તું તેના ગુનાહો કરે છે, તો વિચાર ! અગર તું ફરમાંબરદારી કરે તો શું થાય?

ખુદા સાક્ષી છે કે જો આ વર્તાવ બે સમાન શક્તિ અને બળવાળાઓ વચ્ચે હોત અને તું બીજાઓ સાથે એવો જ વર્તાવ કરત તો તું પોતે જ સૌથી પહેલા પોતાના અંતરની

ધૃષ્ટતા અને દુરાચારી હોવાનો ફેંસલો કરી દેતે, પરંતુ અફસોસ !

હું ખરૂં કહું છું કે દુનિયાએ તને ધોકો નથી આપ્યો, તેં દુનિયાથી ધોકો ખાધો છે. તેને તો શિખામણો ખોલીને સામે રાખી દીધી હતી, અને તને દરેક બાબતથી બરાબર સાવધાન કરી દીધો હતો, તેને દેહ પર પડનારી જે આફતોનો વાયદો કર્યો છે અને શક્તિમાં જે નબળાઈની વાત કરી છે. તેમાં તે બિલ્કુલ સાચી વાત અને વાયદો પૂરી કરનારી છે. ન જૂઠ બોલવાવાળી છે. અને ન ધોકો આપનારી છે બલ્કે ઘણા તેના વિશે શિખામણ આપનારા છે પણ તેઓ તારી નજીક ભરોસાપાત્ર નથી અને સાચે સાચું બોલનારા છે, જે તારી દ્રષ્ટિમાં જૂઠા છે.

જો તે તેને પડી ભાંગેલા મકાનો અને નિર્જન રહેઠાણોમાં ઓળખી લીધી હોત તો જોતે કે તે પોતાની યાદ અપાવવાની અને અત્યંત ઊંડી શિખામણ કરવામાં તારા પર કેટલી મહેરબાન છે અને તારા નાશમાં કેટલી કંજુસાઈથી કામ લે છે.

આ દુનિયા તેઓ માટે શ્રેષ્ઠ ઘર છે જેઓ તેને ઘર બનાવવા રાજી ન હોય. અને એ લોકો માટે શ્રેષ્ઠ વતન છે જે તેને વતન બનાવવા તૈયાર ન હોય. આ દુનિયામાં રહેનારાઓમાં કાલના દિવસે સદભાગી એ જ હશે, જે આજે અવગણવા પર તૈયાર હોય.

જુઓ, જયારે જમીન પર ધરતીકંપ થઈ જાશે. અને કયામત પોતાની મહાન મુસીબતો સમેત ઊભી થઈ જાશે, અને દરેક બંદગી કરનારો તેના ઇબાદત ઘર સાથે, દરેક મઅબૂદની સાથે તેના બંદાઓ અને દરેક બંદગીને લાયકની સાથે તેના આજ્ઞાંકિત અને ફરમાંબરદાર ભેગા કરી દેવામાં આવશે તો કોઈ હવામાં તિરાડ પાડનારી દ્રષ્ટિ અને જમીન પર પડનારા પગોનો પગરવ એવો નહીં હોય, જેનો ન્યાય અને ઇન્સાફ સાથે પૂરો બદલો ન દેવામાં આવે. તે દિવસે કેટલીએ દલીલો હશે જે બેકાર થઈ જશે. અને કેટલાય માફીના સંબંધો હશે જે તૂટી જશે.

એટલે યોગ્ય એ છે કે હમણાંથી જ એ વસ્તુઓને ગોતી લ્યો જેને બહાનું બનાવી શકાય. અને દલીલમાં રજુ

કરી શકાય. જે દુનિયામાં તમારે વસવું નથી તેમાંથી એ લઈ લ્યો જે તમારી સાથે રહેવાનું છે. પ્રસ્થાન માટે તૈયાર થઈ જાવ. નજાતની રોશનીની ચમક જોઈ લ્યો. અને કૂચના વાહનો પર સામાન લાદી દયો.

* * * * *

# ૨૨૪ - ઝુલ્મ અને ગઝબથી દૂર રહેવું, અકીલની નિર્ધન સ્થિતિ અને અશઅસ ઇબ્ને કૈસની રૂશ્વુત ની ઓફર

*જેમાં ઝુલ્મથી તિરસ્કાર અને અલગતા પ્રદર્શિત કરવામાં આવી છે.*

ખુદા સાક્ષી છે કે, મારા માટે સઅદાનની કાંટાની વાડો પર જાગીને રાત વીતાવવી અથવા સાંકળોમાં બંધાઈને ખેંચાવું એ વાતથી વધારે પ્રિય છે કે હું કયામતના દિવસે પરવરદિગારથી એ હાલતમાં મળું કે કોઈ બંદા પર ઝુલ્મ કરી ચુક્યો હોઉં અથવા દુનિયાના કોઈ તુચ્છ માલને ગસ્બ કર્યો હોય. ભલા હું કોઈ પણ શખ્સ પર એ જીવ માટે શાને ઝુલ્મ કરૂં જે નાશવંત છે. અને જમીનની અંદર ઘણા દિવસો રહેનાર છે.

ખુદાની કસમ ! મેં જાતે અકીલને જોયો છે તેઓએ ભૂખ પ્યાસના કારણે તમારા ઘઉંના ભાગમાંથી ત્રણ કીલોની માંગણી કરી હતી. કેમકે તેઓના બાળકોના વાળ ગરીબીના

કારણે વિખરાએલા હતા અને તેઓના ચહેરાના રંગ એવા બદલાઈ ગયા હતા, જાણે તેને તેલ છાંટી કાળા બનાવ્યા હોય. અને તેમણે મારાથી વારંવાર તકાદો કર્યો અને લગાતાર પોતાની માંગણી દોહરાવી. તો મેં તેઓની તરફ કાન ધરી દીધા તો તેઓ એમ સમજ્યા કે કદાચ હું દીન વેચવા અને પોતાનો માર્ગ છોડી તેમની માંગણી પૂરી કરવા તૈયાર થઈ ગયો છું. પણ મેં તેમના માટે લોઢું તપાવરાવ્યું, પછી તેમના જિસમની પાસે લઈ ગયો કે તેનાથી ઘડો લે. તેમણે લોઢું જોઈ એવી ફરિયાદ શરૂ કરી દીધી જેવી રીતે કોઈ બીમાર પોતાની વેદના અને કષ્ટના કારણે ચીખે છે અને નજીકનું હતું કે તેનું શરીર ડામ દેવાથી બળી જાય.

તો મેં કહ્યું: રોવાવાળીઓ તમારા ગમમાં રડે અય અકીલ ! આપ આ લોઢાથી ચીખો છો, જેને એક ઇન્સાને હસી મજાકમાં તપાવ્યું છે. અને મને એ આગ તરફ ખેંચી રહ્યા છો જેને જબ્બાર ખુદાએ પોતાના ગઝબના પાયે ભડકાવી છે. આપ યાત્નાની ફરિયાદ કરો અને હું જહન્નમની ફરિયાદ ન કરૂં?

આથી વધારે આશ્ચર્યની વાત એ છે કે એક રાતે એક શખ્સ ( અશઅસ બિન કૈસ) મારી પાસે મધમાં બનાવેલો હલવો વાસણમાં રાખી લાવ્યો જે મને એટલો અપ્રિય હતો કે જાણે સાંપની લાળ અથવા ઉલટીથી ગુંદેલો હોય. મેં પૂછયું શું એ કોઈ ઈનામ છે? અથવા ઝકાત અથવા સદકો? જે એહલેબૈત પર હરામ છે. તેણે કહ્યું કે આ કંઈ નથી. આ માત્ર એક ભેટ છે. મેં કહ્યું જેનો પુત્ર મરી ગયો હોય એવી ઓરતો તારા પર રડે તું ખુદાના માર્ગે આવી મને ધોકો દેવા માગે છે? તારૂં દીમાગ ખરાબ થઈ ગયું છે? કે તું પાગલ થઈ ગયો છે કે લવારો કરી રહ્યો છે. આખર શું છે?

ખુદા ગવાહ છે કે જો મને સાત દુનિયાઓની હુકૂમત, આસમાન તળેની બધી દૌલતો સાથે આપવામાં આવે અને મારાથી એ માંગણી કરવામાં આવે કે હું કોઈ કીડી પર એટલો ઝુલ્મ કરૂં કે તેના મોંમાથી એ છોતરૂં આચકી લઉં જે તે ચાવી રહી છે તો કદી એવું નથી કરી શકતો. આ તમારી દુનિયા મારી નજરમાં એ પત્તીથી વધારે મૂલ્યહીન છે

જે કોઈ ટીડાના (તીડના) મોંમાં હોય અને તે તેને ચાવી રહ્યો હોય.

ભલા અલીને એ નેઅમતોની શી પડી છે જે નાશ પામનારી છે અને એ લજ્જતથી શું સંબંધ જે અમર નથી રહેનારી. હું ખુદાની પનાહ માગું છું, બુધ્ધિના ગાફિલ થઈ જવાથી અને બુરાઈઓમાં લપસી જવાથી અને તેની જ મદદ માગું છું.

* * * * *

# ૨૨૫ - આપના દુઆના શબ્દો

*જેમાં પરવરદિગારથી બેનિયાઝીની માંગણી કરવામાં આવી છે.*

અય ખુદા ! મારી આબરૂનું માલદારી માફત રક્ષણ કર, અને મારા સ્થાનને નિર્ધનતાના કારણે નજરથી ન પડવા દેજે કે મને તારી પાસે રોઝી માગનારાઓથી માગવું પડે. અથવા તારી અધમ મખ્લૂકથી દયાની ભીખ માગવી પડે અને પછી હું દરેક આપનારના વખાણ કરૂં અને દરેક ઇન્કાર કરનારની નિંદા કરવામાં પડી જાઉં. જયારે કે એ બધાને પરદા પાછળ આપવાનો અને ઇન્કાર કરવાનો બંને અધિકાર તારા જ હાથમાં છે અને તું જ દરેક વસ્તુ પર કુદરત રાખવાવાળો છે.

* * * * *

# ૨૨૬ - દુનિયાની નશ્વરતા અને કબ્રવાળાઓની નિરાધારતા

*જેમાં દુનિયાથી નફરત કરાવવામાં આવી છે.*

આ એક એવું ઘર છે જે આફતોથી ઘેરાએલું છે અને પોતાની ગદ્દારીમાં મશહૂર છે. ન સ્થિતિઓમાં સ્થિરતા છે. અને ન તેમાં ઉતરનારા માટે સલામતી છે.

તેની સ્થિતિઓ વિવિધ અને તેની રીતે બદલવાવાળી છે. તેમાં મદમસ્ત જિંદગી નિંદાપાત્ર છે. અને તેમાં શાંતિ અને રક્ષણનું દૂર દૂર સુધી ઠેકાણું નથી. તેના રહેવાસીઓ, એ લક્ષ્ય છે જેના પર દુનિયા પોતાના તીર ચલાવતી રહે છે. અને પોતાની મુદ્દતના આધારે તેઓને નાશના આરે ઉતારતી રહે છે.

ખુદાના બંદાઓ ! યાદ રાખો, આ દુનિયામાં તમે અને જે કંઈ તમારી પાસે છે બધાનો એ જ માર્ગ છે જેના પર પૂરોગામીઓ ચાલી ચૂક્યા છે, જેની વયો તમારા કરતા લાંબી હતી અને જેઓના પ્રદેશો તમારા કરતા વધારે આબાદ હતા.

તેઓના અવશેષો પણ દૂર દૂર સુધી પથરાએલા હતા. પણ હવે તેઓની અવાજ દબાઈ ગઈ છે, તેઓની હવા ઉખડી ચૂકી છે. તેઓના દેહ ક્ષીણ થઈ ગયા છે, તેઓના ઘરો ખાલી થઈ ગયા છે, અને તેઓના ચિહ્નો મિટાઈ ચૂક્યા છે. એ મજબૂત કિલ્લાઓ અને બિછાવેલા આસનો, પથ્થરો અને ચણેલી શીલાઓ અને જમીનની અંદર ઘોર કબ્રોમાં તબદીલ કરી ચૂક્યા છે. જેના આંગણાનો પાયો તબાહી પર સ્થિર છે. અને જેની ઇમારત માટીથી મજબૂત કરવામાં આવી છે. આ કબ્રોની જગ્યાઓ તો પાસે પાસે છે, પરંતુ તેના રહેવાવાળા બધા એક બીજાથી અજાણ્યા અને પરદેશી છે. એવા લોકોની વચ્ચે છે જેઓ ગભરાએલા છે. અને અહીંના કામોથી પરવારી ત્યાંની ચિંતામાં પ્રવૃત થઈ ગયા છે. ન પોતાના વતનથી કોઈ પ્રીતિ રાખે છે અને ન પોતાના પડોશીઓથી કોઈ સંબંધ રાખે છે. જો કે બિલ્કુલ નજદીક અને નિકટતમ પ્રદેશમાં છે. અને દેખીતું છે કે હવે મુલાકાતની શું સંભાવના છે, જયારે કે ક્ષીણતાએ તેમને પોતાની છાતીથી દબાવી પીસી નાખ્યા છે. અને પત્થરો તથા માટીએ તેમને ખાઈને બરાબર કરી નાખ્યા

છે. અને જાણે હવે તમે પણ ત્યાં પહોંચી ગયા છો જ્યાં તેઓ પહોંચી ચૂક્યા છે. અને તમને કબ્રે ગીરો રાખી લીધા છે અને એ જ અમાનતના ઘરે જકડી લીધા છે,

વિચારો ! એ સમયે શું થશે જયારે તમારા બધા મામલા અંતિમ સીમાએ પહોંચી જશે અને ફરી કબ્રમાંથી કાઢી લેવામાં આવશે. તે સમયે દરેક આત્મા પોતાના કર્મોની ખૂદ તપાસ કરશે. અને બધાને ખરા માલિક તરફ ફેરવવામાં આવશે અને કોઈની જૂઠ ઘડવાની રીત કામ નહીં આવે.

* * * * *

# ૨૨૭ - આપના દુઆના શબ્દો

*જેમાં સદમાર્ગનું સુબોધન કરવામાં આવ્યું છે.*

પરવરદિગાર, તું પોતાના દોસ્તો માટે બધા ચાહવાવાળાઓથી સૌથી વધારે ચાહના આપનાર અને બધા તારા પોતા પર ભરોસો કરનારા માટે સૌથી વધારે જરૂરિયાત પૂરી કરવા હાજર છે. તું તેઓના ગુપ્ત મામલા પર ધ્યાન રાખે છે, તેઓના ભેદોને જાણે છે અને તેઓની દીર્ઘ દ્રષ્ટિની અંતિમ સીમાઓને પણ જાણે છે. તેઓના ભેદો તારા માટે પ્રગટ અને તેઓના દિલો તારા દરબારમાં ફરિયાદી છે. જયારે રંક્તા તેઓને ગભરાવી મૂકે છે તો તારી યાદ આશ્વાસનનો બંદોબસ્ત કરે છે. અને જયારે સંકટો તેઓ પર ઢોળી નાખવામાં આવે છે, તો તેઓ તારૂં શરણ શોધી લે છે. કેમકે તેઓને એ વાતનું ઇલ્મ છે કે બધા મામલાઓની લગામ તારા હાથમાં છે. અને બધી બાબતોનો ફેંસલો તારી ઝાત જ કરે છે.

અય ખુદા ! જો હું મારા પ્રશ્નો રજૂ કરવાને લાચાર છું અને મને પોતાની માંગણીઓનો માર્ગ દેખાતો નથી તો તું

મારા કામકાજમાં માર્ગદર્શન આપ અને મારા દિલને લક્ષ્ય સ્થાનો સુધી પહોંચાડી દે. કેમકે આ વાત તારા માર્ગદર્શનો માટે કોઈ અનોખી નથી અને તારી હાજત રવાઈ અંગે નિરાળી નથી.

અય ખુદા ! મારા મામલાને તારી દયા ક્ષમાથી નિપટાવજે અને ન્યાય ઇન્સાફના ત્રાજવે ન તોળજે.

* * * * *

# ૨૨૮ - પોતાના સાથીનો ઉલ્લેખ જે દુનિયા તજી ગયો

અલ્લાહ ફલાણાનું ભલું કરે કે તેણે વક્રતાને સીધી કરી અને રોગનો ઇલાજ કર્યો. સુન્નતને સ્થાપી અને ફિત્નાઓને તજીને ચાલ્યો ગયો. દુનિયાથી એ હાલતમાં ગયો કે તેનું જીવન વસ્ત્ર સ્વચ્છ હતું અને તેના એબો ઘણા ઓછા હતા.

તેણે દુનિયાથી સારપ મેળવી લીધી અને તેના છળથી આગળ નિકળી ગયો. અલ્લાહની ફરમાંબરદારીનો હક અદા કરી દીધો. અને તેનાથી સંપૂર્ણ રીતે ભયભિત રહ્યો. તે દુનિયાથી એ હાલતમાં ગયો કે લોકો વિવિધ માર્ગો પર હતા જ્યાં ન ગુમરાહ હિદાયત મેળવી શકતો હતો અને ન હિદાયત પામેલ યકીનના સ્થાને પહોંચી શકતો હતો.

* * * * *

# ૨૨૯ - પોતાની બયઅત વિશે ઉપદેશ

તમે બયઅત માટે મારી તરફ હાથ ફેલાવવા માગ્યો તો મેં રોકી લીધો. અને તેને ખેંચવા ચાહ્યો તો મેં સંકોડી લીધો. પણ ત્યાર પછી તમે મારા પર એવી રીતે તૂટી પડયા જેવી રીતે પાણી પીવાના દિવસે ઊંટો તળાવ પર તૂટી પડે છે. ત્યાં સુધી કે મારા જોડાની વાધરી કપાઈ ગઈ. અને અબા ખભા પરથી સરી પડી. અને નિર્બળ લોકો ચગદાઈ ગયા. તમારી ખૂશીની એ હાલત હતી કે બાળકોએ ખૂશીઓ મનાવી. વૃધ્ધો લથડાતા પગોએ આગળ વધ્યા. બીમારો પડતા આખડતા પહોંચી ગયા. અને મારી બયઅત માટે યુવતીઓ પણ ઓજલ (પરદા)માંથી બહાર આવી ગઈ.

* * * * *

# ૨૩૦ - તકવાની શિખામણ, અને મૌતથી ડરવાની અને ઝોહદ અખત્યાર કરનારા સંબંધે

ખરેખર, તકવા અલ્લાહની હિદાયતની ચાવી અને આખેરતનો સંઘરો છે, દરેક ગિરફતારીમાંથી આઝાદી અને દરેક તબાહીમાંથી મૂક્તિનું સાધન છે. તેના મારફત માગનારા સફળ થયા છે. અઝાબથી ભાગનારા મોક્ષ પામે છે. અને શ્રેષ્ઠ હેતુઓ સિધ્ધ થાય છે.

એટલે અમલ કરો, કેમકે હજી અમલો ઊંચા થઈ રહ્યા છે અને તૌબા લાભદાયક છે. અને દુઆઓ સાંભળવામાં આવે છે, સંજોગો સાનુકુળ છે, આમાલનામું લખાઈ રહ્યું છે. પોતાના અમલો મારફત આગળ વધી જાવ. એ વયથી જે પાછળ પગે ચાલી રહી છે અને એ રોગથી જે આમાલને રોકી રહ્યો છે. અને એ મૌતથી જે અચાનક ઝડપી લે છે. એટલા માટે કે મૌત તમારી મજાઓનો નાશ કરનારી, તમારી ઇચ્છાઓને બરબાદ કરનારી અને તમારી મંઝિલોને દૂર કરનારી છે. તે એવી ઝાઈર (મુલાકાતી) છે જેને કોઈ પસંદ નથી કરતું. અને એવો સામનો કરે છે, જે પરાજિત નથી

થતી. અને એવી કાતિલ છે જેનાથી ખૂંબહા માગી નથી શકાતો. તેણે પોતાના ફંદાઓ તમારા ગળામાં નાખી દીધા છે. અને તેની ઘાતે તમને ઘેરામાં લઈ લીધા છે અને તેના તીરોએ તમને લક્ષ્ય બનાવ્યા છે.

તમારા પર તેનું આક્રમણ ભારે છે. અને તેનો અત્યાચાર લગાતાર છે અને તેનો વાર ખાલી પણ નથી જાતો. નજીક છે કે તેની ઘટાઓનો અંધકાર, તેની બીમારીની મુર્ચ્છાઓ, તેની દરેક બાજુથી છવાઈ જનારી તિમરિતાઓ અને કડવાશ, તેની સખ્તીઓના અંધારાઓ તમને પોતાના ઘેરામાં લઈ લ્યે. જાણે તે અચાનક એવી આવી પડી કે તમારા ભેદીઓને ચૂપ કરી દીધા, સાથીઓને વિખેરી નાખ્યા, અસરો ભૂંસી નાખી, દેશને છોડાવી નાખ્યો અને વારસોને તૈયાર કરી લીધા. હવે તેઓ તમારા વારસાને વહેંચી રહ્યા છે એ ખાસ સગાઓ વચ્ચે જે કદી કામ ન આવ્યા, એ શોક ગ્રસ્ત સગાઓ વચ્ચે જેઓએ મૌતને રોક્યું નહીં અને એ રાજી થનારાઓ વચ્ચે જેને જરાય ગમ નથી.

હવે તમારી ફરજ છે કે કોશિશ કરો, મહેનત કરો, તૈયારી કરો, તત્પર થઈ જાવ, આ ભાતું લેવાની જગ્યાએથી

ભાતું લઈ લ્યો. ખબરદાર ! આ દુનિયા તમને એવી રીતે ધોકો ન આપી શકે જે પૂરોગામીઓને આપ્યો છે. જે ઉમ્મતો ગુજરી થઈ અને જે નસલો નાશ પામી. જેમણે આ દુનિયાનું દુધ દોહ્યું હતું, તેની ગફલતનો ફાયદો ઉપાડયો હતો, તેના બાકી રહેલા દિવસો વિતાવ્યા હતા. અને તેની તાજગીને કરમાવી નાખી હતી. હવે તેઓના મકાનો કબ્રો બની ગયા છે અને તેઓના માલો મિરાસ બની ચૂક્યા છે. ન તેઓને પોતાની પાસે આવનારાઓનું ભાન છે અને ન રોવાવાળાઓની પરવા છે. અને ન બોલાવનારની અવાજ પર લબ્બૈક કહે છે.

આ દુનિયાથી બચો કે તે મોટી ધોકાબાજ, પ્રપંચી, ગદ્દાર, લેવાવાળી અને આંચકવાવાળી, અને કપડા પહેરાવી નગ્ન કરનારી, ન તેનો વૈભવ રહેવાવાળો છે અને ન તેના કષ્ટો ખતમ થનારા છે અને ન તેની આફતો રોકાનારી છે.

### કંઈક ઝાહિદો વિશે:

તેઓ આ દુનિયાવાળાઓમાંથી જ હતા પણ દુનિયા પરસ્ત નહોતા, એવા હતા જાણે આ દુનિયાના ન હોય. જોઈ સંભાળીને અમલ કર્યા, અને ખતરાઓને વટાવી દીધા. જાણે

તેઓના શરીર આખેરતવાળાઓ વચ્ચે પડખા બદલી રહ્યા છે અને તેઓ એ જોઈ રહ્યા છે કે દુનિયાવાળા તેઓની મૌતને ઘણું મહત્વ આપી રહ્યા છે, જો કે તેઓ પોતે આ જીવતાઓના દિલોની મૌતને ઘણો મોટો બનાવ ગણી રહ્યા છે.

* * * * *

# ૨૩૧ - બસરા તરફ જવા સમયે ફરમાવ્યું

જે બસરા જતી વખતે 'ઝીવકાર'ના સ્થળે ઇરશાદ ફરમાવ્યો અને તેને વાકેદીએ કિતાબ અલ જમલમાં નકલ કર્યો છે.

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે અલ્લાહના હુકમોને સ્પષ્ટ રીતે રજૂ કરી દીધા છે અને તેના સંદેશાઓ પહોંચાડી દીધા છે. અલ્લાહે આપની મારફત વેર વિખેરને એકત્ર કર્યા, તિરાડો ભરી દીધી, અને સગા વહાલાઓના જુદાપણાને ચાહનામાં ફેરવી નાખ્યું. જો કે તેઓ વચ્ચે સખ્ત પ્રકારની દુશ્મનાવટ અને દિલોમાં સળગી ઉઠનારા કીનાઓ મૌજૂદ હતા.

* * * * *

# ૨૩૨ - અબ્દુલ્લાહ ઇબ્ને ઝમ્અએ જયારે આપથી માલની માંગણી કરી

જે અબ્દુલ્લાહ બિન ઝમ્આને સંબોધી છે જેઓ આપના એક સહાબી ગણાય છે અને તેણે આપથી માલની માંગણી કરી હતી.

આ માલ ન મારો છે ન તારો. આ મુસલમાનોનો મજિયારો હક છે. અને તેઓની તલવારોનું પરિણામ છે. એટલે જો તેં તેઓ સાથે જેહાદમાં ભાગ લીધો છે તો તેઓની જેમ તારો પણ ભાગ છે. અને જો એમ નથી તો એક શખ્સના હાથની કમાણી બીજાના મોંનો કોળિયો નથી બની શકતી.

* * * * *

# ૨૩૩ - જયારે જોઅદા બિન હુબીરા મખ્ઝૂમી ખુત્બો ન આપી શક્યા

યાદ રાખો ! કે જબાન ઇન્સાની વજૂદનો એક ટૂકડો છે એટલે જયારે ઇન્સાન રોકાઈ જાય છે તો જીભ સાથ નથી આપી શકતી, અને જયારે ઇન્સાનના દિમાગમાં વિશાળતા હોય છે તો જીભને રોક્વાની મોહલત નથી મળતી. અમે એહલેબૈત અલય્હેમુસ્સલામ છીએ. અમો વાણી જગતના હાકિમો છીએ. અમારામાં જ વક્તૃત્વના મૂળ ખૂંતેલા છે. અને અમારા સર પર સંબોધનની ડાળો છાંયો કરી રહી છે.

(ખુદા તમારા પર રહેમ કરે)

આ યાદ રાખો કે તમે એવા કાળમાં જીવી રહ્યા છો, જેમાં સત્ય બોલનારાઓની અછત છે અને જીભો સત્ય બોલવાથી બુઠ્ઠી થઈ ગઈ છે. સત્યને વળગી રહેનાર હડધૂત ગણાય છે. અને સમકાલીનો ગુનાહ અને નાફરમાની પર અડી ગયા છે, અને આડંબર પર એક થઈ ગયા છે. યુવાનો ખરાબ સ્વભાવના છે અને વૃધ્ધો ગુનેહગાર છે, આલિમ દંભી

છે અને કારી ચાપલૂસ. ન નાના મોટાઓની આમન્યા (હુરમત) જાળવે છે અને ન પૈસાદાર રંકનો હાથ પકડે છે.

* * * * *

# ૨૩૪ - લોકોની સૂરતો અને સ્વભાવમાં વિવિધતાનો હેતુ અને કારણો

ઝોઅલબ યમાનીએ અહેમદ બિન કુતેબાથી, તેઓએ અબ્દુલ્લાહ બિન યઝીદથી અને તેઓએ માલિક બિન દહિયએ કલબીથી નકલ કર્યું છે કે હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામની સામે લોકોના સ્વભાવની વિવિધતાની વાત કરવામાં આવી તો આપે ફરમાવ્યું

લોકો વચ્ચે આ તફાવત તેઓના માટી ભેદના આધારે પૈદા થયો છે. કેમકે ખારી અને મીઠી, સમતોલ અને અસમતોલ જમીનનો એક ભાગ છે. જેટલા પ્રમાણમાં તેઓની ધરા સાથે નિકટતા હશે તેઓમાં એકતા જોવામાં આવશે. અને જેટલા પ્રમાણમાં માટીમાં ભિન્નમતા હશે તેઓમાં કુસંપ પૈદા થશે. ક્યારેક દેખાવમાં સુંદર અને સુડોળ બુધ્ધિનો બુઠ્ઠો અને કાયામાં લાંબો, હિમ્મતમાં ઉણો હોય છે. અમલમાં પવિત્ર, દેખાવમાં બેડોળ હોય છે અને કદમાં ઠીંગણો અને ચિંતનમાં દુરંદેશ હોય છે. સ્વભાવે નેક આમાલના હિસાબે બૂરો અને દિલના હિસાબે પરેશાન દિમાગના હિસાબે અસ્થિર અને એવી

જ રીતે જીભના હિસાબે સારો બોલનાર, સભાન દિલ રાખનારો હોય છે.

* * * * *

# ૨૩૫ - હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને ગુસ્લ કફન આપતી વેળા

જેને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના જનાઝાને ગુસલ કફન આપતી વખતે ઇરશાદ ફરમાવ્યો હતો.

યા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ! મારા મા-બાપ આપ પર કુરબાન, આપના વિસાલથી તે નબુવ્વત, ખુદાના હુકમો અને આસમાની ખબરોનો અનુક્રમ થંભી ગયો, જે આપના સિવાય અન્યના મરવાથી તૂટયો ન હતો. આપનો ગમ એહલેબૈત અલય્હેમુસ્સલામ સાથે એવી રીતે ખાસ થઈ ગયો કે તેઓ માટે દરેક ગમ માટે દિલાસો બની ગયો. અને પૂરી ઉમ્મત માટે સામાન્ય બન્યો કે બધા બરાબર શરીક થયા, જો આપે સબ્રનો હુકમ આપ્યો ન હોત અને બેતાબી કરવાની મના ન કરી હોત તો અમે આપના ગમમાં આંસૂઓના દરિયા વહાવી દેતે અને આ દર્દ કોઈ ઉપચાર સ્વિકારત નહીં. આ શોક અને

દુ:ખ સદા સાથે રહી જાત. પરંતુ મૌત એક એવી ચીજ છે કે જેને પાછી ફેરવવી કોઈના અખત્યારમાં નથી. અને જેને ટાળવાની કોઈની શક્તિ નથી.

મારા મા-બાપ આપ પર ફિદા. અલ્લાહના દરબારમાં અમારો પણ ઉલ્લેખ કરજો અને તમારા દિલમાં અમારો પણ ખ્યાલ રાખજો.

* * * * *

# ૨૩૬ - હિજરત પછી પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ સાથે મળવાનો અહેવાલ

*જેમાં હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની હિજરત પછી આપની સાથે મળવા સુધીના પ્રસંગોનું વર્ણન છે.*

હું નિરંતર હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના પગલે ચાલતો રહ્યો અને તેઓના ઝિક્રની રેખા પર કદમ જમાવતો રહ્યો. ત્યાં સુધી કે અરજના સ્થળે પહોંચી ગયો.

*આપનો ઇરશાદ "ફ્રાતેઅન ઝિકરોહૂ" એ કલામ છે જેમાં મિતાક્ષરી (ટૂંકું બયાન) અને વાણી ચાતૂર્યની અંતિમ સીમા રજૂ કરી દીધી છે. અને જેનો ભાવાર્થ એ છે કે મારી પાસે સરકારની ખબરો લગાતર આવી રહી હતી અને હું એ જ લાઈન પર આગળ વધી રહ્યો હતો. ત્યાં સુધી કે અરજના સ્થળે પહોંચી ગયો. - સય્યદ રઝી.*

* * * * *

# ૨૩૭ - મૌત પહેલા પોતાના અમલમાં તેજી લાવવાની દાવત

*અમલમાં ઝડપ કરવાનું આમંત્રણ આપતા.*

તમે લોકો અત્યારે અમલ કરો કે જીવવાની આશા વિશાળ છે. અને આમાલનામું ખુલ્લું છે. તૌબાનો પાલવ વિસ્તરેલ છે. અને અવગણના કરનારાઓને બરાબર દાવત અપાઈ રહી છે. અને કુકર્મીઓને મહેતલ અપાઈ રહી છે. એ પહેલાં કે અમલની ચિંગારી બુઝાઈ જાય, અને મોહલત મુદ્દત પૂરી થઈ જાય. અને અમલનો સમય વીતી જાય. તૌબાનો દરવાજો બંધ થઈ જાય અને ફરિશ્તાઓ આસમાન પર પાછા ચાલ્યા જાય.

દરેક શખ્સને જોઈએ પોતાના આત્માથી પોતાના આત્માની વ્યવસ્થા કરે. જીવતાથી મુડદાઓ માટે, અને નશ્વરથી અમર માટે અને જવાવાળાથી રહેવાવાળાઓ માટે.

જ્યાં સુધી મૃત્યુ સુધીનું જીવન પ્રાપ્ત છે અને અમલની તક મળેલી છે, ખુદાનો ડર પૈદા કરો, તમારા મનને અંકુશમાં રાખો, અને તેને લગામ આપી ખુદાની અવજ્ઞાથી

રોકી દયો અને ખેંચીને અલ્લાહની ફરમાંબરદારી સુધી લઈ આવો.

* * * * *

# ૨૩૮ - લવાદોની હાલતો અને શામવાળાઓની નિંદા

આ થોડા કુસ્વભાવના અને કુચારિત્ર્યના લોકો છે અને ગુલામી સ્વભાવના બદમાશ છે, જેને દરેક બાજુથી ભેગા કરવામાં આવ્યા છે અને દરેક વર્ણશંકર વંશમાંથી ચૂંટવામાં આવ્યા છે. આ લોકો એ લાયક હતા કે તેમને ધર્મ સમજાવવામાં આવે, વિવેકી બનાવવામાં આવે, શિક્ષણ આપવામાં આવે, અને કેળવણીવાળા બનાવવામાં આવે. તેમના પર લોકોને હાકિમ બનાવવામાં આવે અને તેમના હાથ પકડી ચલાવવામાં આવે. આ ન તો મુહાજિરોમાંથી હતા, ન અન્સારમાંથી, ન એ લોકોમાંથી જેઓએ મદીનામાં અથવા ઈમાનમાં પોતાનું સ્થાન બનાવ્યું હતું.

યાદ રાખો, કૌમે પોતાના માટે એ લોકોને ચૂંટયા છે જેઓ તેઓની પસંદગીથી નિકટ હતા અને તમે એ લોકોને પોતાના માટે ચૂંટયા છે જેઓ તમારા અણગમાની નિકટ હતા. હજી તો તમારો અને અબ્દુલ્લાહ બિન કૈસનો જમાનો તો કાલની જ વાત છે જયારે તે આમ કહી રહ્યો હતો કે "આ જંગ

એક ફિત્નો છે. એટલે તમારી કમાનોને તોડી નાખો અને તલવારોને મ્યાનમાં રાખી દયો." હવે જો તે પોતાની વાતમાં સાચો હતો તો મારી સાથે કોઈપણ બળજબરી અને મજબૂરી વગર ચાલવામાં જૂઠો હતો. અને જૂઠ બક્તો હતો તો તેના પર આરોપ પૂરવાર થઈ ગયો હતો. હવે તમારી પાસે અમ્ર બિન આસનો તોડ અબ્દુલ્લાહ બિન અબ્બાસ છે.

જુઓ, આ દિવસોની મહેતલને ગનીમત જાણો અને ઇસ્લામી સરહદોનું રક્ષણ કરો. શું તમે નથી જોઈ રહ્યા કે તમારા શહેરો પર હુમ્લા થઈ રહ્યા છે અને તમારી તાક્ત અને પરિબળને લક્ષ્ય બનાવવામાં આવી રહ્યું છે.

* * * * *

# ૨૩૯ - આલે મોહમ્મદ અલય્હેમુસ્સલામના ગુણગાન અને વિશેષતાનો ઉલ્લેખ

આ લોકો ઇલ્મનું જીવન અને જહાલતની મૌત છે. તેઓનું ઘૈર્ય તેઓના ઇલ્મથી અને તેઓનું પ્રગટ તેઓના ગુપ્તથી અને તેઓની ખૂશી તેઓના કથનથી વિદિત થાય છે. તેઓ ન તો હકનો વિરોધ કરે છે અને ન હક સંબંધમાં કોઈ મતભેદ કરે છે. આ ઇસ્લામના સ્તંભો અને રક્ષણના કેન્દ્રો છે. તેઓની જ મારફત હક પોતાના કેન્દ્ર તરફ પાછો ફર્યો છે અને બાતિલ પોતાની જગ્યાએથી ઉખડી ગએલ છે. અને તેની જીભ મૂળમાંથી કપાઈ ગઈ છે. તેઓએ દીનને એવી રીતે ઓળખ્યો છે જે સમજ અને નિરીક્ષણનું પરિણામ છે. માત્ર સાંભળવાનો અને રિવાયતનો નતીજો નથી. એટલા

માટે ઇલ્મની રિવાયત કરવાવાળા તો ઘણા છે અને તેનું ધ્યાન રાખવાવાળા ઘણા ઓછા છે.

* * * * *

# ૨૪૦ - જયારે આપને યમ્બાઅના સ્થળે જવાનું કહેવામાં આવ્યું

આ વાણી એ સમયે ફરમાવી જયારે ઘેરાના જમાનામાં અબ્દુલ્લાહ બિન અબ્બાસ હ. ઉસ્માન નો પત્ર લઈને આવ્યા જેમાં એ માંગણી કરવામાં આવી હતી કે આપ પોતાની મિલ્કતો તરફ યમ્બઅના સ્થળે ચાલ્યા જાય જેથી લોકોમાં ખિલાફત માટે આપના નામની અવાજ ઓછી થઈ જાય અને આવી માંગણી પહેલાં પણ થઈ ચૂકી હતી.

ઇબ્ને અબ્બાસ ! હ. ઉસ્માનનો હેતુ એ છે કે તેમને એક પાણી ખેંચવાવાળા ઊંટની ઉપમા બનાવી દે કે હું જ ડોલની સાથે આગળ વધતો રહું અને પાછળ હટતો રહું. તેણે પહેલાં પણ એ જ માંગણી કરી હતી કે હું બહાર ચાલ્યો જાઉં. પછી માંગણી કરી કે પાછો આવી જાઉં અને આજે પાછી એ જ માંગણી કરી કે બાહર ચાલ્યો જાઉં. ખુદાની કસમ મેં હ.

ઉસ્માન સાથે ત્યાં સુધી બચાવ કર્યો કે એ ખૌફ લાગવા લાગ્યો કે ક્યાંક હું ગુનેહગાર ન થઈ જાઉં.

* * * * *

# ૨૪૧ - પોતાના સાથીઓને જંગ માટે તૈયાર કરવા ફરમાવ્યું

પરવરદિગાર તમારાથી તેનો શુક્ર બજાવી લાવવાનો તકાદો કરી રહ્યો છે. અને તેણે તમને પોતાના હુકમના અધિકારી બનાવી દીધા છે અને તમને એક મર્યાદિત મેદાનમાં મોહલત આપી દીધી છે જેથી તેના ઈનામો તરફ આગળ ધપવામાં હરિફાઈ કરો. એટલે તમારી કમરને મજબૂતીથી ક્સી લ્યો અને તમારા પાલવને સંકેલી લ્યો અને યાદ રાખો મક્કમ ઇરાદાઓ અને આનંદમય જીવન (વિલાસ) બંને એક સાથે ભેગા નથી થતા. રાત્રીની ઊંઘ દિવસના ઇરાદાઓને કેવી ભાંગી નાખે છે અને તેનો અંધકાર હિમ્મત અને જુરઅતની યાદોને કેવો વિસરાવી દેવાવાળો હોય છે.

* * * * *

* હઝરત રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું:

**હઝરત અલી (અલય્હિસ્સલામ) કુરઆને શરીફની સાથે છે અને કુરઆને શરીફ હઝરત અલી (અલય્હિસ્સલામ)ની સાથે છે.**

- કન્ઝુલ ઉમ્માલ (અલ મુત્તકી હિંદી),

(જીલ્દ - ૧૧, પેજ નં. ૬૩૦)

# નહજુલ બલાગાહ

## (ભાગ બીજો)

### પત્રો અને પત્રિકાઓ.

### ફરમાનો અને પ્રતિજ્ઞાઓ.

### વસીયતો અને નસીહતો.

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલય્હિસ્સલામના ચૂંટેલા લખાણો. જેમાં આપે શત્રુઓ અને સુબાઓના ગવર્નરના નામે સરકારી પત્રો ઉપરાંત પોતાના અધિકારીઓના નામે વચનનામા અને અવલાદના નામે વસીયતોના વિષયોનો સમાવેશ છે.

# (૧) મદીનાથી બસરા રવાના થવા સમયે કુફાવાળાઓના નામે

*ખુદાના બંદા, હઝરત અલી ઇબ્ને અબી તાલિબ અલય્હેમસ્સલામથી કૂફાવાસીઓના નામે જેઓ મદદ કરવાવાળાઓમાં અગ્રીમ છે અને અરબોમાં ઉચ્ચ અને ઉન્નાત વ્યક્તિત્વના ધણી છે.*

જાણી લ્યો ! હું તમને હ. ઉસ્માનના ખૂન વિશે મૂળ વસ્તુ પરિસ્થિતિથી એમ જાણકાર કરી દેવા માગું છું કે, જેમ તમે પોતે નિરીક્ષણ કર્યું હશે કે લોકોએ જયારે હ. ઉસ્માન પર વાંધાઓ ઉઠાવ્યા તો મુહાજિરોમાં હું સૌથી વધારે સ્થિતિ સુધારણા ચાહવાવાળો હતો અને સૌથી ઓછો તેના પર કોપ કરવાવાળો હતો. અને તલહા તથા ઝુબેરની હળવી ચાલ પણ તેના વિશે તેજ ચાલની બરાબર હતી. અને નરમમાં નરમ અવાજ પણ વધારેમાં વધારે સખ્ત હતી. અને હ. આયશા તો તેના વિશે ઘણાં ક્રોધાયમાન હતાં. એટલે એક કૌમને મોકો મળી ગયો અને તેણે તેમને કતલ કરી નાખ્યા. ત્યાર પછી લોકોએ મારી બયઅત કરી લીધી, જેમાં ન કોઈ

જબરદસ્તી હતી અને ન અણગમો. બલ્કે બધાને બધા ફરમાંબરદાર હતા અને ખૂદ મુખ્તાર.

અને એ પણ યાદ રાખો ! કે હવે રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનું મદીના લોકોથી ખાલી થઈ ગયું છે અને તેના રહેવાસીઓ ત્યાંથી ઉખડી ચૂક્યા છે, ત્યાંનું વાતાવરણ દેગની જેમ ઉકળી રહ્યું છે. અને ત્યાં ફિત્નાની ચક્કી ચાલવા લાગી છે. એટલે તમે લોકો તરત જ તમારા અમીર પાસે હાજર થઈ જાવ અને પોતાના દુશ્મન સાથે જેહાદ કરવામાં આગળ વધી જાવ. (ઇ.અ.)

# (૨) જંગે જમલની સમાપ્તિ સમયે કૂફાવાળાઓના નામે

કૂફાના શહેરીઓ ! ખુદા તમને તમારા પયગમ્બર અને એહલેબૈત અલય્હેમુસ્સલામ તરફથી નેક વળતર આપે. એવું શ્રેષ્ઠ વળતર જે તેની પયરવી પર અમલ કરવાવાળાઓ અને તેની નેઅમતોનો શુક્રિયા અદા કરવાવાળાઓને આપવામાં આવે છે. કેમકે તમે મારી વાત સાંભળી અને પયરવી કરી અને તમને બોલાવવામાં આવ્યા તો તમે મારી અવાજ પર લબ્બૈક કહ્યું.

# (3) કાઝી શરીહ બિન અલ હારિસના નામે

કહેવામાં આવે છે કે આપના એક ન્યાયાધિશ શરીહ બિન અલ હારીસે આપના કાળમાં એક મકાન ખરીદી લીધું, તો હઝરતને ખબર મળતાં જ તેને બોલાવ્યો અને ફરમાવ્યું: મેં સાંભળ્યું છે કે તમે એંસી દીનારમાં મકાન ખરીદયું છે અને તેના માટે દસ્તાવેજ પણ લખ્યો છે અને તેના પર ગવાહી પણ લઈ લીધી છે?

શરીહે કહ્યું: એમ જ થયું છે. આપને ગુસ્સો આવી ગયો અને ફરમાવ્યું: શરીહ ! ટૂંક સમયમાં જ તારી પાસે એ શખ્સ આવવાવાળો છે જે ન આ દસ્તાવેજને જોશે ન તારાથી ગવાહો વિશે સવાલ કરશે, બલ્કે તને આ ઘરથી નિકાળી એકલો કબ્રને હવાલે કરી દેશે.

જો તેં આ મકાન બીજાના પૈસાથી ખરીદયું છે અને ગેર હલાલથી કીમત ચૂક્વી છે તો તને આ દુનિયા અને આખેરત બંનેમાં નૂકસાન છે.

યાદ રાખો ! જો તમે આ મકાન ખરીદવા સમયે મારી પાસે આવત અને મારાથી દસ્તાવેજ લખાવત તો એક

દિરહમમાં પણ ખરીદવા માટે તૈયાર ન થાત. એંસી દીનારતો બહુ મોટી વાત છે. હું તેનો દસ્તાવેજ આ રીતે લખત.

" આ એ મકાન છે જેને એક હડધૂત બંદાએ એ મરવાળાવા પાસેથી ખરીદયું છે, જેને કૂચ માટે તૈયાર કરી દેવામાં આવ્યો છે, આ મકાન પ્રપંચી દુનિયામાં આવેલું છે, જ્યાં નશ્વરોની (ફના થઈ જવા વાળાની)વસ્તી છે અને હલાક થનારાઓનો ઇલાકો છે. આ મકાનની ચાર સીમાઓ આ મુજબ છે:

એક સીમા આફતોના સાધનો તરફ છે અને બીજી સંકટોના સાધનોથી મળે છે. ત્રીજી સીમા નાશ કરી દેનારી ઇચ્છાઓ તરફ છે. અને ચોથી ભટકાવનાર શયતાનની તરફ, અને એ જ બાજુ આ ઘરનો દરવાજો ઉઘડે છે.

આ મકાનને આશાઓના ધોકામાં આવેલા મૃત્યુના પ્રવાસીથી ખરીદયું છે. જેના મારફત સંતોષના સન્માનથી નિકળીને માંગણી અને ઇચ્છાના અપમાનમાં દાખલ થઈ ગયો છે. હવે જો આ ખરીદનારને આ સોદામાં કોઈ નુકસાન થાય તો તે એ જાતની જવાબદારી છે જે બાદશાહોના

જિસ્મોને ઊંચાનીચા કરી નાખનાર, જાબિરોના જીવ કાઢી નાખનારો, ફિરઓનીઓની સલ્તનતને તબાહ કરી નાખવાવાળો, કયસર અને કીસરા, તુબ્બાઅ અને હમીર અને વધુમાં વધુ માલ ભેગો કરનારાઓ, પાકી ઇમારતો બનાવી તેને સજાવનારાઓ, તેમાં ઉમદા ગાલીચા બિછાવનારાઓ, અને અવલાદના ખ્યાલથી સંઘરો કરનારાઓ અને જાગીરો બનાવનારાઓને નાશના આરે પહોંચાડનાર છે, જેથી તે બધાને કયામતના પૂછાણા (પુછતાજ) અને સવાબ અઝાબની મંઝીલમાં હાજર કરી દેવામાં આવશે, જયારે સાચા ખોટાનો આખરી ફેંસલો થશે અને જૂઠવાળાઓ ઘાટામાં હશે, આ સોદા પર એ બુધ્ધિએ ગવાહી આપી છે, જે ઇચ્છાઓની કેદથી આઝાદ અને દુનિયાના સંબંધોથી રક્ષિત છે.

# (૪) ઉસ્માન બિન હનીફ (સેનાપતી)ના નામે

જો શત્રુ આજ્ઞા પાલનના છત્ર નીચે આવી જાય તો એ જ આપણો ઉદ્દેશ છે. અને જો મામલા ભેદભાવ અને અવજ્ઞાની મંઝિલ તરફ આગળ વધે તો તમે તમારા આજ્ઞાંકિત સૈનિકોને લઈને અવગણના કરનારાઓની સામે ઊભા થઈ જાવ અને પોતાના ફરમાંબરદારો દ્વારા વિમુખ થનારાઓથી બેપરવા થઈ જાવ. કેમકે દિલ વગર હાજરી આપનારાઓની હાજરીથી તો તેઓની ગેરહાજરી જ સારી છે અને તેઓનું બેસી જવું જ ઊભા થવા કરતા વધારે લાભદાયી છે.

# (૫) આઝરબાઈજાનના ગવર્નર અશઅસ બિન કૈસના નામે

આ તમારો હોદ્દો કંઈ રસીલો કોળિયો નથી. બલ્કે તમારા માથે અલ્લાહની અમાનત છે. અને તમે એક મોટી હસ્તીની નિગરાની હેઠળ સંભાળ પર નિયુક્ત થયા છો. તમને પ્રજાના મામલામાં આવી રીતે પગલા ભરવાનો હક નથી અને ખબરદાર કોઈ મક્કમ પૂરાવા વગર કોઈ મોટા કામમાં હાથ ન નાખજો. તમારા હાથમાં જે માલ છે, એ પણ પરવરદિગારના માલનો એક ભાગ છે અને તમે તેના માટે જવાબદાર છો. જ્યાં સુધી તે મને સોંપો નહીં. અને કદાચ આ નસીહતના કારણે હું તમારો બુરો વાલી નહીં ઠરૂં. વસ્સલામ

# (૬) મુઆવિયાના નામે

જો, મારી બયઅત એ જ કોમે કરી છે જેણે હ. અબૂ બક્ર, હ. ઉમર અને હ. ઉસ્માનની કરી હતી એવી જ રીતની છે જેવી તેઓની બયઅત કરી હતી, કે ન કોઈ હાજરને પૂર્નવિચારનો હક હતો અને ન કોઈ ગેરહાજરને રદ કરી દેવાનો અધિકાર.

શૂરાનો અધિકાર પણ માત્ર મુહાજિરો અને અન્સારનો હોય છે. એટલે જો તેઓ કોઈ શખ્સ પર સંમત થઈ જાય અને તેને ઇમામ નીમી લે તો જાણે એમાં જ ખુદાની મરઝી છે અને જો કોઈ શખ્સે ટીકા કરી અથવા બિદઅતના આધારે આ બાબતથી બહાર નિકળી જાય, તો લોકોની ફરજ છે કે તેને પાછો લાવે અને જો ઇન્કાર કરી દે તો તેનાથી જંગ કરે. કેમકે તેણે મોઅમિનોના માર્ગથી હટીને રસ્તો કાઢયો છે. અને ખુદા પણ તેને એ જ તરફ ફેરવી દેશે જે તરફ તે ફરી ગયો છે.

મુઆવિયા ! મારા જીવની કસમ, જો તું ઇચ્છાઓને તજી બુધ્ધિની દ્રષ્ટિએ જોશે તો મને સૌથી વધુ હ. ઉસ્માનના

ખૂનથી પાકદામન પામશે. અને તને ખબર પડી જશે કે હું આ વાતથી બિલ્કુલ અલગ થલગ હતો. પણ જો તું હકીક્તોને છુપાવી આરોપ જ મૂક્વા માગે તો તને સંપૂર્ણ અધિકાર છે.

*(આ ગત બયઅતોની સ્થિતિ તરફ નિર્દેશ છે નહિતર ઇસ્લામમાં ખિલાફત શૂરાથી નક્કી નથી થતી. -જવાદી)*

# (૭) મુઆવિયાના જ નામે

જાણી લે, મારી પાસે તારી બેતૂકી નસીહતોનો સંગ્રહ અને તારો સુંદર સજાવેલો બનાવેલો પત્ર આવ્યો છે. જેને તારી ગુમરાહીની કલમે લખ્યો છે અને તેના પર તારી અબૂધતાએ મતું માર્યું છે. આ એક એવા શખ્સનો પત્ર છે જેની પાસે ન હિદાયત આપનારી દ્રષ્ટિ છે અને ન માર્ગ બતાવનારી નેતાગીરી. તેને ઇચ્છાઓએ બોલાવ્યો તો હા ભણી દીધી. અને ગુમરાહીએ ખેંચ્યો તો તેની પાછળ ચાલવા લાગ્યો અને તેના પરિણામે એલફેલ બક્વા લાગ્યો અને રસ્તો ભુલીને અટકી ગયો.

જો આ બયઅત એક્વાર થાય છે, જેના પછી ન કોઈને ફેર વિચારણાનો હક હોય છે અને ન ફરી અખત્યાર કરવાનો. તેનાથી બહાર નિકળી જનારો ઇસ્લામી નિઝામનો વિરોધી ગણાય છે. અને તેના પર સોચ વિચાર કરવાવાળો મુનાફિક (દંભી) કહેવાય છે.

# (૮) જરીર ઇબ્ને અબ્દુલ્લાહ બજલીના નામે

*જયારે તેમને મુઆવિયાને સમજાવવા મોકલવામાં આવ્યા*

આ પછી જયારે તમને આ પત્ર મળી જાય તો મુઆવિયાથી અંતિમ ફેંસલાની માંગણી કરી દેવી અને એક આખરી વાત નક્કી કરી લેવી અને તેને ચેતવણી આપી દેવી કે હવે બે જ માર્ગ છે. કાં તો નાશ કરી દેનારૂં યુધ્ધ અથવા હડધૂત કરનારી સુલ્હ.

હવે જો તે જંગને અખત્યાર કરે તો વાતચીત ખતમ કરી દેજો અને જો સુલ્હની વાત કરે તો તરત જ તેનાથી બયઅત લઈ લેજો. વસ્સલામ.

# (૯) મુઆવિયાના નામે

અમારી કૌમ ( કુરૈશ)નો ઇરાદો હતો કે અમારા પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને કત્લ કરી નાખે અને અમને જડમૂળથી ઉખેડી નાખે. તેઓએ અમારા માટે રંજ અને ગમના કારણો ઊભા કર્યા. અને અમારી સાથે જાત જાતની વર્તણુંક કરી, અમને ચેન અને રાહત ન લેવા દીધી. અને અમારા માટે વિવિધ પ્રકારના ભયો ઊભા કર્યા. કદી અમને ઊંચા નીચા પહાડો પર પનાહ લેવા માટે મજબૂર કર્યા અને કદી અમારા માટે યુધ્ધનો અગ્નિ ચેતાવ્યો. પરંતુ પરવરદિગારે અમને પરિબળ આપ્યું કે અમે તેના દીનનું રક્ષણ કરીએ અને તેના સન્માનનું દરેક રીતે રક્ષણ કરીએ. અમારામાંના ઇમાનદારો આખેરતનો અજ્ર માગતા હતા, અને કાફરો તેના મૂળનું રક્ષણ કરી રહ્યા હતા. કુરૈશમાં જે લોકો મુસલમાન થઈ ગયા હતા તેઓ આ સંકટોથી મૂક્ત હતા. કાં તો એટલા માટે કે તેઓએ કોઈ સંરક્ષણ કરાર કરી લીધા હતા અથવા તેમની પાસે કબીલો

હતો જે તેમની સામે ઊભો રહી જતો હતો. અને તેઓ કતલ થવાથી સલામત રહેતા હતા.

અને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની એ હાલત હતી કે જયારે જંગની આગ ભડકી ઉઠતી હતી અને લોકો પાછળ હટવા લાગતા હતા તો આપ પોતાની એહલેબૈત અલય્હેમુસ્સલામને આગળ કરી દેતા હતા. અને તેઓ પોતાને ઢાલ બનાવી સહાબાને તલવાર અને ભાલાઓથી સંરક્ષિત રાખતા હતા. એટલે બદ્રના દિવસે ઉબયદા બિન હારિસ માર્યા ગયા અને ઓહદના દિવસે હમઝા શહીદ થયા અને (જંગે) મૂતામાં જઅફર કામ આવ્યા.

એક શખ્સે જેનું નામ હું બતાવી શકું છું, તેઓએ આ લોકો જેવી શહાદતનો ઇરાદો કર્યો હતો. પરંતુ એ બધાની મૌત જલદી આવી ગઈ અને તેની મૌતને પાછળ રાખવામાં આવી.

સમયની આ પરિસ્થિતિ કેટલી આશ્ચર્યજનક છે કે મારો સામનો એવા લોકોથી થાય છે, જેઓ કદી મારી સાથે

કદમ મિલાવી નથી ચાલ્યા અને ન આ દીનમાં તેઓનું કોઈ કારનામું છે, જેની મારા સાથે સરખામણી કરી શકાય, પણ એ કે દાવેદાર કોઈ એવા માનનો દાવો કરે જેને હું જાણતો ન હોઉં, અને ખુદા પણ ન જાણતો હોય (એટલે કે તે ખોટો હોય). તો પણ ગમે તેમ હર હાલમાં ખુદાનો શુક્ર છે.

રહી ગઈ તારી એ માંગણી કે હું હ. ઉસ્માન ના કાતિલોને તને સોંપી દઉં, તો મેં એ વિશે પૂરતો વિચાર કર્યો છે. મારી શક્યતામાં તેઓને ન તો તારા હવાલે કરવાના છે ન કોઈ અન્યના. મારા જીવની કસમ, જો તમે પોતાની હઠધર્મી અને દુશ્મનાવટથી રોકાયા નહીં, તો ટૂંક સમયમાં તેઓને જોશો કે એ તમને પણ શોધી લેશે અને આ વાતની તમને તક નહીં આપે કે તમે તેને ખુશ્કી કે તરી, પહાડ યા રણોમાં તલાશ કરો. અલબત એ એવી ઇચ્છા હશે જેને મેળવી લેવાથી આનંદ નહીં થાય અને એ મુલાકાત હશે જેનાથી કોઈ પ્રકારે ખૂશી નહીં થાય. અને સલામ તેના લાયકો પર.

# (૧૦) મુઆવિયાના જ નામે

તે દિવસે શું કરશો? જયારે આ દુનિયાના બધા વસ્ત્રો તમારા પરથી ઉતારી લેવામાં આવશે, જેની શોભાથી તમે પોતાને સજ્જ કરી છે. અને જેના સ્વાદે તમને ધોકામાં નાખી દીધેલ છે. આ દુનિયાએ તમને અવાજ આપી તો તમે લબ્બૈક કહી દીધું, અને તમને ખેંચવા માગ્યું તો તમે ખેંચાતા ચાલ્યા ગયા, અને તેની આજ્ઞાઓનું પાલન કરતા રહ્યા. નજીક છે કે કોઈ બતાવવાવાળો તમને એ ચીજોથી આગાહ કરે જેનાથી કોઈ ઢાલ બચાવવાવાળી નથી. એટલે ઉચિત છે કે, આ દાવો તજી દયો અને હિસાબ કિતાબ માટે સામાન એકઠો કરી લ્યો. આવવાવાળા સંકટો માટે કમર ક્સી લ્યો, અને ગુમરાહોને તમારા કાન પર વિજયી ન બનાવો. નહિતર એમ ન ર્ક્યું તો હું તમને એ બધી વસ્તુઓથી પરિચિત કરાવી દઈશ જેનાથી તમે અજાણ છો. તમો વૈભવ વિલાસના ઇચ્છુક છો. શયતાને તમને પોતાના સકંજામાં જકડી લીધા છે અને પોતાની આશાઓ મેળવી લીધી છે અને તમારી નસેનસમાં રૂહ અને ખૂનની જેમ પ્રસરી ગએલ છે.

મુઆવિયા ! આખર તમે લોકો ક્યારે પ્રજા પાલનને લાયક અને ઉમ્મતના પ્રશ્નોના વાલી હતા? જયારે કે તમારી પાસે ન કોઈ પૂર્વવત વડિલાત છે અને ન કોઈ ઉંચી અને મોટી ઇઝઝત, અમે અલ્લાહથી બધી લાંબી કમનસીબીઓથી પનાહ માંગીએ છીએ અને તમને સાવધાન કરીએ છીએ કે ખબરદાર ! ઉમ્મીદોના ધોકામાં અને બાહ્ય તથા અંદરના તફાવતમાં પડી ગુમરાહીમાં દૂર સુધી ન ચાલ્યા જજો.

તમે મને યુધ્ધની દાવત આપી છે તો વધારે સારૂં એ છે કે લોકોને અલગ કરી દો. અને તમે પોતે મયદાનમાં આવી જાજો. બંને પક્ષોને જંગથી છૂટકારો કરાવી દો અને આપણે બંને તમે અને હું સીધો મુકાબલો કરી લઈએ જેથી તમને ખબર પડી જાય કે કોના દિલ પર કાટ ચડી ગયો છે અને કોની આંખોમાં પડદા પડી ગયા છે.

હું એ જ "અબુલ હસન" છું જેણે બદ્રના દિવસે તમારા નાના ( ઉત્બા બિન રબીઆ) મામા ( વલીદ બિન ઉતબા) અને ભાઈ હન્ઝલાના માથા ફાડી ખતમ કરી નાખ્યા હતા. અને હજી પણ એ તલવાર મારી પાસે છે અને હું એ જ

જોશ અને હિમ્મતથી મુકાબલો કરીશ. મેં ન તો દીન પલટો કર્યો છે, અને ન નવો નબી અપનાવ્યો છે. હું એ જ માર્ગે ચાલી રહ્યો છું જેને તમે અખત્યારી સીમા સુધી છોડી રાખ્યો હતો. અને પછી લાચારીએ દાખલ થઈ ગયા હતા.

તમારૂં માનવું છે કે તમે હ. ઉસ્માનના ખૂનનો બદલો લેવા આવ્યા છો. તમને તો ખબર છે કે આ ખૂનની જગ્યા ક્યાં છે અને જો ખરેખર બદલો લેવો છે તો ત્યાં જઈને લ્યો.

મને તો એવું લાગી રહ્યું છે કે જંગ તને દાંતોથી કાતરી રહી છે અને તું એવી રીતે ફરિયાદ કરી રહ્યો છે જેવી રીતે ઊંટ સામાનના ભારથી બરાડવા લાગે છે અને તમારૂં ટોળું તલવારના ઘા અને મૌતની ગરમ બજારી અને મુડદાઓના ઢગ પર ઢગ ખડકાવાના કારણે કિતાબે ખુદાનો વાસ્તો દઈ રહી છે. જયારે કે પોતે એ કિતાબના જાણી જોઈને મુન્કર (ઇન્કાર કરનાર) છે અને બયઅત કરવા પછી બયઅતનો ભંગ કરનારા છે.

# (૧૧) પોતાના લશ્કરને દુશ્મન સામે રવાના કરવા સમયે

જયારે તમે કોઈ દુશ્મન પર ચડાઈ કરો અથવા તે તમારા પર ચડી આવે તો જુઓ તમારો પડાવ ટેકરાઓની સામે અથવા પહાડોની તળેટીમાં અથવા નદીઓના વળાંકો પર હોય, જેથી એ તમારા માટે બચવાનું સાધન પણ રહે અને દુશ્મનોને રોકી પણ શકે. આ જંગ હંમેશા એક અથવા બે મોરચા પર કરવી અને તમારા ચોક્યિાતોને પહાડોની ટોચો પર અથવા ટેકરાઓના ઊંચા ભાગ પર નિયુક્ત કરી દેવા, જેથી દુશ્મન કોઈ ખતરનાક જગ્યાએથી હુમલો ન કરી શકે અને ન સુરક્ષિત જગ્યાએથી. અને એ યાદ રાખો કે ફૌજની અગ્રીમ ટૂકડી ફોજની સંભાળ રાખનારી હોય છે અને તેઓની ખબરનો ઝરીઓ ખબરી (જાસૂસ) લોકો હોય છે.

ખબરદાર ! આપસમાં છુટા ન પડી જાવું, જ્યાં ઉતરવું ત્યાં એકી સાથે ઉતરવું અને કૂચ કરવી તો બધાએ એક સાથે કૂચ કરવી. અને અને જયારે રાત પડી જાય તો ભાલાઓ પોતાની આસપાસ ખોડી દેવા અને ખબરદાર,

નિંદની મજા ચાખવાનો મોહ ન કરવો પણ એટલું જ કે એકાદ ઝોકું આવી જાય.

# (૧૨) મોઅક્કલ બિન કૈસ રિયાહીના નામે

*આપની નસીહત જે મોઅક્કલ બિન કૈસ રિયાહીને એ વખતે ફરમાવી જયારે તેને ત્રણ હજારનું લશ્કર આપી શામ ભણી રવાના કર્યા.*

એ અલ્લાહથી ડરતા રહેજો, જેની બારગાહમાં હર હાલતમાં હાજર થવાનું છે અને જેના સિવાય કોઈ અંતિમ મંઝિલ નથી. જંગ એ લોકોથી કરવી જે તમારી સાથે જંગ કરે. ટાઢા પહોરમાં સવાર સાંજ સફર કરવી અને ગરમીના સમયે કાફલાને રોકી લોકોને આરામ કરવા દેવો.

સફર ધીમે કરવી અને રાત્રીના આરંભમાં સફર ન કરવી, કેમકે પરવરદિગારે રાતને આરામ માટે બનાવી છે અને તેને ઠહેરવા માટે બનાવી છે, સફર કરવા નહીં. એટલે રાતના પોતાના બદનને આરામ આપવો અને પોતાની સવારી માટે શાંતિનો બંદોબસ્ત કરવો. ત્યાર પછી જયારે જોઈ લ્યો કે સવાર પડી રહી છે અને સુબ્હ પ્રકાશી રહી છે તો ખુદાની બરકતના સહારે ઊભા થઈ જવું અને જયારે દુશ્મનનો સામનો થઈ જાય તો પોતાના સાથીઓની વચમાં

ઊભું રહેવું અને દુશ્મનની એટલા નજીક ન જવું કે જાણે જંગ આદરવા માગો છો અને ન એટલા દૂર થઈ જવું કે જાણે જંગથી ડરી ગયા છો. ત્યાં સુધી કે મારો હુકમ આવી જાય અને જુઓ, ખબરદાર ! દુશ્મનની દુશ્મની તમને એ વાત પર ન તૈયાર કરી દે કે તેને હકની દાવત આપવા અને હુજ્જત પૂરી કરવા પહેલા જંગનો આરંભ કરી દયો.

# (૧૩) પોતાના એક સેનાપતિના નામે

મેં તમારા પર અને તમારી નીચેના લશ્કર પર માલિક બિન અલ હારિસ અલ અશ્તરને સરદાર નિયુક્ત કર્યો છે, એટલે તેની વાતો પર ધ્યાન આપજો અને તેની પયરવી કરજો અને તેઓને જ પોતાનું બખ્તર અને ઢાલ બનાવજો. કેમકે માલિક એ લોકોમાંથી છે જેમની કમઝોરી અને ક્ષતિનો કોઈ ખતરો નથી અને ન તેઓ આવા સમયે આળસ કરી શકે છે, જ્યાં ચપળતા વધારે જરૂરી હોય. અને ત્યાં ન તેજી દેખાડી શકે છે, જ્યાં ઢીલ વધારે બુધ્ધિપૂર્વક હોય.

# (૧૪) પોતાના લશ્કરને સિફફીનની જંગના આરંભ પહેલા

*આપની નસીહત પોતાના લશ્કરના નામે સિફ્ફીનની જંગના આરંભ પહેલા*

ખબરદાર ! એ સમય સુધી જંગ શરૂ ન કરવી જ્યાં સુધી તેઓ પહેલ ન કરે. કેમકે તમે અલ હમ્દો લિલ્લાહ પોતાની દલીલ રાખો છો, અને તેઓને ત્યાં સુધી મોહલત આપવી જ્યાં સુધી પહેલ ન કરી દે. એક બીજી હુજ્જત થઈ જશે. ત્યાર પછી જયારે ખુદાના હુકમથી શત્રુ હારી જાય તો કોઈ ભાગવાવાળાને કતલ ન કરવો અને કોઈ લાચારને મારી ન નાખવો અને કોઈ ઘાયલ પર કાતિલ હુમ્લો ન કરવો. અને ઔરતોને દુ:ખ ન આપવું ભલે એ તમને અપશબ્દો જ કેમ ન આપતી હોય અને તમારા હાકિમોને બુરૂં ભલું કેમ ન બોલે. કેમકે તેઓ મનોબળ અને બુધ્ધિના હિસાબે કમઝોર છે અને અમે પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના યુગમાં પણ તેઓના વિશે હાથ રોકી

લેવાને બંધાએલા હતા જયારે કે તેઓ મુશ્રી ક હતી અને એ સમયે પણ જો કોઈ સ્ત્રીઓ પર પત્થર અથવા લાકડી ઉપાડતું તો તેને અને તેના વંશજોને મેણા મારવામાં આવતા.

# (૧૫) દુશ્મનની રૂબરૂ થવા સમયે દુઆનો ઉચ્ચાર

*આપની દોઆ જે આપ દુશ્મનના સામના વખતે પડયા કરતા હતા.*

ખુદાયા ! દિલો તારી તરફ જ ખેંચાઈ રહ્યા છે અને ગરદનો ઊંચી થએલ છે અને આંખો લાગેલી છે અને પગલા આગળ ધપી રહ્યા છે અને બદન ક્ષીણ થઈ ચૂક્યા છે. અય ખુદા ! છુપાએલા કીનાઓ સામે આવી ગયા છે અને દુશ્મનાવટની દેગ ઉકળી રહી છે. અય ખુદા ! અમે તારા દરબારમાં પોતાના રસૂલની ગયબત અને દુશ્મનોના વધારા અને ઇચ્છાઓના તફાવતની ફરિયાદ કરી રહ્યા છીએ. અય ખુદા ! અમારી અને દુશ્મનોની વચ્ચે હકની સાથે ફેંસલો કરી દે. કેમકે તું શ્રેષ્ઠ ફેંસલા કરનાર છે.

# (૧૬) જંગના સમયે લશ્કરને સુચના

*આપની અમુલ્ય વાણી જે આપ યુધ્ધ સમયે પોતાના સાથીઓને ફરમાવતા રહેતા હતા.*

ખબરદાર ! તમને એ નાસભાગ આકરી ન લાગે જેના પછી આક્રમણ કરવાની શક્યતા હોય અને એ પીછેહઠ ચિંતાજનક ન બનાવે જે પછી ફરી પાછા આવવાની શક્યતા હોય, તલવારોને તેનો હક આપી દયો, પડખાભેર પડવાવાળા દુશ્મનો માટે મક્તલ તૈયાર રાખો. પોતાના મનને સખ્ત રાખો. નેજાબાજી અને સૌથી આકરી તલવાર બાજી માટે તૈયાર રાખો. અને અવાજોને મારી નાખો કેમકે તેનાથી નિર્બળતા દૂર થઈ જાય છે.

કસમ છે એ જાતની જેણે દાણાને ફોડયા અને પ્રાણવાન વસ્તુઓ પેદા કરી કે આ લોકો ઇસ્લામ નથી લાવ્યા બલ્કે સંજોગો સામે હથિયાર નાખી દીધા છે. અને પોતાના કુફ્રને છુપાવી રાખેલ છે અને જેવા મદદગાર મળી ગયા કે તરત જ ઉઘાડા પડી ગયા.

# (૧૭) મુઆવિયાના એક પત્રનો જવાબ

તારૂં એ માનવું છે કે હું શામનો પ્રદેશ તને સોંપી દઉં, જે વાતનો કાલે ઇન્કાર કરી ચૂક્યો છું, તેને આજ અર્પણ નથી કરી શકતો. અને તારૂં એ કહેવું કે જંગે અરબોનો નાશ કરી દીધો છે અને અમુક લોકો સિવાય કોઈ બાકી બચ્યું નથી તો યાદ રાખો કે જેનો અંત હક પર થયો હોય તેનો અંજામ જન્નાત છે અને જેને જૂઠ ખાઈ ગયું તેનો અંત જહન્નહમ છે.

રહી આપણા બંનેની વાત કે જંગ અને વ્યક્તિત્વમાં બંને સરખા છીએ, તો તમે શંકામાં એ ઝડપથી કામ નથી કરી શકતા જેટલું હું યકીન સાથે કરી શકું છું. અને શામવાળા દુનિયા વિશે એટલા લાલચુ નથી જેટલા ઈરાક્વાળાઓ આખેરતના વિશે ચિંતાગ્રસ્ત છે.

અને તમારૂં એ કહેવું કે આપણે બધા અબ્દે મનાફના વંશજ છીએ તો એ વાત સાચી છે પરંતુ ન ઉમૈયા હાશિમ જેવા થઈ શકે છે અને અરબ અબ્દુલ મુત્તલિબ જેવા. ન અબુ સુફિયાન અબૂ તાલિબની બરોબરી કરી શકે છે અને ન

ખુદાની રાહમાં હિજરત કરનાર, આઝાદ કરેલા લોકો જેવા, ન ચોખ્ખું ફૂળ ધરાવનાર ફૂળ સાથે ભેળવી દેવાયા સાથે સરખાવી શકાય છે. અને ન હકદારને બાતિલ નવાઝ જેવો ઠેરવી શકાય છે. મોઅમિનને કદી મુનાફિક સાથે નથી રાખી શકાતો. કનિષ્ટ (નીચ) અવલાદ તો એ છે જે એ વડવાના કદમ પર ચાલે જે જહન્નેમમાં પડી ચૂક્યો છે.

ત્યાર પછી અમારા હાથમાં નબુવ્વતનું સૌભાગ્ય છે જેના વડે અમે બાતિલના માનવંતોને હડધૂત કર્યા છે અને હકના દુબળાઓને ઉંચે આણ્યા ( હકવાળા કમઝોર લોકોને બુલંદ કર્યા) છે, અને જયારે પરવરદિગારે પોતાના દીનમાં અરબોને ટોળેટોળા દાખલ કર્યા અને આ કૌમ ઇચ્છા અનિચ્છાએ મુસલમાન બની છે તો તમે આ જ દીનમાં દાખલ થનારાઓના ટોળામાં હતા મને કમને ( ચાહીને કે ખૌફના લીધે) જયારે કે આગળ વધનારા આગળ વધી ચૂક્યા હતા. અને મુહાજિરો પોતાની પ્રાથમિક વિશિષ્ટતા મેળવી ચૂક્યા હતા. જુઓ, ખબરદાર, શયતાનને તમારા જીવનનો

ભાગીદાર ન બનાવો અને તેને તમારા આત્મા પર ચડી બેસવા ન દયો. - વસ્સલામ

# (૧૮) બસરાના ગવર્નર અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસના નામે

યાદ રાખો ! કે આ બસરા ઇબ્લીસના ઉતરવાની અને ફિત્નાઓ ઊભા થવાની જગ્યા છે એટલે અહીંના લોકો સાથે સારી વર્તણુંક કરવી, અને તેમના દિલોમાંથી ભયની ગાંઠ ખોલી નાખવી. મને ખબર મળી છે કે તમે બની તમીમની સાથે સખ્તીથી વર્તો છો. અને તેમની સાથે સખ્ત પ્રકારનો વહેવાર કરો છો. તો યાદ રાખો, કે બની તમીમ એ લોકો છે કે જયારે તેઓનો કોઈ સિતારો ડૂબે છે તો બીજો ઊભરી આવે છે. આ જંગના મામલામાં જાહેલીયત કે ઇસ્લામ ક્યારેય પણ કોઈથી પાછળ નથી રહ્યા. વળી અમારો તેઓની સાથે રિશ્તેદારી અને સગપણનો સંબંધ પણ છે. એટલે જો આપણે તેઓનો ખ્યાલ રાખશું તો અજ્ર મેળવીશું અને સંબંધો તોડીશું તો ગુનેહગાર થાશું. એટલે ઇબ્ને અબ્બાસ, ખુદા તમારા પર રહેમત ઉતારે, તેઓની સાથે પોતાની જબાન અથવા હાથ પર જારી થનારી ભલાઈ કે બુરાઈમાં સોચી

સમજીને પગ ઉપાડવા કેમકે આપણે બંને આ જવાબદારીમાં શરીક છીએ. અને જુઓ તમારા સંબંધમાં મારી ભલી ભાવના કાયમ રહે. અને મારી રાય ખોટી ન પડવા પામે.

# (૧૯) પોતાના અમુક ગર્વનરોના નામે

જાણી લ્યો, તમારા શહેરના જમીનદારોએ તમારા સંબંધમાં સખ્તી, કઠોરતા, અપમાન અને અપકીર્તિ અને અત્યાચારની શિકાયત કરી છે. અને મેં તેઓના સંબંધમાં વિચાર કરી લીધો છે. તેઓ પોતાના શિર્કના કારણે નિકટ રાખવાને લાયક તો નથી પણ કોલ કરારની રૂએ તેમને દૂર પણ નથી કરી શકાતા. અને તેઓ પર અત્યાચાર પણ નથી થઇ શકતો. એટલે તમે તેઓના સંબંધમાં એવું નરમ વલણ અખત્યાર કરો, જેમાં થોડી કડકાઈ પણ શામિલ હોય અને તેઓની સામે સખ્તી અને નરમીની દરમિયાનનો વર્તાવ કરો કે કદી નિકટ કરી લ્યો તો કદીક દૂર કરી દયો. કદી પાસે બોલાવી લ્યો તો કદી અળગા રાખો. (ઇ.અ.)

# (૨૦) ઝિયાદ ઇબ્ને અબીહના નામે

*જે બસરાના ગવર્નર અબ્દુલ્લાહ બિન અબ્બાસના નાયબ બનીને ગયા હતા અને ઇબ્ને અબ્બાસ બસરા અને અહવાઝના આજુબાજુના બધા પ્રદેશના ગવર્નર હતા.*

હું અલ્લાહની કસમ ખાઈને કહું છું કે, જો મને ખબર પડી ગઈ કે તમે મુસલમાનોના ગનીમતના માલમાં નાની અથવા મોટી ખયાનત કરી છે તો તમારા પર એવી સખ્તી કરીશ કે તમે નાદાર ભારે પીઠવાળા અને માન સન્માન વગરના થઈને રહી જશો. વસ્સલામ.

# (૨૧) ઝિયાદ ઇબ્ને અબીહના જ નામે

ઉડાઉપણું છોડી મધ્યમમાર્ગ અપનાવો અને આજના દિવસે કાલને યાદ રાખો. જરૂરત પૂરતો માલ રોકી બાકી હાજતના દિવસ માટે આગળ મોકલી દયો.

શું તમે એમ ધારો છો કે તમે ઘમંડીઓમાં રહેશો અને ખુદા તમને વિનમ્ર લોકો જેવો સવાબ આપશે? અથવા તમારા માટે સદકો અને ખયરાત કરવાવાળાઓનો સવાબ લાઝિમ ઠરાવશે. અને તમે નેઅમતોમાં પડખા બદલતા રહેશો ? ન કોઈ કમઝોરનો ખયાલ કરશો ન કોઈ બેવાનો? જયારે કે ઇન્સાનને એનો જ બદલો મળે છે જે તેણે કર્યું છે. અને તે એને જ મેળવે છે જે તેણે આગળ મોકલ્યું છે. વસ્સલામ

# (૨૨) અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસના નામે

*જેના માટે અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસનું કહેવું હતું કે મેં હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના પછી કોઈના પણ કલામથી એટલો ફાયદો નથી ઉઠાવ્યો જેટલો આ કલામથી ઉપાડયો છે.*

જાણવું જોઈએ કે ! ક્યારેક ક્યારેક એવું પણ થાય છે કે માણસ એ ચીજને મેળવીને પણ ખૂશ થઈ જાય છે જે તેના હાથથી જવા વાળી નહોતી અને એ ચીજના ચાલ્યા જવા પર શોકગ્રસ્ત પણ થઈ જાય છે જે તેને મળવા વાળી નહોતી. એટલે તમારી જવાબદારી છે કે એ આખેરત પર ખૂશી મનાવો જે મળી જાય અને એના પર અફસોસ કરો જે તેમાંથી હાસિલ ન થઈ શકે. દુનિયા હાસિલ થઈ જાય તો તેના પર વધૂ ખૂશી જાહેર ન કરો. અને હાથથી નિકળી જાય તો બેકરાર થઈને અફસોસ ન કરો. તમારી બધી જ ચિંતા મૌત પછીના સમય વિષે હોવી જોઈએ.

# (૨૩) ઇબ્ને મુલ્જિમના હુમલા પછી હઝરતની વસીયત

*આ વસીયત આપે પોતાની શહાદત પહેલા કરી હતી.*

તમારા બધા માટે મારી વસીયત એ છે કે ખબરદાર, ખુદાના સંબંધમાં કોઈ પણ પ્રકારનો શિર્ક ન કરવો. અને હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની સુન્નેતને એળે અને વ્યર્થ ન જવા દેવી. એ બંને સુતુનોને કાયમ રાખો અને એ બંને ચિરાગોને પ્રકાશિત રાખો. ત્યાર પછી કોઈ નિંદાનો સંભવ નથી.

હું કાલે તમારી સાથે હતો અને આજે તમારા માટે ઇબ્રત બની ગયો છું અને કાલે તમારાથી વિદાય થઈશ. ત્યાર પછી જો હું જીવતો રહી ગયો તો મારા ખૂનનો અધિકારી હું જ છું. અને જો મારી જીવનદોરી ટૂંકાઈ ગઈ તો હું દુનિયાથી ચાલ્યો જઈશ. જો હું માફ કરી દઉં તો એ મારા

માટે ખુદાના સામિપ્યનું ( નજદીકીનું) સાધન બનશે અને તમારા હકમાં પણ એક નેકી હશે એટલે તમે પણ માફ કરી દેજો. શું તમે નથી ઇચ્છતા કે ખુદા તમને માફ કરી દે?

ખુદાની કસમ ! આ અચાનક મૌત એવી નથી જેને હું નાપસંદ કરૂં છું અને ન એવો બનાવ છે, જેને હું બુરો સમજું છું. હું તેઓના જેવો છું જે રાત આખી પાણી તલાશ કરતો રહે અને સવારે ઝરણા પર આવી ચઢે અને શોધવા પછી પોતાનો ઉદ્દેશ પ્રાપ્ત કરી લે. અને વળી ખુદાના દરબારમાં જે કંઈ છે, તે નેક કીરદારો માટે વધારે સારૂં જ છે.

આ કલામનો એક ભાગ પહેલા આવી ચૂક્યો છે પણ અહીં કંઈ વધારો હતો એટલે તેને ફરી નકલ કરવુ યોગ્ય સમજ્યો. - સય્યદ રઝી

# (૨૪) સિફફીનની જંગથી પાછા ફરતા વકફો વિશે વસીયત

*પોતાની માલ મિલ્કત વિશે જે સિફફીનની જંગ પછી પાછા ફરતા લખેલ હતી.*

આ ખુદાના બંદા, અલી ઇબ્ને અબી તાલિબ (અલય્હિસ્સલામ)નો હુકમ છે, પોતાના માલ વિશે, એનો હેતુ ખુદાની રઝા પ્રાપ્તિનો છે જેથી તેના વડે જન્નતમાં પ્રવેશી શકે અને મહેશરના દિવસના ડરથી અમાન મેળવી શકે.

આ માલની સંભાળ હસન બિન અલી (અલય્હિસ્સલામ) કરશે. જરૂરત મુજબ વાપરશે. અને યોગ્ય દાનધરમ કરશે. ત્યાર પછી તેઓને કોઈ અકસ્માત નડયો અને હુસયન અલય્હિસ્સલામ બાકી રહી ગયા તો ઝિમ્મેદાર તેઓ રહેશે અને એજ પ્રમાણે કામ કરશે.

ફાતેમા (સલામુલ્લાહે અલય્હા)ની અવલાદનો અલી (અલય્હિસ્સલામ)ના સદકામાં એટલો જ હક છે જેટલી અલીની બીજી અવલાદનો છે. મેં દેખભાળનું કામ ફાતેમા

સલામુલ્લાહે અલય્હાની અવલાદને માત્ર ખુદાની ખુશ્નુ દી અને પયગમ્બર (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ની નજદીકીના ખ્યાલથી સોંપી દીધેલ છે. એટલા માટે કે આપ હઝરતના મોભાનો સન્માન પણ થઈ જશે અને આપના સગપણની પ્રતિષ્ઠા પણ રહી જશે.

પરંતુ આ પછી પણ વાલીના માટે આ શરત છે કે મૂળ માલ સલામત રાખે અને માત્ર તેના ફળોને ખર્ચ કરે. તે પણ એ માર્ગોમાં જેનો હુકમ આપવામાં આવ્યો છે. અને જેની હિદાયત કરવામાં આવી છે અને ખબરદાર, આ ગામની ખજૂરની વાડીમાંથી એક નાનો છોડ પણ ન વેચે ત્યાં સુધી કે જમીન ફળદ્રુપ હોય.

મારી એ કનીઝો જેનાથી મારો સંબંધ રહી ચૂક્યો છે અને તેઓની અવલાદ પણ મવજૂદ છે અથવા તેણી ગર્ભવંતી છે. તેણીઓને તેણીની અવલાદના હિસાબમાં રોકી લેવામાં આવે તેઓનો જ હિસ્સો ગણવામાં આવે. ત્યાર પછી જો બાળક મરી જાય અને કનીઝ જીવતી રહી જાય તો તેને

આઝાદ કરી દેવામાં આવે કે જાણે તેની ગુલામી ખતમ થઈ ચૂકી છે અને આઝાદી મળી ચૂકી છે.

*આ વસીયતમાં હઝરતનું ફરમાન કે વદિયા પણ ન વેચવામાં આવે. તેમાં વદિયાથી મુરાદ ખજૂરનો નાનો પોદો (છોડ) છે. જેનું બહુવચન વદી થાય છે અને "હત્તા તુશ્કેલો અરઝોહા ગિરાસા" એક અર્થસભર કલામ છે, જેનો મકસદ એ છે કે જમીનમાં ખજૂરના એટલા દરખ્ત ઉગી નિકળે કે જોવાવાળો તેના મૂળ રૂપનું અનુમાન ન કરી શકે. અને તેના માટે પ્રશ્ન સંદેહ યુક્ત બની જાય કે કદાચ આ કોઈ બીજી જમીન છે. - સય્યદ રઝી.*

# (૨૫) સદકાઓ જમા કરાવવાવાળાઓને સુચના

*જે એ દરેક શખ્સને લખી આપતા હતા જેઓને સદકાના વહીવટદાર બનાવતા હતા.*

*મેં આ બે શબ્દો એટલા માટે નકલ કરી લીધા કે દરેક શખ્સને અંદાજો આવી જાય કે હઝરત કેવી રીતે સત્યના સ્તંભોને ઊભા રાખતા હતા અને નાના મોટા, સાધારણ અસાધારણ, બધા મામલામાં ન્યાય અને ઇન્સાફનો દ્રષ્ટાંત બેસારવા માંગતા હતા. - સય્યદ રઝી*

જેનો કોઈ ભાગીદાર નથી એવા એક ખુદાનો ડર રાખી આગળ વધો અને ખબરદાર ન કોઈ મુસલમાનને ડરાવજો અને ન કોઈની જમીન પર જબરદસ્તીથી પસાર થજો. ખુદાના માલમાંથી રજભાર પણ વધારે ન લેવું અને જયારે કોઈ કબીલા પાસે જવું તો તેઓના ઘરોમાં ઘુસવાના બદલે ઝરણા અને કુવા પર ઉતરવું. ત્યાર પછી ધીર ગંભીર

પણે તેઓ તરફ જાવું અને તેઓની વચ્ચે ઊભા રહી સલામ કરવી અને સલામ કરવામાં કંજુસી ન કરવી.

ત્યારપછી કહેવું, અય ખુદાના બંદાઓ ! મને તમારી પાસે પરવરદિગારના વલી અને રસૂલના જાનશીને મોકલ્યો છે જેથી હું તમારા માલમાંથી અલ્લાહનો હક લઈ લઉં. તો શું તમારા માલમાં અલ્લાહનો કોઈ હક છે? જે મને સોંપી શકો. જો કોઈ શખ્સ ઇન્કાર કરી દે તો તેના પાસે ફરી માંગણી ન કરવી. અને જો કોઈ સ્વિકાર કરે તો તેની સાથે એ રીતે જવું કે ન કોઈને ભયભિત કરવો, ન કોઈને ધમકી દેવી, ન સખ્ત વર્તણુંક કરવી, ન અસ્થાને દબાઉ (દબાણ) નાખવો, જે સોનું ચાંદી આપે એ લઈ લેવું અને જો ચોપગા અથવા ઊંટ હોય તો તેના વાડા પર અચાનક વગર રજાએ ન પહોંચી જવુ. કેમકે મોટો ભાગ તો માલિકનો જ છે. ત્યાર પછી જયારે ચોપગાના વાડે પહોંચી જાવ તો કોઈ જાબિર અને ઝાલિમની જેમ દાખલ ન થઈ જવું. ન કોઈ જાનવરને ભડકાવી દેવું અને ન કોઈને ભયભિત કરી દેવું અને માલિકની સાથે પણ બૂરો વર્તાવ ન કરવો, બલ્કે માલને બે ભાગમાં વહેંચી

માલિકને અધિકાર આપવો કે તે જે ચાહે તે ભાગ લઈ લે અને તે જે હિસ્સો લઈ લે તેના પર કોઈ વાંધો ન લેવો. પછી બાકીને બે ભાગમાં વહેંચી નાખવા અને તેને અધિકાર આપવો અને પછી તેના અધિકાર પર વાંધો ન ઉઠાવવો. ત્યાં સુધી કે એટલો જ માલ બાકી રહી જાય જેનાથી ખુદાનો હક અદા થઈ શકે તો તેને લઈ લેવો બલ્કે કોઈ શખ્સ વહેંચણી પર ફેર વિચારણાની દરખાસ્ત કરે તો તેને પણ સ્વિકારી લેવું અને બધો માલ ભેળવી ફરી પહેલાની જેમ વહેંચણી કરવી અને અંતમાં એ બચેલા ભાગમાંથી ખુદાનો હક લઈ લેવો.

ઉપરાંત એ ધ્યાનમાં રહે કે વૃધ્ધ, નિર્બળ, કે ભાંગેલ, કમઝોર અને એબદાર ઊંટ ન લેવો અને એ ઊંટોનો અમીન પણ તેને બનાવવો જેના દીન પર વિશ્વાસ હોય અને જે મુસલમાનોના માલમાં નરમીથી વર્તાવ કરતો હોય, જેથી તે વલી સુધી માલ પહોંચાડી દે. અને તે તેઓની વચ્ચે વહેંચી દે. આ વિષય પર એને વકીલ (એજન્ટ) બનાવવો જે મુખ્લિસ, ખુદાથી ડરનારો, પ્રમાણિક અને સાચવનાર હોય, ન સખ્તી કરવાવાળો હોય, ન ઝુલ્મ કરનાર, ન થકવી નાખનાર

હોય, ન ઉતાવળે દોડાવવાવાળો. ત્યાર પછી જેટલા પ્રમાણમાં માલ ભેગો થઈ જાય તે મારી પાસે મોકલી દેવો જેથી હું ખુદાના હુકમ પ્રમાણે તેના કેન્દ્ર સુધી પહોંચાડી દઉં.

અમાનતદારને માલ સોંપતી વખતે એ વાતની સુચના કરી દેવી કે ખબરદાર ઊંટણી અને તેના બાળકને અલગ ન કરે અને બધું દૂધ કાઢી ન લે, જે બચ્ચા માટે નૂકસાનકારક હોય. સવારીમાં પણ સખ્તીથી કામ ન લે અને તેની તથા બીજી ઊંટણીઓ વચ્ચે ન્યાય અને સમાનતાથી કામ લે.

થાક્યા પાક્યા ઊંટને વિસામાની તક આપે. અને જેની ખરીઓ ઘસાઈ ગઈ હોય અથવા પગ ભાંગેલા હોય તેઓ સાથે નરમીથી વર્તે. રસ્તામાં તળાવ આવે તો તેઓને પાણી પીવરાવવા લઈ જાય અને લીલાછમ રસ્તાઓ મૂકીને ઘાસ પાણી વગરના માર્ગો પર ન લઈ જાય. વખતો વખત આરામ આપતો રહે. અને પાણી તથા હરિયાળા સ્થળે રોકાવાની મહેતલ આપે. ત્યાં સુધી કે અમારી પાસે એ પરિસ્થિતિમાં પહોંચે કે ખુદાના હુકમથી તંદુરસ્ત અને તગડા

હોય. થાક્યા પાક્યા અને લોથપોથ ન હોય. જેથી અમે ખુદાની કિતાબ અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની સુન્નતપ્રમાણે તેની વહેંચણી કરી શકીએ. કેમકે આ વાત તમારા માટે પણ મોટા સવાબનું કારણ અને હિદાયતની નિકટ છે. ઇ.અ.

# (૨૬) સદકા જમા કરવાવાળાઓના કાર્યકરોના નામે

*કેટલાક અધિકારીઓ માટે જેઓને સદકાઓ ભેગા કરવા મોકલ્યા હતા.*

હું તેઓને આજ્ઞા કરૂં છું કે પોતાના ગુપ્ત અને અંગત કાર્યોમાં પણ અલ્લાહથી ડરતા રહે, જ્યાં તેઓ સિવાય કોઈ બીજો જોવાવાળો અને સાક્ષી નથી હોતો. અને ખબરદાર ! જાહેરી મામલાઓમાં ખુદાની આજ્ઞા પાળે અને ગુપ્ત બાબતોમાં તેનું ઉલ્લંઘન કરે એવું ન થાય. એટલા માટે કે જેના જાહેર અને ગુપ્ત અને વાણી તથા વર્તનમાં ભિન્નહતા નથી હોતી એજ ખુદાની અમાનત અદા કરનારો અને અલ્લાહની ઇબાદતમાં મુખ્લિસ હોય છે.

અને ફરી હુકમ આપું છું કે ખબરદાર લોકોથી ખરાબ રીતે ન વર્તજો અને તેમને પરેશાન ન કરજો અને ન તેઓથી સત્તા દેખાડવા અલગ રહેજો. કેમકે દરેક હાલતમાં આ બધા દીની ભાઈઓ છે અને હકો અદા કરવામાં મદદ કરનારા છે.

જુઓ આ સદકાઓમાં તમારો ભાગ નક્કી છે અને તમારો હક જાણીતો છે. પરંતુ ફકીરો અને નિરાધારો અને ભૂખ્યા લોકો પણ આ હકમાં તમારા ભાગીદાર છે. અમે તમને તમારો પૂરો હક આપનારા છીએ એટલે તમારે પણ તેઓને પૂરો હક દેવો પડશે. કેમકે જો એમ નહીં કરો તો કયામતના દિવસે સૌથી વધારે દુશ્મન તમારા હશે. અને સૌથી વધારે દૂર્ભાગ્ય એના જ માટે છે જેના દુશ્મનો અલ્લાહના દરબારમાં ફકીરો, નિરાધારો, માગણો, વંચિતો, કરજદારો અને વતનથી દૂરના મુસાફરો છે. અને જે શખ્સે પણ અમાનતને મામૂલી ગણી અને ખયાનતના ખેતરમાં પેસી ગયો અને પોતાની જાત અને દીનને અપ્રમાણિક્તાથી ન બચાવી. તો તેણે દુનિયામાં પણ પોતાને અપકીર્તિ અને હડધૂતતાના ઉતારે ઉતારી દીધો અને આખેરતમાં તો અપકીર્તિ અને ફજેતો આનાથી પણ વધારે છે. અને યાદ રાખો કે સૌથી વધારે ખરાબ ખયાનત ઉમ્મતની સાથે ખયાનત છે અને સૌથી ખરાબ ધોકાબાજી દીનના સરબરાહ ( રહેબર - પેશ્વા) સાથે ધોકાબાજીથી વર્તવું છે.

# (૨૭) મોહમ્મદ બિન અબી બક્રના નામે

*મોહમ્મદ બિન અબી બક્રના નામે જયારે તેમને મિસરના હાકિમ બનાવવામાં આવ્યા.*

લોકોની સામે પોતાના ખભાઓ નમાવી દેજો, અને પોતાની વર્તણુંક નરમ રાખશો, વિશાળ દિલે ભેટજો, અને દ્રષ્ટિમાં પણ બધા સાથે એક જેવો વર્તાવ કરજો, જેથી મોટા લોકોને એમ ખ્યાલ ન પૈદા થઈ જાય કે તમે તેઓના લાભાર્થે ઝુલ્મ કરી શકો છો. અને કમઝોરોને તમારા ન્યાય પ્રતિ નિરાશા ન થઈ જાય.

પરવરદિગાર કયામતના દિવસે બધા બંદાઓથી તેના નાના મોટા, છુપા જાહેર આમાલ વિશે પૂછાણું કરશે. ત્યાર પછી જો તે અઝાબ કરશે તો તે તમારા ઝુલ્મનું પરિણામ હશે અને જો માફ કરી દેશે તો તે તેની રહેમતનું પરિણામ હશે.

ખુદાના બંદાઓ ! યાદ રાખો કે પરહેઝગાર લોકો દુનિયા અને આખેરતના લાભો લઈ આગળ કૂચ કરી ગયા. તેઓ દુનિયાવાળાઓ સાથે તેઓની દુનિયામાં રહ્યા, પણ

દુનિયાવાળા તેઓની આખેરતમાં સાથે ન થઈ શક્યા. તેઓ દુનિયામાં ઠાઠ માઠથી જીવન વીતાવી રહ્યા, જે બધાએ ખાધું તેનાથી સારૂં અને સ્વચ્છ ખાવાનું ખાધું અને એ બધી મજાઓ માણી લીધી જે એક વિલાસી માણે છે. અને એ બધું મેળવી લીધું જે બળિયા અને ઘમંડી લોકોના ભાગે આવે છે. ત્યાર પછી એ વાટખર્ચી લઈને ગયા જે મંઝિલ સુધી પહોંચાડી દે અને એ વેપાર કરીને ગયા, જેમાં નફો જ નફો હોય. દુનિયામાં રહીને દુનિયાની મજા માણી અને એ યકીન રાખતા રહ્યા કે આખેરતમાં પરવરદિગારની રહેમતના પાડોશમાં હશે. જ્યાં ન તેમની અવાજ ઠુકરાવવામાં આવશે અને ન કોઈ લિજ્જતમાં તેમના ભાગમાં કોઈ કમી રહેશે.

અય ખુદાના બંદાઓ ! મૌત અને તેની નિકટતાથી ડરો અને તેના માટે સરસામાન એકઠો કરી લ્યો. કેમકે તે એક મોટો હુકમ અને મોટા બનાવની સાથે આવવાવાળી છે. એવી ભલાઈ સાથે જેમાં કોઈ બુરાઈ ન હોય અથવા એવી બુરાઈ સાથે જેમાં કોઈ ભલાઈ ન હોય. જન્નાત અથવા જહન્નિમની તરફ તેઓ માટે કામ કરનારાઓથી વધારે નિકટ કોણ હોઈ

શકે છે, તમે એ છો જેનો મૌત લગાતાર પીછો કરી રહી છે. તમે રોકાઈ જશો તો પણ તમને પકડી લેશે અને ભાગશો તો પણ પોતાની પકડમાં લઈ લેશે. એ તમારી સાથે તમારા પડછાયાથી વધારે વળગેલી છે. તેને તમારા કપાળ સાથે બાંધી દેવામાં આવી છે. અને દુનિયા તમારી પાછળથી બરાબર સંકેલી લેવામાં આવી રહી છે, એ જહન્નોમથી ડરો જેનું ઊંડાણ ઘણે દૂર સુધી છે અને તેની ગરમી ઘણી આકરી છે અને તેનો અઝાબ પણ બરાબર તાજોને તાજો થાતો રહેશે.

એ ઘર એવું છે જ્યાં ન રહેમત આવે છે અને ન ત્યાં કોઈ ફરિયાદ સાંભળવામાં આવે છે અને ન કોઈ રંજો ગમથી છુટકારાનો સંભવ છે. જો તમે લોકો એટલું કહી શકશો કે તમારા દિલમાં ખુદાનો ડર અત્યંત થઈ જાય અને તેનાથી તમને શુભ આશા બંધાઈ જાય તો એ બંનેને ભેગા કરી લ્યો, કેમકે બંદાને એટલી જ શુભ આશા હોય છે જેટલો ખુદાનો ડર હોય છે. અને શ્રેષ્ઠ શુભ આશા રાખવાવાળો એ જ જેના દિલમાં ખુદાનો ખૌફ અતિશય અને અત્યંત હોય છે.

મોહમ્મદ બિન અબી બક્ર ! યાદ રાખો મેં તમને પોતાના શ્રેષ્ઠ લશ્કર - મિસરવાળાઓ પર ગવર્નર બનાવ્યા છે. હવે તમારાથી એટલી જ માંગણી છે કે પોતાના નફસની વિરૂદ્ધતા કરવી અને પોતાના દીનની હિફાઝત કરવી, ભલે તમારા માટે દુનિયામાં એક જ ઘડી બાકી રહી ગઈ હોય અને કોઈ મખ્લૂકને ખૂશ કરી ખાલિકને નારાજ ન કરવો, કેમકે ખુદા દરેકના બદલે કામ આવી શકે છે પણ તેના બદલે કોઈ કામ નહીં આવે.

નમાઝ તેના નક્કી સમયોમાં અંજામ આપવી. ન એમ થાય કે ફુરસદ મેળવવા માટે પહેલા પડી લ્યો. અને એવું ન થાય કે રોકાણના કારણે મોડું કરી દયો. યાદ રાખો તમારો દરેક અમલ નમાઝનો પાબંદ હોવો જોઈએ.

યાદ રાખો કે હિદાયત કરનારા ઇમામો અને નાશના આગેવાનો એક સરખા નથી હોતા. નબી સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના દોસ્ત અને દુશ્મન એક સરખા નથી હોઈ શકતા. હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ખૂદ મને ફરમાવ્યું છે કે હું મારી ઉમ્મતના

બાબતે ન તો કોઈ મોઅમિનથી ડરૂં છું અને ન મુશરિકથી, મોઅમિનને અલ્લાહ તેના ઈમાનના કારણે બુરાઈથી અટકાવી દેશે, અને મુશરિકને તેના શિર્કના કારણે પરાજિત કરી દેશે. બધો ડર એ લોકોથી છે જેઓ જબાનના આલિમ હોય અને દિલના દંભી (મુનાફિક). કહે છે એ જ જે તમે બધા જાણો છો પણ કરે છે એ જેને તમે બુરૂં સમજો છો.

# (૨૮) મુઆવિયાના એક પત્રનો જવાબ

*સૈયદ રઝીના કહેવા મુજબ મુઆવિયાના પત્રના જવાબમાં આ શ્રેષ્ઠ પત્ર છે.*

અલ્લાહના વખાણ અને પાક પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની પ્રશંસા પછી તમને જાણ થાય કે, મને તમારો પત્ર મળ્યો છે, જેમાં તમે ખુદાના દીન અને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના ચૂંટાવા અને પરવરદિગારના તરફથી સહાબા મારફત આપની મદદ કરાયાનો ઉલ્લેખ કર્યો છે. પરંતુ આ તો એક અજબ અને વિચિત્ર વાત છે કે જે સમયે તમારાથી છુપાવીને રાખી હતી કે તમે અમને એ ઉપકારોની જાણ કરો છો જે પરવરદિગારે અમારા પર કર્યા છે અને એ નેઅમતોની ખબર આપો છો જે અમારા જ પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને મળી છે, જાણે તમે *હિજરના સ્થળે ખજૂર મોકલી રહ્યા છો અથવા ઉસ્તાદને તીર ચલાવતા શીખવી રહ્યા છો.

*નોંધ : *હિજર એ બેહરૈનનું એક ગામ છે, જ્યાં ખજુર વધારે પ્રમાણમાં થાય છે.*

એ પછી તમારૂં એમ માનવું છે કે, ફલાણો અને ફલાણો બધા લોકોથી બહેતર છે તો આ એવી વાત છે કે જો સાચી હોય તો પણ તેનાથી તમને કોઈ સંબંધ નથી. અને જુઠી પણ હોય તો તમારૂં કંઈ નુકસાન નથી. તમારી આ ઉપકારક અને ઉપકૃત, હાકિમ અને રય્યતના પ્રશ્નથી શી લેવા દેવા? ભલા મૂક્ત કરેલાઓ અને તેની અવલાદને પ્રથમ મુહાજિરો વચ્ચે ભેદભાવ ઊભો કરવા, તેના દરજજાઓ નક્કી કરવા અને તેમના તબકાઓને ઓળખવાનો શો હક છે? (આ તો એ સમયે મુસલમાન પણ નહોતા) અફસોસ કે જુગારના તીરો સાથે બહારના તીર પણ ખખડવા લાગ્યા અને ન્યાયમાં એ લોકો પણ દખલ (હસ્તક્ષેપ) કરવા લાગ્યા જેમની વિરૂદ્ધ ખૂદ ફેંસલો થનારો છે.

અય શખ્સ, તું પોતાના અપંગપણાનો ખ્યાલ કરી તારી પોતાની હદમાં કેમ નથી રહેતો? તું તારી અલ્પબુધ્ધિને સમજતો કેમ નથી. અને જ્યાં કઝા અને કદરે (નિર્માણે) તને

રાખી દીધો છે ત્યાં પાછળ હટીને જતો કેમ નથી ? તને કોઈ પરાજિતની હાર અથવા વિજેતાની જીત સાથે શો સંબંધ?

તું તો સદા ગુમરાહીઓમાં કોશિશ કરનાર અને મધ્યમમાર્ગથી ભટકી જનાર છો. હું તને જાણકાર નથી કરી રહ્યો બલ્કે ખુદાની નેઅમતનો ઝીક્ર કરી રહ્યો છું. નહીતર તને ખબર નથી કે મુહાજિર અને અન્સારની એક મોટી જમાતે ખુદાના માર્ગમાં જાન આપી છે અને બધા વિશેષતા ધરાવે છે પરંતુ અમારો કોઈ શહીદ થયો છે તો તેને “સય્યદુશ્શોહદા” કહેવામાં આવ્યો છે અને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે તેના જનાઝાની નમાઝમાં સીત્તેર તકબીરો કહી છે. એવી જ રીતે તને ખબર છે કે ખુદાની રાહમાં ઘણાના હાથો કપાયા છે અને તેઓ માનવંતા છે પરંતુ જયારે અમારા આદમીના હાથ કાપવામાં આવ્યા તો તેમને “જન્નીતમાં ઉડનાર” અને “બે પાંખોવાળા” બનાવી દેવામાં આવ્યા. અને જો પરવરદિગારે પોતાના મોઢે પોતાના વખાણ કરવાની મના ન કરી હોત તો કહેવાવાળો અસંખ્ય ગુણો બયાન કરત. જેને ઈમાનદારોના દિલ જાણે છે, અને

સાંભળનારાના કાનો પણ અલગ નથી કરવા માંગતા (સાંભળવું બહુ ગમે છે).

એની વાત છોડો જેનું તીર નિશાને લાગવાવાળું નથી. અમને જુઓ જેને પરવરદિગારે ખૂદ બનાવ્યા સજાવ્યા છે અને બાકી લોકો અમારા ઉપકારોનું પરિણામ છે. અમારી સનાતન કીર્તિ અને તમારી કૌમ પર ઉચ્ચતા અમારા માટે એ વાતમાં રૂકાવટ ન બની કે અમે તમને અમારી સાથે ભેળવી લીધા તો તમારા સાથે સગપણ લીધા અને તમને સગપણ આપ્યા (દીકરીની આપ-લેનો વ્યવહાર કર્યો) જે સામાન્ય રીતે સરખા માણસોમાં લેતી દેતી થાય છે. અમારામાંથી હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ છે અને તમારામાં તેમનો અનાદર કરનારા - તેમને જૂઠા ઠેરવવાવાળા, અમારામાં "અલ્લાહનો શેર" છે અને તમારામાં "કસમોનો શેર". અમારામાં "જન્નેતના જવાનોના સરદાર" છે. અને તમારામાં "જહન્ન મી છોકરા". અમારામાં "સય્યદતુન્નિસાઈલ આલમીન" છે અને તમારામાં

“હમ્મા લતલ હતબ” છે. અને એવી અસંખ્ય વસ્તુઓ છે જે અમારા હકમાં છે અને તમારી વિરૂદ્ધ.

અમારો ઇસ્લામ પણ મશહૂર છે અને ઇસ્લામ પહેલાની અમારી કીર્તિ પણ ઇન્કારી ન શકાય એવી છે. અને ખુદાની કિતાબે છુટાછવાયા ગુણોને એકત્રીત કરી દીધા છે. એમ કહીને કે સગાઓ અમુકથી અમુક ચડિયાતા છે. અને એમ કહીને કે "ઇબ્રાહીમ અલય્હિસ્સલામ માટે સૌથી વધારે નિકટ એ છે જેઓએ તેમની પયરવી કરી અને આ પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને ઈમાનદારો અને અલ્લાહ ઈમાનદારોનો વલી છે." અર્થાંત અમે સગપણના હિસાબે પણ ઉચ્ચતમ છીએ અને પયરવી તથા તાબેદારીના હિસાબે પણ. ત્યાર પછી મુહાજિરોએ અન્સારની વિરૂદ્ધ સકીફ઼ાના દિવસે પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ સાથે સગપણની દલીલ આપી અને સફળ પણ થઈ ગયા તો -

જો કામિયાબીનો ભેદ આ જ છે તો હક અમારી સાથે છે તમારી સાથે નહીં અને જો કોઈ બીજી દલીલ છે તો અન્સારનો દાવો ઊભો છે.

તમારૂં ધારવું એમ છે કે, હું બધા ખલીફાની ઈર્ષા કરૂં છું અને મેં બધાની વિરૂદ્ધ બળવો પોકાર્યો છે તો જો એ સાચું પણ છે તો તેનો ઝુલ્મ તારા પર નથી કે તારાથી માફી માગવામાં આવે (આ એ ગલતી છે જેનાથી તારા પર કોઈ આરોપ નથી આવતો) એક કવિના કહેવા મુજબ.

અને તારૂં એ કહેવું કે હું એવી રીતે ખેંચાઈ રહ્યો હતો જેવી રીતે લગામ નાખી ઊંટને ખેંચવામાં આવે છે જેથી મારાથી બયઅત લેવામાં આવે તો ખુદાની કસમ, તેં મારી ટીકા કરવાનું ઇચ્છયું અને અજાણતાથી મારા વખાણ કરી બેઠો. અને મને બદનામ કરવા ચાહ્યું તો પોતે બદનામ થઈ ગયો.

મુસલમાન માટે એ વાતમાં કોઈ એબ નથી કે તે મઝલૂમ બની જાય, જ્યાં સુધી કે તે દીનના મામલામાં શંકામાં ન પડી જાય. અને તેનું યકીન સંદેહ યુક્ત ન બની

જાય. મારી દલીલ મૂળમાં બીજાઓના મુકાબલામાં છે પરંતુ જ્યાં સુધી યોગ્ય હતું મેં તને પણ બતાવી દીધું.

ત્યાર પછી તેં મારા અને હ. ઉસ્માન ના મામલાનો ઉલ્લેખ કર્યો છે, તો તેમાં તારો હક છે કે તને જવાબ આપવામાં આવે, એટલા માટે કે તું તેનો કુટુંબી છો.પરંતુ સાચે સાચું બોલ આપણા બંનેમાં તેનો વધારે દુશ્મન કોણ હતો? અને કોણે તેના કતલનો બંદોબસ્ત કર્યો? એણે કે જેણે મદદની ઓફર કરી હતી અને તેને બેસારી દેવામાં આવ્યા અને રોકી લેવામાં આવ્યા અથવા એણે કે જેનાથી મદદ માગવામાં આવી અને તેણે ઢીલ કરી અને મૌતનું રૂખ તેમની તરફ વાળી દીધું ત્યાં સુધી કે કઝા અને કદરે તેનું કામ પુરૂં કરી દીધું. ખુદાની કસમ ! હું તેનો હરગીઝ ગુનેહગાર નથી અને અલ્લાહ એ લોકોને પણ જાણે છે જે રોકવાવાળા હતા અને પોતાના ભાઈઓને કહી રહ્યા હતા અમારી આગળ ચાલ્યા આવો અને જંગમાં ભાગ લેનારા ઘણા ઓછા હતા.

હું એ વાતની ક્ષમા નથી યાચી શકતો કે હું તેઓની બિદઅતો પર બરાબર વાંધો ઉઠાવી રહ્યો હતો, એટલે જો

ઇરશાદ અને હિદાયત પણ કોઈ ગુનોહ હતો તો ઘણા એવા લોકો છે કે જેઓને વિના વાંકે પણ ઠપકો આપવામાં આવે છે અને "કદી કદી ખરેખર નસીહત કરનારા પણ બદનામ થઈ જાય છે." "મેં મારી શક્યતાભર સુધારણાની કોશિશ કરી અને મારી તૌફિક બસ ખુદાના સહારે છે. તેના પર મને ભરોસો છે અને તેની જ તરફ મારૂં ધ્યાન છે."

તમે એ પણ ઉલ્લેખ કર્યો છે કે તમારી પાસે મારા અને મારા સાથીઓ માટે તલવાર સિવાય કંઈ નથી તો એમ કહીને તમે રડતાને હસાવી દીધો છે. ભલા તમે અબ્દુલ મુત્તલિબની અવલાદને ક્યારે દુશ્મનોથી પાછા હટતી અથવા તલવારથી ભયભિત થતી જોઈ છે?

ટુંક મુદ્દતમાં જ જેને તમે ગોતી રહ્યા છો એ પોતે જ તમને ગોતી લેશે અને જે વસ્તુને દૂર સમજી રહ્યા છો તેને નિકટ કરી દેશે. હવે હું તમારી તરફ મુહાજિરો અને અન્સારના લશ્કર લઈને ઘણો જલ્દી આવી રહ્યો છું. અને મારી સાથે એ પણ છે જે તેઓના પગલે ઠીક રીતે ચાલવાવાળા છે. તેઓનું આક્રમણ અસરકારક હશે અને

જંગની ધૂળ પૂરા વાતાવરણ પર છવાઈ જશે. આ મૌતના કપડા પહેરેલા હશે. અને તેઓની દ્રષ્ટિમાં શ્રેષ્ઠ મુલાકાત અલ્લાહની મુલાકાત હશે. તેઓની સાથે બદ્રવાળાઓના વંશજો અને બની હાશિમની તલવારો હશે. તમે તેઓની તલવારોની કાટ પોતાના ભાઈ, મામા, નાના અને કુટુંબીજનોમાં જોઈ લીધી છે અને તેઓ જાલિમોથી હજી પણ દૂર નથી."

# (૨૯) બસરાવાળાઓના નામે

તમારા વિખવાદ અને વિરૂદ્ધતાની જે પરિસ્થિતિ હતી તે તમારાથી છુપી નથી. પરંતુ મેં તમારા ગુનેહગારોને માફ કરી દીધા, ભાગવાવાળાઓ પરથી તલવાર હટાવી લીધી. આવનારાઓને આગળ વધી ગળે લગાડયા, હવે પછી પણ તમારી વિનાશક રાય અને તમારી અત્યાચારી વિચાર શ્રેણી મુર્ખતા તમને મારા વિરોધ અને વચનભંગ પર તૈયાર કરી રહી છે. તો યાદ રાખો કે મેં ઘોડાઓને પાસે કરી લીધા છે, ઊંટો પર સામાન લાદી દીધો છે, અને જો તમે ઘરથી નિકળવા પર મજબૂર કર્યો તો એવો સંગ્રામ ખેલીશ કે જંગે જમલ તો માત્ર જીભનો ચટાકો બનીને રહી જશે.

હું તમારા આજ્ઞાંકિતોના માનને ઓળખું છું અને નિસ્વાર્થોના હકને જાણું છું. મારા માટે એ શકય નથી કે ગુનેહગારથી આગળ વધીને નિર્દોષ પર હુમલો કરી દઉં અથવા વચનભ્રષ્ટને મૂકીને વફાદાર પર આક્રમણ કરૂં.

# (30) મુઆવિયાના નામે

જે કંઈ સાધન સામગ્રી તમારી પાસે છે તેમાં અલ્લાહથી ડરો અને જે તેનો હક છે તમારા પર તેને ધ્યાનમાં રાખો. તે હકની માઅરેફત તરફ પાછા ફરો જેનાથી અજાણતા માફ કરવાને લાયક નથી. જુઓ ઇતાઅતના નિશાનો સ્પષ્ટ, માર્ગો પ્રગટ, રાજમાર્ગો સીધા છે અને લક્ષિત મંઝિલ સામે છે, જેના પર બુધ્ધિવાનો ઉતરે છે. અને હલકી કોટીના તેનો વિરોધ કરે છે.

જે આ લક્ષ્યથી વિમુખ થઈ ગયો, તે હક માર્ગથી હટી ગયો, અને ગુમરાહીમાં ઠોકર ખાવા લાગ્યો. અલ્લાહે તેની નેઅમતોને ઉપાડી લીધી અને પોતાનો અઝાબ તેના પર ઉતારી દીધો. એટલે પોતાના નફસનું ધ્યાન રાખો અને તેને હલાક થવાથી બચાવો. કેમકે પરવરદિગારે તમારા માટે સ્પષ્ટ રસ્તો કરી દીધો છે. અને એ મંઝિલ બતાવી દીધી છે જ્યાં સુધી મામલાઓને જવાનું છે તમે ઘણી ઝડપથી સૌથી ખરાબ નુકસાન તરફ જઈ રહ્યા છો અને કુફ્રની મંઝિલ તરફ ભાગી રહ્યા છો. તમારા નફસે તમને બદદાનતમાં નાખી

દીધા છે અને ગુમરાહીમાં ફેંકી દીધા છે. વિનાશના આરે ઉતારી દીધા છે અને ખરા માર્ગોને મુશ્કેલ બનાવી દીધા છે.

# (૩૧) સિફફીનની જંગથી પાછા ફર્યા પછી ઇમામ હસન અલય્હિસ્સલામને વસીયત

*જે ઇમામ હસન અલય્હિસ્સલામના નામે સિફફીનથી પાછા ફર્યા બાદ હાઝરીનના સ્થળે કલમ બધ્ધ કર્યું.*

આ વસીયતનામું એક એવા બાપનું છે જે ફના થવાવાળો છે અને જમાનાની ક્રાંતિઓનો સ્વિકાર કરવાવાળો છે. જેનું આયુષ્ય પુરૂં થવા વાળુ છે. અને તેણે દુનિયાના સંકટો સામે હથિયાર મૂકી દીધા છે. મરવાવાળાઓની વસ્તીમાં રોકાયો છે અને કાલે અહીંથી કૂચ કરવાવાળો છે.

એ ફરઝંદના નામે જેણે દુનિયાથી એ આશાઓ રાખી છે જે પૂરી થવાવાળી નથી, અને હલાક થનારાઓના રસ્તા પર ચાલી રહ્યો છે. બીમારીઓનો નિશાનો અને રોઝગાર (સમય)ના હાથે ગીરવી છે. કાળના સંકટોનું લક્ષ્ય અને દુનિયાનો પાબંદ છે. તેના પ્રપંચોનો વેપારી અને મૃત્યુનો કરજદાર છે. અજલનો કેદી અને દુ:ખદર્દનો સાથી, મુસીબતોનો સંગાથી છે અને આફતોનો નિશાનો, ઇચ્છાઓનો મારેલો છે અને મરનારાઓનો વારસદાર છે.

જાણી લ્યો ! મારા માટે દુનિયાના મોં ફેરવી લેવા, કાળના ઝુલ્મો અને અતિરેક કરવા અને આખેરતના મારી તરફ આવવાના કારણે જે વાતોનો ભેદ ખૂલી ગયો છે. તેઓએ મને બીજાઓની વાતો અને પરાયાની પંચાતથી રોકી દીધો છે. પણ હું જયારે બધા લોકોની ચિંતાથી અલગ થઈને મારી વ્યાધિમાં પડયો તો મારી રાયે મને ઇચ્છાઓથી રોકી લીધો અને મારા પર ખરી વસ્તુસ્થિતિ જાહેર થઈ ગઈ. જેણે મને આ મહેનત અને શ્રમ સુધી પહોંચાડી દીધો જેમાં કોઈ પણ પ્રકારની શંકા નથી અને એ સચ્ચાઈ સુધી પહોંચાડી દીધો જેમાં કોઈ પણ જાતની ખોટી વાત નથી.

મેં તમને મારૂં જ એક અંગ નથી જાણ્યું બલ્કે તમને મારૂં નખશીખ વજૂદ સમજ્યો. કેમકે તમારી તકલીફ મારી તકલીફ છે અને તમારી મૌત મારી મૌત છે, એટલા સારૂં મને તમારા મામલાઓની એટલી જ ચિંતા છે, જેટલી પોતાના મામલાઓની હોય છે. અને એટલે જ તો મેં આ લખાણ લખી દીધું છે, જેના વડે તમારી મદદ કરવા માગું છું, ચાહે હું જીવતો રહું કે મરી જાઉં.

બેટા ! હું તમને ખુદાથી ડરવાની અને તેની આજ્ઞાઓના પાલનની વસીયત કરૂં છું, પોતાના દિલને તેની યાદથી વસાવજો અને તેની હિદાયતની રસ્સીને વળગી રહેજો કેમકે તેનાથી વધુ અતૂટ કોઈ પણ સંબંધ તમારા અને ખુદા વચ્ચે નથી.

પોતાના દિલને બોધથી જીવંત રાખજો, અને તેની વાસનાઓને સંયમ (ઝોહદ)થી મારી નાખજો, તેને યકીન વડે સશક્ત રાખજો. અને હિકમત વડે નૂરાની રાખજો. મૌતની યાદથી તેને અંકુશમાં રાખજો. અને કાળના આક્રમણ અને રાત દિવસના ફેરફારથી હોશિયાર કરજો. તેની સામે પાછલા લોકોની વાતો પ્રસ્તુત કરતા રહેજો. અને પૂરોગામીઓ પર પડેલા સંકટોને યાદ દેવરાવતા રહેજો. તેઓના શહેરો અને અવશેષોમાં પ્રવાસ ખેડતા રહેજો અને એ જોતા રહેજો કે તેઓએ શું શું કર્યું છે અને ક્યાંથી ક્યાં ચાલ્યા ગયા છે. ક્યાં ઉતર્યા છે અને ક્યાં પડાવ નાખ્યા છે.

પછી તમે જોશો કે તેઓ દોસ્તોની દુનિયાથી નિકળી ગયા છે અને અજાણ્યા પ્રદેશમાં ઉતર્યા છે, જાણે કે ટૂંક

સમયમાં તમે પણ એ લોકોમાં ભળી જશો. એટલે પોતાનું ઠેકાણું ઠીક કરી લ્યો. અને ખબરદાર, આખેરતને દુનિયાના બદલે વેચી ન મારતા. જ્યાં ભટકવાનો અંદેશો હોય ત્યાં કદમ આગળ ન વધારવા. કેમકે ભટકવાના અંદેશા પહેલાં રોકાઈ જવું એ ભયાનક મંઝિલોમાં ઉતરવા કરતા સારૂં છે. જે વાતોને નથી જાણતા તે વિષયમાં વાત ન કરજો અને જે તમારી ફરજ નથી એ વિશે વાતચીત ન કરજો. નેકીઓની આજ્ઞા કરતા રહેજો જેથી તેના પાત્ર ગણાઈ જાવ. અને બુરાઈથી પોતાના હાથ અને જીભની શક્તિ વડે મના કરતા રહેજો અને બુરાઈ કરવાવાળાઓથી બની શકે તેટલું દૂર રહેજો.

ખુદાના માર્ગમાં જેહાદ કરતા રહેજો અને તેનો હક અદા કરી દેજો અને ખબરદાર આ માર્ગમાં કોઈ નિંદા કરનારની નિંદાને ધ્યાનમાં ન લેજો. હકને ખાતર જ્યાં પણ હોવ સંકટોમાં કૂદી પડજો. અને દીનનું ઇલ્મ પ્રાપ્ત કરજો. પોતાના જીવને પ્રતિકુળ સંજોગોમાં ધીરજની ટેવ પાડી દેજો. અને યાદ રાખજો કે શ્રેષ્ઠ સદગુણ હકના માર્ગમાં સબ્ર કરવી

છે. પોતાના બધા કામોમાં ખુદાની તરફ રજુ થવું. કેમકે આ રીતે એક મજબૂત સુરક્ષિત કિલ્લામાં સહારો લેશો. અને શ્રેષ્ઠ રક્ષકના આશરામાં રહેશો પરવરદિગારથી માગવામાં નિસ્વાર્થ રહેજો, કેમકે આપવું ન આપવું તેના હાથમાં છે. માલિકથી નિરંતર ભલાઈ માગતા રહેવી. અને મારી વસીયત પર મનન કરતા રહેજો. તેનાથી દામન બચાવીને પસાર ન થઈ જજો કેમકે શ્રેષ્ઠ કલામ એ છે જે લાભદાયક હોય અને યાદ રાખો કે જે ઇલ્મમાં ફાયદો ન હોય તેમાં કોઈ ભલાઈ નથી અને જે ઇલ્મ શીખવા જેવું ન હોય તેમાં કોઈ ફાયદો નથી.

અય દીકરા ! મેં જોયું કે હવે મારી વય ઘણી થઈ ગઈ છે અને બરાબર નિર્બળ થઈ રહ્યો છું. એટલે મેં તરત જ આ વસીયત લખી નાખી. અને વિષયો ટાંકી લીધા. ક્યાંક એવું ન થાય કે મારા દિલની વાત તમને સોંપવા પહેલા મારૂં મૃત્ય થઈ જાય. અને જિસમની ખોડની જેમ રાયને કમઝોર સમજવામાં આવે અથવા વસીયતની પહેલાં જ ઇચ્છાઓનું

આક્રમણ અને દુનિયાના ફિત્નાઓ તમારી સુધી ન પહોંચી જાય અને તમારી સ્થિતિ ભડકી ઉઠનારા ઊંટ જેવી થઈ જાય.

ખરેખર, નવયુવાનનું દિલ એક ખાલી જમીન જેવું હોય છે, કે જે વસ્તુ તેમાં નાખવામાં આવે તેને કબૂલ કરી લે છે એટલે મેં ઇચ્છયું કે તમને કઠણ હ્રદયના થવા પહેલા અને બુધ્ધિ પ્રવૃત થઈ જાય એ પહેલાં વસીયત કરી દઉં, જેથી તમે ગંભીર વિચારો સાથે એ વાતને કબૂલ કરી લ્યો જેની તલાશ અને જેના અનુભવની મહેનતથી તમને અનુભવી લોકોએ બચાવી લીધા છે. હવે તમારી શોધની મહેનત ખતમ થઈ ચૂકી છે અને તમને અનુભવની વિટંબણાથી છૂટકારો મળી ગયો છે. તમારી પાસે હકીક્તો પોતે જાતે આવી ગઈ છે, જેને અમે તલાશ કર્યા કરતા હતા અને તમારા માટે એ બધી વાતો સ્પષ્ટ થઈ ગઈ છે, જે અમારા માટે મોઘમ (અસ્પષ્ટ) હતી.

અય દીકરા ! જો કે મને એટલી ઉમ્ર નથી મળી જેટલી પહેલાના લોકોને મળતી હતી. પણ મેં તેઓના કાર્યો પર મનન કર્યું છે અને તેઓના સમાચારમાં ચિંતન કર્યું છે

અને તેઓના ખંડેરોમાં પ્રવાસ પ્રર્યટન કર્યા છે અને હું સ્વચ્છ અને ગંદાને સારી પેઠે જાણું છું. લાભ અને નુકસાનમાં ફરક કરી શકું છું. મેં દરેક વાતને ચાળી ઝાટકીને તેમાંનો નિર્ભેળ કાઢી લીધો છે. અને શ્રેષ્ઠ શોધી લીધું છે. અને વ્યર્થ વસ્તુઓને તમારાથી દૂર કરી દીધી છે. અને એમ ઇચ્છયું કે તમને આ જ સમયે સંસ્કાર શીખવી દઉં જયારે કે તમે જીવનના આરંભ કાળમાં છો અને સમયની સ્થિતિઓનો સામનો કરી રહ્યા છો. તમારી નિય્યત સલામત છે અને નફસ શુધ્ધ અને પવિત્ર છે. એટલા માટે કે મને તમારા વિશે એટલી જ ચિંતા છે જેટલી એક માયાળુ બાપને પોતાની અવલાદથી હોય છે.

હવે હું મારી કેળવણીનો આરંભ ખુદાની કિતાબ અને તેની વ્યાખ્યા, ઇસ્લામના કાનૂનો અને તેના હુકમો હલાલ અને હરામથી કરૂં છું અને તેમને છોડી બીજા તરફ નથી જવું. વળી મને એ પણ ડર છે કે ક્યાંક લોકોના અકીદાઓ, વિચારો અને ઇચ્છાઓની ભિન્નાતા તમારા માટે એવી રીતે અસ્પષ્ટ ન થઈ જાય જેવી રીતે એ લોકો માટે થઈ ગયો છે. એટલા માટે

તેને સધ્ધર કરી દેવા મારી દ્રષ્ટિમાં તેના કરતા વધારે પ્રિય છે કે તમને એવી હાલતોના હવાલે કરી દઉં જેમાં હલાકતથી સલામત રહેવાની ખાત્રી નથી. જો કે મને આ તાલીમ દેવાનું સારૂં નથી લાગતું. પરંતુ મને આશા છે કે પરવરદિગાર તમને નેકીની તૌફીક આપશે અને સીધા માર્ગની હિદાયત અતા કરશે. આ આધારે આ વસીયત લખી રહ્યો છું.

બેટા ! યાદ રાખો કે, મારી સૌથી શ્રેષ્ઠ વસીયત જેને તમારે જીવનમાં ઉતારવી છે એ છે કે, અલ્લાહનો તકવા ઇખ્તેયાર કરો અને તેની ફરજોને પૂરી સમજો. અને એ બધા તરીકાઓ જેના પર તમારા બાપદાદા અને તમારા ખાનદાનના સુચારિત્ર્યવાન લોકો ચાલતા રહ્યા છે તેના પર ચાલતા રહો. કેમકે તેઓએ પોતાના વિશે કોઈ એવા વિચારને છોડી નથી દીધો જે તમારી નજરમાં છે અને કોઈ વિચારની ઉપેક્ષા નથી કરી. અને આ વિચાર દ્રષ્ટિએ જ તેઓને એ નતીજે પહોંચાડયા છે કે કરવાની વસ્તુઓને પ્રાપ્ત કરી લે અને નકામી વસ્તુઓથી પરહેઝ કરે. હવે જો તમારૂં મન આ વસ્તુઓને વગર જાણે ઓળખે સ્વિકારી લેવા તૈયાર

નથી તો પછી તેનું સંશોધન કાયદેસર ઇલ્મ અને સમજબુધ્ધિ સાથે હોવું જોઈએ અને શંકામાં ન પડવું જોઈએ અને ઝઘડાનો શિકાર ન બનવું જોઈએ અને આ પ્રશ્નો પર દ્રષ્ટિ કરવા પહેલા પોતાના પરવરદિગારથી મદદ તલબ કરો અને સદબુધ્ધિ માટે તેની આરાધના કરો અને દરેક એ વહેમને છોડી દયો જે શંકામાં નાખી દે અથવા કોઈ ગુમરાહીને હવાલે કરી દે.

પછી જો તમને સંતોષ થઈ જાય કે તમારૂં દિલ શુધ્ધ અને વિનમ્ર બની ગયું છે અને તમારો મત પરિપક્વ અને સંપૂર્ણ થઈ ગયો છે અને તમારી પાસે બસ આ જ એક ચિંતા રહી ગઈ છે, તો જે વાતોને મેં સ્પષ્ટ કરી છે તેમાં ચિંતન મનન કરજો નહિતર જો ઇચ્છા મુજબ વિચાર અને દ્રષ્ટિની પ્રગતિ નથી થઈ તો યાદ રાખો કે આમ તો માત્ર રતાંધળી ઊંટણીની જેમ હાથ પગ પછાડતા રહેશો અને અંધારામાં ભટકતા રહેશો અને દીનને ચાહનારો એ નથી જે અંધારામાં જ હાથ પગ મારે અને વાતોને ભેળવી દે. આનાથી રોકાઈ જવું જ ઉત્તમ છે.

બેટા ! મારી વસીયતને સમજો, અને એ જાણી લ્યો કે જે મૌતનો ધણી છે એ જ જીવનનો ધણી છે અને જે સર્જનહાર છે એ જ મૃત્યુ દેનાર છે. અને જે નાશ કરનાર છે એ જ નવું જીવન દેનાર છે. અને જે સપડાવનાર છે એ જ છોડાવનાર છે. અને આ દુનિયા એ જ સ્થિતિમાં સ્થિર રહી શકે છે, જેમાં માલિકે રાખી છે. અર્થાંત, નેઅમત, કસોટી, આખેરતનો બદલો, અથવા એ બાબત જે તમે નથી જાણતા. હવે જો તેમાંથી કોઈ વાત સમજમાં ન આવે તો તેને તમારી અજ્ઞાનતા ગણવી, કેમ કે તમે જયારે પૈદા થયા તો આરંભમાં અજ્ઞાન જ હતા. ઇલ્મ તો પાછળથી પ્રાપ્ત કર્યું છે. આ જ કારણે અબૂધોની સંખ્યા વધારે છે, જેમાં ઇન્સાનની રાય દિગ્મૂઢ (હયરાન) રહી જાય છે અને દ્રષ્ટિ બહેકી જાય છે અને ખરી હકીકત પાછળથી સમજવામાં આવે છે. એટલે એ માલિકથી સંબંધિત રહો જેણે પૈદા કર્યા છે, રોઝી આપી છે, અને સમતોલ બનાવ્યા છે. તેની જ આરાધના કરો, તેનું જ ધ્યાન ધરો, અને તેનાથી જ ડરતા રહો.

બેટા ! આ યાદ રાખો કે તમને ખુદાના વિશે આ રીતે ખબરો કોઈ નથી દઈ શકતું, જે રીતે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે આપી છે. એટલે તેને રાજી ખૂશીથી પોતાના આગેવાન અને ખુદાના માર્ગના નેતા સ્વિકારો. મેં તમને નસીહત આપવામાં કોઈ ઉણપ નથી રાખી. અને ન તમો પ્રયત્નો કરીને પણ પોતાના વિશે એટલું વિચારી શકો છો જેટલું મેં જોઈ લીધું છે.

પુત્ર ! યાદ રાખો, જો ખુદાનો કોઈ ભાગીદાર પણ હોત તો તેના પણ રસૂલો આવત અને તેની સલ્તનત અને રાજધાનીના પણ એંધાણ નજરે પડત અને તેના કામો અને ગુણોની પણ કંઈ ભાળ મળત. પરંતુ એવું કંઈ નથી એટલે ખુદા એક છે જેમકે એણે પોતે બનાવ્યું છે. તેના મુલ્કમાં તેની સાથે ટક્કર લેનાર કોઈ નથી. અને ન તેના માટે કોઈ પણ પ્રકારનું પતન છે. તે પ્રાથમિક્તાની સીમાઓ વગર બધાથી પહેલો છે. અને કોઈ અંતિમતા વગર સૌથી છેલ્લે સુધી રહેનાર છે. તે એ વાતથી ઘણો ઉચ્ચ છે કે તેના પાલનહારપણાનો પૂરાવો વિચાર દ્રષ્ટિની મર્યાદાથી કરવામાં

આવે. જો તમે આ હકીકતને ઓળખી લીધી છે તો એવી રીતે અમલ કરો જેવી રીતે તમારી જેવા સાધારણ સ્થિતિના, અલ્પ શક્તિ, ઘણી લાચારી, અને પરવરદિગારની તરફ ફરમાંબરદારીની તલબ, કોપનો ભય, અને નારાજગીના અંદેશામાં હાજત રાખવાવાળા કર્યા છે. તેણે જે વસ્તુનો હુકમ આપ્યો છે તે ઉચ્ચતમ છે અને જેની મનાઈ કરી છે તે સૌથી ખરાબ છે.

બેટા ! મેં તમને દુનિયા, તેની પરિસ્થિતિ, ક્રાંતિઓ, પતન અને પરિવર્તન બધા વિશે જાણકાર કરી દીધા છે અને આખેરત અને તેમાં ઈમાનદારો માટે રાખવામાં આવેલી નેઅમતોની પણ ખબર આપી દીધી છે. અને બંનેના દ્રષ્ટાંતો આપી દીધા છે જેથી તમે બોધપાઠ ગ્રહણ કરી શકો અને તેનાથી સચેત રહો.

યાદ રાખો ! જેણે દુનિયાને સારી પેઠે જાણી લીધી છે તેની ઉપમા એ મુસાફર કૌમ જેવી છે જેનું દુકાળ ગ્રસ્ત પડાવથી દિલ કંટાળી જાય અને તે કોઈ લીલાછમ પ્રદેશનો નિર્ણય કરે. અને રસ્તાના કષ્ટો, દોસ્તોનો વિયોગ, સફરની

હાડમારી, ખોરાકનું બેસ્વાદ હોવું વગેરે જેવી મુસીબતો વેઠી લે. જેથી વિશાળ ઘર અને શાંતિના ઉતારે પહોંચી જાય. કેમકે આવા લોકો આ બધી વાતોમાં કોઈ કષ્ટની પરવા નથી કરતા. અને ન માર્ગમાં ખર્ચને નૂકસાન ગણે છે. અને તેઓની દ્રષ્ટિમાં તેનાથી વધારે પ્રિય કોઈ વસ્તુ નથી, જે તેને ઉતારાની નિકટ કરી દે અને પોતાના કેન્દ્ર સુધી પહોંચાડી દે.

અને આ દુનિયાથી ધોકો ખાવાવાળાનો દાખલો એ કૌમ જેવો છે જે લીલાછમ હરિયાળા સ્થળે રહે અને ત્યાંથી કંટાળી જાય તો દુકાળગ્રસ્ત પ્રદેશ તરફ પ્રયાણ કરી જાય. કેમકે તેની દ્રષ્ટિમાં પૂરાણી પરિસ્થિતિ છૂટી જવાથી વધારે અણગમતી અને સંકટમય કોઈ ચીજ નથી કેમકે હવે જે મંઝિલે ઉતર્યા છે અને જ્યાં સુધી પહોંચ્યા છે તે કોઈ પણ ભોગે અપનાવવાને પાત્ર નથી.

બેટા ! જુઓ પોતા અને પરાયા વચ્ચે પોતાના નફસને ત્રાજવું બનાવો. અને બીજા માટે એ જ પસંદ કરો જે પોતા માટે પસંદ કરી શકો છો. અને તેના માટે પણ એ વાત નાપસંદ કરો જે પોતા માટે પસંદ નથી કરતા. કોઈ ઉપર

ઝુલ્મ ન કરવો કેમકે પોતા ઉપર ઝુલ્મને પસંદ કરતા નથી. અને દરેકની સાથે ભલાઈ કરવી, જેમ તમે ઇચ્છો છો કે બધા તમારી સાથે સારો વર્તાવ કરે અને જે વસ્તુને બીજાઓ માટે ખરાબ સમજો છો તેને પોતાના માટે પણ ખરાબ જ જાણો. લોકોથી એ વાતથી રાજી થઈ જવું જે રીતે પોતાની વાતથી લોકોને રાજી કરવા માગો છો. જ્યાં સુધી જાણતા ન હો કોઈ વાત મોઢેથી ન કાઢવી જો કે તમારૂં ઇલ્મ ઘણું અદકુ (ઓછું) છે અને કોઈના વિશે એ વાત ન કહેવી જે પોતાના માટે પસંદ કરતા નથી.

યાદ રાખો, સ્વછંદતા સવાબના માર્ગની વિરૂદ્ધ અને બુધ્ધિનો રોગ છે એટલે પોતાના પ્રયત્નો વધારે ઝડપી કરો અને પોતાના માલને બીજાના માટે સંઘરો ન બનાવો. અને જો મધ્યમ માર્ગની હિદાયત મળી જાય તો પોતાના પાલનહારની સામે સૌથી વધારે વિનય અને વિનમ્રતાથી રજૂ થવું.

અને યાદ રાખો, તમારી સામે એ માર્ગ છે જેનો પટ લાંબો અને મહેનત અતિશય છે. તેમાં તમે શ્રેષ્ઠ ભાગની

તલાશ અને જરૂરત પૂરતી વાટ ખર્ચી ભેગી કરીને બેપરવા થઈ શકો છો. અલબત્તા બોજ હળવો રાખો અને પોતાની ક્ષમતાથી વધારે પીઠ પર બોજ ન લાદો, કે આ ભારી વજન જાન પર વબાલ બની જાય. અને પછી કોઈ ફકીર મળી જાય અને તમારી વાટખર્ચી કયામત સુધી પહોંચાડી શકતો હોય અને કાલે જરૂરતના સમયે સંપૂર્ણ રીતે તમને સોંપી શકતો હોય તો તેને ગનીમત સમજો અને માલ તેને સુપુર્દ (સોંપી) કરી દયો અને વધારેમાં વધારે તેને આપી દયો કે પાછળથી કદાચ તેને ગોતો અને તે ન મળે. અને તેને પણ ગનીમત જાણો જે તમારી દોલતમંદીના કાળમાં તમારાથી કરજ માગે જેથી એ દિવસે પરત કરી દે જયારે તમારી ગરીબીના દિવસો હોય.

અને યાદ રાખો કે તમારી સામે ઘણો દુષ્કર માર્ગ છે જેમાં હળવા બોજવાળો ભારે બોજવાળાથી ઘણો સારો રહેશે અને ધીમે ચાલનાર ઝડપી ચાલવાળાથી વધારે ખરાબ સ્થિતિમાં હશે અને તમારી મંઝિલ આખરે જન્નબત અથવા જહન્નહમ છે એટલા માટે પોતાના આત્મા માટે મંઝિલની

પહેલા જગ્યા ગોતી લ્યો અને ઉતરવા પહેલા તેને સરખી કરી લ્યો. કેમકે મરવા પછી ન રાજીપો મેળવવાની કોઈ શક્યતા છે અને ન દુનિયામાં પાછા ફરવાની.

યાદ રાખો, જેના હાથમાં જમીન અને આસમાનોના ખજાના છે તેણે તમને દુઆ કરવાનો હુકમ કર્યો છે. અને કબૂલ કરવાની જમાનત આપી છે. અને તમને આજ્ઞાધિન કર્યા છે કે તમે સવાલ કરો જેથી તે અર્પણ કરે. અને તમે રહેમતની માંગણી કરો, જેથી તે તમારા પર દયા કરે. તેણે તમારી અને પોતાની વચ્ચે કોઈ ચોકીદાર નથી રાખ્યો કે ન તમને કોઈ ભલામણ કરનારાના મોહતાજ બનાવ્યા છે. ગુનાહ થઈ જવાના સંજોગોમાં તૌબાથી પણ રોક્યા નથી અને અઝાબમાં ઉતાવળ પણ નથી કરી. અને તૌબા કરવા પર મેણા પણ નથી મારતો અને તમને બદનામ પણ નથી કરતો, જો તમે તેના હકદાર છો. તેણે તૌબા કબૂલ કરવામાં પણ કોઈ સખ્તીથી કામ નથી લીધું. અને ગુનાહો પર સખ્ત પૂછાણું કરીને રહેમતથી નિરાશ પણ નથી કર્યા. બલ્કે ગુનાહોથી દૂર રહેવાને પણ એક નેકી લેખાવી છે. અને વળી

બુરાઈમાં એકને એક ગણી છે. અને નેકીઓમાં એકને દસ ગણી બનાવી દીધી છે.

તૌબા અને રાજીપો માગવાના દ્વારો ઉઘાડી દેવામાં આવ્યા છે કે જયારે પણ પુકારો તરત જ સાંભળી લે છે. અને જયારે કરગરો તો તેનાથી પણ જાણકાર રહે છે. તમે તમારી માંગણીઓ તેને હવાલે કરી શકો છો. તેને પોતાની પરિસ્થિતિ બતાવી શકો છો. પોતાના દુ:ખ દર્દની શિકાયત કરી શકો છો. પોતાના ગમ અને યાતનાના ટાળવાની માંગણી કરી શકો છો. પોતાના મામલાઓમાં મદદ માગી શકો છો. અને તેની રહેમતના ખજાનામાંથી એટલું માગી શકો છો જેટલું કોઈ બીજો કોઈ પણ રીતે નથી દઈ શકતો, ચાહે તે વયમાં વધારો હોય, અથવા શરીરનું આરોગ્ય અથવા રોઝીની વિશાળતા. ત્યાર પછી તેણે દુઆની રજા આપી જાણે રહેમતના ખજાનાની ચાવીઓ તમારા હાથમાં આપી દીધી છે, કે જયારે ચાહો ત્યારે એ ચાવીઓથી નેઅમતના દરવાજા ખોલી શકો છો અને રહમતની વર્ષા વરસાવી શકો છો.

એટલે ખબરદાર ! સ્વિકારમાં વિલંબ તમને નિરાશ ન કરી દે, કેમકે ભેટ હમેશા નિય્યત પ્રમાણે હોય છે અને કદી કદી સ્વિકારવામાં એ કારણે વિલંબ કરવામાં આવે છે કે તેથી માગનારાના અજ્રમાં વધારો અને ઉમ્મીદવારની ભેટમાં વધારાની શક્યતા રહે છે. અને બની શકે છે કે તમે કોઈ વસ્તુનો સવાલ કરો અને તે ન મળે અને ત્યાર પછી જલદી અથવા ઢીલથી તેનાથી વધારે સારી વસ્તુ મળી જાય અથવા તેને તમારી ભલાઈ માટે રોકી લેવામાં આવી હોય. એટલા માટે કે ઘણીવાર એવું પણ બને છે કે તમે જે માગ્યું છે તે મળી જાય તો દીનની બરબાદીનો ખતરો હોય. એટલે માત્ર એ જ વસ્તુ માગો જેમાં તમારૂં નેકપણું બાકી રહે અને તમે વબાલથી બચી જાઓ. પૈસો ન સદા રહેનારો છે અને ન તમે તેના માટે બાકી રહેનારા છો.

બેટા ! યાદ રાખો કે તમને આખેરત માટે પેદા કરવામાં આવ્યા છે દુનિયા માટે નહીં અને ફના માટે બનાવવામાં આવ્યા છો દુનિયામાં અમર રહેવા માટે નહીં. તમારૂં સર્જન મૃત્યુ માટે થયું છે, જીવન માટે નહીં અને તમે

એ ઘરમાં છો જ્યાંથી દરેક હાલતમાં ઉપડવાનું છે અને જરૂરત પૂરતો સામાન એકઠો કરવાનો છે.

અને તમે આખેરતના રસ્તે છો અને મૌત તમારો પીછો કરી રહી છે. જેનાથી કોઈ ભાગવાવાળો બચી નથી શકતો અને તેના હાથમાંથી નિકળી નથી શકતો. તે ગમે તેમ તેને આંબી લેશે. એટલે તેના તરફથી સાવચેત રહો કે ક્યાંક એ તમને ખરાબ સ્થિતિમાં ન પકડી લે. અને તમે ખાલી તૌબા વિશે વિચારતા જ રહી જાઓ. અને એ તમારી અને તૌબાની વચ્ચે રૂકાવટ બની જાય. કેમકે આ રીતે તો જાણે તમે તમારા આત્માનો નાશ કર્યો.

અય પુત્ર ! મૌતને બરાબર યાદ કરતા રહો અને એ સંજોગોને યાદ કરતા રહો જ્યાં અચાનક ઉતરવાનું છે. અને જ્યાં સુધી મૃત્યુ પછી જવાનું છે. જેથી એ તમારી પાસે આવે તો તમે બચાવનો સામાન તૈયાર રાખ્યો હોય અને પોતાની શક્તિને બળવાન બનાવી ચૂક્યા હો. અને તે અચાનક આવી તમારા પર કબ્જો ન કરી લે. અને ખબરદાર ! દુનિયા

વાળાઓને દુનિયા પ્રતિ નમતા અને તેના પર મરતા જોઈને ક્યાંક તમે ધોકામાં ન આવી જતા કેમકે પરવરદિગાર આ વિશે તમને બતાવી ચૂક્યો છે અને એ (દુનિયા) પોતે પણ પોતાની આપવીતી સંભળાવી ચૂકી છે. અને પોતાની દુષ્ટતા જાહેર કરી ચૂકી છે. દુનિયાદાર લોકો માત્ર ભસવાવાળા કુતરા અને ફાડી ખાનાર પશુઓ છે. જ્યાં એક બીજા પર ભસે છે અને બળવાન નિર્બળને ખાઈ જાય છે. અને મોટો નાનાને ચગદી મારે છે. આ બધા પશુઓ છે જેમાંના કેટલાક બાંધેલા અને કેટલાક રખડું, ભટકતા જેઓએ પોતાની બુધ્ધિ ખોઈ નાખી છે અને અજાણ્યા પંથે ચાલી નિકળ્યા છે. જાણે વિકટ ખીણોમાં સંકટોમાં ચરનારા છે, જ્યાં ન કોઈ ભરવાડ છે જે સીધે રસ્તે લગાવી શકે અને ન કોઈ ચરાવનાર છે જે તેઓને ચરાવી શકે. દુનિયાએ તેમને ભટકતા માર્ગ પર નાખી દીધા છે અને તેમની દ્રષ્ટિને હિદાયતના મીનારની સામે હણી લીધી છે. અને તે દિગ્મુઢ દશામાં ભટકી રહ્યો છે અને તેના વિલાસમાં ડૂબેલા છે. દુનિયાને પોતાની માબૂદ બનાવી લીધી

છે અને તે તેનાથી રમી રહી છે અને તેઓ તેનાથી રમી રહ્યા છે અને બધા આખેરતને સદંતર ભુલાવી બેઠા છે.

થોભો ! અંધકારને વીખરાવા દયો. એવું લાગશે જાણે કાફલાઓ આખેરતની મંઝિલમાં ઉતરી ચૂક્યા છે અને નજીક છે કે તેજ ચાલવાવાળા લોકો આગળના લોકો સાથે ભળી જાય.

બેટા ! યાદ રાખો કે જે રાતદિવસના વાહન પર સવાર છે તે જાણે પ્રવાસમાં છે, ભલે પછી ઊભેલો જ કેમ ન હોય, અને અંતર કાપી રહ્યો છે, ચાહે નિરાંતે રોકાયો કેમ ન હોય. આ વાત યકીન સાથે સમજી લ્યો કે તમે ન દરેક આશા મેળવી શકો છો અને ન અજલથી આગળ વધી શકો છો. તમે આગળના લોકોના ચીલે જ ચાલી રહ્યા છો, તેથી તીવ્ર ઇચ્છામાં ધીમી ચાલથી કામ લ્યો અને રોઝી કમાવામાં મધ્યમ માર્ગ અપનાવો, નહિતર ઘણી આશાઓ - ઇચ્છાઓ માણસને માલથી વંચિત રાખી દે છે અને દરેક તલબ કરવાવાળો સફળ પણ નથી થતો. અને ન મધ્યમ માર્ગ

અપનાવનાર વંચિત રહે છે. પોતાના નફસને દરેક પ્રકારની પડતીથી દૂર જ રાખો ભલે પછી તે પડતી મનગમતી વસ્તુઓ સુધી પહોંચાડી જ કેમ ન આપે.

એટલા માટે કે જે સ્વમાન આપી દેશો તેનો કોઈ બદલો નથી મળી શકતો અને ખબરદાર ! કોઈના ગુલામ ન બની જતા, જયારે કે પરવરદિગારે તમને આઝાદ બનાવ્યા છે, જુઓ એ નેકીમાં કોઈ ભલાઈ નથી જે દુષ્ટતાથી મેળવવામાં આવે અને એ આસાની આસાની નથી જે મુશ્કેલીના માર્ગે મળે.

ખબરદાર ! લાલચના વાહનો તેજ ચાલ દેખાડી તમને નાશના આરે ન ઉતારી દે. અને જો શકય હોય કે તમારી અને ખુદાની વચ્ચે કોઈ નેઅમતવાળો ન આવવા પામે તો એમ જ કરો કેમકે ગમે તેમ તમને તો તમારો હિસ્સો મળવાનો છે અને પોતાના ભાગ્યનું કોઈ પણ રીતે લેવાવાળા છો. અને અલ્લાહના તરફથી થોડું પણ લોકોના ઘણાથી વધારે શ્રેષ્ઠ હોય છે, જો કે બધું અલ્લાહ તરફથી જ હોય છે.

ચૂપકીદીના કારણે થવાવાળા નુકસાનને ભરવું વાતચીતથી થવાવાળા નુકસાનના ઉપાયથી આસાન હોય છે. વાસણની અંદરની વસ્તુ મોં બંધ કરી સાચવી શકાય છે અને પોતાના હાથના માલને સાચવી લેવો એ બીજાના હાથની નેઅમત માગવા કરતા વધારે સારૂં છે. હતાશાની કડવાશને સહી લેવી એ લોકો સામે હાથ ફેલાવવાથી વધારે સારૂ છે. અને પવિત્રતા સાથે મહેનત મજૂરી કરવી છળ કપટથી માલદાર બનવા કરતા સારૂં છે.

દરેક ઇન્સાન પોતાના ભેદને બીજા કરતા વધારે જાળવી શકે છે અને ઘણા લોકો છે જે એ કામની પાછળ પડયા છે જે તેઓના માટે નુકસાનકારક છે. વધારે વાત કરનારો બકવાસ કરવા લાગે છે અને ચિંતન મનન કરવાવાળો દ્રષ્ટા બની જાય છે. સારા લોકો સાથે રહો જેથી તેઓમાં ગણાવા લાગો અને બુરા લોકોથી અલગ રહો જેથી તેઓથી તમારો અલગ હિસાબ લેવામાં આવે.

ખરાબમાં ખરાબ ખોરાક હરામનો માલ છે. અને અધમમાં અધમ ઝુલ્મ કમઝોર પરનો ઝુલ્મ છે. નરમી યોગ્ય ન હોય તો સખ્તી જ યોગ્ય છે, કદી કદી દવા રોગ બની

જાય છે, અને રોગ દવા, અને કયારેક કયારેક ગેર મુખ્લિસ પણ નસીહતની વાત કરી દે છે અને કદી કદી મુખ્લિસ પણ ખયાનતથી કામ લે છે. જુઓ ખબરદાર, ઇચ્છાઓ પર ભરોસો ન કરવો કેમકે એ મુર્ખાઓની મૂડી છે. ડહાપણ અનુભવોને સંભાળી રાખવામાં છે અને શ્રેષ્ઠ અનુભવ એ જ છે જેનાથી શિખવાનું મળે. ફુરસદનો લાભ ઉપાડો એ પહેલા કે રંજ અને ગમનો સામનો કરવો પડે. દરેક માગનાર ઇચ્છિત વસ્તુ મેળવી પણ નથી શકતો અને દરેક અદ્રશ્ય થનાર પાછો ફરીને પણ નથી આવતો.

ફસાદનો એક પ્રકાર વાટખર્ચીને વેડફી નાખવી અને શક્તિને ગુમાવી દેવી છે. દરેક કામનું એક છેવટ છે અને નજીકમાં જ તમને એ મળી જશે જે તમારા ભાગ્યમાં છે. વેપાર કરનાર એ જ હોય છે જે માલને જોખમમાં નાખી શકે. ઘણીવાર થોડો માલ વધારેમાં વધારે બરકતવાળો હોય છે. એ મદદગારમાં કોઈ સારપ નથી જે હડધૂત હોય, અને એ દોસ્ત બેકાર છે જે બદનામ હોય, જમાના સાથે સહુલતનો વર્તાવ કરો જ્યાં સુધી તેનો ઊંટ કાબુમાં રહે અને કોઈ વસ્તુને તેના વધારાની આશામાં ખતરામાં ન નાખો.

ખબરદાર ! ક્યાંક દુશ્મની અને વેરની સવારી તમારી સાથે મોં મારી (ઝઘડો) ન કરવા લાગે.

તમારા નફસને પોતાના ભાઈના વિષયમાં સંબંધ તોડવાના મુકાબલામાં જોડવા, વિમુખતાના મુકાબલામાં મહેરબાની, કંજુસીના મુકાબલામાં પ્રદાન, દૂરીના મુકાબલામાં નિકટતા, સખ્તીના મુકબલામાં નરમી, અને જુર્મના મુકાબલામાં ક્ષમાયાચના માટે તૈયાર કરો જાણે કે તમે તેના બંદા છો અને એણે તમારા પર એહસાન કર્યો છે. અને ખબરદાર ! એહસાનને પણ અસ્થાને ન કરવો. પોતાના દુશ્મનના દોસ્તને પોતાનો દોસ્ત ન બનાવવો કેમકે તમે પોતાના દોસ્તના દુશ્મન બની જશો. અને પોતાના ભાઈને અંતર શુધ્ધ નસીહતો કરતી રહેવી ચાહે તેને સારી લાગે કે બુરી, ગુસ્સો પી જાવ કેમકે મે પરિણામની રૂએ તેનાથી વધારે મીઠી ઘૂંટ કોઈ નથી જોઈ અને ન અંતના હિસાબે વધારે લિજ્જતદાર. અને જે તમારી સાથે સખ્તી કરે તેના માટે નરમ થઈ જાવ, કદાચ એ પણ કદી નરમ થઈ જાય. પોતાના દુશ્મન પર એહસાન કરો કેમકે એમાં બેમાંથી એક સફળતા સૌથી મધૂર સફળતા છે. અને જો પોતાના ભાઈથી

સંબંધ તોડવા ચાહો તો પોતાના દિલમાં એટલી ગુંજાઈશ રાખો કે જો તેને કોઈ દિવસ પાછા ફરવાનો વિચાર ઉદભવે તો પાછો આવી શકે. જે તમારા વિશે સારા વિચાર રાખતો હોય તેના વિચારને ગલત થવા ન દયો. પરસ્પર સંબંધોના કારણે કોઈ ભાઈના હકને બરબાદ ન થવા દેવા કેમકે જેના હક બરબાદ કર્યા તે પછી ખરેખર ભાઈ નથી. અને જુઓ તમારા કારણે તમારા ઘરવાળાઓ કમનસીબ ન બનવા પામે અને જે તમારાથી અળગો થવા માગે તેની પાછળ ન લાગો. તમારો કોઈ ભાઈ તમારાથી સંબંધો તોડવામાં તમારા પર સરસાઈ ન લઈ જાય (નોટ : તમારા ભાઈથી એવા સંબંધ જાળવી રાખો કે તે સંબંધ તોડવામાં પહેલ ન કરી શકે.) અને તમે સંબંધો મજબૂત કરી લ્યો. અને ખબરદાર બુરાઈ કરવામાં નેકી કરવાથી વધારે શક્તિનું પ્રદર્શન ન કરવું. અને કોઈ ઝાલિમના ઝુલ્મને ઘણો મોટો ન કલ્પવો. કેમકે તે પોતાને નુકસાન પહોંચાડી રહ્યો છે અને તમને ફાયદો પહોંચાડી રહ્યો છે. અને તમને જે ફાયદો પહોંચાડે તેનો બદલો એ નથી કે તમે તેની સાથે બુરાઈ કરો.

અને બેટા ! યાદ રાખો કે રોઝીના બે પ્રકાર છે. એક રોઝી એ છે જેને તમે ગોતી રહ્યા છો અને એક રોઝી એ છે જે તમને ગોતી રહી છે, જો તમે તેના સુધી નહીં પહોંચો તો તે તમારા સુધી પહોંચી જશે. જરૂરતના વખતે આજીજી અને કરગરવું કેટલું નામોશી ભર્યું છે? ! અને બેપરવાઈના સમયમાં કવર્તાવ કેટલું કુકૃત્ય છે ! આ દુનિયામાં તમારો ભાગ એટલો જ છે જેનાથી તમારી આખેરતની વ્યવસ્થા કરી શકો. અને જો કોઈ વસ્તુ હાથમાંથી નિકળી જવા પર પરેશાની દેખાડવી છે તો દરેક એ વસ્તુ પર પણ ફરિયાદ કરો જે તમારા સુધી પહોંચી નથી. જે કંઈ થઈ ગયું તેનાથી જે કંઈ થવાવાળું છે તેનો અંદાજો કરો. કેમકે મામલાઓ બધાએ બધા એક જ જેવા હોય છે.

અને ખબરદાર ! એ લોકોમાં ન થઈ જાવ જેના પર ત્યાં સુધી શિખામણ અસર કરતી નથી જ્યાં સુધી તેને દુ:ખ (તકલીફ) ન દેવામાં આવે એટલા માટે કે બુધ્ધિવાન અદબથી નસીહત મેળવે છે અને જાનવર મારપીટથી સીધું થાય છે. દુનિયામાં પડનારા સંકટો અને આપત્તિઓને સબ્રના

ઇરાદાઓ અને યકીનના સૌંદર્યથી ટાળો. યાદ રાખો કે જેણે પણ મધ્યમ માર્ગ છોડયો તે વિમુખ થઈ ગયો. સાથી એક રીતે ખાનદાનનો ભાગ હોય છે અને દોસ્ત એ છે જે પીઠ પાછળ પણ સાચો દોસ્ત રહે. ઇચ્છા આંધળાપણાની ભાગીદાર હોય છે. ઘણા દૂરવાળા એવા હોય છે જે નિકટતાથી વધારે નિકટ હોય છે અને ઘણા નજીક્વાળા દૂરવાળાઓથી વધારે દૂર હોય છે.

રંક એ છે જેનો કોઈ મિત્ર ન હોય. જે સત્યને છોડી દે છે તેનો માર્ગ સંકુચિત થઈ જાય છે અને જે પોતાની હેસીયત પર કાયમ રહે છે, તેની ઇઝઝત બાકી રહી જાય છે.

તમારા હાથમાં મજબૂત વસીલો તમારા અને ખુદા વચ્ચેનો સંબંધ છે. અને જે તમારી પરવા ન કરે એ જ તમારો દુશ્મન છે. કદી કદી નિરાશા પણ સફળતા બની જાય છે, જયારે લોભ અને લાલચ નાશનું કારણ હોય, દરેક ખામી દેખાતી નથી. અને ન દરેક તક વારંવાર મળે છે.

કદી કદી એમ પણ થાય છે કે આંખોવાળા ભટકી જાય છે અને આંધળો સીધો માર્ગ મેળવી લે છે. બની શકે

ત્યાં સુધી દુષ્કૃત્યો ટાળતા રહો, કેમકે તે તો તમે જયારે ચાહો આચરી શકો છો. જાહિલથી સંબંધો તોડવા અક્કલવાનથી સંબંધ રાખવા બરાબર છે. જે જમાનાથી નચિંત થઈ જાય છે, જમાનો તેનાથી અપ્રમાણિક્તા કરે છે. અને જે તેને મોટો સમજે છે તેને તે હડધૂત કરી દે છે.

દરેક તીરંદાજનું તીર નિશાના પર નથી લાગતું. જયારે હાકિમ બદલાઈ જાય છે તો જમાનો પણ બદલાઈ જાય છે. મુસાફરી કરવા પહેલા સફરનો સાથી કોણ છે તે જાણી લ્યો. અને ઘર પસંદ કરવા પહેલા તેના પડોશીઓ કેવા છે એ જાણી લ્યો.

ખબરદાર ! એવી કોઈ વાત ન કરવી જેમાં મજાક હોય, ભલે બીજાની વાતની જ નકલ કરતા હો.

ખબરદાર ! સ્ત્રીઓથી સલાહ મશ્વેહરો ન કરવો કેમકે તેની રાય કમઝોર અને તેનો ઇરાદો ઢીલો હોય છે. તેણીને પરદામાં રાખી તેઓની દ્રષ્ટિને તાકવા ઝાંખવાથી બચાવી રાખો. કેમકે પરદાની સખ્તી તેની ઇઝઝત આબરૂ જાળવી રાખનારી છે. અને તેઓનું ઘર બહાર નિકળવું ભરોસા

વગરના માણસોને પોતાના ઘરમાં પ્રવેશવા દેવાથી પણ વધારે ખતરનાક છે. જો એ શકય હોય કે તે તમારા સિવાય કોઈને ન ઓળખે તો એમ જ કરો. અને ખબરદાર તેને તેના જાતી પ્રશ્નોથી વધારે અધિકાર ન આપો કેમકે ઓરત એક ફૂલ છે અને હાકિમ કે અધીકારી નથી. તેઓ જે ઇચ્છતી હોય અને મહત્વ આપતી હોય તે બાબતમાં યોગ્ય અને બુધ્ધિપૂર્વક રસ લ્યો. પણ તેણીને તમારા અભિપ્રાય પર હાવી ન થવા દો. જુઓ ગયરતના પ્રસંગો સિવાય ગયરતનું પ્રદર્શન ન કરવું નહીંતર ગુણવંત સ્ત્રી પણ અધમ માર્ગે વળી જશે. અને બેએબ (ખામી વગરનું) પણ શંકાપાત્ર બની જાય છે.

પોતાના નોકરો માટે એક કાર્ય નક્કી કરી દયો. જેની પુછા કરી શકો. કેમકે એ આ વાત એક બીજા પર ઢોળવા કરતા વધારે સારૂં છે. પોતાના ખાનદાનનું સન્માન કરો કેમકે આ જ તમારા માટે પાંખો છે જેના વડે તમે ઉડો છો અને આ જ તમારૂં મૂળ છે જેની તરફ પાછા ફરવાનું છે. અને એ તમારા હાથ છે જેના વડે તમે હુમલો કરી શકો છો. પોતાના

દીન અને દુનિયાને ખુદાના હવાલે કરી દયો. અને તેનાથી દુઆ કરો કે તમારા હકમાં દુનિયા અને આખેરતમાં શ્રેષ્ઠ ફેંસલો કરે. વસ્સલામ

# (૩૨) મુઆવિયાના નામે

તમે લોકોના એક મોટા વર્ગનો નાશ કર્યો છે. તેઓને પોતાની ગુમરાહીથી ધોકામાં રાખ્યા છે. અને પોતાના સમંદરની મોજાઓના હવાલે કરી દીધા છે. જ્યાં અંધકાર તેઓ પર છવાઈ ગયો છે. અને શંકાઓના થપેડા તેઓને ઉપરતળે કરી રહ્યા છે. પરિણામે તેઓ હક માર્ગથી હટી ગયા અને પાછા પગે ફરી ગયા અને પીઠ ફેરવી ચાલતા પડયા. અને પોતાના કૂળ કુટુંબ પર ભરોસો કરી બેઠા. સિવાય એ અમુક સમજદાર, જેઓ પાછા ફર્યા અને તેઓએ તને ઓળખી લીધા બાદ છોડી દીધો, એ તારી હિમાયતથી ભાગી અલ્લાહની તરફ આવી ગયા, જયારે કે તેં એમને મુશ્કિલોમાં નાખી દીધા હતા, અને મધ્યમ માંગથી હટાવી દીધા હતા. એટલે અય મુઆવિયા ! પોતાના વિશે અલ્લાહથી ડર અને શયતાનથી જાન છોડાવ કેમકે આ દુનિયા હર હાલમાં તારાથી અલગ થવાવાળી છે અને આખેરત ઘણી નજીક છે. વસ્સલામ.

# (33) કસમ બિન અબ્બાસ, મક્કાના ગવર્નરને નામે

જાણી લ્યો કે, મારા પશ્ચિમ ઇલાકાના જાસૂસોએ મને લખીને ખબર આપી છે કે, હજની મૌસમ માટે શામ તરફથી કેટલાય એવા લોકોને મોકલવામાં આવ્યા છે, જે દિલોના આંધળા, કાનોના બહેરા અને આંખોની રોશની વગરના છે. આ હકને બાતિલથી ભૂલાવા (સંદેહ)માં નાખનારા છે. અને ખાલિકની નાફરમાની કરીને મખ્લૂકને ખૂશ કરનારા છે. તેઓનું કામ દીનના મારફત દુનિયાને દોહવાનું છે. અને આ નેક ચારિત્ર્યવાન, પરહેઝગાર લોકોની આખેરતને દુનિયાના મારફત ખરીદવાવાળા છે. જયારે કે નેકી એ લોકોનો ભાગ છે જેઓ નેકી કરે. અને ખરાબી એ લોકોના ભાગમાં આવે છે, જેઓ બુરા કામ કરે છે. જુઓ, પોતાના હોદ્દાની ફરજોના સિલસિલામાં એક અનુભવી, પાકટ વિચારના, નિસ્વાર્થ, હોશિયાર ઇન્સાનની જેમ અડીખમ રહેજો જે પોતાના હાકિમને તાબે અને ઇમામનો આજ્ઞાંકિત હોય અને ખબરદાર, કોઈ

એવું કામ ન કરજો જેનો બચાવ કરવો પડે અને રાહત અને આરામમાં ગર્વિષ્ટ (મગરૂર) ન બની જજો. અને ન કઠણ સંજોગોમાં કાયરતા દેખાડજો. વસ્સલામ

# (૩૪) મોહમ્મદ બિન અબી બક્રના નામે

*જયારે આપને એ ખબર મળી કે તે પોતાના પદભ્રષ્ટ થવા અને માલિકે અશ્તરને નિયુક્ત કરવા પર તેઓ ગમગીન છે અને પછી માલિકે અશ્તર મિસર પહોંચવા પહેલા ઇન્તેકાલ પણ કરી ગયા.*

જાણી લ્યો! મને માલિકે અશ્તરના મિસર તરફ મોકલવાના વિશે તમારા અણગમાની ખબર મળી છે. જો કે મેં આ કામ એટલે નહોતું કર્યું કે તમને આ કામ માટે કમજોર જોયા હતા. અથવા તમારાથી વધારે મહેનતની તીવ્ર ઇચ્છા રાખી હતી બલ્કે જો મેં તમોને તમારી સત્તાથી નીચે ઉતાર્યા હતા તો તમારાથી એવું કામ લેવા મગતો હતો જે તમારા માટે મહેનતના હિસાબે આસાન પણ હોય અને પસંદ પણ હોય.

જે શખ્સને મેં મિસરનો ગવર્નર બનાવ્યો હતો તે મારો નિસ્વાર્થ સાથી અને મારા શત્રુઓ માટે સખ્ત પ્રકારનો દુશ્મન હતો, ખુદા તેઓ પર રહેમત ઉતારે, તેમણે પોતાના દિવસો પૂરા કર્યા અને પોતાની મૌતને ભેટી ગયા અને

તેનાથી હર હાલમાં રાજી છીએ. અલ્લાહ તેમને પોતાની રઝા અર્પણ કરે. અને તેના સવાબમાં વધારો કરે.

હવે તમે દુશ્મનના સામના માટે નિકળી પડો અને પોતાની ઊંડી સમજ મુજબ વર્તો. જે તમારાથી લડે તેનાથી લડવા કમર કસી લ્યો. અને દુશ્મનને ખુદાના માર્ગની દાવત આપી દયો. ત્યાર પછી અલ્લાહથી નિરંતર મદદ માગતા રહો. એ તમારા માટે દરેક સાહસમાં પૂરતો છે. અને તેજ આવનારી આપત્તિમાં મદદ કરવાવાળો છે. ઇન્શાઅલ્લાહ.

# (૩૫) અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસના નામે

*મોહમ્મદ બિન અબી બક્રની શહાદત પછી*

સલામ બાદ ! જુઓ મિસર પર દુશ્મનનો કબ્જો થઈ ગયો છે, અને મોહમ્મદ બિન અબી બક્ર શહીદ થઈ ગયા છે. (ખુદા તેમના પર રહેમત ઉતારે) હું તેમની મુસીબતનો બદલો ખુદાથી ચાહું છું. તેઓ મારા નિસ્વાર્થ ફરઝંદ અને મહેનતું ગવર્નર હતા. મારી તેજધાર તલવાર અને મારા રક્ષણદાયક સ્તંભ. મેં લોકોને તેમની સાથે ભળી જવા માટે તૈયાર કર્યા હતા, અને તેઓને હુકમ આપ્યો હતો કે જંગની પહેલા તેઓની મદદે પહોંચી જાય અને તેઓને ગુપ્ત રીતે અને જાહેર રીતે અને દરેક રીતે અમલની દાવત આપી હતી અને વારંવાર પુકાર્યા હતા, પરંતુ અમુક લોકો કમને (અણગમા સાથે) આવ્યા અને અમુકે ખોટા બહાના કાઢયા. કેટલાક તો મારા હુકમની ઉપેક્ષા કરી ઘરમાં જ બેઠા રહ્યા. હવે હું પરવરદિગારથી દુઆ કરૂં છું કે મને તેઓ તરફથી જલ્દી કામમાં સરળતા અર્પણ કરી દે. કેમકે ખુદાની કસમ જો મને દુશ્મનથી મુલાકાત કરી શહાદતના સમયની ઉત્કંઠા ન

હોત અને મેં મારા નફસને મૌત માટે સચેત ન કર્યો હોત, તો હું એ હરગીઝ પસંદ ન કરત કે એ લોકોની સાથે ભળી એક દિવસ પણ દુશ્મનનો મુકાબલો કરૂં અથવા પોતે એ લોકોને મળું.

# (૩૬) પોતાના ભાઈ અકીલના પત્રના જવાબમાં

*જેમાં આપે પોતાના અમુક લશ્કરોનો ઉલ્લેખ કર્યો છે અને આ હકીકતમાં અકીલના પત્રનો જવાબ છે.*

એટલે મેં તેની તરફ મુસલમાનોનું એક મોટું લશ્કર રવાના કરી દીધું છે અને જયારે તેને આ વાતની ખબર પડી તો તેણે પાલવ સંકેલી ભાગવું અખત્યાર કર્યું. અને પસ્તાઈને પાછળ હટી ગયો તો અમારા લશ્કરે તેને રસ્તામાં જ પકડી પાડયો, જયારે સૂર્યાસ્ત થવો નજીક હતો. પરિણામે બંનેમાં એક સંક્ષિપ્ત લડાઈ થઈ અને એક ઘડી વીતવા ન પામી હતી કે તેણે ભાગીને મૂક્તિ મેળવી લીધી. જયારે કે તેને ગળેથી પકડયો હતો અને થોડા શ્વાસ સિવાય કંઈ બાકી નહોતું રહ્યું. આ રીતે તેણે ઘણી મુશ્કેલીથી જાન બચાવી. એટલે હવે કુરૈશ અને ગુમરાહીમાં તેઓની તેજ રફતારી અને તડાઓમાં તેઓનું ભ્રમણ અને ભટકવામાં તેઓની મોં મારીનો ઉલ્લેખ છોડી દયો. કેમકે તે લોકોએ મારી સાથે લડવા માટે એમ જ એકો કરી લીધો છે, જેવી રીતે હઝરત રસૂલે અકરમ

સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ સાથે જંગ પર સંપ કરી લીધો હતો. હવે અલ્લાહ જ કુરૈશને તેઓના કર્યાનો બદલો આપે કેમકે તેમણે મારા સગપણનો નાતો તોડી નાખ્યો અને મારાથી મારા ભાઈની હુકૂમત આંચકી લીધી.

અને આ જે તમે જંગના બારામાં મારી રાય પૂછી છે તો મારી રાય એ જ છે કે જે લોકોએ જંગને હલાલ બનાવી રાખ્યું છે તેઓ સાથે જંગ કરતો રહું, ત્યાં સુધી કે માલિકના દરબારમાં હાજર થઈ જાઉં. મારી આસપાસ લોકોની જમાવટ મારી ઇઝઝતમાં વધારો નથી કરી શકતી, ન તેઓના વિખરાઈ જવાથી મારા ભયમાં વધારો થઈ શકે છે. અને મારા ભાઈ જો બધાય લોકો મારો સાથ છોડી દે તો તમે મને કમઝોર અને ભયભિત નહીં ભાળો, અને ન ઝુલ્મનો ઇકરાર કરવાવાળો, કમઝોર અને કોઈ આગેવાનના હાથમાં આસાનીથી લગામ સોંપી દેનારો અને કોઈ સવારના માટે વાહનની સગવડતા આપવાવાળો પામશો. બલ્કે મારી એજ સ્થિતિ હશે જેના વિશે કબીલા બની સલીમવાળાએ કહ્યું છે:-

જો તું મારી સ્થિતિ વિશે પૂછી રહી છે તો સમજી લે કે હું જમાનાની વિટંબણાઓ પર ધીરજ ધરનારો છું અને અડગ નિશ્ચયી છું. મારે માટે એ અસહ્ય છે કે મનેં ચિંતાગ્રસ્ત જોવામાં આવે અને દુશ્મનો મેણા મારે અથવા મિત્રો આ પરિસ્થિતિથી દુ:ખી થઈ જાય.

# (૩૭) મુઆવિયાના નામે

વાહ, સુબ્હાનલ્લાહ ! તું નવી નવી ઇચ્છાઓ અને શ્રમમાં નાખનારી આશ્ચર્યતા અને પરેશાનીથી કેટલો ચોંટેલો છે જયારે કે તેં જ હકીકતોને બરબાદ કરી દીધી છે અને દલીલો ઠુકરાવી દીધી છે જે (દલીલો) અલ્લાહ ચાહે છે અને બંદાઓ પર તેની હુજ્જત છે.

રહી ગઈ હ. ઉસ્માન અને તેના કાતિલો વિશે તમારો ઝઘડો વધારવો તો તેનો ટૂંકો જવાબ એ છે કે તમે હ. ઉસ્માનને મદદ એ ટાણે કરી છે જયારે મદદમાં તમારો લાભ હતો. અને એ સમયે લાવારિસ છોડી દીધા જયારે મદદમાં તેનો લાભ હતો. - વસ્સલામ.

# (૩૮) માલિકે અશ્તરની ગવર્નરીના પ્રસંગે મિસરવાળાઓના નામે

ખુદાના બંદા, અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલય્હિસ્સલામની) તરફથી એ કૌમના નામે જેણે ખુદાને ખાતર પોતાનો ગુસ્સો દેખાડયો જયારે તેની જમીન પર તેના ગુનાહ કરવામાં આવ્યા. અને તેના હકને વેડફી નાખવામાં આવ્યો. જુલ્મે દરેક સારા નરસા, રહેવાસી અને યાત્રાળું પર પોતાના તંબુ તાણી લીધા, અને ન કોઈ નેકી રહી ગઈ જેના છાંયડા નીચે આરામ કરી શકાય અને ન કોઈ એવી બુરાઈ રહી ગઈ જેનાથી લોકો બચે.

સલામ બાદ, મેં તમારી તરફ ખુદાના બંદાઓમાંથી, એક એવા બંદાને મોકલ્યો છે, જે ભયજનક દિવસોમાં સૂતો નથી, અને ખતરાના સમયમાં દુશ્મનોથી ભયભિત નથી થતો. અને દૂરાચારીઓ માટે આગ કરતાંય વધુ ગરમ છે. અને તેનું નામ માલિકે અશ્તર મુઝહેજી (કબીલાનું નામ) છે. એટલે તમે તેનું કહેવું સાંભળો અને તેના એ હુકમોનું પાલન

કરો જે હક મુજબ હોય. કેમકે તે અલ્લાહની તલવારોમાંથી એક તલવાર છે. જેની તલવાર બુઠી નથી થતી અને જેનો વાર ખાળી (અટકાવી) નથી શકાતો. તે જો કૂચ કરવાનો હુકમ આપે તો નિકળી પડો. અને જો થોભી જવા કહે તો તરત જ થંભી જાવ. એટલા માટે કે તે મારા હુકમ વિના ન આગળ વધી શકે છે ન પાછળ રહી શકે છે. ન આક્રમણ કરી શકે છે ન પાછળ હટી શકે છે. મેં તેના મામલામાં તમને મારા પર આગળ કરી દીધા છે અને પોતાની પાસેથી જુદા કરી દીધા છે કે તેઓ તમારા માટે નિસ્વાર્થ પુરવાર થશે અને તમારા દુશ્મનોના મુકાબલામાં અત્યંત કઠોર હશે.

# (૩૯) અમ્ર બિન અલ આસના નામે

તેં પોતાના દીનને એક એવા શખ્સની દુનિયાના તાબે કરી દીધો છે, જેની ગુમરાહી ખૂલ્લી છે અને તેના એબોનો પડદો ચિરાઈ ગયો છે. તે પ્રતિષ્ઠિત ઇન્સાનને પોતાની સભામાં બેસારી એબદાર અને અકલમંદને પોતાની સોબતથી (સંગતથી) મૂર્ખ બનાવી દે છે. તેં તેના પાદચિહ્નો (નકશે કદમ) પર પોતાના પગ જમાવ્યા છે. અને તેનું એઠું જુઠું ગોત્યું છે જેવી રીતે કુતરો શેરની પછવાડે લાગી જાય છે, જેથી તેના પંજાથી બચેલો રહે છે અને એ સમયની વાટ જોતો રહે છે કે ક્યારે શેર પોતાના શિકારનું વધ્યુ કારવ્યું (વધેલું) ફેંકી દે અને તે એને ખાઈ લે. તેં તો તારી દુનિયા અને આખેરત બંને ગુમાવી દીધી છે. જો કે હકના માર્ગે રહ્યો હોત તો ત્યારે પણ આ હેતુ પામી શકતો હતો. ગમે તેમ હવે તો ખુદાએ મને તમારા પર અને અબૂ સૂફિયાનના પુત્ર પર કાબુ આપી દીધો તો હું તમારા કરતૂતોનો ખરો બદલો આપી દઈશ અને જો તમે બચીને નિકળી ગયા અને મારા પછી

પણ જીવતા રહ્યા તો તમારો આવતો કાળ તમારા માટે અતિશય કઠણ હશે. - વસ્સલામ.

# (૪૦) પોતાના પિત્રાઈ ભાઈ અબ્દુલ્લાહ બિન અબ્બાસના નામે

સલામ બાદ, મને તમારા વિશે એક વાતની ખબર મળી છે. જો તમે એમ કર્યું છે તો પોતાના પરવરદિગારને નારાજ કર્યો છે. પોતાના ઇમામની અવજ્ઞા (નાફરમાની) કરી છે અને પોતાના પ્રમાણિકપણાને પણ બદનામ કર્યું છે.

મને એ ખબર મળી છે કે તમે બયતુલ માલની જમીનને સફાચટ કરી દીધી છે, જે કંઈ પગતળે હતું તેના પર કબ્જો કરી લીધો છે અને જે કંઈ હાથોમાં હતું તેને ગળચી (હડપી) ગયા છો એટલે તરત જ તમારો હિસાબ મોકલી દયો અને એ યાદ રાખો કે અલ્લાહનો હિસાબ લોકોના હિસાબથી વધારે કડક છે. - વસ્સલામ.

# (૪૧) પોતાના પિત્રાઈ ભાઈ અબ્દુલ્લાહ બિન અબ્બાસના નામે

સલામ બાદ, મેં તમને પોતાની અમાનતમાં ભાગીદાર બનાવ્યા હતા, અને પ્રગટ અપ્રગટ (જાહેર અને બતીનમાં) પોતાના ગણ્યા હતા. અને હમદર્દી, સહકાર અને અમાનતદારીના હિસાબે મારા ઘરવાળાઓમાં તમારાથી વધારે વિશ્વાસુ કોઈ નહોતું. પરંતુ જયારે તમે જોયું કે સમય તમારા પિત્રાઈ ભાઈ પર આક્રમણકારી છે અને શત્રુ લડવા તૈયાર છે અને લોકોની અમાનત બદનામ થઈ રહી છે અને ઉમ્મત માર્ગ વગરની અને નિરાધાર થઈ ગઈ છે. તો તમે પણ તમારા પિત્રાઈ ભાઈથી મોં ફેરવી લીધું અને જુદા થવાવાળાઓ સાથે મારાથી જુદા થઈ ગયા. અને સાથ છોડવાવાળાઓ સાથે અલગ થઈ ગયા. અને ખયાનત કરવાવાળાઓ સાથે અપ્રમાણિક થઈ ગયા. ન પોતાના પિત્રાઈને સાથ આપ્યો અને ન વિશ્વાસ કે અમાનતદારીનો ખ્યાલ કર્યો. જાણે કે તમે પોતાની જેહાદથી ખુદાનો ઇરાદો

પણ ન કર્યો હતો. અને જાણે તમારી પાસે પરવરદિગારના તરફથી કોઈ હુજ્જત નહોતી અને જાણે તમે આ ઉમ્મતને ધોકો આપી તેની દુનિયા પર કબ્જો કરવા માગતા હતા અને તમારો આશય હતો કે તેઓની ગફલતનો લાભ ઉપાડી તેઓના માલ પર કબ્જો કરી લ્યો. એટલે જેવી ઉમ્મતથી ખયાનત કરવાની શક્તિ પૈદા થઈ ગઈ તો તમે તેજીથી હુમલો કરી દીધો અને તરત જ કૂદી પડયા અને એ બધો માલ ઉપાડી લીધો જે યતીમો અને બેવાઓ માટે જાળવી રાખવામાં આવ્યો હતો, જેમ કોઈ ચીલ ઝડપ વરૂ તૂટેલી કે જખ્મી બકરીઓ પર હુમલો કરી દે છે. પછી તમે એ માલ હિજાઝની તરફ ઉઠાવી લઈ ગયા. અને આ હરકતથી (કામથી) અતિશય સંતોષી અને ખૂશ હતા અને તેને લેવામાં કોઈ ગુનાહની લાગણી પણ નહોતી જેમ ( ખુદા તમારા દુશ્મનોનું બુરૂં કરે) પોતાના ઘરે પોતાના મા - બાપનો માલ વારસો લાવી રહ્યા હો.

વાહ, સુબ્હાનલ્લાહ ! શું તમને આખેરત પર ઈમાન જ નથી? અને શું કયામતના કડક હિસાબનો ભય પણ

ખતમ થઈ ગયો છે? એ તે શખ્સ જે કાલે અમારી નજીક બુધ્ધિવાનોમાં ગણાતો હતો તમને આ ખાવું પીવું કેમ ગોઠે (ગમે) છે જયારે કે તમને ખબર છે કે તમે હરામનો માલ ખાઈ રહ્યા છે અને હરામ જ પી રહ્યા છો. અને પછી અનાથો, નિરાધારો, મોઅમિનો, મુજાહિદો જેને અલ્લાહે આ માલ આપ્યો છે અને જેઓ દ્વારા આ શહેરોનું રક્ષણ થાય છે. તેઓના માલથી કનીઝો ખરીદી રહ્યા છો અને શાદીઓ રચાવી રહ્યા છો?

ખુદાના વાસ્તે, ખુદાથી ડરો અને એ લોકોના માલ પાછા આપી દયો કેમકે જો એમ નહીં કરો અને ખુદાએ મને તમારા સંબંધમાં એ અધિકાર આપી દીધો તો તમારા સંબંધમાં એ જ ફેંસલો કરીશ જે મને બખ્શાવી શકે અને તમારો નાશ એ જ તલવારથી કરીશ જેના મારેલાનું અને માર ખાધેલાનું જહન્નકમ સિવાય ક્યાંય ઠેકાણું નથી.

ખુદાની કસમ ! જો આ કામ હસન (અલય્હિસ્સલામ) અને હુસૈન (અલયહિસ્સલામ)એ પણ કર્યું હોત તો તેઓ માટે મારા પાસે નરમીની શક્યતા નહોતી અને ન તેઓ મારા નિર્ણયને ટાળી શકતા હતા. જ્યાં સુધી હું તેઓ પાસેથી હક

મેળવી ન લઉં અને તેઓના ઝુલ્મની અસરોને મિટાવી ન દઉં.

જહાનોના પાલનહાર ખુદાની કસમ ! મારા માટે એ વાત કદી ખુશ થવા જેવી નથી જો આ બધો માલ મારા માટે હલાલ હોત અને હું પાછળ વાળાઓ માટે વારસામાં છોડી જાત. જરા હોશમાં આવો, કે હવે તમે જીવનના અંત ભાગમાં પહોંચી ગયા છો, જાણે કે જમીનની અંદર દટાઈ ચૂક્યા છો. અને તમારી સામે તમારા કર્મો (કર્યો) રજૂ કરી દેવામાં આવ્યા છે એ ઠેકાણે જ્યાં ઝાલિમ અબળખાથી ( અફસોસ જનક રીતે) અવાજ આપશે. અને જીવન બરબાદ કરનારા પાછા ફરવાની આરઝૂ કરતા હશે અને છટક્વાની કોઈ બારી નહીં હોય.

# (૪૨) ઉમર ઇબ્ને અબી સલમા મખ્ઝૂમીના નામે

*બેહરૈનના ગવર્નર ઉમર બિન અબી સલમા મખ્ઝૂમી જેને ઉતારી નોઅમાન બિન અજલાન અઝઝરકીને નિયુકત કર્યા.*

જાણી લ્યો કે, મેં નોઅમાન બિન અજલાન ઝરકીને બેહરૈનના ગવર્નર બનાવી દીધા છે. અને તમને એનાથી હટાવી દીધા છે. પરંતુ એમાં ન કોઈ તમારી બુરાઈ છે અને ન ઠપકો. તમે હુકૂમતનું કામ ઘણું સરસ રીતે ચલાવ્યું છે અને અમાનતો અદા કરી દીધી છે. પરંતુ હવે પાછા ચાલ્યા આવો. ન તમારા વિશે કોઈ આશંકા છે ન કોઈ ઠપકાનું કારણ. ન આરોપ છે ન ગુનાહ. અસલમાં મારો ઇરાદો શામના જાલિમોનો સામનો કરવાનો છે એટલે હું ચાહું છું કે તમે મારી સાથે રહો, કેમકે હું તમારા જેવા લોકોના સાથથી દુશ્મનથી જંગ કરવા અને દીનના સ્તંભો જાળવી રાખવા મદદ લેવા ચાહું છું. ઇન્શાઅલ્લાહ.

# (૪૩) મસકલા બિન હબીરા શયબાનીના નામે

*જેઓ અર્દશીર ખુર્રામાં આપના ગવર્નર હતા.*

મને તમારા વિશે એક ખબર મળી છે જો તે ખરેખર સાચી છે, તો તમે પોતાના પરવરદિગારને નારાજ કર્યો છે અને પોતાના ઇમામની અવગણના કરી છે. ખબર એમ છે કે, તમે મુસલમાનોના માલે ગનીમતને જેને તેઓના ભાલાઓ અને અશ્વો (ઘોડાઓ)એ ભેગો કર્યો છે. અને જેના માર્ગમાં તેઓનું ખૂન વહાવવામાં આવ્યું છે, પોતાની કૌમના એ બદ્દુઓ (ગામડિયાઓ)માં વહેંચી રહ્યા છો, જે તમારા હજૂરિયા છે. કસમ એ જાતની જેણે દાણાને ફાડયો છે અને જાનવરોને પૈદા કર્યા છે. જો આ વાત સાચી છે તો તમે મારી દ્રષ્ટિમાં અત્યંત હડધૂત થઈ ગયા અને તમારા આમાલનું પલ્લું હળવું થઈ જશે. એટલે ખબરદાર ! પોતાના પાલનહારના હકોને મામૂલી ન સમજો અને પોતાના દીનને બરબાદ કરી, દુનિયા સજાવવાની ચિંતા ન કરજો. તમારી ગણના એ લોકોમાં થઈ જશે જેઓના આમાલમાં ઘાટા સિવાય કંઈ નથી. યાદ રાખો

જે મુસલમાન તમારી પાસે યા મારી પાસે છે એ બધાનો હિસ્સો આ માલે ગનીમતમાં એક જેવો જ છે અને એ કારણે તેઓ મારી પાસે આવે છે અને પોતાનો ભાગ લઈને ચાલ્યા જાય છે.

# (૪૪) ઝિયાદ ઇબ્ને અબીહના નામે

*જયારે આપને ખબર મળી કે મુઆવિયા તેને પોતાના કૂળમાં ભેળવી ધોકો આપવા માગે છે.*

મને ખબર પડી છે કે મુઆવિયાએ તમને પત્ર લખી તમારી બુધ્ધિને ભોળવવા ચાહ્યું છે. અને તમારી ધારને બુઠી બનાવવાનો ઇરાદો કર્યો છે. એટલે ખબરદાર ! હોશિયાર રહેજો. આ શયતાન છે. જે ઇન્સાનની પાસે આગળ, પાછળ, જમણી, ડાબી દરેક બાજુએથી આવે છે જેથી તેને બેધ્યાન જોઈ તેના પર તૂટી પડે અને ગફલતની હાલતમાં તેની બુધ્ધિ હણી લે.

બન્યું એમ કે અબૂ સુફીયાને હ. ઉમર બિન અલ ખત્તાબના જમાનામાં એક સમજ્યા બુજ્યા વગરની વાત કહી દીધી હતી. જે શયતાની વસવસાઓમાંથી એક વસવસાનું સ્થાન રાખે છે. જેનાથી ન કોઈ કૂળ પુરવાર થાય છે. અને ન કોઈ મિરાસનો હક પૂરવાર થાય છે. અને તેને વળગી રહેનાર એક વગર બોલાવ્યો શરાબી છે જેને ધક્કા મારી કાઢી

મુક્વામાં આવે છે. અથવા એ વાટકો છે જેને કાઠા (ઘોડાની ઝીન) સાથે લટકાવી દેવામાં આવે છે જે અહીં તહીં દડકતો (લટકતો) રહે છે.

આ પત્ર વાંચ્યા પછી ઝિયાદે કહ્યું કે કાબાના રબની કસમ, અલી અલય્હિસ્સલામે આ વાતની ગવાહી આપી દીધી અને વાત તેના દિલમાં બેસી ગઈ ત્યાં સુધી કે મુઆવિયાએ તેના ભાઈ હોવાનો દાવો કરી દીધો.

*વાગિલ, એ શખ્સને કહેવામાં આવે છે કે જે શરાબની મહેફિલમાં વગર નોતર્યે આવી જાય. અને ધક્કા મારીને કાઢી મૂક્વામાં આવે અને 'નૂતે મઝબઝબ'એ વાટકો છે જે મુસાફરના સામાનમાંથી બાંધીને લટકાવી દેવામાં આવે છે જે લગાતાર આમતેમ ઢળક્તો રહે છે. - સય્યદ રઝી.*

# (૪૫) ઉસ્માન બિન હુનૈફ બસરાના ગવર્નરના નામે

*પોતાના બસરાના ગવર્નર ઉસ્માન બિન હુનૈફને સંબોધીને જયારે આપને ખબર પડી કે તેઓ એક મોટી દાવતમાં શરીક થયા હતા.*

જાણી લ્યો, અય ઇબ્ને હુનૈફ મને એ ખબર મળી છે કે બસરાના અમુક જવાનોએ તમને એક જિયાફતમાં આમંત્ર્યા હતા, જેમાં જાત જાતના સ્વાદિષ્ટ પકવાન હતા અને તમારી તરફ મોટા મોટા પ્યાલાઓ ધરવામાં આવી રહ્યા હતા. અને તમે તેજીથી ત્યાં પહોંચી ગયા હતા. મને તો એ ધારણા જ નહોતી કે તમે એવી કૌમની દાવતમાં ભાગ લેશો જેના ગરીબો પર ઝુલ્મ ઉપર ઝુલ્મ થઈ રહ્યા હોય અને જેના દોલતમંદને નિમંત્રવામાં આવતા હોય. જુઓ જે કોળિયો ચાવો છો તેને જોઈ લીધા કરો, જો તેની હકીકત શંકાસ્પદ હોય તો તેને ફેંકી દયો અને જેના વિશે યકીન હોય કે તે પાક છે તેને ખાઈ લ્યો.

યાદ રાખો કે દરેક અનુયાયીનો તો એક ઇમામ (આગેવાન) હોય છે, જેને તે અનુસરે છે અને તેના જ નૂરથી તે પ્રકાશ મેળવે છે અને તમારા ઇમામે તો આ દુનિયામાં માત્ર બે જીર્ણ કપડાં અને બે રોટલીઓ પર ગુજારો કર્યો છે. હું જાણું છું કે તમે લોકો એમ નથી કરી શકતા તો ઓછામાં ઓછું પોતાના સંયમ, પ્રયત્ન, સુશીલતા અને સંભાળપૂર્વક ચાલથી મારી મદદ તો કરો. ખુદાની કસમ, મેં તમારી દુનિયામાંથી ન તો સોનું ભેગુ કર્યું છે અને ન આ માલ મતામાંથી કોઈ સંઘરો એકઠો કર્યો છે. અને ન આ બે જીર્ણ કપડાં સિવાય કોઈ અન્ય સાદું કપડું ખરીદયું છે.

ન એક વેંત (જમીન) પર કબ્જો કર્યો છે અને ન એક બીમાર જાનવરથી વધારે કોઈ ક્રૂવત (ખોરાક) મેળવ્યો છે. આ દુનિયા મારી દ્રષ્ટિમાં કડવી છાલથી પણ વધારે તુચ્છ અને મૂલ્યહીન છે. હા, અમારા હાથોમાં આ આસમાન તળે માત્ર એક ફિદક (બાગ) હતો પણ તેના પર પણ એક કૌમે પોતાની લાલચનો દેખાવ ર્ક્યો. અને બીજી કોમે તેના છીનવાઈ જવાની પરવા ન કરી અને ગમે તેમ શ્રેષ્ઠ ફેંસલો

કરનાર પરવરદિગાર છે. અને આમ પણ મને ફિદક કે ફિદક વગરથી શું લેવું દેવું. જયારે કે નફસનું અસલી ઘર કાલના દિવસે કબ્ર છે. જેના અંધકારમાં બધા અવશેષો અદ્રશ્ય થઈ જશે. અને કોઈ ખબર નહીં આવે.

આ એક એવો ખાડો છે જેનો વિસ્તાર વધારી દેવામાં આવે અને ખોદવાવાળો તેને વિશાળ પણ બનાવી દે તો અંતે પત્થરો અને માટી તેને સાંકડી બનાવી દેશે. ઉપરા ઉપર માટી તેની તિરાડો બૂરી દેશે. હું તો મારી જાતને તકવાની કેળવણી આપું છું જેથી મોટામાં મોટા ભયના દિવસે નિરાંતે કયામતના મયદાનમાં આવે અને લપસવાના સ્થળોએ અડગ રહે.

હું અગર ચાહત તો આ શુધ્ધ મધ, શ્રેષ્ઠ સાફ કરેલા ઘઉં અને રેશમી કપડાંનો બંદોબસ્ત પણ કરી શકતો હતો. પરંતુ ખુદા ન કરે કે મારા પર વાસનાઓ વિજય પામે અને મને લોભ અને લાલચ સારા ખોરાક મેળવવા તરફ ખેંચી લઈ જાય. જયારે કે ઘણું સંભવિત છે કે હિજાઝ અથવા યમામામાં એવા લોકો પણ હોય જેમને એક રોટલી પણ ન

મળતી હોય અને પેટ ભરવાનું કોઈ સાધન ન હોય. ભલા એ કેમ બની શકે છે કે હું તો પેટ ભરીને સૂઈ જાઉં અને મારી આસપાસ ભૂખ્યા પેટ અને પ્યાસા કાળજા તડપી રહ્યા હોય. શું હું શાયરના એ શેર જેવો બની શકું છું?

" તારી બીમારી માટે એટલું જ પુરતું છે કે તું પેટ ભરીને સૂઈ જાય અને તારી આસપાસ એ કાળજાં પણ હોય જે સૂકા ચામડાને પણ તરસી રહ્યા હોય."

શું મારૂં મન એ વાતથી સંતોષ પામી શકે છે કે મને “અમીરૂલ મોઅમેનીન” કહેવામાં આવે અને હું જમાનાની નાખુશગવાર – દુ:ખદ પરિસ્થિતિઓમાં મોઅમિનોનો ભાગીદાર ન બનું. અને સામાન્ય ખોરાકના ઉપયોગમાં તેઓના માટે નમૂનો ન પેશ કરી શકું. મને એટલા માટે તો પૈદા નથી કરવામાં આવ્યો કે મને શ્રેષ્ઠ ભોજનોનું જમણ મશગુલ કરી દે અને હું જાનવરો જેવો થઈ જાઉં કે તેઓ બાંધેલા હોય છે તો તેઓનું બધું કામ ચારો ખાવાનું હોય છે. અને આઝાદ હોય છે તો પૂરી પ્રવૃત્તિ અહીં તહીં ખેતરોમાં ઘૂસી ઘાસ કુસથી પોતાનું પેટ ભરી લે છે. અને તેઓને એ

વાતની ચિંતા નથી હોતી કે તેઓનો હેતુ શો છે. શું હું આઝાદ છોડી દેવામાં આવ્યો છું અથવા મને નકામો આઝાદ કરી દેવામાં આવ્યો છે અથવા ઉદ્દેશ એ છે કે હું ગુમરાહીની રસ્સી વડે બંધાઈને ખેંચવામાં આવું. અથવા ચાભટવાની (ભટકવાની) જગ્યાએ મોં વકાસી ફરતો રહું.

જાણે હું જોઈ રહ્યો છું કે તમારામાંથી કેટલાક લોકો કહી રહ્યા છે કે, જયારે અબૂ તાલિબના પુત્રનો ખોરાક આટલો સાદો છે તો તેને નબળાઈએ દુશ્મનોથી જંગ કરવા અને બહાદુરો સાથે મેદાનમાં ઉતરવાથી બેસારી દીધો હશે. તો એ યાદ રાખે કે જંગલના વૃક્ષોની લાકડી ઘણી મજબૂત હોય છે અને તાજા માજા વૃક્ષોની છાલ નબળી હોય છે. વન વૃક્ષોનું બળતણ વધારે બળે પણ છે અને તેના અંગારા ઘણે મોડે સુધી બળતા રહે છે. મારો સંબંધ હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમથી એ જ છે જે નૂરનો સંબંધ નૂરથી હોય છે. અથવા હાથનો સંબંધ બાવડાઓથી હોય છે.

ખુદાની કસમ ! જો સમસ્ત અરબ મારી સાથે લડવાનો એકો (એકતા) કરી લે તો પણ હું મયદાનથી મોં નથી ફેરવી શકતો અને મને થોડોક જ મોકો મળી જાય તો હું તેઓની ગરદનો ઉડાવી દઈશ અને એ વાતની કોશિશ કરીશ કે જમીનને આ ઊંધી ખોપરી અને બેડોળ બેઢંગ જિસમવાળાથી પાક કરી દઉં, જેથી ખળાવાડમાં (ખલિયાનમાં) દાણાઓમાંથી પત્થર કાંકરા નિકળી જાય.

**આ પત્રનો અંતિમ ભાગ :**

અય દુનિયા ! મારાથી દૂર થઈ જા. મેં તારી લગામ તારા જ કાંધા પર નાખી દીધી છે. અને તારા સકંજામાંથી બહાર નિકળી આવ્યો છું. અને તારી જાળમાંથી નિકળી ચૂક્યો છું. અને તારા લપસવાના સ્થળોની તરફ જવાથી પણ બચતો રહું છું. ક્યાં છે એ લોકો? જેઓને તેં હસી મજાકની વાતથી લલચાવી લીધા હતા. અને ક્યાં છે એ કૌમો ? જેને પોતાના ઠાઠ માઠના ફિત્નામાં નાખી દીધા. જુઓ હવે એ બધા કબ્રોમાં ગીરવી મુકાય ચુકાયા છે. અને ઘોરમાં દબાઈ પડેલા છે. ખુદાની કસમ ! જો તું કોઈ જોવાવાળી વસ્તુ હોત

અને સ્પર્શી શકાય એવો ઢાંચો હોત તો હું તારા પર હદ જારી કરત કે તેં અલ્લાહના બંદાઓને ઊંડી આશાઓના આધારે (સહારાએ) ધોકો આપ્યો છે અને કૌમોને ગુમરાહીના ગર્તમાં (ખાડામાં)નાખી દીધી છે. બાદશાહોને બરબાદીના હવાલે કરી દીધા છે અને તેઓને આફતોના ઉતારે ઉતારી દીધા છે. જ્યાં ન કોઈ આવવાવાળું છે અને ન ઉતરનારૂં.

અફસોસ ! જેણે પણ તારા લપસણા પંથો પર પગ મૂક્યા એ લપસી ગયા. અને જે તારા મોજાઓ પર સવાર થયો તે ડૂબી ગયો. બસ જે તારા ફંદાથી દૂર રહ્યો તેને સદબુધ્ધિ પ્રાપ્ત થઈ તારાથી બચવાવાળો એ વાતની પરવા નથી કરતો કે તેનો ઉતારો કેટલો સંકુચિત થઈ ગયો છે. એટલા માટે કે દુનિયા તેઓની દ્રષ્ટિમાં એક દિવસની બરાબર છે જેના પૂરા થવાનો સમય થઈ ચૂક્યો છે.

તું મારાથી દૂર થઈ જા. હું તારા કબ્જામાં આવવાવાળો નથી કે તું મને હડધૂત કરી શકે અને ન મારી લગામ તારા હાથમાં દેવાવાળો છું કે જ્યાં ચાહે ખેંચી શકે. હું ખુદાની કસમ ખાઈને કહું છું અને આ કસમમાં ખુદાની ઇચ્છા સિવાય કોઈને અપવાદ નથી કરતો કે આ નફસને એવી

કેળવણી આપીશ કે એક રોટી પર પણ રાજી રહે, જો તે ખોરાક તરીકે અને નમક શાક તરીકે મળી જાય. અને હું મારી આંખોના સ્ત્રોતને એવા બનાવી દઈશ જાણે એવું ઝરણું જેનું પાણી સુકાઈ ગયું હોય. અને બધા આંસુ વહી ગયા હોય. શું એ શકય છે કે જેવી રીતે જાનવર ચારો ખાઈને બેસી જાય છે અને બકરીઓ ઘાસ ચાવી પેટ ભરી પોતાના વાડામાં સૂઈ જાય છે એવી રીતે અલી પણ પોતાની પાસે ખાવાનું ખાઈ સૂઈ જાય. તેની આંખો ફૂટી જાય જે એક લાંબો સમય વિતાવ્યા પછી ભટક્તા જાનવર અને ચરવાવાળા પ્રાણીઓની પયરવી કરવા લાગે.

ભાગ્યશાળી થાય એ નફસ જે પોતાના રબની ફરજોને અદા કરી દે. અને સંકટોમાં સબ્રથી કામ લે. રાતોના પોતાની આંખો ઉઘાડી રાખે ત્યાં સુધી કે નીંદનું આક્રમણ થવા લાગે તો જમીનને પથારી બનાવી લે અને હાથોને તકિયો. એ લોકોની વચ્ચે જેની આંખોને કયામતના ખૌફે જાગૃત રાખી છે. અને જેઓના પડખા પથારીથી વેગળા (અલગ) રહ્યા છે. તેમના હોઠો પર ખુદાના ઝિક્રનો ગણગણાટ રહે છે અને તેમના લાંબા ઇસ્તેગફારથી ગુનાહોના વાદળ

વિખરાઈ ગયા છે. આ જ એ લોકો છે જે અલ્લાહના ટોળામાં છે અને યાદ રાખો કે અલ્લાહનું ટોળું જ સફળ થવાવાળું છે.

ઇબ્ને હુનૈફ ! અલ્લાહથી ડરો, અને તમારી આ રોટલીઓ તમને લોભ લાલચથી રોકી રાખે. જેથી જહન્નલમની આગથી આઝાદ થઈ શકો.

# (૪૬) એક અમલદારના નામે

જાણી લ્યો, તમે એ લોકોમાંથી છો જેનાથી હું દીનના ક્યામ માટે મદદ લઉં છું. અને ગુનેહગારોના ઘમંડને તોડી નાખું છું. અને સરહદોના ખતરાઓનું રક્ષણ કરૂં છું. એટલે પોતાના અગત્યના કામોમાં ખુદાની મદદ માગજો, અને પોતાની સખ્તીમાં થોડી નરમી પણ સમાવી લેજો. જ્યાં સુધી નરમી યોગ્ય હોય નરમીથી જ કામ લેજો. અને જ્યાં સખ્તી સિવાય કોઈ ઉપાય ન હોય ત્યાં સખ્તી જ કરજો. પ્રજા સાથે વિનયથી વર્તજો અને વિશાળ મનનું પ્રદર્શન કરજો. તમારી વર્તણુંક નરમ રાખજો. દ્રષ્ટિ ભરીને જોવામાં અથવા આડક્તરી રીતે જોવામાં પણ બરાબરની વર્તણુંક કરજો અને ઇશારા તથા સલામમાં પણ સામ્યતાથી કામ લેજો એટલે મોટા લોકો તમારાથી અન્યાયની આશા ન રાખી બેસે અને નબળા લોકો તમારા ન્યાયથી નિરાશ ન થઈ જાય. - વસ્સલામ.

# (૪૭) ઇબ્ને મુલ્જિમના હુમલા પછી હસનૈન અલય્હેમુસ્સલામને વસીયત

*ઇમામ હસન (અલય્હિસ્સલામ) અને ઇમામ હુસૈન (અલહિસ્સલામ)ને ઇબ્ને મુલ્જિમની તલવારથી ઝખ્મી થયા પછી.*

હું તમો બંનેને વસીયત કરૂં છું કે અલ્લાહનો તકવા (ડર) ઇખ્તયાર કરતા રહેજો અને ખબરદાર, દુનિયા તમને લાખ ચાહે તેનાથી દિલ ન લગાવજો. અને ન તેની કોઈ વસ્તુથી વંચિત થઈ જવા પર અફસોસ કરજો. સદા સાચું કહેવું અને દરરોજ આખેરત માટે અમલ કરજો. અને જુઓ ઝાલિમના શત્રુ રહેજો અને મઝલુમને સાથ આપજો.

હું તમો બંનેને અને મારા બધા બાલ બચ્ચાઓને અને જ્યાં સુધી મારો સંદેશ પહોંચે, બધાને વસીયત કરૂં છું કે અલ્લાહનો તકવા અપનાવજો, પોતાના કામોને વ્યવસ્થિત રાખજો, પોતાની વચ્ચે સંબંધો સુધારીને રાખજો. કેમકે મેં તમારા બુઝુર્ગ નાના પાસેથી સાંભળ્યું છે કે આપસના

મામલાઓ સુધારી રાખવા સામાન્ય નમાઝ અને રોઝાથી પણ ઉત્તમ છે.

જુઓ અનાથોના સંબંધમાં અલ્લાહથી ડરતા રહેજો અને તેઓને ભૂખ્યા રહેવાની નોબત (વારી-વખત) ન આવી જાય. અને તેઓ તમારી દ્રષ્ટિ સમક્ષ બરબાદ ન થઈ જાય અને જુઓ પડોશીઓના વિષયમાં અલ્લાહથી ડરતા રહેજો કેમકે તેમના વિષયમાં તમારા પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની વસીયત છે અને આપ બરાબર તેઓના વિશે નસીહત ફરમાવતા રહેતા હતા. એટલે સુધી કે અમને લાગ્યું કે કદાચ આપ વારસદાર પણ બનાવવાવાળા છે.

જુઓ અલ્લાહથી ડરો, કુરઆનના સંબંધમાં કે તેમના પર અમલ કરવામાં બીજા લોકો તમારી આગળ ન નિકળી જાય. અલ્લાહથી ડરો નમાઝના વિશે એ તમારા દીનનો સ્તંભ છે.

અને અલ્લાહથી ડરો પોતાના પરવરદિગારના ઘરના સંબંધમાં કે જ્યાં સુધી જીવતા રહો તેને ખાલી ન

રહેવા દયો કેમકે જો તેને તજી દીધું તો તમે જોવાને લાયક પણ નહીં રહો.

અને અલ્લાહથી ડરો પોતાની જાન અને માલ અને જબાનથી જેહાદ કરવા વિશે અને આપસમાં એક બીજાથી સંબંધ રાખો, એક બીજાની મદદ કરતા રહો અને ખબરદાર એકબીજાથી મોં ન ફેરવી લેતા, અને સંબંધો તોડી ન નાખવા અને અમ્ર બિલ મઅરૂફ (નેકીનો હુકમ) અને નહીં અનિલ મુન્કર (ગુનાહથી રોક્વા)ની ઉપેક્ષા ન કરજો નહિંતર તમારા પર બુરા લોકોની હુકૂમત સ્થપાઈ જશે. અને તમે ફરિયાદ પણ કરશો તો સાંભળવામાં નહીં આવે.

અય અબ્દુલ મુત્તલિબની અવલાદ ! ખબરદાર, હું એ ન જોઉં કે તમે મુસલમાનોનું ખૂન વહાવવું શરૂ કરી દયો માત્ર એ નારા પર કે "અમીરૂલ મોઅમેનીન માર્યા ગયા છે." મારા બદલામાં મારા ખૂની સિવાય કોઈને કતલ નથી કરી શકાતો.

જુઓ, જો હું આ “ઘા”થી ઉગરી ન શક્યો તો એક “ઘા”નો જવાબ એક જ “ઘા” છે અને જુઓ મારા કાતિલના

જીસ્મના ટૂકડા ન કરજો કેમકે મેં ખૂદ સરકારે દો આલમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમથી   સાંભળ્યું છે કે ખબરદાર, કરડવાવાળા કૂતરાના પણ હાથ પગ ન કાપવા.

# (૪૮) મુઆવિયાના નામે

નિ:શંક, બગાવત અને જુઠું બોલવું ઇન્સાનને દીન અને દુનિયા બંનેમાં હડધૂત કરી દે છે. અને તેના એબને ટીકાખોરોની સામે ખૂલ્લા કરી દે છે. મને ખબર છે કે તું એ વસ્તુ નથી મેળવી શકતો જેને ન મળવાનો ફેંસલો થઈ ચૂક્યો છે. કેમકે ઘણી કોમોએ હક વગર ઉદ્દેશ પ્રાપ્ત કરવા ચાહ્યો અને અલ્લાહને સાક્ષી બનાવ્યો તો અલ્લાહે તેનું જૂઠ ઉઘાડું કરી દીધું.

એ દિવસથી ડરો, ખૂશી માત્ર એને જ મળશે જેણે પોતાના અમલનો અંજામ સારો બનાવી લીધો છે અને પછતાવો એને ભાગે આવશે જેણે પોતાની લગામ શયતાનના હાથમાં આપી દીધી. અને તેને ખેંચીને ન રાખી. તમે મને કુરઆની ફેંસલાની દાવત આપી છે, જો કે તમે તેને લાયક નહોતા. અને મેં પણ તમારી અવાજ પર “હા” નથી કહી. બલ્કે કુરઆનના હુકમ પર “હા” ભણી છે.

# (૪૯) મુઆવિયાના જ નામે

જાણી લ્યો ! દુનિયા આખેરતથી વિમુખ કરી દેનારી છે. અને તેનો સાથી જયારે પણ કોઈ વસ્તુ લે છે તો તેના માટે લાલચના બીજા દરવાજા ખોલી નાખે છે. અને તે કોઈ ચીજ મેળવીને તેનાથી બેપરવા નથી થઈ શકતો જેને મેળવી નથી શક્યો. જો કે આ બધા પછી તે જે કંઈ ભેગું કર્યું છે તેનાથી જુદા પડવાનું છે. અને જે કંઈ વ્યવસ્થા કરી છે તેને ભાંગી નાખવાની છે. અને જો તું પાછલા લોકોથી જરા પણ ઘડો (નસીહત) લેત તો બાકીનું જીવન સલામત કરી શકતો હતો. - વસ્સલામ.

# (૫૦) સેનાપતિઓના નામે

*ખુદાના બંદા, અલી બિન અબી તાલિબ (અલય્હિસ્સલામ) તરફથી સરહદોના સંરક્ષકોના નામે*

યાદ રાખજો કે વાલી પર કૌમનો એ હક છે કે તેણે જે ઉચ્ચતા પામી લીધી છે અથવા જે સગવડતાઓ અને પ્રતિષ્ઠા મેળવી લીધી છે તેના કારણે કૌમ સાથેની પોતાની વર્તણુંકમાં ફરક ન આવવા દે. અને અલ્લાહે તેને જે નેઅમત અર્પી છે તેના એવજમાં (બદલામાં) ખુદાના બંદાઓથી વધુ નિકટ થઈ જાય અને પોતાના ભાઈઓ પર વધારે જ મહેરબાની કરે.

યાદ રાખો, મારા પર તમારો એક હક એ છે કે, જંગના સિવાય કોઈ ભેદ તમારાથી છુપો ન રાખું અને શરીઅતના હુકમ સિવાય કોઈ બાબતમાં તમારાથી મશ્વેધરો કરવાથી ન ખચકાઉં. ન તમારા કોઈ હકને તેના સ્થાનેથી પાછળ હટાવું અને ન કોઈ મામલાને અંત સુધી પહોંચાડયા વગર દમ લઉં અને તમે બધા હકના મામલામાં મારી નજીક બરાબર છો. ત્યાર પછી જયારે હું આ હકોને પૂરા કરી દઈશ

તો તમારા પર અલ્લાહના માટે શુક્ર અને મારી તાબેદારી વાજીબ થઈ જશે. અને જરૂરી રહેશે કે મારા આમંત્રણથી પાછી પાની નહીં કરો અને કોઈ સુધારણામાં ઢીલ ન કરો. હક સુધી પહોંચવા માટે સખ્તીઓમાં કૂદી પડો કેમકે તમે આ મામલાઓમાં સીધા ન રહ્યા તો મારી નજરમાંથી તમારામાંથી વક્ર થઈ જનારાથી વધારે કોઈ અધમ અને હડધૂત નહીં હોય. ત્યાર પછી હું તેને આકરી સજા કરીશ અને મારી પાસે કોઈ ઓછાની આશા નહીં પામે. તો પોતાની હાથ નીચેના સરદારોથી આ જ બોલવચન લ્યો અને પોતાના તરફથી તેઓને એ હકો આપો જેનાથી પરવરદિગાર તમારા કામોને સુધારી શકે. -વસ્સલામ.

# (૫૧) વેરો વસૂલ કરનારાઓના નામે

*ખુદાના બંદા અલી બિન અબી તાલિબ (અલય્હિસ્સલામ) તરફથી મહેસૂલ વસૂલ કરનારાઓના નામે :*

જાણી લ્યો, જે શખ્સ પોતાના કાર્યના પરિણામથી નથી ડરતો તે પોતાની જાતને બચાવવાની વ્યવસ્થા પણ નથી કરી શકતો. યાદ રાખો, તમારી ફરજો ઘણી ટૂંકી છે અને તેનો સવાબ ઘણો બધો છે. અને જો પરવરદિગારે બગાવત અને ઝુલ્મથી રોકવા પછી તેના પર અઝાબ પણ ન રાખ્યો હોત તો તેનાથી બચવાનો સવાબ જ એટલો વધારે હતો કે તેને ન આચરવામાં કોઈ શખ્સ બહાનું ન ગોતત.

એટલે લોકોની સાથે ન્યાય કરો. તેઓની જરૂરીયાત માટે ધીરજ અને સબ્રથી કામ લ્યો કેમકે તમો પ્રજાના ખજાનચી અને ઉમ્મતના પ્રતિનિધી અને ઇમામોના એલચી છો.

ખબરદાર, કોઈ શખ્સને તેની જરૂરતથી રોકી ન દેતા અને તેઓના હેતુની રાહમાં અડચણ ન ઊભી કરજો

અને મહેસૂલ વસૂલ કરવા માટે તેઓના ઠંડી અથવા ગરમીના કપડાં વેચી ન નાખજો, અને ન એ જાનવર અથવા ગુલામ પર કબ્જો કરી લેજો જે તેને કામ આવતા હોય અને કોઈને પૈસાના ખાતર મારવા ન માંડતા અને કોઈ મુસલમાન અથવા ઝીમ્મી કાફિરના માલને હાથ ન લગાડતા પણ એ કે તેની પાસે કોઈ એવો ઘોડો કે હથિયાર છે જે ઇસ્લામના દુશ્મનોને આપવા માગે છે તો કોઈ મુસલમાન માટે એ યોગ્ય નથી કે આ ચીજો ઇસ્લામના દુશ્મનોના હાથોમાં છોડી દે. અને તે ઇસ્લામ પર ચડાઈ કરે. જુઓ કોઈ નસીહત (ભલાઈ)ને બચાવી ન રાખજો. ન લશ્કરની સાથે સારા વર્તાવમાં ઉણપ રાખવી અને ન પ્રજાની મદદમાં અને ન ખુદાના દીનને કુવ્વત પહોંચાડવામાં. અલ્લાહના માર્ગમાં તેની બધી ફરજો પૂરી કરી દેવી કેમકે તેણે અમારી અને તમારી સાથે જે અહેસાન કર્યો છે, તેનો તકાદો એ છે કે આપણે તેના શુક્રની કોશિશ કરીએ અને બની શકે ત્યાં સુધી તેના દીનની મદદ કરીએ કે કુવ્વત પણ તો અંતે અલ્લાહની જ મોટી ભેટ છે.

## (પર) શહેરના અમીરોના નામે નમાઝ સંબંધી

જાણી લ્યો, ઝોહરની નમાઝ એ સમય સુધી બજાવી લાવવી જયારે સૂર્યનો છાંયો બકરીઓની વાડની દીવાલની બરાબર થઈ જાય. અને અસરની નમાઝ ત્યારે પડવી જયારે સૂર્ય પ્રકાશિત અને સફેદ રહે અને દિવસમાં એટલો સમય રહી જાય જયારે મુસાફર બે ફરસખ જઈ શકે. મગરીબ એ સમયે અદા કરી દેવી જયારે રોજેદાર ઇફતાર કરે છે અને હાજી અરફાતથી કૂચ કરે છે. અને ઈશા એ સમયે પડવી જયારે સંધ્યા છુપાઈ જાય અને રાતનો ત્રીજો ભાગ ન વીતવા પામે. સવારની નમાઝ એ સમયે અદા કરવી જયારે આદમી પોતાના સાથીનું મોં ઓળખી શકે.

તેઓ સાથે નમાઝ પડો, સૌથી અશક્ત આદમીનો ખ્યાલ રાખીને, અને ખબરદાર તેઓ માટે ધીરજની કસોટી ન બનો.

# (૫૩) માલિક બિન અશ્તર નખઈના નામે

*આ પત્ર માલિકે અશ્તર નખઈને સંબોધીને લખ્યો, એ સમયે જયારે તેઓને મોહમ્મદ બિન અબી બક્રના સંજોગો ખરાબ થઈ જવાના કારણે મિસર અને તેની આસપાસના ગવર્નર બનાવ્યા અને આ આજ્ઞાપત્ર હઝરતના બધા સરકારી પત્રોમાં સૌથી વધારે સવિસ્તર અને વાણી સૌંદર્યનો સંગ્રહ છે.*

શરૂ કરૂં છું અલ્લાહના નામથી જે રહેમાન અને રહીમ છે.

આ આજ્ઞાપત્ર, ખુદાના બંદા, અલી બિન અબી તાલિબ (અલય્હિસ્સલામ)એ માલિક બિન અશ્તર નખઈને લખ્યો છે જયારે તેઓને મહેસૂલ વસૂલ કરવા, દુશ્મનોથી જેહાદ કરવા, સંજોગોની સુધારણા કરવા અને શહેરોની સુખાકારી માટે મિસરના ગવર્નર નિયુક્ત કરી રવાના કર્યા.

સૌથી પ્રથમ આજ્ઞા એ છે કે અલ્લાહથી ડરો, તેની ઇતાઅત અપનાવો, અને જે ફરજો અને સુન્નતતોનોપોતાની કિતાબમાં હુકમ આપ્યો છે તેને બજાવી લાવો, કેમકે કોઈ પણ શખ્સ તેની ફરમાંબરદારી કર્યા વિના ભાગ્યશાળી નથી

બની શકતો. અને કોઈ પણ શખ્સને તેના ઇન્કાર અને નાફરમાની સિવાય અભાગ્યો નથી ગણી શકાતો. પોતાના તન, મન અને જીભથી ખુદાના દીનની મદદ કરતા રહો કેમકે મહાન ખુદાએ એ જવાબદારી લીધી છે કે પોતાના મદદગારોની મદદ કરશે અને પોતાના દીનની હિમાયત કરનારાઓને માન અને પ્રતિષ્ઠા અર્પણ કરશે.

બીજી આજ્ઞા એ છે કે, પોતાના મનની તીવ્ર ઇચ્છાઓને કચડી નાખો અને તેને મોં મારીથી રોકી રાખો, કેમકે નફસ બુરાઈઓનો હુકમ આપનાર છે, જ્યાં સુધી પરવરદિગારની રહેમ શામિલ ન થઈ જાય. ત્યાર પછી માલિક એ યાદ રાખજો, કે મેં તમને એવા પ્રદેશ તરફ મોકલ્યા છે જ્યાં ન્યાયી અને ઝાલિમ બંને પ્રકારની હુકૂમતો આવી ચૂકી છે. અને લોકો તમારા મામલાઓને આ દ્રષ્ટિથી જુએ છે કે જે દ્રષ્ટિએ તમે તેના મામલાઓને જોઈ રહ્યા છો. અને તમારા વિશે એ જ કેહશે જે તમે બીજાઓના વિશે કહી રહ્યા હતા. નેક ચારિત્ર્યવાન બંદાઓની ઓળખ તેમના સારા ઝિક્રથી થાય છે, જે તે લોકો માટે લોકોની જીભે જારી થાય છે.

એટલે તમારો સૌથી વધારે પ્રિય સંગ્રહ નેક કામોનો હોવો જોઈએ.

ઇચ્છાઓને રોકીને રાખો અને જે ચીજ હલાલ ન હોય તેના સંબંધમાં મનને વાપરવાથી કંજૂસી કરો. કેમકે આ જ કંજૂસી તેના હકમાં ન્યાય છે ચાહે તેને ગમે કે ન ગમે. રય્યતની સાથે મહેરબાની અને પ્યાર-દયાને પોતાના દિલની આદત બનાવી લ્યો. અને ખબરદાર તેઓના હકમાં ફાડી ખાનાર જંગલી પશુ જેવા ન બની જજો, કે તેને ખાઈ જવાને જ પૂરતું સમજવા લાગો. કેમકે અલ્લાહની મખ્લૂક બે પ્રકારની છે, કેટલાક તમારા દીની ભાઈઓ છે અને અમુક સર્જનમાં તમારી જેવા માનવી છે જેનાથી ભુલો પણ થાય છે અને તેમને ક્ષતિઓનો સામનો પણ કરવો પડે છે અને જાણી જોઈને અથવા ધોકાથી તેઓથી ગલતીઓ પણ થઈ જાય છે. એટલે તેઓને એવી જ રીતે માફ કરી દેજો જેવી રીતે તમે ચાહો છો કે પરવરદિગાર તમારી ભૂલોને જતી કરે. તમે તેઓથી ઉચ્ચતર છો અને તમારો વલીએ અમ્ર તમારાથી ઉચ્ચતર છે અને પરવરદિગાર તમારા વાલીથી પણ મોટો છે

અને તેણે તમારાથી તેઓના મામલાઓની પતાવટની માંગણી કરી છે અને તેને તમારા માટે કસોટી બનાવી દીધી છે. અને ખબરદાર ! પોતાના નફસને અલ્લાહના મુકાબલા પર ન ઉતારી દેવો. કેમકે તમારી પાસે તેના અઝાબથી બચવાની ક્ષમતા નથી. અને તમે તેના ક્ષમા દાન અને રહેમથી બેપરવા પણ નથી.

ખબરદાર ! કોઈને માફ કરી દેવા પર પસ્તાવું નહીં. અને કોઈને શિક્ષા કરી અકડવું નહીં. ક્રોધ અને ગુસ્સો બતાવવામાં ઉતાવળ ન કરવી, જો તેને ટાળી દેવાનો અવકાશ મળતો હોય.

ખબરદાર ! એમ ન કહેવું કે મને હાકિમ બનાવવામાં આવ્યો છે એટલે મારો મોભો એ છે કે હું હુકમ કરૂં. અને મારી પયરવી કરવામાં આવે, કેમકે આ રીતે દિલમાં ફસાદ (ખરાબી) દાખલ થઈ જાય છે. અને દીન કમજોર પડી જાય છે. અને ઇન્સાન સમયના ફેરફારથી નજીક થઈ જશે. અને જો કદી સલ્તનત અને હુકૂમત જોઈને તમારા દિલમાં મોટાઈ અને ઘમંડ પૈદા થવા લાગે તો પરવરદિગારના સૌથી મહાન

મુલ્ક પર ચિંતન કરવું અને એ જોવું કે તે તમારા પર તમારા કરતા વધારે કુદરત રાખે છે કે આ રીતે તમારી બંડખોર ભાવના દબાઈ જશે. તમારી ચળવળ રોકાઈ જશે અને તમારી ખોવાએલી બુધ્ધિ પાછી આવી જશે.

જુઓ, ખબરદાર ! અલ્લાહથી તેની મોટાઈમાં મુકાબલો અને તેની સાથે જબરદસ્ત પણામાં સરખામણી ન કરવી. કેમકે તે હર જબરદસ્તને હડધૂત કરી દે છે, અને હર મગરૂરને પતિત (ઝલીલ) કરી દે છે. પોતાની જાત, પોતાના બાલ બચ્ચા અને રય્યતમાં જેનાથી તમને દિલી લગાવ છે. બધાના સંબંધમાં પોતાના નફસ અને પોતાના પરવરદિગારથી ન્યાય કરજો. કેમકે જો એમ નહીં કરો તો ઝાલિમ થઈ જશો અને જે અલ્લાહના બંદાઓ પર ઝુલ્મ કરશે તેનો દુશ્મન લોકો નહીં પણ ખૂદ પરવરદિગાર હશે, અને જેનો દુશ્મન પરવરદિગાર થઈ જશે તેની દરેક દલીલ ખોટી પડી જશે. અને તે પરવરદિગારનો સામનો કરવાવાળો ગણાશે જ્યાં સુધી તે પોતાના ઝુલ્મથી રોકાઈ ન જાય અથવા તૌબા ન કરી લે. અલ્લાહની નેઅમતોની બરબાદી અને તેના અઝાબમાં ઉતાવળનું કોઈ કારણ ઝુલ્મ પર અડી (અડગ)

રહેવાથી મોટું નથી. એટલા માટે કે તે મજલૂમોની ફરિયાદ સાંભળનાર અને જાલિમો માટે સમયની વાટ જુએ છે.

તમારા માટે મનગમતું કામ એ હોવું જોઈએ જે હકના હિસાબે શ્રેષ્ઠ, ન્યાયના હિસાબે બધાને આવરી લેતું અને પ્રજાની મરજીથી મોટા ભાગના લોકોને પણ પસંદ પડતું હોય. કેમકે સામાન્ય લોકોની નારાજી ખાસ લોકોની મરજીને બેઅસર કરી દે છે. અને ખાસ લોકોની નારાજગી સામાન્ય લોકોની રજામંદી સમયે માફીને પાત્ર બની જાય છે. પ્રજામાં ખાસ લોકોથી વધારે વાલી પર સારા દિવસોમાં બોજ બનનારો, આફતોમાં ઓછામાં ઓછી મદદ કરવાવાળો, ન્યાય નાપસંદ કરનારો, અને આગ્રહપૂર્વક માંગણી કરનારો, દાનના સમયે ઓછામાં ઓછો આભાર માનનાર, અને ન દેવાના મોકા પર ઓછામાં ઓછી માફી કબૂલ કરનારો, સમયની મુસીબતમાં ઓછામાં ઓછી સબ્ર કરનારો, કોઈ નથી હોતો.

દીનનો સ્તંભ, મુસલમાનોની સામુદાયિક શક્તિ, દુશ્મનો સામે રક્ષણનો સામાન અવામ (પ્રજા) જ હોય છે એટલે તમારૂં વલણ તેઓ તરફ જ રહેવું જોઈએ. અને તમારૂં

ધ્યાન તેઓ તરફ જરૂરી છે. પ્રજામાં સૌથી દૂર અને તમારી સમક્ષ ધિક્કાર પાત્ર એ શખ્સ હોવો જોઈએ જે વધારેમાં વધારે લોકોના એબો શોધતો હોય. એટલા માટે કે બહરહાલ (દરેક હાલતમાં) લોકોમાં કમજોરીઓ હોય છે અને તેને છુપાવવી વાલીની સૌથી મોટી જવાબદારી છે. એટલે ખબરદાર, જે ઐબ તમારી સામે નથી, તેને ખોલતા નહીં. મારી જવાબદારી માત્ર એબોની સુધારણા કરવાની છે અને ગુપ્ત વાતોનો ફેંસલો કરવાવાળો પરવરદિગાર છે. બની શકે ત્યાં સુધી લોકોના એ બધા એબો છુપાવતા રહો, જે પોતાના એબોની પરદાપોશી (છુપાવા) માટે પરવરદિગારથી આશા રાખો છો.

લોકોના તરફથી દરેક કીનાની ગાંઠ ખોલી નાખો અને દુશ્મનીની દરેક દોરીને કાપી નાખો અને જે વાત તમારા માટે સ્પષ્ટ ન હોય તેનાથી અજાણ્યા બની જાવ. અને દરેક ચાડી ખાનારના સમર્થનમાં ઉતાવળ ન કરો. ચુગલખોર સદા અપ્રમાણિક હોય છે, ભલે નિસ્વાર્થ લોકોના વેશમાં જ કેમ ન હોય.

## મશ્વે રા વિશે:

જુઓ, પોતાના મશ્વે રામાં કોઈ લોભીને શામિલ ન કરવો કેમકે તે તમને ઉદારતા અને મહેરબાનીના માર્ગથી હટાવી દેશે અને ભૂખ અને ગરીબીનો ભય દેખાડતો રહેશે અને એ જ રીતે બુઝદિલથી મશ્વે રો ન કરવો ન કેમકે તે દરેક બાબતમાં કમજોર બનાવી દેશે. અને લાલચુથી પણ મશ્વોરો ન કરવો કેમકે તે બળજબરી માલ ભેગો કરવાને પણ તમારી નજરમાં સજાવી દેશે. આ લોભ, લાલચ અને કાયરતા અલગ અલગ લાગણીઓ છે અને આદતો છે પરંતુ એ બધામાં એક સમાન ભાવના પરવરદિગારથી ખોટી ધારણા છે (બદગુમાની) જે પછી આ ખસલતો પ્રકાશમાં આવે છે.

## પ્રધાનપદ વિશે:

જુઓ, તમારા વજીરોમાં સૌથી વધારે ખરાબ એ છે જે તમારી પહેલા બદમાશોનો વજીર રહી ચૂક્યો હોય અને તેઓના ગુનાહોમાં ભાગીદાર રહી ચૂક્યો હોય. એટલે ખબરદાર! આવા લોકોને પોતાના ખાસ માણસોમાં શામિલ ન કરવા. કેમકે એ જાલિમોના મદદગાર અને વિશ્વાસઘાતીઓના

ભાઈબંધ છે, અને તમને એના બદલે શ્રેષ્ઠ લોકો મળી શકે છે, જેઓ પાસે એમના જેવી જ બુધ્ધિ અને વહીવટ શક્તિ હોય. અને તેમના જેવા ગુનાહોના ભાર અને ખતાઓના અંબાર ન હોય, ન તો તેઓએ કોઈ ઝાલિમની તેના ઝુલ્મમાં મદદ કરી હોય અને ન કોઈ ગુનેહગારનો તેના ગુનાહમાં સાથ આપ્યો હોય. આ એ લોકો છે જેનો બોજ તમારા માટે હળવો હશે અને આ તમારા માટે શ્રેષ્ઠ મદદગાર હશે. અને તમારા તરફ મહોબ્બતની લાગણી પણ ધરાવતા હશે. અને પરાયાથી મેલજોલ પણ નહીં રાખતા હોય. તેઓને પોતાની ખાસ સભાઓમાં પોતાના સાથી બનાવવા અને તેઓમાં પણ વધારે મહત્વ તેને આપવું જે સત્યના કડવા વેણ કહેવાની વધારે હિમ્મત ધરાવતો હોય અને તમારા કોઈ એવા કાર્યમાં તમને સાથ ન આપે જેને પરવરદિગાર પોતાના દોસ્તો માટે પસંદ ન કરતો હોય, ભલે પછી તે તમારી ઇચ્છાઓ સાથે કેટલીય વધારે મેળ ખાતી કેમ ન હોય.

**મુસાહિબત (સંગાથ) વિશે:**

પોતાનો નજીકનો સંબંધ તકવાવાળાઓ અને સત્યવાદીઓ સાથે રાખવો અને તેઓને પણ એ વાતની કેળવણી આપવી કે વિના કારણે તમારા વખાણ ન કરે. અને કોઈ એવા નિર્મૂળ કાર્યનો તમારામાં અહંકાર ન પૈદા કરાવે જે તમે અંજામ ન આપ્યો હોય. કેમકે વધારે પડતા વખાણથી મગરૂરી આવે છે અને ગર્વ ઇન્સાનને બંડખોરીની વધારે નજીક કરી દે છે.

જુઓ, ખબરદાર ! સુચારિત્ર્યવાન અને ચારિત્ર્યહીન તમારી નજદીક સમાન (એક સરખા) ન થવા પામે કેમકે આ રીતે તો ચરિત્ર્યવાનોમાં ભલાઈ પ્રત્યે અભાવ પેદા થશે, અને કુકર્મીઓમાં કુકર્મોની હિમ્મત આવશે. દરેક શખ્સ સાથે એવો વર્તાવ કરો, જેવા વર્તાવને પાત્ર તેઓએ પોતાને બનાવ્યા છે. અને યાદ રાખજો કે હાકિમે પ્રજાથી એટલા જ પ્રમાણમાં નેક ગુમાનીની આશા રાખવી જોઈએ જેટલા પ્રમાણમાં તેના ઉપર ઉપકાર કર્યા છે. અને તેઓના ભારને હળવો કર્યો છે. અને તેઓને કોઈ એવા કામ પર મજબૂર નથી કરવામાં આવ્યા જે તેઓની મકદૂર (શક્તિ)માં ન હોય. એટલે તમારો વર્તાવ આ સંબંધમાં એવો જ હોવો જોઈએ, જેનાથી તમે

પ્રજાથી વધારેમાં વધારે નેકગુમાની પૈદા કરી શકો, કેમકે આ નેક ગુમાની અંદરની ઘણી જહેમતોને કાપી નાખે છે અને તમારી નેકગુમાનીનો પણ સૌથી વધારે હકદાર એ છે જેની સાથે તમે શ્રેષ્ઠ વર્તણુંક કરી છે. અને સૌથી વધારે બદગુમાનીનો હકદાર એ છે જેની વર્તણુંક તમારી સાથે ખરાબ હોય. જુઓ કોઈ એવી નેક સુન્નેત (પ્રણાલિકા)ને ન તોડી નાખજો જેના પર ઉમ્મતના વડિલોએ અમલ કર્યો છે. અને તે દ્વારા સમાજમાં મહોબ્બત જન્મે છે અને રય્યતની સુધારણા થાય છે અને કોઈ એવી સુન્નેત (પ્રથા) ન દાખલ કરી દેજો જે પાછલી પ્રથાઓના હકમાં નૂકસાન કારક હોય. કેમકે આ રીતે અજ્ર એને મળશે જેણે સુન્ન તને દાખલ કરી છે અને ગુનાહ તમારા ગળામાં આવશે કે તમે તેને તોડી નાખી.

આલિમો સાથે ઇલ્મી ચર્ચાઓ અને ડાહ્યાઓ સાથે ગંભીર ચર્ચા જારી રાખવી એ પ્રશ્નોના સંબંધમાં જેનાથી પ્રદેશની સુધારણા થાય છે અને તે બાબતો કાયમ રહે છે જેનાથી પહેલાના લોકોની પરિસ્થિતિની સુધારણા થાય છે.

અને યાદ રાખો, કે પ્રજાના ઘણા સ્તરો હોય છે, જેમાં કોઈની સુધારણા બીજાના વગર નથી થઈ શકતી અને

કોઈને બીજા વગર ચાલતું નથી. તેઓમાં અલ્લાહના લશ્કરના સૈનિકો છે અને તેઓમાં સામાન્ય અને ખાસ વાતોના લખનારા છે. તેઓમાં જ અદાલતથી ફેંસલો કરવાવાળા હોય છે અને તેઓમાં ઇન્સાફ અને નરમી કાયમ કરવાવાળા અધિકારીઓ હોય છે. તેઓમાં ખિરાજ ભરનારા મુસ્લિમ અને ઝીમ્મી કાફિરો છે અને તેમાં વેપાર ઉધોગ અને કારીગરી કરનારા લોકો છે. અને પછી તેમાં ગરીબો અને નિરાધારોનો સૌથી પીડિત તબક્કો પણ શામિલ છે. અને બધા માટે પરવરદિગારે એક ભાગ નક્કી કરી દીધો છે અને પોતાની કિતાબની ફરજો અને પોતાના પયગમ્બરની સુન્નહતોમાં તેની મર્યાદા નક્કી કરી દીધી છે અને આ એ વાયદો છે જે અમારી પાસે સલામત છે.

## ફોજી દસ્તા વિશે:

આ ખુદાના હુકમથી પ્રજાના રક્ષકો અને વાલીઓની શોભા છે, તેઓથી દીનની પ્રતિષ્ઠા છે. અને આ જ શાંતિ સલામતીના સાધનો, રય્યતના કામોની વ્યવસ્થા તેઓ વગર નથી થઈ શકતી. અને આ દસ્તા પણ કાયમ નથી રહી

શકતા જ્યાં સુધી એ ખિરાજ ન નિકાળી દેવામાં આવે જેના મારફત દુશ્મનથી જેહાદની શક્તિ પૈદા થાય છે. અને જેના પર સંજોગોની સુધારણામાં ભરોસો રાખી શકાય છે, અને તેઓ જ તેના સંજોગોને સુધારનારા છે.

ત્યાર પછી એ બંને વર્ગની સ્થાપના અધિકારીઓ, કાજીઓ અને લહિયાઓના (લખનારાઓના) વર્ગ વગર નથી થઈ શકતી. કેમકે આ બધા વચન અને કરારોને મજબૂત બનાવે છે, નફાઓ ભેગા કરે છે અને સાધારણ અસાધારણ મામલાઓમાં તેઓ પર ભરોસો કરી શકાય છે. ત્યાર પછી એ બધાની સ્થાપના વેપારીઓ અને ઉધોગપતિઓના વગર શકય નથી કેમકે તેઓ જીવનની સુવિધાઓ પૂરી પાડે છે. બજારોને કાયમ રાખે છે અને લોકોને જરૂરતનો સામાન વગર મહેનતે પૂરો પાડે છે.

તે પછી ફકીરો અને નિરાધારોનો તબક્કો છે જે પીડીત છે અને મદદ અને સહાયના હકદાર છે. અને અલ્લાહને ત્યાં દરેક માટે જીવન સાધનો નક્કી છે અને દરેકનો વાલી પર એટલા પ્રમાણમાં હક છે જેનાથી તેઓના

કામોની સુધારણા થઈ શકે છે. અને વાલી આ ફરજોથી મૂક્ત નથી થઈ શકતો જ્યાં સુધી એ સુવિધાઓની વ્યવસ્થા ન કરે અને અલ્લાહથી મદદ ન માગે. અને પોતાના નફસને હકો અદાએગી પર સબ્ર કરવા માટે તૈયાર ન કરે ચાહે તે કઠિન હોય કે આસાન, એટલે લશ્કરનો સરદાર તેને બનાવવો, જે અલ્લાહ, રસૂલ અને ઇમામનો સૌથી વધારે ખાલિસ, સૌથી વધારે સુશીલ અને સૌથી વધારે સહન કરનારો હોય, ગુસ્સાના વખતે ઉતાવળ ન કરતો હોય અને બહાનું કબૂલ કરી લેતો હોય, કમજોરો પર મહેરબાની કરતો હોય, અને શક્તિશાળીઓની સામે અકડી જતો હોય. કુસ્વભાવ તેને જોશમાં ન લાવે અને નબળાઈ તેને બેસારી ન દે.

## લોકોથી મુલાકાત વિશે:

પછી પોતાનો સંબંધ ઉચ્ચ કૂળ, સજ્જન ઘરાના, ઉમદા પ્રણાલિકાવાળાઓ, હિમ્મતવાનો, બહાદૂરો, દાનવીરો, માયાળુઓ સાથે મજબૂત રાખો કેમકે આ લોકો દયાની મૂડી અને નેકીઓના મુખ્ય ઝરણાં છે, તેઓની પરિસ્થિતિની એવી જ રીતે સંભાળ રાખવી, જેવી રીતે મા - બાપ પોતાની

અવલાદની પરિસ્થિતિ પર નજર રાખે છે. અને તેઓ સાથે કોઈ એવી વર્તણુંક કરો જે તેઓને બળ આપતી હોય તો તેને મોટી ન ગણી લેવી અને જો કોઈ મામૂલી વર્તાવ પણ કર્યો છે તો તેને તુચ્છ સમજી રોકી ન લેવો. એટલા માટે કે સારો વર્તાવ તેઓને નિસ્વાર્થતાની દાવત આપશે અને તેઓમાં નેક ગુમાની પૈદા કરશે. અને ખબરદાર, મોટા મોટા કામો પર ભરોસો રાખી નાની જરૂરતોની દેખભાળ છોડી ન દેવી, કેમકે મામૂલી મહેરબાની પણ એક અસર રાખે છે જેનાથી લોકોને ફાયદો પહોંચે છે અને મોટી મહેરબાનીનું પણ એક સ્થાન છે જેનાથી લોકો બેપરવા નથી થઈ શકતા.

**સંરક્ષણ વિશે:**

અને જુઓ, લશ્કરના સરદારોમાં તમારી નજીક સૌથી વધારે ઉત્તમ એ હોવો જોઈએ જે ફૌજીઓની સહાયમાં સહકાર કરતો હોય અને પોતાના વધારાના માલમાંથી એટલા પ્રમાણમાં મહેરબાની કરતો હોય કે તે (ફોજીઓ) ના પાછળનાઓ અને સંબંધીઓ માટે પણ પૂરતું થઈ જાય, જેથી બધાનો એક જ ઉદ્દેશ રહી જાય અને તે એ કે દુશ્મનથી

જેહાદ. એટલા માટે તેઓ પર તમારી મહેરબાની તેઓના દિલોને તમારી તરફ વાળી દેશે. અને વાલીઓના હકમાં શ્રેષ્ઠ આંખોની ઠંડકનો સામાન એ છે કે દેશભરમાં ન્યાય અને ઇન્સાફ કાયમ થઈ જાય. અને પ્રજામાં પ્યાર અને મહોબ્બત નજર આવે. અને આ કામ ત્યાં સુધી શકય નથી જ્યાં સુધી છાતીઓ સલામત ન હોય અને તેઓની શુભેચ્છા સંપૂર્ણ નથી થઈ શકતી જ્યાં સુધી પોતાના હાકિમોની ફરતો ઘેરા નાખી તેઓનું રક્ષણ ન કરે. અને પછી તેઓની સત્તાને પોતાના માથાનો ભાર ન સમજે અને તેઓની હુકૂમતના અંતની વાટ ન જુએ.

એટલે તેઓની આશાઓને વિશાળ કરવી અને બરાબર કારનામાઓના વખાણ કરતા રહેવા બલ્કે મોટા લોકોના કારનામાઓની ગણત્રી કરતા રહેવી કેમકે આવા ઉલ્લેખોનો વધારો બહાદુરોને જોશ અપાવે છે અને પાછળ હટનારાઓને ઉત્તેજતા રહે છે. (ઇન્શાઅલ્લાહ) ત્યાર પછી દરેકના કારનામાને ઓળખતા રહેવું અને કોઈની કારકીર્દીને બીજાના આમાલનામામાં ન ચડાવી દેવી અને તેઓને સંપૂર્ણ બદલો આપવામાં ઉણપ ન રાખવી અને કોઈ શખ્સનું

સામાજિક સ્થાન તમને એ વાત પર તત્પર ન કરે કે તમે તેના સાધારણ કામને મોટું લેખાવો અથવા કોઈ નાના માણસના મોટા કામને મામૂલી બનાવી દયો.

જે કાર્યો કઠિન દેખાય અને તમારા માટે શંકાસ્પદ થઈ જાય તેને અલ્લાહ અને રસૂલની તરફ ફેરવી દયો. કેમકે પરવરદિગારે જે કૌમને હિદાયત દેવા ચાહી છે તેને ફરમાવી દીધું છે કે, "ઈમાનદારો, અલ્લાહ, રસૂલ અને અમ્રના ધણીઓની ઇતાઅત કરો. ત્યાર પછી કોઈ વાતમાં તમારામાં મતભેદ થઈ જાય તો તેને અલ્લાહ અને રસૂલની તરફ ફેરવી દયો." તો અલ્લાહની તરફ વાળવાનો અર્થ તેની મોહકમ કિતાબ તરફ વાળવાનો છે અને રસૂલની તરફ ફેરવવાનો મતલબ એ સુન્નલતની તરફ વાળવાનો છે જે ઉમ્મતને એકત્રિત કરનારી છે, ફૂટ પાડવાવાળી (વિભાજીત કરનારી) નથી.

## ફેંસલા (ન્યાય) વિશે:

ત્યાર પછી લોકોની વચ્ચે ફેસલા કરવા માટે એ લોકોની વરણી કરવી જે પ્રજામાં તમારી સમક્ષ સૌથી વધારે

સારા હોય, એ હિસાબે કે ન મામલાઓમાં અકળામણ અનુભવતો હોય અને ન ઝઘડા કરવાવાળાઓ પર ગુસ્સે થતા હોય. ન ભૂલ પર ચડી જતા હોય અને હક સ્પષ્ટ થઈ જવા પછી તેની તરફ પાછા વળવામાં અચકાતા હોય. ન તેઓનો નફસ લાલચ તરફ નમતો હોય અને ન મામલાની સમીક્ષામાં સાધારણ સમજને પૂરતી સમજી સંપૂર્ણ સમીક્ષા ન કરતા હોય. સંદેહમાં રોકાઈ જનારા હોય અને દલીલોને સૌથી વધારે અખત્યાર કરવાવાળા હોય. બંને પક્ષોની ચર્ચાથી કંટાળી ન જતા હોય અને મામલાઓની સમીક્ષામાં પૂરી સહનશીલતા દેખાડતા હોય અને હુકમ સ્પષ્ટ થઈ જવા પછી ઘણી ચોખવટથી ફેંસલો કરી દેતા હોય. ન કોઈના વખાણથી ગર્વિષ્ટ થાય અને ન કોઈના ઉત્તેજવાથી ઊંચે ચડી જતા હોય. આવા લોકો ઘણા ઓછા છે, પણ છે.

ત્યાર બાદ તેઓ પછી તમે પોતે પણ ફેંસલાની નિગરાની કરતા રહેજો અને તેમની બખ્શિશમાં એટલી વિશાળતા પૈદા કરી દેવી કે તેઓની જરૂરત પૂરી થઈ જાય અને પછી લોકોના મોહતાજ ન રહી જાય. તેઓને તમારી

પાસે એવું સ્થાન અને મોભો અર્પણ કરવો જેની તમારા ખાસ લોકો પણ લાલચ ન કરતા હોય કે આ રીતે તેઓ લોકોને નૂકસાન પહોંચાડવાથી બચી જશે. પણ આ સંબંધમાં પણ ઊંડી નજર રાખવી કેમકે આ દીન ઘણા દિવસો સુધી બદમાશોના હાથમાં કેદી રહી ચૂકયો છે જ્યાં ઇચ્છા મુજબનું કામ થતું હતું અને ઉદ્દેશ માત્ર દુનિયા પ્રાપ્તિનો હતો.

**અધિકારીઓ વિશે:**

ત્યાર પછી પોતાના અમલદારો પર પણ ધ્યાન રાખવામાં આવે અને તેઓની પરીક્ષા કર્યા પછી કામ સોંપવું. અને ખબરદાર, સંબંધો અથવા પક્ષપાતના આધારે હોદ્દાઓ ન આપવા, કેમકે આ વાતો ઝુલ્મ અને વિશ્વાસઘાતની અસરોમાં શામિલ છે. અને જુઓ તેઓમાં પણ જે નિસ્વાર્થ અને સ્વમાનશીલ હોય તેઓને ગોતવા જેઓ સારા ખાનદાનના હોય અને તેઓ ઇસ્લામમાં અગ્ર સેવાઓ આપી ચૂક્યા હોય. કેમકે આવા લોકો સારા સ્વભાવના અને નિષ્કલંક કીર્તિવાળા હોય છે. તેઓમાં ઉડાઉપણાની લાલચ ઓછી હોય છે અને તેઓ પરિણામ પર દ્રષ્ટિ વધારે રાખતા હોય છે.

ત્યાર પછી તેઓના પણ બધા ખર્ચાની વ્યવસ્થા કરવી. કેમકે તેનાથી તેઓને પોતાની અંગત સુધારણાની પણ તક મળે છે અને બીજાઓનો માલ કબ્જે કરવાથી પણ બેપરવા થઈ જાય છે. આમ છતાં તમારી આજ્ઞાની અવગણના કરે અથવા અમાનતમાં અડચણ પૈદા કરે તો તેઓ પર હુજ્જત પણ તમામ થઈ જાય છે.

ત્યાર પછી તે અમલદારોના કાર્યની પણ તપાસ કરતા રહેવી અને અતિવિશ્વાસુ પ્રકારના સાચા અને શુધ્ધ હ્રદયનાઓને તેઓ પર જાસૂસી માટે નિયુક્ત કરવા જેથી આ કાર્યવાહી તેઓને પ્રમાણિક્તાના ઉપયોગ પર અને પ્રજા સાથે નરમીના વર્તાવ પર તૈયાર કરી દેશે. અને જુઓ, પોતાના મદદગારોથી પોતાને બચાવીને રાખજો કે જો તેઓમાંથી કોઈ એક પણ વિશ્વાસઘાત તરફ કદમ વધારે તો તમારા જાસૂસ એકમતે એ ખબર આપે તો તેની ગવાહીને કાફી સમજી લેવી અને તેને શારીરિક રીતે પણ સજા કરવી અને જે માલ મેળવ્યો છે તેને આંચકી પણ લેવો અને સમાજમાં અપકીર્તિના સ્થાને રાખી વિશ્વાસઘાતના ગુનેહગારની હેસિયતે

ઓળખાવવો અને બદનામી અને નામોશી (ઝીલ્લત)નો તોક તેના ગળામાં નાખી દેવો.

**ખંડણી - મહેસૂલ:**

ખંડણી અને માલગુજારી (જમીનદારે આપેલ મહસૂલ)ના સંબંધમાં એ રીત અપનાવવી જે માલગુજારોના હકમાં વધારે યોગ્ય હોય કેમકે ખંડણી અને ખંડણી દેનારાના શ્રેયમાં (કલ્યાણ) જ સમાજનું કલ્યાણ છે. અને કોઈના સંજોગોની સુધારણા ખંડણીની સુધારણા વગર થઈ શકતી નથી. બધાય લોકો આ મહેસૂલના ભરોસે જીવન વીતાવે છે. ખિરાજ કે મહેસૂલ વસૂલ કરવામાં તમારૂં ધ્યાન માલ ભેગો કરવાથી વધારે જમીનની આબાદકારી ( વિકાસ) પર હોવું જોઈએ, કેમકે માલ જમા કરવો જમીનની આબાદકારી વિના શકય નથી. અને જેણે આબાદકારી વિના મહેસૂલની માંગણી કરી તેણે શહેરોને બરબાદ કરી નાખ્યા અને લોકોને તબાહ કરી દીધા. અને તેની હુકૂમત થોડા દિવસોથી વધારે ટકી નથી શકતી. ત્યારપછી જો લોકો મોંઘવારી, ઓચીંતી આફતો, નહેરો સુકાય જવાની, વર્ષાની કમીની, અને સેલાબના કારણે

તબાહી અને સુકાના ( દુષ્કાળ) કારણે બરબાદીની કોઈ ફરિયાદ કરે તો તેઓના મહેસૂલમાં એટલા પ્રમાણમાં છૂટ દઈ દેવી કે તેઓના કામ સુધરી જાય. અને ખબરદાર ! આ કમી તમારા પર ભારે ન લાગે એટલા માટે કે આ છુટછાટ અને સગવડતા એક સંગ્રહ છે જેની અસર શહેરોની વસ્તી અને રાજકર્તાઓના માન મોભાના રૂપમાં તમારી તરફ પાછી આવશે. એ ઉપરાંત તમારા સારા વખાણ પણ થશે અને ન્યાય અને ઇન્સાફ પ્રસરવાના લીધે ખૂશી પણ પ્રાપ્ત થશે. પછી તેઓની રાહત અને આરામ, કલ્યાણ અને ન્યાય, નરમી અને સુવિધાઓના કારણે જે શ્રધ્ધા મેળવી છે તેનાથી એક વધારાનું બળ પણ મળશે, જે સમય પડતા કામ પણ આવી શકે છે.

એટલા માટે કે ઘણી વખત એવા સંજોગો ઊભા થાય છે કે જેમાં વિશ્વાસ અને નેક ગુમાની પછી તેઓ પર ભરોસો કરો તો ઘણી સ્વેચ્છાએ (ખુશી પૂર્વક) સંકટો સહી લે છે અને તેનું કારણ જમીનની આબાદકારી જ છે. જમીનોની બરબાદી જમીનદારોની તંગદસ્તીથી થાય છે અને

તંગદસ્તીનું કારણ રાજકર્તાઓના નફસનું ભેગું કરવા તરફનું વલણ જ હોય છે. અને તેઓની એ બદગુમાની હોય છે કે હુકૂમત બાકી રહેવાવાળી નથી અને તેઓ બીજાઓની હાલતોથી બોધપાઠ ગ્રહણ કરતા નથી.

**મુન્શી:**

ત્યારપછી પોતાના મુન્શીઓની સ્થિતિઓ પર નજર રાખવી. અને પોતાનો કારભાર શ્રેષ્ઠ લોકોના હવાલે કરવો, અને પછી પત્રો જેમાં રાજ્યના રહસ્યો, દેશના ભેદો હોય એવા લોકોને હવાલે કરવા જેઓ શ્રેષ્ઠ ચારિત્ર્ય અને વર્તનના માલિક હોય અને માન મેળવી અકડી ન જાતા હોય કેમકે એક દિવસ લોકોની સામે તમારા વિરોધની હિંમત પેદા કરી લે અને બેધ્યાનીના કારણે તમારી લેવડ દેવડના મામલાઓમાં તમારા અમલદારોના પત્રો રજૂ કરવામાં અને તેના જવાબો આપવામાં આળસથી કામ લેવા લાગે અને તમારા માટે કોલ કરાર બાંધે તેને કમજોર કરી દે અને તમારી વિરૂદ્ધ ષડયંત્રને તોડવામાં લાચારીનું પ્રદર્શન કરે. જુઓ આ લોકો મામલાઓમાં પોતાના ખરા સ્થાનથી અજ્ઞાન

ન હોય કેમકે પોતાના માન મોભાને ન ઓળખવાવાળો બીજાઓના માન મોભાથી ખરેખર વધારે અજ્ઞાન હોય છે.

ત્યારપછી તેઓની નિમણુંક માત્ર જાતી હોશયારી, સારા ભરોસા અને નેક ગુમાનીના આધારે ન કરવી. કેમકે ઘણા લોકો હાકિમો સામે બનાવટી કીરદાર અને શ્રેષ્ઠ સેવાઓના લીધે પોતાને શ્રેષ્ઠ બનાવી રજૂ કરવાની આવડત રાખે છે. જો કે તેની પાછળ ન કોઈ નિર્મળતા હોય છે અને ન પ્રમાણિક્તા. પહેલા તેઓની કસોટી કરવી કે તમારી પહેલાવાળા સદ્‌ચારિત્ર હાકિમો સાથે તેઓની વર્તણુંક શું રહી છે? પછી જેઓ લોકોમાં સારી નામના રાખતા હોય અને પ્રમાણિક્તાના આધારે ઓળખાતા હોય તેઓની જ નિમણુંક કરવી. કેમકે આ જ વાતની દલીલ હશે કે તમે પરવરદિગારના નિસ્વાર્થ બંદા છો અને પોતાના ઇમામને વફાદાર છો. પોતાના બધા વિભાગો માટે એક એક અમલદાર નિમણુંક કરી દેવો, જે મોટામાં મોટા કામથી પણ ગભરાતો ન હોય અને કામોના વધારે હોવાથી પરેશાન ન થઈ જતો હોય. અને એ યાદ રાખવું કે આ મુન્શીઓમાં જે એબ હશે અને તમે

તેની ઉપેક્ષા કરશો તો તેની પૂછા તમારાથી જ કરવામાં આવશે.

ત્યારપછી વેપારીઓ અને ઉદ્યોગપતિઓ વિશે નસીહત ગ્રહણ કરો. અને બીજાઓને તેઓની સાથે સારો વર્તાવ કરવાની ભલામણ કરો. ચાહે તેઓ એક સ્થળે કામ કરનારા હોય અથવા ઠેક ઠેકાણે ફેરી કરનારા હોય અને શારીરિક મહેનતથી રોઝી કમાનારા હોય. એટલા માટે કે આ જ લોકો નફાના કેન્દ્ર અને જીવન જરૂરીયાત પૂરી પાડનારા સધાનો છે. આ જ દૂર સુદૂર સ્થળો, દરિયા અને દેશો, પર્વતો અને રણો, દરેક સ્થળેથી જરૂરિયાત ભેગી કરવાવાળા છે, ત્યાં સુધી જવાની લોકોની પહોંચ નથી હોતી. અને ત્યાં સુધી લોકો જવાની હીમ્મત નથી કરતા. આ એ શાંતિપ્રિય લોકો છે જેઓથી ફસાદનો ખતરો નથી હોતો અને આ એવા સુલાહ સમાધાનવાળા હોય છે જેઓથી કોઈ ચળવળની શંકા નથી હોતી.

પોતાની સામે અને બીજા શહેરોમાં પથરાએલા તેમના હિતોની સાર સંભાળ લેતા રહેવી અને એ ધ્યાનમાં

રાખવું કે તેઓમાંથી ઘણા લોકોમાં અત્યંત સંકુચિત દ્રષ્ટિ અને ખરાબ પ્રકારની કંજુસી જોવામાં આવે છે. આ લોકો માલોનો સંઘરો કરે છે અને ઊંચા ઊંચા ભાવ પોતે જ નક્કી કરી દે છે. જેનાથી આમ જનતાને નુકસાન થાય છે અને રાજકર્તાઓની બદનામી થાય છે. લોકોને સંઘરાખોરીથી મના કરો કેમકે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે તેની મના કરી છે. ખરીદ વેચાણમાં સગવડતા જરૂરી છે. જ્યાં ન્યાયસર ત્રાજવા હોય અને એ કીંમત નક્કી હોય જેનાથી વેચવાવાળા કે ખરીદવાવાળા કોઈ પણ પક્ષ પર ઝુલ્મ ન થાય. એ પછી જો તમારા મના કરવા છતાં જો કોઈ શખ્સ સંઘરાખોરી કરે તો તેને શિક્ષા કરો, પરંતુ તેમાં પણ મર્યાદા ન ઓળંગવામાં આવે.

ત્યારપછી અલ્લાહથી ડરો, એ પછાત વર્ગના સંબંધમાં જેઓ નિરાધાર, ફકીરો અને અપંગ લોકોનો વર્ગ છે. જેનો કોઈ સહારો નથી. આ તબક્કામાં માગવાવાળા લોકો પણ છે અને સ્વમાની પણ છે. જેની સૂરત સવાલ છે. (તેના હકોનું રક્ષણ મુશ્કેલ છે.) તેઓના જે હકોના અલ્લાહે તમને

રક્ષક બનાવ્યા છે તેનું રક્ષણ કરો અને તેઓ માટે બયતુલ માલ અને જમીની મહેસૂલમાંથી એક ભાગ વિશેષ કરી દયો. કેમકે તેઓના દૂર રહેનારાઓનો એ જ હક છે જે નજીકવાળાઓનો છે. અને તમને બધાના રખેવાળ બનાવવામાં આવ્યા છે. એટલે ખબરદાર ! તમને ગર્વ અને ઘમંડ તેઓ તરફથી ગાફિલ ન બનાવી દે. કેમકે તમને મોટા કામો સધ્ધર બનાવી દેવાથી નાના કામોની બરબાદીથી માફ કરવામાં નહીં આવે.

એટલે પોતાનું ધ્યાન ન તેઓ તરફથી હટાવી દેવું, ન ગર્વના કારણે પોતાનું મોં ફેરવી લેવું. જે લોકો તમારા સુધી પહોંચ નથી ધરાવતા અને તેઓને નજરોએ પાડી દીધા છે અને વ્યક્તિઓએ તુચ્છ બનાવી દીધા છે, તેઓની સ્થિતિઓની સારસંભાળ પણ તમારી જ ફરજ છે. એટલે તેઓ માટે વિનમ્ર અને ખુદાથી ડરનારા ભરોસાપાત્ર લોકોને ખાસ કરી દયો, જે તમારી પાસે તેઓના મામલાઓ પહોંચાડતા રહે અને તમે એવા કાર્યો બજાવતા રહો, જેના લીધે કયામતના દિવસે પરવરદિગારની આગળ ક્ષમાપાત્ર તમને કહી શકાય.

કેમકે આ જ લોકો સૌથી વધારે ન્યાયના મોહતાજ છે અને પછી દરેકના હકો અદા કરવામાં પરવરદિગાર આગળ પોતાને ક્ષમાપાત્ર પૂરવાર કરી શકો.

અને અનાથો તથા મોટી વયના વૃધ્ધોની પરિસ્થિતિ પર પણ નજર રાખો, કેમકે તેમનો કોઈ વસીલો નથી અને તેઓ માગવા માટે ઊભા પણ નથી થતા. દેખીતું છે કે તેઓનું ધ્યાન રાખવું હાકિમો માટે ઘણો સંગીન પ્રશ્ન હોય છે. પરંતુ શું કરીએ હક તો બધાએ બધા ભારે જ હોય છે. અલબત્તા કદી કદી પરવરદિગાર તેને હળવું બનાવી દે છે, એ કોમો માટે જેઓ સુખાંત ચાહતી હોય છે અને આ માર્ગમાં પોતાના નફસને ધીરજના આદી બનાવે છે અને ખુદાના વાયદા પર ભરોસાનું પ્રદર્શન કરે છે.

અને જુઓ જરૂરતવાળાઓ માટે એક સમય નક્કી કરી દયો, જેમાં પોતાને તેઓ માટે નિવૃત કરી લ્યો, અને એક સામાન્ય સભામાં બેસો. એ ખુદાની સામે વિનમ્ર રહો, જેણે પૈદા કર્યા છે અને પોતાના બધા અંગરક્ષકો, પોલિસ, ફોજ, સહાયકો અને મદદગારો બધાને દૂર બેસારી દયો, જેથી

બોલવાવાળો આઝાદીથી બોલી શકે અને કોઈ પણ પ્રકારે જીભ થોથરાય નહીં. કેમકે મેં હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમથી સાંભળ્યું છે કે આપે વારંવાર ફરમાવ્યું છે કે, "તે ઉમ્મત પવિત્ર ચારિત્ર્યની નથી હોઈ શકતી, જેમાં કમજોરોને આઝાદીની સાથે શક્તિશાળી પાસેથી પોતાનો હક લેવાનો મોકો ન દેવામાં આવે."

ત્યાર પછી તેઓ સાથે અપશબ્દો અથવા તોછડા વેણનો સામનો થાય તો તેને સહન કરી લ્યો અને મનના ટૂંકાપણા અને ગર્વને દૂર રાખો જેથી ખુદા તમારા માટે રહેમતની આસપાસ (છાંયો) વિશાળ કરી દે. અને પયરવીના સવાબને જરૂરી ઠરાવે. જેને જે કંઈ પણ આપો દિલથી આપો અને જેને મના કરો તેઓને સુંદર રીતે ટાળી દયો.

ત્યાર પછી તમારા કામોમાં કેટલાક એવા કાર્યો પણ છે જે તમારે સીધા પોતે બજાવી લાવવાના છે. જેમકે હાકિમોના એ મસાઈલના જવાબો જેના જવાબો મંત્રીઓ ન દઈ શકે. અથવા લોકોની એ જરૂરતો પૂરી કરવી જે પૂરી

કરવાથી તમારા સહાયકો મન ચોરાવતા હોય. અને જુઓ દરેક કામને તેના જ દિવસે પુરૂં કરી લ્યો કેમકે દરેક દિવસનું પોતાનું એક કામ હોય છે. ત્યાર પછી પોતાના અને પરવરદિગારના સંબંધ માટે શ્રેષ્ઠ સમયની વરણી કરવી જે બધા સમયોથી ઉત્તમ અને શ્રેષ્ઠ હોય. જો કે, બધા સમયો અલ્લાહના ગણાય છે જો ઇન્સાનની નિય્યત સાફ રહે અને રય્યત તેના કારણે સુખી થઈ જાય.

અને તમારા એ આમાલ જેને માત્ર અલ્લાહના નામ માટે બજાવી લાવો છો, તેઓમાં સૌથી અગત્યના કામ એ ફરજોની બજવણી હોય જે માત્ર પરવરદિગારના માટે હોય છે. પોતાની શારીરિક શક્તિમાંથી રાત અને દિવસ બંને સમયે એક ભાગ અલ્લાહના માટે નક્કી કરવો અને જે કાર્ય દ્વારા તેની નિકટતા ચાહો છો તેને સંપૂર્ણ પણે અંજામ આપવું ન તેમાં કોઈ અડચણ આવે અને ન કંઈ ખામી આવે ભલે શરીરને કોઈ પણ પ્રમાણમાં શ્રમ કેમ ન લાગે અને જયારે લોકો સાથે જમાતની નમાઝ અદા કરો તો ન એવી રીતે પડાવો કે લોકો કંટાળી જાય અને ન એવી રીતે કે નમાઝ

બગડી જાય. એટલા માટે કે લોકોમાં બીમાર અને જરૂરતવાળા લોકો પણ હોય છે. અને મેં યમનના સાહસ પર જતી વખતે હુઝૂરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમથી પૂછયું હતું કે જમાતની નમાઝની રીત કેવી હોવી જોઈએ? તો આપે ફરમાવ્યું હતું કે અશકતમાં અશકત આદમીનો ખ્યાલ રાખી નમાઝ પડાવવી અને મોઅમિનોના હાલ પર રહેમ કરવી.

ત્યારપછી એ પણ ધ્યાનમાં રહે કે પોતાની પ્રજાથી લાંબા સમય સુધી અલગ ન રહેવું, કેમકે રાજકર્તાઓનું રય્યતથી પરદા પાછળ રહેવું એક પ્રકારની તંગદિલી પૈદા કરે છે. અને તેઓના વિશે જાણવા નથી મળતું અને આ અલગતા તેઓને પણ એ વસ્તુઓ જાણવાથી રોકી લે છે જેઓની સામે આ પરદાઓ ઊભા થઈ ગયા છે. અને આમ મોટી વસ્તુ નાની થઈ જાય છે અને નાની વસ્તુ મોટી થઈ જાય છે. સારો ખરાબ બની જાય છે અને ખરાબ સારો થઈ જાય છે. અને સાચું જૂઠું ભેળસેળ થઈ જાય છે. અને રાજકર્તા પણ અંતે એક ઇન્સાન છે તે પરદા પાછળની વાતોને જાણી

નથી શકતો અને ન હકના કપાળે એ ચિહ્નો હોય છે જેના વડે સચ્ચાઈના પ્રકારને ગલત બયાનીથી અલગ કરીને ઓળખી શકાય.

અને પછી તમે બેમાંથી એક પ્રકારના જરૂર હશો. કાં તો એ શખ્સ હશો જેનું મન હકના માર્ગમાં ભોગ અને ભેટ માટે વલણ ધરાવતું હશે તો પછી તમને હક આપવાના માર્ગમાં પરદો અટકાવવાની શું જરૂરત છે? અને ઉદાર લોકો જેવા કાર્ય કેમ નથી કરતા? અથવા તમે લોભની બીમારીમાં સપડાયા હશો તો ઘણી જલદી લોકો તમારાથી નિરાશ થઈને પોતે જ પોતાના હાથો ખેંચી લેશે. અને તમને પરદો નાખવાની જરૂરત જ નહીં રહે. જો કે લોકોની મોટા ભાગની જરૂરતો એવી છે જેમાં તમને કોઈ પણ પ્રકારની મહેનત નથી, જેમકે કોઈ ઝુલ્મની ફરિયાદ અથવા કોઈ બાબતમાં ન્યાયની માંગણી

ત્યારપછી એ પણ લક્ષમાં રહે કે હર વાલીના અમુક ખાસ અને રહસ્યમય લોકો હોય છે, જેઓમાં સ્વાર્થ, અત્યાચાર અને મામલાઓમાં અન્યાય જોવા મળે છે એટલે

ખબરદાર, આવા લોકોના ફસાદનો ઇલાજ તે કારણોને ટાળીને કરવો જેનાથી આ પરિસ્થિતિ ઊભી થાય છે. પોતાના કોઈ અંગત માણસ અથવા સગાને કોઈ જાગીર ન આપી દેવી અને તેઓની તમારી પાસે કોઈ એવી આશા ન હોવી જોઈએ કે તમે કોઈ એવી જમીન પર કબ્જો આપી દેશો જેના કારણે પાણીની વહેંચણી અથવા કોઈ મજીયારા (ભાગીદારીના) મામલામાં ભાગીદાર લોકોને નૂકસાન પહોંચી જાય કે પોતાના ખર્ચ પણ બીજાના માથે થોપી દે. અને આ રીતે આ મામલાની મજા તેના ભાગમાં આવે અને તેની જવાબદારી દુનિયા અને આખેરતમાં તમારા શિરે રહે.

અને જેના પર કોઈ હક લાગુ પડતો હોય તેને પૂરો કરવાની જવાબદારી તેના પર નાખો, ભલે તે તમારો નજીકનો હોય કે દૂરનો અને આ બાબતમાં અલ્લાહના માર્ગમાં ધૈર્ય અને સહનશીલતાથી કામ લ્યો, ચાહે તેનો ભાર તમારા સગાવહાલાઓ અને અંગત માણસો પર જ કેમ ન પડતો હોય અને આ સંબંધમાં તમારા મન પર જે બોજ

પડયો છે તેને આખેરતની ઉમ્મીદ પર સહી લેવો કેમકે આ કામનો અંત સારો આવશે.

અને કદી પ્રજાને એમ લાગે કે તમે તેઓ પર ઝુલ્મ કર્યો છે તો તે માટે તેઓની માફી માગી લ્યો અને એજ રીતે તેઓની કુશંકાનો ઇલાજ કરો. કેમકે તેમાં તમારા નફસની કેળવણી પણ છે અને પ્રજા પર નરમીનું પ્રદર્શન પણ છે, અને એ ક્ષમા યાચના પણ છે જેના વડે તમે રય્યતને હકના માર્ગે ચલાવવાનો હેતુ પણ પ્રાપ્ત કરી શકો છો.

અને ખબરદાર ! કદી એવા સમાધાનના આમંત્રણનો ઇન્કાર ન કરવો, જેની હિલચાલ શત્રુ તરફથી થાય અને જેમાં અલ્લાહની રજામંદી દેખાતી હોય. કેમકે સમાધાન દ્વારા લશ્કરને થોડો આરામ મળી જાય છે. અને તમારૂં મન પણ ચિંતાથી મૂક્ત થઈ જાય છે. અને શહેરોમાં પણ અમનો અમાનનું વાતાવરણ સ્થપાઈ જશે. અલબત્ત સુલેહ પછી દુશ્મનથી સંપૂર્ણ રીતે સાવચેત રહેવું, કેમકે કદી કદી તે તમને ધોકામાં નાખવા તમારાથી નિકટતા મેળવવા માગે છે. એટલે આ સંબંધમાં સંપૂર્ણ સાવચેતીથી કામ લેવું અને નેક

ગુમાનીમાં ન રહેવું. અને જો પોતાની અને તેઓની વચ્ચે કોઈ કરાર કરવા અથવા તેને કોઈ પણ પ્રકારનો આશરો આપવો તો પોતાના વચનની પાસદારી અને તેની વફાદારી દ્વારા કરવો અને પોતાની જવાબદારીને અમાનતદારીથી સુરક્ષિત બનાવવી. અને પોતાના કોલ કરારના માર્ગમાં પોતાના નફસને ઢાલ બનાવી દેવી. કેમકે અલ્લાહની ફરજોમાં વચન પાલન જેવી કોઈ ફરજ નથી જેના પર બધા લોકો ઇચ્છાઓની ભિન્નાતા અને વિચારોના ભેદભાવ છતાં એકમત છે. અને તેનો મુશ્રીકોએ પણ પોતાના મામલાઓમાં ખ્યાલ રાખ્યો છે. કેમકે વચનભંગના પરિણામે વિનાશનો અંદાજો કરી લીધો છે. તો ખબરદાર, તમે પોતાના બોલવચનથી ગદ્દારી ન કરજો અને પોતાના કોલ કરારમાં વિશ્વાસઘાતથી કામ ન લેજો અને પોતાના દુશ્મન પર અચાનક હુમલો ન કરી બેસવો. એટલા માટે કે અલ્લાહના મુકાબલામાં જાહિલ અને બદબખ્ત સિવાય કોઈ ધૃષ્ટતા નથી કરી શકતું.

અને અલ્લાહે કોલ કરારને અમનો અમાનનું સાધન બનાવ્યું છે. જેને પોતાની રહેમતથી બધા બંદાઓ દરમિયાન આમ કરી દીધું છે. અને એવું આશરાનું ઘર બનાવી દીધું છે કે જેના સલામતીના પાલવમાં શરણ લેવાવાળા આશરો લે છે. અને તેના પડોશમાં પડાવ કરવા માટે ઉતાવળે પગ આગળ વધારે છે એટલે તેમાં કોઈ બનાવટ, પ્રપંચ અને ધોકાબાજી ન હોવી જોઈએ અને કોઈ એવા કરાર ન કરવા જેમાં વ્યાખ્યાની જરૂરત પડે અને કરાર પાકા થઈ જવા પછી તેના કોઈ અસ્પષ્ટ શબ્દથી ફાયદો ઉપાડવાની કોશિષ ન કરવી અને ખુદાઈ સલ્તનતમાં તાણની લાગણી હક સિવાયના સાથે વિશાળ સંબંધોની તલાશ પર તત્પર ન કરી દે. કેમકે કોઈ વાત પર સબ્ર કરી લેવું અને સુખમય સંજોગો અને શ્રેષ્ઠ છેવટની વાટ જોવી એ ગદ્દારીથી વધારે સારી છે જેની અસરો ખતરનાક હોય અને તમને અલ્લાહના તરફથી જવાબ આપવાની મુસીબતો ઘેરી લે અને દુનિયા તથા આખેરત બંને બરબાદ થઈ જાય.

જુઓ, ખબરદાર ! નાહક ખૂન વહાવવાથી બચતા રહેવું, કેમકે તેનાથી વધારે અલ્લાહના અઝાબથી નજીક અને પરિણામ ભોગના હિસાબે વધારે આકરી અને નેઅમતોનું પતન, જીવનના અંત માટે વધારે યોગ્ય કોઈ કારણ નથી. અને પરવરદિગાર કયામતના દિવસે પોતાના ફેંસલાનો આરંભ રક્તપાતના મામલાતથી કરશે. એટલે પોતાની હુકૂમતની સ્થિરતા નાહક રક્તપાતથી ન પૈદા કરવી, કેમકે આ વાત હુકૂમતને કમજોર અને બેજાન બનાવી દે છે. બલ્કે તબાહ કરીને બીજાઓને આપી દે છે. અને તમારી પાસે ન ખુદા સમક્ષ કે ન મારી સામે જાણી જોઈને કતલ કરવાનું બહાનું નથી. અને તેમાં જિંદગીનો કિસાસ પણ સાબિત છે. અલબત્તા ધોકાથી આ ભૂલ કરી બેસો અને તમારો ચાબખો, તલવાર અથવા હાથ સજા આપવામાં હદ વટાવી જાય કેમકે કદી કદી ઠોંસો વગેરે પણ ક્તલનું કારણ બની જાય છે. તો ખબરદાર ! તમને સલ્તનતનો ગર્વ એટલો ઊંચો ન બનાવી દે કે તમે ખૂનના વારિસોને ખૂંબહાનો હક પણ ના આપો.

અને જુઓ, પોતાના નફસને આત્મશ્લાઘાથી (આપ વખાણથી) પણ દૂર રાખજો અને પોતાની પસંદ પર ભરોસો

પણ ન કરવો અને વધારે વખાણનો શોખ પણ પેદા ન થવા પામે. કેમકે આ બધી વાતો શયતાનના ફુરસદના સારા સાધનો છે જેના વડે તે નેક ચારિત્ર્યવાળાઓના અમલને બરબાદ અને નાશ કરી દે છે.

અને ખબરદાર ! રઅ્યત પર એહસાન પણ ન જતલાવવો (દેખાડવું) અને જે વર્તણુંક કરી છે તેને વધારે સમજવામાં યત્ન પણ ન કરવો અને તેઓથી જો કોઈ વાયદો કર્યો હોય તો તેના પછી વાયદાભંગ પણ ન કરવો. કેમકે આ વર્તણુંક અહેસાનને બરબાદ કરી દે છે. અને અમલની વૃધ્ધિનો ગર્વ હકના પ્રકાશનો નાશ કરી દે છે અને વાયદા વિરોધ (વાયદાનો ભંગ) ખુદા અને ખુદાના બંદાઓ બંનેની નજદીક નારાજીનું કારણ બને છે. જેમકે તેણે ઇરશાદ ફરમાવ્યું છે કે "અલ્લાહની નજીક આ ઘણી નારાજગીનું કારણ છે કે તમે કોઈ વાત કહો અને પછી તે મુજબ અમલ ન કરો."

અને ખબરદાર, સમય પહેલાં કામમાં ઉતાવળ ન કરવી અને સમય પાક્યા પછી આળસ ન દેખાડવી. અને વાત સમજમાં ન આવે તો ઝઘડો ન કરવો અને સ્પષ્ટ થઈ

જાય તો કમજોરી ન દેખાડવી. દરેક વાતને તેના સ્થાને રાખો અને દરેક કામને તેના સમયે અંજામ આપો.

જુઓ જે વસ્તુમાં બધા લોકો બરાબરના ભાગીદાર હોય તેને પોતાની સાથે ખાસ ન કરી લેવું અને જે હક દ્રષ્ટિ સામે સ્પષ્ટ થઈ જાય તેમાં તેનાથી ગફલત ન કરવી. કેમકે બીજાઓ માટે આ જ તમારી ઝીમ્મેદારી છે અને ટૂંકમાં જ બધી બાબતોથી પરદો ઊઠી જશે. અને તમારાથી મઝલુમનો બદલો લઈ લેવામાં આવશે. પોતાના ગુસ્સાની તેજી, પોતાની અવગણનાનો જોશ, પોતાના હાથોની તરવરાટ અને પોતાની જીભની કાટ પર અંકુશ રાખવો અને એ બધી વસ્તુઓથી પોતાને એવી રીતે બચાવવી કે ઉતાવળથી કામ ન લેવું અને સજા આપવામાં જલ્દી ન કરવી ત્યાં સુધી કે ગુસ્સો ઠંડો પડી જાય અને પોતા પર કાબુ આવી જાય. અને એ વાત પર પણ ત્યાં સુધી અધિકાર પ્રાપ્ત નથી થઈ શકતો જ્યાં સુધી અલ્લાહના દરબારમાં પરાવર્તનનું ભાન વધારેમાં વધારે ન થઈ જાય.

તમારી ફરજ છે કે, ભૂતકાળમાં થઈ ગએલી ન્યાયી હુકૂમતો અને શ્રેષ્ઠ ચારિત્ર્યોને યાદ રાખો, હઝરત રસૂલે

અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના આસાર અને ખુદાની કિતાબના હુકમોને નજરમાં રાખો અને જેવી રીતે અમને અમલ કરતા જોયા છે એવી રીતે અમારા પગલે પગલે ચાલો અને જે કંઈ અમે આ આજ્ઞાપત્રમાં બતાવ્યું છે તેના પર અમલ કરવાની કોશિશ કરો. કેમકે મેં તમારા પર મારી હુજ્જત પાકી (પુરી) કરી દીધી છે જેથી જયારે તમારૂં મન ઇચ્છાઓ તરફ ઝડપથી આગળ વધે તો તમારી પાસે કોઈ બહાનું ન રહે. અને હું પરવરદિગારની વિશાળ રહેમત અને દરેક હેતુ પાર પાડવાની મહા શક્તિના વસીલાથી એ સવાલ કરૂં છું કે મને અને તમને એ કામોની સદબુધ્ધિ આપે જેમાં તેનો રાજીપો હોય. અને આપણે બંને તેના દરબારમાં અને બંદાઓ સામે બચાવ કરવાને સમર્થ થઈ જઈએ. બંદાઓના શ્રેષ્ઠ વખાણના હકદાર બનીએ અને ઇલાકાઓમાં શ્રેષ્ઠ અવશેષો છોડીને જઈએ. નેઅમતની વિપૂલતા અને કીર્તિમાં દિન પ્રતિ દિન વધારાને કાયમ રાખી શકીએ અને આપણા બંનેનો અંત સૌભાગ્યવંત અને શહાદત પર થાય. કેમકે આપણે બધા અલ્લાહના માટે જ છીએ અને તેના

દરબારમાં પાછા ફરીને જવાવાળા છીએ. સલામ થાય હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ પર અને તેમની પવિત્ર અને નિર્દોષ આલ પર, અને બધા પર સલામ અગણિત અગણિત. - વસ્સલામ.

# (૫૪) તલહા અને ઝુબેરના નામે

*તલહા અને ઝુબેરના નામે પત્ર જેને ઇમરાન બિન અલ હસીન અલ ખિઝાઈ મારફતે મોકલ્યો હતો અને જેનો ઉલ્લેખ અબૂ જઅફર ઇસ્કાફીએ કિતાબ “અલ મકામાત”માં કર્યો છે.*

જણાવવાનું કે, જો કે તમે બંને છુપાવી રહ્યા છો પરંતુ તમને બહરહાલ (દરેક હાલમાં) ખબર છે કે મેં ખિલાફતની ઇચ્છા નહોતી કરી, લોકોએ મારી ઇચ્છા કરી છે અને મેં બયઅત માટે કોઈ પગલા નહોતા ભર્યા જ્યાં સુધી તેઓએ બયઅત કરવાનો નિર્ણય જાહેર નહોતો કર્યો, તમે બંને પણ એ લોકોમાં શામિલ છો જેઓએ મને ચાહ્યો હતો અને મારા હાથે બયઅત કરી હતી. અને આમ લોકોએ પણ મારી બયઅત કોઈ શાહી દબાણ કે રોબથી નહોતી કરી અને ન કોઈ દુનિયાના માલની લાલચમાં કરી છે.

એટલે જો તમે બંનેએ મારી બયઅત પોતાની સ્વેચ્છાએ કરી હતી તો હવે ખુદાની તરફ રજૂ કરો અને તરત તૌબા કરી લ્યો, અને જો લાચારીએ કરી હતી તો તમે તમારા

પર મારો હક પૂરવાર કરી દીધો કે તમે પયરવીનો દેખાવ કર્યો હતો. અને નાફરમાનીને દિલમાં છુપાવી રાખી હતી. અને મારી જાનની કસમ ! તમે બંને આ રહસ્ય અને મનની વાતોને છુપાવવામાં મુહાજિરોથી વધારે પાત્ર નહોતા. અને તમારા માટે બયઅતથી નિકળી જવું અને ઇકરાર પછી ઇન્કાર કરી દેવાથી વધારે આસાન પ્રથમ દિવસથી જ તેનો ઇન્કાર કરી દેવો હતું.

તમારા લોકોનું એક માનવું એ પણ છે કે મેં હ. ઉસ્માનને કત્લ કર્યો છે તો મારી અને તમારી વચ્ચે એ મદીનાવાસીઓ મૌજૂદ છે જેમણે આપણા બંનેથી અલગતા અખત્યાર કરી લીધી છે. ત્યાર પછી દરેક શખ્સ એ વાતનો જવાબદાર છે જે તેણે જવાબદારી કબૂલ કરી છે. બુઝુર્ગો ! મૌકો ગનીમત છે, પોતાની રાયથી (મતથી) ફરી ન જાવ કેમકે આજે તો માત્ર બદનામી અને અપકીર્તિનો ખતરો છે પરંતુ ત્યાર પછી રૂસ્વાઈ અને આગ બંને ભેગા થઈ જશે. - વસ્સલામ.

# (૫૫ (મુઆવિયાના નામે

જાણી લ્યો, કે મહાન અને ઉચ્ચતમ ખુદાએ દુનિયાને આખેરતની પ્રસ્તાવના બનાવી છે. અને તેને કસોટીનો માર્ગ બનાવ્યો છે. જેથી એ સ્પષ્ટ થઈ જાય કે શ્રેષ્ઠ અમલ કરનાર કોણ છે. આપણે ન તો આ દુનિયા માટે પૈદા કરવામાં આવ્યા છીએ ન આપણને તેના માટે દોડધૂપ કરવાની આજ્ઞા કરી છે. આપણે અહીં માત્ર એટલા માટે રાખવામાં આવ્યા છીએ કે આપણી પરીક્ષા કરવામાં આવે. અને અલ્લાહે તમારા મારફત અમારી અને અમારા મારફત તમારી પરીક્ષા કરી લીધી છે. અને એકને બીજા પર હુજ્જત ઠરાવી દીધી છે. પરંતુ તમે કુરઆનની તાવીલનો આધાર લઈને દુનિયા પર ચડાઈ કરી દીધી છે અને મારાથી એવા જુર્મનો હિસાબ માગ્યો છે જેનો ન મારા હાથથી કોઈ સંબંધ છે અને ન જબાનથી. માત્ર શામવાળાઓએ મારે માથે થોપી દીધો હતો અને તમારા જાણવાવાળાઓએ જાહિલોને અને લડવાવાળાઓએ ઘરે બેઠેલાઓને ઉશ્કેરી દીધા હતા, એટલે હજી પણ તક છે કે પોતાના નફસ વિશે અલ્લાહથી ડરો અને

શયતાનથી પોતાની લગામ છોડાવી લ્યો અને આખેરતની તરફ મોં ફેરવી લ્યો કે એ જ મારી અને તમારી અંતિમ મંઝિલ છે. એ સમયથી ડરો કે આ દુનિયામાં પરવરદિગાર કોઈ એવી મુસીબત નાખી દે કે મૂળ પણ ખતમ થઈ જાય અને વંશ પણ નાશ થઈ જાય. હું પરવરદિગારની એવી કસમ ખાઈને કહું છું, જે જૂઠી હોવાનો સંભવ નથી કે જો ભાગ્યે મને અને તને એક મયદાનમાં ભેગા કરી દીધા તો હું ત્યાં સુધી મયદાન નહીં છોડું જ્યાં સુધી મારી અને તારી વચ્ચે ફેંસલો ન થઈ જાય.

# (૫૬) શરીહ બિન હાનીને આપની વસીયત

*શરીહ બિન હાનીને એ સમયે ફરમાવી જયારે તેમને શામ જનારી અગ્રીવ ટૂકડીના સરદાર બનાવ્યા.*

સવાર સાંજ અલ્લાહથી ડરતા રહો. અને પોતાની જાતને આ ધોકાબાજ દુનિયાથી બચાવી રાખો અને કોઈ પણ સંજોગોમાં તેના પર ભરોસો ન કરો, અને એ યાદ રાખો કે જો તમે કોઈ અણગમતા ભયથી પોતાની જાતને ઘણી મનભાવતી વસ્તુઓથી ન રોકી તો આકાંક્ષાઓ તમને ઘણા નુકસાનકારક કામો સુધી પહોંચાડી દેશે એટલે સદા પોતાના મનને રોક્તા ટોક્તા રહો અને ગુસ્સામાં પોતાના ઉશ્કેરાટ અને આવેશને દબાવતા કચડતા રહો.

# (૫૭) કૂફાવાળાઓને નામે મદીનાથી બસરા જવા સમયે

*કૂફાવાળાઓના નામ પર, મદીનાથી બસરા રવાના થતી વખતે*

જાણ થાય કે હું મારા કબીલાથી નિકળી રહ્યો છું કાં તો ઝાલિમની હેસિયતથી અથવા મઝલુમની હેસિયતથી. કાં તો મેં બગાવત કરી છે અથવા મારી વિરૂદ્ધ બગાવત કરવામાં આવી છે. હું તમને ખુદાનો વાસ્તો આપી કહું છું કે મારો આ પત્ર પહોંચે કે તરત તમે બધા નિકળીને આવી જાઓ. ત્યાર પછી મને નેકી પર સમજો તો મારી મદદ કરો અને ભુલ પર જુઓ તો મને ખુદાની ખૂશીના માર્ગે લગાડી દયો.

# (૫૮) બધા શહેરોના રહેવાસીઓના નામે

*બધા શહેરોના નામે, જેમાં સિફફીનની હકીકત જાહેર કરી છે.*

અમારા મામલાનો આરંભ આ છે કે, અમે શામના લશ્કરની સાથે એક મેદાનમાં ભેગા થયા, જયારે દેખીતી રીતે બંનેનો ખુદા એક હતો, રસૂલ એક હતો, સંદેશ એક હતો, ન અમે અમારા ઈમાન અને સમર્થનમાં વધારો ચાહતા હતા, ન તેઓ ઈમાન વધારવા માગતા હતા. મામલો બિલ્કુલ સમાન હતો, માત્ર મતભેદ હ. ઉસ્માનના ખૂન સંબંધમાં હતો. જેનાથી અમે બિલ્કુલ મુક્ત હતા. અને અમે એ ઉકેલ સુચવ્યો કે જે હેતુ આજે પ્રાપ્ત નથી થઈ શકતો, તેનો કામચલાઉ ઇલાજ એ કરવામાં આવે કે જંગની આગ ઠંડી કરી દેવામાં આવે. અને લોકોની લાગણીઓને તદ્દન શાંત પાડી દેવામાં આવે. ત્યાર પછી જયારે હુકૂમત સ્થિર થઈ જાય અને સંજોગો અનુકુળ થઈ જાય તો આપણે હકને તેની મંઝિલ સુધી

લાવવામાં શક્તિવાન થઈ જશું. પરંતુ કોમનો આગ્રહ હતો કે તેનો ઇલાજ માત્ર યુધ્ધ અને લડાઈ છે.

જેનું પરિણામ એ આવ્યું કે, યુધ્ધે તેના પગ પસારી દીધા અને દ્રઢતાથી ઊભી થઈ ગઈ. ભડકાઓ સળગી ઊઠયા અને થંભી ગયા અને કૌમે જોયું કે જંગે બંનેને દાંત મારવા શરૂ કરી દીધા છે. અને બંને પક્ષોમાં પોતાના પંજા બેસારી દીધા છે. ત્યારે તેઓ મારી વાત માનવા તૈયાર થઈ ગયા અને મેં પણ તેઓની વાત માની લીધી. અને ઝડપથી આગળ વધી તેઓની સંધિની માંગણી સ્વિકારી લીધી. ત્યાં સુધી કે તેઓ પર હુજ્જત સ્પષ્ટ થઈ ગઈ અને બધા પ્રકારના બહાના ખતમ થઈ ગયા. હવે આના પછી કોઈ આ હક પર સ્થિર થઈ ગયો તો જાણે પોતાની જાતને વિનાશથી ઉગારી લીધી, નહિતર એ જ ગુમરાહીમાં પડયો રહ્યો તો એવો વચનભ્રષ્ટા હશે જેના દિલને અલ્લાહે મહોર લગાવી દીધી છે અને સમયની આપત્તિઓ તેના માથા પર તોળાઈ રહી છે.

# (૫૯) અસ્વદ બિન કુત્બાના નામે

*અસ્વદ બિન કુત્બા હલવાન શહેરના ગવર્નરના નામે*

ત્યાર પછી જાણ થાય કે ! જુઓ કે વાલીની ઇચ્છાઓ વિવિધ પ્રકારની હશે તો આ વાત તેને ઘણે ભાગે ન્યાયથી રોકી લેશે, પરંતુ તમારી નજરમાં બધા લોકોના મામલાઓ એક જેવા હોવા જોઈએ, કેમકે ઝુલ્મ કદી ન્યાયનો પર્યાય (બદલ) નથી હોઈ શકતો. જે વસ્તુને બીજા માટે ખરાબ સમજો છો તેનાથી તમે પણ બચો અને પોતાના મનને એ કામોમાં પ્રોત કરી દયો જેને ખુદાએ તમારા પર વાજીબ કરી દીધા છે. અને તેના સવાબની આશા રાખો અને અઝાબથી ડરતા રહો.

અને યાદ રાખો, કે દુનિયા પરીક્ષા ગૃહ છે. અહીં ઇન્સાનની એક ક્ષણ પણ ખાલી નથી જાતી પણ એ કે આ બેકારી કયામતના દિવસે હસરતનું કારણ બની જાય છે. અને તમને કોઈ વસ્તુ હકથી બેપરવા નથી બનાવી શકતી અને તમારા પર સૌથી મોટો હક એ છે કે પોતાની જાતને જાળવી

રાખો અને પોતાની શક્તિ પ્રમાણે પ્રજાના પૂછાણા કરતા રહો કે આ રીતે જે ફાયદો તમને પહોંચશે તે એનાથી ઘણો ઉચ્ચતર હશે જે ફાયદો લોકોને તમારાથી પહોંચશે.- વસ્સલામ.

# (૬૦) ફોજના રસ્તામાં પડતા પ્રદેશોના ગવર્નરના નામે

ખુદાના બંદા, અમીરૂલ મોઅમેનીન હઝરત અલી બિન અબી તાલિબ (અલય્હિસ્સલામ)ના તરફથી એ મહેસૂલ વસૂલ કરનારાઓ અને પ્રદેશોના રખેવાળોના નામે જેઓના પ્રદેશમાંથી લશ્કર પસાર થાય છે.

જાણ થાય કે, મેં અમુક ફોજ રવાના કરી છે જે નજીકમાં જ તમારા પ્રદેશમાંથી પસાર થનારી છે અને મેં તેમને બધી વાતોની ભલામણ કરી દીધી છે, જે તેઓ પર વાજીબ છે કે કોઈને દુ:ખ ન પહોંચાડે અને તકલીફથી દૂર રાખે. અને હું તમને અને તમારી નીચેના (માણસો)ને બતાવી દેવા માગું છું કે ફોજવાળા જો કોઈ બળજબરી કરે તો હું તેઓને ધિક્કારીશ સિવાય કે કોઈ શખ્સ ભૂખથી વિહ્વળ હોય અને તેની પાસે પેટ ભરવાનો કોઈ માર્ગ ન હોય. એ સિવાય કોઈ જુલ્મી રીતે હાથ લગાડે તો તેને સજા આપવી તમારી ફરજ છે. પણ તમારા માથા ફરેલા લોકોને સમજાવી દેજો કે

જે સંજોગોને મેં અપવાદ ઠરાવ્યા છે તેમાં કોઈ શખ્સ કોઈ વસ્તુને હાથ લગાડવા માગે તો તેની સામે ન થાય અને ટોકે નહીં. ત્યાર પછી હું લશ્કરમાં મૌજૂદ છું, પોતા પર થનારા અત્યાચાર અને સખ્તીઓની ફરિયાદ મને કરો જો તમે બચાવ કરવાને કાબિલ નથી, જ્યાં સુધી અલ્લાહની મદદ અને મારી સહાય શામિલ ન થાય. હું ઇન્શાઅલ્લાહ અલ્લાહની મદદથી સંજોગો પલટાવી દઈશ.

# (૬૧) કુમૈલ બિન ઝિયાદ નખઈના નામે

*કુમૈલ બિન ઝિયાદ નખઈના નામે જેઓ બયતુલ માલના મંત્રી હતા અને તેઓએ દુશ્મનની ફોજને લુંટમારની મના કરી નહોતી.*

જાણ થાય કે, ઇન્સાનનું એક કામ છોડી દેવું જેને માટે તેને જવાબદાર બનાવવામાં આવ્યો છે અને એ કામમાં લાગી જવું જે તેની ફરજોમાં સમાવિષ્ટ નથી એક ખૂલ્લી કમજોરી છે અને વિનાશક વિચાર છે.

અને જુઓ તમારૂં કિરકિસ્યાવાળાઓ પર આક્રમણ કરી દેવું અને ખુદ પોતાની સીમાઓને લટકતી છોડી દેવી જેને માટે તમે ઝિમ્મેદાર બનાવવામાં આવ્યા, એ સ્થિતિમાં કે તેઓનું રક્ષણ કરનાર અને તેનાથી લશ્કરોને હટાવનાર કોઈ નહોતું એક અત્યંત ગંભીર રાય (ભૂલ) છે અને આ રીતે તમે મિત્રો પર હુમલો કરનાર દુશ્મનોના હાથા બની ગયા. જ્યાં ન તમારા કાંધા મજબૂત હતા ન તમારી બીક હતી. ન તમોએ દુશ્મનનો માર્ગ રોક્યો અને ન તેના પ્રભાવને તોડયો, ન શહેરીઓને કામ આવ્યા ન પોતાના અમીરની ફરજ પૂરી કરી.

# (૬૨) મિસરવાસીઓના નામે

*મિસરીઓના નામે, માલિકે અશ્તર દ્વારા જયારે તેમને મિસરના ગવર્નર નિમવામાં આવ્યા,*

જાણી લ્યો કે, પરવરદિગારે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને બધા આલમો માટે અલ્લાહના અઝાબથી ડરાવવાવાળા અને મૂરસલો માટે ગવાહ અને રખેવાળ બનાવી મોકલ્યા હતા. પરંતુ આપના જવા પછી મુસલમાનોએ તેમની ખિલાફતમાં ઝઘડા શરૂ કરી દીધા. ખુદા સાક્ષી છે કે આ વાત મારી કલ્પનામાં પણ નહોતી ન મારા મનમાં ઉદભવી હતી કે અરબ આ હોદ્દાને એહલેબૈત (અલય્હેમુસ્સલામ)થી આ રીતે વાળી લેશે અને મારાથી આવી રીતે દૂર કરી દેશે કે મેં અચાનક જોયું કે લોકો ફલાણા શખ્સની બયઅત માટે તૂટી પડયા છે, તો મેં પોતાના હાથ રોકી લીધા ત્યાં સુધી કે એ જોયું કે લોકો ઇસ્લામના દીનથી પાછા જઈ રહ્યા છે. અને પયગમ્બરના કાનૂનને બરબાદ કરી દેવા માગે છે તો મને એ ડર લાગ્યો છે કે જો આ ફિત્ના અને બરબાદીને જોયા પછી પણ મેં ઇસ્લામ અને

મુસલમાનોની મદદ ન કરી તો તેની મુસીબત કયામતના દિવસે એનાથી ઘણી મોટી હશે જે આજે હુકૂમત ચાલ્યા જવાથી સામે આવી રહી છે. જે માત્ર થોડા દિવસ રહેનારી છે અને એક દિવસ એવી જ રીતે સમાપ્ત થઈ જશે જેવી રીતે ઝાંઝવાનો ચળકાટ ઊડી જાય છે અને આસમાનના વાદળ વિખરાય જાય છે, તો મેં આ પરિસ્થિતિમાં ક્યામ કર્યો ત્યાં સુધી કે જૂઠ ક્ષીણ થઈ ગયું. અને દીન સંતોષ પામી પોતાની જગ્યાએ સધ્ધર થઈ ગયો.

ખુદાની કસમ ! જો હું એકલો તેઓના સામે નિકળી પડું અને તેઓથી જમીન છલકાઈ રહી હોય તો પણ મને ચિંતા કે ડર નહીં થાય. કેમકે હું તેઓની ગુમરાહી વિશે પણ અને મારા હિદાયત પામેલા હોવા વિશે પણ ભાન રાખું છું અને ખુદાના તરફથી યકીનની મંજિલ પર છું અને હું અલ્લાહની મુલાકાતનો શોખ પણ ધરાવું છું અને તેના સૌથી શ્રેષ્ઠ વળતર અને સવાબની રાહ જોનાર અને આશાવંત પણ છું. પરંતુ મને દુ:ખ એ વાતનું છે કે ઉમ્મતની લગામ મૂર્ખાઓ અને દુરાચારીઓના હાથમાં ચાલી જાય અને તેઓ

ખુદાના માલને પોતાની મિલ્કત અને ખુદાના બંદાઓને પોતાના ગુલામ બનાવી લે. નેક ચારિત્ર્યવાનોથી જંગ કરે અને ગુનેહગારોને પોતાની જમાતમાં ભેળવી લે. જેઓમાં એ પણ શામિલ છે જેણે તમારી સામે શરાબ પીધી અને તેના પર ઇસ્લામમમાં હદ જારી થઈ ચુકી છે અને અમુક એ પણ છે જેઓ ત્યાં સુધી ઇસ્લામ ન લાવ્યા જ્યાં સુધી તેમને તેના લાભો ન આપવામાં આવ્યા. જો આમ ન હોત તો હું તમને જેહાદનું આહવાન ન આપત અને ઠપકો ન આપત અને ઊભા થવા ઉત્તેજિત ન કરત બલ્કે તમને તમારા હાલ પર છોડી દેત કેમકે તમે અવજ્ઞા (નાફરમાની) પણ કરો છો અને સુસ્ત પણ છો.

શું તમે નથી જોઈ રહ્યા કે તમારી આજુબાજુ ઓછા થઈ રહ્યા છે અને તમારા શહેરો પર કબ્જા થઈ રહ્યા છે. તમાર પ્રદેશોને આંચકી લેવામાં આવી રહ્યા છે અને તમારા ઇલાકા પર હલ્લો કરવામાં આવી રહ્યો છે. ખુદા તમારા પર રહેમ કરે, હવે દુશ્મનથી લડવા માટે નિકળી પડો અને જમીનને ચોંટી પડયા ન રહો, નહીંતર આમ જ હડધૂત થતા

રહેશો, ઝુલ્મો સહન કરતા રહેશો અને તમારા ભાગ અત્યંત ક્ષુલ્લક (ઓછો) હશે. અને યાદ રાખો કે વીરનર ઇન્સાન સદા સાબદો (સચેત) રહે છે અને જો કોઈ સૂઈ જાય છે તો તેનો દુશ્મન કદી ગાફિલ નથી હોતો. - વસ્સલામ.

# (૬૩) કૂફાના ગવર્નર અબૂ મૂસા અશઅરીના નામે

*જયારે એ ખબર મળી કે આપ લોકોને જંગે જમલની દાવત દઈ રહ્યા છે અને તે રોકી રહ્યો છે.*

ખુદાના બંદા હઝરત અલી ઇબ્ને અબી તાલિબ (અલય્હિસ્સલામ)નો પત્ર અબ્દુલ્લાહ બિન કૈસના નામે

પછી જાણ થાય કે, મને એક એવી વાતની ખબર મળી છે જે તમારા હકમાં પણ હોઈ શકે છે અને તમારી વિરૂદ્ધ પણ, એટલે ઉચિત એ છે કે મારા સંદેશવાહકના પહોંચવા સાથે પાલવ સંકેલી લ્યો અને કમર ક્સી લ્યો અને તરત જ દરમાંથી બહાર નિકળી આવો. અને પોતાના સાથીઓને પણ બોલાવી લ્યો. ત્યારપછી હક પૂરવાર થઈ જાય તો ઉઠો અને જો કમજોરી દેખાડવી છે તો મારી નજરોથી દૂર થઈ જાવ. ખુદાની કસમ ! તમે જ્યાં પણ રહેશો તમને ઘેરીને લઈ આવવામાં આવશે. અને છોડવામાં નહીં આવે, ત્યાં સુધી કે દુધ માખણની સાથે અને પીગળેલા જામેલા સાથે એક રસ

થઈ જશે. અને તમને નિરાંતે બેસવું નસીબ નહીં થાય. અને સામેથી એવી રીતે ડરશો જેવી રીતે પોતાના પાછળથી ડરો છો. અને આ કામ એટલું સરળ નથી જેવું તમે સમજી રહ્યા છો, આ એક મોટી મુસીબત છે, જેના ઊંટ પર હર હાલતમાં સવાર થવું પડશે. અને તેની કઠણાઈઓને હળવી કરવી પડશે. અને તેના પહાડોને સર કરવા પડશે. એટલે હોશમાં આવો અને સંજોગો પર અંકુશો રાખો. અને તમારો ભાગ મેળવી લ્યો અને જો આ વાત ગમતી નથી તો ત્યાં ચાલ્યા જાઓ જ્યાં ન કોઈ આગતા સ્વાગતા છે કે ન કોઈ છટકબારી. અને હવે ઉચિત એ જ છે કે તમને નકામા સમજી છોડી દેવામાં આવે કે સુતા રહો અને કોઈ એ પણ ન પૂછે કે ફલાણો આદમી ક્યાં ચાલ્યો ગયો, ખુદાની કસમ, આ હકપરસ્તના ખરા પગલા છે અને મને બેદીનોના આમાલની કોઈ પરવા નથી. - વસ્સલામ.

# (૬૪) મુઆવિયાના પત્રના જવાબમાં

જાણી લ્યો કે, ખરેખર અમે અને તમે ઇસ્લામની પહેલા એક સમયે જીવન વીતાવી રહ્યા હતા. પરંતુ કાલે એ ફરક પડી ગયો કે અમે ઈમાનનો માર્ગ અપનાવી લીધો અને તમે કાફર રહી ગયા, અને આજે તફાવત છે કે અમે સાચા માર્ગ પર છીએ અને તમે ફિત્ના ઊભા કરી રહ્યા છો. તમારો મુસલમાન પણ એ સમયે મુસલમાન બન્યો છે જયારે મજબૂરીમાં મૂકાયો અને બધા સજ્જન અરબો ઇસ્લામમાં દાખલ થઈ હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની જમાતમાં ભળી ગયા.

તમારૂં એ કહેવું કે મેં તલહા અને ઝુબેરને કતલ કર્યા છે અને હઝરત આઈશાને ઘરની બહાર કાઢી મૂક્યા છે અને મદીના તજી કૂફા અને બસરામાં પડાવ નાખ્યો છે તો તેનાથી તારે કોઈ લેવા દેવા નથી. ન તારા પર કોઈ ઝુલ્મ થયો છે અને ન તારાથી માફી માગવાની કોઈ જરૂરત છે.

અને તમારૂં એ કહેવું કે તમે મુહાજિરો અને અન્સારની સાથે મારો સામનો કરવા આવી રહ્યા છો તો

હિજરત તો એ દિવસે ખતમ થઈ ગઈ જયારે તમારો ભાઈ ગીરફતાર થયો હતો. અને જો કોઈ ઉતાવળ છે તો જરા થોભી જાવ કે હું ખુદ તમારી મુલાકાત કરી લઉં અને એ વધારે ઉચિત પણ છે કે આ રીતે ખુદા મને તને સજા દેવા મોકલશે. અને તમે પોતે પણ આવ્યા તો તેનું પરિણામ એવું જ આવશે જેવું કે બની અસદના શાઈરે કહ્યું છે.

" તેઓ ગ્રિષ્મ ઋતુની હવાઓનો સામનો કરવાવાળા છે જે ખીણો અને શીખરો પરથી તેઓ પર પત્થરોની વર્ષા કરી રહી છે."

અને મારી પાસે એ જ તલવાર છે જેનાથી તમારા નાના, મામા અને ભાઈને એક ઠેકાણે પહોંચાડી ચૂક્યો છું. અને તમે ખુદાની કસમ મારી જાણ મુજબ એ શખ્સ છો જેના પર ગિલાફ ચઢેલો છે અને જેની બુધ્ધિ કમજોર છે અને તમારા લાભમાં ઉચિત એ જ છે કે એમ કહેવામાં આવે કે તમે એવી સીડી ચડી ગયા છો જ્યાંથી બધું ખરાબમાં ખરાબ જ નજર આવે છે. કેમકે તમે બીજાના ખોવાયાની શોધ કરી છે અને બીજાના જાનવર ચરાવવા ચાહ્યા છે. અને એવી

બાબતની માંગણી કરી છે જેને ન યોગ્ય છો ન તેનાથી તમારો કોઈ મૂળભૂત લગાવ છે. તમારા વાણી અને વર્તનમાં કેટલું અંતર જોવામાં આવે છે અને તમે તમારા કાકા અને મામાને કેટલા મળતા આવો છો કે જેઓના દુર્ભાગ્યે અને જૂઠની આકાંક્ષાએ પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના ઇન્કાર પર તૈયાર કર્યા અને તેના પરિણામે પોત પોતાના મક્તલ પર મરી મરીને પડયા, જેમકે તમે જાણો છો, ન કોઈ સંકટને ટાળી શક્યા ન કોઈ ઘરનું રક્ષણ કરી શક્યા. આ તલવારની મારના કારણે જેનાથી જંગનું કોઈ મેદાન ખાલી નથી હોતું અને જેમાં સુસ્તીનો અવકાશ નથી.

અને તમે જે વારંવાર હ. ઉસ્માન ના કાતિલનો ઉલ્લેખ કરો છો તો તેનો સરળ ઉકેલ એ છે કે જેમ બધાએ બયઅત કરી છે, પહેલા મારી બયઅત કરો. ત્યાર પછી મારી પાસે મુકદ્દમો લઈને આવો હું તમને અને તમારા પ્રતિવાદીઓને ખુદાની કિતાબથી ફેંસલો સંભળાવીશ. પરંતુ એ સિવાય તમારી જે માંગણી છે તે એક ધોકો છે જે બાળકને

દૂધ છોડાવવા ટાણે આપવામાં આવે છે. - અને સલામ તેના લાયકોને.

# (૬૫) મુઆવિયાના જ નામે

જાણી લ્યો કે, હવે સમય આવી ગયો છે કે તમે કામોનું અવલોકન કર્યા પછી તેનાથી લાભ ઉપાડી લ્યો. કેમકે તમે જૂઠો દાવો કરવા જૂઠ અને ખોટું બોલવાના ધોકામાં પડવા, જે ચીજ તમારી ઓકાતથી ઊંચી છે તેને અપનાવવા, અને જે તમારા માટે પ્રતિબંધિત છે તેને આંચકી લેવામાં પોતાના પૂર્વજોનો માર્ગ અપનાવ્યો છે અને એ રીતે હકથી ભાગવા અને જે વસ્તુ રક્ત અને માંસથી વધારે તમને ચોંટેલી છે તેનો ઇન્કાર કરવા માગો છો. તો હવે હકની પછી ખૂલ્લી ગુમરાહીના સિવાય શું બાકી રહી ગયું છે? અને ખુલાસા પછી ધોકા સિવાય શું છે? એટલે શંકાને સ્થાન આપવાથી અને આંધળા વહેમથી ડરો. કેમકે ફિત્નો એક મુદ્દતથી પોતાનો પાલવ પ્રસારી રહેલ છે અને તેના અંધકારે આંખોને આંધળી કરી મૂકી છે.

મારી પાસે તમારો એ પત્ર આવ્યો છે, જેમાં જાત જાતની ઉટપટાંગ વાતો જોવા મળે છે. અને તેનાથી કોઈ સુલેહ શાંતિને બળ નથી મળી શકતું, અને તેમાં એવી

બક્વાસ છે જેના તાણા વાણા ન ઇલ્મથી તૈયાર થયા છે અને ન સહિષ્ણુતાથી. આ સંબંધમાં તમારી ઉપમા એ શખ્સ જેવી છે જે કાદવમાં ઘસી ગયો હોય અને આંધળા કૂવામાં હાથપગ પછાડી રહ્યો હોય, અને તમે પોતાને એ ઊંચાઈએ પહોંચાડવા માંગ્યું છે જેની પ્રાપ્તિ મુશ્કેલ છે અને જેના એંધાણ (નિશાન) મળતા નથી. અને ગરૂડ જે ઊંચાઈ સુધી ઊડી શકતું નથી. અને તેની ઊંચાઈ ગ્રહોથી ટક્કર લઈ રહી છે.

કદી નહીં, એ ક્યાં શકય છે કે, તમે મારી સત્તા પછી મુસલમાનોની કિસ્મતના ધણી બની જાઓ અથવા હું તમને કોઈ એક શખ્સ પર પણ હુકૂમત કરવાની પરવાનગી આપી દઉં, એટલે અત્યારે ગનીમત છે પોતાના નફસનો ઇલાજ કરો અને એ વિશે ચિંતન મનન કરો કે તમે જો એ સમય સુધી આળસથી કામ લીધું જયારે અલ્લાહના બંદાઓ ઊભા થઈ જાય તો તમારા બધા માર્ગો બંધ થઈ જશે અને પછી એ વાતની પણ તક આપવામાં નહીં આવે જે આજે સ્વિકારવાને પાત્ર છે. - વસ્સલામ.

# (૬૬) અબ્દુલ્લાહ બિન અબ્બાસના નામે

*જેનો ઉલ્લેખ પહેલા પણ બીજા શબ્દોમાં થઈ ચૂક્યો છે.*

જાણી લ્યો કે, ઇન્સાન કદી કદી એવી વસ્તુ મેળવીને ખૂશ થઈ જાય છે જે જવા વાળી નહોતી અને એવી વસ્તુને ખોઈને દુ:ખી થઈ જાય છે જે મળવાવાળી નહોતી. એટલે ખબરદાર, તમારા માટે દુનિયાની સૌથી મોટી નેઅમત કોઈ મજાની પ્રાપ્તિ અને વેરની ભાવના જ ન બની જાય. બલ્કે શ્રેષ્ઠ નેઅમત જૂઠને મિટાવવાને અને હકને જીવંત કરવાને સમજો અને તમારો આનંદ એ આમાલથી હોય જેને પહેલે મોકલી દીધા છે અને તમારો અફસોસ એ કામો પર હોય જેને છોડીને ચાલ્યા ગયા છો. અને બધીએ ચિંતા મૌત પછીના મરહલાના સંબંધમાં હોવી જોઈએ.

# (૬૭) મક્કાના વહીવટદાર કુસમ બિન અબ્બાસના નામે

જાણી લ્યો કે, લોકો માટે હજના ક્યામની વ્યસ્થા કરો અને તેઓને અલ્લાહના યાદગાર દિવસોની યાદ અપાવો. સવાર સાંજ સામાન્ય સભાઓ ભરો. સવાલ કરવાવાળાઓના સવાલોના જવાબ આપો. અભણને શિક્ષણ આપો અને જ્ઞાનીઓ સાથે ચર્ચા કરો. લોકો સુધી તમારો પ્રતિનિધી તમારી જીભ સિવાય કોઈ ન હોય અને તમારો કોઈ દ્વારપાલ (ચોકીદાર) તમારા ચહેરા સિવાય ન હોય. કોઈ હાજતમંદને મુલાકાતથી ન રોકવો, કેમકે જો પહેલી જ વાર તેને પાછો ફેરવી દીધો તો પછી કામ કરી આપશો તો પણ તમારા વખાણ નહીં થાય.

જે માલ તમારી પાસે ભેગો થઈ જાય તેનું ધ્યાન રાખો અને તમારે ત્યાં જે બાલબચ્ચાવાળા અને ભૂખ્યા છે પ્યાસા છે તેઓ પર ખર્ચ કરો, એ શરતે કે

તેને ખરેખર મોહતાજો અને જરૂરતમંદો સુધી પહોંચાડી દયો. અને ત્યાર પછી જે બચી જાય તેને મારી પાસે મોકલી દયો, જેથી અહીંના મોહતાજોને બાટવામાં (વહેંચવામાં) આવે.

મક્કાવાળાઓને કહો કે ખબરદાર ! મકાનોનું ભાડું ન લે. કેમકે પરવરદિગારે મક્કાને સ્થાનિક અને મુસાફર બંને માટે બરાબર ઠરાવ્યો છે. અલ્લાહ અમને અને તમને પોતાના ગમતા આમાલની સદબુધ્ધિ આપે. - વસ્સલામ.

# (૬૮) જનાબે સલમાન ફારસીના નામે

*પોતાના ખિલાફતકાળ પહેલા*

જાણ થાય કે, આ દુનિયાની ઉપમા સાપ જેવી છે જેને સ્પર્શ કરીએ તો અત્યંત સુવાળી લાગે છે પણ તેનું ઝેર અત્યંત મારક હોય છે. તેમાં જે વસ્તુ સારી લાગે તેનાથી પણ દૂર રહો, કેમકે તેમાંથી સાથે આવનારૂં ઘણું ઓછું છે. તેની ચિંતા અને જંજાળને પોતાથી દૂર રાખો. કેમકે તેનાથી વિખૂટા પડવું ચોક્કસ છે. અને તેના સંજોગો બદલાતા જ રહે છે. તેનાથી જયારે વધારે મોહ અનુભવો ત્યારે વધારે સચેત થઈ જાવ. કેમકે તેનો સાથી જયારે પણ કોઈ ખુશીથી સંતોષ મેળવે છે ત્યારે તેને કોઈ અણગમતી વાતમાં નાખી દે છે. અને ચાહનાથી કાઢી ભયના સંજોગો સુધી પહોંચાડી દે છે. - વસ્સલામ

# (૬૯) હારિસ હમદાનીના નામે

કુરઆની હિદાયતની સાંકળને વળગી રહો અને તેનાથી શિખામણ ગ્રહણ કરો. તેના હલાલને હલાલ ગણો અને હરામને હરામ. હકની ગત (ગુજરેલી) વાતોનું સમર્થન કરો. અને દુનિયાના ભૂતકાળથી તેના ભાવિ માટે બોધ ગ્રહણ કરો. કેમકે તેનો એક ભાગ બીજા ભાગથી મળતો આવે છે. અને અંત આરંભ ભેગા થવાવાળા છે. અને બધાય ક્ષીણ થનાર છે અને વિખૂટા પડનાર છે.

ખુદાના નામને એટલું મહાન ગણો કે હકના સિવાય કોઈ પણ પ્રસંગે ઉપયોગ ન કરો. મૌત અને તેના પછીના સંજોગોને બરાબર યાદ કરતા રહો અને તેની આરઝૂ ત્યાં સુધી ન કરો જ્યાં સુધી સધ્ધર સાધનો ન ઊભા થઈ જાય. દરેક એ કામથી બચો જેને આદમી પોતા માટે પસંદ કરતો હોય અને આમ મુસલમાન માટે નાપસંદ કરતો હોય. અને દરેક એ કામથી બચતા રહો જેના કરનારને પૂછવામાં આવે તો કાંતો ઇન્કાર કરી દે અથવા બહાનું ધરી દે.

પોતાની પ્રતિષ્ઠાને લોકોની નિંદાને પાત્ર ન બનાવો અને દરેક સાંભળેલી વાતને બયાન ન કરી દયો કેમકે આ હરકત (કામ) પણ જૂઠ હોવા માટે પૂરતી છે. અને એવી રીતે લોકોની દરેક વાતને ઠુકરાવી ન દયો કેમકે એ વાત જહાલતના માટે પૂરતી છે. ગુસ્સો પી જાઓ, શક્તિ હોવા છતાં લોકોને માફ કરી દયો. ક્રોધમાં ધીરજ પ્રદર્શિત કરો. સત્તા મેળવી માફ કરી દેતા શીખો, કે છેવટ સુધી તમારા હાથમાં રહે. અલ્લાહે જે નેઅમતો આપી છે, તેને ઠીક (સદઉપયોગ કરી બચાવી) રાખવાના પ્રયત્નો કરો અને તેની કોઈ નેઅમતને બરબાદ ન કરો બલ્કે એ નેઅમતોનો પ્રભાવ તમારા જીવનમાં સ્પષ્ટ રીતે દેખાઈ આવે.

અને યાદ રાખો, કે બધા મોઅમિનોમાં સૌથી શ્રેષ્ઠ ઇન્સાન એ છે જે પોતાની જાન, પોતાના બાલ બચ્ચા, અને પોતાના માલ તરફથી ખેરાત કરે કેમકે આ જ પહેલા જનારી નેકી ત્યાં જઈને સંગ્રહિત થઈ જાય છે. અને તમે જે કંઈ છોડીને ચાલ્યા જશો તે તમારા અન્યને કામ આવશે.

એવા શખ્સની દોસ્તી ન કરવી જેની રાય (મત) કમજોર હોય અને તેના આમાલ પસંદ કરવાને લાયક ન

હોય. કેમકે દરેક દોસ્તની ધારણા તેના દોસ્તોથી કરવામાં આવે છે. રહેવા માટે મોટા શહેરોને પસંદ કરો કેમકે ત્યાં મુસલમાનો ઘણા ભેગા થાય છે. અને એ જગ્યાઓથી બચો જે ગફલત, બેવફાઈ અને ખુદાની ઇતાઅતમાં મદદગારોની અછતના કેન્દ્રો છે. પોતાની વિચારશક્તિને માત્ર ઉપયોગી વાતોમાં વાપરો અને ખબરદાર ગામના ચોરે ન બેસો કેમકે આ શયતાનની હાજરીની જગ્યા અને ફિત્નાઓના કેન્દ્રો છે. વધારે ભાગે એ લોકો પર નજર રાખો જેનાથી પરવરદિગારે તમને વધારે સારા બનાવ્યા છે. કેમકે આ પણ ખુદાનો આભાર માનવાની રીત છે. જુમ્આ નાદિવસે નમાઝ પડયા વગર પણ સફર ન કરવી, પણ એ કે ખુદાના માર્ગે (કામે) જઈ રહ્યા હો અથવા કોઈ એવા કામસર જે તમારા માટે લાચારી હોય અને બધા કામોમાં પરવરદિગારની ઇતાઅત કરતા રહેવી કેમકે ખુદાની ફરમાંબરદારી દુનિયાના બધા કામોથી ઉત્તમ અને શ્રેષ્ઠ છે.

પોતાના મનને કોઈ પણ બહાને ઇબાદતની તરફ વાળો અને તેની સાથે નરમી વર્તો. જબરદસ્તી ન કરો અને તેની ફુરસદ અને નવરાપણાથી લાભ ઊઠાવો. પણ જે ફરજો

પરવરદિગારે તમારે ઝિમ્મે લખી દીધી છે એને કોઈ પણ રીતે બજાવી લાવવાની છે અને તેનો ખ્યાલ રાખવાનો છે. અને જુઓ ખબરદાર ! ક્યાંક એવું ન થાય કે તમને એવી સ્થિતિમાં મૌત આવી જાય કે તમે દુનિયા મેળવવા માટે ખુદાથી ભાગી રહ્યા હો. અને ખબરદાર ! ગુનેહગારની સોબત (સંગત) ન અપનાવો, બુરાઈ અંતે રાઈથી મળી જાય છે. અલ્લાહની મહાનતાને સ્વિકારો અને તેના પ્યારા બંદાઓથી મહોબ્બત કરો. અને ગુસ્સાથી બચો કેમકે આ શયતાનના લશ્કરમાં સૌથી મોટું લશ્કર છે. - વસ્સલામ.

# (૭૦) મદીનાના વહીવટદાર સુહયલ બિન હનીફ અન્સારીના નામે

*જયારે આપને ખબર પડી કે એક કોમ મુઆવિયાથી મળી ગઈ છે.*

એ માલૂમ થાય કે, મને એ ખબર મળી છે કે તમારે ત્યાંના અમુક લોકો ચૂપચાપ મુઆવિયાની તરફ ખીસકી ગયા છે તો ખબરદાર ! તમે આ સંખ્યા ઓછી થવાના અને આ તાક્તના ચાલ્યા જવા પર હરગીઝ અફસોસ ન કરજો. કેમકે તેઓની ગુમરાહી અને તમારા મનની શાંતિ માટે એટલું જ પૂરતું છે કે તે લોકો હક અને હિદાયતથી ભાગ્યા છે અને ગુમરાહી તથા જહાલત તરફ દોડી પડયા છે. આ દુનિયાવાળા છે એટલે તેના જ તરફ ધ્યાન કરે છે અને દોડ લગાવે છે. જો કે તેઓએ ન્યાયને ઓળખ્યો પણ છે અને જોયો પણ છે. સાંભળ્યો પણ છે અને સમજ્યો પણ છે અને તેઓને ખબર છે કે, હકના સંબંધમાં આપણે ત્યાં બધા લોકો સમાન કક્ષા ધરાવે છે, એટલે આ લોકો સ્વાર્થ તરફ ભાગી નિકળ્યા. ખુદા તેઓનો નાશ કરે અને વિનાશ કરે.

ખુદાની કસમ, તેઓ કંઈ ઝુલ્મથી નથી ભાગ્યા અને ન અદલથી જોડાણા છે. અને અમારી ઇચ્છા માત્ર એટલી છે કે પરવરદિગાર આ મામલામાં મુશ્કિલો આસાન કરી દે અને અસમતોલને સમતોલ બનાવી દે.

# (૭૧) મન્ઝર બિન જારૂદ અબ્દીના નામે

*જેણે અમુક આમાલમાં ખયાનતથી કામ લીધું ત્યારે*

માલૂમ થાય કે, તારા બાપની શરાફતે મને તારા વિશે ધોકામાં રાખ્યો અને હું સમજ્યો કે તું તેઓના પગલે ચાલી રહ્યો છે. અને તેમની રીત પ્રમાણે વર્તે છે. પરંતુ તદ્દન તાજા સમાચારથી અનુમાન થાય છે કે તે ઇચ્છાની પયરવી કરી છે અને તેમાં કોઈ ઉણપ નથી રહેવા દીધી. અને આખેરત માટે કંઈ ભેગું નથી કર્યું. આખેરતને બરબાદ કરી દુનિયાને આબાદ કરી રહ્યો છે. અને દીનથી નાતો તોડી કબીલાથી નાતો જોડી રહ્યો છે. જો મને મળનારી ખબરો સાચી છે તો તારા ઘરવાળાઓનો ઊંટ અને તારા જોડાની વાધરી (બુટની દોરી) તારાથી વધારે સારી છે અને જે તારી જેવો હોય તેનાથી ન અડચણ રોકી શકાય છે ન કોઈ હુકમ અમલમાં મુકી શકાય છે, ન તેના મરતબાને ઊંચો કરી શકાય છે, ન તેને કોઈ અમાનતમાં ભાગીદાર કરી શકાય છે. ન માલ એકઠો કરવામાં પ્રમાણિક સમજી શકાય. એટલે જેવો

મારો આ પત્ર મળે તરત જ મારી તરફ રવાના થઈ જાવ. - ઇન્શાઅલ્લાહ.

*મન્ઝર બિન અલ જારૂદ આ એ જ શખ્સ છે જેના વિશે હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામે ફરમાવ્યું હતું કે તે પોતાની બાજુઓને બરાબર જોતો રહે છે અને પોતાની ચાદરોમાં ઝૂલતો ચાલે છે અને જોડાની વાધરીને ફૂંકતો રહે છે અર્થાંત અત્યંત મગરૂર અને ઘમંડી પ્રકારનો માણસ છે. - સય્યદ રઝી.*

# (૭૨) અબ્દુલ્લાહ બિન અબ્બાસના નામે

જાણી લ્યો કે, ન તમે પોતાના જીવનની મુદ્દતથી આગળ વધી શકો છો અને ન પોતાની રોઝીથી વધારે મેળવી શકો છો. અને યાદ રાખો કે કાળના બે દિવસ હોય છે. એક તમારા લાભમાં અને એક તમારી વિરૂદ્ધ અને દુનિયા હમેશા પડખા બદલતી રહે છે એટલે જે તમારા હકમાં છે તે કમજોરી હોવા છતાં તમારા સુધી પહોંચી જશે અને જે તમારી વિરૂદ્ધ છે તેને શક્તિ હોવા છતાં તમે ટાળી નથી શકતા.

# (૭૩) મુઆવિયાના નામે

માલૂમ થાય કે હું તમારી સાથે પત્ર વ્યવહાર કરવા અને તમારી વાત સાંભળવામાં મારી રાયની નબળાઈ અને ડહાપણની ભૂલને અનુભવી રહ્યો છું.અને તમે વારંવાર પોતાની વાત મનાવવા અને પત્ર વ્યવહાર ચાલુ રાખવાની કોશિશમાં એવા જ છો જેવો કોઈ પથારીમાં સૂતા સૂતા સ્વપ્ના જોઈ રહ્યો હોય અને તેનું સ્વપ્નું ખોટું પૂરવાર થાય અથવા કોઈ દિગ્મૂઢ મોં ઉઘાડી ઊભો હોય અને આ ઊભું રહેવું પણ તેને ભારે પડે અને એ ન ખબર પડે કે આવનારી વસ્તુ તેના હકમાં ફાયદામંદ છે કે નુકસાનકારક, તમે બિલ્કુલ આવા શખ્સ નથી પણ તેના જેવા છો. અને ખુદાની કસમ ! અગર કોઈ હદ સુધી બાકી રાખવું મારી મસ્લેહત ન હોત તો તમારા સુધી એવા અકસ્માતો આવત જે હાડકા ભાંગી નાખત અને માંસનું નામ સુધાં ન રહેવા દેત અને યાદ રાખો કે આ શયતાને તમને શ્રેષ્ઠ કામો તરફ વળવા અને સૌથી ઉમદા (સારી) નસીહતો સાંભળવાથી રોકી રાખ્યા છે. - અને સલામ તેના પાત્રો પર.

# (૭૪) રબીઆ અને યમનવાળાઓ વચ્ચે કરાર

*જે રબીઆ અને યમનવાળા વચ્ચે લખ્યો છે અને આ હેશામના લખાણથી નકલ કરવામાં આવ્યું.*

આ એ કરાર છે જેના પર યમનવાળા શહેરીઓ અને ગ્રામ્યજનો અને કબીલએ રબીઆના શહેરીઓ અને ગ્રામ્યજનો બધાએ સંમતિ દર્શાવી છે કે બધાએ બધા ખુદાની કિતાબ પર સાબિત કદમ રહેશે અને તેની જ દાવત આપશે. જે તેની તરફ દાવત આપશે અને તેના દ્વારા હુકમ આપશે તેની દાવતને સ્વિકારશું. ન તેને કોઈ કીંમત પર વેચશું અને ન તેના કોઈ વળતર પર રાજી થશું.

આ હુકમના વિરોધી અને તેને ઠુકરાવનારાની વિરૂદ્ધ સંગઠિત રહેશું અને ન કોઈ ઠપકો આપનારના ઠપકાથી આ કરારનો ભંગ કરશું અને ન કોઈ ગુસ્સા કે આવેશથી આ માર્ગમાં પ્રભાવિત થશું અને ન કોઈ કૌમને હડધૂત કરવા અથવા ગાળો આપવા સાધન બનાવશું. આ વાત પર હાજર રહેલાઓ પણ કાયમ રહેશે અને ગેરહાજર પણ. આના પર ઓછી બુધ્ધિવાળા પણ બંધિત રહેશે અને આલિમ પણ. તેની

પાબંદી બુધ્ધિશાળીઓ પણ કરશે અને અજ્ઞાન પણ. ત્યારબાદ તેના પછી તેઓના ઝિમ્મે અલ્લાહની પ્રતિજ્ઞા અને પરવરદિગારના વાયદાની પાબંદી લાજિમી થઈ ગઈ છે. અને ખુદા સાથેની પ્રતિજ્ઞા વિશે તો કયામતના દિવસે પણ પૂછાણું થશે. - લખનાર અલી બિન અબી તાલિબ (અલયહિસ્સલામ)

# (૭૫) મુઆવિયાના નામે

*પોતાની બયઅતના આરંભિક કાળમાં - જેનો ઉલ્લેખ વાકદીએ કિતાબુલ જમલમાં કર્યો છે.*

ખુદાના બંદા અલી બિન અબી તાલિબ (અલય્હેમસ્સલામ) તરફથી મુઆવિયા બિન અબૂ સુફિયાનના નામે.

ત્યાર પછી તમને ખબર છે કે મેં મારા તરફથી હુજ્જત પૂરી કરી દીધી છે અને તારાથી અંતર રાખ્યું છે. તો પણ એ વાત થઈને રહી જેને થવાનું હતું. અને જેને ટાળી નહોતું શકાતું. આ વાત ઘણી લાંબી છે અને તેમાં વાતચીત ઘણી વિસ્તૃત છે પરંતુ હવે જેને જવાનું હતું તે ચાલ્યો ગયો અને જેને આવવાનું હતું તે આવી ગયો. હવે ઉચિત એ જ છે કે તમારે ત્યાંના લોકોથી મારી બયઅત લઈ લ્યો અને બધાને લઈને મારી પાસે હાજર થાવ. - વસ્સલામ.

# (૭૬) અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસના નામે

*જયારે તેમને બસરાના ગવર્નર બનાવવામાં આવ્યા*

લોકોથી મુલાકાત કરવામાં, તેને પોતાની સભામાં જગ્યા દેવામાં અને તેઓ વચ્ચે ફેંસલો કરવામાં ઉદારતાથી કામ લ્યો અને ખબરદાર ! ગુસ્સા અને આવેશથી કામ ન લેવું કેમકે આ શયતાનના તરફથી તુચ્છપણાનું પરિણામ છે. અને યાદ રાખો, જે વસ્તુ અલ્લાહથી નજીક કરે છે એ જ જહન્નહમથી દૂર કરે છે અને જે વસ્તુ અલ્લાહથી દૂર કરે છે એ જ જહન્નામથી નિકટ કરી દે છે.

# (૭૭) અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસને આપની વસીયત

*જયારે તેમને ખારજીઓ સામે હુજ્જત પૂરી કરવા માટે મોકલ્યા.*

જુઓ, તેઓથી કુરઆનના વિશે ચર્ચા ન કરવી કેમકે તેના ઘણા કારણો અને સંભવો હોય છે અને એ રીતે તમે તમારી કહેતા રહેશો અને તેઓ પોતાની કહેતા રહેશે. બલ્કે તેઓથી સુન્નદતના વડે વિવાદ કરો અને તેનાથી બચીને નિકળવાનો કોઈ રસ્તો નથી.

# (૭૮) અબૂ મૂસા અશઅરીના પત્રનો જવાબ

*લવાદના સંબંધમાં તેના એક પત્રના જવાબમાં જેનો ઉલ્લેખ સઈદ બિન યહ્યાએ "કિતાબ મગાઝી" માં કર્યો છે.*

કેટલાય એવા લોકો છે જેઓ આખેરતની ઘણી સૌભાગ્યતાથી વંચિત રહી ગયા છે અને દુનિયા તરફ જુકી ગયા છે અને મનેચ્છા મુજબ બોલવા લાગ્યા છે. અને હું આ વાતના કારણે એક આશ્ચર્ય અને હયરતની સ્થિતિમાં છું, એવા લોકો ભેગા થઈ ગયા છે જેઓને પોતાની વાત જ સારી લાગે છે. હું તેમના ઘા નો ઇલાજ કરૂં છું પણ ડરૂં છું કે ક્યાંક રક્ત જામી ન જાય.

અને યાદ રાખો, પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની ઉમ્મતને એકઠી કરવા અને તેઓના સંપ માટે મારાથી વધારે ઇચ્છુક કોઈ નથી. જેના વડે હું શ્રેષ્ઠ સવાબ અને આખેરતમાં ઉન્નરત મસ્તક (સરબુલંદી) ચાહું છું. અને હું કોઈ પણ ભોગે મારૂં વચન પુરૂં કરીશ, ભલે તમે એ વાતથી ફરી જાવ જે છેલ્લી મુલાકાત સુધી તમારી જીભ પર હતી.

ખરેખર કમનસીબ એ છે જે બુધ્ધિ અને અનુભવ છતાં તેના લાભોથી વંચિત રહે. હું તો એ વાત પર નારાજ છું કે કોઈ શખ્સ જૂઠ વાત મોઢા પર લાવે અથવા કોઈ એવા હુકમને બગાડી નાખે જેની ખુદાએ સુધારણા કરી હોય. એટલે જે વાતને તમે નથી જાણતા તેને જતી કરો, કેમકે લુચ્ચા લોકો મોટી વાતો તમારી પાસે પહોંચાડવા માટે ઊડીને પહોંચી જશે.

# (૭૯) સેનાધ્યક્ષોના નામે

*લશ્કરના સરદારોના નામે - ખિલાફત પછી*

ત્યાર પછી લખવાનું કે, તમારી પહેલાવાળા માત્ર એ વાતને કારણે હલાક થઈ ગયા કે તેમણે લોકોના હકો રોકી લીધા. અને તેમને લાંચ આપી ખરીદી લીધા અને તેમને જૂઠના પાબંદ બનાવ્યા તો બધા તેઓના માર્ગે ચાલી નિકળ્યા.

# [illegible]

# [illegible]

# [illegible]

* હઝરત રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હેં વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું:

**હઝરત અલી (અલય્હિસ્સલામ) જન્નત અને જહન્નમની વહેંચણી કરનાર છે.**

- કશકુલ યકીન (અલ્લામા હિલ્લી), પેજ નં. ૧૮

***** હઝરત રસુલે ખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)એ ફરમાવ્યું:

## હઝરત અલી (અલય્હિસ્સલામ) હક અને બાતીલને જુદું પાડનાર છે.

- કશફુલ યકીન (અલ્લામા હિલ્લી), પેજ નં. ૧૫

# નહજુલ બલાગાહ

## (ભાગ ત્રીજો)

## હઝરત અમીરૂલ મોઅમેનીન

# અલય્હિસ્સલામના ચૂંટેલા ઉપદેશો

# આ પ્રકરણમાં સવાલોના જવાબો અને તેમના ડહાપણભર્યા ઉચ્ચારણોની વાણી પણ શામિલ છે જે

# વિવિધ હેતુસર બયાન કરવામાં આવ્યા હતા

**(૧) ફિત્ના ફસાદથી અલગતા**: ટંટા, ફસાદ અને ચળવળના જમાનામાં એવી રીતે રહો જેમ ઊંટણીનું બે વરસનું બચ્ચુ હોય છે કે ન તો તેની પીઠ પર સવારી કરી શકાય છે કે ન તો તેના સ્તનો દોહવાને લાયક હોય છે.

**(૨) સ્વમાનઘાત**: જેણે લાલચની ટેવ પાડી તેણે પોતાને અપમાનિત કરી દીધો અને જેણે પોતાની પરેશાની જાહેર કરી દીધી તે પોતાની અપકીર્તિ (ઝિલ્લત) પર રાજી થઈ ગયો. અને જેણે પોતાના નફસ પર જીભને રાજ કરવા દીધું તેણે પોતાને તુચ્છતર બનાવી દીધો.

**(૩) દુષણો અને સદગુણો**: કંજુસી કલંક અને લાંછન છે, અને કાયરત ખોડ (ખામી) છે, અને ઓશિયાળી (ફક્ર) ડાહ્યા માણસને પણ તેની જરૂરત માટે મુંગો કરી દે છે, અને મુફલીસ (નિર્ધન) પોતાના દેશમાં પણ પરદેશી હોય છે.

**(૪) કેટલાક ગુણધર્મ**: લાચારી આફત છે અને સબ્ર બહાદુરી છે, ઝોહદ (વિરક્તિ) સંપતિ છે અને પરહેઝગારી (સંયમ) ઢાલ છે, ઇન્સાનનો શ્રેષ્ઠ સાથી ખુદાની રઝા પર રાઝી રહેવું છે.

**(૫) ઇલ્મ અને અદબ**: ઇલ્મ શ્રેષ્ઠ વારસો છે. સંસ્કાર નવા નવા વસ્ત્રો છે અને ચિંતન શ્રેષ્ઠ સ્વચ્છ અરીસો છે.

**(૬) આત્મશલાધા**: બુધ્ધિવાનની છાતી પોતાના રહસ્યોનો ખજાનો હોય છે. અને ખૂશખબરી મહોબ્બતની જાળ છે, અને સહનશીલતા અને સહિષ્ણુતા એબોની કબ્ર છે. અને સુલેહ સમાધાન ખામીઓ છુપાવવાનું સાધન છે.

**(૭) સદકો અને ઇન્સાનના કર્મો**: સદકો (ધર્માદા) શ્રેષ્ઠ ઉપયોગી દવા છે, અને લોકોના દુનિયાના આમાલ આખેરતમાં તેઓની નજરોની સામે હશે.

**(૮) ઇન્સાનની બનાવટ**: ઇન્સાનની બનાવટ પર આશ્ચર્ય કરો કે ચરબીના વડે જુએ છે, માંસથી બોલે છે અને હાડકાથી સાંભળે છે અને છીદ્રોથી શ્વાસ લે છે !!

**(૯) વહેવારનું દ્રષ્ટિબિંદુ**: જયારે દુનિયા કોઈની તરફ ઢળી પડે છે તો તે બીજાની ખૂબીઓ પણ તેના ખાતે ચડાવી દે છે. અને જયારે તેનાથી મોં ફેરવી લે છે તો તેની ખૂબીઓ પણ ભૂંસી નાખે છે.

**(૧૦) સમાજની સુંદરતા:** લોકો સાથે એવો મેળમિલાપ રાખો કે અગર મરી જાઓ તો લોકો રડે અને જો જીવતા રહો તો તમારા આસકત (ચાહનાર) રહે.

**(૧૧) ક્ષમાવૃત્તિ અને સત્તા:** જયારે તમને તમારા દુશ્મન પર કાબુ મળી જાય, તો તેને માફ કરી દેવાને જ એ શક્તિનો શુક્રીયા ગણો.

**(૧૨) લાચારી અને નિરાધારતા:** લોકોમાં સૌથી વધારે લાચાર એ છે જે દોસ્ત બનાવવાથી પણ લાચાર હોય. તેનાથી વધારે લાચાર એ છે જે રહ્યા સહ્યા (બાકી બચેલા) દોસ્તોથી પણ સંબંધ તોડી નાખે.

**(૧૩) કૃતધ્નતા (નાશુક્રી):** જયારે નેઅમતોનું રૂખ તમારી તરફ હોય તો નાશુક્રી કરી તેને તમારા સુધી આવવાથી ભગાવી ન દયો.

**(૧૪) પોતાના અને પરાયા:** જેને આપ્તજનો (પોતાના) છોડી દે છે તેને પરાયા મળી જાય છે.

**(૧૫) ફિત્નામાં પડેલાઓ:** ફિત્નામાં પડી જનારો દરેક જણ ઠપકાને પાત્ર નથી.

**(૧૬) પ્રયત્નોની લાચારી:** બધા મામલાઓ પ્રારબ્ધ (નસીબ)ને આધિન છે છતાં કદી કદી પ્રયત્નથી મૌત આવી જાય છે.

**(૧૭) ખિઝાબ:** આપને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના આ ઇરશાદ વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો કે "બુઢાપાને ખિઝાબ દ્વારા બદલી નાખો અને ખબરદાર ! યહૂદીઓની કોપી ન બનો." તો આપે ફરમાવ્યું કે એ સમયની વાત છે જયારે દીનદાર જૂજ (ઓછા) હતા. પરંતુ આજ તો ઇસ્લામનું વર્તૂળ વિશાળ થઈ ચૂક્યું છે અને છાતી ઠોકીને પગભર થઈ ગયો છે. એટલે દરેક ઇન્સાને પોતાની પસંદથી કામ લેવું જોઈએ.

**(૧૮) નિષ્પક્ષતા:** આપે મયદાને જંગથી દૂર રહેનારાઓ વિશે ફરમાવ્યું છે: એ લોકોએ હકને પણ તજી દીધો અને જૂઠ (બતીલ)ને પણ મદદ ન કરી.

**(૧૯) લાંબી આશા:** જે આશાઓ પાછળ દોડતો ચાલ્યો જાય છે તે અંતે પોતાની મૌત વડે ઠોકર ખાય છે.

**(૨૦) પ્રતિષ્ઠા જાળવવી:** સજ્જન લોકોની નબળાઈને જતી કરો. કેમકે આવો માણસ જયારે ઠોકર ખાય છે ત્યારે કુદરતનો હાથ તેમને ઊંચકી લે છે.

**(૨૧) લજજા અને શરમ:** નિષ્ફળતા, ભય અને ડરપોકપણાનું પરિણામ છે અને નિરાશા ખોટી શરમનું પરિણામ. કુરસદના દિવસો વાદળોની જેમ વહી જાય છે. એટલે નેકી કરવાની તક ઝડપી લ્યો. (હયબતને નિષ્ફળતા સાથે અને શર્મને વંચિતપણા (મેહરૂમી) સાથે મેળવી દેવામાં આવી છે. કુરસતના પ્રસંગો વાદળોની જેમ પસાર થઇ જાય છે તેથી નેકીઓની તકને ગનીમત જાણો.)

**(૨૨) અધિકારથી વંચિતતા:** અમારો એક હક છે જે મળી ગયો તો ઠીક, નહિતર અમે ઊંટ ઉપર પાછળ બેસવું નિભાવી લેશું, ભલે પ્રવાસ કેટલોય લાંબો કેમ ન હોય.

*આ શ્રેષ્ઠ સુક્ષ્મ અને છટાદાર વાણી છે કે જો હક ન મળ્યો તો અમને નામોશી (ઝિલ્લત) વેઠવી પડશે. કેમકે પાછળ બેસનારો સામાન્યત: (સામાન્ય રીતે) ગુલામ અને કૈદી વગેરે હોય છે. - સૈયદ રઝી*

**(૨૩) કર્મ અને કૂળ**: જેને તેના કર્મો પડતી તરફ લઈ જાય છે તેને કૂળ ઊંચે નથી ચડાવી શકતું.

**(૨૪) હાથ થામવો**: મોટા મોટા ગુનાહોના કફફારામાંથી એ છે કે ઇન્સાન પીડિતોની મદદ કરે અને ગમગીન ઇન્સાનનો ગમ દૂર કરી દે.

**(૨૫) મોહલત**: અય આદમના પુત્ર! જયારે ગુનાહો કરવા છતાં તારા પરવરદિગારની નેઅમતો તને નિરંતર મળતી રહે તો સચેત થઈ જવું.

**(૨૬) વાત છુપાતી નથી**: ઇન્સાન જે વાતને દિલમાં સંતાડવા માગે છે તે તેની જીભ પર અનાયાસે આવી જાય છે અને ચહેરાના હાવભાવથી જાહેર થઈ જાય છે.

**(૨૭) હિમ્મત ન હારો**: બની શકે ત્યાં સુધી બીમારી બરદાસ્ત કરી લ્યો (અને તરત જ ઇલાજની ચિંતામાં લાગી જાવ)

**(૨૮) ઝોહદ છુપાવવો**: ઝોહદને છુપાવવો શ્રેષ્ઠ ઝોહદ છે.

**(૨૯) મૌત:** જયારે તમારી જિંદગી વીતી રહી છે અને મૌત સામે આવી રહી છે તો તેને ભેટવા તૈયાર થઈ જાવ !

**(30) ઢાંક પિછોડો:** સાવધાન થાવ સાવધાન ! કે પરવરદિગારે ગુનાહોનો એટલા પ્રમાણમાં ઢાંક પિછોડો કર્યો છે કે આ ધોકો થઈ ગયો છે કે કદાચ માફ કરી દીધા છે.

**(૩૧) ઈમાનના ચાર સ્તંભો ન્યાય, જેહાદ, સબ્ર અને યકીન:** આપથી ઈમાન વિશે પ્રશ્ન કરવામાં આવ્યો તો આપે ફરમાવ્યું કે: ઈમાનના ચાર સ્તંભો છે: સબ્ર, યકીન, ન્યાય અને જેહાદ, પછી સબ્રના ચાર વિભાગ છે: શોખ, ડર, વિરક્તિ (ઝોહદ) અને મૃત્યની વાટ. પછી જેણે જન્નાતનો શોખ કેળવ્યો તેણે ઇચ્છાઓને મારી નાખી. અને જેને જહન્નહમનો ડર લાગ્યો તે હરામથી દૂર રહ્યો. અને જે દુનિયામાં ઝોહદ અપનાવે છે, તે મુસીબતોને હળવી સમજે છે. અને મૌતની રાહ જોનાર સદકાર્યોમાં ઝડપ કરે છે.

યકીનના પણ ચાર સ્તંભો છે: સાવધાન અંતર ચક્ષુ, હિકમતની હકીકત સુધી પહોંચ, ઇબ્રતની નસીહત અને

પૂર્વજોની પ્રણાલિકા, પછી સાવધાન અંતર ચક્ષુ રાખનાર સામે ડહાપણના ધરા (નસીહત) ખૂલ્લી જાય છે. અને ડહાપણનો પ્રકાશ ઇબ્રતને સ્પષ્ટ કરી દે છે. અને ઇબ્રતનું ભાન પૂર્વજોથી મેળવી લે છે.

ન્યાયના પણ ચાર વિભાગ છેઃ મૂળ સુધી પહોંચી જનારી દીર્ઘ દ્રષ્ટિ, જ્ઞાનની ગહનતા, ચુકાદા ( નિર્ણય)ની સ્પષ્ટતા, અને બુધ્ધિની સ્થિરતા.

જેણે સમજ ( દીર્ઘ દ્રષ્ટિ)ની નેઅમત મેળવી, તે જ્ઞાનની ગહનતા સુધી પહોંચી ગયો, અને જેણે જ્ઞાનના ઊંડાણ જાણી લીધા તે નિર્ણયના પરબે તૃપ્ત થઈ બહાર આવ્યો અને જેણે બુધ્ધિ વાપરી તેણે પોતાના કામમાં ઉણપ ન રાખી. અને લોકો વચ્ચે પ્રશંસા પાત્ર જીવન વિતાવ્યું.

જેહાદના પણ ચાર વિભાગ છેઃ અમ્ર બિલ મઅરૂફ (સુકાર્યોનો હુકમ કરવો), નહી અનિલ મુન્કર (હરામ કામોથી રોક્વું) દરેક સંજોગોમાં અડગતા અને ગુનેહગારોથી નફરત અને દુશ્મની.

એટલે જેણે અમ્ર બિલ મઅરૂફ ર્ક્યું તેણે મોઅમિનોની કમર મજબૂત કરી. જેણે હરામ કામોથી રોક્યા તેણે કાફરોની

નાક રગડી નાખી. જેણે યુધ્ધમાં અડગતા દાખવી તે પોતાના ઉદ્દેશમાં આગળ વધી ગયો. અને જેણે ગુનેહગારોથી નફરત અને અદાવતનો વર્તાવ કર્યો, પરવરદિગાર તેના માટે દુશ્મનોથી કોપાયમાન થશે અને કયામતના દિવસે તેને રાજી કરી દેશે.

અને કુફ્રના પણ ચાર સ્તંભો છે.: નિર્થક ( કારણ વગર) ઊંડાણમાં ઉતરવું, આપસમાં ઝઘડા કરવા, વક્રતા અને ઉલંઘન, વિરુધ્ધતા અને હઠાગ્રહ.

જે અકારણ ઊંડાણમાં ડૂબી જશે તે પાછો હકની તરફ નથી આવી શકતો. અને જે જહાલતના કારણે ઝઘડા કરે છે તે હકની તરફથી આંધળો થઈ જાય છે. જે વક્રતાનો શિકાર થાય છે તેને ભલાઈ બુરાઈ અને બુરાઈ ભલાઈ નજર આવે છે. અને તે ગુમરાહીના નશામાં ચૂર થઈ જાય છે અને જે ઝઘડા અને હઠાગ્રહમાં પરોવાઈ જાય છે તેના માર્ગો દુશ્વાઋ (કઠિન), પ્રશ્નો ન ઉકેલી શકાય તેવા, અને બચી નિકળવાની રીતો તંગ થઈ જાય છે.

ત્યાર પછી શકના ચાર વિભાગ છે: દુરાગ્રહ, ડર, હેરાની અને જૂઠને સમર્પણ.

દેખીતું છે કે જે દુરાગ્રહને ટેવાય જાય તેની રાતની કદી સવાર નથી પડતી. અને જે સદા સામેની ચીજોથી ડરે છે તે પાછલા પગે પાછળ હટતો જ રહેશે. અને જે શંકા આશંકામાં ભમતો રહેશે તેને શયતાનો પોતાના પગો તળે ચગદી નાખશે. અને જે પોતાને દુનિયા અને આખેરતની હલાક્તને સોંપી દેશે તે ખરેખર હલાક થઈ જશે.

**(૩૨) નેકી અને બદી**: સદકાર્ય કરનાર મૂળ સદકાર્યથી શ્રેષ્ઠ હોય છે. અને બુરા કામ કરનાર મૂળ બુરાઈથી બદતર હોય છે.

**(33) મધ્યમ વર્તન**: દાન કરો પણ ઉડાઉપણું ન કરો અને કરક્સરને અપનાવો, પણ કંજૂસી ન કરો.

**(૩૪) આરજૂનો ત્યાગ**: શ્રેષ્ઠ શ્રીમંતાઈ અને બેપરવાઈ એ છે કે ઇન્સાન આશાઓને તજી દે.

**(૩૫) અણગમતી વાત**: જે લોકો વિશે સમજ્યા વિચાર્યા વગર એવી વાતો કહી દે છે જેને તેઓ પસંદ નથી કરતા. લોકો તેના વિશે પણ એ કહી દે છે જેને જાણતા પણ નથી.

**(૩૬) લાંબી આશાઓ:** જેણે આકાંક્ષાઓ લંબાવી તેણે અમલને બરબાદ કર્યો.

**(૩૭) સન્માનની એક રીત:** (શામની તરફ જતાં આપ અંબારના જમીનદારો પાસેથી પસાર થયા તો એ લોકો સવારીઓ પરથી ઉતરી આવ્યા અને આપની આગળ દોડવા લાગ્યા તો આપે ફરમાવ્યું:) આ તમે કઈ રીત અપનાવી છે? લોકોએ અરજ કરી આ અમારી એક સંસ્કૃતિ છે જેનાથી અમે મોટેરાઓનું સન્માન કરીએ છીએ. ફરમાવ્યું: ખુદા ગવાહ છે, આનાથી રાજકર્તાને કોઈ ફાયદો નથી થતો અને તમે તમારી જાતને દુનિયામાં શ્રમમાં નાખો છો અને આખેરતમાં કમનસીબીના શિકાર થઈ જશો. અને કેટલું ઘાટાનું (નુકસાનનું) કારણ છે એ મહેનત જેની પાછળ અઝાબ હોય અને કેટલી ફાયદામંદ છે એ રાહત જેની સાથે જહન્નમથી અમાન હોય.

**(૩૮) હઝરત ઇમામ હસન અલય્હિસ્સલામને વસીયત:** આપે પોતાના ફરઝંદ હઝરત ઇમામ હસન અલય્હિસ્સલામને ફરમાવ્યું: બેટા મારાથી ચાર અને પછી

ચાર વાતો યાદ રાખી લો, તો પછી કોઈ કાર્યથી નૂકસાન નહીં થાય.

શ્રેષ્ઠ માલ અને મૂડી બુધ્ધિ છે અને અધમમાં અધમ ગરીબી મૂર્ખતા. સૌથી વધારે ભયાનક કામ આત્મશ્લાઘા (આપ વખાણ) છે અને સૌથી સજ્જન કુલીનતા વિવેક અને સારો સ્વભાવ છે. - બેટા ! ખબરદાર કોઈ મૂર્ખની મૈત્રી ન કરવી કેમકે તે તમને લાભ પહોંચાડવા માગતો હશે તો પણ નુકસાન પહોંચાડી દેશે, એવી રીતે કોઈ કંજૂસની દોસ્તી ન કરવી કે તે તમારાથી એવે (તે) સમયે ભાગશે જયારે તમને તેની અત્યંત જરૂરત હશે. અને જુઓ કોઈ દૂરચારીની દોસ્તી પણ ન કરવી કે તે તમને હલકી ચીજના બદલે વેચી નાખશે. અને કોઈ જૂઠાનો સાથ પણ ન મેળવવો કેમકે તે ઝાંઝવા (મૃગજળ) જેવો છે જે દૂરવાળાને નિકટ અને નજીકનાઓને દૂર કરી દે છે.

**(૩૯) ફરજોનું મહત્વ**: મુસ્તહબ અમલમાં અલ્લાહની કુરબત નથી જો તેનાથી વાજીબ અમલને નુકસાન પહોંચે.

**(૪૦) ડાહ્યો અને મૂર્ખ**: અકલમંદની જીભ તેના દિલની પાછળ હોય છે અને મૂર્ખનું દિલ તેની જીભની પાછળ હોય છે.

**(૪૧) બુધ્ધિવાન અને બુધ્ધુ**: મૂર્ખનું દિલ તેના મોંની અંદર રહે છે અને અકલમંદની જીભ તેના દિલની અંદર રહે છે.

**(૪૨) અજ્ર અને સવાબ**: પોતાના એક સાથીને તેની બીમારીના પ્રસંગે ફરમાવ્યું: "અલ્લાહે તમારી બીમારીને તમારા ગુનાહ દૂર કરવાનું સાધન બનાવી દીધું છે. કેમકે ખૂદ બીમારીમાં કોઈ અજ્ર નથી પરંતુ તે બુરાઈઓને મિટાવી દે છે. અને બુરાઈઓને એવી રીતે ખંખેરી નાખે છે જેવી રીતે વૃક્ષના પાંદડા ખરી પડે છે. અજ્ર અને સવાબ જીભેથી કંઈ કહેવા અને હાથ પગથી કંઈ કરવાથી મળે છે અને પરવરદિગાર પોતાના જે બંદાઓને ચાહે છે તેઓને નિય્યતથી સચ્ચાઈ અને અંતરની શુધ્ધતાના આધારે જન્નીતમાં દાખલ કરી દે છે.

**(૪૩) બંદાનું ખુદાથી રાજી રહેવું:** આપે ખબાબ બિન અલ અર્તના વિશે ફરમાવ્યું કે, ખુદા, ખબાબ બિન અલ અર્ત પર રહેમત નાઝિલ કરે. તેઓ પોતાની સ્વેચ્છાએ ઇસ્લામ લાવ્યા, પોતાની ખુશીથી હિજરત કરી, અને જરૂરત જેટલા સામાન પર સંતોષ ર્ક્યો. અલ્લાહની મરઝીથી રાજી થયા અને મુજાહિદ જેવું જીવન વીતાવ્યું.

**(૪૪) મુબારકબાદને લાયક:** એ શખ્સ સદભાગી છે જેણે આખેરતને યાદ રાખી, હિસાબ માટે અમલ ર્ક્યો, જરૂરત જેટલા પર સંતોષી રહ્યો. અને અલ્લાહથી રાજી રહ્યો.

**(૪૫) મોઅમિન અને મુનાફિક:** જો હું આ તલવારથી મોઅમિનનું નાક વાઢી નાખું કે તે મારી દુશ્મની કરે તો કદી નહીં કરે. અને દુનિયાના બધા વૈભવ મુનાફિક પર વર્ષાવી દઉં કે મારાથી મહોબ્બત કરે તો કદી નહીં કરે. કેમકે આ હકીકતનો ફેંસલો સાચા નબીની જીભથી થઈ ચૂક્યો છે કે, "અય અલી ! કોઈ મોઅમિન તમારાથી દુશ્મની નથી કરી શકતો અને કોઈ મુનાફિક તમારાથી દોસ્તી નથી કરી શકતો."

**(૪૬) ગુનાહનું ભાન**: એ ગુનાહ જેનાથી તમને દુ:ખ થાય - અલ્લાહની સમક્ષ એ નેકીથી વધારે સારો છે જેનાથી તમારામાં અભિમાન પેદા થાય.

**(૪૭) માણસનું મૂલ્ય તેની હિંમત પ્રમાણે**: ઇન્સાનનું મૂલ્ય અને કિંમત તેની હિંમતના પ્રમાણે થાય છે. અને તેની સચ્ચાઈ (મુલ્ય) તેની મર્દાનગીથી થાય છે. શૌર્યનું માપ સ્વમાનીપણું અને અસ્મિતા છે અને ચારિત્ર્યનું માપ શીલતા અને લજજા છે.

**(૪૮) સંયમ અને દીર્ધદ્રષ્ટિ**: સફળતા દીર્ધદ્રષ્ટિથી મળે છે અને દીર્ધદ્રષ્ટિ ચિંતન મનનથી, ચિંતન મનનનો આધાર સંબંધ રહસ્યોની ગુપ્તતા પર છે.

**(૪૯) કૂળવાન અને કૂળહીન**: સજ્જન ઇન્સાનના હુમલાથી બચો જયારે તે ભૂખ્યો હોય અને કમીનાના હુમલાથી બચો જયારે તેનું પેટ ભરેલું હોય.

**(૫૦) ભીરૂ (ડરપોક) હૃદય**: લોકોના દિલ રાની (જંગલી) પશુ જેવા હોય છે જે તેઓને કેળવી લે છે તેની તરફ તે ઝૂકી જાશે.

**(૫૧) સદભાગ્ય**: તમારા એબ ત્યાં સુધી છુપા રહેશે જ્યાં સુધી તમારૂં ભાગ્ય અનુકૂળ હશે.

**(૫૨) ક્ષમા-માફી**: સૌથી વધારે માફી આપવાનો હકદાર એ છે જે સૌથી વધારે સજા દેવાની શક્તિ ધરાવનાર હોય.

**(૫૩) સખાવતનો અર્થ**: સખાવત એ છે જે પ્રારંભમાં જ કરવામાં આવે નહીંતર માગવા પછી તો લોકોને લજ્જા અને માનની જાળવણી માટે પણ દેવું પડે છે.

**(૫૪) અકલ જેવું ધન નથી**: બુધ્ધિ જેવું કોઈ ધન નથી, અને અજ્ઞાનતા જેવી કોઈ ગરીબી નથી. સંસ્કાર જેવો કોઈ વારસો નથી અને મશ્વોરા જેવો કોઈ મદદગાર નથી.

**(૫૫) સબ્રના બે પ્રકાર**: સબ્રના બે પ્રકાર છે: એક અણગમતા સંજોગો પર સબ્ર કરવી અને એક પ્રિય અને મનગમતી વસ્તુઓ સામે સબ્ર કરવી.

**(૫૬) નિર્ધનતા અને ધનિક્તા**: પરદેશ (પ્રવાસ) માં શ્રીમંતાઈ હોય તો એ પણ વતન જેવું છે. અને વતનમાં ગરીબાઈ હોય તો એ પણ પરદેશ જેવું છે.

**(૫૭) સંતોષ:** સંતોષ એ મૂડી છે જે કદી ખૂટવાંવાળી (ઓછી થનાર) નથી.

**(૫૮) માલ અને દોલત:** અભિલાષાઓના ઝરણાનું મુખ પૈસો છે.

**(૫૯) નસીહત કરનારની કડવી વાણી:** જે તમને બુરાઈઓથી ડરાવે છે જાણે તમને નેકીની ખૂશખબર આપે છે.

**(૬૦) જીભની પાશવતા:** જીભ ફાડી ખાનાર પ્રાણી છે જો તેને થોડું પણ આઝાદ કરી દેવામાં આવે તો કરડી ખાશે.

**(૬૧) સ્ત્રી એક વીંછી છે:** ઔરત એવા વીંછી જેવી છે જેનું ડંખવું પણ મજા આપે છે.

**(૬૨) ઉપકારનો બદલો:** જયારે તમને કોઈ ભેટ આપવામાં આવે તો તેનાથી વધારે સારી ભેટ પાછી આપો. અને જયારે કોઈ નેઅમત આપવામાં આવે તો તેનાથી વધીને તેનો બદલો આપો. પરંતુ એ પછી પણ વિશેષતા તેની રહેશે જે સૌથી પહેલા નેકી કરે.

**(૬૩) સિફારીશ:** સિફારીશ કરવાવાળો માગનારની પાંખો જેવો હોય છે.

**(૬૪) દુનિયાવાળાઓની ગફલત:** દુનિયાવાળા એવા સવારો જેવા છે જે પોતે સૂઈ રહ્યા છે અને તેઓના પ્રવાસ ચાલુ છે.

**(૬૫) મિત્રો ગુમાવવા:** દોસ્તોનું ન હોવું પણ એક નિર્ધનતા છે.

**(૬૬) કૃપાત્રોથી માગવું:** હાજત પૂરી ન થવી એ કુપાત્ર (અયોગ્ય) પાસે માગવા કરતા સારૂ છે.

**(૬૭) માગણને નિરાશ ન કરો:** થોડું આપવામાં શરમ ન કરો કેમકે કંઈ ન આપવું એ તેનાથી પણ વધું કમતર (ઓછા) દરજાનું કામ છે.

**(૬૮) સુશીલતા અને શુક્ર:** પવિત્ર શિયળ (પાક દામની) ગરીબીની શોભા છે. અને શુક્રિયા (આભાર) માનવો માલદારીની શોભા છે.

**(૬૯) નિષ્ફળતાનો વિચાર ન કરો:** જો તમારી ઇચ્છા મુજબ કામ ન થઈ શકે તો જે પણ સ્થિતિમાં હો ખુશ રહો (કેમકે અફસોસ કરવાથી કંઈ લાભ નથી.)

**(૭૦) અતિશયતા અને અલ્પતા:** જાહિલ (અજ્ઞાની) સદા ઓછાવત્તાનો શિકાર રહે છે. કાં તો હદથી

આગળ વધી જાય છે અથવા પાછળ રહી જાય છે (કેમકે તેને હદનો અંદાજો જ નથી હોતો)

**(૭૧) બુધ્ધિની નિપુણતા**: જયારે અકલ સંપૂર્ણ થઈ જાય છે તો વાતો ઓછી થઈ જાય છે. (કેમકે બુધ્ધિવાન દરેક વાત તોળીને કહે છે)

**(૭૨) સમયની વર્તણુંક**: સમય શરીરને ક્ષીણ (જુનું) કરી દે છે અને ઇચ્છાઓને નવી કરી દે છે. મૌતને નિકટ કરી દે છે અને અભિલાષાઓને દૂર, અહીં જે સફળ થઈ જાય છે એ પણ ઉપાધિમાં પડી જાય છે અને જે ખોઈ બેસે છે એ પણ થાકી જાય છે.

**(૭૩) નેતાના ગુણો**: જે શખ્સ પોતાને કૌમનો નેતા બનાવી રજૂ કરે તેની ફરજ છે કે લોકોને શિખામણ આપવા પહેલા પોતાના નફસને તાલિમ આપે અને જીભથી પ્રચાર કરવા પહેલા પોતાના અમલથી તબ્લીગ કરે. અને એ યાદ રાખે કે પોતાને તાલિમ અને કેળવણી આપનાર બીજાઓને તાલિમ અને કેળવણી આપનાર કરતા વધારે સન્માનને પાત્ર છે.

**(૭૪) એક એક શ્વાસ મૌતની તરફ એક એક પગલું છે**: ઇન્સાનનો એક એક શ્વાસ મૌતની તરફ એક કદમ છે.

**(૭૫) થવાનું થઈને રહેશે**: દરેક ગણત્રીમાં આવનારી વસ્તુ ખતમ થવાવાળી છે. ( શ્વાસો) અને દરેક આવવાવાળો હર હાલમાં આવીને રહેશે. (મૌત)

**(૭૬) આરંભ અને અંત**: જયારે મસાઈલમાં (મામલામાં) સંદેહ ઊભો થઈ જાય તો આરંભને જોઈને પરિણામનું અનુમાન કરી લેવું જોઈએ.

**(૭૭) ઝરારનું બયાન**: ઝરાર બિન હમઝા ઝબાઈ મુઆવિયાના દરબારમાં હાજર થયા તો તેણે હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામના વિશે પૂછયું: ઝરારે કહ્યું કે મેં (પંડે) પોતાની આંખે જોયું છે કે રાતના અંધકારમાં મહેરાબમાં ઊભા રહી, દાઢી મુબારકને હાથમાં લઈ એવી રીતે તડપતા હતા જેવી રીતે સાંપે કરડેલો માણસ તરફડે છે અને કોઈ દુ:ખી કલ્પાંત કરે છે. - અને ફરમાવ્યા કરતા હતા:

" અય દુનિયા, અય દુનિયા ! દૂર હટ મારાથી. તું મારી સામે બની ઠનીને આવી છે કે ખરેખર મારી આશિક બનીને આવી છે? ખુદા એ સમય ન લાવે કે તું મને ધોકો દઈ શકે. જા, મારી સિવાય કોઈ અન્યને ધોકો દે. મને તારી જરૂરત નથી. હું તને ત્રણ વખત તલાક દઈ ચૂક્યો છું, જેની પછી રજૂ થવાની કોઈ શક્યતા નથી. તારી જિંદગી ઘણી અલ્પ છે અને તારી હેસિયત ઘણી મામૂલી છે. અને તારી આશા ઘણી તુચ્છ વસ્તુ છે."

" હાય વાટ ખર્ચી કેટલી અલ્પ છે, રસ્તો કેટલો લાંબો છે ! પડાવ કેટલો દૂર છે અને ઉતરવાની જગ્યા કેટલી ખતરનાક છે?"

**(૭૮) પ્રારબ્ધ અને નિર્માણ:** એક શામી પુરૂષે સવાલ કર્યો કે શું આપનું શામ તરફ જવું પ્રારબ્ધ અને નિર્માણ (કઝા અને કદ્ર મુજબ) હતું (જો એમ હતું તો સમજો કોઈ અજ્ર અને સવાબ ન મળ્યો) તો આપે ફરમાવ્યું: કદાચ તારૂં ધારવું એમ છે કે તેનાથી મુરાદ કઝાએ લાઝીમ - અફર હુકમ અને કદરે હતમી - છેવટનો નિર્ણય છે કે જેના પછી

અઝાબ અને સવાબ બેકાર થઈ જાય છે અને વાયદા વચન વ્યવસ્થા સ્થગિત થઈ જાય છે એવું હરગીઝ નથી. પરવરદિગારે પોતાના બંદાઓને હુકમ આપ્યો છે તો તેના અખત્યારની સાથે અને મના કરી છે તો તેઓને ડરાવવા સાથે, તેણે આસાન તકલીફ આપી છે (હુકમો આપ્યા છે) અને કોઈ શ્રમમાં નથી નાખ્યા. થોડા અમલ પર ઘણો બધો અજ્ર આપ્યો છે અને તેની નાફરમાની એટલા માટે નથી કે તે છવાઈ ગયો છે અને ઇતાઅત (આજ્ઞા પાલન) એટલે નથી કે તેણે મજબૂર કરી દીધો છે. તેણે નબીઓને ન રમત કરવા મોકલ્યા હતા, ન કિતાબને અમસ્તી ઉતારી છે. અને ન જમીન અને આસમાન અને તેની વચ્ચેની મખ્લૂકને બેકાર પેદા કરી છે. આ માત્ર કાફરોની કલ્પના છે અને કાયરોના માટે જહન્નામમાં વયલ (ફીટકાર) છે."

(અંતમાં ચોખવટ કરી કે કઝા હુકમના અર્થમાં છે અને આપણે તેના હુકમથી ગયા હતા ન કે જબરદસ્તી કે કરાહતથી)

**(૭૯) ડહાપણનું મોતી:** હિકમત (ડાહપણ)ની વાત જ્યાંથી પણ મળી જાય લઈ લ્યો કેમકે આવી વાત જો મુનાફિકના દિલમાં દબાએલી હશે તો તે ત્યાં સુધી બેચેન રહેશે જ્યાં સુધી તે નિકળી ન જાય. અને મોઅમિનના દિલમાં જઈને બીજી શાણી વાતો સાથે મળીને ખુશ થઈ જશે.

**(૮૦) ડહાપણની મૂડી:** હિકમત મોઅમિનની ખોવાએલી દોલત છે એટલે જ્યાં પણ મળે લઈ લેવી જોઈએ ચાહે તે મુનાફિક પાસેથી જ કેમ ન મળે.

**(૮૧) ઇન્સાનની કિંમત અને કદર:** દરેક ઇન્સાનનું મુલ્ય અને કિંમત એ જ નેકીઓ છે જે તેનામાં મળી આવે છે.

**(૮૨) પાંચ નસીહતો:** હું તમને એવી પાંચ વાતોની ભલામણ કરૂં છું કે જેને મેળવવા માટે ઊંટોને એડી મારીને દોડાવવામાં આવે તો પણ તેને માટે યોગ્ય છે.

ખબરદાર ! તમારામાંથી કોઈ શખ્સ અલ્લાહ સિવાય કોઈથી આશા ન રાખે અને પોતાના ગુનાહો સિવાય કોઈથી ન ડરે, અને જયારે કોઈ ચીજના વિશે પ્રશ્ન પૂછવામાં આવે અને ન જાણતો હોય તો ન જાણવાનો સ્વિકાર કરવાથી

શરમાય નહીં. અને જો નથી જાણતો તો શીખવામાં કોઈ શરમ ન રાખે. અને ધીરતા (સહનશીલતા) ગ્રહણ કરે કેમકે ધીરતા (ધીરજ) ઈમાન માટે એવી જ છે જેવું બદનના માટે મસ્તક. અને દેખીતું છે કે એ બદનમાં કોઈ સારપ નથી જેમાં મસ્તક ન હોય અને એ ઈમાનમાં કોઈ સારાવાટ નથી જેમાં ધીરજ (સબ્ર) નથી.

**(૮૩) ગુણગાન**: આપે એ શખ્સને ફરમાવ્યું જે આપનો શ્રધ્ધાળુ તો નહોતો પણ આપની અત્યંત પ્રશંસા કરતો હતો: "હું તારા બયાન કરતાં કમતર છું, પરંતુ તારા વિચાર (માન્યતા) થી ઉચ્ચતર છું."

( અર્થાત: જે તેં મારા વિશે કહ્યું તેમાં અતિશ્યોક્તિ છે પરંતુ મારા વિશે જે અકીદો રાખે છે તે મારી હેસિયતથી ઘણો ઓછો છે.)

**(૮૪) તલવાર**: તલવારથી બચેલા લોકો વધારે જીવે છે અને તેમની અવલાદ પણ વધારે હોય છે.

**(૮૫) સર્વજ્ઞતા**: જેણે અજાણપણાનો સ્વિકાર છોડી દીધો તે ક્યાંયને ક્યાંય માર ખાઈ જશે.

(૮૬) **મોટાઓથી મશ્વેરો** : વૃધ્ધની રાય (અભિપ્રાય) યુવાનની હિંમતથી વધારે પ્યારી હોય છે અથવા વૃધ્ધની રાય જવાનના ખતરામાં અડીખમ રહેવાથી વધારે ઇચ્છવા યોગ્ય છે.

(૮૭) **ઇસ્તેગ્ફાર**: મને એ શખ્સની સ્થિતિ પર આશ્ચર્ય થાય છે જે તૌબા (ઇસ્તગ્ફાર)ની શક્તિ તો રાખે છે છતાં ખુદાથી નિરાશ થઈ જાય છે.

(૮૮) **એક સુક્ષ્મ સાર**: હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલયહિસ્સલામે આપની આ અમૂલ્ય વાણી નકલ કરી છે: "ધરતી પર ખુદાના અઝાબથી બચાવનારા બે સાધનો હતા. એકને પરવરદિગારે ઉપાડી લીધા છે ( ઇસ્લામના પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ) એટલે બીજાને વળગી રહો. અર્થાત ઇસ્તેગ્ફાર - કેમકે કાએનાતના ધણીએ ફરમાવ્યું છે કે "ખુદા, ત્યાં સુધી તેઓ પર અઝાબ નહીં કરે જ્યાં સુધી આપ મૌજૂદ છો અને ત્યાં સુધી અઝાબ કરવાવાળો નથી જ્યાં સુધી એ ઇસ્તેગ્ફાર કરી રહ્યા છે."

**(૮૯) અલ્લાહથી સદવહેવાર:** જેણે પોતાના અને ખુદાની વચ્ચેના મામલાઓ ઠીક કરી લીધા, અલ્લાહ તેના અને લોકો વચ્ચેના મામલા ઠીક કરી દેશે. અને જે આખેરતના કામ સુધારી લેશે અલ્લાહ તેના દુનિયાના કામ ઠીક કરી દેશે. અને જે પોતાની જાતને શિખામણ આપશે, અલ્લાહ તેના રક્ષણની વ્યવસ્થા કરી દેશે.

**(૯૦) પુરૂં જ્ઞાન:** દીનનો સંપૂર્ણ આલિમ એ છે જે લોકોને અલ્લાહની રહેમતથી હતાશ ન કરે અને તેની મહેરબાનીઓથી નિરાશ ન કરે અને તેના અઝાબની તરફ સંતોષી ન બનાવે.

**(૯૧) હૃદય ભગ્નતા:** આ દિલ એવી જ રીતે કંટાળી જાય છે જેવી રીતે શરીર કંટાળે છે એટલે તેના માટે નવી નવી સુક્ષ્મ ચતુરાઈઓ (હિકમતો) શોધો.

**(૯૨) અમલ વગરનું ઇલ્મ:** સૌથી તુચ્છ ઇલ્મ એ છે જે માત્ર જીભ પર રહી જાય અને સૌથી વધુ મૂલ્યવાન ઇલ્મ એ છે જે અંગો ઉપાંગોથી જાહેર થાય.

**(૯૩) ફિત્નાની (કસોટીની) તફસીર**: ખબરદાર ! કોઈ શખ્સ એમ ન કહે કે અય ખુદા ! હું ફિત્નાથી તારી પનાહ માગું છું કેમકે કોઈ પણ શખ્સ ફિત્નાથી અલગ નથી થઈ શકતો. જો પનાહ માગવી છે તો ફિત્નામાં ભટકવાથી પનાહ માગો. એટલા માટે કે પરવરદિગારે માલ અને અવલાદને પણ ફિત્નો ગણાવ્યો છે અને તેનો અર્થ એ છે કે તે માલ અને અવલાદ દ્વારા કસોટી કરવા માગે છે જેથી આમ રોઝીથી નારાજ રહેનારો ભાગ્ય પર રાજી રહેવાવાળાથી અલગ થઈ જાય. જયારે કે તે તેઓના સંબંધમાં પોતે તેઓથી વધારે જાણે છે પરંતુ ઇચ્છે છે કે તે આમાલ જાહેર થઈ જાય જેનાથી ઇન્સાન સવાબ અથવા અઝાબનો હકદાર થાય છે. કેમકે અમુક લોકો દીકરો ચાહે છે દીકરી નહીં. અને અમુક માલના વધારાને દોસ્ત રાખે છે અને તંગદસ્તીને ખરાબ સમજે છે.

**(૯૪) ભલાઈની વ્યાખ્યા**: આપને ભલાઈ વિશે પૂછવામાં આવ્યું, તો ફરમાવ્યું : ભલાઈ માલ અને સંતાનની વિપુલતા નથી. ભલાઈ જ્ઞાનની અતિશયતા અને સહિષ્ણુતા

(હિલ્મ)ની વિશેષતા છે અને એ છે કે લોકો પર ખુદાની ઇબાદતનું ગૌરવ લ્યો. એટલે જો ભલાઈનું કામ કરો તો અલ્લાહનો શુક્ર બજાવી લાવો અને કુકર્મ કરો તો ઇસ્તેગ્ફાર કરો. અને યાદ રાખો દુનિયામાં સારૂં માત્ર બે પ્રકારના લોકો માટે છે એ ઇન્સાન જે ગુનાહ કરે તો તૌબા કરી લે અને એ ઇન્સાન જે સુકાર્યોમાં આગળ ધપતો જાય.

**(૯૫) અમલનું ધોરણ**: તકવા સાથે કોઈ અમલને અલ્પ નથી કહી શકાતો - કેમકે જે પણ અમલ કબૂલ થઈ જાય તેને અલ્પ કેમ કહી શકાય?

**(૯૬) નિકટતાનું ધોરણ**: લોકોમાં નબીઓથી સૌથી વધારે નિકટ એ લોકો હોય છે જે સૌથી વધારે તેઓની તાલિમોથી જાણકાર હોય - આમ કહી આપે આ પવિત્ર આયતની તિલાવત ફરમાવી: "ઇબ્રાહીમથી વધુ નિકટ એ લોકો છે જેઓ તેઓની પયરવી કરે - અને આ પયગમ્બર છે અને ઈમાનવાળાઓ છે."

ત્યાર પછી ફરમાવ્યું: પયગમ્બરનો દોસ્ત એ જ છે જે તેમની પયરવી કરે, ભલે પછી સગપણના હિસાબે કંઈક

અંશે દૂર કેમ ન હોય અને આપનો શત્રુ એ જ છે જે આપની નાફરમાની કરે પછી સગપણના હિસાબે ગમે તેટલો નિકટ કેમ ન હોય.

**(૯૭) એક ખારજીની ઇબાદત:** આપે સાંભળ્યું કે એક ખારજી શખ્સ ‘શબ નમાઝ’ પડી રહ્યો છે અને કુરઆનની તિલાવત કરે છે, તો ફરમાવ્યું કે યકીન સાથે સૂઈ જવું શકની સાથે નમાઝ પડવા કરતા વધારે સારૂં છે.

**(૯૮) રિવાયત અને દરાયત:** જયારે કોઈ ખબર સાંભળો તો બુધ્ધિની કસોટી પર પરખી લ્યો, માત્ર નકલ પર ભરોસો ન કરો કેમકે ઇલ્મની નકલ કરવાવાળા ઘણા હોય છે અને સમજવાવાળા ઘણા થોડા હોય છે.

**(૯૯) ઇન્ના લિલ્લાહે વ ઇન્ના એલય્હે રાજેઊનની તફસીર:** આપે એક શખ્સને આયત “ઇન્ના લિલ્લાહ” જીભ પર ઉચ્ચારતા સાંભળ્યો તો ફરમાવ્યું કે, “ઇન્ના લિલ્લાહ” સ્વિકારે છે કે આપણે કોઈની મિલ્કત છીએ અને “વ ઇન્ના એલય્હે રાજેઊન” સ્વિકૃતિ છે કે એક દિવસ ફના થઈ જવા વાળા છીએ.

**(૧૦૦) પ્રશંસાનો જવાબ:** એક કૌમે આપની સામે આપના વખાણ કરી દીધા તો આપે દુઆ માટે હાથ ઉઠાવ્યા – ખુદાયા, તું મને મારાથી વધારે સારી પેઠે જાણે છે અને હું પોતાને તેઓથી વધારે જાણું છું એટલે મને તેઓની ધારણાથી વધારે સરસ બનાવી દેજે અને આ જે ખામીઓને નથી જાણતા તેને માફ કરી દેજે.

**(૧૦૧) હાજત રવાઈ:** ત્રણ ચીજો વગર હાજત પૂરી નથી થતી. (૧) અમલને નાનો સમજે જેથી તે મોટો ગણવામાં આવે. (૨) તેને ગુપ્ત રીતે બજાવી લાવે જેથી તે પોતે જાહેર થઈ જાય. (૩) તેને જલ્દી પૂરો કરી દે જેથી તે સારો લાગે.

**(૧૦૨) એક ભવિષ્યવાણી:** લોકો પર એક વખત એ આવવાવાળો છે જયારે માત્ર લોકોના એબો બયાન કરવાવાળો દરબારમાં માન પામશે. અને માત્ર ગુનેહગારને સારા સ્વભાવનો સમજવામાં આવશે અને માત્ર ન્યાય કરનારને નિર્બળ ઠરાવવામાં આવશે. લોકો સદકા (ધર્માદા)ને ખોટ અને સિલે રહેમને ઉપકાર, ઇબાદતને લોકો પર

સરસાઈનું સાધન ગણાવશે. એવા સમયે રાજ્ય સ્ત્રીઓના મશ્વેનરા, બાળકોની સત્તા અને ખ્વાજાસરાઓની તદબીરના આધારે રહી જાશે.

**(૧૦૩) પ્રતિકુળ શત્રુ**: લોકોએ આપની ચાદરને ક્ષીણ (જૂની-જીર્ણ) જોઈને વિનંતી કરી દીધી તો આપે ફરમાવ્યું: આનાથી દિલમાં નમ્રતા અને મનમાં લઘુતાગ્રંથી જન્મે છે અને મોઅમિનો તેનું અનુકરણ પણ કરી શકે છે. યાદ રાખો, દુનિયા અને આખેરત પરસ્પર પ્રતિકુળ દુશ્મનો છે. અને બે જુદા માર્ગો છે. એટલે જે દુનિયાથી પ્રેમ અને દિલ લગાડે છે તે આખેરતનો દુશ્મન થઈ જાય છે અને જે વટેમાર્ગુ એકથી વધારે નજીક રહે છે તે બીજાથી વધારે દૂર થઈ જાય છે. વળી આ બંને આપસમાં એક બીજાની “શોક્ય” જેવી છે. [*શોક્ય : એક પુરૂષની બે પત્નીઓ*]

**(૧૦૪) નોફ બકાલીનું બયાન**: નોફ બકાલી કહે છે કે, મેં એક રાત્રે હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામને જોયા કે આપે પથારીમાં ઊભા થઈ તારાઓ પર નજર કરી અને ફરમાવ્યું કે "નૌફ સૂતા છો કે

જાગો છો? મેં અરજ કરી, હુજૂર જાગું છું, ફરમાવ્યું કે નૌફ ! સદભાગી છે એ લોકો જે દુનિયાથી વિરક્ત થઈ આખેરતનો શોખ રાખે છે. આ જ એ લોકો છે જેઓએ જમીનને પથારી બનાવી છે અને ધૂળને બિછાનું, પાણીને પીણું ગણ્યું છે અને કુરઆન તથા દુઆને પોતાના પ્રગટ અને ગુપ્તના (જાહેરના અને બાતિનના) રક્ષકો. ત્યાર પછી દુનિયાથી એ રીતે વિખૂટા પડી ગયા જેવી રીતે હઝરત મસીહ ( હઝરત ઈસા અલય્હિસ્સલામ)

નોફ ! જુઓ દાવૂદ અલય્હિસ્સલામ રાતના આ ભાગમાં જ ઊભા રહેતા હતા ( નમાઝ પડતા હતા) અને ફરમાવતા હતા કે આ એ ઘડી છે જેમાં જે કોઈ બંદો જે કંઈ દુઆ કરે છે પરવરદિગાર તેની દુઆને કબૂલ કરી લે છે. સિવાય એ કે (ઝાલિમ) સરકારી વેરો વસૂલ કરવાવાળો, લોકોની નિંદા કરવાવાળો, ઝાલિમ હુકૂમતનો પોલીસવાળો અથવા વાજિંત્ર અને ઢોલ ત્રાંસાવાળો હોય.

**(૧૦૫) કર્તવ્ય પાલન**: પરવરદિગારે તમારા પર કંઈક ફરજો લાદી છે એટલે ખબરદાર ! એને બરબાદ ન કરો

અને તેણે કંઈક હદો પણ નક્કી કરી છે એટલે તેને ઓળંગતા નહીં. તેણે જે ચીજોની મના કરી છે તેનાથી વિરૂદ્ધ ન કરજો અને જે ચીજો પર ચૂપકીદી અપનાવી છે, જબરદસ્તી તેને જાણવાની કોશિશ ન કરજો કેમકે તે ભૂલ્યો નથી.

**(૧૦૬) દીનથી વેગળાપણું:** જયારે પણ લોકો દુનિયા બનાવવા ખાતર દીનની કોઈ વાતને છોડી દે છે તો પરવરદિગાર તેનાથી વધારે નુકસાનકારક માર્ગ ખોલી નાખે છે.

**(૧૦૭) લાભ વગરનું ઇલ્મ:** ઘણા આલિમો છે જેને દીનથી અજાણતાએ મારી નાખ્યા છે, અને પછી તેના ઇલ્મે પણ કોઈ લાભ નથી પહોંચાડયો.

**(૧૦૮) દિલની હાલત:** આ ઇન્સાનના વજૂદમાં સૌથી વધારે આશ્ચર્યજનક માંસનો લોંદો છે જેને એક રગની સાથે લટકાવી દેવામાં આવ્યો છે જેનું નામ "દિલ" છે. કેમકે તેમાં ડહાપણના ઝરણાઓ પણ છે અને તેના વિરોધી પણ છે કે, જયારે તેને આશાનું કિરણ દેખાય છે તો લાલચ અપમાનિત કરી દે છે. અને જયારે લાલચમાં ઊભરો આવે છે

તો ઇર્ષા બરબાદ કરી દે છે. અને જયારે હતાશા છવાઈ જાય છે તો અફસોસ મારી નાખે છે. અને જયારે ઉશ્કેરાટમાં આવે છે તો ગમ અને ગુસ્સો વધી જાય છે. અને જયારે સુખી થાય છે તો આગમચેતી ભૂલી જાય છે. અને જયારે ભય છવાઈ જાય છે તો તેની સંભાળ (કાળજી) બીજી વસ્તુઓથી ગાફિલ કરી દે છે, અને જયારે સંજોગો વિશાળ થઈ જાય છે તો ગફલત કબ્જો કરી દે છે, અને જયારે માલ મેળવી લે છે તો બેપરવાઈ ઉધ્ધત બનાવી દે છે, અને જયારે કોઈ સંકટ આવી પડે છે તો ફરિયાદ રૂસ્વા કરી દે છે. અને જયારે ભૂખ મારી નાખે છે તો આફત પકડી લે છે. અને જયારે ભૂખ થક્વી દે છે તો નબળાઈ બેસારી દે છે અને જયારે જરૂરતથી વધારે પેટ ભરાઈ જાય છે તો અકરાંતિયાપણા (ભરેલા પેટ)ની પીડામાં સપડાઈ જાય છે. - ટૂંકમાં એ કે દરેક ઉણપ નૂકસાનકારક હોય છે અને દરેક અતિશયતા વિનાશ કારક હોય છે.

**(૧૦૯) હિદાયતનું કેન્દ્ર:** અમો એહલેબૈત (અલયહેમુસ્સલામ) જ સમતોલ મધ્યબિંદુ છીએ જેનાથી

પાછળ રહી જનારા આગળ વધી તેને મળી જાય છે અને આગળ વધી જનારા પાછા ફરી ભેગા થઈ જાય છે.

**(૧૧૦) રાજકર્તાના ગુણધર્મ**: અલ્લાહના હુકમોને એજ લાગુ પાડી શકે છે જે હકના મામલામાં શેહ શરમ ન રાખતો હોય અને લાચારી કે નિર્બળતા ન દેખાડતો હોય અને લાલચની પાછળ ન દોડતો હોય.

**(૧૧૧) સોહેલ ઇબ્ને હુનૈફ**: જયારે સિફફીનથી પાછા ફરતાં સોહેલ બિન હુનૈફ અન્સારીનો કૂફામાં ઇન્તેકાલ થઈ ગયો, જેઓ હઝરતના પ્યારા સહાબી હતા, તો આપે ફરમાવ્યું: "મારાથી જો કોઈ પહાડ પણ મહોબ્બત કરશે તો ટૂકડે ટૂકડા થઈ જશે."

મતલબ એ કે, મારી મહોબ્બતની કસોટી સખ્ત છે અને તેમાં સંકટોનો વરસાદ વરસે છે, જે માન માત્ર મુત્તકી અને પરહેઝગાર લોકોને જ મળે છે જેમકે આપે બીજા પ્રસંગે ઇરશાદ ફરમાવ્યું છે.

**(૧૧૨) એહલેબૈત અલય્હેમુસ્સલામની મહોબ્બત**: જે અમો એહલેબૈત (અલય્હેમુસ્સલામ)થી

મહોબ્બત કરે તેણે ગરીબીના વસ્ત્રો પહેરવા તૈયાર થઈ જવું જોઈએ.

**(૧૧૩) ચાહવા લાયક ગુણો:** બુધ્ધિથી વધારે લાભકર્તા કોઈ મૂડી નથી. આત્મશ્લાઘા ( આપ વખાણ )થી વધારે ભયાનક કોઈ એકલતા નથી. તદબીર જેવી કોઈ બુધ્ધિ નથી અને તકવા જેવી કોઈ મોટાઈ નથી. સુંદર સ્વભાવ જેવો કોઈ સાથી નથી. અને સંસ્કૃતિ (સભ્યતા) જેવો કોઈ વારસો નથી. સદબુધ્ધિ જેવો કોઈ આગેવાન નથી અને સદકાર્યો જેવો કોઈ વેપાર નથી. સવાબ જેવો કોઈ લાભ નથી. અને શંકાઓમાં સંયમ જેવી કોઈ પરહેઝગારી નથી. હરામની પ્રતિ વિરક્તિ જેવો કોઈ ઝોહદ નથી. અને ચિંતન જેવું કોઈ ઇલ્મ નથી. ફરજો પૂરી કરવા જેવી કોઈ ઇબાદત નથી, અને લજ્જા-શરમ જેવું કોઈ ઈમાન નથી. વિનમ્રતા જેવી કોઈ ખાનદાની નથી અને ઇલ્મ જેવી કોઈ પ્રતિષ્ઠા નથી. સહિષ્ણુતા (હિલ્મ) જેવી કોઈ ઇઝઝત નથી અને મશ્વીરાથી વધારે મજબૂત કોઈ આશરો નથી.

**(૧૧૪) સદભાવના અને કુભાવના**: જયારે સમય અને સમયના લોકો પર નેકીઓની વિપુલતા હોય અને કોઈ શખ્સ કોઈ શખ્સમાં બુરાઈ જોયા વગર અભાવ પૈદા કરે તો તેણે એ શખ્સ પર ઝુલ્મ કર્યો અને જયારે જમાનો અને જમાનાવાળા પર ફસાદની અતિશયતા હોય અને કોઈ શખ્સ કોઈ શખ્સથી સદભાવ રાખે તો જાણે તેણે પોતાને જ ધોકો આપ્યો.

**(૧૧૫) ખબર પૂછવાનો જવાબ**: એક શખ્સે આપને ખબર અંતર પૂછયા તો ફરમાવ્યું: તેનો હાલ શું હોય જેનું બાકી રહેવું જ નાશ તરફ લઈ જતું હોય અને તંદુરસ્તી જ બીમારીની પ્રસ્તાવના હોય અને તેને પોતાના આશ્રય ઘરમાંથી એક દિવસ પકડી લેવામાં આવશે.

**(૧૧૬) કસોટી અને પારખા**: કેટલાએ લોકો એવા છે જેઓને નેકીઓ આપી પકડમાં લેવામાં આવે છે અને તેઓ ઢાંક પિછોડાના કારણે જ ધોકામાં રહે છે. અને પોતા વિશે સારી વાત સાંભળી ધોકામાં પડી જાય છે. અને જુઓ અલ્લાહે મોહલતથી વધારે સારૂં પરીક્ષાનું સાધન નથી બનાવ્યું.

**(૧૧૭) મિત્ર અને શત્રુ**: મારા સંબંધમાં બે પ્રકારના લોકો હલાક થઈ ગયા. એ દોસ્ત જે દોસ્તીમાં અતિશયોક્તિથી કામ લે છે અને એ દુશ્મન જે દુશ્મનીમાં અતિશયોક્તિ કરે છે.

**(૧૧૮) તક ગુમાવવાનું પરિણામ**: ફુરસદને ગુમાવવી રંજ અને ઉપાધિનું કારણ છે.

**(૧૧૯) દુનિયા એક સર્પ સમી છે**: દુનિયાની ઉપમા સર્પ જેવી છે. જે સ્પર્શમાં અત્યંત મુલાયમ હોય છે અને તેની અંદર ઘાતક ઝેર હોય છે, ધોકો ખાધેલો જાહિલ તેના તરફ આકર્ષાય છે અને સમજ બુધ્ધિવાળો તેનાથી સાવચેત રહે છે.

**(૧૨૦) કુરૈશની વિશિષ્ટતા**: આપથી કુરૈશના સંબંધમાં પૂછવામાં આવ્યું તો આપે ફરમાવ્યું: બની મખ્ઝૂમ કુરૈશનું મહેક્તું ફુલ છે. તેનાથી વાતચીત પણ સારી લાગે છે અને તેની સ્ત્રીઓથી સગપણ ગમે છે, અને બની અબ્દે શમ્સ ઘણી દૂર સુધી વિચારનારા અને પોતાની પીઠ પાછળની વાતોની રોકથામ કરવાવાળા છે પરંતુ અમે બની હાશિમ

પોતાના હાથની દોલત લુટાવાવાળા અને મૌતના મયદાનમાં જાન દેનારા છીએ. તે લોકો સંખ્યામાં વધારે છે, છળ પ્રપંચમાં આગળ, અને કદરૂપા છે, અને અમે લોકો વાકચાતુર્યવાળા વાણી વિશારદ, નિખાલસ અને ઉજવળ ચહેરાવાળા છીએ.

**(૧૨૧) બે પ્રકારના અમલ:** એ બે પ્રકારના અમલોમાં કેટલું અંતર જોવામાં આવે છે? એ અમલ જેની મજા ખતમ થઈ જાય અને તેની વિપત (વબાલ) બાકી રહી જાય. અને એ અમલ જેની મહેનત (ઝહેમત) ખતમ થઈ જાય અને અજ્ર બાકી રહી જાય.

**(૧૨૨) તેઓ પાસે ન જોનારી આંખ અને ન સમજવાવાળી અક્કલ છે:** આપે એક જનાઝામાં ભાગ લીધો અને એક શખ્સને હસતો જોયો તો ફરમાવ્યું: "એવું લાગે છે કે મૃત્યુ કોઈ અન્યના માટે લખવામાં આવ્યું છે અને આ હક કોઈ બીજા પર જરૂરી ગણવામાં આવ્યો છે, અને જાણે કે જે મરવાવાળાને આપણે જોઈ રહ્યા છીએ તે એવો પ્રવાસી છે જે ઘડીમાં પાછો આવનાર છે, કે અહીં આપણે તેને ઠેકાણે

લગાવીએ છીએ અને ત્યાં આપણે તેના છોડેલાને (વારસાને) ભક્ષવા લાગીએ છીએ જાણે કે આપણે સદા રહેનારા છીએ, ત્યારપછી આપણે દરેક શિખામણ આપનાર સ્ત્રી પુરૂષને ભુલાવી દીધા છે અને દરેક આફત અને મુસીબતનું લક્ષ્ય બની ગયા છીએ.

**(૧૨૩) કેટલાક પ્રશંસનીય ગુણો**: ભલું થાય એ લોકોનું જેઓએ પોતાની અંદર વિવેકની ભાવના જન્માવી, પોતાની રોઝીને પવિત્ર બનાવી લીધી, પોતાના અંતરને નેક કરી લીધું, પોતાની આદતોને સુંદર બનાવી લીધી, પોતાના માલના વધારે ભાગને ખુદાની રાહમાં ખર્ચ કરી દીધો, અને પોતાની બદજબાની (બુરૂં બોલવા) પર અંકુશ મેળવી લીધો, પોતાના છળને લોકોથી દૂર રાખ્યો અને સુન્નોતને પોતાનું જીવન બનાવ્યું અને બિદઅતથી કોઈ સંબંધ ન રાખ્યો.

**(૧૨૪) સ્ત્રી પુરૂષની અસ્મિતા**: ઔરતનો પ્રેમ સંયત (ગૈરત) કરવો કુફ્ર છે અને પુરૂષે પ્રેમ સંયત કરવો ખરૂં ઈમાન છે. (કેમકે ઇસ્લામમાં બહુ પત્નિત્વ જાએઝ છે જયારે બહુ પતિત્વ (એકથી વધારે પતિ) હરામ છે.)

**(૧૨૫) ખરો ઇસ્લામ**: હું ઇસ્લામની એ વ્યાખ્યા કરૂં છું જે મારી પહેલા કોઈએ નહીં કરી હોય."ઇસ્લામ સમર્પણ છે, અને સમર્પણ (તસ્લીમ) યકીન છે, યકીન તસ્દીક (સ્વીકૃતિ) છે, અને તસ્દીક ઈકરાર (કબુલાત) છે, અને ઈકરાર અદાયગી છે, અને અદાયગી અમલ છે."

**(૧૨૬) આશ્ચર્ય જનક વસ્તુઓ**: મને કંજૂસની સ્થિતિ પર આશ્ચર્ય થાય છે કે તે એજ નિર્ધનતામાં સપડાઈ જાય છે જેનાથી ભાગી રહ્યો છે અને પછી એ જ ધનવાનપણાથી વંચિત થઈ જાય છે જેને પ્રાપ્ત કરવા માગે છે, દુનિયામાં ફકીરો જેવું જીવન વીતાવે છે અને આખેરતમાં માલદારો જેવો હિસાબ આપવો પડે છે. એવી જ રીતે મને ઘમંડી આદમી પર આશ્ચર્ય થાય છે કે જે કાલે વીર્ય બિંદુ હતો અને કાલ મુડદા થઈ જશે. છતાં અકડી રહ્યો છે. મને એ શખ્સ વિશે પણ હયરત થાય છે જે ખુદાના અસ્તિત્વ પર શંકા કરે છે જો કે ખુદાના સર્જનોને જોઈ રહ્યો છે અને તેનો હાલ પણ વિચિત્ર છે જે મૌતને ભૂલેલો છે. જો કે મરનારાઓને બરાબર જોઈ રહ્યો છે. મને તેના હાલ પર

તાજુબી થાય છે જે આખેરતની શક્યતાને નકારે છે જયારે કે પહેલા જનમને નીરખી રહ્યો છે, અને તેની સ્થિતિ પર પણ દયા આવે છે જે નાશવંત ઘરને વસાવી રહ્યો છે અને બાકી રહી જનારા ઘરને તજી (ભુલાવી) બેઠો છે.

**(૧૨૭) આમાલની ઉણપનું પરિણામ**: જેણે અમલમાં કમી (કચાશ) રાખી તે ચિંતા ઉપાધીમાં હર હાલમાં સપડાશે. અને અલ્લાહને એવા બંદાની કોઈ પરવા નથી જેના જાન અને માલમાં અલ્લાહનો કોઈ ભાગ નથી.

**(૧૨૮) વસંત અને પાનખરમાં એહતેયાત**: શરદીની (ઠંડીની) ઋતુમાં આરંભમાં સંભાળ લ્યો. અને અંતમાં તેને આવકારો કે તેની અસર શરીર પર વૃક્ષોના પર્ણો (પાંદડા) જેવી છે કે તે મૌસમની શરૂમાં પાંદડાઓને બાળી નાખે છે અને અંતમા તાજા માજા કરી દે છે.

**(૧૨૯) સર્જનહારની મહાનતા**: જો અલ્લાહની મહાનતાનું ભાન થઈ જાય તો મખ્લૂક આપો આપ (પોતાની) નજરથી પડી જશે.

**(૧૩૦) મરનારાઓને સંબોધન:** સિફ્ફીનથી પાછા ફરતી વખતે કૂફાની બહાર કબ્રસ્તાન પર નજર પડી ગઈ તો ફરમાવ્યું: અય ડરામણા ઘરોના રહેવાવાળાઓ ! અય વેરાન જગ્યાના મકાનોના રહેવાસીઓ ! અને અય અંધારી કબ્રોમાં વસનારાઓ ! અય ધૂળમાં બેસનારાઓ, અય પરદેશી, એકલવાયાપણા અને ભયવાળાઓ ! તમે અમારી આગળ ચાલ્યા ગયા છો અને અમે તમારા પગલે ચાલી તમને મળવાવાળા છીએ. જુઓ તમારા ઘરો વસી ગયા છે અને તમારી પત્નિઓના પુર્નલગ્ન થઈ ગયા છે અને તમારો માલ વહેંચાઈ ચૂક્યો છે. આ તો અમારે ત્યાંની ખબર છે. તમે બતાવો કે તમારે ત્યાંના શું સમાચાર છે ?

ત્યાર પછી સાથીઓ તરફ મોં કરી ફરમાવ્યું: "જો તેઓને બોલવાની રજા મળી જાત તો તમને માત્ર એ સંદેશ આપત કે શ્રેષ્ઠ વાટ ખર્ચી (ભાતું) તકવા (પહેઝગારી) છે."

**(૧૩૧) દુનિયાના વખાણ:** એક શખ્સને દુનિયાની નિંદા કરતા જોયો તો ફરમાવ્યું: અય દુનિયાની નિંદા કરનારા અને તેના ફરેબમાં સપડાઈ તેની મિથ્યા વાતોથી ધોકો

ખાવાવાળા ! તું તેનાથી ધોકો પણ ખાય છે અને તેની ટીકા પણ કરે છે? એ બતાવ કે તને તેના પર આરોપ મૂકવાનો હક છે કે તેને તારા પર આરોપ મૂકવાનો? આખર તેણે ક્યારે તારી બુધ્ધિ આંચકી લીધી હતી ? અને ક્યારે તને ધોકો આપ્યો હતો? શું તારા બાપદાદાઓની પુરાતનતા પર પડવાના કારણે ધોકો ખાધો છે કે તમારી માઓના કબ્રમાં સૂવાના ઘરોથી ધોકો દીધો છે.

કેટલા બીમાર છે જેની તેં સારવાર કરી હોય, અને પોતાના હાથોથી તેઓનો ઇલાજ કર્યો છે. અને ઇચ્છયું કે તેઓ તંદુરસ્ત થઈ જાય અને ડોકટરોને દેખાડયા પણ છે. તે સમયે જયારે ન કોઈ દવા કામ આવતી હોય અને ન કોઈ રોવું ધોવું લાભ આપી રહ્યું હતું. ન તમારી હમદર્દી કોઈને લાભ પહોંચાડી શકી અને ન તમારો હેતુ પૂરો થયો. અને ન તમે મૌતને ટાળી શક્યા. આ સ્થિતિમાં દુનિયાએ તમને પોતાની હકીકત બતાવી દીધી હતી અને તમને તમારા વિનાશથી સાવચેત કરી દીધા હતા. (પરંતુ તમને ભાન ન આવ્યું) યાદ રાખો કે દુનિયા વિશ્વાસ કરનારાઓ માટે

સચ્ચાઈનું ઘર છે, અને સમજદાર માટે અમનચમનનું સ્થળ છે અને બોધપાઠ ગ્રહણ કરનારાઓ માટે નસીહતનું મુકામ છે.

આ અલ્લાહના દોસ્તો માટે સજદાઓની ધરતી છે, અને ગગનના ફરિશ્તાઓ માટે મુસલ્લો છે. અહીં જ અલ્લાહની વહીઓ ઉતરે છે. અને અહીં જ ખુદાના દોસ્તો આખેરતના સોદા કરે છે, જે વડે રહેમત પ્રાપ્ત કરી લે છે અને નફામાં જન્નશતલઈ લે છે. કોને હક છે કે તેની નિંદા કરે? જયારે કે તેણે પોતાની જુદાઈનું એલાન કરી દીધું છે. અને પોતાના વિરહની (જુદાઈનો) સાદ પાડી દીધી છે. અને પોતાના રહેવાવાળાની મોકાણ (દુ:ખદ સમાચાર) સંભળાવી દીધી છે. પોતાની આફતથી તેઓની આફતોનો નકશો ખેંચી દીધો છે. અને પોતાના આનંદથી આખેરતના આનંદની દાવત આપી છે.

તેની સાંજ સુખમાં વીતે છે તો સવાર સંકટમાં, જેથી માનવીમાં શોખ પણ પૈદા થાય અને ડર પણ. તેનાથી સાવચેત પણ કરી દે અને સાવધાન પણ કરી દે છે. અમુક

લોકો પસ્તાવાની સવારે તેની નિંદા કરે છે અને અમુક લોકો કયામતના દિવસે તેના વખાણ કરશે. જેને દુનિયાએ નસીહત કરી તો તેઓએ તેને સ્વીકારી લીધી, તેને હકીક્તો બયાન કરી તો તેનું સમર્થન કર્યું અને શિખામણ આપી તો તેની અસર લીધી.

**(૧૩૨) ફરિશ્તાઓનો સાદ**: પરવરદિગારના તરફથી એક ફરિશ્તો નિયુક્ત છે. જે દરરોજ સાદ આપે છે કે, અય લોકો ! જન્મ આપો તો મરવા માટે, ભેગું કરો તો નાશ થવા માટે, અને બાંધકામ કરો તો જીર્ણ થવા માટે. (અર્થાત છેવટના અંજામને ધ્યાનમાં રાખો)

**(૧૩૩) દુનિયાની નશ્વરતા**: દુનિયા એક રસ્તો છે. પડાવ નહીં. તેમાં લોકો બે પ્રકારના છે: તેમાં એક એ શખ્સ છે જેણે પોતાના આત્માને વેચી નાખ્યો. અને મારી નાખ્યો. અને એક એ છે જેણે ખરીદી લીધો અને આઝાદ કરી દીધો.

**(૧૩૪) મિત્રતાની શરતો**: દોસ્ત ત્યાં સુધી ખરો દોસ્ત નથી બની શકતો જ્યાં સુધી પોતાના દોસ્તોને ત્રણ

પ્રસંગોએ કામ ન આવે. (૧) સંકટ સમયે, (૨) તેની ગેરહાજરીમાં (૩) મરવા પછી.

**(૧૩૫) ચાર વસ્તુઓ**: જેને ચાર વસ્તુઓ આપવામાં આવી તે ચારથી વંચિત નથી રહી શકતો. (૧) જેને દુઆની સદબુધ્ધિ મળી હોય તે તેના સ્વીકારથી વંચિત નહીં રહે. (૨) જેને તૌબાની સદબુધ્ધિ મળી તે કબૂલ થવાથી વંચિત નહીં રહે. (૩) ઇસ્તગ્ફાર કરવાવાળો મગ્ફેરતથી વંચિત નહીં રહે. (૪) શુક્ર કરવાવાળો વધારાથી વંચિત નહીં રહે.

*આ કથનનું સમર્થન કુરઆનની આયતોથી થાય છે, કે પરવરદિગારે દુઆના સંબંધમાં ફરમાવ્યું: "મારાથી દુઆ કરો, હું કબૂલ કરીશ." અને ઇસ્તેગ્ફાર વિશે ફરમાવ્યું: "જે બુરાઈ કરવા પછી અથવા પોતાના નફસ પર ઝુલ્મ કરવા પછી ખુદાથી માફી માગી લેશે તે ખુદાને ઘણો બખ્શનાર અને દયાળુ પામશે."*

*શુક્રના વિશે ફરમાવ્યું: "જો તમે શુક્રિયા અદા કરશો. તો અમે નેઅમતોમાં વધારો કરી દેશું." અને તૌબાના સંબંધમાં ઇરશાદ થાય છે "તૌબા એ લોકો માટે છે જેઓ*

*અજાણપણામાં ગુનાહ કરે છે અને પછી તરત જ તૌબા કરી લે છે આ જ એ લોકો છે જેની તૌબાને અલ્લાહ કબૂલ કરી લે છે અને તે દરેકની નિય્યતથી જાણકાર પણ છે અને હિકમતથી કામ લેનાર પણ છે." - સય્યદ રઝી*

**(૧૩૬) સદકો:** રોઝી મેળવવાની વ્યવસ્થા સદકા મારફત કરો.

**(૧૩૭) ઇબાદતોની વ્યાખ્યા:** નમાઝ દરેક મુત્તકી માટે નિકટતાનું કારણ છે અને હજ દરેક નિર્બળના માટે જેહાદ છે, દરેક ચીજોની એક ઝકાત હોય છે. શરીરની ઝકાત રોઝા છે. ઔરતનો જેહાદ શોહરની સાથે શ્રેષ્ઠ વર્તાવ છે.

**(૧૩૮) દરિયાદિલી:** જેને વળતરનું યકીન હોય છે તે સખાવત વિશાળ દિલે કરે છે.

**(૧૩૯) રિઝકનો વપરાશ:** ખુદાની સહાયતા ખર્ચના પ્રમાણમાં મળતી રહે છે. (સંઘરા ખોરી અને ઉડાઉ પણા માટે નહીં.)

**(૧૪૦) કરકસર:** જે મધ્યમ માર્ગ અપનાવશે તે કદી મોહતાજ નહીં થાય.

**(૧૪૧) સુખ શાંતિ**: બાલબચ્ચા ઓછા હોવા પણ એક પ્રકારનું સુખ છે.

**(૧૪૨) મેળ મોહબ્બત**: મેળ મોહબ્બત પૈદા કરવી અકલનો અર્ધો ભાગ છે.

**(૧૪૩) દુખ દર્દ**: ચિંતા અને ગમ પણ અડધું ઘડપણ છે.

**(૧૪૪) સંકટ પ્રમાણે સહનશીલતા**: ધીરજ સંકટ પ્રમાણે ઉતરે છે અને જેણે સંકટ સમયે સાથળ પર હાથ માર્યો જાણે તેણે પોતાના અજ્ર અને અમલને વેડફી નાખ્યો. (ઉધમ ( હુનર) ધૈર્ય છે આંદોલન નહીં. પરંતુ આ બધું વ્યક્તિગત મુસીબત માટે છે.)

**(૧૪૫) મન વગરના અમલ**: કેટલા રોઝાદાર છે જેને રોઝાથી ભૂખ પ્યાસ સિવાય કંઈ નથી મળતું. અને કેટલાક રાતે જાગી ઇબાદત કરનારા છે, જેને પોતાની નમાઝથી જાગરણ અને શ્રમ સિવાય કંઈ પ્રાપ્ત નથી થતું. સભાન ઇન્સાનનું સુવું અને ખાવું પણ વખાણવા લાયક હોય છે.

**(૧૪૬) સદકો અને ઝકાત:** તમારા ઈમાનની જાળવણી સદકાથી કરો અને પોતાના માલનું રક્ષણ ઝકાતથી કરો. આપત્તિઓના વંટોળને દુઆઓથી ટાળી દયો.

**(૧૪૭) ઇલ્મની વિશેષતા, આપનું ફરમાન કુમૈલ બિન ઝિયાદને:** કુમૈલ કહે છે કે, હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ મારો હાથ પકડી કબ્રસ્તાન તરફ લઈ ગયા અને જયારે વસ્તીની બહાર નિકળી ગયા તો એક ઊંડો શ્વાસ ખેંચીને ફરમાવ્યું :

અય કુમૈલ બિન ઝિયાદ ! જુઓ આ દિલ એક પ્રકારનું વાસણ છે એટલે સૌથી શ્રેષ્ઠ દિલ એ છે જે સૌથી વધારે ડહાપણની વાતોને સંઘરી લે. હવે તમે મારાથી એ વાતોને યાદ કરી લ્યો. લોકો ત્રણ પ્રકારના હોય છે. (૧) ખુદા સુધી પહોંચેલ આલિમ, (૨) નજાતના માર્ગે ચાલનાર તાલિબે ઇલ્મ, (૩) અને સામાન્ય માનવીનો એ વર્ગ જે દરેક અવાજ (નારા)ની પાછળ ચાલી નિકળે છે અને દરેક હવા સાથે ઊડવા લાગે છે. તેણે ન નૂરનું અજવાળું મેળવ્યું છે અને ન કોઈ મજબૂત સ્તંભનો સહારો લીધો છે.

અય કુમૈલ ! જુઓ ઇલ્મ માલથી હર હાલમાં ઉત્તમ છે કેમકે ઇલ્મ ખુદ તમારૂં રક્ષણ કરે છે અને માલનું રક્ષણ તમારે કરવું પડે છે. માલ ખર્ચવાથી ઘટી જાય છે અને ઇલ્મ ખર્ચવાથી વધે છે. વળી માલના પરિણામ અને અસરો પણ તેના નાશ પામવા સાથે નાશ થઈ જાય છે.

અય કુમૈલ બિન ઝિયાદ ! ઇલ્મની મઅરેફત એક દીન છે જેની પૈરવી કરવામાં આવે છે અને તેના વડે ઇન્સાન જીવનમાં અનુકરણ મેળવે છે અને મરવા પછી સુંદર યાદ છોડી જાય છે. ઇલ્મ રાજકર્તા હોય છે અને માલ આધિન (વશ) હોય છે.

કુમૈલ ! જુઓ માલનો સંઘરો કરનારા જીવતાં જ મૂઆ છે અને ઇલ્મવાળાઓ જમાના સાથે બાકી રહેનાર છે. તેઓના શરીરો નજરોથી અદ્રશ્ય થઈ ગયા પણ તેઓની સુરતો દિલ પર અંકિત છે. જુઓ આ છાતી ઇલ્મનો એક ભંડાર છે. કાશ, મને તેને ઉપાડનારા મળી જાતે. હા, મળ્યા તો કેટલાક એવા સમજુ કે વિશ્વાસ પાત્ર નથી અને દીનને દુનિયાનું હથિયાર બનાવી વાપરનારા છે. અને અલ્લાહની

નેઅમતોના મારફત તેના બંદાઓ અને તેની મહોબ્બતો મારફત તેના દોસ્તો પર ઉચ્ચતા દેખાડવાવાળા છે. અથવા હક્વાળાઓના પૈરવ તો છે પરંતુ તેઓના પડખાઓમાં અંતર ચક્ષુ નથી. અને નાના એવા સંદેહમાં પણ શંકાના શિકાર થઈ જાય છે. અને યાદ રાખો કે ન તો આ કામ આવવાવાળા છે ન પેલા.

ત્યાર પછી એક પ્રકાર એ લોકોનો છે જેઓ લિજ્જતોના શોખીન અને ઇચ્છાઓ માટે પોતાની લગામ ઢીલી કરી દેનારા છે. યા પછી માત્ર માલ ભેગો કરનારા છે અને સંઘરાખોરીના શોખીન છે. આ બંને પણ દીનના બિલ્કુલ રક્ષક નથી. અને તેઓની વધારે નજીક મળતા આવતા ચરવાવાળા પ્રાણીઓ છે અને આ રીતે ઇલ્મવાળાઓ સાથે મરી જાય છે.

પરંતુ, ત્યારપછી પણ જમીન એવા લોકોથી ખાલી નથી રહેતી જેઓ ખુદાની હુજ્જત સાથે ઊભા થાય છે ચાહે તે જાહેર અને મશહૂર હોય યા ડરેલા અને અદ્રશ્ય, જેથી પરવરદિગારની દલીલો અને તેની નિશાનીઓ મિટાવા ન

પામે. પરંતુ આ છે જ કેટલાં અને ક્યાં છે? ખુદાની કસમ ! તેઓની સંખ્યા જૂજ (ઓછી) છે પરંતુ તેમના માન સ્થાન ઘણા ઊંચા છે. અલ્લાહ તેઓ જ દ્વારા પોતાની દલીલો અને નીશાનીઓનું રક્ષણ કરે છે જેથી તેઓ પોતાના જેવા જ લોકોને હવાલે કરી દે અને પોતાની જેવાના દિલોમાં વાવી (વસાવી) દે. તેઓને ઇલ્મે દીર્ઘ દ્રષ્ટિની હકીકત સુધી પહોંચાડી દીધા છે અને તેઓ યકીનની રૂહ સાથે ઓતપ્રોત થઈ ગયા છે. તેઓએ એ ચીજોને સરળ બનાવી દીધી છે જને આરામ ચાહકોએ અઘરી બનાવી નાખી હતી. અને એ ચીજોથી હળી ગયા છે જેનાથી જાહિલો ડરતા હતા. અને આ દુનિયામાં એ જિસમો સાથે રહે છે તેઓની રૂહો ગગનવાસીઓ સાથે મળેલી છે. આ જ જમીન પર અલ્લાહના ખલીફા અને તેના દીનના દાઈ (આમંત્રકો) છે. અરે, મને તેઓના દર્શનનો કેટલો શોખ છે !

કુમૈલ મારી વાત સંપૂર્ણ થઈ હવે તમે જઈ શકો છો.

**(૧૪૮) ન બોલ્યામાં નવ ગુણ:** ઇન્સાન પોતાની જીભ નીચે છુપાએલો રહે છે.

**(૧૪૯) માનનું ભાન:** જેણે પોતાનું મૂલ્ય ન જાણ્યું તે નાશ પામ્યો.

**(૧૫૦) બોધ અને શિખામણ:** એક શખ્સે આપથી બોધપાઠની માંગણી કરી તો ફરમાવ્યું: "એવા લોકો જેવો ન થઈ જજે જેઓ અમલ વગર આખેરતની આશા રાખે છે. અને લાંબી લાંબી આશાઓના આધારે તૌબાને ટાળી દે છે. દુનિયામાં વાતો ઝાહિદો જેવી કરે છે અને કામ આસક્તો (દુનિયાને ચાહનારા) જેવા કરે છે. કંઈક મળી જાય છે તો તૃપ્ત નથી થતા અને નથી મળતું તો સંતોષ નથી માનતા. જે કંઈ આપવામાં આવ્યું છે તેના આભારથી લાચાર છે પરંતુ ભવિષ્યમાં વધારાના ઇચ્છુક જરૂર છે. લોકોને મના કરે છે પણ પોતે રોકાતા નથી. એ ચીજોનો હુકમ કરે છે જે પોતે નથી કરતા. નેક ચારિત્ર્યવાન સાથે મોહબ્બત કરે છે પણ તેના જેવા અમલ નથી કરતા. અને ગુનેહગારોથી તિરસ્કાર કરે છે પણ પોતે પણ તેના જેવા જ હોય છે. ગુનાહોની અતિશયતાને કારણે મૌતથી અણગમો રાખે છે અને તોય એવા અમલો પર કાયમ રહે છે, જેનાથી (જે અમલોના

પરિણામથી) મૌત ગમતી નથી, બીમાર થાય છે તો ગુનાહો પર ચિંતાતુર થઈ જાય છે અને તંદુરસ્ત હોય તો પાછા રમત ગમતમાં લીન થઈ જાય છે. બીમારીથી મૂક્તિ મળી જાય છે તો અકડવા લાગે છે અને કસોટીમાં પડી જાય છે તો નિરાશ થઈ જાય છે. કોઈ આફત ઉતરે છે તો ધોકો ખાઈ મોં ફેરવી લે છે. તેઓનું મન તેઓને કાલ્પનિક વાતો પર નચાવે છે પરંતુ તેઓ યકીની વાતોમાં તેના પર અંકુશ નથી કેળવતા. બીજાઓના વિશે પોતાનાથી નાના ગુનાહો પર પણ ભયભીત રહે છે અને પોતાના માટે આમાલથી વધારે જઝાના આશાવંત રહે છે. પૈસાદાર થઈ જાય છે તો મગરૂર અને ફિત્નામાં પડી જાય છે. અને ગરીબ થઈ જાય છે તો હતાશ અને સુસ્ત થઈ જાય છે. અમલમાં આળસ કરે છે અને સવાલમાં અતિશયતા દાખવે છે. મનોકામના સામે આવી જાય છે તો ગુનાહ તરત કરી બેસે છે અને તૌબાને ટાળી દે છે. કોઈ મુસીબતમાં સંડોવાય જાય છે તો ઇસ્લામી જમાતથી અલગ થઈ જાય છે. બોધદાયક બનાવો બયાન કરે છે પણ પોતે બોધ ગ્રહણ નથી કરતા. શિખામણમાં મોટી મોટી વાતો

કરે છે પણ પોતે નસીહત નથી પકડતા. બોલમાં સદા ઊંચા રહે છે અને અમલમાં સદા નબળા રહે છે. નાશવંત ચીજોમાં મુકાબલો કરે છે અને બાકી રહેવાવાળી ચીજોમાં પ્રમાદથી (સુસ્તીથી) કામ લે છે. ખરેખરા લાભને નુકસાન કહે છે અને ખરા નુકસાનને લાભ સમજે છે.

મૃત્યુથી ડરે છે પણ સમય વીતવા પહેલા અમલમાં આગળ નથી વધતા. બીજાઓના એ ગુનાહને પણ મોટા સમજે છે જેનાથી મોટા ગુનાહ પોતા માટે પણ સાધારણ સમજે છે. અને પોતાની સાધારણ ફરમાંબરદારીને ઘણી ગણે છે જયારે બીજાઓની ઘણી ફરમાંબરદારીને તુચ્છ સમજે છે. લોકોને મેણા મારતા રહે છે અને પોતાના મામલામાં ભોળા અને નરમ રહે છે. માલદારો સાથે રમવા રખડવાને ફકીરો સાથે બેસી ખુદાનો ઝિક્ર કરવાથી વધારે દોસ્ત રાખે છે. પોતાના હકમાં બીજાઓની વિરૂદ્ધ ચુકાદો આપી દે છે અને બીજાઓના હકમાં પોતા વિરૂદ્ધ ચુકાદો નથી આપી શકતા. બીજાઓને હિદાયત આપે છે અને પોતાના નફસને ગુમરાહ કરે છે. ખુદ તેઓની ફરમાંબરદારી કરવામાં આવે છે અને

તેઓ પોતે ગુનાહ કરતા રહે છે. પોતાનો હક પૂરે પૂરો લઈ લે છે અને બીજાઓના હક અદા નથી કરતા. પરવરદિગારને મૂકી લોકોથી ડરે છે અને લોકોના સંબંધમાં પરવરદિગારથી ડરતા નથી.

*જો આ કિતાબમાં આ વાણી સિવાય કોઈ બીજી નસીહત ન હોતે તો પણ આ જ કથન સંપૂર્ણ શિખામણ, ઊંડી બુધ્ધિમતા, અને અંતર ચક્ષુઓ માટે દ્રષ્ટિ અને ચિંતન મનન કરનારાઓ માટે બોધ ગ્રહણ કરવા માટે પૂરતું હતું. -સય્યદ રઝી.*

**(૧૫૧) અંતિમ પરિણામ**: દરેક શખ્સનો એક અંજામ આવનારો છે ચાહે મીઠો યા કડવો.

**(૧૫૨) નાશ અને બરબાદી**: દરેક આવનાર પાછો ફરનાર (મરનાર) છે. અને જે પાછો ફરે (મરી જાય) છે તે એવો થઈ જાય છે જાણે હતો જ નહીં.

**(૧૫૩) ધીરતા અને સહિષ્ણુતા**: ધીરજ ધરનાર સફળતાથી વંચિત નથી રહી શકતો, ભલે ઘણોય સમય કેમ ન લાગી જાય.

**(૧૫૪) અમલ અને તેના પર રાજી રહેવાનો ગુનાહ:** કોઈ કૌમના અમલથી રાજી થઈ જનારો પણ તેની જ સાથે ગણવામાં આવશે અને જે કોઈ બાતિલમાં ભળી જાશે તેના પર બેવડો ગુનાહ થાશે અમલનો પણ ગુનાહ અને રાજી થવાનો પણ ગુનાહ.

**(૧૫૫) બોલ વચન:** કોલ કરારની જવાબદારી તેઓને સોંપો જેઓ ખીલાની જેમ મજબૂત અને અતૂટ હોય છે.

**(૧૫૬) ઇમામની મઅરેફત:** તેની ફરમાંબરદારી જરૂર કરો જેનાથી અજાણ હોવું ક્ષમ્ય (માફીને લાયક) નથી. (અર્થાંત ખુદાઈ ઓહદેદાર)

**(૧૫૭) બોધપાઠ:** જો તમે સમજબુધ્ધિ રાખતા હોવ તો તમને હકીક્તો દેખાડવામાં આવી ચૂકાઈ છે. જો તમે હિદાયત મેળવવા માગતા હો તો તમને હિદાયત અપાઈ ચૂકી છે અને જો સાંભળવા માગતા હો તો તમને સંદેશો સંભળાવાઈ ચૂક્યો છે.

**(૧૫૮) અપકાર પર ઉપકાર**: પોતાના ભાઈને નસીહત કરો તો ઉપકાર કર્યા પછી. અને તેની બુરાઈનો જવાબ આપો પ્યાર મોહબ્બતથી.

**(૧૫૯) આરોપના મોકા**: જેણે પોતાના નફસને આરોપના ઠેકાણે રાખી દીધો તેને કોઈ કુશંકા કરવાવાળાની નિંદા કરવાનો હક નથી.

**(૧૬૦) પક્ષપાત**: જે સત્તા મેળવી લે છે તે પક્ષપાત કરવા લાગે છે.

**(૧૬૧) પોતે કહે એ ખરૂં**: જે આપમતિથી કામ લેશે તે નાશ પામશે. અને જે લોકોના મશ્વોરાથી (કામ) કરશે તે તેઓની બુધ્ધિમાં ભળી જશે.

**(૧૬૨) રહસ્ય**: જે પોતાના ભેદોને છુપાવશે, તેનો અધિકાર તેના હાથમાં રહેશે.

**(૧૬૩) રંકતા અને નાદારી**: ગરીબાઈ સૌથી મોટી મોત છે.

**(૧૬૪) હક અદા કરવા:** જે કોઈ એવા શખ્સનો હક અદા કરી દે જે તેનો હક અદા ન કરતો હોય તો જાણે તેણે તેની પૂજા (ઈબાદત) કરી લીધી.

**(૧૬૫) મખ્લૂકની પૈરવી:** ખાલિકના ગુનાહ કરીને મખ્લૂકની ફરમાંબરદારી નથી કરી શકાતી.

**(૧૬૬) હક જતા કરવા:** પોતાનો હક લેવામાં ઢીલ કરવી ગુનાહ નથી. બીજાના હક પર તરાપ મારવી એબ છે.

**(૧૬૭) આત્મશ્લાઘા:** આપ વડાઈ (આપ વખાણ) વધારે અમલથી રોકી લે છે.

**(૧૬૮) મૌતની નિકટતા:** આખેરત નઝદીક છે અને દુનિયાનો સાથ ઘણો ટૂંકો છે.

**(૧૬૯) સવારનું અજવાળું:** આંખોવાળાઓ માટે સવાર ઉજળી થઈ ચૂકી છે.

**(૧૭૦) તૌબામાં મુશ્કેલીઓ:** ગુનાહ ન કરવા, પાછળથી મદદ માગવા કરતા આસાન છે.

**(૧૭૧) લોભ લાલચ:** ઘણીવાર એક ખાવું ઘણા ખાવાથી રોકી દે છે.

**(૧૭૨) અજ્ઞાનતા:** લોકો એ વસ્તુઓના દુશ્મન હોય છે જેનાથી અજાણ હોય છે.

**(૧૭૩) મશ્વેરો** જે વિવિધ મતોનો સામનો કરે છે તે ભૂલના સ્થળોને ઓળખી લે છે.

**(૧૭૪) નિય્યતનો નેઝો (ભાલો)**: જે અલ્લાહના માટે ગઝબ ( ક્રોધ)ના ભાલાને તેજ કરે છે તે બાતિલના પહેલવાનોને કતલ કરવા સમર્થ થઈ જાય છે.

**(૧૭૫) ખૌફનો ઇલાજ**: જયારે કોઈ કામમાં ભય અનુભવો તો તેમાં કુદી પડો કેમકે વધારે ડર અને બચવું, ખતરાથી વધારે ખતરનાક હોય છે.

**(૧૭૬) સરદારની નિશાનીઓ:** જેટલું દિલ વિશાળ હશે એટલી સર્વોપરિતા વધારે હશે.

**(૧૭૭) બુરાઈથી રોકવાની રીત:** દૂરાચારીઓને ઠપકો આપવા માટે સુકાર્યો કરનારને માન પાનથી નવાઝો.

**(૧૭૮) દિલની સ્વચ્છતા:** બીજાના દિલમાંથી બુરાઈ કાઢી નાખવા માટે પહેલા પોતાના દિલમાંથી બુરાઈ ઉખાડી ફેંકી દયો.

**(૧૭૯) જીદ અને હઠધર્મી**: હઠાગ્રહ ખરા મતને પણ દૂર કરી દે છે.

**(૧૮૦) લાલચ**: લાલચ કાયમી ગુલામી છે.

( **૧૮૧) દીર્ધદ્રષ્ટિ**: ઉણપ (ટૂંકી નજર) નું પરિણામ પસ્તાવો (ભોંઠપ) છે અને સાવચેતીનું ફળ સલામતી છે.

**(૧૮૨) મૌન અને બોલના મોકા**: ડાહપણથી ચૂપકીદીમાં કોઈ સારપ નથી, જેવી રીતે જહાલતથી બોલવામાં કોઈ ભલાઈ નથી.

**(૧૮૩) બે અલગ અલગ દાવતો**: જયારે બે વિવિધ આમંત્રણો મળે તો બેમાંથી એક ચોક્કસ ગુમરાહી હશે.

**(૧૮૪) યકીન**: મને જ્યારથી સત્ય ભણાવવામાં આવ્યું છે કદી શંકામાં નથી પડયો.

**(૧૮૫) સાચું બોલવું**: મેં ન તો ખોટું કહ્યું છે અને ન મને જૂઠી ખબર આપવામાં આવી છે. ન હું ગુમરાહ થયો છું ન મને ગુમરાહ કરી શકાયો છે.

**(૧૮૬) ઝુલ્મનો અંજામ**: ઝુલ્મનો આરંભ કરનારને કાલે પસ્તાઈને પોતાના હાથ કરડવા પડશે.

**(૧૮૭) કૂચનો સમય:** કૂચનો સમય નિકટ આવી ગયો છે.

**(૧૮૮) સત્યથી વેગળાપણું:** જે હકથી વિમુખ થયો તે નાશ પામ્યો.

**(૧૮૯) સહનશીલતા:** જેને ધૈર્ય (સબ્ર) મૂક્તિ નથી અપાવી શકતું તેને વિહ્વળતા (આતુરતા) મારી નાખે છે.

**(૧૯૦) ખિલાફતનું ધોરણ:** કેટલું વિચિત્ર ! ખિલાફત માત્ર સહાબિયતના આધારે મળી શકે છે પણ જો સહાબિયત અને સગપણ બંને જમા થઈ જાય તો નથી મળી શકતી !

આ અર્થમાં હઝરતનો આ શેર પણ છે:

" જો તમે શુરાથી સત્તા મેળવી છે તો આ શૂરા કેવી છે જેમાં મૂશીર જ બધા ગાયબ છે. અને જો તમે કરાબત (નિકટતા) થી પોતાની વિશિષ્ટતા દેખાડી છે તો તમારો પરાયો તમારાથી વધારે રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ માટે શ્રેષ્ઠ અને સૌથી નિકટ છે." - સય્યદ રઝી

**(૧૯૧) દુનિયાની દુ:ખી હાલત:** ઇન્સાન આ દુનિયામાં એ નિશાનો છે જેના પર મૌત તીર ચલાવતી રહે છે અને તે સંકટો અને આફતોનો આસાન શિકાર બન્યો રહે છે. અહીંના દરેક ઘૂંટમાં અંતરાશ (અડચણ) છે અને દરેક કોળિયે ગળામાં ડચૂરો (રૂંધામણ) છે. ઇન્સાન એક નેઅમત નથી પ્રાપ્ત કરતો કે બીજી હાથમાંથી નિકળી જાય છે. અને જીવનના એક દિવસનો સત્કાર નથી કરતો કે બીજો દિવસ હાથમાંથી નિકળી જાય છે.

આપણે મૌતના સહાયક છીએ અને આપણા નફસ હલાક્તના નિશાના છે. આપણે અમરતાની આશા ક્યાંથી રાખીએ જયારે કે રાત દિવસ કોઈ ઇમારતને ઊંચી નથી કરતા પરંતુ એ કે આક્રમણ કરી તેને ઢાળી દઈએ છીએ અને જેને પણ એકત્ર કરીએ છીએ તેને વિખેરી નાખીએ છીએ.

**(૧૯૨) બીજાઓનો હક:** અય આદમ પૂત્ર ! જો તેં તારી આજીવિકાથી વધારે કમાવ્યું છે તો જાણે એ માલમાં તું બીજાનો ખજાનચી છે.

**(૧૯૩) ખૂશદિલી અને બદદિલી**: દિલો માટે લગાવ અને ઇચ્છા, આગળ વધવું અને પાછળ રહી જવું બધુંય છે એટલે જયારે મન લાગેલું હોય અને ધ્યાન હોય ત્યારે એવે સમયે તેનો લાભ ઉપાડી લ્યો. કેમકે દિલને મજબૂર કરીને કામ લેવામાં આવે તો તે આંધળું થઈ જાય છે.

**(૧૯૪) ક્રોધ અને વેર**: મને ગુસ્સો આવી જાય તો તેનાથી તસલ્લી કેવી રીતે મેળવું? વેરથી લાચાર થઈ જઈશ તો કહેવામાં આવશે કે ધીરજ ધરો. અને જો વેરની તાકત મેળવી લઈશ તો કહેવામાં આવશે કે કાશ માફ કરી દેતે. (આવી પરિસ્થિતિમાં ગુસ્સાનો કોઈ ફાયદો નથી.)

**(૧૯૫) દુનિયાનો અંજામ અને તેની લજ્જતોનું પરિણામ**: એક ઉકરડા ( કચરાના ઢગલા) પાસેથી પસાર થતાં સમયે ફરમાવ્યું: "આ જ એ વસ્તુ છે જેના માટે લોભીઓએ લોભ કર્યો હતો." અથવા બીજી રિવાયત મુજબ "જેના વિશે કાલે એક બીજાની ઇર્ષા કરી રહ્યા હતા." (આ છે દુનિયાનો અંત અને દુનિયાની લજ્જતોનો અંત)

**(૧૯૬) ઇબ્રતનું મુલ્યાંકન**: જે માલ નસીહતનો સામાન મેળવી દે તે બરબાદ નથી ગયો.

**(૧૯૭) દિલની ભગ્નતા**: આ દિલ એવી જ રીતે કંટાળી ( થાકી) જાય છે જેવી રીતે શરીર, તેથી તેના માટે ઉમદા બુધ્ધિપ્રદ વાતો (હિકમતો)નો પ્રબંધ કરો.

**(૧૯૮) ખારજીઓનો નારો**: જયારે આપે ખારજીઓનો આ નારો સાંભળ્યો કે "ખુદા સિવાય કોઈના માટે હુકમ નથી." તો ફરમાવ્યું કે આ કથન 'સાચું' છે પણ તેનાથી ખોટું અર્થઘટન કરવામાં આવ્યું છે.

**(૧૯૯) લોકો**: બજારના લોકોની ભીડ વિશે ફરમાવ્યું કે, આ જ એ લોકો છે જે ભેગા થઈ જાય છે, તો છવાઈ જાય છે અને વિખેરાઈ જાય છે તો ઓળખાતા જ નથી.

અને અમુક લોકોનું કહેવું છે કે હઝરતે એમ ફરમાવ્યું હતું કે, જયારે એકત્ર થઈ જાય છે તો નુકસાનદાયક હોય છે અને જયારે વિખેરાઈ જાય છે ત્યારે જ લાભદાયક હોય છે. તો લોકોએ કહ્યું કે એકત્ર થવામાં નુકસાન તો સમજમાં આવી

ગયું, પણ વિસર્જનમાં ફાયદાનો શું અર્થ? તો ફરમાવ્યું: બધા કારીગરો પોતાના કામ તરફ પાછા ફરે છે અને લોકો તેઓથી લાભ ઉપાડી લે છે જેવી રીતે મિસ્ત્રી પોતાની ઇમારત તરફ ચાલ્યો જાય છે. વણકર કારખાના તરફ જાય છે અને રોટી પકાવવાવાળો તંદૂર પર બેસી જાય છે.

**(૨૦૦) તમાશાઈ**: આપની પાસે એક ગુનેહગારને લાવવામાં આવ્યો, જેની સાથે તમાશાઈઓનું ટોળું હતું. તો ફરમાવ્યું કે "એ ચહેરાઓ પર ફિટકાર છે જેઓ માત્ર બુરાઈ અને રૂસ્વાઈના પ્રસંગે જોવા મળે છે."

**(૨૦૧) અંગરક્ષક ફરિશ્તા**: દરેક ઇન્સાનની સાથે બે રક્ષક ફરિશ્તાઓ રહે છે પણ જયારે મૌતનો સમય આવી જાય છે તો બંને સાથ છોડી ચાલ્યા જાય છે, જાણે કે મૌત જ શ્રેષ્ઠ ઢાલ છે.

**(૨૦૨) તલહા અને ઝુબેરનો જવાબ**: જયારે તલહા અને ઝુબેરે તકાદો કર્યો (માંગણી કરી) કે અમે બયઅત કરી શકીએ છીએ પરંતુ અમને કામમાં ભાગ આપવો પડશે. તો ફરમાવ્યું કે હરગિજ નહીં! તમે માત્ર કુવ્વત

પહોંચાડવા અને હાથ બટાવવામાં ભાગ લઈ શકો છો. અને લાચારી તથા સખ્તીના સમયે મદદગાર બની શકો છો.

**(૨૦૩) મૌતની પકડ**: લોકો ! એ ખુદાથી ડરો કે જે તમારી દરેક વાતને સાંભળે છે અને દિલના દરેક ભેદથી જાણકાર છે. અને મૌત તરફ આગળ વધો, જેનાથી ભાગવા પણ માગો તો તે તમને આંબી (પકડી) લેશે અને રોકાઈ જશો તો પકડી પાડશે અને તમે તેને ભૂલી પણ જાશો તો તે તમને યાદ રાખશે.

**(૨૦૪) નેઅમતોનો ઇન્કાર**: ખબરદાર, કોઈ આભાર ન માનનારાની કૃતધ્નતા તમને ભલાઈના કામ કરવાથી રોકી ન લે. બની શકે છે કે તમારો આભાર એ માની લે જેણે આ નેઅમતથી કોઈ ફાયદો પણ નથી ઉપાડયો. અને જેટલા પ્રમાણમાં કૃતધ્નીએ તમારો હક બરબાદ કર્યો છે, આ આભાર વ્યક્ત કરનારના આભારથી સરભર થઈ જાય. અને આમ પણ અલ્લાહ સદકાર્યો કરનારાઓને દોસ્ત રાખે છે.

**(૨૦૫) ઇલ્મનું પાત્ર**: દરેક વાસણ તેના સામાન માટે અધુરૂં હોય શકે છે પણ ઇલ્મનું વાસણ ઇલ્મના પ્રમાણમાં વિશાળ બનતું જાય છે.

**(૨૦૬) સહિષ્ણુતા અને સહનશીલતા**: સબ્ર કરવાવાળાને તેની સહન શક્તિનો પહેલો અજ્ર એ મળે છે કે લોકો જાહિલની સરખામણીમાં તેના મદદગાર થઈ જાય છે.

**(૨૦૭) સહનશીલતાનું પ્રદર્શન**: જો તમે ખરેખર સહનશીલ નથી તો પણ સહનશીલતાનો દેખાવ કરો, કેમકે ભાગ્યે જ એવું બનતું હોય છે કે કોઈ, કોઈ કૌમની નકલ કરે અને તેઓમાં ન ભળી જાય.

**(૨૦૮) આત્માનું અવલોકન**: જે પોતાના નફસનું પૂછાણું કરતો રહે છે એ લાભમાં રહે છે. અને જે ગાફિલ થઈ જાય છે એ ખોટમાં રહે છે. ખુદાનો ડર રાખનારો અઝાબથી રક્ષિત રહે છે અને બોધ ગ્રહણ કરનારો સમજદાર હોય છે, સમજદાર જ ડાહ્યો હોય છે. અને ડાહ્યો જ આલિમ થઈ જાય છે.

**(૨૦૯) મજલૂમો પર અહેસાન:** આ દુનિયા મોં મારી દેખાડવા પછી એક દિવસ અમારી તરફ હર હાલમાં નમશે. જેવી રીતે કરડવા વાળી ઊંટણીને પોતાના બચ્ચા પર રહેમ આવે છે. ત્યાર પછી આપે એ આયતની તિલાવત કરી. "અમે ચાહીએ છીએ કે એ લોકો પર અહેસાન કરીએ જેઓને જમીન પર કમજોર બનાવી દેવામાં આવ્યા છે. અને તેઓને આગેવાન બનાવીએ અને જમીનના ધણી બનાવી દઈએ."

**(૨૧૦) આખેરતની મંઝિલ:** અલ્લાહથી ડરો એ શખ્સની જેમ જેણે દુનિયાને તજીને પાલવ સંકોરી લીધો. અને પાલવ સંકેલીને કોશિશમાં પડી ગયો હોય. નેકી માટે તકના સમયમાં તેજીની સાથે ચાલી નિકળ્યો હોય અને ખતરાને ધ્યાનમાં લઈ ચાલ વધારી દીધી હોય. અને પોતાના આરામ ઘર, પોતાના આમાલનું પરિણામ અને પોતાના અંત પર દ્રષ્ટિ રાખી હોય.

**(૨૧૧) ડહાપણની વાત:** સખાવત ઇઝઝત અને આબરૂની રખેવાળ છે. અને સહનશીલતા મૂર્ખના મોંની વાધરી છે. માફી સફળતાની ઝકાત છે, અને ભૂલી જવું

ગદ્દારી કરવાવાળાનું વળતર છે. અને મશ્વે રો કરવો ખરી હિદાયત છે. જેણે પોતાની રાય (મત) પર જ ભરોસો કરી લીધો તેણે પોતાને ખતરામાં નાખી દીધો. ધૈર્ય (સબ્ર) દુર્ઘટનાઓનો સામનો કરે છે અને વિહ્વળતા (આતુરતા) સમયની સહાયક પૂરવાર થાય છે. શ્રેષ્ઠ શ્રીમંતાઈ આશાઓને છોડી દેવું છે. કેટલીએ ગુલામ બુધ્ધિઓ છે જે ધનીકોની ઇચ્છાઓ નીચે કચડાએલી છે. અનુભવોને જાળવી રાખવા એ સદબુધ્ધિ (તૌફીક) નો એક પ્રકાર છે અને મહોબ્બત એક મેળવેલું સગપણ છે અને ખબરદાર કોઈ નારાજ થઈ જનાર પર વિશ્વાસ ન કરવો.

**(૨૧૨) આત્મશ્લાધા**: ઇન્સાનનું આપવડાઈ (આપ વખાણ)માં પરોવાઈ જવું ખુદ પોતાની બુધ્ધિની ઇર્ષા કરવા જેવું છે

**(૨૧૩) સબ્ર અને સહનશીલતા**: આંખોના કણ-કાંકરા અને રંજ દુ:ખને ધ્યાનમાં ન લ્યો, તો સદા સુખી રહેશો.

**(૨૧૪) નરમી અને વિનય:** જે વૃક્ષની લાકડી નરમ હોય તેની ડાળીઓ ભરાવદાર હોય છે. (એટલે ઇન્સાને નરમ દિલ બનવું જોઈએ.)

**(૨૧૫) અયોગ્ય વિરોધ:** વિરોધ ખરા મતને પણ બરબાદ કરી દે છે.

**(૨૧૬) કૃતધ્નતા:** જેને ઓહદો મળી જાય છે તે અત્યાચાર કરવા માંડે છે.

**(૨૧૭) ખાડા ટેકરા:** લોકોનું સત્વ (સાર-બળ) સંજોગોના હેરફેરમાં ઓળખાય છે.

**(૨૧૮) ઇર્ષા:** દોસ્તનું ઇર્ષા કરવું મહોબ્બતની કમજોરી છે.

**(૨૧૯) લોભ લાલચ:** અકલોના વિનાશની મોટા ભાગની મંજિલો લોભ અને લાલચની વીજળીઓની નીચે છે.

**(૨૨૦) બદગુમાની:** એ કોઈ ન્યાય નથી કે માત્ર વહેમ અને શંકા પર ભરોસો કરી ચુકાદો આપવામાં આવે.

**(૨૨૧) લોકો પર ઝુલ્મ:** કયામતના દિવસે ખરાબમાં ખરાબ ભાતું ખુદાના બંદાઓ પર ઝુલ્મ છે.

**(૨૨૨) આંખ મીચામણા:** માયાળુંના શ્રેષ્ઠ આમાલમાં જાણી જોઈને અજાણ્યા બનવું છે.

**(૨૨૩) લાજ શરમ:** જેને લજજાએ પોતાના વસ્ત્રો ઓઢાડી દીધા તેના એબ કોઈ નથી જોઈ શકતું.

**(૨૨૪) અમુક ગુણો:** વધારે ચૂપકીદી ધાસ્તી (હૈબત)નું કારણ બને છે. અને ન્યાયથી મિત્રોમાં વધારો થાય છે. ઉદારતા અને મહેરબાનીથી માનપાન ઊંચા થાય છે અને નમ્રતાથી નેઅમત સંપૂર્ણ થાય છે. બીજાઓનો ભાર ઉપાડવાથી સરદારી મળે છે, અને ન્યાય પ્રીય ચારિત્ર્યથી દુશ્મન પર વિજય પ્રાપ્ત કરી શકાય છે. મૂર્ખના સામે સહનશીલતા દેખાડવાથી સહાયકો અને મદદગારોમાં વધારો થાય છે.

**(૨૨૫) ઇર્ષાળુ:** આશ્ચર્યની વાત છે કે ઇર્ષા કરનારા જિસમોની સલામતી પર ઇર્ષા કેમ નથી કરતા ! (પૈસાદારના પૈસાની ઇર્ષા તો થાય છે અને મજદૂરની તંદુરસ્તીની ઇર્ષા નથી થતી, જો કે આ તેના કરતા વધારે મોટી નેઅમત છે.)

**(૨૨૬) લાલચ**: લાલચી હંમેશા નામોશીની (ઝીલ્લતની) કેદમાં ગિરફતાર રહે છે.

**(૨૨૭) ઈમાનની ઓળખ**: આપને ઈમાનના વિશે પૂછવામાં આવ્યું તો ફરમાવ્યું કે ઈમાન દિલનો અકીદો, જીભથી ઇકરાર અને અવયવો દ્વારા અમલનું નામ છે.

**(૨૨૮) દુનિયાની વ્યાધિ ન વ્હોરો**: જે દુનિયા વિશે ગમગીન થઈ સવાર કરે તે હકીકતમાં અલ્લાહના નિર્ણયથી નારાજ છે. અને જે સવારે ઉઠતા જ કોઈ આવી પડનારી મુસીબતની ફરિયાદ શરૂ કરી દે તેણે હકીકતમાં પરવરદિગારની શિકાયત કરી છે.

જે કોઈ ધનવાન સામે તેના ધનના કારણે ઝૂકી જાય તો તેનું બે તુત્ર્યાંશ (૨/૩) દીન બરબાદ થઈ ગયું. અને જે શખ્સ કુરઆન પડવા છતાં જહન્ન મમાં નાખવામાં આવે જાણે તેણે અલ્લાહની આયતોની ઠેકડી ઉડાવી છે. જેનું દિલ દુનિયાના પ્રેમમાં પરોવાઈ જાય તેના દિલમાં આ ત્રણ વાતો ઘૂસી જાય છે. એ ગમ જે તેનાથી છૂટો નથી પડતો. એ

લાલચ જે તેનો કેડો નથી મૂક્તી. અને એ અભિલાષા જે કદી પૂરી નથી થતી.

**(૨૨૯) સંતોષી બનો**: સંતોષથી વધીને કોઈ સલ્તનત નથી, અને સારા અખ્લાકથી વધીને કોઈ નેઅમત નથી. આપથી પૂછવામાં આવ્યું કે "અમે પવિત્ર હયાત અતા કરશું." આ આયતમાં 'પવિત્ર હયાત'થી શો ભાવાર્થ છે? ફરમાવ્યું: સંતોષ.

**(૨૩૦) ભાગીદારી કરી લ્યો**: જેની તરફ રોઝીનું રૂખ હોય તેની સાથે ભાગીદારી કરી લ્યો, કેમકે આ માલદાર થવાનો શ્રેષ્ઠ ઉપાય છે અને સદભાગ્યનો શ્રેષ્ઠ આધાર છે.

**(૨૩૧) ન્યાય અને ઉપકાર**: આયતે કરીમા “ઇન્નહલ્લાહ યઅમોરો બિલ અદલ” માં ન્યાય ઇન્સાફ છે અને અહેસાન ઉદારતા અને મહેરબાની.

**(૨૩૨) આ હાથે આપો બીજા હાથે લ્યો**: જે લાચાર હાથથી આપે છે તેને સત્તાવાન હાથથી મળે છે.

*જે શખ્સ નેક કામમાં થોડો માલ પણ ખર્ચે છે, પરવરદિગાર તેનું વળતર મહાન અને અતિશય બનાવી દે*

*છે. અહીં બંને 'યદ' (હાથો) થી મુરાદ બંને નેઅમતો છે. બંદાની નેઅમતને ટૂંકો હાથ કહેવામાં આવ્યો છે અને ખુદાઈ નેઅમતને લાંબો હાથ. એટલા માટે કે અલ્લાહની નેઅમતો, બંદાઓની સરખામણીમાં હજારો ગણી વધારે હોય છે. અને એ જ બધી નેઅમતોનું મૂળ અને બધાનું કેન્દ્ર અને આશય હોય છે. - સય્યદ રઝી.*

**(૨૩૩) જંગનું આહવાન ન આપવું:** પોતાના પુત્ર ઇમામ હસન અલય્હિસ્સલામને ફરમાવ્યું: તમે કોઈને જંગનું આહવાન ન આપજો, પણ જો કોઈ લલકારે તો તરત જ જવાબ આપી દેજો. કેમકે જંગનું આહવાન આપનાર બાગી હોય છે અને બાગી દરેક હાલતમાં નાશ પામનાર હોય છે.

**(૨૩૪) ઔરત મર્દની સિફતો:** ઔરતોની શ્રેષ્ઠ ખસલતો જે પુરૂષોની સૌથી ખરાબ ગણાય છે. તેઓમાં ગર્વ, કાયરતા અને કંજૂસી છે કે જો ઔરત મગરૂર હશે તો કોઈ તેના પર કાબૂ નહીં મેળવે અને જો લોભી હશે તો પોતાના અને પોતાના ધણીના માલનું રક્ષણ કરશે. અને બુઝદિલ હશે તો દરેક આવનારા ખતરાથી ભયભિત રહેશે.

**(૨૩૫) બુધ્ધિવાન અને બુધ્ધુ:** આપથી અરજ કરવામાં આવી કે બુધ્ધિવાન પુરૂષની વ્યાખ્યા ફરમાવો. તો ફરમાવ્યું: બુધ્ધિવાન એ છે જે દરેક વસ્તુને તેની જગ્યાએ રાખે છે. અરજ કરવામાં આવી કે તો પછી જાહિલની વ્યાખ્યા શું છે? ફરમાવ્યું: એ તો હું કહી ચૂક્યો.

*હેતુ એ છે કે, જાહિલ એ છે જે દરેક વસ્તુને અસ્થાને રાખે છે અને તે બયાન ન કરવું જ એક રીતે બયાન છે કે તે બુધ્ધિવાનનો વિરોધી છે. - સય્યદ રઝી.*

**(૨૩૬) દુનિયાની બેદરકારી:** ખુદાની કસમ ! આ તમારી દુનિયા મારી નજરમાં કોઢીના હાથમાં સુવ્વરના હાડકાથી પણ બદતર છે.

**(૨૩૭) ઇબાદતના પ્રકાર:** એક કૌમ સવાબની લાલચમાં ઇબાદત કરે છે તો એ વેપારીઓની ઇબાદત છે. અને એક કૌમ અઝાબના ડરથી ઇબાદત કરે છે તો એ ગુલામોની ઇબાદત છે, અસલ એ કૌમ છે જે ખુદાના શુક્ર માટે ઇબાદત કરે છે અને આ જ આઝાદ લોકોની ઇબાદત છે.

**(૨૩૮) ઔરતની બુરાઈ**: ઔરત નખશીખ બુરાઈ છે. અને તેની સૌથી મોટી બુરાઈ એ છે કે તેના વગર ચાલતું પણ નથી.

**(૨૩૯) આળસ અને ચાડી**: જે શખ્સ આળસ અને સુસ્તીથી કામ લે છે તે પોતાના હકો પણ ગુમાવે છે. અને જે ચાડી ખાનારની વાત માની લે છે તો મિત્રોને પણ ગુમાવે છે.

**(૨૪૦) ગસ્બી પત્થર**: ઘરમાં એક પત્થર પણ ગસ્બી લાગેલો હોય તો તે તેને બરબાદીની જમાનત (ગેરેંટી) છે.

**(૨૪૧) ઝાલિમ અને મઝલુમ**: મઝલુમનો દિવસ (કયામત) ઝાલિમ માટે એ દિવસથી વધારે ભારે હોય છે જે ઝાલિમનો મઝલુમ માટે હોય છે.

**(૨૪૨) ખુદાનો ખોફ**: અલ્લાહથી ડરતા રહો ભલે થોડોક જ કેમ ન હોય અને પોતા અને તેની વચ્ચે પરદો રાખો ભલે બારીક જ કેમ ન હોય.

**(૨૪૩) જવાબો અસંખ્ય હોવા**: જયારે જવાબો વધી જાય છે તો મૂળ વાત ખોવાઈ જાય છે.

**(૨૪૪) આભાર અને કૃતજ્ઞતા**: અલ્લાહનો દરેક નેઅમતમાં એક હક હોય છે, જે તેને અદા કરી દેશે ખુદા તેની નેઅમતને વધારી દેશે અને જે કચાશ રાખશે તે ચાલુ નેઅમતને પણ ખતરામાં નાખી દેશે.

**(૨૪૫) ઇચ્છાઓની ઓછપ**: જયારે શક્તિ વધી જાય છે તો ઇચ્છાઓ ઘટી જાય છે.

**(૨૪૬) નેઅમતનો અપકાર**: નેઅમતોના પતનથી ડરતા રહો કેમકે દરેક નિરંકુશ થઈને નિકળી જનારી વસ્તુ પાછી નથી આવ્યા કરતી.

**(૨૪૭) કૃપાવૃત્તિ**: મહેરબાનીની ભાવના સગપણથી વધારે મહેરબાનીનું કારણ હોય છે.

**(૨૪૮) નેક ભાવના**: જે કોઈ તમારા વિશે સાચા વિચાર ધરાવે છે તેના વિચારોને સાચા કરી બતાવો.

**(૨૪૯) નફસનો ગુલામ**: શ્રેષ્ઠ અમલ એ છે જેમાં તમારે તમારા મનને મજબૂર કરવું પડે છે.

**(૨૫૦) ખુદાની ઓળખ:** મેં પરવરદિગારને ઇરાદાઓના તૂટવાથી અને નિય્યતોના ફરી જવાથી અને હિમ્મત હારી જવાથી ઓળખ્યો છે.

**(૨૫૧) કડવાશ અને મીઠાશ:** દુનિયાની કડવાશ આખેરતની મિઠાશ છે અને દુનિયાની મીઠાશ આખેરતની કડવાશ છે.

**(૨૫૨) ફરજોના હુકમો અને મસ્લેહતો:** અલ્લાહે ઈમાનને જરૂરી ગણ્યું છે શિર્કથી પાક રહેવા માટે, અને નમાઝને વાજીબ કરી છે ગર્વથી દૂર રહેવા માટે. ઝકાતને રોઝીનું સાધન બનાવ્યું છે અને રોઝાને શુધ્ધ મનોવૃત્તિને ચકાસવાનું સાધન બનાવ્યું છે. જેહાદને ઇસ્લામની કીર્તિ માટે રાખ્યો છે અને અમ્ર બિલ મઅરૂફને અવામ (લોકો) ની સુધારણા માટે, નહિ અનિલ મુન્કરને મૂર્ખાઓની બુરાઈઓ રોકવા માટે વાજીબ કર્યા છે. સિલે રહમ સંખ્યામાં વૃધ્ધિ માટે, કિસાસ ખૂનના રક્ષણ માટે અને હદ્દદને નિષેધો (હરામ કાર્યો)નું મહત્વ સમજાવવાનું સાધન. શરાબ બંધી બુધ્ધિના રક્ષણ માટે કરવામાં આવી છે અને ચોરીથી બચવું ઇજ્જતના

રક્ષણ માટે જરૂરી ઠરાવ્યું છે. વ્યભિચારને વંશના રક્ષણ માટે હરામ કરવામાં આવ્યું છે. સૃષ્ટિ વિરૂદ્ધ સમાગમ વંશની બકા માટે હરામ ઠેરવ્યું છે. ગવાહોને ઇન્કારની સામે પૂરાવાનું સાધન બનાવ્યા છે. અને જૂઠ તજવાને સચ્ચાઈની સજ્જનતાનું સાધન ઠરાવ્યું છે. શાંતિ સ્થાપનાને ખતરાઓથી બચવા માટે રાખવામાં આવેલ છે. અને ઇમામતને મિલ્કતની વ્યવસ્થા માટે નીમવામાં આવેલ છે. અને પછી ફરમાંબરદારી ઇમામતની મહત્તાની નિશાની ઠરાવી છે.

**(૨૫૩) જૂઠી કસમ**: કોઈ ઝાલિમથી કસમ લેવા હોય તો એવી રીતે લ્યો કે તે પરવરદિગારની તાકત અને કુવ્વતથી બેજાર છે. જો તે જૂઠી કસમ ખાતો હોય તો (અથવા તેની વાત ખોટી હોય તો) કેમકે જો આ રીતે કસમ જૂઠી ખાશે તો તરત જ અઝાબમાં સપડાઈ જશે અને એક ખુદાની કસમ ખાધી તો અઝાબમાં જલ્દી નહીં થાય. કેમકે આખર અલ્લાહની તવહીદનો ઇકરાર કરી લીધો છે.

**(૨૫૪) સદકાર્યોની વસીયત**: અય આદમ પુત્ર ! પોતાના માલમાં પોતાનો વસી પોતે બની જા અને એ કામ

જાતે બજાવી લાવ, જેના માટે આશા રાખે છે કે લોકો તારા પછી બજાવી લાવશે.

**(૨૫૫) ક્રોધ અને ઉશ્કેરાટ:** ગુસ્સો ગાંડપણની એક નિશાની છે, કેમકે ગુસ્સો કરનારને પાછળથી પસ્તાવું પડે છે અને જો પસ્તાય નહીં તો સમજો તે ખરેખર પાગલ છે.

**(૨૫૬) ઈર્ષા:** શરીરની તંદુરસ્તીનો એક આધાર ઈર્ષાની અછત છે.

**(૨૫૭) હાજત રવાઈ:** અય કુમૈલ ! તમારા ઘરવાળાઓને હુકમ આપો કે સારી આદતો કેળવવા માટે દિવસના શોધવા નિકળે અને સુઈ જનારાઓની હાજતો પૂરી કરવા રાતોના નમાઝ પડે. કસમ છે એ જાતની જે દરેક અવાજને સાંભળે છે કે કોઈ શખ્સ દિલમાં આનંદ પેદા નથી કરી શકતો પણ એ કે પરવરદિગાર તેના માટે આ આનંદથી એક મજા જન્માવી દે છે કે ત્યાર પછી તેના પર કોઈ સંકટ આવી પડે છે તો એ મજા તેની તરફ ઢળાણવાળી જમીન તરફ વહેતા પાણીની જેમ ઝડપથી આગળ વધે છે અને આ

સંકટને એવી રીતે ભગાવી દે છે, જેવી રીતે પરાયા (પારકા) ઊંટને હંકારવામાં આવે છે.

**(૨૫૮) સદકો**: જયારે ગરીબ થઈ જાવ તો અલ્લાહથી સદકો આપી વેપાર કરો. (સદકો માત્ર ધનવાનો માટે નથી.)

**(૨૫૯) વફાદારી અને ગદ્દારી**: ગદ્દારોથી વફાદારી પણ અલ્લાહની નજદીક એક પ્રકારની ગદ્દારી છે. અને ગદ્દારોથી બેવફાઈ એક રીતની વફાદારી છે.

**(૨૬૦) કસોટી અને પરીક્ષા**: ઘણાય લોકો છે જેને અહેસાન દ્વારા અઝાબની લપેટમાં લઈ લેવામાં આવે છે. અને તેઓ ઢાંક પિછોડાના કારણે ધોકામાં પડેલા છે. અને લોકોના સારા શબ્દો સાંભળી ભરમાઈ ગયા છે. અલ્લાહે કોઈ પણ શખ્સનું ઇમ્તેહાન મહેતલથી વધારે સારૂં કોઈ દ્વારા નથી લીધું.

**(૨૬૧) બેવફા સાથી**: જયારે આપને ખબર આપવામાં આવી કે મુઆવિયાના સાથીઓએ અંબાર પર આક્રમણ કરી દીધું છે. તો આપ પોતે જાતે બહાર નિકળીને નખીલા સુધી પહોંચી ગયા. અમુક લોકો પણ આપની સાથે

પહોંચી ગયા અને કહેવા લાગ્યા, “આપ આરામ કરો અમે લોકો એ દુશ્મનો માટે પૂરતા છીએ.” તો આપે ફરમાવ્યું: “તમે લોકો તમારા માટે પૂરતા નથી તો દુશ્મનો માટે શું પૂરતા થાશો ! તમારી પહેલા પ્રજા રાજકર્તાઓની ફરિયાદ કરતી હતી આજે હું પ્રજાના ઝુલ્મની ફરિયાદ કરી રહ્યો છું. જાણે કે આજ લોકો આગેવાન છે અને હું રય્યત છું. હું આધિન છું અને તેઓ આજ્ઞાપક.”

જયારે આપે આ કલામ ઇરશાદ ફરમાવ્યો, જેનો એક ભાગ ખુત્બાઓની અંદર નકલ થઈ ચૂક્યો છે, તો આપના સહાબીઓમાંથી બે જણા આગળ આવ્યા જેમાંથી એકે કહ્યું: હું મારા અને મારા ભાઈનો જવાબદાર છું. આપ હુકમ આપો, અમે પાળવા તૈયાર છીએ. આપે ફરમાવ્યું કે હું જે કંઈ ઇચ્છું છું તેની સાથે તમારો શું સંબંધ છે.

**(૨૬૨) હારિસ ઇબ્ને જૂત:** કહેવામાં આવે છે કે, હારિસ બિન જૂતે આપની પાસે આવીને એમ કહ્યું કે, આપનું એમ માનવું છે કે હું જમલવાળાઓને ગુમરાહ માની લઈશ? તો આપે ફરમાવ્યું કે અય હારિસ તેં તારી નીચેની તરફ જોયું છે અને ઉપર નથી જોયું. એટલે હેરાન થઈ ગયા છો. તમે

હકને જ નથી ઓળખતા તો શું જાણો કે હકદાર કોણ છે? અને જૂઠને જ નથી જાણતા તો શું જાણો કે જૂઠના હિમાયતી કોણ છે?

હારિસે કહ્યું કે હું સઈદ બિન માલિક અને અબ્દુલ્લાહ બિન ઉમરની સાથે ખૂણો પકડી લઈશ, તો આપે ફરમાવ્યું કે સઈદ અને અબ્દુલ્લાહ બિન ઉમરે ન હકની મદદ કરી અને ન બાતિલથી મોં ફેરવ્યું. (ન અહીંના થયા ન ત્યાંના રહ્યા.)

**(૨૬૩) બાદશાહના સાથીઓ**: બાદશાહનો સહચર શેરનો સવાર હોય છે કે લોકો તેની સ્થિતિની ઈર્ષા કરતા હોય છે અને તે પોતાની સ્થિતિને વધારે જાણતો હોય છે.

**(૨૬૪) સદવર્તન**: બીજાના વારસો સાથે સારો વર્તાવ કરો જેથી લોકો તમારા વારસો સાથે પણ સારો વર્તાવ કરે.

**(૨૬૫) ડાહ્યાઓનું કથન**: હકીમોનું કહેવું ખરૂં હોય છે તો દવા બની જાય છે અને ખોટું હોય તો બીમારી બની જાય છે.

**(૨૬૬) ઈમાનની ઓળખ**: એક જણે આપથી માંગણી કરી કે ઈમાનની વ્યાખ્યા કરો. તો ફરમાવ્યું: કાલે

આવજે, તો હું ભર સભામાં બયાન કરીશ જેથી તું ભૂલી જાય તો બીજા તને યાદ અપાવી દે. એટલા માટે કે કલામ (વાણી) ભડકેલા શિકાર જેવી હોય છે કે એક પકડી લે છે અને બીજાના હાથમાંથી છટકી જાય છે. (સવિસ્તાર જવાબ આ પહેલા ઈમાનના વિષયમાં નકલ થઈ ચૂક્યો છે.)

**(૨૬૭) ભાવિની ચિંતા**: હે આદમના પુત્ર ! એ દિવસની ચિંતા જે હજી નથી આવ્યો તેને એ દિવસ પર ન નાખો જે આવી ચૂક્યો છે. કેમકે જો તે આવી તમારી વયમાં ભળી ગયો તો તેની રોઝી પણ તેની સાથે આવશે.

**(૨૬૮) મૈત્રી અને શત્રુતામાં સંયમ**: પોતાના દોસ્તથી એક મર્યાદા સુધી દોસ્તી રાખો. ક્યાંક એવું ન બને કે એક દિવસ દુશ્મન બની જાય, અને દુશ્મનથી પણ એક હદ સુધી દુશ્મની રાખો, કદાચ એક દિવસ મિત્ર બની જાય. (તો શરમાવું ન પડે)

**(૨૬૯) દુનિયાના કામ અને આખેરતના કામ**: દુનિયામાં બે પ્રકારના અમલ કરનારા મળી આવે છે, એક એ છે જે દુનિયામાં દુનિયા માટે જ કામ કરે છે અને તેને

દુનિયાએ આખેરતથી ગાફિલ બનાવી દીધો છે. તે પોતાની પાછળવાળાઓની ચિંતાથી ભયભીત રહે છે અને પોતા વિશે બિલ્કુલ નિરાંત અનુભવે છે. પરિણામે પૂરી જિંદગી બીજાઓના લાભ માટે વીતાવી દે છે અને એક જણ એ હોય છે જે દુનિયામાં તેના પછી (આખેરત) માટે અમલ કરે છે અને તેને દુનિયા વગર મહેનતે મળી જાય છે. તે દુનિયા અને આખેરત બંને મેળવી લે છે. અને બંને ઘરનો ધણી બની જાય છે, ખુદાના દરબારમાં કામ્યાબ થાય છે અને કોઈ હાજતની માંગણી કરે છે તો ખુદા તેને પૂરી કરી આપે છે.

**(૨૭૦) ખાનએ કાબાના ઝેવર:** રિવાયતમાં આવ્યું છે કે, ઉમર બિન અલ ખત્તાબના સામે તેની ખિલાફતના કાળમાં ખાનએ કાબાના ઝેવરો અને તેના વધારે હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો અને એક વર્ગે એ માંગણી કરી કે આપ આ ઝેવરોને મુસલમાનોના લશ્કર પર ખર્ચ કરી દયો તો ઘણો અજ્ર અને સવાબ મળશે, કાબાને આ જેવરોની શું જરૂરત છે? તો તેમને આ રાય ગમી ગઈ અને એ વિશે હઝરત અલી અલય્હિસ્સલામને પૂછયું. આપે ફરમાવ્યું કે આ

કુરઆન ઇસ્લામના પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ પર ઉતર્યું હતું અને આપના કાળમાં માલ ચાર પ્રકારનો હતો.

એક મુસલમાનોનો અંગત માલ હતો, જેને ફરજો પ્રમાણે વારસોમાં વહેંચી આપ્યા કરતા હતા. એક બયતુલ માલનો માલ હતો જેને તેના હકદારોમાં વહેંચી દેતા હતા. એક ખુમ્સનો હતો જેને તેના હકદારોને સોંપી દેતા હતા. અને અમુક સદકાઓ હતા જેને તેના સ્થાને ખર્ચ કરતા હતા. કાબાના ઝેવરો એ સમયે પણ હતા અને પરવરદિગારે તેને એ જ હાલતમાં રહેવા દીધા હતા. ન હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તેને ભૂલ્યા હતા. અને ન તેના હોવા વિશે આપ અજાણ હતા. એટલે આપ તેને એજ સ્થિતિમાં રહેવા દયો જે સ્થિતિમાં ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે રાખ્યા છે. આ સાંભળી હ. ઉમરે કહ્યું આજે જો આપ ન હોત તો હું બદનામ થઈ ગયો હોત અને આમ કહી ઝેવરો તેની જગ્યાએ મુકી દીધા.

**(૨૭૧) બયતુલ માલમાં ચોરી**: કહે છે કે આપની સામે બે માણસોને રજૂ કરવામાં આવ્યા, જેણે બયતુલ માલમાંથી ચોરી કરી હતી. એક એમાંથી ગુલામ અને બયતુલ માલની મિલ્કત હતો. અને બીજો લોકોમાં કોઈની મિલ્કત હતો. આપે ફરમાવ્યું કે જે બયતુલ માલની મિલ્કત છે તેના પર કોઈ હદ (સજા) નથી. કેમકે ખુદાના માલના એક ભાગે બીજા માલને ખાધો છે. પરંતુ બીજા પર સખ્ત હદ જારી કરવામાં આવશે. જે પછી તેના હાથ કાપી લેવામાં આવ્યા.

**(૨૭૨) હુકમોમાં સુધારા**: જો આ લપસણી ભૂમિ પર મારા પગ જામી ગયા તો હું ઘણી ચીજોને ફેરવી નાખીશ. (જેને મારા પૂરોગામી ખલીફાઓએ દાખલ કરી છે અને જેનો પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની સુન્નમતથીકોઈ વાસ્તો નથી.)

**(૨૭૩) પ્રારબ્ધ (નસીબ) અને પ્રયત્ન**: આ વાત જાણી લ્યો અને યકીન રાખો કે પરવરદિગારે કોઈ બંદા માટે એથી વધારે નક્કી નથી કર્યું જેટલું પોતાની હકીમ કિતાબમાં બયાન કરી દીધું છે. ભલે પછી તેના પ્રયત્નો કેટલાય મોટા

કેમ ન હોય, તેની ગોતાગોત ઘણી ઊંડી કેમ ન હોય. તેની યોજનાઓ કેટલીય શક્તિશાળી કેમ ન હોય. અને એવી જ રીતે એ બધા સુધી તેના પ્રારબ્ધમાં નિર્માણ થએલ પહોંચવાના માર્ગમાં કોઈ રૂકાવટ નથી હોતી, ચાહે તે કેટલોય નિર્બળ, અને નિરાધાર કેમ ન હોય.

જે હકીકત જાણી લે છે અને તે પ્રમાણે અમલ કરે છે તે જ સૌથી વધારે આરામ અને લાભમાં રહે છે. અને જે આ હકીકતને ધ્યાનમાં નથી રાખતો અને તેમાં શંકા કરે છે તે જ સૌથી વધારે નુકસાનમાં રહે છે.

કેટલાય લોકો એવા છે જેને નેઅમતો આપવામાં આવે છે અને તેના મારફત અઝાબમાં નાખવામાં આવે છે અને કેટલાય લોકો છે જે સંકટોમાં સપડાય છે અને આજ આફત તેના હકમાં બરકતનું કારણ બની જાય છે. એટલે એ ફાયદાને શોધનારાઓ ! તમારા શુક્રમાં વધારો કરો અને ઉતાવળ ઓછી કરી દયો અને તમારી રોઝીની સીમાઓ પર રોકાઈ જાવ.

**(૨૭૪) ઇલ્મ અને યકીન**: ખબરદાર ! પોતાના ઇલ્મને અજ્ઞાન ન બનાવો અને પોતાના યકીનને શકમાં ન

ગણો. જયારે જાણી લ્યો તો અમલ કરો અને જયારે યકીન થઈ જાય તો કદમ આગળ વધારો.

**(૨૭૫) લોભ લાલચ**: લાલચ જ્યાં ઉતારી દે છે ત્યાંથી નિકળવા નથી દેતી અને આ એક એવી જમીન છે જે વફાદાર નથી. કેમકે કદી કદી તો પાણી પીવા વાળાને તૃપ્ત થવા પહેલાં જ અંતરાશ (અડચણ ઊભી થઇ) જાય છે. અને જેટલા પ્રમાણમાં કોઈ પ્રિય વસ્તુનું માન સ્થાન વધારે હોય છે તેના ગુમ થવાનું દુ:ખ વધારે થાય છે. આકાંક્ષાઓ અંતર ચક્ષુઓને આંધળા બનાવી દે છે અને જે કંઈ નસીબમાં હોય છે તે વગર પ્રયત્ને મળી જાય છે.

**(૨૭૬) બાહ્ય અને આંતરિક**: અય ખુદા ! હું એ વાતથી તારી પનાહ માગું છું કે, લોકોની જાહેર દ્રષ્ટિમાં મારૂં જાહેર સુંદર હોય અને જે ગુપ્ત તારા માટે છુપાવેલ છે તે કદરૂપુ હોય. હું લોકોને દેખાડવા માટે એ વસ્તુઓની સંભાળ રાખું જેને તું જાણે છે કે લોકોની સામે સારો હોવાનો દેખાવ કરૂં અને તારા દરબારમાં સૌથી ખરાબ કર્મો સાથે હાજર થાઉં, તારા બંદાઓથી નિકટતા મેળવું અને તારી મરજીથી દૂર થઈ જાઉં.

**(૨૭૭) એક સોગંદ**: એ જાતની કસમ જેના સદકાથી અમે અંધારી રાતના આ બાકીના ભાગને પસાર કરી દીધો છે, જે પૂરો થતાં જ ઉજવળ દિવસ પ્રગટ થાશે આમ અને આમ નથી થયું.

**(૨૭૮) ફાયદામંદ અમલ**: થોડું કામ જેને નિયમિત કરવામાં આવે એ સખ્યાબંધ કામથી ઉત્તમ છે જેનાથી આદમી કંટાળી જાય.

**(૨૭૯) ફરજોનું મહત્વ**: જયારે નાફેલાના કારણે ફરજોને નૂકસાન પહોંચે તો તેને મૂકી દયો.

**(૨૮૦) આખેરતની તૈયારી**: જેને સફરના અંતરનું ભાન છે તે એ મુજબ તૈયારી પણ કરે છે.

**(૨૮૧) બુધ્ધિનું માર્ગદર્શન**: આંખોથી જોવું હકીકતમાં જોવું નથી ગણાતું. કેમકે કદી કદી આંખો તેના માલિકને ધોકો આપી દે છે, પણ સદબુધ્ધિ રાખનારને ધોકો નથી આપતી.

**(૨૮૨) ગફલતનો પરદો**: તમારી અને નસીહતની વચ્ચે ગફલતનો એક પરદો આડે પડયો રહે છે.

**(૨૮૩) જ્ઞાની અને અજ્ઞાની:** તમારા જાહિલોને પૈસો પુષ્કળ આપવામાં આવે છે અને આલિમને માત્ર ભાવિની આશા આપવામાં આવે છે.

**(૨૮૪) બહાનાનું ખંડન:** ઇલ્મ હમેશા બહાનું કાઢનારાના બહાનાને ખત્મ કરી દે છે.

**(૨૮૫) મહેતલ માગવી:** જેની મૌત જલદી આવી જાય છે તે મોહલતની માંગણી કરે છે અને જેને મોહલત મળી જાય છે તે ટાળમટોળ કરે છે.

**(૨૮૬) બુરો દિવસ:** જયારે પણ લોકો કોઈ વસ્તુ પર વાહ વાહ કરે છે તો સમય તેના માટે એક ખરાબ દિવસ છુપાવી રાખે છે.

**(૨૮૭) કઝા અને કદ્ર:** આપથી કઝા અને કદ્ર (પ્રારબ્ધ) વિશે પૂછવામાં આવ્યું તો ફરમાવ્યું કે આ એક અંધારો માર્ગ છે તેના પર ન ચાલો અને એક ગાઢ સમંદર છે તેમાં દાખલ થવાની કોશિશ ન કરો અને એક અલ્લાહનો ભેદ છે એટલે તેને જાણવાની મહેનત ન કરો.

**(૨૮૮) ઇલ્મથી વંચિતતા:** જયારે પરવરદિગાર કોઈ બંદાને અપમાનિત (ઝલીલ) કરવા ચાહે છે તો તેને ઇલ્મ અને વિદ્વતાથી વંચિત કરી દે છે.

**(૨૮૯) એક દીની ભાઈના વખાણ:** ગત જમાનામાં મારો એક ભાઈ હતો. જેનું મહત્વ મારી દ્રષ્ટિમાં એટલા માટે હતું કે દુનિયા તેની નજરમાં તુચ્છ હતી અને તેના પર પેટનું રાજ નહોતું. જે વસ્તુ નહોતી મળતી તેની ઇચ્છા કરતો ન હતો. અને જે મળી જાતું હતું તેનાથી વધારે વાપરતો ન હતો. મોટા ભાગે ચૂપ રહેતો હતો. અને બોલતો હતો તો બધા બોલવાવાળાને ચૂપ કરી દેતો હતો. માગણોની તરસને છીપાવી દેતો હતો અને દેખાવમાં લાચાર અને દૂબળો હતો. પરંતુ જયારે જેહાદનો મોકો આવી જતો તો જંગલના શેરની જેમ શૂરવીર અને અજગરની જેમ બની જતો હતો. કોઈ દલીલ રજૂ નહોતો કરતો જયાં સુધી કે નિર્ણાયત્મક ન હોય. અને જે વાતમાં બચવાની શક્યતા હોતી તેના પર કોઈને ઠપકો આપતો ન હતો, જયાં સુધી બચાવ સાંભળી ન લ્યે. કોઈ દર્દની શિકાયત કરતો નહોતો, જયાં સુધી તેનાથી તંદુરસ્ત ન થઈ જાય. જે કરતો હતો એ જ

કહેતો હતો અને જે કરી શકતો નહોતો તેને કહેતો જ નહીં. જો બોલવામાં તેના પર વિજયી થઈ શકાય તો ચૂપકીદીમાં તેના પર કોઈ વિજય પામી શકતું નહોતું. તે બોલવાથી વધારે સાંભળવાની ઇચ્છા રાખતો હતો. જયારે તેની સામે બે પ્રકારની વસ્તુઓ આવતી અને એક ઇચ્છાની વધારે નજીક હોતી તો તેની જ વિરૂદ્ધતા કરતો હતો. એટલે તમે બધા પણ આ જ સંસ્કાર અપનાવો. અને એની જ ચિંતા કરો. અને જો નથી કરી શકતા તો યાદ રાખો કે થોડુંય અપનાવી લેવું મોટા ભાગને છોડી દેવા કરતા વધારે સારૂં છે.

**(૨૯૦) ગુનાહનો ત્યાગ**: જો ખુદા અવગણના પર અઝાબની ચેતવણી ન પણ આપત તો પણ જરૂરી હતું કે નેઅમતોનો ઉપકાર માનવા ખાતર નાફરમાની ન કરવામાં આવે.

**(૨૯૧) શોક પ્રદર્શન**: અશઅસ બિન કૈસને તેના પુત્રનો પૂરસો દેતા ફરમાવ્યું: અશઅસ, જો તમે તમારા પુત્રના ગમમાં શોકગ્રસ્ત છો તો તેના સગપણનો હક છે. પણ જો સબ્ર કરી લ્યો તો અલ્લાહની પાસે દરેક મુસીબતનો એક અજ્ર છે.

અશઅસ ! જો તમે સબ્ર કરી લીધી તો અલ્લાહની કઝા અને કદ્ર એ સ્થિતિમાં જારી થશે કે તમે અજ્રના હકદાર બનશો અને જો તમે ફરિયાદ કરી તો અલ્લાહની કદ્ર એ સ્થિતિમાં જારી થાશે કે ગુનાહનો બોજ તમારા માથે હશે.

અશઅસ ! તમારા માટે પુત્ર આનંદનું કારણ હતો જયારે કે તે એક કસોટી અને પરીક્ષા હતો અને શોકનું કારણ બની ગયો જયારે કે તેમાં સવાબ અને રહેમત છે.

**(૨૯૨) કબ્રે રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ પર**: પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને દફનાવતી વખતે કબ્રની પાસે ઊભા રહી ફરમાવ્યું:

સબ્ર દરેક સંજોગોમાં શ્રેષ્ઠ વસ્તુ છે પણ આપની મુસીબત સિવાય, અને પરેશાની અને વિહવળતા ખરાબ વસ્તુ છે પણ આપની વફાતની અલાવા, આપનું દુ:ખ ઘણું મોટું છે અને આપની પહેલા તથા આપની પછી બધા દુ:ખો આસાન છે.

**(૨૯૩) બેવકૂફની દોસ્તી:** મૂર્ખની દોસ્તી ન અપનાવો કેમકે તે પોતાના અમલને સુંદર બનાવી રજૂ કરશે અને તમારાથી પણ એવા અમલની માંગણી કરશે.

**(૨૯૪) મગરિબ અને મશરિક વચ્ચે અંતર:** આપને પૂર્વ અને પશ્ચિમના અંતર વિશે સવાલ કરવામાં આવ્યો, તો ફરમાવ્યું : સૂર્યનો એક દિવસનો રસ્તો.

**(૨૯૫) ત્રણ મિત્રો અને ત્રણ શત્રુઓ:** તમારા દોસ્તો પણ ત્રણ જાતના છે. અને દુશ્મન પણ ત્રણ પ્રકારના છે. દોસ્તોનો પ્રકાર આ છે: તમારો દોસ્ત, તમારા દોસ્તનો દોસ્ત અને તમારા દુશ્મનનો દુશ્મન. અને એ રીતે દુશ્મનના પ્રકાર આ છે: તમારો દુશ્મન, તમારા દોસ્તનો દુશ્મન અને તમારા દુશ્મનનો દોસ્ત.

**(૨૯૬) દુ:ખ દેવું:** આપે એક શખ્સને જોયો કે તે પોતાના દુશ્મનને નુકસાન પહોંચાડવા માગે છે પણ તેમાં તેનું પોતાનું નુકસાન થઈ રહ્યું છે. તો ફરમાવ્યું કે તારી ઉપમા એવા શખ્સ જેવી છે જે પોતાની છાતીમાં ભાલો ખોંસી દે જેથી પાછળ બેસનારો મરી જાય.

**(૨૯૭) બોધ અને ધડો (નસીહત)** : બોધના પ્રસંગો કેટલા બધા છે અને તેને ગ્રહણ કરનારા કેટલા ઓછા છે !

**(૨૯૮) ઝઘડાઓથી દૂર રહેવું:** જે લડવા ઝઘડવામાં સીમા વટાવી જાય તે ગુનેહગાર થાય છે. જે કચાશ રાખે છે તે પોતાની જાત પર ઝુલ્મ કરે છે અને આ રીતે ઝઘડો કરનારો તકવાના માર્ગ ઉપર નથી ચાલી શકતો (એટલે ઉચિત એ જ છે કે ઝઘડા ન કરો)

**(૨૯૯) તૌબા:** એ ગુનાહની કોઈ વય નથી જેના પછી એટલો સમય મળી જાય કે ઇન્સાન બે રકાત નમાઝ પડી લે અને ખુદાથી માફી માગી લે. (પણ પ્રશ્ન એ છે કે આ તકનો સંભવ ક્યાં છે ?)

**(300) હિસાબ કિતાબ:** આપથી સવાલ કરવામાં આવ્યો કે : પરવરદિગાર આટલા અસંખ્ય માણસોના હિસાબ કેવી રીતે લેશે? તો ફરમાવ્યું કે : જેવી રીતે આ બધાને રોઝી પહોંચાડે છે. ફરી પૂછવામાં આવ્યું કે જયારે તે સામે નહીં

આવે તો હિસાબ કેવી રીતે લેશે? જેવી રીતે સામે નથી આવતો અને રોઝી આપે છે.

**(૩૦૧) સંદેશ લાવનાર**: તમારો કાસિદ તમારી બુધ્ધિનો પ્રતિનિધી હોય છે. અને તમારો પત્ર તમારો શ્રેષ્ઠ પ્રતિનિધી હોય છે.

**(૩૦૨) દુઆનો મોહતાજ**: આકરામાં આકરી આફતોમાં સપડાઈ જનારો એનાથી વધારે દુઆનો મોહતાજ નથી, જે હમણા સુખી છે પણ ખબર નથી કે ક્યારે સપડાઈ જાય.

**(303) માનવ જગત**: લોકો દુનિયાના પુત્રો છે અને માની મહોબ્બત પર પુત્રોની નિંદા નથી થઈ શકતી.

**(૩૦૪) ખુદાનો મોકલેલ**: ફકીર અને નિરાધાર હકીકતમાં ખુદાના દૂત છે એટલે જેણે એને મના કરી દીધી તો સમજો કે ખુદાને ના પાડી દીધી અને જેણે તેઓને આપ્યું, તો સમજો કે કુદરતના હાથમાં મૂક્યું.

**(૩૦૫) ગૈરતમંદ વ્યભિચાર નથી કરતો:** સ્વમાનશીલ ઇન્સાન કદી વ્યભિચાર નથી કરતો. (કેમકે આ બલા તેના ઘરમાં પણ આવી શકે છે.)

**(૩૦૬) જીવનનો રક્ષક:** મૌતથી વધીને સારો કોઈ રક્ષક નથી.

**(૩૦૭) માલની લાગણી:** ઇન્સાન સંતાનના મરવા પર સૂઈ જાય છે પણ પૈસાના લુંટાઈ જવા પર નથી સૂતો.

ભાવાર્થ એ છે કે અવલાદના મરવા પર સબ્ર કરી લે છે પણ માલના નુકસાન પર સબ્ર નથી કરતો.

- સય્યદ રઝી.

**(૩૦૮) દોસ્તી અને સગપણ:** વડીલોની મોહબ્બત પણ અવલાદના માટે સગપણનો દરજ્જો રાખે છે અને મહોબ્બત સગપણની એટલી મોહતાજ નથી જેટલું સગપણ મહોબ્બતનું મોહતાજ છે.

(ઉદ્દેશ એ છે કે, તમે લોકો આપસમાં પ્યાર મહોબ્બત રાખો જેથી તમારી અવલાદ તમારા દોસ્તોને પોતાના સગા સમજે.)

**(૩૦૯) મોઅમિનની ભાવના:** મોઅમિનની આશંકાથી ડરતા રહો, કેમકે પરવરદિગાર હકને ઈમાનવાળાઓની જીભે જારી કરતો રહે છે.

**(૩૧૦) સંપૂર્ણ ઈમાન:** કોઈ બંદાનું ઈમાન ત્યાં સુધી સાચું નથી થઈ શકતું જ્યાં સુધી ખુદાઈ ખજાના પર પોતાના હાથની દોલતથી વધારે ભરોસો ન કરે.

**(૩૧૧) જૂઠનું પરિણામ:** હઝરતે બસરા પહોંચ્યા પછી અનસ બિન માલિકને કહ્યું કે જઈને તલહા અને ઝુબેરને પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના એ ઇરશાદ બતાવો જે હઝરતે મારા વિશે બયાન ફરમાવ્યા છે. તો તેઓએ ટાળમટોળ કરી અને પછી આવી બહાનું ધર્યું કે મને એ કથન યાદ નથી રહ્યા. તો હઝરતે ફરમાવ્યું કે જો તમે જૂઠા હશો તો પરવરદિગાર તમને એવા ચમકદાર દાગના માર મારશે કે તેને પાઘડી પણ છુપાવી નહીં શકે.

આ દાગથી મુરાદ કોઢ છે જેમાં અનસ સપડાયા અને જિંદગીભર મોં પર બુકાની બાંધીને રહ્યા. - સય્યદ રઝી.

**(૩૧૨) દિલોની હાલત:** દિલ ક્યારેક વલણ (રગબત) ધરાવે છે અને ક્યારેક ઉચાટ થઈ જાય છે. એટલે

વળેલા હોય તો તેઓને મુસ્તહબ અમલ પર તૈયાર કરો નહિતર માત્ર વાજીબ બાબતો પૂરતી ગણો. ( કેમકે પરાણે અમલ કરવાથી કોઈ ફાયદો નથી જ્યાં સુધી દિલમાં ખુલુસ ન હોય.)

**(૩૧૩) કુરઆનની સંપૂર્ણતા:** કુરઆનમાં તમારી પહેલાની ખબર, તમારી પછીની ભવિષ્યવાણી, અને તમારી દરમિયાની હાલતોના બધા હુકમો મળી આવે છે.

**(૩૧૪) ઈંટનો જવાબ ઈંટ:** જ્યાંથી પત્થર આવે ત્યાં જ ફેંકી દયો કેમકે બુરાઈનો જવાબ બુરાઈ જ હોય છે.

**(૩૧૫) અક્ષરોનું સૌંદર્ય:** આપે પોતાના કાતિબ ઓબયદુલ્લાહ બિન અલી રાફેઅને ફરમાવ્યું: તમારા ખડિયામાં વરીયાળી નાખ્યા કરો અને તમારી કલમની જીભ (અણી) લાંબી રાખ્યા કરો. લીંટીઓ વચ્ચે અંતર રાખો અને અક્ષરોને સાથે મેળવીને લખ્યા કરો કેમકે તેનાથી લખાણ ઘણું આકર્ષક બની જાય છે.

**(૩૧૬) મોઅમિનોના યાસુબ ( સરદાર):** હું મોઅમિનોનો (યાસુબ) સરદાર છું અને માલ ગુનેહગારોનો સરદાર છે.

અર્થાત ઈમાનવાળાઓ મારી પયરવી કરે છે અને ગુનેહગાર દૂરાચારી માલના ઈશારે ચાલ્યા કરે છે. જેવી રીતે મધમાખી પોતાના સરદારની પયરવી કરે છે. - સય્યદ રઝી.

**(૩૧૭) એક યહૂદીનું મેણું:** એક યહૂદીએ આપને મેણું માર્યું કે આપ મુસલમાનોએ પોતાના પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના દફન પછી જ લડવાનું શરૂં કરી દીધું, તો આપે ફરમાવ્યું કે અમે તેના જાનશીન પર મતભેદ કર્યો છે, તેઓથી વિરોધ નથી કર્યો પણ તમે યહૂદીઓના પગ નાઈલ નદીના પાણીથી સૂકાયા પણ ન હતા કે તમે પોતાના પયગમ્બરને જ કહી દીધું કે "અમને પણ એવો જ ખુદા જોઈએ જેવો આ લોકો પાસે છે." જેના પર પયગમ્બરે કહ્યું કે તમે જાહિલ કૌમ છો.

**(૩૧૮) ગલ્બાનું કારણ:** આપને પુછવામાં આવ્યું કે આપ બહાદુરો પર કેવી રીતે વિજય મેળવો છો? તો આપે ફરમાવ્યું કે જે શખ્સનો સામનો કરૂં છું એ પોતે જ પોતાની વિરૂદ્ધ મારી મદદ કરે છે.

અર્થાત તેના દિલમાં મારી ધાક બેસી જાય છે. - સય્યદ રઝી.

**(૩૧૯) ભૂખ નિર્ધનતાનો ડરઃ** આપે પોતાના પુત્ર મોહમ્મદ હનફીયાને ફરમાવ્યું: અય પુત્ર ! હું તમારા સંબંધમાં ગરીબી અને નિર્ધનતાથી ડરૂં છું, એટલે તમે એનાથી અલ્લાહની પનાહ માગો કે, ગરીબી દીનની કમજોરી, બુધ્ધિની પરેશાની અને લોકોના ધિક્કારનું કારણ બની જાય છે.

**(૩૨૦) રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની રીતઃ** એક શખ્સે અઘરો પ્રશ્ન પૂછી લીધો તો આપે ફરમાવ્યું કે સમજવા માટે પુછો, મૂંઝવણમાં પડવા માટે નહીં, કેમકે જો જાહિલ પણ શીખવા માગે તો તે આલિમ જેવો છે અને આલિમ પણ જો ગૂંચવણમાં પડવા માગે તો તે જાહિલ જેવો છે.

**(૩૨૧) એક મશ્વેરો:** અબ્દુલ્લાહ બિન અબ્બાસે આપના દ્રષ્ટિબિંદુની વિરૂદ્ધ આપને મશ્વેલરોઆપ્યો તો કહ્યું તમારૂં કામ મશ્વેકરો આપવાનું છે, ત્યાર પછી રાય (નિર્ણય)

મારી છે એટલે અગર હું તમારી વિરૂદ્ધ પણ રાય નક્કી કરી લઉં તો તમારી ફરજ મારી આજ્ઞા પાળવાની છે.

**(૩૨૨) મરનારા પર રોવું:** રિવાયતમાં આવ્યું છે કે જયારે આપ સિફફીનથી પાછા ફરતા કૂફામાં ઉતર્યા તો આપ શબામના કબીલા પાસેથી પસાર થયા જ્યાં સ્ત્રીઓ સિફફીનમાં માર્યા જનારાઓ પર વિલાપ કરી રહી હતી. એટલામાં હરબ બિન શરજીલ શબામી જે કબીલાનો સરદાર હતો તે હઝરતની સેવામાં હાજર થયો તો આપે ફરમાવ્યું: તમારી ઔરતો પર તમારૂં ચાલતું નથી જે હું આ કલ્પાંત સાંભળી રહ્યો છું. અને તમે તેઓને આ રીતના વિલાપથી મના કેમ નથી કરતા? એમ કહી આપ આગળ વધી ગયા તો હરબ પણ આપની સવારી પાછળ ચાલવા લાગ્યો. આપે ફરમાવ્યું: જાવ પાછા જાવ. હાકિમની સાથે આ રીતે પગપાળા ચાલવું હાકિમના માટે ફિત્નો છે અને મોઅમિનના માટે હીણપત (હલકાઈ)નું કારણ.

**(૩૨૩) નહેરવાનના ખારજીઓ:** નહેરવાનના પ્રસંગે આપ ખારજીઓના મરેલાઓ પાસેથી પસાર થયા તો

ફરમાવ્યું કે તમારા ભાગ્યમાં માત્ર વિનાશ અને બરબાદી છે, જેઓએ તમને બહેકાવ્યા હતા તેમણે તમને ધોકો પણ આપ્યો હતો.

લોકોએ પૂછયું કે આ ધોકો તેઓને કોણે આપ્યો હતો ? ફરમાવ્યું: ગુમરાહ કરનાર શયતાને અને નફસે અમ્મારાએ. તેણે તેઓને આરજૂઓમાં ગૂંચવી નાખ્યા અને ગુનાહોના રસ્તા ખોલી નાખ્યા અને તેઓથી વિજયનો વાયદો કર્યો જેના પરિણામે તેઓને જહન્નામમાં ફેંકી દીધા.

**(૩૨૪) ખુદાની નાફરમાનીથી ડરો:** એકાંતમાં પણ ખુદાની અવગણનાથી બચો કેમકે જે જોવાવાળો છે એ જ ફેંસલો કરનારો છે.

**(૩૨૫) મોહમ્મદ ઇબ્ને અબી બક્રનું મૃત્યું:** જયારે આપને મોહમ્મદ બિન અબી બક્રની શહાદતની ખબર મળી તો ફરમાવ્યું કે: મારો ગમ મોહમ્મદ પર એટલો જ છે જેટલી દુશ્મનને ખુશી છે. ફરક માત્ર એટલો છે કે દુશ્મનનો એક દુશ્મન ઓછો થયો છે અને મારો એક દોસ્ત.

**(૩૨૬) માફી માગવાની વય મર્યાદા:** જે વય પછી પરવરદિગાર આદમના સંતાનોનું બહાનું કબૂલ નથી કરતો તે સાઠ વરસ છે.

**(૩૨૭) ખોટી રીતે સફળતા:** જેના પર ગુનાહ ચડી બેસે ( અંકુશ મેળવી લે) છે તે વિજ્યી નથી. કેમકે બદી (દુષ્ટતા) મારફત વિજય પામનાર પરાજિત જ હોય છે.

**(૩૨૮) ફકીરોનો હિસ્સો:** પરવરદિગારે માલદારોના માલમાં ગરીબોની રોઝી રાખી છે એટલે જયારે પણ કોઈ ફકીર ભૂખ્યો હશે તો એનો અર્થ એ કે માલદારે પૈસો સમેટી લીધો છે અને પરવરદિગાર કયામતના દિવસે તેને જરૂર સવાલ કરનાર છે.

**(૩૨૯) બહાનું કાઢવું:** માફી માગવાથી બેપરવાઈ કરવી તે સાચું બહાનું રજૂ કરવાથી વધારે પ્રિય છે. (એટલે માફી માંગવા લાયક કોઈપણ કામ ન કરવું)

**(૩૩૦) નેઅમતનો દુરૂપયોગ:** ખુદાનો ઓછોમાં ઓછો હક એ છે કે તેણે આપેલી નેઅમતથી તેના ગુનાહ ન આચરો.

**(૩૩૧) ફરજ અદા કરવાની તક:** પરવરદિગારે સમજદારો માટે ઇતાઅતનો એ મૌકો શ્રેષ્ઠ નક્કી કર્યો છે જયારે આળસુ લોકો આળસમાં પડી જાય છે. (ઉદા: નમાઝે શબ)

**(૩૩૨) બાદશાહની હેસિયત:** બાદશાહ જમીન ઉપર અલ્લાહનો ચોકીદાર છે.

**(૩૩૩) મોઅમિનના ગુણો:** મોઅમિનના ચહેરા પર આનંદ (નિખાર) હોય છે અને દિલમાં ગમ અને રંજ. તેની છાતી વિશાળ હોય છે અને નમ્ર, ઊંચાઈને (મોટાઈને) પસંદ નથી કરતો, અને ખ્યાતિનો તિરસ્કાર કરે છે. તેનો ગમ લાંબો હોય છે અને હિમ્મત મોટી હોય છે, ચૂપકીદી વધારે હોય છે અને સમય પ્રવૃતિમય હોય છે. તે શુક્ર કરવાવાળો, સબ્ર કરવાવાળો, ચિંતનમાં ડૂબેલો, હાથ લાંબો કરવામાં કંજૂસ, સારા સ્વભાવ અને નરમ મિજાઝનો હોય છે, તેનું મન (હકના મામલામાં) પત્થરથી વધારે સખ્ત હોય છે અને ગુલામથી પણ વધારે વિનમ્ર હોય છે.

**(૩૩૪) આશાઓનો ધોકો:** જો ખુદાનો બંદો મૌત અને પોતાના અંજામને જોઈ લે તો આશાવંત (આશાવાદી) તેના ફરેબથી નફરત કરવા લાગે.

**(૩૩૫) બે ભાગીદાર:** દરેક શખ્સના પોતાના માલમાં બે પ્રકારના ભાગીદાર હોય છે. એક વારિસ અને એક મુસીબતો.

**(૩૩૬) વચનપાલન:** જેનાથી માગવામાં આવે છે તે ત્યાં સુધી સ્વતંત્ર છે જ્યાં સુધી વાયદો ન કરી લે.

**(૩૩૭) બેઅમલની દુઆ:** વિના અમલ બીજાને દાવત આપનાર એવો હોય છે જેવો કામઠા વગર તીર ચલાવનાર.

**(૩૩૮) ઇલ્મના બે પ્રકાર:** ઇલ્મના બે પ્રકાર છે. એક એ છે જે સ્વભાવમાં ઉતરી જાય છે અને એક એ હોય છે જે માત્ર સાંભળી લેવામાં આવે છે. અને સાંભળેલું ત્યાં સુધી કામ નથી આવતું જ્યાં સુધી સ્વભાવનું અંગ ન બની જાય.

**(૩૩૯) રાયનું ઠીક હોવું:** રાયની દુરસ્તી - ધનની અઢળકતા સાથે જોડાએલી છે. તેની સાથે આવે છે અને તેની

સાથે ચાલી જાય છે. (પણ ધન એમ જ નથી મળતું તેના માટે પણ ખરી રાયની જરૂરત છે.)

*નોંધ : સામાન્ય રીતે લોકો ધનવાનોના મંતવ્યને માન આપે છે એટલે જ્યારે તે નિર્ધન થઇ જાય તો તેના મંતવ્ય મૂલ્યહીન થઇ જાય છે.*

**(૩૪૦) પાક દામની અને શુક્ર:** સુશીલતા (પાકદામની) ફકીરીની શોભા છે અને શુક્ર માલદારીની શોભા છે.

**(૩૪૧) ઝાલિમ અને મઝલૂમ:** મઝલૂમના હકમાં ઝુલ્મના દિવસથી વધારે કઠણ ઝાલિમના હકમાં ઇન્સાફનો દિવસ હોય છે.

**(૩૪૨) મોટી શ્રીમંતાઈ:** લોકોના હાથની દૌલતથી નિરાશ થઈ જવું એજ શ્રેષ્ઠ શ્રીમંતાઈ છે. (કે ઇન્સાન માત્ર ખુદાનું ધ્યાન ધરે.)

**(૩૪૩) અમુક લોકોની સ્થિતિ:** વાતો બધી સલામત રહે છે અને દિલોના ભેદોની પરીક્ષા થનારી છે, દરેક જણ પોતાના આમાલના હાથે ગીરવી છે. અને લોકોના શરીરમાં અશક્તિ અને અકલમાં કમજોરી આવનારી છે પણ એક અલ્લાહ જ બચાવી લે. તેઓમાંનો સવાલ કરનાર મુંઝવનારા છે અને જવાબ દેનારા નકામી મહેનત કરે છે. નજીક છે કે તેઓમાંના શ્રેષ્ઠ અભિપ્રાય પણ માત્ર રાજી કરવા અથવા ગઝબના ખ્યાલથી પોતાની રાયથી ફેરવી નાખવામાં આવે અને જે અત્યંત મજબૂત અકલ અને ઇરાદાવાળો છે તેને પણ એક નજર પ્રભાવિત કરી દે અથવા એક કથન તેમાં ક્રાંતિ સર્જી દે.

**(૩૪૪) દુનિયા અને આખેરતની ખોટ:** અય લોકો અલ્લાહથી ડરો કેમકે ઘણા આશાવાદીઓ છે જેઓની આશાઓ પૂરી નથી થતી, અને કેટલાય ઘર બનાવવાવાળા

છે જેઓને ઘરમાં રહેવાનું નસીબ નથી થતું. કેટલાય ધન સંગ્રહ કરનારા છે જેઓ માલ છોડીને ચાલ્યા જાય છે અને ઘણું સંભવિત છે કે ખોટી રીતે સંગ્રહ કરેલ હોય અથવા કોઈના હકનો ઇન્કાર કરી દીધો હોય અથવા હરામ માર્ગે મેળવેલ હોય, અને ગુનાહોનો ભાર ઊંચકી લીધો હોય. - તો તેનો વબાલ લઈ પાછા ફરે અને એ સ્થિતિમાં ખુદાની સમીપ હાજર થઈ જાય, જ્યાં માત્ર રંજ અને પસ્તાવો હોય અને દુનિયા તથા આખેરત બંનેનો ઘાટો હોય જે હકીકતમાં ઉઘાડું નુકસાન છે.

**(૩૪૫) ગુનાહોથી મજબૂરી**: ગુનાહો સુધી ન પહોંચવું પણ એક જાતની પાકદામની છે.

**(૩૪૬) આબરૂનો સોદો**: તમારી આબરૂ સલામત છે અને માગવું તેને મીટાવી દે છે, એટલે એ જોતા રહો કે કોની સામે હાથ લંબાવો છો અને આબરૂનો સોદો કરો છો.

**(૩૪૭) પ્રશંસામાં સમતોલપણું**: યોગ્યતાથી વધુ વખાણ કરવા ખુશામદ છે અને યોગ્યતાથી ઓછા વખાણ કરવા લાચારી છે અથવા હસદ છે.

**(૩૪૮) મોટા ગુનાહ**: સૌથી સખ્ત ગુનાહ એ છે જેને ગુનેહગાર હલકો ગણે છે.

**(૩૪૯) સારા નરસા ગુણો**: જે પોતાના એબો પર નજર રાખે છે તે બીજાના એબોથી ગાફિલ થઈ જાય છે. અને જે ખુદાએ આપેલ રોઝી પર રાજી રહે છે તે કોઈ ચીજ હાથમાંથી નિકળી જવા પર ગમગીન નથી થતો. જે બંડખોરીની તલવાર ખેંચે છે, પોતે તેનાથી જ માર્યો જાય છે. અને જે અગત્યના કાર્યોને જબરદસ્તી પૂરા કરવા માગે છે તે તબાહ થઈ જાય છે. લહેરોમાં કૂદી પડનારો ડૂબી જાય છે. અને ખોટી જગ્યાએ પ્રવેશનાર બદનામ થઈ જાય છે. જે વાતો વધારે કરે છે તે ભૂલો પણ વધારે કરે છે અને જેની ભૂલો વધારે હોય છે તેની શરમ ઓછી થઈ જાય છે. અને જેની શરમ ઓછી થઇ જાય છે તેની પરહેઝગારી પણ ઓછી થઈ જાય છે અને જેની પરહેઝગારી ઓછી જઈ જાય છે. તેનું

દિલ મરી જાય છે. અને જેનું દિલ મરી જાય છે તે જહન્નહમમાં દાખલ થઈ જાય છે.

જે લોકોના એબો જોઈને અણગમો દેખાડે છે અને પછી એ જ એબ પોતા માટે પસંદ કરે તો તેને મૂર્ખ કહેવામાં આવે છે.

સંતોષ એક એવી મૂડી છે જે કદી ખતમ થવાવાળી નથી.

જે મૌતને બરાબર યાદ કરતો રહે છે તે દુનિયાના થોડા ભાગ પર પણ રાજી થઈ જાય છે.

અને જેને એ ખબર હોય છે કે વાણી પણ અમલનો એક ભાગ છે તો જરૂરતથી વધારે બોલતો નથી.

**(૩૫૦) ઝાલિમની નિશાનીઓ:** લોકોમાં ઝાલિમની ત્રણ નિશાનીઓ હોય છે: પોતાથી ઊંચા (ઉપરી) પર અવગણનાથી ઝુલમ કરે છે. પોતાથી નાના પર જોર જબરથી ઝુલ્મ કરે છે અને પછી ઝાલિમ લોકોની હિમાયત કરે છે.

**(૩૫૧) સખ્તી પછી આસાની:** સખ્તીઓના અંત પર જ સુખદ સ્થિતિ જન્મે છે. અને આફતોની સાંકળોના સકડાવા સાથે જ આરામ ઉદભવે છે.

**(૩૫૨) બાલ બચ્ચાથી લાગણી:** પોતાના કેટલાક અસ્હાબને સંબોધી ફરમાવ્યું: બાલ બચ્ચાઓની વ્યાધિમાં વધારે ન પડયા રહો. જો તેઓ અલ્લાહના દોસ્ત છે તો અલ્લાહ તેમને દુ:ખી થવા નહીં દે. અને જો તેના દુશ્મન છે તો તમે અલ્લાહના દુશ્મનોના વિશે શું કામ ચિંતા કરો છો.

(હેતુ એ છે કે, ઇન્સાન પોતાના વર્તૂળમાંથી નીકળી સમાજ અને લોકો વિશે પણ ચિંતા કરે. માત્ર કૂવાના દેડકા બનીને ન રહે.)

**(૩૫૩) છીદ્રો શોધવા:** ખરાબમાં ખરાબ એબ એ છે કે ઇન્સાન કોઈ એબને ખરાબ કહે અને પછી તેનામાં એજ એબ દેખાતો હોય.

**(૩૫૪) બાળજન્મની મુબારકબાદ:** હઝરતની સામે એક શખ્સે બીજા શખ્સને પુત્રની મુબારકબાદ દેતા કહ્યું : શેહસવાર મુબારકબાદ. તો આપે ફરમાવ્યું: એમ ન કહો

બલ્કે એમ કહો કે તમે આપનારનો શુક્ર અદા કર્યો છે એટલે તમને આ ભેટ મુબારક થાય. ખુદા કરે કે નિપુણ બને અને તમને એની નેકીનો લાભ પહોંચે.

**(૩૫૫) દોલતની અસરો:** આપના અમલદારોમાંથી એક માણસે વિશાળ ઇમારત ઊભી કરી લીધી તો આપે ફરમાવ્યું કે ચાંદીના સિક્કાઓએ માથું ઊંચક્યું છે. ખરેખર આ ઇમારત તમારી માલદારીની ચાડી ખાય છે.

**(૩૫૬) રોઝીની પહોંચ:** કોઈએ આપને પ્રશ્ન કર્યો કે અગર કોઈ શખ્સના ઘરનો દરવાજો બંધ કરી દેવામાં આવે અને તેને એકલો મુકી દેવામાં આવે તો તેની રોઝી ક્યાંથી આવશે? ફરમાવ્યું: જ્યાંથી તેની મૌત આવશે.

**(૩૫૭) શોક પ્રદર્શન:** એક જમાતને કોઈ મરવાવાળાનો શોક વ્યક્ત કરતા કહ્યું: આ વાત તમારે ત્યાં નવી નથી અને ન તમારા પર તેનો અંત છે. તમારો આ સાથી સફરમાં રચ્યો પચ્યો રહેતો હતો તો સમજો કે આ પણ એક સફર છે. ત્યાર પછી તે તમારી પાસે આવી પહોંચશે અથવા તમે તેની પાસે જઈ પહોંચશો.

**(૩૫૮) નેઅમત અને વબાલ:** લોકો ! અલ્લાહ તમને નેઅમતના મૌકા પર પણ એવા જ ડરેલા જુએ જેવી રીતે અઝાબના મામલામાં પરેશાન જુએ છે, જે શખ્સનો હાથ વિશાળ થઈ જાય અને તેને તે અઝાબની લપટ ન સમજે તો તેણે ભયાનક વસ્તુથી પણ પોતાને સંતોષી સમજી લીધો અને જે તંગદસ્તીમાં આવી જાય અને તેને પરીક્ષા ન સમજે તેણે એ સવાબ પણ ખોઈ નાખ્યો જેની આશા રાખવામાં આવતી હતી.

**(૩૫૯) આત્મ સુધારણા:** અય લોભ લાલચના કૈદીઓ ! હવે તો થોભો ! કે દુનિયા પર તૂટી પડનારાઓને કાળના અકસ્માતોના દાંત પીસવા સિવાય કોઈ ભયભીત નથી કરી શકતો.

અય લોકો ! પોતાની જાતને સુધારવાની જવાબદારી પોતે સંભાળી લ્યો અને પોતાની આદતોની માંગણી પોતે સંભાળી લ્યો અને પોતાની આદતોની માંગણીઓથી મોં ફેરવી લ્યો.

**(૩૬૦) બદગુમાની**: કોઈની વાતનો ઉલટો અર્થ ન લ્યો, જ્યાં સુધી તેમાં ખરો અર્થ લેવાની શક્યતા હોય.

**(૩૬૧) દુઆની રીત**: જો પરવરદિગારની બારગાહમાં તમારે કંઈ માંગવું હોય તો દુઆઓનો આરંભ હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ પર દુરૂદથી કરો ત્યાર પછી પોતાની હાજત માંગો કે પરવરદિગાર આ વાતથી ઊંચો છે કે તેની પાસે બે વાત માગવામાં આવે અને એ એક વાત તો પૂરી કરી દે અને બીજીને ધ્યાનમાં ન લે.

**(૩૬૨) માનનું રક્ષણ**: જે પોતાની પ્રતિષ્ઠા બચાવવા માગતો હોય તેને જોઈએ કે ટંટા ફસાદથી દૂર રહે.

**(૩૬૩) સમય અને સંજોગ**: કોઈ વાતના સંભવ પહેલા ઉતાવળ કરવી અને સમય આવી જવા પછી ઢીલ કરવી બંને મૂર્ખાઈ છે.

**(૩૬૪) નિરર્થક પ્રશ્ન**: જે વાત બનવાવાળી નથી તેના વિશે સવાલ ન કરો, કેમકે જે થઈ ગયું છે એ જ તમારા માટે પૂરતું છે.

**(૩૬૫) પ્રિય ગુણો**: ચિંતન એક સ્વચ્છ અરીસો છે અને ધડો લેવો (નસીહત લેવી) એક અત્યંત નિખાલસ સચેત કરનારો છે. તમારા નફસની સભ્યતા માટે એટલું જ પુરતું છે કે જે વસ્તુ બીજા માટે પસંદ નથી કરતા તેનાથી ખૂદ પોતે પણ પરહેઝ કરો.

**(૩૬૬) ઇલ્મ અને અમલ**: ઇલ્મનું ભાગ્ય અમલ સાથે જોડાએલું છે. અને જે ખરો આલિમ હોય છે તે અમલ પણ કરે છે. યાદ રાખો કે ઇલ્મ અમલ માટે પુકારે છે અને જો ઇન્સાન સાંભળી લે તો સારૂં નહિતર પોતે પણ ચાલ્યું જાય છે.

**(૩૬૭) ક્રાંતિ અને પલટા**: અય લોકો ! દુનિયાની મૂડી (પૂંજી) એક સડેલું ભૂસું છે. જેનાથી વબા ફેલાવવાવાળી છે. એટલે તેના ચરવાના ખેતરથી સચેત રહો અહીંથી ઉચાળા ભરવા આરામથી રહેવા કરતા વધારે લાભદાયક છે. અને અહીં જરૂરત પૂરતો સામાન ધનવાની કરતા વધારે બરકતવાળો છે. અહીંના પૈસાદારો માટે એક દિન મોહતાજી

લખી દેવામાં આવી છે અને તેનાથી બેપરવા રહેનારને રાહતનો સધિયારો આપી દેવામાં આવ્યો છે.

જેને તેનો શણગાર ગમી ગયો તેની આંખોને તે અંતે આંધળી કરી દે છે. એને જેણે તેની પ્રવૃત્તિને આદત બનાવી લીધી તેના મનને ગમ અને દુ:ખથી ભરી દે છે. અને આ અનુક્રમ આમ જ ચાલુ રહે છે. ત્યાં સુધી કે તેનું ગળું ટુંપાવી દેવામાં આવે અને તેને ફિઝા (કબ્ર) માં નાખી દેવામાં આવે જ્યાં દિલની બંને રગો કપાઈ જાય. ખુદાને માટે તેનો નાશ કરવો પણ આસાન છે અને ભાઈઓ માટે તેને કબ્રમાં નાખી દેવો પણ મુશ્કિલ નથી.

મોઅમિન એ જ છે જે દુનિયાની સામે બોધની નજરે જુએ છે. અને પેટ પુરતા સામાન પર ગુજારો કરી લે છે. તેની વાતોને દુશ્મનાવટ અને તિરસ્કારના કાનોથી સાંભળે છે કે જયારે કોઈના માટે કહેવામાં આવે છે કે માલદાર થઈ ગયો છે તો તરત જ અવાજ આવે છે કે નાદાર થઈ ગયો છે. અને જયારે કોઈને અમરતા (બકા) વિશે ખુશ કરવામાં આવે છે તો નાશના વિચારથી ગમગીન બનાવી દેવામાં આવે છે. અને

આ બધું એ સમયે છે જયારે હજી એ દિવસ નથી આવ્યો જે દિવસે દુનિયાવાળા હતાશ થઈ જશે.

**(૩૬૮) સવાબ અને સજા**: પરવરદિગારે ફરમાંબરદારી પર સવાબ અને ગુનાહ પર અઝાબ એટલા માટે રાખ્યો છે કે બંદાઓને પોતાના ગઝબથી દૂર રાખે અને તેને ઘેરીને જન્નબતનીતરફ લઈ આવે.

**(૩૬૯) ભવિષ્યવાણી**: લોકો પર એવો સમય આવનાર છે જયારે કુરઆનમાં માત્ર નકશ બાકી રહી જશે અને ઇસ્લામમાં માત્ર નામ બાકી રહી જશે. મસ્જિદો ચણતરના હિસાબે આલીશાન હશે અને હિદાયતના હિસાબે બરબાદ હશે. તેના રહેવાવાળા અને વસાવવાવાળા બધા ખરાબમાં ખરાબ જમાનાવાળા હશે. તેઓમાંથી ફિત્નો ઉઠશે અને તેઓની પાસે જ ભૂલોને રક્ષણ મળશે. જે તેનાથી બચીને જવા માગતો હશે તેને તેની તરફ પાછો વાળવામાં આવશે અને જે દૂર રહેવા માગતો હશે તેને હાંકીને લઈ જવામાં આવશે.

પરવરદિગારે આમ ફરમાવ્યું છે કે, "મારી જાતની કસમ હું એ લોકો પર ફિત્નો સવાર કરી દઈશ, જે અકલવાળાઓને પણ હયરતમાં નાખી દેશે અને આ ચોક્કસ થઈને રહેશે." અમે તેની બારગાહમાં ગફલતોમાં પડવાથી પનાહ માગીએ છીએ.

**(૩૭૦) દુનિયા અને આખેરત:** કહેવામાં આવે છે કે, આપ જયારે પણ મિમ્બર પર બિરાજમાન થતા તો ખુત્બો પડવા પહેલા આ શબ્દો ઉચ્ચારતા હતા:

લોકો ! અલ્લાહથી ડરો, તેણે કોઈને વ્યર્થ પેદા નથી કર્યો કે રમત ગમતમાં લાગી જાય અને ન સ્વતંત્ર છોડી દીધો છે કે બેકાર કામ કરવા લાગે. આ દુનિયા જે ઇન્સાનની દ્રષ્ટિમાં આકર્ષક બની ગઈ છે. તે એ આખેરતનો બદલ નથી બની શકતી જેને કુદ્રષ્ટિએ કદરૂપી બનાવી દીધી છે. જે ધોકાવાળી દુનિયાના પ્રાપ્ત કરવામાં સફળ થઈ જાય તે એના જેવો નથી જે આખેરતમાં અલ્પ હિસ્સો પણ મેળવી લે.

**(૩૭૧) તકવા અને પરહેઝગારી:** ઇસ્લામથી વધીને કોઈ ઊંચી પ્રતિષ્ઠા નથી અને તકવાથી વધીને

માનવંત કોઈ માન નથી. પરહેઝગારીથી બહેતર કોઈ આશ્રયસ્થાન નથી અને તૌબાથી વધીને સફળ કોઈ શફાઅત કરવાવાળો નથી. સંતોષથી વધીને માલદાર કોઈ ખજાનો નથી. અને રોઝી પર રાજી રહેવાથી વધીને ગરીબાઈ અને ભુખને દૂર કરનાર કોઈ માલ નથી. જેણે જરૂર પૂરતા સામાન પર નિભાવ કર્યો તેણે રાહત મેળવી લીધી અને નિરાંતના સ્થળે ઘર બનાવી લીધું.

ઇચ્છા દુ:ખ અને તકલીફની ચાવી અને થાક તથા પરિશ્રમની સવારી છે.

લાલચ, ઘમંડ અને ઇર્ષા ગુનાહોમાં કુદી પડવાના સાધન અને ઉત્તેજક છે અને બદી તમામ બુરાઈઓનો સંગ્રહ છે.

**(૩૭૨) દુનિયા અને દીનનો કયામ:** આપે જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીને ફરમાવ્યું: અય જાબિર ! દીન અને દુનિયા ચાર ચીજો પર કાયમ છે.

એ આલિમ જે પોતાના ઇલ્મનો ઉપયોગ કરે અને એ જાહિલ જે ઇલ્મ શીખવાથી ઇન્કાર ન કરે.

એ સખી જે પોતાની નેકીઓમાં લોભ ન કરે.

અને એ ફકીર જે પોતાની આખેરતને દુનિયાના બદલે વેચી ન નાખે. એટલે (યાદ રાખો) જો આલિમ પોતાને બરબાદ કરી દેશે તો જાહિલ પણ તેને પ્રાપ્ત કરવાથી અકડી જશે. અને જો સખી પોતાની નેકીઓમાં લોભ કરશે તો ફકીર પણ આખેરતને દુનિયાના બદલે વેચવા તૈયાર થઈ જશે.

જાબિર ! જેના પર અલ્લાહની નેઅમતો વધારે હોય છે. તેનાથી લોકોની હાજતો પણ વધારે હોય છે. એટલે જે શખ્સ પોતાના માલમાં અલ્લાહથી ફરજો સાથે રહે છે તે પોતાની અમરતા અને સદાકાળનો સમાન ભેગો કરે છે અને જે આ ફરજો પૂરી નથી કરતો તે તેને પતન અને વિનાશના માર્ગે લગાવી દે છે.

**(૩૭૩) હિદાયતનો માર્ગ:** ઇબ્ને જરીર તબરીએ પોતાના ઇતિહાસમાં અબ્દુર્ર રહેમાન બિન અબી લયલાથી નકલ કર્યું છે કે, જે હજજાજના સામના માટે ઇબ્ને અશઅસના સાથે નિકળ્યો હતો, અને લોકોને જેહાદ માટે ઉત્તેજિત કરી રહ્યો હતો, કે મેં હઝરત અલી અલય્હિસ્સલામથી એ દિવસે

સાંભળ્યું જયારે અમે લોકો શામવાળાઓથી લડી રહ્યા હતા કે હઝરતે ફરમાવ્યું:

ઈમાનવાળાઓ ! જે શખ્સ એ જુએ કે ઝુલ્મ અને અત્યાચાર પર અમલ થઈ રહ્યો છે અને બુરાઈઓનું આમંત્રણ આપવામાં આવી રહ્યું છે અને પોતાના દિલથી તેનો ઇન્કાર કરી દે તો જાણે સલામત થઈ ગયો અને મૂક્ત થઈ ગયો. - અને ઝબાનથી ઇન્કાર કરી દે તો અજ્રનો હકદાર પણ થઈ ગયો કેમકે આ દિલી ઇન્કારથી વધારે સારી રીત છે. અને જો કોઈ તલવાર વડે તેની રોકથામ કરે, જેથી અલ્લાહનું કથન ઘણું ઊંચુ થઈ જાય અને ઝાલિમોની વાત પડી જાય તો આ જ એ શખ્સ છે જેણે હિદાયતનો માર્ગ મેળવી લીધો અને સીધા માર્ગ પર ઊભો થઈ ગયો અને તેના દિલમાં યકીનની રૌશની પૈદા થઈ ગઈ.

**(૩૭૪) અમ્ર બિલ મઅરૂફ અને નહિ અનિલ મુન્કર:** (આજ વિષય પર એક બીજા પ્રસંગે ફરમાવ્યું:) કેટલાક લોકો મુન્કેરાતનો ઇન્કાર દિલ - ઝબાન અને હાથથી કરે છે તો તેઓ ભલાઈના બધા વિભાગોના ધણી છે. અને અમુક લોકો માત્ર જીભ અને દિલથી ઇન્કાર કરે છે. અને

હાથથી રોકથામ નથી કરતા તો તેઓએ ભલાઈની બે આદતોને મેળવી અને એક આદત બરબાદ કરી. અને અમુક લોકો માત્ર દિલથી ઇન્કાર કરે અને ન હાથ વાપરે છે ન જીભ, તો તેઓએ બે આદતોને બરબાદ કરી અને માત્ર એકને જાળવી રાખી.

અને અમુક એ પણ છે જેઓ દિલ, ઝબાન કે હાથ કોઈથી પણ બુરાઈઓનો ઇન્કાર નથી કરતા તો તેઓ જીવતાઓ વચ્ચે મુડદા જેવા છે. અને યાદ રાખો કે આ બધા આમાલે ખૈર, ખુદાના માર્ગમાં જેહાદ સહિત અમ્ર બિલ મઅરૂફ અને નહિ અનિલ મુન્કરના સામનામાં એ જ હેસિયત ધરાવે છે જે ઊંડા સમંદરમાં થૂંકના છાંટાની હોય છે.

અને આ બધા કાર્યોથી ઉચ્ચતર કાર્ય ઝાલિમ રાજકર્તાની સામે ન્યાયભર્યા શબ્દોનો પડકાર છે.

**(૩૭૫) જેહાદની વ્યાખ્યા:** અબૂ જહીફાથી નકલ કરવામાં આવ્યું છે કે મેં હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામને એમ કહેતા સાંભળ્યા છે કે સૌથી પહેલા તમને હાથના જેહાદમાં પરાજિત કરવામાં આવશે ત્યાર પછી જીભના જેહાદમાં અને ત્યાર પછી દિલના જેહાદમાં. - પણ એ

યાદ રહે કે જો કોઈ શખ્સે દિલથી સારપને સારપ ન સમજી અને બુરાઈને બુરૂં ન સમજ્યો તો તેને એવી રીતે ઉથલાવવામાં આવશે કે નીચો ઊંચો થઈ જાય અને ઊંચો નીચો થઈ જાય.

**(૩૭૬) હક અને બાતિલનું પરિણામ:** હક સદા ભારે હોય છે પણ મજાનું હોય છે અને જૂઠ સદા આસાન હોય છે પણ ઘાતક હોય છે.

**(૩૭૭) આશા નિરાશા:** જુઓ, આ ઉમ્મતના સૌથી શ્રેષ્ઠ આદમીના વિશે પણ અઝાબથી નચિંત ન થઈ જવું કેમકે અલ્લાહના અઝાબથી માત્ર ખોટમાં રહેનારા જ નિરાંત કરીને બેસી જાય છે. એવી રીતે આ ઉમ્મતના બદતરીનના વિશે પણ ખુદાની રહેમતથી હતાશ ન થઈ જવું. કેમકે ખુદાની રહેમતથી નિરાશા માત્ર કાફરોનો ભાગ છે.

(ધ્યાન રહે કે આ કથનનો સંબંધ માત્ર એ ગુનેહગારોથી છે જેના આમાલ તેઓને કુફ્રની સીમા સુધી ન પહોંચાડી દે નહીતર કાફર તો હર હાલમાં ખુદાની રહેમતથી માયૂસ રહે છે.)

**(૩૭૮) કંજૂસી:** કંજૂસી એબોની બધી બુરાઈઓનો સંગ્રહ છે. અને આ જ એ લગામ છે જે ઇન્સાનને દરેક બુરાઈની તરફ ખેંચીને લઈ જાય છે.

**(૩૭૯) રોઝી અને આજીવિકા:** અય આદમ પુત્ર ! રોઝીના બે પ્રકાર છે એક રોઝી એ છે જેને તમે શોધો છો અને એક રોઝી એ છે જે તમને શોધી રહી છે, કે જો તમે તેના સુધી નહીં પહોંચો તો તે તમારી પાસે આવી જશે. એટલે એક વરસની ચિંતા વ્યાધિને એક દિવસ પર ન લાધી દયો. દરેક દિવસ માટે એક દિવસની ચિંતા પૂરતી છે. ત્યાર પછી જો તમારી વયમાં એક સાલ બાકી રહી ગયો તો દરેક આવવાવાળો દિવસ પોતાની રોઝી પોતાની સાથે લઈને આવશે અને જો વરસ બાકી નથી તો વરસભરની ચિંતાની જરૂરત શી છે? તમારી રોઝીને તમારી પહેલા કોઈ પામી નથી શકતો અને તમારા ભાગ પર કોઈ વર્ચસ્વ નથી પામી શકતો. બલ્કે તમારા નસીબમાં જે લખાઈ ચૂક્યું છે તે વ્હેલે મોડે તમને મળીને રહેશે.

**(૩૮૦) જીવન અને મરણ**: ઘણા લોકો એવા દિવસનો સામનો કરનારા છે જેનાથી ભાગનારા નથી. અને ઘણા લોકો એવા છે જેની કિસ્મત પર સમી સાંજે ઈર્ષા કરવામાં આવે છે અને સવાર થતાં થતાં તેના પર રોવાવાળીઓનું ટોળું ભેગું થઈ જાય છે.

**(૩૮૧) જીભની જાળવણી**: બોલવું તમારા અંકુશમાં છે. જ્યાં સુધી તેને જાહેર ન કરવામાં આવે. ત્યાર પછી તમે તેના અંકુશમાં ચાલ્યા જશો એટલે તમારી જીભને એવી જ રીતે સાચવી રાખો જેવી રીતે સોના ચાંદીને સાચવવામાં આવે છે - કેમકે અમુક વાણી નેઅમતોને ખોઈ દે છે અને અઝાબને નોતરી લે છે.

**(૩૮૨) ખામોશી**: જે વાત નથી જાણતા તેને જીભથી ન નિકાળો બલ્કે દરેક એ વાત જેને જાણો છો એને પણ ન બયાન કરો. કેમકે અલ્લાહે દરેક અવયવનું કંઈ ન કંઈ કર્તવ્ય નક્કી કર્યું છે અને તેના જ મારફત કયામતના દિવસે હુજ્જત પૂરી કરનાર છે.

**(૩૮૩) ખુદાની ઇતાઅત અને ગુનાહ**: એ વાતથી ડરો કે અલ્લાહ તમને ગુનાહના પ્રસંગે હાજર જુએ અને ફરમાંબરદારીના સમયે ગૈર હાજર જુએ કેમકે આ રીતે ખોટ ઉપાડનારામાં ગણાઈ જશો. જો તમારી પાસે શક્તિ છે તો તેને ખુદાની ફરમાંબરદારીમાં દેખાડો અને જો કમજોરી દેખાડવી છે તો ગુનાહ વખતે દેખાડો.

**(૩૮૪) દુનિયાદારી જહાલત છે.**: દુનિયાની પરિસ્થિતિ જોયા પછી પણ તેના પ્રતિ વલણ અને આકર્ષણ જહાલત છે. અને સવાબનું યકીન હોવા પછી પણ નેક અમલમાં આળસ કરવી નુકસાન છે. ઇમ્તેહાનની પહેલા દરેક પર ભરોસો કરી લેવો લાચારી અને કમજોરી છે.

**(૩૮૫) દુનિયાની તુચ્છતા**: ખુદાની નજરમાં દુનિયાની તુચ્છતા માટે એટલું જ પુરતું છે કે તેના ગુનાહ આ દુનિયામાં જ થાય છે અને તેની અસલી નેઅમતો તેને છોડયા વગર પ્રાપ્ત નથી થતી.

**(૩૮૬) જે ગોતે એને જડે**: જે કોઈ, કોઈ ચીજ મેળવવા માગતો હોય છે તે પૂરી અથવા અધૂરી હર હાલમાં મેળવી લે છે.

**(૩૮૭) ભલાઈ અને બુરાઈ**: એ ભલાઈ ભલાઈ નથી જેનું પરિણામ જહન્નામ હોય. અને એ બુરાઈ બુરાઈ નથી જેનો અંત જન્ન્ત હોય. જન્ન ત સિવાયની દરેક નેઅમત તુચ્છ છે અને જહન્ન મથી બચી જવા પછી દરેક સંકટ આરામ છે.

**(૩૮૮) સૌથી મોટી નેઅમત**: યાદ રાખો કે ભૂખ અને ગરીબી પણ એક આફત છે, અને તેનાથી વધુ કઠિન સંકટ શરીરની બીમારી છે અને તેનાથી વધારે મુશ્કેલ દિલની બીમારી છે. માલદારી ચોક્કસ એક નેઅમત છે, પણ તેનાથી મોટી નેઅમત નિરોગી શરીર છે અને તેનાથી મોટી નેઅમત દિલની પરહેઝગારી છે.

**(૩૮૯) વંશ અને કૂળ**: જેને અમલ પાછળ ધકેલી દે તેને ખાનદાની આગળ નથી વધારી શકતી. અથવા (બીજી રિવાયતમાં) જેને હાથમાંથી પોતાનું ચારિત્ર્ય નિકળી જાય તેને બાપદાદાઓના કારનામા ફાયદા નથી પહોંચાડી શકતા.

**(૩૯૦) મોઅમિનના સમયો**: મોઅમિનના જીવનના ત્રણ કામ છે.- એક સમયમાં તે પોતાના પાલનહારથી અંતરની વાતો કહે છે. બીજા સમયમાં પોતાની

રોઝીની વ્યવસ્થા કરે છે, અને ત્રીજા સમયમાં પોતાના દિલને આઝાદ છોડી દે છે એ મોજ મજા માટે જે હલાલ અને પાક છે.

કોઈ બુધ્ધિવાન માટે એ શોભતું નથી કે પોતાના ઘરથી દૂર થઈ જાય પણ ત્રણમાંથી કોઈ એક કામસર. પોતાની રોઝીની વ્યવસ્થા કરે, આખેરત તરફ કદમ આગળ વધારે, હલાલ અને પાક આનંદ માણે.

**(૩૯૧) દુનિયાની વિરક્તિ:** દુનિયામાં ઝોહદ અપનાવો કે જેથી અલ્લાહ તમને તેની બુરાઈઓથી સચેત કરી દે, અને ખબરદાર થઈ જાવ કેમકે તમારા તરફથી ગફલત નહીં વર્તવામાં આવે

**(૩૯૨) વ્યક્તિત્વ:** બોલો કે જેથી ઓળખાઈ જાવ, એટલા માટે કે ઇન્સાનનું વ્યક્તિત્વ તેની જીભ નીચે છુપાઈને રહે છે.

**(૩૯૩) દુનિયા પ્રાપ્તિ:** જે દુનિયામાં મળી જાય એ લઈ લ્યો અને જે ચીજ તમારી વિમુખ થઈ જાય તેનાથી તમે

પણ મોં ફેરવી લ્યો. અને જો એમ નથી કરી શકતા તો તીવ્ર ઇચ્છામાં મધ્યમ માર્ગી બનો.

**(૩૯૪) વાતની અસર**: ઘણા શબ્દો આક્રમણથી વધારે અસરકારક હોય છે.

**(૩૯૫) સંતોષ**: જેના પર સંતોષ કરી લેવામાં આવે એજ પૂરતું થઈ જાય છે.

**(૩૯૬) સમય બે દિવસનું નામ છે**: મૌત હોય પરંતુ ખબરદાર અપમાન ન હોય.

અલ્પ હોય પરંતુ કોઈના ઓશિયાળા (મોહતાજ) ન બનવું પડે.

જેને બેઠા બેઠા નથી મળતું તેને ઊભા થઈને પણ નથી મળી શકતું.

જમાનો બે દિવસનું નામ છે. એક દિવસ તમારા લાભમાં હોય છે, બીજો તમારી વિરૂદ્ધ. એટલે જો લાભમાં હોય તો અભિમાની ન બની જજો. અને તમારી ખિલાફ થઈ જાય તો સબ્રથી કામ લેજો.

**(૩૯૭) શ્રેષ્ઠ સૌરભ**: શ્રેષ્ઠ સુગંધનું નામ કસ્તૂરી છે. જેનું વજન ઘણું ઓછું હોય છે, અને ખૂશબુ અત્યંત ભભકાદાર હોય છે.

**(૩૯૮) ગૌરવ**: ગર્વ અને ઊંચા હોવાને છોડી દયો, અને ઘમંડ તથા અભિમાનનો નાશ કરો અને પછી પોતાની કબ્રને યાદ કરો.

**(૩૯૯) પિતા પુત્રના હકો**: પુત્રનો બાપ પર એક હક હોય છે, અને બાપનો પુત્ર પર એક હક હોય છે. બાપનો હક એ છે કે, પુત્ર ખુદાના ગુનાહની વાત સિવાય, દરેક બાબતમાં તેની આજ્ઞા પાળે, અને પુત્રનો હક એ છે કે તેનું સુંદર નામ પાડે, અને તેને શ્રેષ્ઠ સંસ્કાર શિખવાડે અને કુરઆને મજીદની તાલીમ આપે.

**(૪૦૦) અસરકારક અને અસરહીન**: ખરાબ નજર પડવી, જાદુ મંતર અને નેક ફાલમાં તથ્ય (સત્ય) છે, પરંતુ અપશુકનની કોઈ હકીકત નથી. અને બીમારીનો વળગાડ પણ પાયા વગરની વાત છે.

ખૂશબુ, સવારી, મધ અને હરિયાળી જોવાથી આનંદ મળે છે.

**(૪૦૧) સંસ્કારમાં એકતા:** લોકોની સાથે નેક વર્તણુંકથી નિકટતા રાખવી તેઓની દુષ્ટતાથી બચવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

**(૪૦૨) પોતાની ઓકાતમાં (હદમાં) રહો:** એક શખ્સે આપની પાસે પોતાના ગજાથી ઊંચી વાત કહી દીધી. તો ફરમાવ્યું: તમે તો પાંખો આવતા પહેલા જ ઉડવુ શરૂ કરી દીધું અને જવાની આવવા પહેલા જ નાચવા લાગ્યા.

**(૪૦૩) સર્વની માગ સર્વનો નાશ:** જે જુદી જુદી વસ્તુઓ પર નજર રાખે છે તેની યુક્તિઓ તેનો સાથ છોડી દે છે.

**(૪૦૪) લા હવ્લ વલા કુવ્વતનો અર્થ:** આપને પુછવામાં આવ્યું કે 'લા હવ્લ વલા કુવ્વત ઇલ્લા બિલ્લાહ' નો અર્થ શું છે? તો ફરમાવ્યું કે આપણે અલ્લાહની સાથે કોઈ વસ્તુનો અખત્યાર નથી રાખતા અને જે કંઈ મિલકત છે તે તેની દીઘેલ છે. તો જયારે તે કોઈ એવી ચીજનો અધિકાર આપે છે જેનો અધિકાર આપણા કરતા તેની પાસે વધારે છે તો આપણને જવાબદારીઓ પણ આપે છે અને જયારે પાછી લઈ લે છે તો જવાબદારીઓ ઉપાડી લે છે.

**(૪૦૫) મુગયરા ઇબ્ને શોઅબા:** આપે જોયું કે અમ્મારે યાસિર મુગીરા બિન શોઅબાથી વાદ વિવાદ કરી રહ્યા છે તો ફરમાવ્યું: અમ્માર ! તેને તેના હાલ પર છોડી દયો, તેણે દીનમાંથી એટલો જ અંશ લીધો છે જે તેને દુનિયાથી નિકટ બનાવી દે અને જાણી જોઈને પોતા માટે વાતોને શંકાશીલ બનાવી લીધી છે. જેથી આ જ આશંકાઓને પોતાની ક્ષતિઓનું બહાનું બનાવે.

**(૪૦૬) વિનય અને સ્વમાન:** કેટલી સરસ વાત છે કે પૈસાદાર લોકો ખુદાના અજ્રના ખાતર ફકીરો સાથે નમ્રતાથી વર્તે પણ તેનાથી વધારે સારી વાત એ છે કે, ફકીરો ખુદા પર વિશ્વાસ રાખી પૈસાદારો સાથે સ્વમાનપૂર્વક વર્તે.

**(૪૦૭) બુધ્ધિ:** પરવરદિગાર કોઈ શખ્સને અકલ નથી અર્પણ કરતો પણ એ કે એક દિવસ તેના વડે તેને વિનાશથી બચાવી લે છે.

*નોંધ : અકલ વિનાશથી બચાવ માટે આપેલ છે.*

**(૪૦૮) હકથી ટકરાવ:** જે હકથી ટકરાશે, હર હાલમાં હક તેને પછાડી દેશે.

**(૪૦૯) દિલ**: દિલ આંખોની કિતાબ છે.

**(૪૧૦) તકવા**: તકવા બધા સદગુણોનું સર અને સરદાર છે.

**(૪૧૧) ઉસ્તાદનું મહત્વ**: પોતાના જીભની તેજ ધાર એ લોકો વિરૂદ્ધ ન વાપરો જેમણે તમને બોલતા શિખવ્યું છે. અને પોતાના વક્તૃત્વની છટાનું પ્રદર્શન તેઓ સામે ન કરો જેમણે માર્ગ બતાવ્યો છે.

**(૪૧૨) આત્માની કેળવણી**: પોતાના આત્માની કેળવણી માટે આટલું જ પુરતું છે કે એ વસ્તુઓથી બચો જેને બીજાઓ માટે ખરાબ ગણો છો.

**(૪૧૩) પરાણે સબ્ર**: ઇન્સાન બહાદુરોની જેમ સહન કરશે નહિતર ભોળા લોકોની જેમ ચૂપ થઈ જશે.

**(૪૧૪) શોક પ્રદર્શન**: બીજી રિવાયતમાં છે કે આપે અશઅસ બિન કૈસને તેના બેટાનો પુરસો આપતા ફરમાવ્યું કે વડીલોની જેમ સબ્ર કરો, નહીતર જાનવરોની જેમ એક દિવસ જરૂર ભૂલી જશો.

**(૪૧૫) દુનિયાની હાલત:** આપે દુનિયાની ઓળખાણ કરાવતા ફરમાવ્યું કે; ધોકો આપે છે, નુકસાન પહોંચાડે છે, અને ચાલી જાય છે. અલ્લાહે ન તેને પોતાના દોસ્તોના સવાબ માટે પસંદ કરી અને ન દુશ્મનોના અઝાબ માટે. દુનિયાવાળા એ સવારો જેવા છે, જેઓએ હજી પડાવ નાખ્યો ત્યાં હંકારનારાએ લલકાર્યા કે કૂચનો સમય આવી ગયો છે અને પછી ચાલી નિકળ્યા.

**(૪૧૬) હઝરત ઇમામ હસન અલય્હિસ્સલામને હિદાયત:** પોતાના પુત્ર હસન અલય્હિસ્સલામને ફરમાવ્યું: ખબરદાર, દુનિયાની કોઈ ચીજ પોતાની પાછળવાળાઓ માટે ન મૂકી જવી, કેમકે તેના વારસો બે જ પ્રકારના હોય છે. કાં તો એ હશે જેઓ નેક અમલ કરશે, તો જે માલ તમારી કમબખ્તીનું કારણ બન્યો હશે તે તેઓના સદભાગ્યનું કારણ બનશે. અને જો લોકો તેને ગુનાહિત કાર્યમાં લગાવશે તો તે તમારા માલના કારણે હતભાગી બનશે અને તમે તેના ગુનાહમાં મદદગાર ગણાશો અને એ બંનેમાંથી કોઈ એવો નથી જેને તમારી જાત પર પ્રાધાન્ય (અગ્રતા) આપી શકો.

આ કથનને એક બીજી રીતે પણ બયાન કરવામાં આવ્યું છે.

*"આ દુનિયા જે આજે તમારા હાથોમાં છે કાલે બીજા તેના ધણી રહી ચૂક્યા છે અને આવતી કાલે બીજાના હાથમાં ચાલી જશે. અને તમે એને બેમાંથી એકના માટે ભેગું કરી રહ્યા છો, કાં તો એ શખ્સ જે તમારૂં ભેગું કરેલું ખુદાની બંદગીમાં વાપરશે તો ભેગું કરવાની મહેનત તમે કરશો અને સદભાગ્ય એને મળશે. અથવા એ શખ્સના હાથમાં જાશે જે ખુદાના ગુનાહ માટે વાપરશે તો તેના માટે ભેગું કરી તમે બદબખ્તીના શિકાર બનશો અને તેઓમાંથી કોઈ એવો નથી જેને તમારી જાત પર સરસાઈ આપી શકો. અને તેના માટે તમારી પીઠ પર ભાર વેઠો એટલે જેઓ ગુજરી ગયા તેઓ માટે ખુદાની રહેમતની આશા કરો અને જે બાકી રહી ગયા તેઓ માટે ખુદાના રીઝકની આશા રાખો."- સય્યદ રઝી*

**(૪૧૭) ઇસ્તેગ્ફારનો અર્થ:** એક શખ્સે આપની સામે ઇસ્તેગ્ફાર ક્ર્યો. “અસ્તગ્ફેરૂલ્લાહ” તો આપે ફરમાવ્યું: તારી મા તારા સોગમાં બેસે, આ ઇસ્તેગ્ફાર સૌથી મોટા

લોકોનું સ્થાન છે અને તેના ભાવાર્થમાં છ વસ્તુઓ સમાએલી છે: (૧) ગત કાર્યોનો પસ્તાવો, (૨) ભવિષ્યમાં ન કરવાનો પાકો નિર્ણય (૩) લોકોના હકો અદા કરી દેવા કે તેના પછી એવા પાકદામન થઈ જાવ કે કોઈ જવાબ માંગવામાં ન આવે. (૪) જે ફરજ ચૂકી ગયા છો તેને પૂરી રીતે અદા કરવી (૫) અને જે માંસ હરામ માલથી ઉગ્યું છે તેને રંજ અને ગમથી પિગળાવી દેવું ત્યાં સુધી કે ખાલ (ચામડી) હાડકા સાથે ચોંટી જાય અને નવું માસ પેદા થાય (૬) અને શરીરને આજ્ઞા પાલનનો એવો જ સ્વાદ ચખાડો જેવી રીતે ગુનાહનો આનંદ માણ્યો છે, ત્યાર પછી કહો "અસ્તગ્ફેરૂલ્લાહ"

**(૪૧૮) સહનશીલતા અને ધૈર્ય**: સહિષ્ણુતા (હિલ્મ) ખુદ એક પુરૂં ખાનદાન છે.

**(૪૧૯) છુપી મૌત**: આદમ પુત્ર કેટલો રંક (મીસ્કીન) છે કે, તેની મૌત પણ છૂપી છે અને તેની બીમારીઓ પણ ભેદ ભરમમાં છે. અને તેના આમાલ પણ બધા સાચવી લેવામાં આવે છે. પરિસ્થિતિ એ છે કે મચ્છરના

કરડવાથી ચીખી ઉઠે છે, અંતરાશ આવવાથી મરી જાય છે અને પસીનાથી ગંધાઈ ઉઠે છે.

**(૪૨૦) નિડર દ્રષ્ટિઓ:** કહેવાય છે કે આપ પોતાના સાથીઓ સાથે બિરાજમાન હતા. ત્યાંથી એક સૌંદર્યવાન સ્ત્રી પસાર થઈ અને લોકોએ તેને તીરછી નજરથી જોવું શરૂ કર્યું તો આપે ફરમાવ્યું: "આ પુરૂષોની આંખો તાકવાવાળી છે, અને આ દ્રષ્ટિપાત તેઓની કામનાઓને ઉત્તેજિત કરવાનું કારણ છે એટલે જયારે પણ તમારામાંથી કોઈ શખ્સ એવી સ્ત્રીને જુઓ જે પસંદ આવવાવાળી હોય તો પોતાની ઘરવાળીથી સંબંધ જોડે કેમકે આ સ્ત્રી પણ પોતાની જ સ્ત્રી જેવી છે."

આ સાંભળી એક ખારજીએ કહ્યું  કે અલ્લાહ આ કાફરને કત્લ કરે કેટલો ફકીહ (દીનમાં ઊંડો) છે. - તો લોકો તેને મારવા ઊભા થઈ ગયા. અને આપે ફરમાવ્યું: ખબરદાર, ઠહેરો ગાળનો બદલો ગાળ હોય છે અથવા ખતાથી દરગુજર કરવી હોય છે.

**(૪૨૧) અકલનું માર્ગદર્શન**: તમારા માટે એટલી જ અકલ પૂરતી છે કે ગુમરાહીનો માર્ગ હિદાયતના માર્ગથી અલગ થઈ જાય.

**(૪૨૨) નાની અને મોટી ભલાઈ**: નેકીઓ અંજામ આપો અને તેમાંથી કોઈ પણ ચીજને તુચ્છ ન સમજો કેમકે નેકી નાની પણ મોટી હોય છે અને થોડી પણ ઘણી હોય છે. ખબરદાર ! તમારામાંથી કોઈ શખ્સ એમ ન કહે કે કોઈ શખ્સ નેક કામ માટે મારાથી વધારે સારો છે નહિતર ખુદાની કસમ, એમ જ થઈ જશે. નેકી અને બુરાઈ બંનેના પાત્ર હોય છે જો તમે તેને છોડી દેશો તો જે તેનો પાત્ર હશે એ જ અંજામ આપી દેશે.

**(૪૨૩) અલ્લાહથી સારો વહેવાર**: જે પોતાના અંતરની સુધારણા કરશે પરવરદિગાર તેના બાહ્યને ઠીક કરી દેશે. અને જે પોતાના દીન માટે અમલ કરશે ખુદા તેની દુનિયા માટે પૂરતો થઈ જશે અને જે પોતાના અને ખુદાના મામલાઓને ઠીક કરશે પરવરદિગાર તેના અને બીજા ઇન્સાનોના મામલાઓને ઠીક કરી દેશે.

**(૪૨૪) સહિષ્ણુતા અને અકલ**: સહિષ્ણુતા (હિલ્મ) ઢાંકી લેનારી ચાદર છે અને બુધ્ધિ અતિશય ધારદાર તલવાર છે, એટલે પોતાના સ્વભાવોની નબળાઈઓને સહનશીલતાથી છુપાવી લ્યો અને પોતાની વાસનાઓનો બુધ્ધિની તલવારથી સામનો કરો.

**(૪૨૫) નેઅમતના હકો**: અલ્લાહના કેટલાક બંદાઓ એવા છે જેમને પરવરદિગારે ખાસ નેઅમતો બીજા બંદાઓના લાભ માટે અર્પણ કરી છે. એટલે જ્યાં સુધી તેઓ દાન પ્રદાન કરતા રહે છે એ નેઅમતોને તેમના હાથોમાં બાકી રાખે છે અને જયારે દાન સખાવત રોકી લે છે તો તેઓથી પાછી લઈ લે છે, અને બીજાઓને આપી દે છે.

**(૪૨૬) તંદુરસ્તી અને માલદારી**: કોઈ બંદા માટે એ ઉચિત નથી કે બે વાતો પર ભરોસો કરે. એક તંદુરસ્તી અને એક માલદારી, કેમકે તંદુરસ્તી જોત જોતામાં બીમારીમાં ફેરવાઈ જાય છે અને માલદારી જોતજોતામાં ગરીબીનું રૂપ ધારણ કરી લે છે.

**(૪૨૭) અલ્લાહની શિકાયત:** જે પોતાના દિલનું દુ:ખ કોઈ મોઅમિનને બતાવે જાણે તેણે ખુદાને બતાવ્યું અને જે તેની ફરિયાદ કોઈ કાફરથી કરે તો તેણે જાણે ખુદાની શિકાયત કરી.

**(૪૨૮) ઈદનો દિવસ:** એક ઈદના દિવસે આપે ફરમાવ્યું: "આ ઈદ માત્ર એ લોકો માટે છે જેમના રોઝા કબૂલ થઈ જાય અને તેમની નમાઝ માનલાયક થઈ જાય, અને આમ પણ જે દિવસે પણ પરવરદિગારનો ગુનોહ ન કરવામાં આવે મુસલમાનના માટે એ જ દિવસ ઈદનો દિવસ છે."

**(૪૨૯) ચિંતા અને વ્યાધિ:** કયામતના દિવસે સૌથી વધારે અફસોસજનક પરિસ્થિતિ એ માણસની હશે જે ખુદાની બંદગીથી હટીને માલ ભેગો કરે અને પછી તેના વારસદારો એ લઈ જાય જેને તેઓ ખુદાની ફરમાંબરદારીમાં ખર્ચ કરે તો તે એ જ માલથી જન્નસતમાં ચાલ્યો જશે અને કમાવવાવાળો તેનાથી જ જહન્નરમનોહકદાર થઈ જશે.

**(૪૩૦) નિષ્ફળ પ્રયત્ન:** મામલાઓમાં સૌથી વધારે ખોટવાળો અને કોશિશોમાં સૌથી વધારે નાકામ એ શખ્સ છે જે પૈસો મેળવવામાં પોતાના શરીરને થકવી નાખે, એ છતાં

પણ ભાગ્ય તેને સાથ ન આપે અને આ રીતે દુનિયાથી અબળખા લઈને ( અફસોસ કરતો) ચાલ્યો જાય અને આખેરતમાં હર હાલમાં કર્યા ભોગવવાના છે.

**(૪૩૧) રોઝી અને આવક:** રોઝી બે પ્રકારની હોય છે, એક એ જે પોતે ગોતતી આવે છે અને બીજી એ કે જેને શોધવી પડે છે. એટલે યાદ રાખો, કે જે દુનિયાનો ઇચ્છુક હોય છે તેની ઇચ્છુક મૌત હોય છે ત્યાં સુધી કે તેને આ દુનિયાથી કાઢી મુકે અને જે આખેરતનો ચાહક હોય છે, દુનિયા ખુદ તેને તલાશ કરતી હોય છે ત્યાં સુધી કે પોતાનો પૂરો હક મેળવી લે.

**(૪૩૨) ખુદાના દોસ્તોના આઠ ગુણો:** ખુદાના વસીઓ ( દોસ્તો) એ લોકો હોય છે જેઓ દુનિયાની વાસ્તવિક્તાને ધ્યાનમાં રાખે છે, જયારે લોકો તેના જાહેર પર મરે છે. અને આખેરતના કામમાં પ્રવૃત રહે છે. જયારે લોકો દુનિયાની ચિંતા કરતા હોય છે. પરિણામ એ આવે છે તેઓ એ ઇચ્છાઓને મારી નાખે છે જેનાથી એ ડર રહે છે કે એ તેઓને મારી નાખશે, અને એ ધનને મૂકી દે છે જેના વિશે યકીન હોય છે કે એક દિવસ તેઓનો સાથ છોડી જાશે. આ

લોકો એ વસ્તુને અલ્પ સમજે છે જેને લોકો વિપુલ સમજે છે. અને જે ચીજને ચાલી જનારી સમજે છે, તેને લોકો મેળવી લેવી ખ્યાલ કરે છે. જે ચીજના તે દુશ્મન છે તેનાથી લોકોને દોસ્તી છે અને એ ચીજના દોસ્ત છે જેના લોકો દુશ્મન છે. તેઓ મારફત જ કુરઆન ઓળખવામાં આવ્યું છે અને તેઓ પણ કુરઆન મારફત જ ઓળખવામાં આવ્યા છે. કુરઆન તેઓના ચારિત્ર્યથી કાયમ છે અને તેઓ કુરઆનની બરકતથી જીવતા છે, આ જે વસ્તુના અભિલાષી છે તેનાથી ઊંચી કોઈ આશા નથી રાખતા અને જેનાથી ભયભીત છે તેનાથી વધારે ભયાનક કોઈ મુસીબત નથી સમજતા.

**(૪૩૩) મૃત્યુનું સ્મરણ**: એ યાદ રાખો કે લિજ્જતો ખતમ થવાવાળી છે. અને તેનો હિસાબ બાકી રહેનારો છે.

**(૪૩૪) કસોટી**: પરિક્ષા કરો જેથી નફરત પેદા થાય.

કેટલાક લોકોએ આ વાક્યને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમના નામથી નકલ કરેલ છે. જયારે કે આ વાક્ય હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામનું છે. અને તેને સઅલબનું એક કથન

સમર્થન આપે છે કે જે તેઓએ ઇબ્નુલ અઅરાબીથી નકલ કરેલ છે કે મામૂને આ વાક્યને સાંભળીને કહ્યું કે અગર હઝરત અલી અલય્હિસ્સલામે આ રીતે ન ફરમાવ્યું હોત તો હું તેમને એમ કહેત કે “નફરત કરો જેથી પરીક્ષા થઈ જાય.” - સય્યદ રઝી.

**(૪૩૫) અલ્લાહની શાન**: અલ્લાહની એ શાન નથી કે કોઈના માટે શુક્રનો દરવાજો ખોલી નાખે અને પછી નેઅમતના વધારાનો દરવાજો બંધ કરી દે અથવા દુઆનો દરવાજો ખોલી નાખે અને સ્વીકારનો દરવાજો બંધ કરી દે, અથવા તૌબાનો દરવાજો ખોલી નાખે અને માફીનો દરવાજો બંધ કરી દે.

**(૪૩૬) કૃપાવાનો**: કૃપાના વધારે હકદાર એ લોકો છે જેઓના મૂળ એ કૃપા કરનારાઓમાં હોય છે જેમની કૃપા જાણીતી હોય છે.

**(૪૩૭) ન્યાયનો કમાલ**: આપથી પૂછવામાં આવ્યું કે ઇન્સાફ અને સખાવતમાં વધારે સારો સદગુણ ક્યો છે? તો ફરમાવ્યું કે ઇન્સાફ દરેક વસ્તુને તેના સ્થાન પર રાખે છે

અને સખાવત તેને તેના સ્થાનથી બહાર નિકાળી દે છે. ઇન્સાફ બધાની વ્યવસ્થા કરે છે અને સખાવત માત્ર એને કામ આવે છે જેની સાથે ભળી જાય છે, એટલે ઇન્સાફ હર હાલમાં બંનેમાં શ્રેષ્ઠ અને ઊંચો છે.

**(૪૩૮) જહાલત એક શત્રુ છે**: લોકો એ વસ્તુઓના દુશ્મન છે, જેને જાણતા નથી. (અને આજ દીનની દુશ્મની અને આલે મોહમ્મદ અલય્હેમુસ્સલામથી શત્રુતાનો ભેદ છે.)

**(૪૩૯) ઝોહદની વ્યાખ્યા**: સંપૂર્ણ ઝોહદ (વિરક્તિ) કુરઆને મજીદના બે વાક્યોમાં સમાએલ છે. "જે ચીજ હાથમાંથી નિકળી જાય તેનો અફસોસ ન કરો અને જે મળી જાય તેના પર ગર્વ ન કરો." એટલે જે શખ્સ ભૂતકાળ પર અફસોસ ન કરે અને આવવાવાળાથી ગર્વિષ્ટ ન થઈ જાય તેણે પૂરો ઝોહદ સમેટી લીધો.

**(૪૪૦) ગફલતની નીંદ**: રાતનું સૂવું દિવસના ઈરાદાઓને અમુક અંશે કમઝોર બનાવી દે છે.

**(૪૪૧) હુકૂમત**: હુકૂમતો પુરૂષોના ચારિત્ર્યનું પરીક્ષા ક્ષેત્ર છે.

**(૪૪૨) શ્રેષ્ઠ નગર**: કોઈ શહેર તમારા માટે બીજા શહેર કરતા વધારે હકદાર નથી. બલ્કે શ્રેષ્ઠ શહેર એ છે જે તમારો ભાર ઊંચકી રહે.

**(૪૪૩) માલિકે અશ્તરના વખાણ**: માલિકે અશ્તરની શહાદતની ખબર મળતાવેંત કહ્યું: માલિકને કોઈ શું ઓળખી શકે છે? ખુદાની કસમ તેઓ પહાડ હોત તો સૌથી ઊંચા હોત અને પત્થર હોત તો સૌથી વધારે કઠણ હોત. ન તેની ઊંચાઈઓને ન કોઈ પગ આંબી શકે છે અને ન ત્યાં કોઈ પક્ષી પરવાઝ કરી (ઊડી) શકે છે.

**(૪૪૪) સ્થિરતા**: ટૂંકો અમલ જેને નિયમીત જાળવી શકાય એ વિશાળ અમલથી વધારે સારો છે જે ઇન્સાનને કંટાળો આપે.

**(૪૪૫) આદતોમાં એકરાગતા**: જો કોઈ ઇન્સાનમાં કોઈ સારી આદત મળી આવે છે તો તેનાથી બીજી આદતોની પણ આશા રાખી શકાય છે.

**(૪૪૬) ગાલિબ ઇબ્ને સઅસઆ**: ગાલિબ બિન સઅસાઅ ( ફરઝદકના પિતા) સાથે વાતચીત દરમિયાન

ફરમાવ્યું: તમારા અસંખ્ય ઊંટોનું શું બન્યું? તેમણે કહ્યું કે હકો અદા કરવામાં વિખરાઈ ગયા. - ફરમાવ્યું આ સૌથી શ્રેષ્ઠ અને પ્રશંસનીય માર્ગ છે.

**(૪૪૭) શરીઅત વગરની તિજારત:** જે શરીઅતના હુકમોને જાણ્યા વગર વેપાર કરશે તે કદી ન કદી વ્યાજમાં જરૂર સપડાઈ જશે.

**(૪૪૮) મોટું સંકટ:** જે નાના સંકટોને પણ મોટા ગણશે તેને ખુદા મોટા સંકટોમાં પણ નાખી દેશે.

**(૪૪૯) સ્વમાન:** જેને પોતાની જાત વહાલી હશે તેની દ્રષ્ટિમાં ઇચ્છાઓનું કંઈ મૂલ્ય નહીં હોય. (કેમકે એનાથી જ સ્વમાન બરબાદ થાય છે)

**(૪૫૦) વિનોદ ( મશ્કરી):** ઇન્સાન જેટલા પ્રમાણમાં પણ મજાક કરે છે એટલા પ્રમાણમાં પોતાની બુધ્ધિનો એક ભાગ નેવે મુકી દે છે.

**(૪૫૧) સ્વમાનશીલતા:** જે તમારી તરફ લગાવ (લગાવ) રાખે તેનાથી દૂર રહેવું નુકસાન છે અને જે

તમારાથી દૂર થઈ જાય તેનાથી લગાવ રાખવો પોતાનું અપમાન છે.

**(૪પ૨) ગરીબી અને શ્રીમંતાઈ**: માલદારી અને ગરીબીનો ફેંસલો પરવરદિગારની બારગાહમાં ગયા પછી થશે.

**(૪પ૩) અબ્દુલ્લાહ ઇબ્ને ઝુબેર**: ઝુબેર હમેશા અમો એહલેબૈતના એક સભ્ય તરીકે પંકાતો (પ્રખ્યાત) હતો ત્યાં સુધી કે તેનો એક કનિષ્ટ ( મનહુસ) પુત્ર અબ્દુલ્લાહ આવી ગયો.

**(૪પ૪) ગર્વ અને ગૌરવ**: આખર આદમ પુત્રને ફખ્ર અને આપવડાઈથી શો સંબંધ છે? જયારે કે તેનો આરંભ એક વીર્ય બીંદુ છે. અને અંત મુડદાલ. તે ન તો પોતાની રોઝી પર અખત્યાર રાખે છે અને ન પોતાની મૌતને ટાળી શકે છે.

**(૪પપ) ઉમરૂલ કૈસ**: આપને પૂછવામાં આવ્યું કે મહાકવિ કોણ હતો? તો ફરમાવ્યું કે બધા કવિઓએ એક ક્ષેત્ર નથી અજમાવ્યું કે કાર્યમાં પહેલથી તેની પરિપૂર્ણતાનો

ચુકાદો આપી શકાય, પરંતુ જો ફેંસલો જ કરવો છે તો ગુમરાહોનો રાજા (એટલે ઉમરૂલ કૈસ)

**(૪૫૬) દુનિયા ત્યાગ**: શું કોઈ એવો આઝાદ પુરૂષ નથી કે જે દુનિયાના આ ચવાએલા કોળિયાને બીજા માટે છોડી દે ! યાદ રાખો કે તમારા નફસની કોઈ કીંમત જન્ન ત સિવાય નથી. એટલે તેને બીજી કોઈ કિંમત પર વેચવાનો વિચાર સુધ્ધાં ન કરજો.

**(૪૫૭) બે માગનાર**: બે ભૂખ્યા એવા છે જે કદી ધરાતા નથી. એક ઇલ્મ ( જ્ઞાન)નો તરસ્યો અને બીજો દુનિયાનો તાલિબ

**(૪૫૮) ઈમાનની નિશાની**: ઈમાનની નિશાની એ છે કે, સત્ય નુકસાન પણ પહોંચાડે તો તેને લાભદાયક જૂઠ પર સરસાઈ (અગ્રતા) આપો. અને તમારી વાતો તમારા અમલથી વધારે ન હોય અને બીજા વિશે વાત કરવામાં ખુદાથી ડરતા રહો.

**(૪૫૯) તકદીર અને તદબીર**: (કદીક એવું પણ બને છે કે) કુદરતે નિર્માણ કરેલા પ્રારબ્ધ (નસીબ)

ઇન્સાનના અનુમાન પર વિજ્યી થઈ જાય છે ત્યાં સુધી કે એ જ તદબીર બરબાદીનું કારણ બની જાય છે.

**(૪૬૦) વિશાળ હ્રદયતા:** સહનશીલતા અને ધૈર્ય બંને જોડકા છે અને તેમનું ઉત્પત્તિ સ્થાન ઉચ્ચ હિંમત છે.

**(૪૬૧) ગીબત:** ગીબત કરવી કમજોર આદમીની આખરી કોશિશ હોય છે.

**(૪૬૨) પ્રશસ્તિનું સૌંદર્ય:** ઘણા લોકો પોતાના વિશે વખાણથી જ ફિત્નાના શિકાર થઈ જાય છે.

**(૪૬૩) દુનિયા:** દુનિયા બીજાઓ માટે રચાણી છે અને આપણા માટે પેદા નથી થઈ.

**(૪૬૪) બની ઉમય્યા:** બની ઉમય્યામાં બધાનું એક ખાસ ક્ષેત્ર (મયદાન) છે જેમાં તેઓ દોડી રહ્યા છે પરંતુ જે દિવસે તેઓમાં વિખવાદ થઈ ગયો તો તેના પછી જરખ પણ તેમના પર હુમલો કરવા માગે તો વિજ્યી થઈ જશે.

**(૪૬૫) મદીનાના અન્સાર:** મદીનાના અન્સારના વખાણ કરતા ફરમાવ્યું: ખુદાની કસમ ! એ લોકોએ ઇસ્લામને એવી રીતે પાળ્યો છે જેવી રીતે ઊંટણીનું એક વરસનું બચ્ચું

પાળવામાં આવે છે. પોતાના માયાળું હાથો અને તેજ જીભોની (જોશીલી જબાનો) સાથે.

**(૪૬૬) એક ઉપમા:** આંખ પાછળની વાધરી છે.

*આ એક ચિત્ર વિચિત્ર ઉપમા છે. જેમાં ઇન્સાનના પાછળને વાસણની ઉપમા આપી છે. અને તેની આંખને વાધરીની ઉપમા આપવામાં આવી છે. કેમકે જયારે વાધરી ખોલી નાખવામાં આવે છે તો વાસણનો સામાન સલામત નથી રહેતો. સામાન્ય રીતે પ્રખ્યાત એમ છે કે આ પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનું કથન છે, પણ હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામથી નકલ કરવામાં આવેલ છે. અને તેનો ઉલ્લેખ મુબર્રદે પોતાની કિતાબ અલ મક્તઝબમાં પ્રકરણ લફઝ બિલ હરૂફમાં કર્યો છે. એમ પણ અમારી કિતાબ અલ મજાઝાતુન્નબવિયામાં તેની સવિસ્તાર ચર્ચા કરી છે. - સય્યદ રઝી.*

**(૪૬૭) એક હાકિમ:** લોકોના કાર્યોનો જવાબદાર એવો આલિમ બન્યો જે પોતે પણ સીધા માર્ગે ચાલ્યો અને લોકોને પણ એ માર્ગે ચલાવ્યા. ત્યાં સુધી કે દીન પગભર થઈ ગયો.

**(૪૬૮) પરસ્પર સારો વર્તાવ**: લોકો પર એક એવો આકરો કાળ આવવાવાળો છે. જેમાં પૈસાદાર પોતાના માલમાં અત્યંત કંજૂસીથી કામ લેશે. જો કે તેને આ વાતનો હુકમ નથી આપવામાં આવ્યો. અને પરવરદિગારે ફરમાવ્યું છે "ખબરદાર ! આપસમાં સદવર્તનને ભૂલાવી ન દેજો." એ કાળમાં દુષ્ટ લોકો ઉન્નમતથઈ જશે અને નેક લોકોને હડધૂત સમજવામાં આવશે. મજબૂર અને નિરાધાર લોકોની લેવેચ થાશે, જયારે કે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે આ વાતની મના ફરમાવી છે.

**(૪૬૯) શત્રુ અને મિત્ર**: મારા વિશે બે પ્રકારના લોકો હલાક થઈ જશે. એક હદથી આગળ વધી જનારા મિત્રો અને જૂઠુ બોલવા અને વાતો ઘડી કાઢનારા શત્રુઓ.

**(૪૭૦) તવહીદ અને અદલ**: આપથી તવહીદ અને ન્યાયના ભાવાર્થ વિશે પૂછવામાં આવ્યું તો ફરમાવ્યું કે: તવહીદ એ છે કે તેની કાલ્પનિક તસ્વીર ન બનાવવામાં આવે અને અદાલત (ન્યાય) એ છે કે તેના બુધ્ધિપ્રદ કાર્યોને બદનામ ન કરવામાં આવે.

**(૪૭૧) બોલવું અને ચૂપ રહેવું:** હિકમતની વાતથી મૌન સેવવું કોઈ ખૂબી નથી. જેવી રીતે જહાલત સાથે વાત કરવામાં કોઈ ભલાઈ નથી.

**(૪૭૨) વરસાદની માંગણી:** વરસાદ અંગે દુઆ કરતા ફરમાવ્યું: અય ખુદા ! અમને આજ્ઞાંકિત વાદળો દ્વારા તૃપ્ત કરજે, મુશ્કેલીમાં નાખતા વાદળોથી નહીં.

*આ પણ એક વિચિત્ર ગહન વાણી છે. જેમાં હઝરતે ગાજવીજ અને આંધીઓથી ભરેલા વાદળોને માથાભારે ઊંટોની ઉપમા આપી છે જેઓ પગ પછાડતા રહે છે અને સવારને પછાડી દે છે. એવી રીતે આ બધા ખતરાઓથી ખાલી વાદળોને આજ્ઞાંકિત ઊંટોની ઉપમા જેઓ દોહવામાં આજ્ઞાંકિત અને સવારીમાં ઉમદા હોય છે. - સય્યદ રઝી.*

**(૪૭૩) ખિઝાબનો ત્યાગ:** આપને અરજ કરવામાં આવી કે જો આપ આપના સફેદવાળોનો રંગ બદલી નાખતે તો સારૂં થાતે, ફરમાવ્યું: ખિઝાબ શણગાર છે પરંતુ અમે લોકો સંકટ ગ્રસ્ત છીએ (કે સરકારે દો આલમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનો ઇન્તેકાલ થઈ ગયો છે.)

**(૪૭૪) સુશીલતા:** ખુદાના માર્ગમાં જેહાદ કરી શહીદ થનારો એનાથી વધારે હકદાર નથી થતો, જેટલો અજ્ર તેનો છે જે અખત્યાર હોવા છતાં શીયળ (પાકદામની)ની સાચવણી કરે કેમકે સુશીલ અને પાકદામન ઇન્સાન નિકટ છે કે આસમાનના ફરિશ્તાઓમાં ગણાવા લાગે.

**(૪૭૫) સંતોષ:** સંતોષ એ મુડી છે જે કદી ખતમ થવાવાળી નથી.

**(૪૭૬) ઝિયાદ ઇબ્ને અબીહને ફરમાવ્યું:** જયારે અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસે ઝિયાદ બિન અબીહને ઈરાન અને તેની આસપાસના પ્રદેશ પર પ્રતિનિધી બનાવ્યો તો એક વખત પહેલે ટેક્ષ વસૂલ કરવાથી રોક્તા ઝિયાદને ફરમાવ્યું: ન્યાયનો ઉપયોગ કરો અને અયોગ્ય દબાણ અને ઝુલ્મથી હોશિયાર રહો કેમકે દબાણ લોકોને દેશ છોડવા પર મજબૂર કરી દેશે અને ઝુલ્મ તલવાર ઉપાડવા પર મજબૂર કરી દેશે.

**(૪૭૭) સખ્ત ગુનાહ:** સખ્તમાં સખ્ત ગુનાહ એ છે જેને ઇન્સાન હલકો સમજે.

**(૪૭૮) તઅલીમ અને ઇલ્મ શીખવું:** પરવરદિગારે જાહિલોથી ઇલ્મ શીખવાના શપદ (વાયદા)

લેવા પહેલા આલિમથી તાલિમ આપવાનું વચન લઈ લીધું છે.

**(૪૭૯) વિવેક:** ખરાબમાં ખરાબ ભાઈ એ છે જેના માટે શ્રમ વેઠવો પડે.

**(૪૮૦) જુદાઈ:** અગર મોઅમિન પોતાના ભાઈને શરમિંદો કરે તો સમજો કે તેનાથી જુદા થઈ ગયો છે.

# વલ હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન.

## સાથે કિતાબ નહેજુલ બલાગાહ પૂર્ણતાએ પહોંચી.